# બે-નકાબ - 1

(બે દુનિયાઓમાં અટવાતાં
દરેક વ્યક્તિની નકાબી કથા..)



નકાબી

# Benakaab

(A fiction novel based on Life Of Many Unknowns )

Benakaab
**Written in Gujarati**

*By* **NAKAABI**
**2022**

**First Edition: 5,000, 24th May, 2022**
**Price: ₹ 90**

**© NAKAABI,2022**

*This Book Is A Work Of Fiction And Any Resembelance To Actual Persons, Living Or Dead, Events And Locales Is Purely Coincidental.*

*All rights are reserved. No part of this publication may be reproduced,stored in a retrieval system, or transmitted in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the author.*

**Design By :**
**DHARAMVEER :**
**91763 64790/81488 36505**

**Printed By :**
**Print Vision PvtLtd**
**Ahmedabad**
**www.printvision.in**
**M : 98250 26302**

# પ્રસ્તાવના

આજની દુનિયામાં એક કટુ વાસ્તવિકતા જોવા મળે છે.......

વ્યક્તિ એક મુખડાં અનેક.....

ઘણી ઘટનાઓ સંભળાય છે..... છાપું ખોલો અને દેખાય છે ..

▶ છોકરીએ પપ્પાનું મર્ડર કરી નાખ્યું .....

▶ ટેન્શનના કારણે છોકરીએ સ્યુસાઈડ કરી નાખ્યું .....

▶ છોકરીનો બ્રેક-અપ થતાં છોકરી ડીપ્રેશનમાં ચાલી ગઈ......

▶ તદ્દન શાકાહારી છોકરીએ માંસ પકવવાની તૈયારી સાથે લગ્ન કરી નાખ્યાં....

કેમ આવું થાય છે ? શું કામ લોકો અટવાય છે ? એનો ઉપાય શું ?

## નોવેલમાં ઘણું છે ...

**▶ નવલકથામાં વૈશ્વિક ધર્મ જૈનદર્શનના અનેક સિદ્ધાન્તો અતિ - અદ્ભૂત રીતે બતાવવામાં આવ્યા છે...**

**▶ વાચકો જકડાઈ રહે, એ માટે આમાં મુખ્ય તત્ત્વ મુકેલું છે સસ્પેન્સ = રહસ્ય....**

**▶ સમાજમાં- સંઘમાં બનતી અનેક કડવી વાસ્તવિકતાઓ પણ આ પુસ્તકમાં બતાવી છે.....**

**એક જ વિનંતિ, ૧૩ વર્ષ થી ૪૫ વર્ષની ઉમ્રવાળા દરેકે આ ન-વલકથા ખાસ વાંચવા જેવી છે ...... બીજા ઓને વંચાવવા જેવી છે. પોતાની માન્યતાઓના કારણે અટવાતા જીવોને સો ટકા આમાંથી માર્ગ જડશે . તૂટેલી દુનિયા ફરીથી રંગોથી પરિપૂર્ણ થશે...**

**આમાં ઘણાને ખોટું લાગી શકે એવી શક્યતા છે.પણ ‘કડવું પણ**

સત્ય કહેવું તો પડે જ …' એ વાસ્તવિકતાને ધ્યાનમા રાખી અહીં રજુઆત કરી છે. ખોટું લગાડનાર જો અંતસ્તળે તપાસ કરશે તો એમનો નકાબ પણ ઉતરી જશે એવો વિશ્વાસ છે….

બેનકાબી…

તા.18 MAY 2022….



# INDEX
## અનુક્રમણિકા


Prologue .. 11

Book 1

- Chapter 1 .. 15
- Chapter 2 .. 17
- Chapter 3 .. 19
- Chapter 4 .. 21
- Chapter 5 .. 23
- Chapter 6 .. 25
- Chapter 7 .. 27
- Chapter 8 .. 29
- Chapter 9 .. 31
- Chapter 10 .. 33
- Chapter 11 .. 35

Book 2

- Chapter 1 .. 38
- Chapter 2 .. 40
- Chapter 3 .. 42
- Chapter 4 .. 45
- Chapter 5 .. 48
- Chapter 6 .. 51
- Chapter 7 .. 54
- Chapter 8 .. 56
- Chapter 9 .. 58
- Chapter 10 .. 62
- Chapter 11 .. 65

Book 3

- Chapter 1 .. 69
- Chapter 2 .. 73
- Chapter 3 .. 75
- Chapter 4 .. 79
- Chapter 5 .. 83
- Chapter 6 .. 85
- Chapter 7 .. 87
- Chapter 8 .. 89
- Chapter 9 .. 93
- Chapter 10 .. 96
- Chapter 11 .. 99
- Chapter 12 ..102

Book 4

- Chapter 1 .. 106

Chapter 2 .. 108
Chapter 3 .. 110
Chapter 4 .. 114
Chapter 5 .. 118
Chapter 6 .. 120
Chapter 7 .. 124
Chapter 8 .. 128
Chapter 9 .. 131
Chapter 10 .. 135
Chapter 11 .. 139

## Book 5

Chapter 1 .. 142
Chapter 2 .. 145
Chapter 3 .. 148
Chapter 4 .. 152
Chapter 5 .. 158
Chapter 6 .. 160
Chapter 7 .. 163
Chapter 8 .. 166
Chapter 9 .. 168
Chapter 10 .. 171
Chapter 11 ..174
Chapter 12 ..178
Chapter 13 ..182

## Book 6

Chapter 1 .. 188
Chapter 2 .. 193
Chapter 3 .. 197
Chapter 4 .. 201
Chapter 5 .. 206
Chapter 6 .. 209
Chapter 7 .. 212
Chapter 8 .. 215
Chapter 9 .. 220
Chapter 10 .. 223
Chapter 11 .. 227
Chapter 12 .. 233

## Book 7

Chapter 1 .. 238
Chapter 2 .. 242
Chapter 3 .. 245
Chapter 4 .. 248
Chapter 5 .. 251
Chapter 6 .. 254
Chapter 7 .. 258
Chapter 8 .. 263
Chapter 9 .. 267
Chapter 10 .. 284
Chapter 11 .. 304
Chapter 12 .. 312

## Book 8

Chapter 1 .. 324
Chapter 2 .. 335
Chapter 3 .. 341
Chapter 4 .. 345
Chapter 5 .. 351
Chapter 6 .. 362

## Book 9


- Chapter 1 .. 371
- Chapter 2 .. 378
- Chapter 3 .. 381
- Chapter 4 .. 386
- Chapter 5 .. 394
- Chapter 6 .. 403
- Chapter 7 .. 408
- Chapter 8 .. 412
- Chapter 9 .. 417
- Chapter 10 .. 428
- Chapter 11 .. 433
- Chapter 12 .. 435


## Book 10


- Chapter 1 .. 440
- Chapter 2 .. 444
- Chapter 3 .. 446
- Chapter 4 .. 458
- Chapter 5 .. 462
- Chapter 6 .. 466
- Chapter 7 .. 469

यदि सत्सङ्गनिरतो, भविष्यसि भविष्यसि
अथासज्जनगोष्ठिषु- पतिष्यसि पतिष्यसि ।।
- योगशास्त्र टीका

જો તમે સજ્જનોના સંગમાં તલ્લીન થશો,
તો
જીવનમાં કઇંક થશો, કઇંક બનશો.....
જો તમે અસજ્જનોના સંગમાં પડશો, તો
તમે પડી જશો .........

દુનિયામાં ગુરુની શક્તિ એવી છે,
કે જે ભલભલી ગુરુ = ભારે
વસ્તુઓને લઘુ કરી શકે છે..
અને ભલભલી લઘુ = હલ્કી
વસ્તુઓને ગુરુ કરી શકે છે...

એટલે જ કહેવાય છે ......

गुरूर्ब्रह्मा गुरूर्विष्णुः गुरूर्देवो महेश्वरः ।
गुरूर्साक्षात् परब्रह्म, तस्मै श्री गुरवे नमः ।।
– स्कंध पूराण,
महर्षि व्यास

જીવનમાં જ્યારે ચારે બાજુ હાર જ દેખાય,
ત્યારે હારને પ્રભુનો હાર માની ગળામાં
પહેરી લેવો
જોઈએ કેમકે આવી હારમાં પ્રભુ જ
આપણા હૃદયની સૌથી સમીપ હોય છે....

## યાદ રાખજો,



કરો રક્ષા વિપદમાંહી, ન એવી
પ્રાર્થના મારી...
વિપદથી ડરું ન કો' દી, બસ એવી
પ્રાર્થના મારી...

# Prologue

**2/3/2020** **I.S.T. - 12.30** Khetwadi, Mumbai

**આત્મકથા** અતિવિષમ હોય છે..!

આજે તારીખ પ્રમાણે મારાં સાચા જીવનના - **8** વરસ સંપૂર્ણ થઈ રહ્યાં છે. પ્રભુએ ધાર્યા કરતાં ઘણું બધું વધારે આપ્યું છે. સૌથી વધારે તો મારા ગુરુદેવ મને આપ્યા છે.

આજે સવારે હું જૈનધર્મનો ગ્રન્થ **આચારાંગસૂત્ર** વાંચી રહી હતી.એમાં આવેલા એક પદે મને મારી આ આત્મકથા લખવાની પ્રેરણા કરી છે.

'**अट्टे लोए**'....

આખું જગત દુઃખોથી વ્યાપ્ત છે

***WHO*** ના હમણા જ ૨૦૨૦માં થયેલા સર્વે પ્રમાણે દુનિયાના ૬-૭% લોકો એટલે કે 300 મિલિયન લોકોને કોરોના નામનો મહા-ભયાનક વાઈરસ થવાની શક્યતા છે, જો એની કોઇ દવા ન મળી તો..

અત્યારના ઓફિશિયલ રિપોર્ટ પ્રમાણે 3000 લોકો આ કોરોના નામની બીમારીથી આ દુનિયામાંથી નામશેષ થઈ ગયાં છે અને **100000** લોકોમાં આ બીમારી સંક્રમિત થઈ ચૂકી છે.

ભારતમાં પણ આ વાઈરસના 30-3પ કેસો આવી ચૂક્યાં

છે.

નાના - મોટા બધાં લોકોમાં એક અકલ્પ્ય ભયની લાગણી વ્યાપ્ત થઈ ચૂકી છે અને એકબીજાને મળવા અને એકબીજાને સ્પર્શ કરવાથી પણ લોકો  કતરાય છે.

પણ, આજે મારે આ કોરોના વાઇરસની વાતો નથી કરવી. મારે વાત કરવી છે એક એવા ભયાનક રોગની કે જે કોરોના વાઈરસને પણ વામણું  સાબિત કરી દે. એનું નામ છે – ડિપ્રેશન!

***WHO*** ના રિપોર્ટ પ્રમાણે ૨૦૧૯માં ૨૬૪ મિલિયન એટલે કે ૨૪ કરોડ લોકો આ બીમારીથી ગ્રસ્ત હતાં કે જેમાંથી **8** લાખ લોકોએ પોતાનું જીવન સમાપ્ત કરી દીધું.એમણે સ્યુસાઈડ કરી નાખ્યું. તમને જાણીને આશ્ચર્ય થશે કે એમાંના **60-65** % લોકો **15-24** વરસની ઉંમરવાળા હતા.

કેમ થાય છે આવું?

'**अट्टे लोए**'....આપણા ભગવાન મહાવીર જ કહીને ગયાં છે.

આજથી **12** વરસ પહેલાં મારી પણ આ જ હાલત હતી.૮ લાખ લોકોમાં મારો પણ નંબર લાગવાનો હતો. પણ,

પ્રભુએ મારા માટે કોઈ જુદો જ પંથ ઢળ્યો હતો.

આ કથા લખવા પાછળ મારાં બે કારણ છે.

પહેલું એ કે મારી મમ્મીનું માત્ર બે દિવસ પહેલાં જ બ્રેસ્ટ કેન્સરથી મૌત થયું. બીજું એ કે મેં ઘણા બધાં લોકોને એવું બોલતા જોયા છે ‘મારામાં આટલા બધા પાપો ભરેલા છે, તો હું ધર્મના પંથે કઈ રીતે પ્રયાણ કરી શકું.’

મને એ લોકોને કહેવાની ઇચ્છા થાય છે કે‘તમે મારી આત્મકથા વાંચો. તમને ૧૦૦ % કોન્ફીડન્સ આવી જશે કે હું ફક્ત ભગવાનના માર્ગે ચાલી જ શકું એવું નહીં, પણ દીક્ષા પણ લઈ શકું છું." મારા કરતાં ખરાબ લાઈફ કદાચ જ કોઈની હશે અને એટલે જ હું મારાં દરેક પ્રસંગો થોડાં વિસ્તારથી લખીશ.

ઘણા બધાં લોકો કદાચ મારી સ્પષ્ટતાથી ડઘાઈ જશે, પણ સર્વસ્વ નિવેદન કરી, સ્પષ્ટતા સાથે નિવેદન કરી આજની યંગ જનરેશનમાં *'અમે પણ આ કરી શકીએ છીએ....'* એ ભાવના જગાવ-વી અતિ-આવશ્યક છે.

હું શરૂઆતનાં થોડાં પાનાઓમાં મારાં ભોગવાદનું નિરૂપણ કરીશ. **ઉપમિતિભવપ્રપંચા કથા** નામના અદ્ભૂત ગ્રંથના રચયિતા ૧૧૦૦ વર્ષ પહેલાં થયેલા **સિદ્ધર્ષિ ગણિએ** શરૂઆતના પહેલાં પ્રસ્તાવમાં દોઢ શ્લોકમાં કહ્યું છે.

**न चादौ मुग्धबुद्धिनां, धर्मो मनसि भासते |**
**कामार्थकथनात्तेन, तेषामाक्षिप्यते मनः ||49||**
**आक्षिप्तांस्ते ततः शक्या, धर्मं ग्राहयितुं नराः ||50-1/2||**

કોઈ પણ નવી વ્યક્તિને પહેલા જ ધર્મનો ઉપદેશ આપવો શક્ય નથી, કેમ કે એમને એ ગમશે જ નહીં અને એટલે સહુથી પહેલા એમના મનને આક્ષિપ્ત કરવા માટે એમને અર્થ-કામની વાતો કહેવી અતિજરૂરી છે. પછી વ્યક્તિને ધર્મ કે જે એક જીવનરીતિ છે, એ બતાવી શકાય.


બસ,હું પણ આ જ વાતને અનુસરી રહી છું. કદાચ ઘણા બધાને મારું સ્પષ્ટ લેખન નહીં પણ ગમે, પણ હું એના માટે પહેલાંથી જ મિચ્છામિ દુક્કડં માગી લઉ છું. મારી ભાવના સમજીને અને કાવ્ય ધર્મગ્રન્થોમાં પણ આ જ રીતિ હોવાથી તમે બધાં આ વસ્તુને સ્વીકારશો એવી આશા છે.માર્ગદર્શન કરવા માટે પણ વિદ્વાન લોકોએ દુનિયાનો આ ચિતાર જાણવો અતિ-આવશ્યક છે.. બસ આ એનો પ્રયાસ છે.

ફક્ત બધાને એક નમ્ર નિવેદન

'આ કથા સંપૂર્ણ વાંચજો,પછી જ કોઈ વિમર્શ કરજો...'

તો બહુ થઈ ગયું. હવે સ્ટોરી....

આ મારાં જીવનની એ દિવસની ઘટના છે કે .................. ...........................જે દિવસે મને હકીકત ખબર પડી કે..........


My Note
1



# Chapter - 1

**14/4/2008** **I.S.T. - 22.30** *Signature club, Mumbai*

**રાગ** અતિવિષમ હોય છે..!

આજે પહેલી વાર મમ્મીએ મને પાર્ટી આપવાની છૂટ આપેલી. 5 છોકરીઓ અને 5 છોકરાઓનાં ગ્રુપ સાથે હું આજે મુંબઈની પ્રસિદ્ધ પાર્ટી હોટલમાં ગઈ હતી.

રતિના મોઢે પણ શેરડા પડે એ રીતે નાનાં-નાનાં કપડાંઓમાં હું સજ્જ હતી. આજે મારો 14મો જન્મદિવસ હતો. એકંદરે મારાં 14 વર્ષો બહુ સારી રીતે પસાર થયાં હતાં, તો પણ હું આજે સૌથી વધારે આનંદિત હતી.

મારા મિત્રોએ મારા માટે બહુ જોરદાર તૈયારી કરેલી અને જોરદાર સરપ્રાઈઝ આપેલી. મારાં રૂપના કારણે મારાં પુરુષ મિત્રો ઘણા હોવાથી અને બધાં મને ચાહતા હોવાથી હું અત્યારે એમની સાથે બૉલિવુડનાં પ્રસિદ્ધ ગીત પર ડાન્સ કરી રહી હતી.

મને નાચવાનો ભારે શોખ હતો અને ડાન્સ કરતાં સમયે ખરાબ ચેષ્ટાઓ કરવી એ મુંબઈ કલ્ચરમાં કૉમન હતું. એટલે વગર વિરોધે મારાં ચારિત્રને હું છોકરાઓને લૂંટવા આપી રહી હતી.

નાચ-ગાનમાં કેટલો સમય પસાર થયો એનો મને ખ્યાલ રહ્યો નહીં. એટલે જ્યારે મેં ઘડિયાળ જોઈ તો 11.00 વાગેલા હતાં.

“હું જાઉં છું.” કહીને હું નીકળવા ગઈ. છોકરાઓએ મને રોકી.

"ના, ના. હજી તો કેટલી રાત બાકી છે.. પછી જજેને.. એન્જોય."

"ના..મને11.00 વાગ્યે ઘરે આવવાનો ટાઈમ અપાયેલો છે. જો હું લેટ જઈશ તો.."મને મારા ભાઈનો લાલ ચહેરો યાદ આવ્યો.

"ના. આજે કાંઈ નહીં ચાલે. આજે તો તું બર્થ-ડે ગર્લ છે..." એ બધાં મને ઉપાડીને ફરી અંદર લઈ ગયાં. ફરી એ જ ડાન્સ!

11.45 થઈ ગયાં.મારું ટૅન્શન વધતું ગયું. મારો મોટો ભાઈ, કે જે 10 વર્ષ મોટો હતો, એનો ગુસ્સો મને ખબર હતો.

"બસ!નાઉ ઈઝ ધ લિમિટ.હવે વધારે નહીં." કહીને હું બહાર નીકળી ગઈ.

એક છોકરો મને બાઈક પર છોડવા આવ્યો.



# Chapter - 2



15/4/2008 I.S.T. - 00.01 Mumbai Central

**ક્રોધ** અતિવિષમ હોય છે..!

મેં 100 Ft. દૂરથી મારાં ઘરની લાઈટ જોઈ.અત્યારે પણ એ ચાલુ હતી. છેલ્લી વાર છોકરાએ મને ગળે લગાવી અને હું ઘર તરફ વળી. છોકરો બાઈક લઈને નીકળી ગયો.

હજી પણ મારું મન ડાન્સમાં જ હતું અને મોઢું પણ બૉલિવુડનાં ગીતો જ ગણગણાવી રહ્યું હતું. હું મારાં બિલ્ડિંગની નીચે પહોંચી.

આજના દિવસનો આનંદ જ અવર્ણનીય હતો. એ જ પૉઝીટીવ મૂડમાં હું ત્રીજા માળે રહેલા 350 sq.ft.ના ઘરમાં પહોંચી.મને આજ માટે મમ્મીએ ઘરની ચાવી આપી રાખેલી, જેથી હું લેટ પણ આવું તો પોતાની મેળે દરવાજો ખોલીને અંદર આવી શકું.

દરવાજામાં ચાવી નાખીને મેં ફેરવી. લૉક ખૂલી ગયું, પણ દરવાજો ખૂલતો નહોતો. મેં દરવાજાને જોરથી ધક્કો આપ્યો. દરવાજો ખૂલી ગયો, પણ સામેનું દૃશ્ય જોઈને મારાં મોઢાનો રંગ ઉતરી ગયો.

સામે મારો 24 વર્ષનો ભાઈ ઊભો હતો.

“આ ઘરે આવવાનો ટાઈમ છે?” બર્થ-ડે વગેરે વિશ કર્યા વગર સીધો જ આ પ્રશ્ન મોઢાં પર અમાપ ગુસ્સા સાથે ભાઈએ પૂછ્યો.

ભાઈનો ડર બેહદ હોવાથી હું પ્રત્યુત્તર આપી નહીં શકી. મેં જોયું

કે મમ્મી હજી જાગતી હતી અને એક ખૂણામાં બેસીને રડી રહી હતી.

"મમ્મી ! શું થયું? કેમ રડી રહી છે?" ભાઈ સામેથી મોઢું ફેરવીને મેં મમ્મીને પૂછ્યું..

"હે..." ગાળ આપીને ભાઈએ મને બોલાવી."પહેલાં મારો જવાબ આપ.આ ઘરે આવવાનો ટાઈમ છે?" ગાળ સાંભળીને હું સમસમી ગઈ.

"મારી જિંદગી છે... તું એમાં ઈન્ટરફિયર કરનારો..." હું વાક્ય પૂરું કરું એના પહેલાં તો મારાં આખા શરીરને હલાવી નાખે એટલો જોરદાર તમાચો મને પડ્યો.

હું જમીન પર ફસડાઈ પડી. મારાં મોઢામાંથી લોહી નીકળવા માંડ્યું.

મમ્મી મારા પાસે આવવા ગઈ, પણ મારી મોટી બહેને એને રોકી લીધી.

"નીકળી જા... આ ઘરથી... તું નીકળી જા... હવે હું તને નહીં રાખી શકું. " ભાઈએ મારી સામે મારી ભરેલી બૅગ લાવીને પટકી.

"તું તારી મમ્મી કરતાં થોડી પણ અલગ નથી." આટલું કહીને ભાઈએ મમ્મીનો ઈતિહાસ ખોલી નાખ્યો. મમ્મી અવાચક ભાવે જોતી રહી.

એ સાંભળીને મને મારાં ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ યાદ આવતી ગઈ.



# Chapter - 3

19/7/2001 I.S.T. 10.00 St. Xaviers School, Mumbai

**અભાવ** અતિવિષમ હોય છે...!

મારી આજુબાજુમાં બેઠેલાં છોકરા-છોકરીઓ બહુ અવાજ કરી રહ્યાં હતાં. કોઈક હસી રહ્યું હતું, તો કોઈક રડી રહ્યું હતું. હું ગુમસુમ બેઠેલી હતી.

"તારું નામ શું છે?" એક છોકરાએ આવીને મને પૂછ્યું.

"અપેક્ષા...." ધીમેથી, નહીં બોલવાની ઈચ્છા હોવા છતાં મેં કહ્યું.

"હાય, આઈ ઍમ સંકેત."

મેં મમ્મી પાસે જિદ કરીને સ્કૂલ બદલાવી હતી અને એટલે મારા માટે બધાં નવાં હતાં. પહેલાં મમ્મીએ મને સરકારી સ્કૂલમાં નાખેલી, પણ મને ત્યાંના લોકો સાથે ફાવ્યું નહોતું અને એટલે જ પરિસ્થિતિ સારી ન હોવા છતાં મમ્મીએ ઘણી મહેનતથી પૈસા લાવીને મને મુંબઈમાં સારી ગણાતી સ્કૂલમાં દાખલ કરી હતી.

પરફૉર્મન્સ સારો હોવાના લીધે મારી માર્કશીટ જોઈને ઈન્ટરવ્યુમાં જ મને પ્રિન્સિપલે હા પાડી દીધી હતી અને એટલે સૅકંડ ક્લાસમાં મારી પ્લેસમૅન્ટ થયેલી. નવું-નવું હોવાને લીધે ઓછું ફાવી રહ્યું હતું.

"ગુડ મૉર્નિંગ ટીચર !" કહેતાં બધાં છોકરાંઓ ઊભાં થયાં. હું પણ ઊભી થઈ.

"ગુડ મૉર્નિંગ સ્ટુડન્ટ્સ ! પ્લીઝ ! સીટ ડાઉન..."

ટીચરના કહેવા પછી અમે બધાં બેસ્યા. આ સ્કૂલ પોતાના ડિસિપ્લિન માટે બહુ પ્રસિદ્ધ હતી. ઈંગ્લીશમાં વાત કરવી ફરજિયાત હતી.

ટીચર ફ્લુઅન્ટ ઈંગ્લીશમાં બોલવા લાગ્યાં.

"બાળકો ! આજે હું તમારા બધાંની હેન્ડબુક ચેક કરીશ....મેં તમને બધાને કાલે કહેલું કે તમે બધાં કૅલેન્ડર ભરીને લાવજો. બધાએ ભર્યું જ હશે. હું હવે રોલ નંબર બોલાવીશ, એટલે તમે પોતાનું કૅલેન્ડર લઈને આગળ આવી જજો."

મેં કાલે મમ્મીને કહેલું અને મમ્મીએ ભરેલું પણ ખરું.

મેં મારું કૅલેન્ડર કાઢ્યું. મેં જોયું તો બધી જગ્યા ભરેલી હતી, પણ 'પપ્પાનું નામ'ની જગ્યા ખાલી હતી.

**'પપ્પા !'**

મને પપ્પા નામની વસ્તુ બાળપણથી મળી નહોતી. હું મારાં પપ્પાને ઓળખતી નહોતી. બધું સારું થાય અને ટીચર ખખડાવે નહીં એની ભગવાન પાસે મેં પ્રાર્થના કરી. મિ.લોયલા બહુ સ્ટ્રીક્ટ હતી એવું બધાં કહેતાં હતાં.

એક પછી એક બધાના નંબર અને નામ બોલવામાં આવ્યાં.

"નં.23,અપેક્ષા જૈન.."

હું ઊભી થઈ અને ટીચર પાસે ગઈ. મેં કૅલેન્ડર આપ્યું.

"તમારા પપ્પાનું નામ શું છે?" બધાં સાંભળે એ રીતે ટીચરે પૂછ્યું. બધાં મારા તરફ જ જોઈ રહ્યાં હતાં.

"નથી." મેં કહ્યું. મારી આંખોમાં આંસુ હતાં. ટીચરે આગળ કાંઈ પૂછ્યું નહીં.



# Chapter - 4

**19/7/2001** **I.S.T. 16.00** St. Xaviers School, Mumbai

**જિજ્ઞાસા** અતિવિષમ હોય છે...!

મમ્મી મને સ્કૂલમાં લેવા આવેલી. સ્કૂલમાં આખો મારો દિવસ રડવામાં જ પસાર થયેલો.

સૂઝેલી મારી આંખો જોઈને મમ્મીએ મને પૂછ્યું,

“કેમ, આજે બહુ રડી છે?”

ત્યારે મેં કંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહીં. બસમાં બેસી અમે ઘરે ગયાં.

સાંજે ખવડાવતી વખતે મમ્મીને મેં પૂછ્યું,

“મમ્મી ! મારાં પપ્પા કોણ છે?”

બે ક્ષણ સુધી મમ્મી મને એમને એમ જોતી રહી.

“મમ્મી ! આજે સ્કૂલમાં ટીચરે મને પૂછેલું. પણ હું કંઈ પણ કહી નહીં શકી, એટલે જ હું રડી રહી હતી. ”

મમ્મીની આંખોમાં પણ પાણીનાં ટીપાં બાઝેલાં મેં જોયાં.

“તારા પપ્પા...પપ્પાનું નામ સુરેશ છે.”

“એ અત્યારે ક્યાં છે?”

“એ આપણાથી બહુ દૂર ચાલ્યા ગયાં છે. એટલા દૂર કે આ જન્મમાં તો આપણે એમની પાસે નહીં જઈ શકીએ.” મમ્મી સંપૂર્ણ રીતે તૂટી

પડી. હું પણ રડી રહી હતી.

"મમ્મીએ મને પોતાના બાથમાં લઈ લીધી.



# Chapter - 5

24/11/2001 I.S.T. 8.00 Mumbai central

**દૂરી** અતિવિષમ હોય છે..!

પપ્પા સુરેશભાઈ જૈનની આજે શ્રદ્ધાંજલી તિથિ હતી. સવારે મમ્મી બધાં માટે અને પપ્પાના ફોટાને ચડાવવા માટે પ્રસાદમાં શીરો બનાવી રહી હતી.

10 વાગ્યે ભાઈ-બહેન,મમ્મી અને હું પૂજા કરવાનાં હતાં.દર વરસે આ થતું. પણ મને પહેલી વાર આટલી ઉત્સુકતા હતી, કેમકે મને થોડા મહિના પહેલાં જ ખબર પડેલી કે પપ્પાને શું થયું હતું.

“પપ્પાને મળવાનો મોકો કાલે છે.” એવું મને મમ્મીએ ગઈ કાલે કહેલું. આજે મેં સ્કૂલમાંથી રજા લીધેલી.

10 વાગ્યા... રડતી આંખે મારાં મોટાં ભાઈએ પપ્પાનો ફોટો દીવાલ પરથી નીચે ઉતાર્યો.મારાંથી 8 વર્ષ મોટી બહેન પણ રડી રહી હતી. મારી આંખોમાં ગંગાજળ દેખાયું.

બધાએ વારાફરતી એમના ફોટાને દૂધનું પ્રક્ષાલણ કર્યું અને પછી કપડાથી ફોટો સાફ કર્યો. એમની સામે ધૂપ - દીપક- ફૂલ વગેરેની પૂજા કરી. હું આ બધામાં મૂંગી મૂંગી જોઈ રહી હતી. પપ્પા ન હોવાનું દુઃખ મને અનુભવાઈ રહ્યું હતું. પ્રસાદ લાવવા માટે મમ્મી અંદર ગઈ.

મારું મન ભરાઈ ગયું હોવાથી હું પપ્પાના ફોટાને લઈને પોતાની છાતીથી લગાવવા ગઈ.

"હે અપેક્ષા! આ તારા પપ્પા નથી... ફોગટ નાટક છોડી દે." મારાં મોટાં ભાઈએ મારા હાથમાંથી ફોટો ખેંચતા કહ્યું. મને આંચકો લાગ્યો.


*"શું મમ્મી ખોટું બોલી રહી હતી?ના...એવું થઈ નહીં શકે. આ મારાં પપ્પા જ છે."* મેં ફરીથી મારાં ભાઈના હાથમાંથી ફોટો ખેંચવાનો પ્રયાસ કર્યો, પણ એ બહુ તાકતવર હોવાને લીધે હું નિષ્ફળ ગઈ.

બહાર આવીને મને રડતી જોઈને મમ્મીએ મારાં પાસેથી બધું જાણીને ભાઈને બરાબર મેથીપાક ચખાડ્યો. સખતાઈ સાથે ફરીથી આ નહીં કરવાની ચેતવણી આપી.

ભાઈ અને મોટી બહેન મને વિચિત્ર આંખોથી જોતાં રહ્યાં.મેં આંખો બંધ કરી દીધી.



# Chapter - 6

**25/12/2001** **I.S.T. 18.00** Mumbai Central

**રહસ્યો** અતિવિષમ હોય છે..!

ક્રિસમસની ગિફ્ટ માટે હું મમ્મી પાસે જિધ કરી રહી હતી. સવારે પાર્ટી માટે જ્યારે હું સ્કૂલમાં ગયેલી, તો બધાં મને પોતાના મમ્મી-પપ્પાએ ક્રિસમસ માટે આપેલી ગિફ્ટ બતાવી રહ્યાં હતાં. ફક્ત મારી પાસે ગિફ્ટ નહોતી અને એટલે ઘરે આવીને હું આખો દિવસ મમ્મી પાસે બાર્બી ડૉલ લાવવાની જિધ કરતી રહી.

આજે મમ્મીના ભારપૂર્વક 'ના' કહેવા છતાં હું માની નહીં.મેં સવારથી કાંઈપણ ખાધું નહોતું.આજે મોટાં ભાઈ-બહેન સ્કૂલની ટ્રીપમાં નૈનીતાલ ફરવા ગયેલાં. એટલે હું અને મમ્મી ઘરે એકલાં જ હતાં.

“જો અપેક્ષા! સાંજના 6 વાગી ગયાં છે. તે સવારથી કાંઈ ખાધું નથી. મેં કહ્યું ને કે તું પહેલાં ખાઈ લે, પછી હું તને લાવી આપીશ.... સાંતાક્લૉઝ તને પોતે આપવા આવશે.” હું માની નહીં.

મમ્મી રડવા લાગી. મારા મનમાં કંઈક હલ્યું. કઠોરતાની જગ્યાએ કરુણાએ સ્થાન લીધું. મેં મમ્મી પાસે જઈને એમના અશ્રુઓ લુછ્યાં અને એમના ખોળામાં બેસીને ખાવા લાગી.

ધીમે-ધીમે ખાતાં સાત વાગી ગયાં. હું છેલ્લો કોળિયો ખાતી હતી ને ત્યાં જ કોઈએ ઘરની બેલ વગાડી.

રૉકેટની જેમ હું મમ્મીના ખોળામાંથી છૂટી અને મેં દરવાજો

ખોલ્યો. સામે એક 30-40 વર્ષના ભાઈ ઊભાં હતાં. એમની દાઢી-મૂંછો મોટી હતી.એમણે મને પોતાનાં હાથમાં ઊંચકી દરવાજો બંધ કર્યો.

મમ્મી એ ભાઈને ત્યાં જોઈને ગભરાઈ ગઈ.

“તમે અહીંયાં?”

“હા! આજે મારી દીકરીને મારે બાર્બી ડોલ આપવાની છે.." કહીને એક થેલીમાંથી નવીનકોર બાર્બી કાઢીને એ ભાઈએ મને આપી. હું એની સાથે રમવામાં મશગૂલ હતી.

મારી મમ્મી અને એ ભાઈ કંઈક વાત કરી રહ્યાં હતાં, પણ મારું ધ્યાન તો બાર્બી તરફ જ હતું.

મમ્મીનો અવાજ થોડો મોટો થતાં મેં મમ્મી તરફ જોયું. મમ્મી એ ભાઈને કહી રહી હતી, “ફરીથી આ ઘરમાં પગ રાખવાની કોશિશ કરતો નહીં..”

એ ભાઈ ત્યાંથી નીકળી ગયાં. ફરીથી એ ભાઈને મેં ક્યારેય જોયા નહીં.



# Chapter - 7

31/12/2001 I.S.T.24.00 Mumbai Central

**એકાંત** અતિવિષમ હોય છે..!

ફટાકડા ફૂટવાના કારણે હું અચાનક રાત્રે 12.00 વાગે ઉઠી ગઈ.નવાં વર્ષની ઉજવણી આખા બૉમ્બેમાં ગુંજી રહી હતી.

હું મમ્મીની બાજુમાં જ સૂતી, પણ આજે મમ્મી પણ બાજુમાં નહોતી. હું બહુ ડરી ગઈ અને મમ્મીના નામની બૂમો પાડવા લાગી.પણ, ફટાકડાના અવાજની સામે મારો અવાજ દબાઈ ગયો.

હું પલંગ પરથી નીચે ઉતરી અને મમ્મીને આખા ઘરમાં શોધવા લાગી ગઈ. ભાઈ-બહેન ટ્રીપથી પાછા આવ્યાં નહોતાં. એકવાર શોધવા છતાં મમ્મી મને મળી નહીં.

હું ફરીથી શોધવા લાગી. મને અમારા બાથરૂમની લાઈટ ચાલુ દેખાઈ. મેં બાથરૂમનો દરવાજો ખોલ્યો.એમાં મને મમ્મી દેખાઈ. મમ્મી ક્યાંક જવા માટે નાનાં કપડાંઓમાં તૈયાર થઈ રહી હતી.

“મમ્મી ! તું ક્યાં જઈ રહી છે?”

અચાનક મમ્મી મને આવેલી જોઈને ચોંકી ગઈ. “તું અત્યારે અહીંયાં શું કરી રહી છે? કેમ ઊંઘી નથી?” મમ્મીના માથા પર પરસેવાના બિંદુ બાઝેલા મેં જોયાં.

“ફટાકડાઓએ મારી ઊંઘ બગાડી દીધી પણ, તું ક્યાં જાય છે...?” મેં ફરીથી મમ્મીને પૂછ્યું. પોતાનો મેક-અપ છોડીને મમ્મી મને લઈને

રૂમમાં આવી.લાઈટ બંધ કરીને મને ગાદી પર ઊંઘાડવા લાગી.

લોરી ગાતાં ગાતાં રડવા જેવા અવાજમાં મમ્મી મને કહેતી રહી.

“હું ક્યાંય જતી નથી. તને છોડીને... હું ક્યાં જાઉં?” મને મમ્મીનો વાત્સલ્ય ભરેલો સ્પર્શ મળ્યો.મને ઊંઘ આવી ગઈ. સવારે ઉઠીને મેં જોયું તો મમ્મી મારી પાસે સૂતેલી હતી.



# Chapter - 8

14/3/2003 I.S.T. 10.00 Bhatia Hospital, Mumbai

**રોગ** અતિવિષમ હોય છે...!

હૉસ્પિટલોનાં ચક્કર કાપી-કાપીને મમ્મી ને હું થાકી ગયાં. 3 મહિનાથી સતત હું તાવમાં પટકાયેલી હતી. જાતજાતના ટેસ્ટ કરાવ્યા,પણ કાંઈ પકડાયું નહીં.

અંતે મોટી હૉસ્પિટલ ભાટીયામાં જવાનું અમે નક્કી કર્યું. આર્થિક પરિસ્થિતિ સારી નહોતી, તો પણ મા માટે પોતાનાં સંતાન કરતાં વધારે શું હોય?

બે દિવસ પહેલાં જ મારી 2 કલાકની મોટી ટૅસ્ટિંગ થયેલી અને એના રિપોર્ટ સાથે અમે ડૉક્ટરને મળવા માટે લાઈનમાં ઊભાં હતાં.

“તું ઠીક થઈ જશે હાં!” મમ્મી મને આશ્વાસન આપી રહી હતી. મારી ફાયનલ એક્ઝામ એકદમ નજીક હતી અને તૈયારીઓ બધી બાકી હતી.સ્કૂલમાં ફર્સ્ટ આવનારી મને એનું પણ ટૅન્શન હતું.

“પેશન્ટ નં.-12,” બૂમ પડી અને અમે બન્ને ડૉક્ટરની કૅબીનમાં ગયાં.

મને ચેર ઉપર બેઠેલા ડૉક્ટર બહુ ગમતા કેમકે હું એમને બે વાર મળેલી અને મને બન્ને વાર ડૉક્ટરે ચોકલેટ આપેલી.

“હૅલો અપેક્ષા! કેમ છે? સારું થયું?” ડૉક્ટરે મને પૂછ્યું.મેં મોઢું હલાવીને ના પાડી.

“રિપોર્ટ્સ લાવ્યા છો?” મારાં મમ્મી તરફ જોઈને ડૉક્ટર બોલ્યા.

મમ્મીએ રિપોટ્ર્સ ડૉક્ટરના હાથમાં આપ્યા.5 મિનિટ સુધી બરાબર રિપોટ્ર્સ જોયા પછી ડૉક્ટરે બેલ વગાડી અને મને કેડબરી ચૉકલેટ આપી.

નર્સ અંદર આવી . “બેટા ! તું બહાર જશે? મને તારાં મમ્મી સાથે વાત કરવી છે.” મને વિનંતિ કરતાં ડૉક્ટરે કહ્યું.

કેડબરી મળી ગઈ હોવાથી ના પાડવાની વાત જ નહોતી.નર્સ સાથે હું બહાર ગઈ.

“નર્સ! પ્લીઝ કમ હીયર.” એક બીજા ડૉક્ટરે નર્સને બોલાવી. મને અંદર નહીં જવાની સૂચના આપીને નર્સ ત્યાંથી નીકળી ગઈ.

મારી ચૉકલેટ પૂરી થઈ, પણ મમ્મી બહાર આવી નહીં, એટલે મને દરવાજા પર કાન લગાવીને અંદરની વાતો સાંભળવાની ઈચ્છા થઈ.

“અપેક્ષા ને એક "જેનેટિક ડિસોર્ડર" થયેલો છે.એના લીધે તાવ આવેલો છે. હું દવાઓ આપું છું, એ તમે એને આપતાં રહેજો. તાવ ક્યુરેબલ છે.મોટી ચિંતા નથી.” જેવું મને કંઈક સંભળાયું.

'જેનેટિક ડિસોર્ડર' શું હતું એ મને સમજાયું નહીં. પગના અવાજ સંભળાતાં મેં મારું મોઢું પાછળ લીધું અને બહારના સોફા પર બેસી ગઈ.

મમ્મી બહાર આવી.મમ્મીના મોઢા પર મને ચિંતા દેખાઈ.



# Chapter - 9



**26/7/2003** **I.S.T. 22.30** Mumbai Central

**સંશ્લેષ** અતિવિષમ હોય છે!

**'ક્યોંકિ સાસ ભી કભી બહુ થી'** સિરિયલ ચાલુ થઈ રહી હતી. હું ટી.વી.ની સામે બીજા ત્રણ જણ સાથે આંખ ફાડીને બેઠી હતી.

'ઠક.ઠક..ઠક.'દરવાજા પર કોઈએ ટકોરા માર્યા.અમારા ચારમાંથી કોઈપણ ઊભું નહીં થયું. દરવાજાનો અવાજ વધ્યો. મમ્મીએ કંટાળા સાથે ઊભા થઈને દરવાજો ખોલ્યો.

મમ્મીની ચીસે અમારા બધાનું ધ્યાન દરવાજા તરફ ખેંચ્યું. હું બહુ ગભરાઈ ગઈ.

મેં દરવાજા તરફ જોયું તો ખબર પડી કે એક દારૂ પીધેલો માણસ મમ્મીને ખેંચી રહ્યો હતો. એ લવારા કરી રહ્યો હતો.

"રેશમા ! તારે મારી સાથે આવવું જ પડશે."

મમ્મી એના હાથમાંથી છૂટવાનો પ્રયાસ કરી રહી હતી, પણ એના હાથ બહુ મજબૂત હતાં.

"ડૉલી ! અપેક્ષા ને તું અંદર ચાલ્યા જાઓ..." ભાઈએ અમને કહ્યું. સાઈડમાં પડેલી હોકીની સ્ટીક ભાઈએ હાથમાં લીધી. અમે બન્ને અંદર ચાલ્યાં ગયાં. રૂમને અડધો બંધ કરીને અમે બહાર ચાલી રહેલી ઘટનાઓ જોતાં રહ્યાં.

"એય! મારી મમ્મીને છોડી દે."ભાઈએ ધમકીના અવાજમાં કહ્યું.

"હા રેશમા! આ શું તારો બૉડીગાર્ડ છે. આવ...! મને માર.... જોઉ

છું કેવું દૂધ પીધું છે તે તારી....માનું..." મમ્મીને પકડી રાખતાં દારૂડીયા માણસે ગાળો આપતાં આપતાં કહ્યું.

ભાઈનું મોઢું લાલ થઈ ગયું. એણે હોકી સ્ટીક ઉપાડીને દારૂડીયાનાં પગ પર મારી.

જોરદાર ચીસ દારૂડીયાનાં મોઢાંમાંથી નીકળી.મેં મારી આંખો બંધ કરી દીધી. મમ્મી દારૂડીયાના હાથમાંથી છૂટી, તો પણ દારૂડીયાએ મમ્મીની સાડી પકડી લીધી. મમ્મીની સાડી નીકળતી ગઈ.

ભાઈએ એના હાથ ઉપર હોકી સ્ટીક દઈ મારી.હોકી સ્ટીકના બે ટુકડા થઈ ગયાં.દારૂડીયો બહુ જોરથી ગાળો દેવા માંડ્યો. તૂટેલી સ્ટીકથી છેલ્લીવાર ભાઈએ દારૂડીયાના પેટ પર માર્યું. એ પેટ પકડીને બહાર પડી ગયો.

મમ્મી અને ભાઈએ દરવાજો બંધ કરી દીધો. મેં મારી આંખો બંધ કરી દીધી. પણ, મારાં મનમાં એ દારૂડીયાની બધી ગાળો ફીટ થઈ ગઈ.



# Chapter - 10

**15/8/2003** **I.S.T. 10.30** Grant Road

**પ્રશ્નો** અતિવિષમ હોય છે..!

અમે દર સ્વાતંત્ર્ય દિવસ ગ્રાન્ટ રોડનાં નાકાં પર મનાવતાં.7.30-9.00નો સ્કૂલનો પ્રોગ્રામ પતાવીને હું ઘરે આવી ગઈ હતી. પછી મમ્મીની પાસે મેં નાસ્તો માંગેલો.

"ચલ, આપણે ત્યાં જ ખાઈ લેશું.." કહીં મમ્મી મને લઈને ધ્વજારોહણના સ્થાને ગઈ. ત્યાં અમે ઈડલી-ચટણીનો નાસ્તો કર્યો.મેં 3 ઈડલી ખાધી.

પછી અમે જઈને ચેર ઉપર બેઠા. ત્યાં આઝાદીના ગીતો ચાલી રહ્યાં હતાં.મને સંગીતનો શોખ હોવાથી આંખ બંધ કરીને હું સાંભળી રહી હતી.

"રેશમા!" કોઈએ પાછળથી મમ્મીને બોલાવી.

મેં પાછળ જોયું. એક 50 વર્ષની ઉંમરની વિચિત્ર લાગતી બહેન ત્યાં બેઠેલી હતી. એના પગ વિચિત્ર હતાં, મને એ દીઠી ગમતી નહોતી.

મમ્મી ગભરાતી ગભરાતી ત્યાં પહોંચી.મને મમ્મીએ આવવાનું ના કહેલું. હું ત્યાં જ બેસીને જોતી રહી.જેમ-જેમ એ સ્ત્રી બોલતી રહી, તેમ-તેમ મારી મમ્મીના મોઢાના ભાવ બદલાતા રહ્યા. ક્યારેક ભય તો ક્યારેક આનંદ દેખાયો...

એ સ્ત્રી ત્યાંથી ઉઠીને ચાલી ગઈ. એનું મોઢું લાલ હતું. એ પાન

ચાવતી હોય એવું મને લાગ્યું.

"મમ્મી, એ કોણ હતી?" મારી બાજુમાં મમ્મી આવીને બેસી ત્યારે મેં પૂછ્યું.

"એ સ્ત્રી અહીંયાંની માલિકણ વિક્ટરી છે."

"એ પાન કેમ ચાવે છે?"

મમ્મીએ મારી તરફ આશ્ચર્યથી જોયું.

"એને ટેવ છે માટે...."

"એ શું ધંધો કરે છે? એના પાસે આટલા પૈસા ક્યાંથી આવે છે?" આ પ્રશ્ન પૂછતાં મમ્મીના ચહેરાનો રંગ બદલાયો.

"વધારે ચપ્પર-ચપ્પર નહીં કરવાનું. શાંતિથી સાંભળ... કેટલું સરસ ગીત ચાલે છે." મને મમ્મીનો આ અચાનક થયેલો બદલાવ સમજાયો નહીં.

હું મમ્મીને જોતી રહી. મમ્મીએ મારી સામે જોયું નહીં.



# Chapter - 11



**1/1/2004** **I.S.T. 23.00** **Mumbai Central**

**તનાવ** અતિવિષમ હોય છે...!

મમ્મીની અવદશા જોઈને હું છક થઈ ગઈ.પેટ પકડીને છેલ્લા 2 કલાકથી મમ્મી રડી રહી હતી.

“કહેને મમ્મી શું થયું?” પંદર વાર મેં છેલ્લા બે કલાકમાં આ જ પ્રશ્ન પૂછ્યો હતો અને ફરીથી એકવાર મેં એ જ પ્રશ્ન પૂછ્યો .

મમ્મીએ ફરી પ્રશ્નનો ઉત્તર આપ્યો નહીં અને પોતાનું પેટ પકડીને રડતી રહી.મને મમ્મીનાં પેટ કરતાં પણ મમ્મીનો ચહેરો વધારે તંગ લાગ્યો. હું પણ ત્યાં જ રડતી-રડતી બેસી ગઈ.

ભાઈ અને બહેન ઘરે નહોતાં. તેઓ નાનીના ઘરે ગયાં હતાં અને કાલે સવારે આવવાનાં હતાં.

15 મિનિટ પસાર થઈ. કોઈએ મારાં ખભા ઉપર હાથ મૂક્યો. અચાનક મૂકાયેલા હાથથી હું ગભરાઈ ગઈ.મેં ઉપર જોયું. મમ્મી મને બોલાવી રહી હતી.

“હાં મમ્મી! બોલને મમ્મી! શું કામ છે?”

વગર બોલે મમ્મીએ પોતાનાં કબાટ તરફ ઈશારો કર્યો.

હું ત્યાં પહોંચી. કબાટમાં મમ્મીની પર્સ પડેલી હતી. એ લઈને હું મમ્મી પાસે આવી.મમ્મીએ પાણી મંગાવ્યું.

હું પાણી લેવા રસોડામાં ગઈ. પાણીનો ગ્લાસ મેં મમ્મીના હાથમાં

આપ્યો.મમ્મીના ડાબા હાથમાં 2 ગોળીઓ હતી. મમ્મીએ પાણી સાથે ગોળીઓ ગટગટાવી લીધી.

15 મિનિટમાં મમ્મી સૂઈ ગઈ. મમ્મીના મોઢા પર રહેલી તંગતા યથાવત્ દેખાઈ. મેં મમ્મીની આજુબાજુ પડેલા કચરાને એક બાજુ કર્યો.

મારી નજર તે ગોળીઓની સ્ટ્રીપ પર ગઈ. એક સ્ટ્રીપ ઊંઘની ગોળીની હતી. બીજા પર **'કોન્ટ્રાસેપ્ટીવ પિલ્સ'** આવું કંઈક લખેલું હતું. નહીં સમજાતાં મેં સ્ટ્રીપ નીચે ફેંકી દીધી.


My Note


2





# Chapter - 1

**15/4/2008** **I.S.T.1.00** **Mumbai Central**

**સચ્ચાઈ** અતિવિષમ હોય છે...!

હું કેમેય કરીને ભૂતકાળને માનવા તૈયાર ન થઈ. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનના મહિલા આરામ કક્ષમાં હું મારાં પર ફેંકાયેલા સામાનને લઈને બેઠેલી હતી.

“આગળ શું કરવું?” એ વસ્તુ વિચારતાં દિમાગમાં અંધારા સિવાય બીજું કાંઈ દેખાતું નહોતું. મારો જન્મદિવસ તહેસ-નહેસ થઈ ગયો હતો.

મારું આખું ફ્રૉક અશ્રુના કારણે ભીનું થઈ ગયું હતું અને એટલે મનના વમળો અને ભીનાશના કારણે શરીરમાં ધ્રુજારી થઈ રહી હતી. હું અસહાય હતી. મારા એકના એક આશ્રયમાંથી મને ધક્કો મારીને બહાર કાઢી દેવામાં આવી હતી.

*“મારા ભાઈનું મર્ડર કરી નાખું.”*વીજળીના ચમકારા જેવો વિચાર આવ્યો,પણ એ ઓઝલ થઈ ગયો. *“મારી મમ્મીએ પણ મારાથી બધી હકીકત છુપાવી! એને મારી નાખું.”*

મારું માથું ગોળ-ગોળ ભમવા માંડ્યું.

*"બધાં મારું નુકસાન કરનારા જ છે."*

*“ભગવાન આવી યાતના તેં મને કેમ આપી. પહેલાં અનાથ... હવે સંપૂર્ણ અનાથ... શું હું દીકરી છું...?”* છેલ્લા વિચારોને હું સ્વીકારવા જ તૈયાર નહીં થઈ.

*“હું કોની દીકરી છું...?”* એ સવાલ વેતાલની જેમ મારાં માથે

હાવી થઈ ગયો. હું પોતાના વાળો હાથથી ખેંચવા માંડી, પણ એનાથી પણ મારું મગજ શાંત થયું નહીં.

સામે ફિનાઈલની બોટલ પડેલી દેખાઈ.મને આપઘાત સિવાય બીજો કોઈ પણ ઉપાય દેખાયો નહીં. મેં લેડીઝ ટૉઈલેટમાં જઈને ફિનાઈલની બોટલ ગટગટાવી લીધી. 5 મિનિટ સુધી કંઈ થયું નહીં.

ધીમે ધીમે આંખો સામે બધું ધૂંધળું થતું ગયું.અંધારાં આવવા માંડ્યાં. હાથમાં રહેલી ફિનાઈલ બોટલ સાથે જ હું નીચે પછડાઈ.મોઢામાંથી લોહી નીકળતું હોય એવું લાગ્યું.પછી બધું અંધારું...

એક અકથ્ય શાંતિમાં હું ખોવાઈ ગઈ.



# Chapter - 2

**30/4/2008** **I.S.T. 8.00** **Government Hospital, Sion**

**હકીકત** અતિવિષમ હોય છે!

સફેદ કપડામાં આજુબાજુ ઊભેલા લોકો મને દેખાઈ રહ્યાં હતાં. શરીરથી રહિત થઈને જાણે કે હું સ્વર્ગમાં પહોંચી ન ગઈ હોઉં,એનો પ્રતિભાસ મને થઈ રહ્યો હતો. સફેદ સ્વર્ગદૂતો મારી આસપાસ મારું સ્વાગત કરવા ઊભા છે.

પણ! એ સ્વર્ગદૂતોએ મોઢાં પર ગ્રીન કલરનો માસ્ક કેમ પહેર્યો છે એ મને સમજાયું નહીં. એક સ્વર્ગદૂતે મારાં હાથ પર હાથ રાખ્યો. એની એક આંગળી મારી નાડી ઉપર હતી.

“એ ઓ.કે. છે...” એક સ્વર્ગદૂતે બીજા સ્વર્ગદૂતને કહ્યું.

*“આ બધાં સ્વર્ગદૂતો ઈંગ્લિશમાં કેમ વાત કરે છે...?”* વિચાર આવ્યો.

કોઈકે પાછળથી મારો પલંગ ઉપર કર્યો.સામે અરીસો હતો.એમાં મારો ચહેરો મને દેખાયો.મેં જોરથી ચીસ પાડી. મારાં હાથ બાંધેલા હતાં. મેં એને ખોલવાનો પ્રયાસ કર્યો.

“શાંત થઈ જા, શાંત થઈ જા અપેક્ષા..” એક સ્વર્ગદૂતે મને કહ્યું.

એનાં સફેદ કપડાં ઉપર **'ડૉક્ટર રેડી'** લખેલું હતું.

મને હકીકત ખબર પડી.ભૂતકાળ યાદ આવ્યો.અશ્રુઓ ગળવા લાગ્યાં.

આ દુનિયાએ મને મરવા પણ નહીં દીધી... હું શાંત થઈ ગઈ.

"રડ નહીં અપેક્ષા...! ઈટ્સ ઓ.કે..." એક ડૉક્ટરે કહ્યું. પણ મારાં નેત્રો થોભ્યા નહીં. ડૉક્ટરે બાજુમાં લગાવેલાં હાર્ટપલ્સનાં મશીનમાં જોયું.100-110 વચ્ચે આંકડો દેખાઈ રહ્યો હતો.


ડૉક્ટરે મોટું ઈંજેક્શન તૈયાર કર્યું. મારાં માથે લટકતા 'NS' ના બાટલામાં એ ઈંજેક્શન ખાલી કર્યું. મારી આંખો ફરી ઘેરાવા માંડી.

"હું ક્યાં છું?" એકદમ ધીમા સ્વરે મારાં મોઢામાંથી શબ્દો સર્યા.

ડૉક્ટરે મારી પાંપણ બંધ કરી દીધી. અનંત અંધકારમાં ફરીથી હું ખોવાઈ ગઈ.



# Chapter - 3



**5/5/2008**



**I.S.T. 9.30**



Government Hospital, Sion

**હેત** અતિવિષમ હોય છે...!

લોકોની ભીડ વચ્ચે એક પલંગ ઉપર બેસીને હું આરામથી પેપર વાંચી રહી હતી. આત્મહત્યાના કેસોનો ઢગલો પેપરમાં નજરે ચઢી રહ્યો હતો. છેલ્લા 2 દિવસથી મારાં શરીર પર લગાવવામાં આવેલી નળીઓ દૂર કરી દેવામાં આવી હતી.

*"પ્રભુ ! તેં આ બધાને મરવા દીધા અને મને...?"*

ડૉક્ટર કહી રહ્યાં હતાં કે હવે મારી તબિયતમાં સુધારો ઝડપી વેગે થઈ રહ્યો હતો. અત્યારે પણ ચાલવાની શક્તિ મારાં શરીરમાં સંચરી નહોતી અને એટલે જ એક નર્સ મારૂં બધું કામ કરતી.

સહુથી વધુ દુઃખ મને એ વાતનું હતું કે મારાં ઘરનો કોઈ પણ સભ્ય મને જોવા સુદ્ધાં આવ્યો નહોતો.મેં નર્સને 2-3 વાર પૂછેલું, પણ દરેક વખતે નિરાશા જ સાંપડેલી.મારાં મિત્રોનો પણ અતો-પતો નહોતો.

આજે સવારે જ મને નર્સે મારી બધી વસ્તુઓ લાવીને આપી હતી. એમાં મારાં બર્થ-ડેના દિવસે આપવામાં આવેલો મોબાઈલ 6600, 2000 રૂપિયા, મારો એકદમ ફેવરેટ નેકલેસ, મારી ઘડિયાળ બધું હતું.

એક સમયે એને પહેરવાથી મને રાહત થતી, પણ આજે સવારે એ વસ્તુઓને જોતાં જ હું એકદમ ઉદાસ થઈ ગયેલી. એની સાથે ભૂતકાળ જોડાયેલો હતો.

એ નિરાશાવાદમાંથી બહાર આવવા માટે જ મેં નર્સ પાસે પેપર મંગાવેલો, પણ એમાં પણ મને નિરાશાઓ જ સાંપડી.બધે મારા-મારી, આપઘાતો સિવાય બીજું કાંઈ દેખાઈ રહ્યું નહોતું.મેં પેપર ટેબલ પર મૂક્યું.

"અપેક્ષા કોણ છે?" જનરલ વોર્ડમાં આવેલા, પોલીસનાં કપડામાં સજ્જ એક લાંબા માણસે પૂછ્યું. નર્સે મારાં તરફ આંગળી ચીંધી. હું ગભરાઈ. એમ પણ પોલીસથી મને ડર લાગતો.

એકવાર અમે પાર્ટીમાં ગયેલાં અને ત્યાં પણ પોલીસ આવતાં જ અમે બહાર નીકળી ગયાં હતાં. બીજા દિવસે જ પેપરમાં એ પાર્ટીમાં પકડવામાં આવેલા લોકોના ફોટા હતાં.

પોલીસવાળો મારી બાજુમાં ટેબલ પર આવીને બેઠો. બે મિનિટ સુધી એ મને જ જોતો રહ્યો. હું એનાથી નજર બચાવવા માટે બીજી બાજુ જોતી રહી.

પોલીસવાળાએ પોતાના રફ હાથોથી મારું મોઢું પોતાની તરફ કર્યું.મેં આંખો બંધ કરી દીધી.

"અપેક્ષા! તેં મને મારી પ્રક્રિયામાં સપોર્ટ નહીં કર્યો, તો હું તને જેલમાં નાંખી દઈશ. તને જોવું હોય કે ન જોવું હોય, એનાથી મને કાંઈ ફરક પડતો નથી.પણ તારે મારાં પ્રશ્નોના જવાબ આપવા જ પડશે.તારી સામે 'અટેમ્પ્ટ ટુ સ્યુસાઈડ', નો આરોપ લાગેલો છે. બોલ, તે આપઘાત કરવાનો પ્રયાસ કેમ કર્યો?"

મને મારી નર્સે આ ઝમેલા વિશે પહેલાંથી જ કહી રાખેલું.એટલે પ્રશ્નોની આ ઝડી માટે હું તૈયાર હતી. "મને મારાં ભૂતકાળને વાગોળવામાં કોઈ ઈન્ટરસ્ટ નથી. એટલે મને આ બધાં પ્રશ્નો નહીં પૂછતા. તમને જો ઉત્તર જોઈતા હોય, તો મારા મગજમાં તમારે ઘૂસવું પડશે." મોઢાં પર જ મેં પોલીસવાળાને કહી દીધું.

પોલીસવાળાના ચહેરા પર અમાપ ગુસ્સો દેખાયો.એની મારાં મોઢાં પરની પકડ હજુ ટાઈટ થઈ. મેં મારાં હાથથી એના હાથને ધક્કો માર્યો.

"બહુ દોઢ-ડાહ્યાં થઈ ગયાં છે આજના નવા નિશાળિયાઓ. જ્યાં સુધી મેથીપાક નહીં મળે, ત્યાં સુધી સીધા નહીં થાય." ગોલકોન્ડા પોલીસવાળાએ બૂમ પાડી.

એક 40 આસપાસ ઉંમરની મહિલા કોન્સ્ટેબલ અંદર આવી. એનું

મોઢું ભૂતનાં પિક્ચરમાં જોયેલી ડાકણો જેવું હતું.

"શું થયું?" પોતાનાં મોઢાનાં અનુરૂપ કર્કશ ભાષામાં પોલીસવાળીએ પૂછ્યું.

"આને 3rd ડીગ્રી આપવી પડશે.આ સીધી રીતે બોલતી નથી અને આપણને ગેમમાં રમતાં બાળકો સમજે છે." પોલીસવાળીએ મારાં પગ પર જોરથી દબાવ્યું. મારાં મોઢામાંથી ચીસ નીકળી ગઈ. હું રડવા લાગી. નર્સ-ડૉક્ટર દોડતાં-દોડતાં આવ્યાં.

"આ શું કરો છો પેશન્ટ સાથે?"

"વધારે લપ્પન-છપ્પન કરતો નહીં, નહીં તો તને પણ સળિયા પાછળ નાંખી દઈશ." પોલીસવાળાએ ડૉક્ટરની બોલતી બંધ કરી દીધી.

"પણ, આ પેશન્ટ."ડૉક્ટર બોલવા ગયાં.

પોતાના મોઢા પર એક આંગળી મૂકી પોલીસવાળાએ'sshh...' કર્યું. ડૉક્ટર પોતાના શબ્દોને ગળી ગયાં. "આને અમે પોલીસસ્ટેશન લઈ જશું.... એક ઍમ્બ્યુલન્સ તૈયાર કરાવો."પોલીસવાળાએ કહ્યું.

ડૉક્ટર ત્યાંથી હલ્યા નહીં.

"સમજાતું નથી કે? શું જડ-ભગતની જેમ ઊભો છે?" ડૉક્ટર ફટાફટ બહાર નીકળી ગયાં. મને બહુ ડર લાગવા માંડ્યો.જેલના સળિયાઓ મને દેખાવાં લાગ્યાં.

ત્યાં જ ડૉક્ટર દરવાજામાંથી ફરી અંદર આવ્યાં. એના સાથે એક બહેન પણ અંદર આવ્યાં. "સિસ્ટર... સિસ્ટર... સિસ્ટર." કહેતો પોલીસવાળો ઊભો થયો.

"કોંસ્ટેબલ સમ્રાટ! આ પેશન્ટ મારો છે.એને છોડી દો.અપેક્ષા! તું આ બૂક વાંચ..."બહેને મારાં હાથમાં બૂક આપી. પોલીસવાળો ગુસ્સાથી મારાં અને ડૉક્ટર સામે જોઈને ચાલ્યો ગયો. મને રાહત થઈ. પોલીસવાળો અને બહેન બહાર કંઈક વાતો કરતાં મને દેખાયાં.

મેં મારા હાથમાં અપાયેલી બૂકના કવર ને જોયું.

એના ઉપર પાંચ અક્ષરો લખાયેલા હતાં.

*BIBLE...*



# Chapter - 4



6/6/2008 | I.S.T. 10.00 | St. Paul's church, Dadar

**મદદ** અતિવિષમ હોય છે..!

"સાચી મદદ કરનાર આ દુનિયામાં કોઈ નથી. બધાં લોકો સ્વાર્થથી ભરેલા છે. જ્યારે તમારા બધાં સહારાઓ છૂટી જશે, ત્યારે તમારી મદદ કરનાર ફક્ત આ ભગવાન હશે. ઈસુ ક્રિસ્ટ...." ફાધર જે વાત કહેતાં હતાં એની સાર્થકતા મને મારાં જીવનમાં અનુભવાઈ.

હું ચર્ચમાં જમીન ઉપર મારાં ઘૂંટણોને ટેકીને બેઠેલી હતી. ચર્ચના ફાધર બાઈબલમાં લખેલા શબ્દો વાંચી રહ્યાં હતાં અને એ શબ્દોનો સાક્ષાત્કાર મારાં જીવનમાં મેં અનુભવેલો હતો.

પોલીસના સકંજામાંથી મને બચાવ્યા પછી સિસ્ટરે જ મને સાચવી હતી.હૉસ્પિટલનું બિલ દોઢ લાખ રુપિયાનું થયું હતું.પણ સિસ્ટરના કહેવાથી મારો સંપૂર્ણ ઉપચાર ફ્રીમાં થયો હતો. મારું બિલ સિસ્ટરે અને સામે ઊભેલા પાદરીએ ભરેલું.

એક પણ મારાં સ્વજનોને મારી પડી જ નહોતી.મારાં ભાઈને સિસ્ટરે ફોન કરેલો. સામેથી જવાબ આવેલો કે, "મારી બહેન તો મરી ગઈ છે."

ત્યારે મને જોરદાર ધ્રાસકો લાગેલો. આંખોમાંથી નિસહાયતાનાં અશ્રુઓ સરવા લાગેલાં. સિસ્ટરે મને ત્યારે પણ સાચવેલી. ફાધરને કહીને સિસ્ટરે મને પોતાની સાથે સૂવડાવેલી. મારૂ ઘર હવે ચર્ચ જ બની ગયું

હતું.

1 મહિનાના નિર્દોષ પ્રેમ પછી મેં નક્કી કરી દીધેલું કે “મને જૈન મટીને ક્રિસ્ચન બનવું છે. એકેય ટ્રસ્ટ મારી જવાબદારી લેવા તૈયાર નથી. જ્યારે આ દયાળુ ક્રિસ્ચન લોકો મને કેટલી મદદ કરે છે ! ”

અને એટલે જ આજે હું સિસ્ટરે આપેલા કપડામાં સજ્જ થઈને ક્રિસ્ચન ધર્મનો સ્વીકાર કરવા ચર્ચમાં આવેલી. “આજે આપણા માટે એકદમ ખુશીનો અવસર છે.” ફાધરે બોલવાનું શરૂ કર્યું.

“આપણા વચ્ચે રહેલી અપેક્ષા આજે આપણી કમ્યુનિટીમાં સમ્મિલિત થવા જઈ રહી છે. બધાં જિસસ પાસે પ્રાર્થના કરો કે ભગવાન એને બળ આપે. કમ ઑન અપેક્ષા....”

હું પોતાની જગ્યાએથી ઊભી થઈ. બધાં લોકો મને એકદમ પ્રેમપૂર્વક જોઈ રહ્યાં હતાં. દરેકની આંખોમાં મને માનવતાનો ધોધ વહેતો દેખાઈ રહ્યો હતો. હું ફાધર પાસે પહોંચી.

ફાધરે મને પીવા માટે એક ચમચી પાણી આપ્યું. મેં એ પાણીને પીધું.

ફાધરે મારી સામે પોતાનાં ગળાંમાં રહેલા ક્રોસથી અમુક ચિહ્નો કર્યા. હું એ આખી પ્રક્રિયા જોતી રહી. પછી મારી સામે બાઈબલ મૂકી.મારાં ગળામાં ફાધરે ક્રોસ નાખ્યો.

પોતાના બાજુમાં રહેલી નૉનવૅજ ડીશમાંથી એક ચમચી ફાધરે મારાં મોઢા સામે લાવી. હું એક ક્ષણ માટે અચકાઈ. મને ખબર હતી કે એ વસ્તુ નૉનવૅજ હતી.14 વર્ષોમાં મેં નૉનવૅજને મોઢામાં શું, આંખ સામે પણ આવવા દીધું નહોતું.

મેં એ ચમચી મોઢામાં જવા દીધી,વગર ચાવે મેં કોળિયો ગળી લીધો.

"અપેક્ષા! હવે તું ક્રિસ્ચન બની ગઈ છે. ફક્ત એક પ્રક્રિયા બાકી છે. આ પુસ્તક ઉપર તું હાથ મૂક..." બાઈબલને બતાવતાં ફાધરે મને કહ્યું. મેં બાઈબલ પર હાથ મૂક્યો.

“હવે હું જે બોલું છું એ બોલ..."મેં આંખોથી ‘હા’ નો ઈશારો કર્યો. ફાધરે બુલંદ અવાજમાં બોલવાનું શરૂ કર્યું.

“આજથી હું.”

“આજથી હું.” ધીમા અવાજે હું બોલી. બધાં લોકો પણ પાછળ-

પાછળ બોલતા ગયાં.

"પ્રતિજ્ઞા લઉં છું કે... "

"હું જિસસની અનુયાયી બનીશ....અને મારાં ક્રિસ્ચન ધર્મ સામે આવનાર આફતો સામે લડીશ.મરવું પડે તો મરીશ. આજથી હું ક્રિસ્ચન છું."

મેં બધું દોહરાવ્યું.હજી 5-10 વાક્યો ફાધર બોલ્યા.

"ઈન ધ નેમ ઑફ ફાધર,સન, હોલી સ્પીરીટ." હું બોલી.

"એમેન" ફાધરે પૂર્ણાહુતિ કરી.

"એમેન..." ચહેરા પરના અટલ નિર્ણય સાથે મેં છેલ્લો શબ્દ દોહરાવ્યો.

"એમેન એમેન..." આખા ચર્ચમાં અવાજ ગુંજ્યો.



# Chapter - 5

**7/7/2008** **I.S.T. 22.00** *Juhu Chowpati, Juhu*

**પ્રેમ** અતિવિષમ હોય છે!

"અપેક્ષા,આઈ લવ યુ..."

"આઈ લવ યુ ટુ..." હું અને મેથ્યુ પબ્લીકમાં ન કરાય એવી ચેષ્ટાઓ કરવા લાગ્યાં. મેથ્યુ સિસ્ટરની બહેનનો છોકરો હતો. જે દિવસે હું ક્રિસ્ચન બની હતી, એ દિવસે જ મેં એને જોયેલો. એક-બીજાને જોતાં જ અમને એક બીજાં સાથે પ્રેમ થઈ ગયો હતો.

એ જ દિવસે મેં એની સાથે મારો નંબર એક્સચેન્જ કરેલો અને દરરોજ 1-2-3 કલાક સુધી અમે વાતો કરતાં. એ મારાથી 5 વર્ષ મોટો હતો, પણ મુંબઈ કલ્ચરમાં એ કૉમન હતું.બધાં હીરો-હીરોઈનોની પણ આ જ કહાની હતી.

આજે અમે બન્નેએ "જુહુ બીચ" જવાનું નક્કી કર્યું હતું.સિસ્ટરે સહર્ષ હા પાડેલી.

"ધ્યાન રાખજે તારું.." જતી વખતે મને સિસ્ટરે કહેલું.

અમે દાદર સ્ટેશન પર મળેલાં અને ટ્રેનમાં પણ અમારી અસભ્ય ચેષ્ટાઓ ચાલુ જ હતી. પછી બીચ ઉપર આવીને તો અમને કહેનારું પણ કોઈ નહોતું. એટલે અમે પશુની જેમ ત્યાં લાગી પડેલાં.

"ચલ બસ થઈ ગયું... હવે હું જાઉં છું. સિસ્ટર ચિંતા કરતાં હશે." ઉઠતાં ઉઠતાં મેં કહ્યું. મેથ્યુએ ફરી મારો હાથ પકડ્યો.મેં એને મારી સંપૂર્ણ

શક્તિથી ઊભો કર્યો.એણે મારાં ઉપર હાથ રાખ્યો.

"આજે હું તને ચર્ચમાં જવા નહીં દઉં.આ તો આપણી શરૂઆત થઈ છે. પાર્ટી તો હજી ઘણી બાકી છે. સિસ્ટરને મેં કહી દીધું છે કે આજે અપેક્ષા મારી સાથે જ નાઈટ આઉટ કરશે.એટલે તું મને સિસ્ટરના નામે ડરાવ નહીં."

"ચલ, હવે તું મને ક્યાં લઈ જાય છે." મેં એના સામે ખોટા ગુસ્સાથી પૂછ્યું. એણે મારો હાથ પોતાના હાથમાં લીધો અને અમે હાથ પકડતાં-પકડતાં જ બીચની બહાર આવ્યાં.

અમે અડધો કિ.મી. ખુલ્લા રોડ પર ચાલ્યાં. જમણી બાજુ પર અમે વળ્યાં. ત્યાં ખૂણામાં એક હોટલ હતી. **"SHERLOCK"** નામ હતું એ હોટલનું.

બહાર બે બાઉન્સરો કાળાં કપડામાં ઊભા હતાં. મેથ્યુને જોતાં જ સલામ મારીને અમને બન્નેને બાઉન્સરોએ જવા દીધાં.

અંદર અંધારુ જ અંધારું હતું. ડિસ્કો લાઈટો સિવાય બીજી એક પણ લાઈટ ચાલુ નહોતી.અમે બન્ને અંદર જઈને ટેબલ પર બેઠાં.

"વેઈટર! બે ગ્લાસ વ્હિસ્કી-કોકો કોલા મિક્સ લાવજે." મેથ્યુએ ટેબલ પાસે આવેલા વેઈટરને કહ્યું.

"મેથ્યુ! મેં ક્યારેય પણ દારૂ અડ્યો પણ નથી. હું કોક લઈશ."

"અપેક્ષા! દરેક વસ્તુ જિંદગીમાં આપણે કરેલી જ હોય એવું નથી હોતું. ટ્રાય કરજે, ઍન્જોય યૉર સેલ્ફ. સિસ્ટર પાસે ચર્ચમાં પહોંચાડવાની જવાબદારી મારી... ટૅન્શન છોડી દે."

વેઈટર બોટલ લઈને આવ્યો.મેથ્યુએ બે ગ્લાસમાં વ્હિસ્કી સર્વ કરી. એણે એક ગ્લાસ ઉપાડ્યો અને એક જ ઘૂંટમાં ગટગટાવી ગયો.

"તું શેની રાહ જુએ છે અપેક્ષા? મારી જેમ તું પણ પી લે..."

મેં ગ્લાસ ઉઠાવ્યો. મોઢે અડતાં જ વ્હિસ્કી એકદમ કડવી લાગી. થુંકવાની ઈચ્છા થઈ, પણ એના પહેલાં તો મેથ્યુએ મારો હાથ પકડી આખો ગ્લાસ મારાં ગળાંથી નીચે ઉતારી દીધો.

મારૂં માથું ભમવા લાગ્યું.

મેથ્યુએ મને ઊભી કરી.મારાં પગ લડખડાઈ રહ્યાં હતાં.

"ચલ, હવે આપણે ડાન્સ કરશું." લડખડાતા પગે પણ મેથ્યુના સહારે હું ડાન્સ કરવા માંડી. મેથ્યુ ડાન્સમાં એક્સપર્ટ હતો.અડધો-પોણો

કલાક સુધી અમે ડાન્સ કરતાં રહ્યાં. દારૂનો નશો કંઈક ઓછો થયો.

મેથ્યુ મને એક રૂમમાં લઈ ગયો. ત્યાં ઘણા બધા લોકો સિગારેટ અને દારૂ પી રહ્યાં હતાં. એક ખૂણામાં જઈને અમે બેઠાં. મેથ્યુએ મને પોતાની પાસે બેસાડી.

બાજુમાં અલગ-અલગ પ્રકારની સિગારેટો પડેલી હતી.એની બાજુમાં પાઉડર જેવું કંઈક હતું. મેથ્યુએ સિગારેટમાંથી તંબાકુ બહાર કાઢી સાઈડમાં પડેલા પાઉડરને સિગારેટમાં ભર્યો.

“આ શું છે મેથ્યુ?”મેં જિજ્ઞાસાથી મેથ્યુને પૂછ્યું.

“વીડ...” સિગારેટનો દમ મારતાં મેથ્યુએ કહ્યું.



# Chapter - 6

8/9/2008 I.S.T. 23.00 St. Pauls church, Dadar

**એડીક્શન** અતિવિષમ હોય છે...!

મારૂં માથું સખત દુ:ખી રહ્યું હતું. છેલ્લા 1 મહિનાથી જ્યારે પણ હું હેરોઈન નામના નશીલા પદાર્થને સુંઘતી નહીં, તો મારૂં માથું દુ:ખવા લાગતું.

એક અઠવાડિયાં પહેલાં સિસ્ટરે મને હેરોઈન લેતાં પકડી હતી.

"કોણે આપ્યું તને આ?" ગુસ્સામાં સિસ્ટરે મને ધમકાવેલી.

"મેથ્યુએ.."

"મેથ્યુ... તમારા બેની બહુ વિચિત્રતાઓ મારાં સાંભળવામાં આવી છે. ફરીથી મને આ નશીલી વસ્તુ મળી, તો હું તને પોલીસને આપી દઈશ."પહેલીવાર મેં સિસ્ટરને આટલાં ગુસ્સે થતાં જોયેલાં.

મારા હાથમાંથી પેકેટને (રૂ.10000ના) ખેંચીને બાજુમાં રહેલી પાણીની ટાંકીમાં સિસ્ટરે નાખી દીધું. એ દિવસે હું બહુ રડેલી.7 દિવસ વીતી ગયાં હતાં. સિસ્ટરે મને 1 મહિના પહેલાં ચાલુ કરાવેલી સ્કૂલમાં પણ માથાના દુ:ખાવાના કારણે 7 દિવસથી હું જઈ શકી નહોતી.

સિસ્ટર દરરોજ મને જોવા આવતાં, પણ મારી સાથે વાતો કરતાં નહીં. ફાધરને ખબર પડતાં ફાધરે પણ મને સમજાવેલી.

"દીકરી! નશીલું ડ્રગ્ઝ શરીરને બહુ હાનિકારક હોય છે... તારી જિંદગી બહુ લાંબી છે..આ બધાં વ્યસનોમાં તું પડી જશે, તો તારી જિંદગી

સાફ થઈ જશે.... સમજાય છે ને અપેક્ષા?" પોતાનાં ચશ્માંમાંથી જોતાં મને ફાધરે પૂછેલું.

ડ્રગ્ઝની તલપને લીધે મારાં માથામાં એકેય અક્ષર ઘૂસ્યો નહોતો, તો પણ મેં માથું હલાવેલું. બે દિવસ પહેલાં મેં મેથ્યુને ફોન કરેલો અને આ બધી વસ્તુઓ કહેલી.

"ગાંડી ! મારું નામ કેમ આપ્યું? હવે શું?" એ પણ મારા ઉપર બહુ ગુસ્સે થયેલો. હું એકદમ નિરાશ થઈ ગયેલી. પણ, આજે સવારે મેથ્યુ મને મળવા આવેલો.એણે સારી રીતે વાત કરેલી.

એ હકીકત છે. તલપ તલપ છે. મારાથી રહેવાયું નહીં.

મેં આજુબાજુ જોયું.સિસ્ટર ચર્ચમાં માસ માટે ગયાં હતાં.મેં ધીમેથી એક સફેદ પાઉડરવાળુ પેકેટ મારાં સ્કૂલબૅગના ખાનામાંથી કાઢ્યું. મેં એને નાકને અડાડ્યું.સુગંધ મજબૂત હતી.માલ સારો હતો.

ચૂપકેથી હું મારાં રૂમની બહાર રહેલા શૌચાલયમાં ઘૂસી.

મેં અંદરથી બાથરૂમનો દરવાજો બંધ કર્યો.પાઉડરને મેં કાઢ્યો. બાજુમાં સ્નાન કરવા માટેનો જગ પડેલો હતો. એમાં મેં એ પાઉડર ખાલી કર્યો. મને આજે સવારે પાઉડર આપનાર મેથ્યુ પર લાગણી વધી.

મેં મારાં જીન્સનાં બીજાં પૉકેટમાં રહેલા ઈન્જેક્શનને કાઢ્યું. સોયથી જગમાં રહેલા પાણીવાળા પાઉડરને મેં સિરિંજમાં લીધો. મારાં ઉપર ગાંડપણ સવાર થયું.

મેં એ સોયને પોતાના નસમાં નાખી.ધીમે ધીમે મેં આખું ઈંજેક્શન ખાલી કર્યું.એક અકથ્ય આનંદ મને અનુભવાયો. માથાની પીડા શમી ગઈ,એક બીજી દુનિયાની અનુભૂતિ મને થઈ.

મેં ફરીથી ઈંજેક્શન ભર્યું. તલપ બહુ ભારે હતી

મેં બીજું ઈંજેક્શન નસમાં ઘુસાવ્યું. ડ્રગ્ઝનો બહાવ શરીરમાં વધ્યો. મારા હાથ કાંપવા લાગ્યાં. અડધું ઈંજેક્શન ખાલી થયું હશે અને હું પોતાનો કન્ટ્રોલ ખોઈ બેઠી. બાથરૂમના બહાર કોઈકે ખખડાવ્યું. મેં એના તરફ ધ્યાન આપ્યું નહીં.

"અપેક્ષા... અપેક્ષા..." સિસ્ટરનો અવાજ સંભળાયો. મેં પ્રત્યુત્તર આપ્યો નહીં. ડ્રગ્ઝે પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું હતું. હું બહારની દુનિયાથી અલિપ્ત થઈ ગઈ હતી.

હું ફર્શ પર પડી ગઈ અને ગટરના કીડાની જેમ આળોટવા લાગી.

સિસ્ટર બહાર જોર-જોરથી ખટખટાવી રહ્યાં હતાં. ભારી બૂટોનો અવાજ સંભળાયો. કોઈ દરવાજો તોડતું હોય એવું લાગ્યું, પણ હું તો ડ્રગ્ઝના નશામાં જ ચકચૂર હતી.

દરવાજો તૂટ્યો, મારાં હોશ ઉડ્યા.



# Chapter - 7

**15/9/2008** **I.S.T. 11.00** ***Arthar Road Jail, Saat Rasta***

**જેલ** અતિવિષમ હોય છે...!

સંડાસ-બાથરૂમની દુર્ગંધથી આખો રૂમ ગંધ મારી રહ્યો હતો. ભારતની બધી જેલો આવી જ હતી, એવું મેં સાંભળેલું. પણ એનો સાક્ષાત્કાર મને આજે જ થયો હતો.

છેલ્લા એકાદ મહિનામાં મારી સાથે શું થયેલું એનો મને થોડોક પણ ખ્યાલ નહોતો. આજે સવારે જ્યારે હું ઉઠી રહી હતી, ત્યારે હોસ્પિટલથી મને આ જેલમાં લાવવામાં આવી હતી, એટલો જ મને ખ્યાલ હતો.

બાથરૂમની ગંધથી ત્રસ્ત થઈને મેં જેલના સળિયા ગુસ્સાથી અફાળ્યા...

જેલરે પોતાની આંખો ઊંચી કરી

“શું છે?” કડક અવાજમાં જેલરે પૂછ્યું. જેલરે એમ તો મને સવારથી હેરાન નહોતી કરી, પણ એ મારી સાથે વાતો પણ નહોતો કરતો. એક શબ્દ પણ ઘણું પૂછવા છતાં એ બોલ્યો ન હોતો.

“મને અહીંયાથી બહાર કાઢો.... અહીંયાંની દુર્ગંધથી હું મરી જઈશ...”

“એ સારું જ છે.ધરતીનો બોઝ થોડો હલકો થશે."મારી સામે જોયા વગર,મનને વાગે એવા શબ્દો જેલરે ઉચ્ચાર્યા.

“પણ મેં મરવા જેવું કર્યું શું છે?” એકદમ ગુસ્સા સાથે રાડો પાડીને

મેં પૂછ્યું.

"એય..." જેલરની આંખો લાલ થઈ', "તારા બાપની આ જગ્યા નથી કે તારી મરજીમાં જેમ આવે તેમ તું બડબડ કરશે.મોઢું બંધ રાખજે, નહીં તો મારે તારા હાથ બાંધીને તારા મોઢા પર ટેપ લગાડવી પડશે.સમજી ગઈ?"

હું રડવા લાગી.મારા અવાજના આખી જેલમાં પડઘા પડ્યા. પણ એક અવાજ સુદ્ધાં બીજો કોઈ સંભળાયો નહીં.

બપોરનો સમય થયો. જેલર ખાવા માટે થાળી લઈને આવ્યો. એમાં ભાત હતાં અને પાણીથી પણ પાતળી દાળ હતી. જેલર થાળી મૂકીને ચાલ્યો ગયો. કેટલાય ટાઈમ સુધી મેં થાળીને એમ ને એમ રહેવા દીધી. ખાવાની ઈચ્છા મરી ગઈ હતી.

હું વગર ખાયે જ સૂઈ ગઈ.

જેલના લૉકના અવાજથી હું ઉઠી.

"કેટલા વાગ્યા?" સામે ઉભેલા પોલીસવાળાને મેં પૂછ્યું.

"સવારના 8 વાગ્યા છે." હું 12 કલાક આસપાસ સૂતી હતી. મારાં પેટમાં ભૂખના કારણે બળતરા થઈ રહ્યાં હતાં.

"મને ભૂખ લાગી છે..." મેં જેલરને કહ્યું.

જેલરે મને કાલે નહીં ખાધેલી, જમીન પર પડેલી થાળી બતાવી. ઑપ્શન નહીં હોવાના કારણે હું ખાવા માટે નીચે બેઠી.

દાળને મેં ભાતમાં નાંખી. દાળમાંથી વાંદો  બહાર પડ્યો. મને ઊબકા આવવા માંડ્યા.એ થાળીમાં જ મારાં પેટમાં જે કંઈક થોડું હતું, એય મેં ખાલી કરી દીધું. ફરીથી અશ્રુઓ વહેવા લાગ્યાં.

*' આ યાતના ક્યારે પૂર્ણ થશે..'* વિચારીને મોઢા પર બાઝેલાં આંસુઓના ટીપા સાથે જ હું સૂઈ ગઈ.



# Chapter - 8

15/9/2008 | I.S.T.10.00 | (Juvenile Crime Court, Umar Khadi, Mumbai)

**ન્યાય** અતિવિષમ હોય છે...!

“અપેક્ષા! તું ઓનરેબલ કોર્ટે બતાવેલી બધી શરતોને પાળવા તૈયાર છે?” મેન સીટ પર બેસેલી લેડી ન્યાયાધીશે મને પૂછ્યું.

મેં માથું હલાવીને ‘હા’પાડી.

“માથું હલાવવાથી કાંઈ નહીં થાય.'આઈ કન્સેન્ટ' બોલવું પડશે.”

મેં એ શબ્દો દોહરાવ્યા.

આજે મને ખબર પડેલી કે મને જેલમાં કેમ નાંખવામાં આવેલી. એક એક કરતાં બધી ઘટનાઓ યાદ આવેલી. આ બધામાં મને સૌથી વધારે ગુસ્સો મને આ સકંજામાંથી નહીં બચાવવા માટે સિસ્ટર ઉપર આવેલો.

ડ્રગ્ઝના નશામાં હું બાથરૂમના ફર્શ પર પડી ગઈ હતી. સિસ્ટરે ઈમરજન્સી વિચારીને પોલીસને ફોન કરી દીધેલો. પોલીસવાળા આવેલા અને મને હૉસ્પિટલ લઈ ગયેલાં.

ત્યાં ડ્રગ્ઝનો નશો ઉતારવામાં બહુ વાર લાગેલી અને સિસ્ટરને ખબર પડતાં તેમણે મને પોલીસને સોંપી દીધેલી. “જે મારું સાંભળતી નથી, હું એને સાચવી શકતી નથી. એટલે આજથી હું આની ગાર્ડિયનશીપ મૂકી દઉં છું." સિસ્ટરે પોલીસે ધરેલા દસ્તાવેજો ઉપર સાઈન કરી દીધેલી.

પછી એક-સવા મહિના સુધી મારો ઉપચાર ચાલેલો. ડ્રગ્ઝની અતિ માત્રાના કારણે ફેફસાં અને કિડની પર મોટી અસર થયેલી હતી. રિકવરી

આવતાં મને જેલમાં નાખી દેવામાં આવેલી. અને આજે હું બાળકોની જેલમાં ઊભી હતી.

મારાં પર ડ્રગ્ઝ લેવાનો કેસ લાદવામાં આવેલો . હું 18 વર્ષથી નીચે, માઈનર હોવાથી મને સજા આપવામાં નહોતી આવી, પણ આ ડ્રગ્ઝની આદતથી છૂટવા માટે મને **"રિહેબિલિટેશન સેન્ટર"** (વ્યસનમુક્તિ કેન્દ્ર) માં મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

મારે 6 મહિના ત્યાં જ કાઢવાના હતાં.

હું અનાથ હોવાના કારણે એક NGO સંસ્થાને મારાં ભરણ-પોષણની જવાબદારી સોંપવામાં આવેલી. મને ત્યાં એમના કહ્યાં પ્રમાણે વર્તવાનો આદેશ આપવામાં આવેલો. 18 વર્ષ પછી હું આ બંધનોમાંથી છૂટી જવાની હતી, જો મારી આદત છૂટી ગઈ હશે તો....

કોર્ટે મને ફરીથી એ ચર્ચમાં જવાનો નિષેધ ફરમાવી દીધો હતો અને હવેથી સિસ્ટર અને ફાધરને કોઈ પણ રીતે હેરાન કરવાની સખત શબ્દોમાં ના પાડી હતી.

કોર્ટે પેપર ઉપર સાઈન લીધી હતી. એ પેપરમાં સ્પષ્ટ લખેલું હતું કે, "હું આજથી સંપૂર્ણ જિંદગી સુધી કોઈ પણ પ્રકારના ડ્રગ્ઝ લઈશ નહીં અને ડ્રગ્ઝ સંબંધિત કાર્યોમાં કોઈની મદદ કરીશ નહીં."

વગર મને પણ બીજો કોઈ રસ્તો દેખાતો ન હોવાથી મેં વાત મંજૂર રાખી હતી.

*' જેલમાં સડવા કરતાં ડ્રગ્ઝ નહીં લેવાં સારાં..."* વિચાર મનમાં ઉગ્યો હતો.

"તો..." ન્યાયાધીશના કર્કશ અવાજથી હું ભૂતકાળને છોડી વર્તમાનમાં આવી.

"આજથી તમારી એક સારા નાગરિક બનવાની ટ્રેનિંગ શરૂ થાય છે. મને આશા છે કે તમે કાનૂનને આમાં મદદ કરશો."

ન્યાયાધીશે પોતાની બાજુમાં રહેલો લાકડાનો હથોડો ટેબલ પર પછાડ્યો.



# Chapter - 9

**2/2/2009** **I.S.T. 21.00** **Rehabilitation centre, Thane**

**મોજનું ફળ** અતિવિષમ હોય છે.....!

'Ssss ssss' સિસકારાઓથી આખો એ.વી.રૂમ ગુંજી રહ્યો હતો.

આજે અમને ડ્રગ્ઝ લેનારા લોકોની કેવી દુર્દશા થાય છે એનો પી.પી.ટી. દેખાડવામાં આવી રહ્યો હતો. છેલ્લા 41/2 મહિનાથી મને સતત ડ્રગ્ઝથી મુક્ત થવાના અનેક ઉપાયો શીખવાડવામાં આવ્યાં હતાં. હવે હું પણ નવાં આવતા વ્યસનગ્રસ્ત નાની ઉંમરનાં યુવાન-યુવતીઓને સંભાળવામાં સુપરિન્ટેન્ડેન્ટની મદદ કરતી.

પહેલાંના બે મહિના તો મારાં માટે પણ મહા મુશ્કેલીમાં પસાર થયેલા, પણ ડ્રગ્ઝ ની વિષમતા અને એનાં કાનૂની અને માનસિક રીતે થતાં નુકસાનો સાંભળીને મેં જિંદગીભર એને છોડી દેવાનો નિશ્ચય કરી લીધો હતો. એના પછીના દિવસોમાં હું ઍક્ટીવ થઈ હતી.

નિશ્ચય કરવાના બીજા જ દિવસે મેં સુપરિન્ટેન્ડેન્ટ પાસે સામેથી જઈને એમને મદદ કરવાની ઈચ્છા બતાવેલી.મારો આ બદલાવ જોઈને સુપરિન્ટેન્ડેન્ટને પણ અતિ આશ્ચર્ય થયેલું.

"અશક્ય" શબ્દ એના મોઢામાંથી સરી પડેલો, કેમકે એણે મારી આખી કેસ હિસ્ટરી વાંચેલી. પહેલાં તો સુપરિન્ટેન્ડેન્ટને શંકા થયેલી કે,

*'આ મને ઉલ્લુ બનાવવા માટે ફક્ત એમ ને એમ બોલતી હશે.'*

પણ પછી મારી નિષ્ઠા જોઈને એ મારાથી એકદમ ખુશ થઈ ગઈ હતી. એ ક્યારેક મને સ્પેશિયલ ખાવાનું આપતી, અને બહારથી લાવેલી ચૉકલેટાદિ વસ્તુઓ પણ ક્યારેક ગિફ્ટ કરતી.

આજે સ્પેશિયલ સેમિનાર રાખવામાં આવેલો અને એ માટે ભારતના સર્વોચ્ચ **ડૉક્ટર મેહતા** રજુઆત માટે આવેલા.

સ્લાઈડ ઉપર આવતા ફોટાઓને જોઈને હું હચમચી ગઈ. ડ્રગ્ઝના કારણે કોઈકના છાતીમાં હોલ થયેલું દેખાઈ રહ્યું હતું, તો કોઈકનું જડબું કાઢવું પડ્યું હતું. કોઈક આખી જિંદગી માટે કોમામાં ચાલ્યો ગયેલો, તો કોઈક ને ગાંડાઓની હૉસ્પિટલમાં ભર્તી કરવામાં આવેલો. દરેકના ફોટાઓ એમના નામ સાથે આપવામાં આવેલા.

“જુઓ,” ડૉક્ટર મેહતા બોલ્યા, “આવી હાલત ડ્રગ્ઝ લેનારાઓની થઈ છે. તમારું ભવિષ્ય તો આવું નથી ને?” આવા ભવિષ્યની કલ્પનાથી પણ મને ધ્રુજારી વછૂટી.

“આ તો ફક્ત ડ્રગ્ઝ લેનારની દુર્દશાનો સેમ્પલ છે. હવે જે હું બતાવું છું, એ ધ્યાનથી જોજો...”

ડૉક્ટર મેહતાએ પોતાના હાથમાં રહેલું રીમોટ દબાવ્યું અને સ્ક્રીન પર 3,2,1,0 ના વિડીયો લોડ થવાના નંબર દેખાયા.

"તમને ડ્રગ્ઝ લેવા છે?...તો લો અને પછી...” અચાનક અવાજ અટકી ગયો અને આખી સ્ક્રીન કાળી થઈ ગઈ. 2 સેંકન્ડ પછી એક CCTV ફૂટેજ ચાલુ થયો. પંજાબના કોઈક શહેરમાં લેવાયેલો એ ફૂટેજ હતો. બધાં આંખ ફાડીને સ્ક્રીન તરફ જોતાં રહ્યાં.

સ્ક્રીન પર 19-20 વરસનો છોકરો દેખાયો.એનાં કપડાં ઉપરથી નીચે સુધી કાળાં હતાં. એના હાથમાં 1000-500 ની નોટો હતી. અંધારી જગ્યામાં જઈને એ છોકરાએ કોઈકને બોલાવી, એક એકદમ સારી દેખાતી છોકરી બહાર આવી.એ છોકરા સાથે ચેનચાળા કરવા લાગી. છોકરો પણ એની સાથે ગાંડાની માફક ચેનચાળા કરવા લાગ્યો.

પછી બન્ને અંદર ગયાં.પછી 15 મિનિટ સુધી કંઈ પણ સ્ક્રીન ઉપર દેખાયું નહીં, ફક્ત એ અંધારી જગ્યા જ દેખાઈ. 15 મિનિટ પછી છોકરો ને છોકરી બહાર આવ્યાં. બન્નેના હાથમાં કોઈક સફેદ વસ્તુ દેખાઈ. ડૉક્ટર મેહતાએ પોતાના રિમોટથી એ વસ્તુને ઝૂમ કરી, એ વસ્તુ ઉપર વિડીયો થંભી ગયો.

"આ શું છે? ખબર છે?" ડૉક્ટર મેહતાએ પૂછ્યું. " હેરોઈન..." બધાએ એકસાથે કહ્યું.

"હવે જુઓ..."

ફરી વિડીયો સ્ટાર્ટ થયો.એ બન્ને છોકરા-છોકરી એક પથ્થરને ઘેરી નીચે બેઠાં. એના ઉપર એ સફેદ વસ્તુ બન્નેએ ખાલી કરી.પછી 1000-500ની નોટો કાઢી.એ બન્નેએ એ નોટો પાગલની માફક સુંઘી. નીચે પડેલા હેરોઈન ડ્રગના 10 વિભાગ નોટથી છોકરાએ કર્યા. હવે CCTV કેમેરો ઝૂમ થયો.

છોકરાએ આજુબાજુ જોયું.1000 ની નોટને ગોળ-ગોળ વાળીને એણે 10માંથી પહેલાં વિભાગનાં હેરોઈનને પોતાની નોટના એક છેડાથી સુંઘ્યું. એ ડ્રગ્ઝ છોકરાના નાકમાં ગયું. જાણે કે ગાંડો ન થઈ ગયો હોય, એ રીતે એ વર્તન કરવા લાગ્યો. છોકરીએ પણ એ જ રીતનું અનુકરણ કર્યું.

1 મિનિટમાં તો આખું 150 ગ્રામ જેટલું હેરોઈન ઉડી ગયું. બન્નેને એનો કેફ જબરદસ્ત ચડ્યો. કેફમાંને કેફમાં છોકરાએ પોતાની FZR બાઈક શરૂ કરી. છોકરી એના પાછળ બેઠી.

હવે CCTV કેમેરાઓ ફટાફટ બદલાવા માંડ્યા. બાઈક ફૂલ સ્પીડ પર હોવાને લીધે કેમેરા પણ એક પછી એક બદલાતા ગયાં.

પછી એક જ કેમેરો આખા રોડ પર લાગેલો દેખાયો.એમાં બાઈક દેખાઈ નહીં.પણ દૂરથી કંઈક આવતું હોય એવું દેખાયું ખરૂ. કેમેરાની નીચે એક મોટી લોખંડના સળિયાવાળી ટ્રક રોડ પર દૂરથી આવતી વસ્તુ તરફ જતી દેખાઈ.

સામેથી એ દૂર રહેલી વસ્તુ પાસે આવી. એ પેલા છોકરા-છોકરીવાળી જ બાઈક હતી. નશાને નશામાં સામેથી આવતી ટ્રક બન્નેએ જોઈ નહીં. છોકરી પાછળ બાઈક ઉપર ઊભી થઈ થઈને નાચી રહી હતી. હવે કેમેરો ઝૂમ થયો.

અચાનક એક મોટો વિસ્ફોટ થયો હોય એવો અવાજ આવ્યો. મેં મારી આંખો બંધ કરી દીધી.આજુબાજુનાં છોકરા-છોકરીઓ પણ અવાજ કરવા લાગ્યાં,"બંધ કરો.... બંધ કરો..."

સ્ક્રીન પર છોકરા-છોકરીનાં ફક્ત ધડ જ દેખાયાં.સ્લાઈડ બદલાઈ. એમાં ધડ વગરનાં મસ્તક લોહીલુહાણ થયેલાં રસ્તા પર પડેલાં હતાં. બાઈકના તો ચૂરેચૂરા થઈ ગયાં હતાં. છોકરા-છોકરીને ઓળખવાં અશક્ય હતાં.

મારી આંખોમાંથી ગંગા-જમુના વરસવા માંડી. દર વર્ષે આવા કેટલા કેસો ભારતમાં બનતા હશે એ વિચારે મારાં મનમાં અકથ્ય વેદના ઉપજાવી.



# Chapter - 10

15/2/2009 I.S.T. 20.00 Rehabilitation centre, Thane

**ખાલીપો** અતિવિષમ હોય છે...!

" હૅપી બર્થ-ડે ટુ યુ " "હૅપી બર્થ-ડે ટુ યુ" "હૅપી બર્થ-ડે ટૂ ડીયર રોહન..." "હૅપી બર્થ-ડે ટૂ યુ" રોહને હૅપી બર્થ-ડેનું સંગીત પૂર્ણ થયા પછી મીણબત્તીઓ બુઝાવી. બધાએ જોર-જોરથી તાળીઓ પાડી. રોહને કેક કટ કરી. બધાનાં મોઢામાં પાણી આવવા લાગ્યું.

અમારાં સૅન્ટરમાં કોઈનો પણ બર્થ-ડે આવતો, તો જો એ બર્થ-ડે બૉય કે ગર્લ સારી રીતે વર્ત્યાં હોય, તો એનો બર્થ-ડે મનાવવામાં આવતો. સુપરિન્ટેન્ડેન્ટ પોતે એના માટે કેક લઈ આવતાં અને બધાને એક-એક ટુકડો કેકનો મળતો.

બર્થ-ડે બૉયને 4 ટૂકડા મળતાં .અને છેલ્લે ટી.વી. ઉપર આવતી ફિલ્મ બધાને દેખાડવામાં આવતી.

આજે રોહનનો બર્થ-ડે હતો. ડૉક્ટર મેહતાએ બતાવેલી ફિલ્મ જોયા પછી રોહન બે દિવસ સુધી સૂઈ શક્યો નહોતો. એણે બે દિવસ પછી જઈને સુપરિન્ટેન્ડેન્ટને જિંદગીભર ડ્રગ્ઝ છોડવાનો લેખિત કાગળ આપી દીધો હતો. સુપરિન્ટેન્ડેન્ટ એકદમ ખુશ થઈ ગઈ હતી કેમકે એની કેસ હિસ્ટરી એકદમ ખતરનાક હતી. એણે ડ્રગ્ઝના નશામાં પોતાની ગલીના કુતરાને મારી નાંખ્યો હતો.

એનાં સુધારાને જોઈને જ સુપરિન્ટેન્ડેન્ટે આજે અચાનક સરપ્રાઈઝ

આપીને એના બર્થ-ડેની ઉજવણી કરેલી.રોહન એકદમ ખુશ દેખાઈ રહ્યો હતો.

"હેપી બર્થ-ડે રોહન.." મેં રોહનને વિશ કર્યું. એ હસ્યો અને "થેંન્ક યુ" કહ્યું. એણે મારાં મોઢામાં કેક મૂકી. મેં પણ એને કેક ખવડાવી.

અડધા કલાકમાં પાર્ટી પૂરી થઈ. સુપરિન્ટેન્ડેન્ટે રોહનને ગિટાર ગિફ્ટમાં આપેલું.રોહનને ગિટાર વગાડવાનો ગાંડો શોખ હતો. ગિટાર જોતાં જ સુપરિન્ટેન્ડેન્ટને એ ભેટી પડ્યો હતો.

9 વાગ્યા. હું પોતાનો તકીયો લઈને ટી.વી.રૂમમાં આવી. સૂતા સૂતા પિક્ચર જોવી મને ગમતી.મેં ટી.વી.માં આવતી ઍડમાં જોયું કે 30 સૅકન્ડમાં '**તારે જમીન પર**' પિક્ચર ચાલું થવાનું હતું.

જ્યારે 21/12/2007 ના દિવસે એ પિક્ચર રીલીઝ થયેલું, ત્યારથી મને એ પિક્ચર જોવાની ઈચ્છા બહુ હતી,પણ સંજોગો બન્યા જ નહોતા. દર વખતે કંઈ ને કંઈ પ્રૉબ્લેમ આવી જતો.

અત્યારે એની ઍડ જોઈને હું રાજી રાજી થઈ ગઈ. એકદમ આગળ જઈને, બર્થ-ડે બૉય રોહનની બાજુમાં જઈને હું બેસી ગઈ. પિક્ચર ચાલું થયું. લાઈટો બંધ કરી દેવામાં આવી. એક પછી એક દ્રશ્યો આવતાં ગયાં.

ઈશાન નામનો છોકરો ભણતો નથી, મસ્તી કરે છે, એટલે એના મમ્મી-પપ્પા એને હૉસ્ટેલમાં મૂકવાનો નિર્ણય કરે છે. મમ્મી ઈશાનને હૉસ્ટેલમાં લઈને આવે છે. મમ્મી આખો દિવસ રહે છે અને પછી નીકળવાનો ટાઈમ થાય છે.મમ્મી ઈશાનને છોડીને નીકળી જાય છે.

ઈશાન રડે છે અને પછી એક ગીત ગાય છે,

***"यूं तो मैं घबराता नहीं, पर अंधेरे से डरता हूँ मैं माँ,***
***यूं तो मैं दिखलाता नहीं, पर तेरी परवा करता हूँ मैं माँ,***
***तुझे सब है पता मेरी माँ , तुझे सब है पता मेरी माँ..."***

એ ગીતની કરુણતાના કારણે મારી આંખો ભરાઈ આવી. એ ગીતના શબ્દો સંપૂર્ણ રીતે મારાં ઉપર બંધ બેસતા હતાં.મને મારો આખો ભૂતકાળ યાદ આવ્યો. હીબકાં ભરીને હું રડવા લાગી. મને માનો ખાલીપો અનુભવાવા લાગ્યો.

"તું કેમ રડે છે અપેક્ષા?" મારી સામે જોઈને રોહને પૂછ્યું.
"હું અને ઈશાન બહુ સરખાં છીએ રોહન..."



# Chapter - 11

01/03/2009 I.S.T. 08.00 Rehabilitation centre, Thane

**બદલાવ** અતિવિષમ હોય છે...!

મને એક પરિવાર ઍડોપ્ટ કરવા તૈયાર થઈ ગયો હતો. આજે સૅન્ટરમાં મારો છેલ્લો દિવસ હતો. સુપરિન્ટેન્ડેન્ટના કહેવાથી કોર્ટે મારાં સ્વભાવમાં સુધારો જોઈને 15 દિવસ પહેલાં મને સૅન્ટરમાંથી રજા આપી દીધી હતી.પણ,હવે મને આ સૅન્ટરને છોડવાની ઈચ્છા થતી નહોતી.

જ્યારે સુપરિન્ટેન્ડેન્ટે મને મારાં ઍડોપ્શન વિશે કહેલું ત્યારે હું આખી રાત સૂઈ શકી નહોતી. વિચારોનાં વાવાઝોડાંઓથી મારું મન એકદમ તહસ-નહસ થઈ ગયું હતું. સવારે મેં સુપરિન્ટેન્ડેન્ટને આ વિશે વાત કરેલી.

"અપેક્ષા! તારા અંદર મને એક ઉમદા વ્યક્તિત્વ દેખાય છે. આખી જિંદગી અહીંયાં પસાર કરવી શક્ય નથી. અને ચલ, જો કોર્ટ હા પણ પાડી દે, તો પણ મારી ઈચ્છા નથી. તારું ટૅલેન્ટ અહીંયાં વૅસ્ટ થાય એ મને બિલકુલ ઉચિત લાગતું નથી." સુપરિન્ટેન્ડેન્ટે હું સમજી રહી છું કે નહીં ? એ જોવા વચ્ચે અટકીને મારી સામે જોયેલું.

"અને હા! એક વસ્તુ કહેવાની હું ભૂલી ગઈ છું. તું જે ઘરે જાય છે, એ વ્યક્તિઓની ચોઈઝ મેં પોતે કરેલી છે. છેલ્લા 12 વરસથી પ્રયત્ન કરવા છતાં એ કપલને દીકરા કે દીકરી થતાં નહોતાં.મને છેલ્લાં 4 વરસથી તેઓ ફોર્સ કરી રહ્યાં હતાં કે તમારા ધ્યાનમાં કોઈક હોય તો કહેજો. એટલે જ મેં તારું નામ એમને આપ્યું.હવે તું જ્યાં જશે, ત્યાં સારી રીતે જ રહેશે એ

વાતનો મને વિશ્વાસ છે..."સુપરિન્ટેન્ડેન્ટની આંખોમાં સાચે જ એક અનેરો વિશ્વાસ દેખાયેલો.

"બીજી એક વાત...એ દમ્પતિ જોબ કરે છે અને બધી રીતે બહુ સુખી છે. તારી બધી ઈચ્છાઓ, જે અપૂર્ણ હતી એ ત્યાં પૂરી થશે એનો મને વિશ્વાસ છે. તું પરીની જેમ ત્યાં રહેશે." છેલ્લા શબ્દો બોલતા સુપરિન્ટેન્ડેન્ટનું ગળું ભરાઈ આવ્યું હતું. ફક્ત આંસુઓ જ આવવાનાં બાકી રહ્યાં હતાં.

એ દિવસે તો સુપરિન્ટેન્ડેન્ટની વાત સમજીને મને ઊંઘ આવી ગઈ હતી, પણ જેમ જેમ દિવસો નજીક આવતા ગયાં, તેમ તેમ મારામાં બેચેની વધતી ગઈ. હવે સુપરિન્ટેન્ડેન્ટ પણ મારાં સાથે વિશેષ વાતો નહોતી કરતી.

મને અહીંયાંથી નીકળવામાં થોડો પણ પ્રૉબ્લેમ ન થાય એ માટે જ કદાચ સુપરિન્ટેન્ડેન્ટ મારી સાથે જેટલો ઓછો સંપર્ક થાય અને લગાવ વધવાના બદલે ઘટે એની મહેનત કરતી હતી. પણ, એનાથી મારી વિરહ-વ્યથામાં થોડો પણ ફરક નહોતો પડ્યો.

અને અંતે આજનો નહીં ઈચ્છાયેલો પણ દિવસ ઉગ્યો. સવારે જ મને ઍડોપ્ટ કરનારા મમ્મી-પપ્પા આવી ગયાં હતાં. દેખાવમાં તો બન્ને એકદમ સોહામણા હતાં. અને મારી સાથે એમણે વાતો પણ બહુ સારી રીતે કરેલી, પણ મારું મન ઉચાટમાં જ હતું.

સવારથી સુપરિન્ટેન્ડેન્ટ મને દેખાયેલી નહીં. બપોરે 2.00 વાગે જમ્યા પછી સુપરિન્ટેન્ડેન્ટ મને દેખાઈ. એણે મને પોતાની પાસે બોલાવી. અમે બન્ને સુપરિન્ટેન્ડેન્ટના રૂમમાં જઈને બેઠા.

"અપેક્ષા!" એકદમ પ્રેમાળ નજરથી અજબ મીઠાશ સાથે સુપરિન્ટેન્ડેન્ટે મારું નામ ઉચ્ચાર્યું.

"આ દુનિયા જેવી બહારથી લાલમલાલ દેખાય છે એવી હોતી નથી.અંદરથી ન જાણે કેટલાય કીડાઓ એ દુનિયાને કોતરી જતા હોય છે. તને સૌથી સારું સ્થાન મળે એના માટે મેં સખત પ્રયાસ કર્યા છે. તો પણ એ દુનિયામાં પણ અંદરથી કંઈક જુદું હોય અને બહારથી કંઈક જુદું હોય એવું હોઈ શકે...પણ..."મારી સામે બે ક્ષણ માટે સુપરિન્ટેન્ડેન્ટ જોતી રહી.

"હું અત્યારે જે કહું એ ધ્યાનથી સાંભળજે અને સમજજે. બહારથી પરિસ્થિતિઓ કેવી પણ હોય, તારી અંદરની પરિસ્થિતિઓ સારી રાખજે. જો તું પોતાની પરિસ્થિતિઓ ન બદલી શકે, તો પોતાની મનઃસ્થિતિ બદલી

કાઢજે. અને હા..."પોતાના ખિસ્સામાંથી કંઈક વસ્તુ કાઢતા સુપરિન્ટેન્ડેન્ટે કહ્યું.

"આ મારા તરફથી તને ગિફ્ટ સમજજે...."મારાં હાથમાં એક ચમકતી વસ્તુ એણે મુકી. એક નૅકલેસ મને દેખાયો.

અવાજમાં મીઠાશ સાથે સુપરિન્ટેન્ડેન્ટ બોલી, "મારી મમ્મીએ મને આ ગિફ્ટ આપેલી. મમ્મીએ કહેલું કે "જે તારી દીકરી કે દીકરો થાય એને આ નૅકલેસ આપજે, પણ! અફસોસ મેં લગ્ન કર્યા જ નથી અને એટલે જ મારે કોઈ સંતાન નથી. આ સૅન્ટરમાં તારાથી વધારે સક્ષમ કોઈ મળશે એવું મને દેખાતું નથી અને એટલે જ.." એ આગળના શબ્દો બોલી ન શકી. આંસુઓ જ બધું બોલી ગયાં.

વગર કારણે સુપરિન્ટેન્ડેન્ટે મારાં ઉપર વરસાવેલો પ્રેમ હું ઝીલી ન શકી.હું સુપરિન્ટેન્ડેન્ટના ગળે લાગીને બહુ રડી. કેટલીય ક્ષણો આ રીતે અમે બન્ને રડતાં રહ્યાં.

આખરે સુપરિન્ટેન્ડેન્ટે મારાં આંસુ લૂછ્યાં.

"બી સ્ટ્રૉંગ....મને વિશ્વાસ છે કે તું બધી જગ્યાએ સમન્વય કરાવનારી થશે. બૅસ્ટ ઑફ લક તારી ન્યુ લાઈફ માટે." સુપરિન્ટેન્ડેન્ટે મારાં મસ્તક પર કીસ કરી અને મારો હાથ પકડી મને બહાર લઈ ગઈ.

બધાં છોકરા-છોકરીઓ ભેગાં થઈ ગયાં હતાં.

"જુઓ આજે અપેક્ષા પોતાનાં ઘરે જાય છે, તમે બધાં એને ગુડ ફ્યુચર વિશ કરો." સુપરિન્ટેન્ડેન્ટે કહ્યું. રોહનની આંખોમાં અશ્રુઓ હતાં. બધાએ મને વિશ કર્યું.

હું અશ્રુઓને રોકતી રોકતી સુપરિન્ટેન્ડેન્ટ સાથે બહાર આવી. બહાર હૉન્ડા સીટી ગાડીમાં મને લઈ જવા માટે મારાં મમ્મી-પપ્પા તૈયાર હતાં. મેં છેલ્લી વાર મારા સાડાપાંચ મહિનાનાં ઘર તરફ જોયું. કેટલીય યાદો એના સાથે સંકળાયેલી હતી.ગાડી ખુલી અને હું એમાં બેસી ગઈ.


My Note


3





# Chapter - 1

7/3/2009 I.S.T. 10.00 A2 Tutorials, BKC

## ADJUSTMENT અતિવિષમ હોય છે...!

આઈ-પેડમાં હું નોટ્સ ટાઈપ કરી રહી હતી. બાયોલૉજીના સર અમને ભણાવી રહ્યાં હતા. છેલ્લા ત્રણ દિવસથી મમ્મી-પપ્પા(નવા)એ મને ભણાવવા માટે આ ટ્યુશન જૉઈન્ટ કરાવ્યું હતું. મારો ફેવરેટ વિષય બાયોલૉજી હતો. એટલે હું ધ્યાનથી સાંભળી રહી હતી.

"આજે આપણે એક સ્પેશિયલ ચેપ્ટર જોશું. **સર્વાઈવલ ઑફ ધ ફિટેસ્ટ.** આ દુનિયામાં જ્યારે આપણે આવ્યાં હતાં, ત્યારે આપણી સાથે બીજા ૮,૯૯,૯૯૯ જીવો આવ્યાં હતાં. તો પણ તમે જીવી ગયાં અને તેઓ મરી ગયાં,એમાં કારણ શું? કોઈ કહેશે?" બાયોલૉજી સરે અમારા તરફ જોયું. કોઈએ પણ હાથ ઉપર કર્યો નહીં.

"આટલા 15 વરસના ઢગા થઈ ગયાં, તો પણ તમને ખબર નથી કે તમે કેમ જીવ્યા?" મજાકમાં સરે કહ્યું અને પછી એક વિડીયો સ્ટાર્ટ કર્યો. એમાં વ્યક્તિ કેવી રીતે માતાના પેટમાં આવે છે અને કેવી રીતે વધે છે એ બતાવવામાં આવ્યું હતું.વિડીયો પૂરો થયો.

"આ વિડીયો જોયા પછી આપણને એક વસ્તુ ખબર પડે છે કે...."સરે ખોંખારો ખાધો." જે ઍડજસ્ટ થાય છે, એ આગળ વધે છે."

સરે કહેલા'ઍડજસ્ટ' શબ્દે મારાં દિમાગમાં છેલ્લા સાત દિવસોમાં વીતેલી ઘટનાઓ તાજી કરી.1 તારીખે સાંજે 5 વાગે હું મારાં નવાં ઘરે કે જે K-2 ટાવર્સ, બી.કે.સી. હતું એમાં પહોંચી હતી. રસ્તામાં મારાં નવાં મમ્મી-

પપ્પાએ મારાં એજ્યુકેશન, ઈન્ટરેસ્ટ, ખાવાના શોખ, હૉબી વિશે પૂછેલું. બોલવાની ઇચ્છા ઓછી હોવા છતાં પણ મેં બધાં પ્રશ્નોના જવાબ આપ્યા હતાં.એમના સ્વભાવથી તો અત્યાર સુધી મને તેઓ એકદમ સારાં લાગ્યાં હતાં.

અમે ગાડીને પાર્કીંગમાં પાર્ક કરી 20માં માળે રહેલા પોતાના ફ્લેટમાં ગયેલા. એક ફ્લોર પર ચાર ફ્લેટ હતાં. અમારા સામેનો એક ફ્લેટ ખુલ્લો હતો. બાકી બે ફ્લેટમાં કામ ચાલી રહ્યું હતું. બે મહિના પછી એ પણ ભરાઈ જવાના હતાં.

હું મારાં નવાં રહેઠાણમાં પ્રવેશેલી.એનું ઈન્ટીરીયર એકદમ પૉશ હતું. 3 BHK નું ઘર હતું. *'આ બે જણ માટે શા માટે આટલું મોટું ઘર ?'* બલ્બની જેમ વિચાર મનમાં આવેલો. ન પૂછવામાં જ મને સારૂં લાગ્યું હતું.

પછી પપ્પા-મમ્મી મને મારાં રૂમની ચાવી આપીને મારો રૂમ બતાડવા લઈ ગયાં હતાં.પપ્પાએ મારા હાથમાંથી ચાવી લઈ રૂમ ખોલેલો. હું રૂમની રોનક જોઈ છક થઈ ગઈ હતી.

મારા અલગ-અલગ પોઝવાળા ફોટાઓથી આખાં રૂમની દીવાલ મઢી દેવામાં આવી હતી. એ બધાં ફોટાઓની નીચે

**'WELCOME APEKSHA TO YOUR OWN HOME.'**

લખવામાં આવ્યું હતું. રૂમની વચ્ચોવચ એક મોટો બેડ હતો કે જેના ઉપર આરામથી 3 જણ સૂઈ શકે એમ હતું.

બેડની જમણી બાજુ એક ટેબલ હતું અને એના ઉપર ઍપ્પલનો આઈપેડ, મોબાઈલ અને પીસી પડેલાં હતાં. ટેબલની સામે એક બહુ આકર્ષક અરીસો હતો કે જેની નીચે ડ્રૉઅરમાં બધાં પ્રકારની મેક-અપની વસ્તુઓ રાખવામાં આવી હતી.મારાં બેડ સામે જ મારૂં L.C.D.T.V. એકદમ નવું-નક્કોર હતું. રૂમની સિલિંગ પર ચમકતા ગ્રહોવાળું વૉલપેપર લગાડવામાં આવ્યું હતું. રાત્રે સૂતી વખતે એ બધાં ચમકતા.

પછી મમ્મીએ મને લઈ જઈને મારા કપડાંનો વૉરડ્રોબ બતાવેલો. એમાં એક બીજાને ટક્કર મારે એવી 30 નવી ડ્રેસો મારાં માપ પ્રમાણે હતી. એના સિવાય સ્વીમિંગ સૂટ,અલગ અલગ નાઈટ ડ્રેસો,ગેમ રમવા માટેનાં કપડાઓ અને જાત-જાતની ઘડિયાળો, સેન્ટ પણ એમાં હતા.

આટલું બધું મેં જિંદગીમાં પહેલી વાર જોયેલું.

"તું ફ્રેશ થઈ જા. પછી આપણે આજે સાંજે બહાર જવાનું છે. આજે મેં કમ્પનીથી સ્પેશિયલ રજા લીધી છે" કહીને પપ્પા ને મમ્મી બહાર ચાલ્યાં ગયાં હતાં.

એમ તો મને સેન્ટર છોડવાનું દુઃખ ઘણું હતું, પણ અહીંયાં મારી થયેલી રાજાશાહી ટ્રીટમેન્ટને જોઈને મારું દુઃખ ભૂલાઈ જતું હોય એવું લાગતું હતું. રાત્રે 8.00 વાગ્યે પપ્પાએ મારાં રૂમના દરવાજા પર ખટખટાવેલું.

"અપેક્ષા!" એકદમ મધુર સ્વરે પપ્પાનો અવાજ મને સંભળાયેલો."તું તૈયાર છે?" ઑટોમેટીક શૉવર માં સ્નાન કરીને હું કપડાં પહેરીને તૈયાર હતી.મેં જઈને રૂમનો દરવાજો ખોલેલો. "Wow" મને જોતાં જ પપ્પાના મોઢામાંથી શબ્દો સરી પડેલા.

'Wow' સાંભળીને મમ્મી પણ શું થયું એ જોવા માટે આવેલી. મારી ડ્રેસિંગ જોઈને એ છક થઈ ગઈ હતી. "તું શું લાગે છે! જોજે હો બી.કે. સી.વાળા તારી સાથે મૂવીનો કૉન્ટ્રેક્ટ સાઈન ન કરી લે." એ વાત ઉપર હું હસેલી. મમ્મી-પપ્પા પણ હસી રહ્યાં હતાં.

પછી એ દિવસે અમે સાંજે બી.કે.સી.ની ફેમસ હોટલમાં ગયેલાં. ત્યાં મને મનગમતી બધી વસ્તુઓ મમ્મી-પપ્પાએ મંગાવેલી અને અમે વાતો કરી કરીને ખાધેલું.

રાત્રે ઘરે આવતાં 12.00 વાગી ગયાં હતાં, કેમ કે રસ્તામાં અમે એક Mall માં પણ ફરીને આવ્યાં હતાં. ત્યાં મને પપ્પાએ મારી મનગમતી ગેમો રમાડેલી.

"ગુડ નાઈટ.." કહીને પપ્પાએ દરવાજો બંધ કરી દીધેલો. સવારે જ્યારે હું 6.00 વાગ્યે ઊઠેલી ત્યારે મમ્મી ને પપ્પા મારા જ રૂમમાં મારાં ઉપર હાથ મૂકીને સૂતાં હતાં. એમને ડિસ્ટર્બ ન થાય એટલે હું પણ ફરીથી સૂઈ ગયેલી. 8 વાગ્યે નાસ્તો કરી મમ્મી-પપ્પા જૉબ પર નીકળી ગયેલાં.

" અમે 6 વાગ્યે આવી જઈશું, ત્યાં સુધી તને જે કંઈ પી.સી.ઉપર કરવું હોય,ગેમ રમવી હોય,એ તું કરજે. તારા માટે સ્પેશિયલ ઑનલાઈન ઈન્ટરનેટ કોર્સ (ફૅશન ડિઝાઈનીંગ) પણ અમે સબસ્ક્રાઈબ કરેલો છે. એ પણ તું ઑનલાઈન જઈને શીખી શકશે." એટલું કહીને તેઓ ગયેલાં.

8 વાગ્યા પછી હું એકદમ એકલી થઈ ગયેલી. પહેલી વાર આવી રીતે એકલવાયા રહેવાનું થયું હતું. 6 વાગ્યા સુધીમાં તો કેટલીય વાર મને

વિચાર આવી ગયો કે ' *હું સેંન્ટરમાં હોત,તો જ સારું થાત...'*

સાંજે 6 વાગેલા અને બેંલ વાગેલી. ત્યારે હું મારાં સામે પડેલા ઍપ્પલ કમ્પનીના મોબાઈલને સમજવાની કોશિશ કરી રહી હતી. મેં ફટા-ફટ દરવાજો ખોલેલો અને એકદમ થાકેલા પપ્પા દેખાયેલા. મેં સ્મિત આપીને એમનું સ્વાગત કરેલું અને એમણે મારાં માટે લાવેલી ગિફ્ટ મને આપેલી.15 મિનિટ પછી મમ્મી પણ આવી ગયેલી અને એમણે પણ મારાં માટે નેંચરલ્સની સીતાફળની આઈસ્ક્રીમ લાવેલી.

અમે બધાં ફ્રેશ થઈને જમવા બેઠેલા. અને દિવસભરમાં થયેલી વિવિધ ઘટનાઓ અમે એકબીજાને સંભળાવેલી. આજે પણ મમ્મી-પપ્પા મારાં રૂમમાં જ મારી આજુબાજુ સૂતેલાં.

ત્રણ દિવસ આ રીતે જ પસાર થયેલા.

ત્રીજા દિવસે રૂમમાં મને રડતી જોઈને મમ્મી-પપ્પા દોડી આવેલાં.

“શું થયું અપેક્ષા?” એક જ પ્રશ્ન મને મમ્મી-પપ્પાએ ઘણી વાર પૂછેલો. ઘણી વાર પૂછ્યા પછી મેં કહેલું, “આપ બન્ને જૉબ ઉપર ચાલ્યાં જાઓ છો,પછી હું બહુ બોર થઈ જાઉં છું. મને બહુ એકલું એકલું લાગે છે. મારો જીવ ઘૂંટાય છે.” પપ્પા-મમ્મીએ પછી નક્કી કરીને મને ટ્યુશન જૉઈન્ટ કરાવેલું. ત્યાં મને ભણવાનું બહુ સારું લાગતું...આગળના દિવસો પછી સારી રીતે પસાર થયેલા.

“અપેક્ષા! અપેક્ષા! તું ક્યાં છે?” બાયોલૉજીના સરના અવાજે મને ક્લાસમાં લાવી. “આર યુ ઓ.કે..." સર મારા તરફ કન્ફ્યુઝન સાથે જોતાં પૂછ્યું.

મેં તરત જ. “યેસ સર!” જવાબ વાળ્યો.પણ મારા મનમાં તો બાયોલૉજીના બે શબ્દો જ ફ્લૅશ થઈ રહ્યાં હતાં." **ઍડજસ્ટમેંન્ટ અને સર્વાઈવલ."**



# Chapter - 2

20/3/2009 I.S.T. 21.00 K2 Towers, BKC

**અવદશા** અતિવિષમ હોય છે.

"ધડામ.." અવાજ આવતાં મારી ઊંઘ ઊડી ગઈ. જાણે કે ભૂકંપ ન આવ્યો હોય એવો અનુભવ થયો.મેં આજુબાજુ જોયું, પણ કંઈ પણ હલતું નહોતું.

*'શું થયું?'* નો વિચાર ઝબક્યો. મેં ઘડિયાળમાં ટાઈમ જોયો. હૈના મોન્ટેનાની ઘડિયાળ ૯ બતાડી રહી હતી. પછી મને યાદ આવ્યું. *"આજે હું વહેલી સૂઈ ગયેલી.."*

હું ઊઠી.મારાં ડબલ બૅડની નીચે પડેલા સ્લીપર મેં પહેર્યા. એમાં પણ મિકીનો ફોટો હતો.

હું રૂમ ખોલીને બહાર ગઈ. હૉલની લાઈટ બંધ હતી.આજે મમ્મી-પપ્પા મારી બાજુમાં આવીને સૂતાં નહોતાં. *'કદાચ બહાર ગયાં હશે.'* મેં વિચાર્યું.

હું મારા રૂમ તરફ પાછી વળી કે ત્યાં મને કોઈ રડતું હોય એવો અવાજ સંભળાયો. આના પહેલાં મેં ક્યારેય આ ઘરમાં રડવાનો અવાજ સાંભળ્યો નહોતો.

મમ્મી-પપ્પાના રૂમની લાઈટ ચાલુ હતી. ત્યાંથી અવાજ આવતો હોય એવું મને લાગ્યું. હું મમ્મી-પપ્પાના રૂમ તરફ વળી. જેમ જેમ નજીક જતી ગઈ, તેમ તેમ રડવાનો અવાજ વધતો ગયો.

મમ્મી-પપ્પાના રૂમની બહાર હું પહોંચી. *" ખોલું કે નહીં?"* એની

દ્વિધા મનમાં ઊભી થઈ.5 મિનિટ હું ઢગાની જેમ ત્યાં જ ઊભી રહી.

*"આ દુનિયામાં દુ:ખિયારા જીવો વધુ છે. તું એમનો સહારો બનજે.. આંખ અને મન ખુલ્લાં રાખજે"*... સુપરિન્ટેન્ડેન્ટના શબ્દો મગજમાં ઉપસ્યા અને મેં દરવાજો ખોલ્યો.

અંદરનું દૃશ્ય જોઈને હું છક થઈ ગઈ. બે ક્ષણ માટે તો હું ડરી ગઈ.

"મમ્મી ! મમ્મી ! આ શું..? આ...આ... તારી હાલત કોણે કરી?" મમ્મીએ પહેરેલો ગાઉન ફાટેલો હતો.એના મોઢા ઉપર કોઈકે જોરદાર તમાચો લગાવ્યો હતો, અને એના કારણે હોઠના કિનારેથી લોહી નીકળી રહ્યું હતું.

મમ્મીની આવી અવદશા જોઈને મારી આંખોમાંથી પણ ધડાધડ અશ્રુ પડવા માંડ્યા.

"બોલને મમ્મી, કોણે કર્યું આ?" મેં ફરીથી પૂછ્યું. મમ્મીનો રડવાનો અવાજ હજી તીવ્ર થયો. મમ્મીએ ધ્રૂજતા હોઠે કંઈક બોલવાનો પ્રયાસ કર્યો,પણ મોઢામાંથી લોહી સિવાય કંઈ નીકળ્યું નહીં.

હું દોડીને પોતાનો મોબાઈલ લઈ આવી.મેં **'ડેડી'** ના નામથી સેવ કરેલો નંબર લગાવ્યો 'ધ નંબર યુ આર ટ્રાઈંગ ટૂ કૉલ ઈસ બિઝી." નો અવાજ સંભળાયો. મેં ફરીથી કટ કરીને નંબર લગાવ્યો. આ ટાઈમ પણ એંગેજનો જ અવાજ સંભળાયો.


મમ્મી ફાટેલા ગાઉનમાં જ ઊભી થઈ. એના પગ ધ્રૂજી રહ્યાં હતાં.મેં મમ્મીનો હાથ પકડીને તેને પલંગ પર બેસાડી. ગીઝરમાંથી થોડું ગરમ પાણી લાવીને મેં મમ્મીના મોઢામાંથી નીકળતું લોહી સાફ કર્યું. પછી સોફરામાઈસિન ટ્યુબ લગાવીને મેં લોહી બંધ કર્યું.

"મમ્મી કોણે તારી આ હાલત કરી?" મમ્મી થોડી સ્વસ્થ થઈ ત્યારે મેં પૂછ્યું.

મમ્મીએ પોતાનો હાથ ઉપર કરીને ડનલૉપ બૅડના અંતે રહેલા ફ્રેમ તરફ આંગળી ચીંધી.મારી નજર એ તરફ ગઈ. હું દંગ રહી ગઈ.



# Chapter - 3








**22/3/2009** **I.S.T. 19.00** K2 towers Basement, BKC

**ઈમોશન** અતિવિષમ હોય છે......

મને બેસમેન્ટમાં આવીને અડધો કલાક થઈ ગયો હતો. હું મારાં અને પપ્પા વચ્ચે થયેલી ચેટ વાંચી રહી હતી.


19:00
Daddy
Online
પપ્પા,એક વિનંતિ છે.. 09:25
દસ મિનિટ પછી... 09:26
શું? વોટ્સ અપ ડાર્લિંગ 09:35
મને આપ ૬.30 વાગે બેસમેન્ટમાં મળી શકો..? 09:37
નો, ઑફિસમાં લેટ થશે. 09:38
૨ મિનિટ પછી.
સોરી, હું આવીશ, પણ કામ શું છે?...કોઈક ઈમ્પોર્ટન્ટ કામ છે?....ઘરે ના પતી શકે..? 09:40
હું આપને વગર કામે હેરાન કરું ડેડ? અને ઘરે વાત થાય એવું નથી...ઈટ્સ કૉન્ફીડેન્શીયલ.. 09:41
ના, પણ કામ તો કહે...? અરજન્ટ છે? 09:42
અત્યારે કંઈ પણ પૂછો નહીં, પ્રોમીસ કરો કે તમે આવશો... 09:43
ઓ.કે.બાય, કામ વધારે છે. પછી મળીએ! 09:44
Type a message

મેં ચેટથી ઉપર જોયું કે એક હૉન્ડા સીટી ગાડી મને બેસમેન્ટમાં પ્રવેશતી દેખાઈ. મેં હાથ બતાવીને ગાડીને રોકી. ગાડી થોભી ગઈ. પપ્પાએ બારી નીચી કરી, મેં ગાડીના લૉકને ખોલવાનો ઈશારો કર્યો. પપ્પાએ લૉક ખોલ્યો. ગાડીની આગળની સીટમાં જઈને હું બેસી.

"પપ્પા! મને લૉન્ગડ્રાઈવ ઉપર લઈને ચાલોને? મારે આપની સાથે ઘણી વાતો કરવી છે."પપ્પા મારી સામે અજીબ રીતે જોતાં રહ્યા.મેં આવું ક્યારેય કર્યું નહોતું.

પપ્પાએ ગાડી રિવર્સમાં લીધીં K-2 ટાવર્સને પાછળ છોડી અમારી ગાડી વરલી તરફ દોડવા લાગી. પાંચ મિનિટ સુધી મેં કંઈ પણ કહ્યું નહીં. પછી હું રડવા લાગી.

પપ્પાએ મને અરીસામાંથી જોઈ..

"તું રડે છે અપેક્ષા? શું મમ્મી સાથે તારો ઝગડો થયો?" પપ્પાએ અરીસામાં જ જોતાં પૂછ્યું.

રડતા અવાજે જ મેં કહ્યું, "ડૅડ, આપે મને દગો કેમ આપ્યો? "

"અપેક્ષા! તું શું બકે છે?" અવાજમાં અસમંજસ સાથે પપ્પાએ કહ્યું.

"હું જે બોલું છું, એ બિલકુલ ખોટું નથી. હું કયાં અરમાનથી સૅન્ટરમાંથી નીકળી હતી. અને મને હવે શું જાણવા મળ્યું? કે માય ફાધર ઈઝ.."

છેલ્લો શબ્દ સાંભળીને પપ્પાને આંચકો લાગ્યો. અમારો અકસ્માત થતાં થતાં બચી ગયો. પપ્પાએ ગાડી એક સાઈડમાં પાર્ક કરી. હું એકદમ ટૅન્શનમાં આવી ગઈ, *'હવે પપ્પા શું કરશે?"*

5 મિનિટ માટે કોઈ કંઈ બોલ્યું નહીં. મારાં રડવાનો અવાજ અને ગાડીમાં ચાલતા એ.સી.ના અવાજ સિવાય બીજો એકેય અવાજ સંભળાયો નહીં.

5 મિનિટ પછી પપ્પાએ મારી તરફ જોયું.

"આઈ ઍમ સૉરી, અપેક્ષા!" આટલું કહીને પપ્પા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં. મેં પહેલીવાર પપ્પાને રડતા જોયા. મારું ટૅન્શન થોડું ઓછું થયું.

"પપ્પા ! મને પ્રૉમીસ કરો કે હવે ફરીથી તમે એ વસ્તુ નહીં કરો... નહીં તો મને ફરીથી સૅન્ટરમાં જ મૂકી આવો..મને આપની સાથે નથી

રહેવું."

પપ્પાનું રડવાનું હજી વધ્યું.અચાનક પપ્પાએ મને પોતાની બાજુમાં લીધી.

" પાછા જવાની વાત બિલકુલ નહીં કરતી, હું પ્રૉમીસ કરું છું કે હું ફરીથી એ વસ્તુ નહીં કરું." હર્ષના આંસુ મારી આંખોમાંથી પડવા લાગ્યાં. મેં મમ્મીનું કામ પૂર્ણ કરી દીધું હતું.



# Chapter - 4

24/3/2009 | 1.S.T. 20.00 | Le merridian hotel, Mumbai

**અન્તર** અતિવિષમ હોય છે...!

“આજથી 17 વરસ પહેલાંની ઘટના છે.” ડીનર પૂરું કરીને અમે ઓપન ટૂ ઍર હોટલની છત ઉપર બેઠાં હતાં. હું, મમ્મી પપ્પાની 17 વરસ જૂની આપવીતીને સાંભળી રહ્યાં હતાં.

“ત્યારે મને જોઈતો હતો પ્રેમ! જૉઈન્ટ ફેમિલી હોવાના કારણે અને હું વચ્ચેનો ભાઈ હોવાના લીધે મારાં ઉપર વિશેષ ધ્યાન કોઈ આપતું નહીં. મારું મારાં ફેમિલી સાથે અંતર વધતું ગયું. એ વાતનો ડંખ મને હંમેશાં રહેતો અને એટલે જ ત્યારે.” બોલતા બોલતા પપ્પાની આંખોમાં શૂન્યતા નજર આવી. પથ્થર દિલ પર મૂકીને બોલતાં હોય એવું લાગ્યું.

"એટલે જ ત્યારે મેં નક્કી કરી લીધેલું કે મારે જૉઈન્ટ ફેમિલીમાં રહેવું નથી. પપ્પા પોતાના ભાઈઓની સેવામાં તત્પર રહેતા અને મમ્મી પોતાનાં ઘરવાળાઓની! જો કે બન્નેને ક્યારેય યશ ન મળ્યો....”પપ્પાનાં મોઢાના હાવભાવો થોડાક શાર્પ થયા.

“હું જોકે ત્યારે જ ઘરમાંથી ભાગી જાત, પણ મારી એક નબળી કડી હતી, એ હતી સારિકા, મારી ગર્લફ્રેન્ડ...હું સારિકાને કોઈ પણ જગ્યાએ છોડીને જઈ શકું એમ નહોતો. અમે બે અભેદ્ય થઈ ગયાં હતાં. અપેક્ષા! મમ્મીએ તને જે એ દિવસે ફોટો બતાવેલોને? એ એ જ હતી..."ચાર દિવસ પહેલાં વીતેલી ઘટના મારી સામે રમવા માંડી.

મમ્મીનો એ ધ્રૂજતો હાથ મારી સામે આવ્યો.મેં મમ્મીની સામે જોયું.એ નીચે જોઈ રહી હતી. મમ્મીનો હોઠ હજી પણ ફાટેલો જ હતો. પણ, હવે એ કાળા જેવો દેખાઈ રહ્યો હતો.મમ્મીના સુરૂપ ચહેરા પર એ કલંક જેવો લાગી રહ્યો હતો.

"17 વર્ષે મેં પહેલીવાર સારિકા સાથે શારીરિક સુખો માણ્યા. કદાચ ત્યારે એ પહેલી રાત અમારા માટે સ્વર્ગનાં સુખોથી પણ વધારે હતી. પછી તો મને એ ખરાબ આદતનું વળગણ લાગી ગયું. કોઈ પણ છોકરી દેખાય, તો એ જ શારીરિક સુખના વિચારો....!!! સમય વીતતો ગયો. હું અને સારિકા વધારે નજીક આવ્યાં. હવે અમે દરરોજ છૂપી રીતે શારીરિક સુખોનો ભોગવટો કરતાં.

પણ, એક દિવસે અમારા ઉપર અણધારી આફત આવી પડી. સારિકા ગર્ભવતી થઈ ગઈ..."પપ્પા બે ક્ષણ માટે થોભી ગયા.

"અમે બન્ને ત્યારે 19 વર્ષનાં હશું. હું અને એ હૉસ્પિટલમાં ગયાં.

"છ વીક પ્રેગનન્સીને થઈ ગયા છે." એવું ડૉક્ટરે કહ્યું. ત્યારે'કૉન્ટ્રાસેપ્ટીવ પિલ્સ.." છેલ્લો શબ્દ સાંભળતાં મારા મગજમાં કોઈક જૂની યાદ તાજી થતી હોય એવું મને લાગ્યું. પણ, તરત જ એ બંધ થઈ ગઈ."

"નહોતી, એટલે ડૉક્ટરને પૈસા ખવડાવીને ઑપરેશન કરાવવું પડ્યું. એના પછી લગભગ 6 મહિના સુધી મેં એને શારીરિક સંબંધ માટે ફોર્સ નહીં કર્યો. પણ એ 6 મહિના મારાં જિંદગીના સૌથી કાળા મહિના સાબિત થયાં કે જેના અંશો અત્યારે પણ મારા જીવનમાંથી દૂર થઈ શક્યા નથી." પપ્પાની આંખોમાંથી એક ટીપું નીચે પડ્યું.

"મારા પર ભોગસુખોનું ગાંડપણ સવાર થયું. મેં ત્યારે છ મહિનામાં અલગ-અલગ 120 સ્ત્રીઓ સાથે રાત પસાર કરી. હું ઘરે લેટ આવતો,પણ કોઈને પણ મારી પડી નહોતી. બે-ત્રણ વાર તો પોલીસના સકંજામાંથી આ કામ કરતાં પકડાતા હું માંડ માંડ બચ્યો. કમાટીપુરાની એવી એકેય હોટલ નહીં હોય, લૉજ નહીં હોય,એરીયા નહીં હોય કે જ્યાં હું સૂતો ન હોઉં"... બે મિનિટ સુધી પપ્પા કાંઈ બોલ્યા નહીં.

"છ મહિના પછી સારિકાએ મને સામેથી વિનંતી કરી. પણ હવે મોટી અને વધારે હોશિયાર વેશ્યાઓ સાથે સૂતા પછી સારિકા સાથે મને મજા નહીં આવી.તો પણ હું ના ન કહી શક્યો અને મારી લાગણી પણ એની

સાથે બહુ હતી. આગળનાં અઢી વર્ષ આ રીતે પસાર થયાં. પછી મારી "ના" ની ઉપરવટ જઈને તારી મમ્મી સાથે મારાં લગ્ન થયાં. સારિકાને મારે છોડવી પડી.એ દિવસ મારાં માટે કાળરાત્રિનો દિવસ હતો."પપ્પાએ મમ્મી તરફ જોયું.

" તારી મમ્મીને સારિકા સાથેના મારાં રિલેશન વિશે કાંઈ પણ ખબર નહોતી. પણ, લગ્નના 6 મહિનામાં જ તારી મમ્મીને બધી ખબર પડી ગઈ. બીજી બાજુ સારિકાનાં લગ્ન થઈ ગયાં. હું અને તારી મમ્મી ત્યારે જૉઈન્ટ ફેમિલીથી અલગ થઈ ગયેલાં. મમ્મી પાસે મારી સાથે રહેવા સિવાયનો કોઈ ઑપ્શન રહ્યો નહીં. સારિકા પોતાનાં લગ્ન પછી પણ ઘરે આવતી. અને ત્યારે અમે બન્ને તારી મમ્મી સામે જ લાગી પડતા... તારી મમ્મીએ જેટલું સહન કર્યું છે ને." પપ્પાનું ગળું રૂંધાઈ ગયું.

"મેં અને તારી મમ્મીએ પણ સંતાન માટે પ્રયાસ કર્યા પણ દર વખતે મારાં તરફથી પ્રયાસ ઓછો પડતો અને મારું શરીર સતત ભોગસુખોના કારણે લેવાઈ ગયેલું હોવાથી અમે સફળ નહીં થયા.મેં તારી મમ્મીને પ્રોમીસ કરેલું કે જે દિવસે અમને બેને સંતાન થશે એ દિવસે હું મારો આ ગોરખધંધો બંધ કરી દઈશ.12 વર્ષ વીતી ગયાં.

રિઝલ્ટ કઈં આવ્યું નહીં, મારી આદત ચાલુ જ રહી. પછી મમ્મીએ બાળક એડોપ્ટ કરવાનો પ્રસ્તાવ મારી સામે મૂક્યો. શરૂઆતમાં મેં સ્વીકાર નહીં કર્યું. પણ છેલ્લે હું પણ માની ગયો.અપેક્ષા! તું અમારા જીવનમાં આવી એ દિવસ મારી જિંદગીનો સૌથી પવિત્ર દિવસ હતો. ત્યાર પછી થોડા દિવસો માટે મેં તારી મમ્મીને આપેલી ધંધો બંધ કરી દેવાની પ્રૉમીસ પાળી, પણ હું પોતાને કંટ્રોલ ન કરી શક્યો.

તને ખબર હશે ને અપેક્ષા! પપ્પાએ મારા તરફ જોયું. "કે હું સેટરડેએ ઘરે નહોતો રહેતો."મેં માથું હલાવીને હા પાડી.

"ચાર દિવસ પહેલાં આ જ વાત માટે મારી તારી મમ્મી સાથે બહેસ થઈ અને હું પોતાને કન્ટ્રોલ નહીં કરી શક્યો. સૉરી પ્રિયલ..." પપ્પા ઉઠ્યા અને બધાનાં જોતાં જ મમ્મીને ગળે લાગી ગયાં. એમની આંખોમાંથી 12 વરસના પશ્ચાત્તાપનાં અશ્રુ પડવા લાગ્યાં. મમ્મી પણ રડી રહી હતી. મારી પણ આંખોથી અશ્રુ ચાલુ થઈ ગયાં.

કેટલાય દિવસો સુધી પપ્પાના એ દિવસના શબ્દો મારાં મગજમાં ગુંજતા રહ્યાં,

“હું ફરીથી નહીં કરું પ્રિયલ!”



# Chapter - 5



1/4/2009 | I.S.T. 10.00 | CCD, BKC

**મેચિંગ** અતિવિષમ હોય છે..!

“તું ડ્રગ્ઝ લે છે?”

“ના... અડતોય નથી..."

“તું દારૂ પીએ છે, હુક્કા મારે છે, સિગારેટ લે છે?”

"ના... આ બધી વસ્તુઓને તો મેં અડી પણ નથી...”

“તારી કોઈ ગર્લફ્રેન્ડ છે?”

“હા...”

“કોણ...?”

“તું....” એ હસ્યો..

“તું મારાં માટે શું કરી શકે?”

“મરવા સિવાય કશું પણ....બધાં કરતાં મને મારી જિંદગી પ્યારી છે.”

“તું મને કેટલો ચાહે છે?”

“મારાં મમ્મી-પપ્પાને છોડીને બાકી બધાં કરતાં વધારે...”

“મેં સાંભળેલું કે તું એકદમ રિલિજીયસ છે. તું રિલિજીયનને મારાં માટે છોડી શકે?”

“મરી જઈશ..પણ છોડીશ નહીં.” ગુસ્સો એના મોઢા પર દેખાયો.

"તો ઠીક છે.કાં તો હું, કાં તો રિલિજીયન...” હું ચેર પાછળ કરીને ઊભી થઈ.

એ મને જોતો ત્યાંને ત્યાં જ બેસી રહ્યો. બ્રાઈટ ચહેરો થોડો ફિક્કો પડી ગયો હતો.પણ એમાં દૃઢતા તો હતી જ.

મારા પ્રશ્નોમાં જ મારી પહેલી ડેટ પૂરી થઈ. હું CCD ની બહાર નીકળી ગઈ. એ ત્યાંને ત્યાં જ બેસી રહ્યો.હું બાજુની ગલીમાં વળી અને એક બિલ્ડિંગમાં જઈને ઊભી રહી.

જૈનમ દસ મિનિટ પછી બહાર નીકળ્યો.એણે આજુબાજુ જોયું. એ મારાં સામેથી પસાર થયો.મેં જતા એવા એનો હાથ પકડ્યો. મને મારો મૅચ મળી ગયો હતો.

“હું તારી સાથે છું જૈનમ!"

અમે બન્ને સાથે ચાલતાં રહ્યાં.



# Chapter - 6

**13/04/2009** **I.S.T. 23.55** K2 Tower, BKC

**ભય** અતિવિષમ હોય છે..!

સુસવાટા મારતાં પવનના અવાજના કારણે મારી ઊંઘ ઊડી.મેં ઘડિયાળમાં જોયું,11.55 PM. હું બૅડ પરથી ઊભી થઈ. બારી ખોલીને બહાર જોયું તો બહાર પવનનો બિલકુલ અવાજ નહોતો આવી રહ્યો.

*'શું છે?'* મનમાં વિચાર ઉઠ્યો . મેં બે દિવસ પહેલાં જ ભૂતની એક પિક્ચર જૈનમ સાથે જોયેલી. એ રાત્રે તો મને બિલકુલ ઊંઘ નહોતી આવી. કદાચ આજે પણ એની અસર હોય તો?

હું રૂમની બહાર ગઈ. હૉલની ડીમ લાઈટ ચાલુ હતી. મેં જોયું કે બાથરૂમની લાઈટ બંધ ચાલુ થઈ રહી હતી. એક અવ્યક્ત ભયે મારાં હૃદય પર કબજો કરી લીધો. હું મારા રૂમ તરફ વળી. મારી સામે જ રૂમનો દરવાજો બંધ થયો. અંદરથી લૉકનો અવાજ આવ્યો. હું દોડીને રૂમ તરફ ગઈ અને એને ખોલવાનો પ્રયત્ન કરવા લાગી. પણ રૂમ ખુલ્યો નહીં.

મેં દોડીને મમ્મીના રૂમને ખટખટાવ્યો. આજે પહેલી વાર હું ઘરે આવી એના પહેલાં મમ્મી-પપ્પા સૂઈ ગયાં હતાં. મને બધું અજુગતું લાગતું હતું. *' મમ્મી-પપ્પા મારાં લેટ આવવાથી નારાજ હતાં?'* એવું મને લાગતું નહોતું કેમ કે મેં મારાં અને જૈનમના રિલેશન વિશેની બધી વાતો મમ્મીને કરી જ દીધી હતી. મમ્મીએ પણ એકદમ ખુશ થઈને મારાં બી.ઍફ. તરીકે જૈનમનો સ્વીકાર કરેલો.

મમ્મીના રૂમમાંથી કોઈ પણ રિસ્પોન્સ આવી નહોતો રહ્યો. અજીબોગરીબ અવાજ કિચનમાંથી આવવા લાગ્યો. મારા દિલની ધડકનો

વધી ગઈ. મેં જોરથી બૂમ પાડી અને દરવાજા તરફ દોડી.ત્યાં જ કોઈકે સાઈડથી એક કાળું કપડું મારાં ઉપર નાખી દીધું.

હું જોર-જોરથી રડવા લાગી. ત્યાં જ બારના ટકોરા પડ્યા અને 'હૅપી બર્થ-ડે'નું ગીત ચાલુ થયું. હું રડતી રહી, પણ ધીમે-ધીમે.... હું સાચે જ બહુ ગભરાઈ ગઈ હતી.

કોઈકે મારાં માથા પરથી કાળું કપડું કાઢ્યું. મેં આજુબાજુ જોયું. ભીની આંખોથી મને આખું ઘર સજાવેલું દેખાયું. પછી એક સાઈડથી કોઈકે મને ગાલ પર કીસ કરી. મેં એ તરફ જોયું, તો મમ્મી હતી. ત્યાં જ બીજી તરફ કોઈકે કીસ કરી. એ બાજુ જોયું, તો પપ્પા હતાં.

“હૅપી બર્થ-ડે, અપેક્ષા....”બન્ને એકસાથે બોલ્યા. મારી આંખમાંથી ભયની જગ્યાએ હર્ષના આંસુ પડવા માંડ્યા. ધીમે ધીમે કરતાં બધાંએ મને વિશ કર્યું.

છેલ્લે બધાંએ ભેગાં થઈને મારો બર્થ-ડે મનાવ્યો.પણ મારી આંખો એક વ્યક્તિ માટે તલસતી રહી. એ મને ક્યાંય દેખાયો નહીં.

2 કલાક પાર્ટી ચાલી, પછી મમ્મી-પપ્પા અને મિત્રોએ ફરી'સૉરી અને ગુડ નાઈટ' કહીં મારી વિદાય લીધી. કોણ જાણે કેમ પણ મને મારી પાર્ટીમાં એટલો આનંદ નહોતો આવ્યો.મને કારણની ખબર હતી. મેં વિચાર્યું, *“જૈનમ ભૂલી ગયો હશે.”*

હું રૂમમાં ગઈ. રૂમનો દરવાજો મેં બંધ કર્યો. રૂમની લાઈટ બંધ હતી. હું બૅડ પર સૂવાનો પ્રયત્ન કરવા લાગી. ઊંઘ આવી નહીં. વારંવાર જૈનમ જ સામે આવતો રહ્યો. હું ઊઠી. મમ્મી-પપ્પાનો અવાજ બહારથી આવી રહ્યો હતો. મેં એમની સાથે ટાઈમપાસ કરવાનું નક્કી કર્યું.

હું બૅડ પરથી ઊભી થઈ. મેં ઘરમાં પહેરવાના સ્લીપર્સ પહેર્યા. ત્યાં જ કોઈ કે મને બૅડ પર ખેંચી. એકદમ પાસે આવીને એ વ્યક્તિએ મને કાનમાં “હૅપી બર્થ-ડે...”કહ્યું. મેં અવાજને ઓળખી લીધો. હું જેની રાહ જોતી હતી એ મારી પાસે જ હતો.

હું આનંદથી ગાંડી થઈ ગઈ.



# Chapter - 7



**18/5/2009** **I.S.T. 10.00** Burj-Al-Arab, Dubai

**સ્મરણો** અતિવિષમ હોય છે...!

ચારે બાજુ પીળું-પીળું દેખાઈ રહ્યું હતું. જ્યાં જુઓ ત્યાં સોનું જ સોનું... અમે સોનાની નગરી દુબઈમાં ગરમીથી લડવા આઈસ્ક્રીમ ખાઈ રહ્યાં હતાં.

10 ડેઝ-11 નાઈટ્સની ટૂરમાં અમે દુબઈ ફરવા માટે આવ્યાં હતાં.ઍક્ઝામ બહુ સારી રીતે ગઈ હતી અને કદાચ આખા ક્લાસમાં ફર્સ્ટ આવું એની પૂર્ણ શક્યતા હતી. ઍક્ઝામના છેલ્લા દિવસે જ્યારે ઍક્ઝામ આપીને હું ઘરે આવેલી ત્યારે પપ્પાએ મારા હાથમાં એક ઍન્વલપ મુકેલું.

“અંદર જઈને જોજે!” કહીને પપ્પા ઑફિસ માટે પોતાની હૉન્ડા સીટીમાં નીકળી ગયેલાં.આજે બપોરે પપ્પા ઘરે કેમ હતાં એ મને સમજાયું નહોતું.

મેં રૂમમાં જઈને કવર ખોલેલું. મારાં નવાં નામથી એમાં પાસપોર્ટ અને વિઝા હતાં. **'અપેક્ષા પ્રમોદ સક્સેના'** વિઝા ઉપર મોટાં અક્ષરોમાં લખેલું હતું.મેં વિઝા ખોલીને જોયેલું. એમાં હજી એક કડક પેપર હતું. મેં પેપરને સીધું કરેલું. એ પેપરમાં એરલાઈન્સની ટીકીટો હતી.મેં ડેસ્ટીનેશનના સ્થળે જોયેલું - **દુબઈ**..

હું હર્ષથી ડાન્સ કરવા લાગેલી.

સાંજે મમ્મી ઘરે આવતાં જ મેં એ ટીકીટો મમ્મીને બતાડેલી. મમ્મી પણ આશ્ચર્ય પામેલી.

“છેલ્લા 11 વર્ષથી તારા પપ્પા મને ક્યાંય લઈ ગયાં નથી... તું

મારાં માટે લક્કી છે. તારા આવ્યાં પછી મારાં જીવનમાં બધું ગજબનું થઈ રહ્યું છે." મમ્મી મને ભેટી પડેલી.

પછી આગળના દિવસો મમ્મી અને મારા માટેની ખરીદીમાં જ પૂરા થયાં હતાં.મમ્મી અને મેં દુબઈ ની ગરમીમાં ચાલે એવાં ટૂંકા કપડાં લીધેલાં.

જૈનમ પણ મારાં જવાની વાત સાંભળીને થોડોક ખુશ અને થોડોક દુઃખી થયેલો. અમે બન્નેએ રાત્રે વાત કરવાનું નક્કી કર્યું હતું.

"ચલ અપેક્ષા, તારા માટે આ નૅકલેસ ખરીદીએ?"

પપ્પાના અવાજથી હું દુબઈમાં છું એનો મને ખ્યાલ આવ્યો.

"હા,ચાલો પપ્પા..."કહીને અમે દુકાનમાં ધૂસ્યાં.

દુકાનમાં પ્રવેશતાં જ એક સેલ્સમૅન પર મારી નજર પડી.

"પપ્પા! મને સારૂં લાગતું નથી. ઊલટી જેવું થાય છે. આપણે પછી આવીએ તો ચાલશે?" મેં પપ્પાને પૂછ્યું.મારી તકલીફ જોઈને પપ્પાએ હા પાડી.

અમે બધાં બહાર નીકળી ગયાં.મેં રાહતનો શ્વાસ લીધો. મારાં ભૂતકાળના ભૂતને મેં પાછળ છોડ્યાનો મને આનંદ થયો.

"કોણ હતો એ?"થોડા આગળ ગયાં પછી મમ્મીએ મને પૂછ્યું. મમ્મીને હકીકત ખબર પડી ગઈ હતી. "મારો નહીં જેવો ભાઈ."મેં ઉત્તર વાળ્યો.



# Chapter - 8

20/3/2010 I.S.T. 19.30 K2 Towers, BKC

**આકર્ષણ** અતિવિષમ હોય છે!

"બાય મમ્મી ! કાલે સવારે મળીશ. સારી રીતે મારા વગર રાત પસાર કરજો....ઝઘડતા નહીં હોં." મમ્મીને ગાલ પર કીસ આપીને નીચે હૉર્ન વગાડી રહેલા જૈનમને **"બંધ કર. હું આવું છું."** મૅસેજ મોકલી હું મારી બૅગ લઈને લીફ્ટમાં નીચે જવા લાગી.

આજે અમે 7 મિત્રો જૈનમના ઘરે નાઈટ આઉટ કરવાના હતાં. જૈનમના મમ્મી-પપ્પા આઉટ ઑફ ટાઉન હતાં અને એટલે જ અમે એનું ઘર નક્કી કરેલું. મમ્મી-પપ્પાને મનાવવામાં મને 2 કલાક લાગેલા, પણ આખરે તેઓ માની ગયાં હતાં.

લીફ્ટમાં 4,3,2,1 ફ્લોર દેખાયાં અને દરવાજો ખૂલ્યો. હું બહાર નીકળી. સામે જૈનમ પોતાની પલ્સર લઈને ઊભો હતો.એના 17 વર્ષ પૂરા થયાં હતાં અને એટલે જ એના પપ્પાએ એને બાઈક ગિફ્ટમાં આપેલી.

"તું આજે પરી જેવી લાગે છે." મને જોતાં જૈનમે કહ્યું. ઘણા દિવસો પછી મેં દુબઈથી લાવેલી નાઈટ ડ્રેસ પહેરેલી. હું જૈનમ પાછળ બેઠી.એણે ફુલ સ્પીડમાં બાઈક ભગાવી.

15 મિનિટમાં અમે BKC ના જ બીજા કૉમ્પ્લેક્સમાં પહોંચ્યા. સામે 50 માળની મોટી બિલ્ડિંગ દેખાઈ. જૈનમે એક સ્પેશિયલ ગેરેજમાં પોતાની બાઈક પાર્ક કરી. હું બાઈક પરથી નીચે ઉતરી. સામે બીજા મિત્રો ઊભા જ હતાં. "હે! અપેક્ષા! તું કેમ છે? તું ફટાકેદાર લાગી રહી છે..."કામિનીએ મારું સ્વાગત કર્યું.

"થેન્કયુ...."

બાકી બધાએ પણ 'હાય' કર્યું. કામિની અને હું વાતો કરવા લાગી ગયાં.

"તને ખબર છે...."

"ઓ.કે.ઓ.કે.ઓ.કે... મારું ઘર છે... ચાલો ત્યાં જઈને તમને જે કરવું હોય તે કરજો..."કહીને જૈનમ મને હાથ પકડીને ત્યાંથી ચલાવવા માંડ્યો.બાકી 5 જણા પણ અમને અનુસર્યા.

બિલ્ડિંગના સ્ટ્રકચરથી બિલ્ડિંગ નવું અને હાઈ-ક્લાસ લોકો માટે બનાવેલું હોય એવું લાગતું હતું. જૈનમ ક્યારેય પણ દેખાડો નહોતો કરતો, એટલે જૈનમ આટલો સુખી હશે એવું મને લાગ્યું નહોતું.

અમે લીફ્ટમાં ચઢ્યા. જૈનમે '31st ફ્લોર' મોઢાથી કહ્યું અને અમે બધાના આશ્ચર્ય વચ્ચે જાણે કે લીફ્ટ જૈનમનો આદેશ માનતી હોય, એ રીતે ઉપર જવા લાગી.

31st ફ્લોર આવતાં અમે લીફ્ટથી બહાર આવ્યાં. સામે એક મોટાં દરવાજાવાળું ઘર દેખાયું.એનો દેખાવ સુપર્બ હતો.એ દરવાજાના ઉપર માછલી, કળશ, સ્વસ્તિક વગેરે વસ્તુઓ માર્બલમાં કોતરવામાં આવી હતી.

*"ક્યાં જોયું છે મેં આને?"* હું પોતાના મગજમાં શોધતી રહી, પણ કંઈપણ સૂઝ્યું નહીં. જૈનમે દરવાજા પાસે જઈને એક બટન દબાવ્યું અને બાજુમાં રહેલાં સ્પીકરમાં "જૈનમ" બોલ્યો. દરવાજો ખૂલી ગયો અને સ્પીકરમાંથી ફરીવાર અવાજ આવ્યો.

"વેલકમ માસ્ટર જૈનમ!"

મને આ બધી વસ્તુઓ જોઈને નવાઈ થઈ અને સહુથી વધારે નવાઈ મને જૈનમની સિમ્પ્લીસીટી પર થઈ. મુંબઈમાં ફ્લૅટ લેવો એ જ એક પડકાર સ્વરૂપ છે અને એમાં પણ આવો... અશક્ય... જૈનમ પાસે કેટલા પૈસા હશે એ એનાંથી જણાઈ જ આવતું હતું.

"જૈનમ! આ શું છે?"

"કંઈ નહીં... આ અમારો દરવાજાનો રોબોટ છે... એ આ જ રીતે કોઈ પણ ઘરની વ્યક્તિઓનું સ્વાગત કરે છે. તું એના કેમેરાના એરિયા માં આવી નથી, નહીં તો એ તારું પણ નામ લેત...મેં તારો ફોટો એનામાં ફીડ કરેલો છે. જો તો ખરી.."

હું દરવાજાના કેમેરાના એરિયામાં આવી.

"વેલકમ ગર્લફ્રેન્ડ ઑફ માસ્ટર જૈનમ,ડીયર અપેક્ષા...."મારાં બધાં મિત્રો હસવા લાગ્યાં.

અમે બધાં ઘરમાં પ્રવેશ્યાં. ઘર એકદમ હાઈ ફર્નિચરવાળું હતું. કોઈક મૂવીનો સેટ ન જોતી હોઉં એવું મને લાગતું હતું.

*"શું જોરદાર બૉયફ્રેન્ડ આપ્યો છે.."* મેં ભગવાનનો પાડ માન્યો.

"તો..બે મિનિટ તમે અહીંયાં જ નાસ્તો એન્જોય કરો... હું આવું છું..."જૈનમ ત્યાંથી નીકળી ગયો. હું આજુબાજુ બધી વસ્તુ જોતી રહી. બધાં ડાઈનીંગ ટેબલ પર પડેલા પાસ્તા ખાવામાં મશગૂલ થઈ ગયાં.

કોઈ મને બોલાવતું હોય એવું મને આ ઘરમાં પ્રવેશતાં જ લાગતું હતું.

"Sshh....sshh..."અવાજ આવ્યો,મેં જોયું.જૈનમ એક રૂમમાંથી બોલાવી રહ્યો હતો.

બીજા ફ્રેન્ડને ખબર ન પડે એ રીતે હું ત્યાંથી સરકી ગઈ. મેં રૂમમાં પ્રવેશ કર્યો.

જૈનમનો આ આર્ટ રૂમ હતો. લગભગ 1000 sq ft.જેટલો મોટો હતો.

"ચલ..." જૈનમે મારાં કાન પાસે આવીને કહ્યું. મેં એનો હાથ પકડ્યો.પછી જૈનમ મને પોતાની કરેલી અલગ-અલગ પેઈન્ટિંગ કે જે દીવાલો ઉપર ફ્રેમ કરવામાં આવેલી એ બતાવતો ગયો.

જૈનમને પેઈન્ટિંગનો શોખ હતો એનો મને ખ્યાલ હતો, પણ એ આટલો સારો પેઈન્ટર હતો એ તો મને અત્યારે જ ખબર પડેલી. દરેક પેઈન્ટિંગ જોતાં મારાં મોઢાંમાંથી **'WOW WONDERFUL'** શબ્દો નીકળતા હતાં. છેલ્લે અમે રૂમના કૉર્નરમાં ગયાં. ત્યાં એક પડદો લગાવવામાં આવેલો.

"અને આ મારો માસ્ટરપીસ છે... મને આ બનાવતાં એક વરસ ઉપર થયું છે. મને આશા છે કે તને ગમશે." કહીને જૈનમે એક બટન દબાવ્યું. પડદો આપોઆપ દૂર થઈ ગયો.

સામે ડાયરેક્ટ ભીંત ઉપર જ એક અદ્ભુત આકૃતિ દોરવામાં આવી હતી.એ આકૃતિ જાણે કે ગૌતમ બુદ્ધની પ્રશાંત મૂર્તિ હોય એવી લાગી રહી હતી.અતૂટ શાંતતા એમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવી હતી.

પાંચ મિનિટ સુધી અમારા બેમાંથી એકેય કંઈપણ બોલ્યું નહીં.

અનિમેષ નયને અમે શાંતતાનો અનૂઠો રસ પીતાં જ રહ્યાં.એક ગજબનું આકર્ષણ એ આકૃતિમાં વણેલું હતું.

"આ કોણ છે?" અનાયાસે મારાં મોઢેથી વાચા ફૂટી.

જૈનમે મારા તરફ જોયું. એની  આંખોમાં પાણી દેખાઈ રહ્યું હતું.



# Chapter - 9

23/3/2010 I.S.T. 1.00 K2 Towers, BKC

**શાંતતા** અતિવિષમ હોય છે.... !

***"ચારે બાજુ ખંડેરો જ ખંડેરો પથરાયેલાં છે. મને બહુ તરસ લાગેલી છે. આગળ જળ દેખાય છે, એ સ્થાનની નજીક જાઉં છું ત્યારે જળ ઓઝલ થઈ જાય છે.***

***ચાલી ચાલીને મારાં પગ થાકી ગયાં છે. હું હવે આગળ જવા માટે શક્તિમાન નથી. "હવે નહીં ચલાય... મારે નથી જવું સુવર્ણનગરીમાં." હું પોતાને જ કહું છું.***

***"જવું પડશે... ચલ ઊઠ...."એક ઘેરો અવાજ ક્યાંકથી આવે છે. હું આગળ-પાછળ જોઉં છું. કોઈ દેખાતું નથી. મારામાં ડરનો પ્રવેશ થાય છે.***

***હું આગળ દોડવા લાગું છું. પાછળ કોઈ મારો પીછો કરે છે એવા પગના અવાજો સંભળાઈ રહ્યાં છે. હું દોડતી જ રહું છું... દોડતી જ રહું છું..***

***સામે તળાવ દેખાય છે. પાણીથી છલોછલ એ છે. પગના અવાજથી બચવા માટે અને તરસના કારણે મને એમાં કૂદી જવાની ઈચ્છા થાય છે. હું જોરથી ડૂબકી લગાવું છું. પાણી ઉંડે છે અને હું તળાવમાં અંદર સુધી જઈને તળાવની સપાટી પર આવું છું.પાણી બહુ મીઠું છે. હું પાણી પીવાની શરૂઆત કરૂ છું.***

***ત્યાં જ અચાનક કોઈ મારો પગ નીચેથી પકડે છે. ભયંકર વેદના થાય છે. હું જોર-જોરથી બૂમો પાડવા માંડુ છું. "બચાવો...બચાવો..."***

"અપેક્ષા...અપેક્ષા...."

***" મને તળાવમાં ઉપર એક સફેદ પક્ષી દેખાય છે. પગમાં ભયંકર વેદનામાં પણ એક ક્ષણ માટે મને હૃદયમાં અનેરી ઠંડક અનુભવાય છે. એ મારા તરફ આવતું હોય એવું લાગે છે.. પણ નીચે મારો પગ ખેંચનાર પ્રાણી બહુ બલવાન હોય એવું લાગે છે. હું બૂમો પાડું છું.***

***"બચાવો...બચાવો..."***

"અપેક્ષા....અપેક્ષા... ઊઠ....આમ કેમ બૂમો પાડે છે, અપેક્ષા!"

મારી આંખો ખૂલી....મારાં આખાં શરીર પર પરસેવાના ટીપાં બાઝેલાં દેખાયાં.

"શું થયું અપેક્ષા?...તું કેમ બૂમો પાડી રહી હતી? શું ખરાબ સ્વપ્ન આવ્યું?" પપ્પા મારાં હાથને ઝકઝોરી રહ્યાં હતાં. મને મારું સ્વપ્ન યાદ આવ્યું. હું મુશ્કેલીથી બેઠી થઈ.

"જ્યારથી તું જૈનમના ઘરેથી નાઈટ-આઉટ કરીને આવી છે, એ દિવસથી જ તું એકદમ ગુમસુમ રહે છે. શું થયું છે તને?" પપ્પાએ મારી સામે ચિંતાના ભાવ સાથે જોઈને પૂછ્યું.

મારી સામે 'શાસનદ્રષ્ટા' ની પેઈન્ટિંગ આવી. રાત્રે સૂતાં પહેલાં અને સવારે ઉઠ્યા બાદ સૌથી પહેલાં મને એ જ પેઈન્ટિંગ દેખાતી. એ પેઈન્ટિંગ જોયા પછી હું આ દુનિયાથી કંઈક અલગ હોઉ, એવું મને લાગવા માંડ્યું હતું. એક અકથ્ય અવર્ણનીય સંગીત મારી રગેરગમાં મને સંભળાઈ રહ્યું હતું.અત્યારે પણ એ મધુર સંગીતના થોડા મંદ મંદ સ્વરો મને સંભળાઈ રહ્યાં હતાં.

"અપેક્ષા! તું ક્યાં છે?"પપ્પાએ ફરી પૂછ્યું. પેઈન્ટિંગ ઓઝલ થઈ ગઈ.

"હાં પપ્પા! કહો?" પોતાનામાં આવતાં મેં કહ્યું.

"હાં, હવે તું કંઈક બરાબર વાત કરે છે. બોલ તને શું થયું છે?"

"કંઈ નહીં પપ્પા!" મારાં અંતરની વાતને છુપાવતાં મેં કહ્યું.

"બેટા! જે હોય તે કહી દે..." મમ્મીએ મારાં છૂપાવવાના ભાવને પકડતાં કહ્યું."અને બીજું, તું આટલી શાંત કેમ થઈ ગઈ?.... તારી ધમધમતી એનર્જી ક્યાં ગઈ?"


"સાચું કહુને મમ્મી... તો..." હું અટકી.

"બોલ બેટા! બોલ..." મમ્મીએ બોલવા માટે દબાણ કર્યું. મમ્મીની આંખોમાં મેં જોયું.

"મારે શાસનદ્રષ્ટા ને જોવા છે..."મારાં મોઢામાંથી શબ્દો સર્યા.



# Chapter - 10





**12/5/2010** **I.S.T. 10.00** Pali, Rajasthan

**મેળાપ** અતિવિષમ હોય છે.....!

પાલીની સખત ગરમી ચામડીને દઝાડી રહી હતી. શાસનદ્રષ્ટાને મળવા અમે ત્રણ + જૈનમ અહીં આવેલા. મનમાં એક અનેરો ઉત્સાહ હતો શાસનદ્રષ્ટાને મળવાનો....

એક 52 શિખરવાળાં મંદિરમાં અમે પ્રવેશ્યા. મને જૈનમંદિરમાં ગયાંને અઢી વરસ ઉપર થઈ ગયાં હતાં. એમ પણ હું જ્યારે મંદિરમાં જતી, ત્યારે મને શું કરવું એ ખબર નહોતી.

અને ક્રિશ્ચિયન થયાં પછી તો જૈનધર્મ પરથી મારી આસ્થા તૂટી ગઈ હતી.

પણ,આજે જૈનમના કહેવાથી એના સંતોષ માટે હું મંદિરમાં ગઈ.સામે ભગવાનની મૂર્તિ અતિ આકર્ષક હતી.જૈનમ જેમ કરતો ગયો તેમ હું કરતી ગઈ,નવકાર મંત્ર પણ ભૂલાઈ ગયેલો. હું જૈન છું એ વાત મેં જૈનમ સાથે શેર નહોતી કરી. મારાં ભૂતકાળ પર મેં પડદો જ રાખેલો હતો.જૈનમ અને મારી મિત્રતા તૂટે એવું એક પણ રિસ્ક હું લઈ શકું એમ નહોતી.

*'જૈનમને કોઈક રીતે ખબર પડશે તો?'* મારા મનમાં વિચાર ઉઠ્યો , પણ ભગવાનની મૂર્તિ જોતાં એ વિચાર શમી ગયો. ભગવાન મારાં ઉપર હસતા હોય એવું મને લાગ્યું.

' ટેન્શન ન લે.તારા બધા પ્રૉબ્લેમ હું દૂર કરી દઈશ....'એવું બોલતા હોય એવો આભાસ મને થયો.મેં મારાં તેજવંતા વિચારો પર ધૂળ નાખી.મન શાંત થઈ ગયું. શાસનદ્રષ્ટા મનમાં પ્રતિબિંબિત થયા.

મંદિરથી અમે બહાર નીકળેલાં.મમ્મી-પપ્પા અને હું વગર હાથ જોડે જ મંદિરને નિહાળવામાં જ મગ્ન હતાં.

"પ્લીઝ! આ બાજુ ચાલો..." જૈનમે વિનંતી કરી.

અમે એ તરફ વળ્યા.સામે એક 4 માળ નું બિલ્ડિંગ દેખાઈ રહ્યું હતું.એના ઉપર **'પાલી આરાધના ભવન'** કોતરવામાં આવ્યું હતું. બેમાંથી એક ગેટ ખુલ્લો હતો.

ઘણા બધા લોકો હૉલમાં બેસીને કોઈકને સાંભળતા હોય એવું બહારથી દેખાયું. દરવાજાની અંદર અમે પ્રવેશ કર્યો.

સામે એક મોટાં સ્ટૅન્ડ પર સફેદ કપડાંમાં સજ્જ એક વ્યક્તિ બધાં લોકોને ઉપદેશ આપી રહી હતી.

"અહીંયાં બેસી જાઓ... ડિસ્ટર્બ ન કરતા..." જૈનમે અમને ઈશારો કરતાં કહ્યું. અમે જ્યાં જગ્યા મળી, ત્યાં બેસી ગયાં.આગળની જગ્યાઓ આટલા દૂરથી દેખાતી ન હતી. મેં મોબાઈલ કાઢ્યો.

જૈનમને હું ટૅક્સ્ટ કરવા લાગી.

"આપણે શાસનદ્રષ્ટા ને ક્યારે મળશું? હું અહીયાં ભાષણ સાંભ-ળવા નથી આવી, પણ મળવા આવી છું."

"સ્વીટહાર્ટ થોડો સમય રાહ જો.. કદાચ ૧૫ મિનિટ પછી તને તારો ગોલ મળી જશે... સૉરી..."

જૈનમનો ટૅક્સ્ટ મેં જોયો. હું મારા મોબાઈલમાં ગેમ રમવા માંડી. એમ પણ મને ભાષણોમાં કોઈ ઈન્ટરસ્ટ ન હતો. મમ્મી-પપ્પા હિન્દીમાં મધુર ભાષામાં બોલી રહેલા સફેદ કપડાવાળીને સાંભળી રહ્યાં હતાં. એમનાં મોઢાં પર અજબ ભાવો હતા.

15 મિનિટ પૂરી થઈ.'**સર્વમંગલ**' જેવું કંઈક બોલીને બધાં ઊઠ્યા..

જૈનમ મારી પાસે આવ્યો.

"ચલ, હવે હું તને શાસનદ્રષ્ટાને મળાવું છું."

હું અને મમ્મી-પપ્પા એના પાછળ ચાલવા લાગ્યાં. એ બે ફ્લોર ઉપર ચઢ્યો. લીફ્ટની આદત હોવાથી અમે થાકી ગયાં. જૈનમ અને અમે એક મોટા હૉલમાં પ્રવેશ્યાં. ત્યાં સફેદ કપડાવાળા ઘણાં બધાં વ્યક્તિઓ ભણવામાં, મેડીટેશનમાં લીન હતાં.

જૈનમે મારી પાછળ આવી એક જગ્યા તરફ ઈશારો કર્યો. મેં એ તરફ જોયું.10-12 જણ એક સફેદ કપડાવાળી વ્યક્તિ પાસે ભણી રહ્યાં હતાં.

“અપેક્ષા... શાસનદ્રષ્ટા એ રહ્યાં...”જૈનમે શાંતતાપૂર્ણ અવાજમાં કહ્યું.

મારી નજર એમનાં મોઢાં પર ગઈ.

હું ક્લીન બોલ્ડ થઈ ગઈ.



# Chapter - 11

12/5/2010 I.S.T. 12.30 Pali, Rajasthan

**કન્વરસેશન** અતિવિષમ હોય છે..!

મીસરીમાવો અને પાલી-આ શબ્દો પર્યાયવાચી જેવા છે.પાલી આવીને કોઈ માવો ન ખાય એ અશક્ય પ્રાયઃ જેવું છે. અત્યારે અમે પણ એ જ વસ્તુને જયન્ત મીઠાઈ ભંડારમાં આરોગી રહ્યાં હતાં.બે રાઉન્ડ પાણી-પૂરીના પૂરા કરીને હવે અમે ડેઝર્ટની જગ્યાએ માવો ખાઈ રહ્યાં હતાં.

પણ મારો મૂડ આજે ખાવામાં ન હતો. ઘણીવાર આજે એવું થયું હતું કે લાંબા કાળ સુધી મારા હાથમાં પૂરી રહી અને એ ગળીને નીચે પડી ગઈ, ત્યારે મારું ધ્યાન ફરી ખાવા પર આવ્યું. શાસનદ્રષ્ટાનો જાદુ ગજબનો હતો.

"શાસનદ્રષ્ટા..."

પેઈન્ટિંગ વાળા સાધ્વીજી... ઈંગ્લિશમાં જેમને નન કહેવાય. "જૈનધર્મના સંન્યાસને સ્વીકારી ઉચ્ચસ્તરે પહોંચેલા એક સર્વોચ્ચ આત્મા!" આ રીતે જ મને જૈનમે સમજાવેલું..

સાચે જ એમનું આકર્ષણ ગજબનું હતું. જૈનમના બતાવ્યા પછી હું સાધ્વીજી ને 5 મિનિટ સુધી એમ ને એમ જોતી જ રહી હતી. એમનાં મોઢાં પર પોતાના સાથીદારોને ભણાવતી વખતે પણ એક ગજબ શાંતતા હતી.

જૈનમે બતાવેલું પેઈન્ટિંગ એમને જોયા પછી સાવ ફીક્કું લાગી રહ્યું હતું. સાચે જ બૉલિવુડની બધી ટૉપ એક્ટ્રેસીસને પણ ભેગી કરી દો, તો પણ શાસનદ્રષ્ટાશ્રીજીનાં રૂપ સામે એ બધી કોલસા જેવી હતી. સ્વર્ગની

અપ્સરા એમની ચરણની કિંકરી જેવી લાગતી હતી.

"અત્યારે સાધ્વીજી ભણાવી રહ્યા છે. એટલે એમને ડિસ્ટર્બ કરવા ઉચિત નથી લાગતું...." જૈનમે મને કહેલું. તો પણ, મને એમના પાસેથી હટવાનું મન નહોતું થયું. હું ત્યાં જ જેમ ચર્ચમાં બેસતી એમ બેસી ગઈ હતી.

"બહેન!" પાંચ મિનિટ પછી મધુર અવાજ સંભળાયેલો. ઉન્મત્ત હાથીને પણ શાંત કરી દે એવો મીઠાશ ભરપૂર અવાજ એમનો હતો. અમે બધાં ઊઠીને એમની પાસે ગયેલાં.

"જૈનમ ! તું અહીંયાં? કેમ? આત્મા સારો તો છે ને?" છેલ્લું વાક્ય હું સમજેલી નહીં, પણ જૈનમ બધું સમજી ગયો હતો.એણે એકદમ સૉફ્ટ અવાજે સાધ્વીજીને બધું કહી દીધેલું.

"અનુકૂળતા હોય, તો 1.30 વાગે આવજો હો... ત્યારે તમને જરૂર હું મળીશ." મારી સામે શાસનદ્રષ્ટાશ્રીજીએ કહેલું.અનાયાસે મારાં મોઢાંમાંથી ખબર નહીં ક્યાંથી "હાં જી" એવું નીકળેલું...

જૈનમે અજબ દૃષ્ટિથી મારી સામે જોયેલું.

બિલ્ડિંગની બહાર આવતી વખતે જૈનમે મને પૂછેલું.

"તું ક્યાંથી 'હાં જી' આ શબ્દ શીખી?"

મેં એની સામે જોયા વગર મારાં ખભા ઉપર કરેલા. પછી અમે પેટપૂજા કરવા ગયેલાં.

મેં ઘડિયાળમાં જોયું.1.00 વાગ્યો હતો.

"અહીંયાં જોવા જેવું શું છે જૈનમ?" મેં જૈનમને પૂછ્યું.

"અહીંયાં જોવા જેવું કંઈ નથી.પણ ખાવા જેવું ઘણું બધું છે, કે જે તું બરાબર કરતી નથી." હું હસી.શાસનદ્રષ્ટાશ્રીજીને મળ્યા પછી મારી બધી પ્રક્રિયાઓમાં શાંતતા આવેલી હોય એવું મને લાગ્યું. અડધો કલાક મહામુશ્કેલીએ પસાર થયો.

1.30 વાગે શાર્પ અમે ભવનમાં પહોંચી ગયાં. સવારે જ્યાં જોયેલા, ત્યાં જ શાસનદ્રષ્ટાશ્રીજી આંખ બંધ કરીને બેઠેલા. મેં મારો મોબાઈલ કાઢીને એમનો ફોટો લીધો. લાંબા સમય સુધી આ જ ફોટો મારી જીવનદોરી બની રહેવાનો હતો.

"મત્થએણ વંદામિ", જૈનમે પાસે જઈને કહ્યું. શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાની કમળ જેવી આંખો ખોલી. જૈનમે મને ઈશારો કર્યો અને હું

શાસનદ્રષ્ટાશ્રીજીની પાસે જઈને બેઠી. મમ્મી-પપ્પા જૈનમ સાથે બેઠાં.

"તમારાં જીવનનું લક્ષ્ય શું છે?" જાદુઈ ભાષામાં સાધ્વીજીએ પૂછ્યું.એક ક્ષણ તો મારા મોમાંથી શબ્દો જ નીકળ્યા નહીં.

"ખબર નહીં." મેં કહ્યું. સાધ્વીજીના મોઢા પર નિરાંતનો ભાવ છવાયો.એમનાં મોઢાં પર સૌમ્ય સ્મિત તરી આવ્યું.

"સારું છે. મને તમારી સાથે વાત કરવી સહેલી પડશે." આટલું કહીને 3 કલાક સુધી શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાની મધુર ભાષામાં મને સમજાવ્યું. જીવનના બધાં જ પ્રશ્નો નો હલ મળી જાય એવા પ્રિન્સિપલ્સ એમણે મને આપ્યા.

વિદાય વેળા આવી. અમારી ફ્લાઈટ 9 વાગ્યાની હતી. અમારે અત્યારે નીકળવું જરૂરી હતું. રડતી આંખે હું ઊભી થઈ.એમનો ચરણસ્પર્શ મેં કર્યો.

"રડ નહીં..." સાધ્વીજીએ કહ્યું... "અમે 6 મહિના પછી અહીંથી મુંબઈ આવવાના જ છીએ...."

આ સમાચારની ખુશીમાં સાધ્વીજી સામે જ હું જઈને જૈનમને ગળે લાગી ગઈ. સાધ્વીજી હસતાં રહ્યાં.



# Chapter - 12

15/8/2010 I.S.T. 21.00 Church Gate, Mumbai

**અટૅક** અતિવિષમ હોય છે...!

"બાય જૈનમ!" હું જૈનમને ગળે લાગી.

"બાય અપેક્ષા! આપણે કાલે મળીશું.સેફ જરની...."

હું 9.00 વાગ્યાની લોકલમાં બી.કે.સી. જવા માટે ચર્ચગેટથી ચઢી. લેડીઝ કમ્પાર્ટમેન્ટમાં જઈને હું બેસી. મારો મોબાઈલ કાઢી દિવસમાં આવેલા મૅસેજો હું જોવા લાગી. જૈનમે પોતાનો એક નાનપણનો ફોટો ફેસબુક પર પોસ્ટ કરેલો. મેં એને લાઈક કર્યો.

આજે હું અને જૈનમ એક સ્પેશિયલ કાર્ય માટે ચર્ચગેટ આવેલાં હતાં. કાલે મારે ફરી ચર્ચગેટ જવાનું હતું. જૈનમ ચર્ચગેટમાં જ પોતાની માસીના ઘરે રોકાવાનો હતો અને એટલે જ હું આજે એકલી હતી.સવારે પપ્પાને આ વાત કહેતાં, એમને ગમ્યું ન હોતું. પણ મારી જિધ સામે **'ટ્રાવેલ સેફ'** ની શુભેચ્છા આપીને એમણે અંતે રજા આપી દીધી હતી.

ટ્રેનનાં સ્પીકરમાં 'બાન્દ્રા' કહ્યું, અને મારું ધ્યાન મોબાઈલમાંથી બહાર આવ્યું. હું ટ્રેનના દરવાજાના ત્યાં કાનમાં હૅડફોન નાંખી ઊભી રહી.**"થ્રી ઈડિયટ્સ"** નું 'જાને નહીં દેંગે તુઝે...'ગીત વાગી રહ્યું હતું.

સ્ટેશન આવતાં હું નીચે ઉતરી. સ્ટેશન ઉપર ભીડ હતી. હું મારો રસ્તો બનાવતાં બનાવતાં સ્ટેશનથી બહાર આવી. ટૅક્સીની મેં રાહ જોઈ. કોઈ ટૅક્સી મારું ઘર સ્ટેશનથી પાસે હોવાના લીધે આવવા તૈયાર થઈ નહીં. મેં ચાલીને ઘરે પહોંચવાનું નક્કી કર્યું અને હું ચાલવા લાગી.

એક મિનિટ હું ચાલી અને સ્લમ્સ એરિયા આવ્યો. ત્યાંની સ્ટ્રીટ લાઈટ બંધ-ચાલુ થઈ રહી હતી. મને ત્યાંથી પસાર થવામાં થોડો ડર લાગ્યો, તો પણ મારી હિંમતને એકજુટ કરી હું ચાલવા લાગી. એક સાંકળી ગલીમાં હું ઘૂસી.હું ઝડપી વેગે ચાલી રહી હતી.

પાછળથી કોઈકે સીટી મારી. આ એરિયાની રેપ્યુટેશન બહુ ખરાબ હતી. હું સીટીને ગણકાર્યા વગર જ આગળ વધી. ફરી બે-ત્રણ સીટીઓના અવાજ આવ્યાં. મેં પાછળ જોયું. અલગ-અલગ જગ્યાઓથી 5-6 મવાલી લઘરવઘર છોકરાંઓ બહાર આવ્યાં અને મારી તરફ આગળ વધવા લાગ્યાં.

"આતી હૈ ક્યા નૌ સે બારા..." એક મુખ્ય જેવા લાગતા ગંદા છોકરાએ કહ્યું.

"તમીઝ સે બાત કર." મેં કહ્યું.

"આ આઈટમ આપણને તમીઝ શીખવાડશે." એ છોકરાએ કહ્યું. બધાં હસ્યાં.

એ છોકરો મારી નજીક આવ્યો અને મને હાથ લગાડવા ગયો. મેં મારો હાથ પાછળ લઈ લીધો.એણે પોતાના બીજા હાથથી મારો બીજો હાથ પકડ્યો.મેં એના હાથને મારા દાંત વચ્ચે કરડ્યો . એ ગાંડાની જેમ ચીસો પાડવા માંડ્યો.

"સાલી,આ કુતરી છે કુતરી.કુતરીને કુતરીની ઓકાત બતાવવી પડશે."કહીને મવાલીએ મારાં ગુપ્તાંગ પર હાથ મૂક્યો. મેં જોરથી એના સેંન્ટર પોઈન્ટ પર લાત મારી.એ તરફડતો તરફડતો નીચે પડી ગયો અને હું ત્યાંથી ભાગવા માંડી.

એના સાથીદારો મારી પાછળ પડ્યા.મુંબઈની ગંદીમાં ગંદી ગાળો બકતા બકતા તેઓ મારી એકદમ નજીક આવી ગયાં. મેં પાછળ ફરીને હજી એકને લાત મારવાની ટ્રાય કરી. બીજાએ મારો પગ પકડી લીધો અને મને નીચે ફેંકી.

એકદમ ખતરનાક દેખાતા એક મવાલીએ મારી સામે બંદૂક ધરી.

"હેય લોંડી! વધારે નાટક કરતી નહીં. કરાટે તારા બાપ સાથે રમજે,નહીં તો તારું ભડથું બનાવી દઈશ."મારામાં ભયે પ્રવેશ કર્યો. જિંદગીમાં પહેલીવાર મેં બંદૂક જોઈ.

"તુષાર, અરબાઝ! આ લોંડીને બાંધી દો... આજે આપણે આની વારાફરતી જોરદાર મિજબાની ઉડાવશું...." એની આંખોમાં હેવાનિયત દેખાઈ. મને બે જણ બાંધવા લાગ્યાં. મેં નહીં બંધાવવાનો પૂરો પ્રયાસ કર્યો, પણ એ બધાં મવાલીઓ સામે હું બેબસ હતી.મેં બંધાવા પહેલાં 100 નંબર ડાયલ કરી દીધો.

બન્ને મવાલીઓએ મને ઊભી કરી. ખતરનાક મવાલી મારાં પાસે આવ્યો. પોતાની કેડમાં રહેલી કટારી એણે બહાર કાઢી.મારાં ટી-શર્ટને વચ્ચેથી એણે કાપવાનો પ્રયત્ન કર્યો. મેં એનાં મોઢાં પર લાત મારી. એણે ટાઈમ પર પોતાનું મોઢું હટાવી લીધું અને પોતાની બંદૂકથી ધડામ દઈને મારા માથા પર વાર કર્યો.

મારી આંખ સામે અંધારા આવવા માંડ્યાં.પાછળથી પોલીસની સાઈરન સંભળાઈ. મને કોઈ નીચે ફેંકીને દોડે છે એવો પગોનો અવાજ સંભળાયો.મારા હોશ ઉડી ગયા.


My Note
4
BHATIA HOSPITAL



# Chapter - 1

16/8/2010 | I.S.T. 22.00 | Bhatia Hospital, Mumbai

**સહાનુભૂતિ** અતિવિષમ હોય છે.....!

"સૉરી મિસ્ટર સક્સેના! અમે આપની દીકરી અપેક્ષાને કોમામાં જતાં અટકાવી શક્યા નહીં. હવે એ ભગવાનના હાથમાં છે. કોઈક ચમત્કાર જ એને કોમામાંથી બહાર કાઢી શકે. ઘા બહુ ઉંડો છે, એટલે કોમામાંથી બહાર આવ્યાં પછી પણ કદાચ આખી લાઈફ સુધી એ બૅડમાં જ રહેશે." પપ્પા અને જૈનમ ડૉક્ટરની વાત સાંભળી ને તૂટી ગયાં. ડૉક્ટર ચાલ્યા ગયાં.

પપ્પા હૉસ્પિટલના વેઈટીંગ રૂમમાં બેસીને ધ્રુસકે ધ્રુસકે હીબકા ભરવા લાગ્યાં. જૈનમનું મન પણ ભરાઈ આવ્યું હતું.પણ એ જાણતો હતો કે અત્યારે ધીરજથી કામ લેવાનો સમય હતો. એ પપ્પાને સાંત્વના આપવા લાગ્યો.

"અંકલ! મારાં પપ્પાની પહોંચ બહુ સારી છે. હું પપ્પાના થ્રુ વર્લ્ડ - ના બેસ્ટ ડૉક્ટર્સને પણ બોલાવી શકીશ. આપ હવે એની ચિંતા છોડી દો..."

"શું બગાડ્યું હતું મારી છોકરીએ એ મવાલીઓનું...."બે ગાળ સાથે મને મારનારાઓને પપ્પાએ કોસ્યા, "ફક્ત અપેક્ષાને ઠીક થવા દે એ... ની હવા ટાઈટ ન કરી દઉં તો જોજે..." જૈનમને પપ્પાનાં મોઢાં પર એક ભયાનક ગુસ્સો દેખાયો. પપ્પા આઉટ ઑફ કન્ટ્રોલ હતાં.

જૈનમનો ફોન વાગ્યો.મોબાઈલની સ્ક્રીન પર **'પપ્પા....'** ફ્લૅશ થઈ રહ્યું હતું.

" એક મિનિટ અંકલ! હું આવું છું. પપ્પાનો ફોન છે."કહીને જૈનમ હૉસ્પિટલની બહાર આવ્યો.

"હેલો પપ્પા!" ગ્રીન બટન દબાવીને જૈનમે કહ્યું.

"તું ક્યાં છે? અમે બધાં તારી રાહ જોઈએ છીએ. આજે બહેનનો બર્થ-ડે છે. તને ખબર નથી? હેલો.. તું લાઈનમાં છે...જૈનમ... તું રડે છે....શું થયું છે?... તું કેમ રડે છે, માય સન?" જૈનમના પપ્પા બોલતા બંધ થયા.

"પપ્પા! પપ્પા....અપેક્ષા પર રેપનો પ્રયત્ન થયો છે અને એ સીરીયસલી ઈન્જર્ડ છે. એ કોમામાં છે... હું ભાટીયા હૉસ્પિટલમાં છું. પપ્પા! મને તમારી હેલ્પ જોઈએ છે." માંડ માંડ જૈનમ બોલ્યો.

"ઓ.કે... હું આવું છું."ફોન કટ થઈ ગયો. જૈનમને રાહત થઈ. જૈનમના 'પપ્પા' બૉમ્બેના એક મોટા આગળ પડતા વ્યાપારી હતા. એમની બધી રીતની પહોંચ ગજબની હતી.

જૈનમ હૉસ્પિટલમાં જઈને મારાં પપ્પા પાસે બેઠો.જૈનમને એક જ દિવસમાં 'પપ્પા' દસ વરસ વૃદ્ધ થઈ ગયાં હોય' એવું અનુભવાયું.

"અંકલ!" દુઃખભરી આંખોથી પપ્પાએ ઉપર જોયું. જીવવાની બધી આશાઓ પૂરી થઈ ગઈ હોય એવી નિરાશા પપ્પાની આંખોમાં હતી.

"ટૅન્શન નહીં કરો અંકલ! પપ્પા આવી રહ્યાં છે."



# Chapter - 2

16/8/2010 | I.S.T. 23.30 | Bhatia Hospital, Mumbai

**પાવર** અતિવિષમ હોય છે...!

જૈનમ પપ્પાની રાહ જોતો હૉસ્પિટલની બહાર ઊભો હતો. *'આટલો ટાઈમ કેમ લાગ્યો?'* જૈનમને ખબર નહોતી પડતી.જૈનમે ફરી પપ્પાનો મોબાઈલ ટ્રાય કર્યો.

'તમે જે નંબરનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરો છો, તે વ્યસ્ત છે. થોડા સમય પછી ટ્રાય કરજો.' જૈનમે ગુસ્સાથી નંબર કટ કર્યો."વ્યસ્ત.. વ્યસ્ત... વ્યસ્ત... "ગુસ્સાથી રસ્તા પર પડેલા પથ્થરને જૈનમે લાત મારી.

"દોઢ કલાક વીતી ગયો.પપ્પા છે ક્યાં ?" જૈનમ પોતાની સાથે જ વાત કરવા લાગ્યો. સામે હૉસ્પિટલમાંથી 10 ટૉપ ડૉક્ટરોની ટુકડી બહાર નીકળી. બધાં પરસ્પર હસી-મજાક કરી રહ્યાં હતાં.

*"પેશન્ટો મરે છે અને આ ડૉક્ટરો હસે છે."* જૈનમને બધાને મારવાની ઈચ્છા થઈ આવી.

જૈનમ હૉસ્પિટલની બહાર જ બેસી ગયો. 5 મિનિટ પછી સામેથી ફરીથી એ જ ડૉક્ટરો દેખાયા. વચ્ચે સફારીમાં ચાલતો એક માણસ દેખાયો. જૈનમ ઊભો થયો.

સફારીવાળો માણસ પાસે આવ્યો.

"હાય જૈનમ બેટા! તું કેવો દેખાય છે.... તારી હાલત તો જો."બધાં ડૉક્ટરો જૈનમ તરફ જોવા લાગ્યાં.

"અરે! આમ કેમ જુઓ છો?" ડૉક્ટરો તરફ જોઈને સફારીવાળાએ કહ્યું. " આ મારો એકનો એક દીકરો છે જૈનમ!

જે કેસની મેં વાત કરી એ જૈનમની બેસ્ટ ફ્રેન્ડ છે.તમે તમારો પૂરો પ્રયાસ લગાવી દો."બધાં ડૉક્ટરોએ માથું હલાવ્યું. પોતાના પપ્પાની શક્તિ અને રૅપ્યુટેશન જોઈને જૈનમ દંગ રહી ગયો.

"અપેક્ષાના પપ્પા ક્યાં છે જૈનમ?" બધાં ડૉક્ટરોના ગયા પછી જૈનમના પપ્પા એ જૈનમને પૂછ્યું. જૈનમે હાથમાં માથું ઘાલીને બેસેલી વ્યક્તિ તરફ આંગળી ચીંધી. જૈનમ અને એના પપ્પા,પપ્પા પાસે આવ્યાં.

"મિસ્ટર સક્સેના!" પોતાના ભારી અવાજમાં જૈનમના પપ્પા બોલ્યા.પપ્પાએ ઊંચું જોયું.એમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

"તમે...તમે તો NDTV માં શેર અપડેટ્સમાં એક્સપર્ટ તરીકે આવો છો ને? જૈનમ! આ તારા પપ્પા છે..?" જૈનમે માથું હલાવ્યું.

"એ બધી વાતો બાજુ પર રાખો.... મારા દીકરાની બેસ્ટ ફ્રેન્ડ એ મારી દીકરી કરતાં ઓછી નથી અને એટલે એને પુનર્જીવીત કરવા માટે મને મારી સંપૂર્ણ સંપત્તિ પણ ન્યોછાવર કરવી પડે તો હું પાછો નહીં પડું... તમે ફ્રી થઈ જાવ મિસ્ટર સક્સેના...હવે આ કેસ મારો છે." પપ્પાને આ શબ્દો સાંભળી આશ્ચર્ય થયું.

મિસ્ટર ઓસવાલ કયા ગજાનાં વ્યક્તિ હતાં એ પપ્પાને ખબર હતી. એમનું મન થોડું આશ્વસ્ત થયું. એમની આંખોમાંથી આંસુ સરવા માંડ્યા.



# Chapter - 3



**17/8/2010** **1.S.T. 11.30** **BSE, Fort**

**રિકવરી** અતિવિષમ હોય છે...!

સામે 25-30 માળનું મોટું બિલ્ડિંગ દેખાઈ રહ્યું હતું. પપ્પા મને મમ્મીની સંભાળમાં છોડીને ટેક્સી પકડીને બૉમ્બેસ્ટોક એક્સચેન્જ તરફ રવાના થયા.ટેક્સી BSE સામે થોભી.પપ્પાએ ઉપર જોયું.અલગ અલગ શેર્સના ભાવ દેખાઈ રહ્યાં હતાં.

“હેલ્લો અંકલ! કેવું છે અપેક્ષાને?” પપ્પા સાથે હાથ મળાવીને જૈનમે પૂછ્યું. કાલે રાત્રે જૈનમ પોતાના પપ્પા સાથે ઘરે ગયો હતો. એને જવું પડ્યું હતું. પછી આજે સવારે પપ્પા ઉપર એનો ફોન આવેલો.

“અંકલ! પપ્પાએ અમેરિકાના કોમા સ્પેશિયાલિસ્ટ મિસ્ટર બ્રાઉન સાથે 12.00 વાગ્યાની એપોઈન્ટમેંન્ટ નક્કી કરી છે. આપ આવી શકશો? તો આપણે એમની સાથે વિડીયો કૉન્ફરન્સમાં વાત કરી શકીશું..” પપ્પાએ હા પાડેલી.પછી મમ્મીને વાત કરી પપ્પા BSE જવા રવાના થઈ ગયાં હતાં.

જૈનમ પપ્પાને BSE માં લઈ ગયો.એના પપ્પાની ઑફિસ 10 માં માળે હતી. બન્ને લિફ્ટમાં ચઢીને 10 માં માળે આવ્યાં. ***"OSWAL INVESTMENT"*** નામના બોર્ડવાળી ઑફિસમાં બન્ને પ્રવેશ્યા.

“વેલકમ માસ્ટર જૈનમ.” ઉપર સ્પીકરમાંથી કોઈક બોલ્યું. દરવાજો પોતાની મેળે ખુલી ગયો. જૈનમ અને પપ્પા અંદર પ્રવેશ્યા.

પપ્પા કોર્પોરેટમાં જ કામ કરતાં હોવાથી કોર્પોરેટના રીતિરિવાજોથી પરિચિત જ હતાં.

" મિસ્ટર ઓસવાલ ફ્રી છે?”જૈનમે રિસેપ્શન ડેસ્ક પર બેસેલી

રિસેપ્શનીસ્ટને પૂછ્યું .

"હા, માસ્ટર ઓસવાલ! મિસ્ટર ઓસવાલ તમારી રાહ જોઈ રહ્યાં છે. એન્ડ વેલકમ મિસ્ટર સક્સેના! " એકદમ મેક-અપવાળાં મોઢાં સાથે મધુર અવાજમાં રિસેપ્શનીસ્ટે પ્રત્યુત્તર વાળ્યો.

બન્ને જણ ઘણી મોટી ઑફીસની મોટી છેલ્લી રૂમમાં ગયાં. એ રૂમ જબરદસ્ત ફર્નીશ્ડ હતી. રૂમનો દરવાજો આપોઆપ ખૂલી ગયો.

"વેલકમ મિસ્ટર સક્સેના...." કહેતાં ઓસવાલ અંકલ ઊભા થયા. અને પપ્પાને ચેર પર બેસવા માટે કહ્યું. ઓસવાલ અંકલના ડેસ્ક પર એક મોટો પ્રોજેક્ટર લાગેલો હતો અને એમાંથી સફેદ પ્રકાશ સામે રહેલી LED સ્ક્રીન પર પડી રહ્યો હતો.

પપ્પા ચેર પર જઈને બેઠા.જૈનમ પણ એક ચેર પર ખૂણામાં જઈને બેસી ગયો.

"તો તમે જલદી આવી ગયાં છો,એ સારું છે. મારે જે બીજી વાતો કરવી છે, એ પૂરી થઈ જશે અને પછી આપણે બ્રાઉન સાથે વાત કરી શકીશું."પોતાના ઘડિયાળમાં જોતાં ઓસવાલ અંકલે કહ્યું.

"મેં ન્યુરોસ્પેશિયાલિસ્ટ ડૉક્ટર સિંઘલ સાથે વાત કરી.એમણે પૉઝિટીવ અને નૅગેટીવ બન્ને વાતો કરી.જે હકીકત છે, એ આપણે સમજીને ચાલવું પડશે...."પાંચ મિનિટ સુધી પપ્પા સાંભળતા રહ્યાં.

પ્રોજેક્ટર પર કૉલલિસ્ટ સાઈન ફ્લૅશ થવા લાગી અને અંકલે બટન દબાવ્યું. ડૉક્ટર બ્રાઉનને ફોન લાગ્યો. ડૉક્ટર બ્રાઉનનો અનુભવી ચહેરો સ્ક્રીન પર દેખાયો.

"સો મિસ્ટર ઓસવાલ! હાઉ આર યુ?" બન્નેએ થોડા સમય ઈંગ-લીશમાં પર્સનલ વાતો કરી. બન્ને બહુ જૂના મિત્રો છે એ વાત જૈનમને પણ ખબર નહોતી.

"તો, મિસ્ટર ઓસવાલ! હવે આપણે કેસ ઉપર આવીએ. તમે મોકલાવેલા એક્સ-રે, MRI રિપોર્ટ્સ વગેરે બધાં મેં જોયા.ઘા ઘણો ઊંડો છે..." મિ.બ્રાઉનનું મોઢું ગંભીર થયું.

"પણ, આપણે તો ટ્રાય કરવાની છે. સૌથી પહેલાં હું કોમાં શું ચીજ છે... એના વિષે થોડુંક સમજાવીશ..."બધાં એકદમ ધ્યાનથી સાંભળવા લાગ્યાં. "કોમાના મુખ્યત્વે છ પ્રકાર હોય છે.

1. TOXIC METABOLIC ENCEPHALOPATHY
2. ANOXIC BRAIN INJURY
3. PERSISTENT VEGETATIVE STATE
4. LOCKED IN - SYNDROM
5. BRAIN DEATH
6. MEDICALLY INDUCED.

આ છએમાં છેલ્લું કોમા મેડીકલી કરવામાં આવે છે. બાકી બધાં માથાંને થયેલા ઓછા-વતાં નુકસાનોના કારણે, પ્રાકૃતિક રીતે થાય છે. એમાં પણ બ્રેન ડેથ અને લોક્ડ ઈન સિન્ડ્રોમ એ ઈરરિવર્સેબલ છે. એમાંથી વ્યક્તિને પાછી નોર્મલ કરવી અશક્ય જેવું હોય છે.

જ્યારે મેં પહેલીવાર અપેક્ષાનો રિપોર્ટ જોયેલો તો મને બ્રેન ડેથના જ બધાં સિમટમ્સ દેખાયેલા..."મિસ્ટર બ્રાઉને પોતાના માથા ઉપર આવેલો પરસેવો લૂછ્યો.

"પણ વધારે ઉંડાણથી સ્ટડી કરતાં મને એવું લાગે છે કે આ કોમા વગર બ્રેનને વધારે નુકસાન કરી રિવર્સેબલ છે."

"કઈ રીતે ડૉ.બ્રાઉન ?" જૈનમ અને પપ્પાએ એકદમ ઉત્કંઠાથી એક સાથે પૂછ્યું.

"થંભો...થંભો.વધારે ઉતાવળા ન થાઓ." હસતાં હસતાં મિ. બ્રાઉને કહ્યું.

"મારા હિસાબે અપેક્ષા કોમાના પહેલાં પ્રકાર ટોક્સીક મેટા-બોલિકમાં ગયેલી છે. કેમકે બ્રેન સેલ્સના રિપોર્ટ પ્રમાણે એના સેલ્સ હજુ પણ સારાં એવા ઍક્ટીવ છે. પ્રે ટુ લૉર્ડ કે આટલી સીવિયર ઈજા થયા પછી પણ આ છોકરીની શક્તિ અનોખી છે કે એ ઈંજરીને સસ્ટેન કરી શકી છે. બાકી તો.."ડૉક્ટર બ્રાઉને ત્રણેય સામે દુ:ખ સાથે જોયું.

"તો,હવે સૌથી પહેલાં તમારે અપેક્ષાની તબિયત સસ્ટેન કરાવવી પડશે. કોમામાં ધીમે ધીમે બધાં શરીરના ફંક્શન્સ નબળા પડતા જાય છે. એ ન થાય એની ખાસ કાળજી રાખજો. બીજું, જે વસ્તુ અપેક્ષાને બહુ ગમતી હોય, એવી વસ્તુ એને સંભળાવજો.જો કોઈક રીતે એને એ વસ્તુની અસર

થઈ જાય, તો એ કોમાની બહાર 100% આવી શકશે."



# Chapter - 4

20/8/2010    I.S.T. 11.00    Bhatia Hospital, Mumbai

**મેમરી** અતિવિષમ હોય છે...!

"અપેક્ષા આત્માની શક્તિ અચિંત્ય છે. અંદર જઈને જો....જસ્ટ ગો ઈન્સાઈડ..."કોઈ મારાં કાનમાં બોલતું હોય એવું લાગ્યું. વાણીની મીઠાશ મેં ક્યાંક સાંભળેલી હોય એવું મને લાગ્યું પણ, ક્યાં..? એ મગજમાં આવ્યું નહીં. મારાં માથામાં એક ખાલીપો અનુભવાઈ રહ્યો હતો. કોઈકે મારી જિંદગીના 6-7 વરસ ડિલિટ કરી દીધાં હોય એવું લાગતું હતું.

મેં આંખો ખોલી, કોઈ પોતાનું મોંઢું નીચે ઘાલીને એકદમ નિરાશામાં બેઠેલું હતું. મને એ નિરાશ થયેલી સારી દેખાતી વ્યક્તિને સાંત્વના આપવાની ઈચ્છા થઈ.મેં મારા હાથને ઉપર કરવાની કોશિશ કરી, પણ 'મારો હાથ છે' એવું મને અનુભવાયું જ નહીં. ફક્ત થોડી આંગળીયો હલી.

આંગળીઓની હલચલ જોઈને એ વ્યક્તિ એકદમ ચોંકી ગઈ. એની આંખોમાંથી આંસુ સરવા માંડ્યાં. *'એ કેમ રડે છે?'* મને પ્રશ્ન થયો.પણ એ અંદર જ રહ્યો. હું કંઈપણ પૂછી નહીં શકી.

" નર્સ...ડૉક્ટર." એ વ્યક્તિએ બૂમ પાડી. અચાનક કોઈએ મને આ બધામાંથી કટ ઑફ કરી દીધી હોય, એ રીતે મારી આંખની સામે અંધારાં આવવા માંડ્યાં. હું ફરીથી મીઠી નીંદરમાં પોઢી ગઈ.

(I.S.T. 16.00)

"અપેક્ષા તું કોઈની નથી. તારું કોઈ નથી... દુનિયામાં કોઈ કોઈનું નથી." ફરી એ જ મધુર અવાજ! "શું મીઠાશ છે." મારું મન ખુશ થઈ ગયું.

"પણ આ કોનો અવાજ છે? અને આ કેમ આવું બોલી રહી છે ?"

મેં મારી આંખો ખોલી.એ જ વ્યક્તિ ત્યાં બેઠેલી હતી.પણ, આ વખતે એનું ધ્યાન મારી તરફ જ હતું.એ મોઢું નીચે ઝુકાવીને બેઠેલી નહોતી.

"નર્સ...ડૉક્ટર." ફરીથી એ બૂમો પાડવા લાગી.

*'આ છે કોણ? અને આવી રીતે બૂમ કેમ પાડે છે?'* વિચાર ઝબક્યો.

બીજા બે-ત્રણ સફેદ કપડાંવાળા અંદર આવ્યાં. એક સફેદ કપડાંવાળાએ કંઈક સોય જેવું તૈયાર કર્યું. મને અકથ્ય ભય ઉત્પન્ન થયો. મારા હોશ ઉડી ગયાં. અંધારું છવાઈ ગયું.

(I.S.T. 22.00)

"અપેક્ષા ! તું જેના પાછળ દોડે છે, એ તને મળવાનું નથી.એટલે દોડવાનું છોડી દે અને બે ક્ષણ માટે સ્થિર થા..."

'દોડવાની શક્તિ મારામાં હતી જ નહીં, તો હું ક્યાં દોડું છું...?'મધુર અવાજ પર મને શંકા થઈ. કેમ એ અવાજ આ રીતે બોલી રહ્યો હતો.

મેં આંખો ઉઘાડી.આ વખતે 4-5 જણ મારાં ઉપર જ ઊભા હતાં. એક જણ ઉપર-નીચે થતાં ગ્રાફ તરફ જોઈ રહ્યો હતો.

કોઈ સળગતી સોય મારાં હાથમાં નાખી રહ્યું હોય એવો અનુભવ મારા હાથમાં થયો. મેં હાથને એ દર્દથી દૂર કરવા ચાહ્યો, પણ હાથ ઉપડ્યો નહીં.

મારાં આખાં શરીરમાં મને ગરમી-ગરમી અનુભવાવા લાગી. સામે રહેલી સફેદ કપડાંવાળી વ્યક્તિએ પોતાના હાથમાં રહેલી સોયને બાજુમાં રહેલા ડબ્બામાં નાખી.

“આ બધાં કોણ છે?” સતત પ્રશ્નો મારા મગજમાં સ્ફુરવા લાગ્યાં.

ફરીથી કોઈકે હાથમાં બીજી સોય ઘૂસાડી હોય એવું મને લાગ્યું. દર્દ અસહ્ય બન્યું. મારી આંખો સામે અંધારાં આવવા માંડ્યાં. હું મેડિકલી ઈનડ્યુસ્ડ બેહોશીમાં ચાલી ગઈ. શાંતતા મને અનુભવાઈ.

(21/8/2010) (I.S.T. 2.00)

"અપેક્ષા! આ શરીર અને આત્મા અલગ છે, એવો અનુભવ જે વ્યક્તિને થઈ જાય છે, તે યોગી બને છે. સ્પેશિયલ બને છે."મધુર અવાજ મને સોહામણો લાગતો હતો.ગઈ વખતે મારો પ્રબોધ આ સોહામણા અવાજથી જ થયો હતો. એમાં જાદુ હતો.

મારી આંખો ખૂલી. એક જણ સામે બેઠેલો હતો.એ પણ ઝોકાં ખાઈ રહ્યો હતો."સારી રીતે સૂઈ જાઓ." મારાં મોઢામાંથી શબ્દો સર્યા, પણ અવાજ ન નીકળ્યો. જાણે ચમત્કાર જોતી હોઉં એ રીતે સામેવાળી વ્યક્તિ ચેર પર લેટીને ઊંઘી ગઈ.મારા મનમાં અનેરો આનંદ થયો.

*"ક્ષમા વીરનું આભૂષણ છે.ગુસ્સો કરવો સહેલો છે."* મધુર અવાજ સંભળાયો. *'ગુસ્સાની વાત કેમ કરે છે?'* મનમાં પ્રશ્ન ઉપજ્યો.બાકીની રાત મધુર અવાજને સાંભળતા સાંભળતા મેં પસાર કરી.



# Chapter - 5

30/8/2010 | I.S.T. 10.00 | Bhatia Hospital, Mumbai



**સ્મૃતિ** અતિવિષમ હોય છે...!

મારી સામે A for Apple, B for Ball.... વગેરે સ્લાઈડ્સ સતત ફ્લૅશ થઈ રહી હતી.

છેલ્લા 10 દિવસોથી આ રોજનું થઈ ગયું હતું. પહેલાં બે દિવસ ફક્ત A,B,C,D બતાવવામાં આવ્યાં હતાં. પછીના ત્રીજા દિવસે "A for." બતાવવામાં આવ્યાં હતાં. આ બધું મને આવડે છે એવો મને વારંવાર અનુભવ થતો. પણ કેવી રીતે આવડે છે એ યાદ નહોતું આવતું.

એક હેન્ડસમ છોકરો કે જેનું નામ જૈનમ હતું, એ દરરોજ મારાં માટે અવનવાં ફૂલો **'GET WELL SOON'** ના ટૅગ સાથે લઈ આવતો.પણ એ કોણ હતો...એ મને યાદ નહોતું આવતું.

એ છોકરાએ બે-ત્રણ વાર મને પૂછેલું "તું મને ઓળખે છે?" પણ મેં એને ના પાડેલી.એ મને વારંવાર કેમ પૂછે છે એ મને સમજાતું નહોતું. સફેદ કપડાંવાળા કે જેઓને 'D for Doctor' કહેવાતા, એ અવારનવાર મોટી સોયવાળી વસ્તુ લઈ આવતા અને મારી અલગ-અલગ જગ્યાઓ પર એ સોય નાખતા. એમાં અસહ્ય દર્દ થતું, પણ હવે એ રોજનું થઈ ગયું હતું.

હવે એ મધુર અવાજ સંભળાતો નહોતો. એની જગ્યાએ મારે દરરોજ "A-B-C-D" બધું જોવું પડતું. છેલ્લા ત્રણ દિવસથી ડૉક્ટરો મને અલગ-અલગ પ્રકારોના વિડીયો બતાવી રહ્યાં હતાં. એક વિડીયોમાં ઘણા બધા લોકો ભેગા મળીને એક છોકરીને ગભરાવી રહ્યાં હતાં. અને પછી 'હૅપી

બર્થ-ડેની ટ્યુન ચાલુ થઈ ગઈ હતી અને બધાં હસી રહ્યાં હતાં. આજે એ વિડીયો પૂર્ણ થયો.

"તું આ છોકરીને ઓળખે છે?" એક મોટા કદના ડૉક્ટરે સ્ક્રીન સામે આવીને મને પૂછ્યું.

"ના..." મેં કહ્યું.

ડૉક્ટરે એક કાચ હાથમાં લઈને મારી સામે ધર્યો. મને મારો ચહેરો એમાં દેખાયો. મેં આંખ બંધ કરી દીધી. મને એક ડાકણનો ચહેરો એમાં દેખાયો હોય એવું લાગ્યું. હું ધીમે ધીમે હીબકાં ભરવા લાગી.ગાલ ઉપરથી આંસુઓ નીચે ટપકતાં ગયાં.

જે ચહેરો મેં જોયેલો, એના વાળ નહોતા. એનું માથું એકદમ સફાચટ હતું. *'કેવી રીતે મારી આ હાલત થઈ? જો હું અને એ વિડીયોમાં રહેલી છોકરી એક જ હોય તો મારી આ અવદશા કઈ રીતે?'*

"સૉરી અપેક્ષા!" ડૉક્ટરે કહ્યું.

"હજી ફક્ત એક સવાલ?" મારી સામે એકદમ કરુણા સાથે ડૉક્ટરે જોયું. ડૉક્ટરે પોતાના હાથમાં રહેલાં રીમોટનું બટન દબાવ્યું.એક સુંદર ચહેરો મારી સમક્ષ આવ્યો. હું એ ચહેરાને જાણતી હોઉં એવું મને લાગ્યું.

ફરીથી ડૉક્ટરે રીમોટનું બટન દબાવ્યું.એક સફેદ કપડાંવાળી વ્યક્તિ ધ્યાન કરી રહી હોય એવું મને દેખાયું.

મારા મગજનાં તાળાં ખૂલી રહ્યાં હોય એવું મને લાગ્યું. કંઈક મને અંદર સ્ફુર્યું. મેં આંખો બંધ કરી. મને માવો દેખાયો... મોટી સભા દેખાઈ... મિષ્ટાન્ન ભંડાર દેખાયો... જાપમાં બેસેલા સફેદ કપડાંવાળાં.. ના... એમનું નામ.. સાધ્વીજી દેખાયા...

મારાં જીવનનાં છેલ્લાં 15-16 વરસના પ્રસંગો પાછા દેખાવા લાગ્યાં.જૈનમ, મેથ્યુ, સિસ્ટર,મમ્મી,પપ્પા,શાસનદ્રષ્ટા, પછી એક ભયાનક રાત અને બધું બ્લૅન્ક થઈ ગયું.



# Chapter - 6

30/9/2010 — I.S.T. 9.15 — Bhatia Hospital, Mumbai

**ચમત્કાર** અતિવિષમ હોય છે...!

મારા હાથ પર એક મસાજ મશીન લગાડવામાં આવ્યું હતું. એનાથી મારા હાથમાં લોહીનો સંચાર કરવામાં આવતો. છેલ્લા એક મહિનામાં મારી રિકવરી ડૉક્ટરના ધાર્યા કરતાં અતિવિશિષ્ટ થઈ હતી.

“આ પેશન્ટ પાસે અનઈમેજિનેબલ હીલીંગ શક્તિ છે.” ડૉક્ટર સિંઘલે પપ્પાને કહેલું. મને મારા પર ગર્વ થયો હતો.

મને બધું યાદ આવ્યાં પછી હું બે દિવસ સુધી બેહોશ રહેલી. બધાં ડૉક્ટરોને એવો ભય હતો કે હું ફરીથી કોમામાં ચાલી ગયેલી.

પણ બે દિવસ પછી મેં આંખો પટપટાવેલી. બધાં ડૉક્ટરોં એકદમ ખુશ થઈ ગયેલાં. તેઓએ બહાર જઈને મારાં મમ્મી-પપ્પા અને જૈનમને વધામણી આપેલી.

જૈનમ દોડતો દોડતો અંદર આવેલો.એ અત્યંત ખુશ હતો.

“તું મને ઓળખે છે...?” એક આશા સાથે જૈનમે મને ફરી પૂછેલું.

"પ્લીઝ, તમે થોડા પાસે આવશો? મને તમને કંઈક કહેવું છે." ગુસ્સા સાથે મેં જૈનમને કહેલું. જૈનમે પોતાનો કાન મારી પાસે લાવેલો.

મેં એના ગાલ પર કીસ કરેલી. એ આશ્ચર્ય સાથે મારી સામે જ જોતો રહેલો. એની આંખોમાંથી અશક્ય કાર્ય પૂર્ણ કર્યાનાં આંસુ સરવા લાગેલાં.પછી એ મને ભેટી પડેલો.

બહાર જઈને મારાં મમ્મી-પપ્પાને એ લઈ આવેલો. એ બંને

પણ આશ્ચર્યચકિત થઈ જાય એ રીતે મેં એમને રિસ્પોન્સ આપેલો.પછી થોડા દિવસોમાં મારાં બધાં શારીરિક ફંક્શન નૉર્મલ થઈ ગયાં હતાં. મને મારાં વાળ ઉપર વિશેષ રાગ હતો અને એ બધાં ચાલ્યા ગયાંનું દુઃખ મને સાલતું.

મારી આ વાત જાણીને જૈનમે મારાં માટે ફરીથી વાળ ફાસ્ટ આવી જાય એ રીતનો,મેડિકલી સેફ 50000 રૂપિયાનો હેર ટૉનીક લાવેલો. છેલ્લા 20 દિવસમાં 1 ઈંચ જેટલા વાળ તો આવી ગયા હતા. વૉર્ડમાં આવ્યા પછીના દિવસો શાસનદ્રષ્ટાશ્રીજીના મધુર અવાજો સાંભળતાં સારી રીતે પસાર થયેલા.

પગનો અવાજ સંભળાયો. મારું ધ્યાન એ તરફ ગયું. સામે એક સૂટબૂટમાં સજ્જ વ્યક્તિની સાથે ડૉક્ટર સિંઘલ ઊભા હતાં. એ વ્યક્તિએ આવીને મને રોઝનો બૂકે આપ્યો.એકદમ સુગંધિત ફોરેનના રોઝ લાગી રહ્યાં હતાં.

"તું મને ઓળખે છે?" હસતાં હસતાં એ સૂટ-બૂટવાળી વ્યક્તિએ મને પૂછ્યું.મેં માથું નકારમાં હલાવ્યું. હું સાચે જ એમને જાણતી નહોતી. "એ મારાં પપ્પા છે અપેક્ષા! એમના કારણે જ તું આજે જીવતી છે."જૈનમે પપ્પાની બાજુમાં આવીને કહ્યું.

મારા જીવવામાં અને આ જૈનમના પપ્પા વચ્ચે શું સંબંધ હતો એ મને સમજાયું નહીં. પણ ત્યારે મેં કંઈ પણ પૂછ્યું નહીં. મને અલગ-અલગ મોટિવેશનલ વાતો કરીને જૈનમના પપ્પા ડૉક્ટર સિંઘલ સાથે ચાલ્યા ગયાં. સાચે જ જૈનમના પપ્પાનો પાવર ગજબનો મને લાગેલો.

"જૈનમ ! એક વાત પૂછું?" બધાના ગયા પછી મેં જૈનમને પૂછ્યું.

"હા! હવે તું કંઈ પણ પૂછવા માટે ફ્રી છે."

"તારા પપ્પાએ મને કંઈ રીતે જિવાડી?" જૈનમ તરફ મેં જોયું. જાણે કે પ્રસંગો ઉકેલવામાં બહુ દુઃખ થતું હોય એવો ભાવ એના મોઢા પર હતો.

"તારું ભાગ્ય અતિ બળવાન હતું અને તારી બુદ્ધિને તો લાખો સલામ !" જૈનમે બોલવાનું પ્રારંભ કર્યું.

"જે સમયે તારા પર અટેક થયો, એના પહેલાં તે પોલીસને ફોન કરી લીધો હતો. એના કારણે તારા અને મવાલી ગુંડાઓ વચ્ચે થતી વાતચીતો પરથી પોલીસને ખબર પડી ગઈ કે તું ખતરામાં છે. પોલીસે "જી.

પી.એસ.' ટ્રેકરથી તારો ફોન ટ્રેસ કરી દીધો અને ત્યાં પહોંચી ગયાં. ત્યારે તને મારીને મવાલીઓ ભાગી રહ્યાં હતાં. પોલીસવાળાઓએ એમ્બ્યુલન્સ બોલાવી જનરલ હૉસ્પિટલમાં તને દાખલ કરી. ત્યાં સુધી તારા મમ્મી-પપ્પાને આ વાતની ખબર પોલીસવાળાએ આપી દીધેલી. તારા મમ્મી-પપ્પા હૉસ્પિટલ પહોંચ્યાં, પણ હૉસ્પિટલના ડૉક્ટરો તારો કેસ લેવા તૈયાર નહીં થયા."જૈનમે વચ્ચે દુઃખભર્યો શ્વાસ લીધો.

"પછી ભાટિયા હૉસ્પિટલમાં તારા પપ્પાની ઓળખાણથી તું દાખલ થઈ.ડૉક્ટરે કોમામાં જવાના વસમાં સમાચાર તારા પપ્પાને આપ્યા. ત્યાં સુધી હું ત્યાં પહોંચી રહ્યો હતો. આ વાત સાંભળીને તારા સાથે નહીં આવવાના કારણે હું પોતાને સતત કોસી રહ્યો હતો. એમ પણ હું રાત્રે ઘરે લેટ જવાનો જ હતો. કેમકે તારા ગયાં પછી મમ્મીનો ફોન આવી ગયો હતો કે મારે માસીને ત્યાં રહેવાનું નહોતું. ત્યાં કોઈક ફંક્શન હતું અને એટલે મહેમાનો આવેલા હતાં." અત્યારે પણ જૈનમના મોઢા પર ખેદ દેખાઈ રહ્યો હતો.

"પછી મેં પપ્પાને બધી વાત કરી.ડૉક્ટર બ્રાઉન સાથે પપ્પાની લિંક સારી હોવાના કારણે અમે ત્રણેયે એમની સાથે કેસ ડિસ્કસ કર્યો.એમણે કહ્યું કે અપેક્ષાના દિમાગમાં ફરીથી કેમિકલ રિએક્શન કરાવીને, તરંગો ઊભા કરીને એને ભાનમાં લાવી પડશે, ને એટલે જ એને એવી વસ્તુઓનું શ્રવણ કરાવવું પડશે કે જે એને બહુ પ્રિય હોય."

અમે બધાં તને સૌથી વધારે શું પ્રિય હતું એ શોધવા લાગ્યાં.1-2 દિવસ કંઈ પણ હાથમાં આવ્યું નહીં. એક દિવસ પપ્પા, હું અને તારા પપ્પા કંઈક વાત કરી રહ્યાં હતાં કે પપ્પા એકદમ શાંત થઈ ગયાં.મેં પહેલાં પણ આવી રીતનો બદલાવ પપ્પામાં જોયેલો હતો અને આવા બદલાવ પછી સો ટકા રિઝલ્ટ આવતું જ.

"જૈનમ! અપેક્ષાનો મોબાઈલ ક્યાં છે?" પપ્પાએ મને અચાનક પૂછ્યું.

" મારા પાસે નથી. કદાચ પોલીસની કસ્ટડીમાં હશે." મેં કહ્યું.તારા પપ્પાને પણ તારા મોબાઈલનું શું થયું એ ખબર નહોતી. પપ્પાએ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને ફોન કર્યો. "મને 15 મિનિટમાં મોબાઈલ જોઈએ.." કહીને પપ્પાએ ફોન કટ કરી દીધો.

15 મિનિટ પછી એક પોલીસ કોન્સ્ટેબલ ફોન લઈને આવ્યો.

ફોનને એક પાઉચમાં રાખવામાં આવ્યો હતો. એના ઉપર ફિંગરપ્રિન્ટ્સ ના લાગે એ માટે પપ્પાએ ગ્લવ્ઝ પહેરીને એનું કૉલ લિસ્ટ ચેક કર્યું. છેલ્લે પોલીસને લગાડેલો કૉલ દેખાયો.

"તમારી છોકરી બહુ હોશિયાર છે.આટલામાં એ બચી ગઈ, નહીં તો કદાચ...." આગળના શબ્દો પપ્પા બોલ્યા નહીં અને મોબાઈલની સ્ક્રીન તરફ જોતાં રહ્યા.

5 મિનિટ પછી પપ્પાએ અપેક્ષાના મોબાઈલમાં રેકોર્ડીંગ ચેક કર્યું. મારી સાથે થયેલી વાતો એમાં સ્ટોર્ડ હતી. પપ્પા મારાં તરફ એક એક રેકોર્ડીંગ સાંભળીને જોતાં.

"તો તું અપેક્ષાને સૌથી પ્રિય હતો,હમમમ..."પપ્પાએ કહીને એ બધાં રેકોર્ડીંગ્સ પોતાના મોબાઈલમાં ટ્રાન્સફર કરી દીધા. પપ્પાએ પોલીસ કોન્સ્ટેબલને ફરીથી મોબાઈલ પાઉચમાં નાખીને આપી દીધો. સલામ કરીને પોલીસ ચાલ્યો ગયો.

"ચલો હૉસ્પિટલ.." કહીને પપ્પા પોતાની BMW માં અમારી સાથે હૉસ્પિટલ આવ્યાં. તારી મમ્મી ત્યાં રડી રહી હતી. અમને જોઈને તારી મમ્મીને હાશ થઈ.

પપ્પા સીધા I.C.U માં ગયાં અને મારા તારા સાથેની રેકોર્ડીંગ્સ તને સંભળાવ્યા. તારામાં કોઈ ફેર પડ્યો નહીં. પછી પપ્પાના ધ્યાનમાંથી છૂટી ગયેલાં 2-3 કલાકનાં રેકોર્ડીંગ પપ્પાને દેખાયા.એમણે રેકોર્ડીંગ ચાલુ કર્યું.

"અપેક્ષા! સંસાર ખારો ઝેર જેવો છે. સંસારમાં કોઈ સાર નથી." અવાજ સંભળાયો. પપ્પા શાસનદ્રષ્ટાશ્રીજીનો અવાજ ઓળખી ગયાં.

ત્યારે જ અચાનક તારો હાથ હલ્યો હોય એવું પપ્પાને લાગ્યું. પછી પપ્પાએ સતત એ રેકોર્ડીંગ પ્લે કર્યું. 20 તારીખે સવારે પપ્પાની મહેનત ફળી અને તે પહેલી વાર આંખ ખોલી." જૈનમ શાંત થઈ ગયો.એની આંખમાં મને એક અજબની રોનક દેખાઈ.

"અપેક્ષા! તું એક મિરેકલ ગર્લ છે"



# Chapter - 7

4/10/2010

I.S.T. 13.30

Bhatia Hospital,
Mumbai

**ક્ષમા** અતિવિષમ હોય છે...!

ફિઝિયો મારાં હાથને ઉપર-નીચે કરી રહી હતી.

"મને કેટલા દિવસમાં સારું થઈ જશે?"મેં પૂછ્યું. જૈનમ બાજુમાં બેસીને મારી ટ્રેનીંગને જોઈ રહ્યો હતો.

"એ તો તારા ઉપર છે. તારી નસોમાં લોહીનો પ્રવાહ જેટલા..."નીચે પોલીસની ગાડીઓની સાઈરન સંભળાઈ અને ફિઝિયો બોલતી અટકીને બારીમાંથી બહાર જોવા ગઈ.

"પોલીસ કેમ આવ્યાં છે?" જૈનમને મેં પૂછ્યું.

જૈનમ પાસે આવ્યો.

"સ્વીટહાર્ટ! તને એનું શું ટેન્શન છે? તું તારી તબિયત પર વધારે ધ્યાન આપ." એ મને કોમામાં ઘટેલી વિવિધ ઘટનાઓ સંભળાવવા લાગ્યો.

5 મિનિટ પછી ભારી બૂટનો અવાજ આવ્યો. કોઈ મારા રૂમની પાસે આવતું હોય એવું અમને લાગ્યું. જૈનમ બહાર જોવા ગયો.

"ઈન્સ્પેક્ટર દેશપાંડે..." અવાજ સંભળાયો અને એક 6 ફૂટ લાંબા, પોલીસની વરધીમાં સજ્જ ઈન્સ્પેક્ટર અંદર આવ્યા.એના પાછળ'મૅન ઈન બ્લેક' ના કપડામાં સજ્જ જૈનમના પપ્પાએ પ્રવેશ કર્યો.પપ્પા પણ સાથે દેખાયા.

"શું થયું?" મેં પપ્પાને પૂછ્યું.

"કંઈ નહીં દીકા! આજે જજમૅન્ટ દે છે."

મને કંઈ પણ સમજાયું નહીં. પાછળથી હથકડી બાંધેલા 5-6 જણને અંદર લાવવામાં આવ્યાં અને મારી સામે ઊભા રાખવામાં આવ્યાં. જૈનમના પપ્પાના ઈશારાથી ફિઝિયો બહાર નીકળી ગઈ.

એક કાળા કોટમાં સજ્જ વકીલ અંદર આવ્યો. એની સ્ટાઈલથી લાગતું હતું કે એ બહુ પંકાયેલો વકીલ હતો. મેં એને એકવાર ટી.વી.પર પણ જોયેલો.

એણે રૂમની ડીમ લાઈટ સિવાયની બધી લાઈટો બંધ કરી દીધી.

"તો અપેક્ષા..." મારી સામે જોતાં વકીલે કહ્યું, બાકી બધાને બેસવાનો ઈશારો વકીલે કર્યો. જૈનમના પપ્પા સમેત બધાં બેસી ગયાં.

"આ 6 જણ ઉપર તારા ઉપર બળાત્કાર અને મર્ડર કરવાના પ્રયાસની ચાર્જશીટ ફાઈલ થઈ છે. તને ફક્ત એક જ કામ કરવાનું છે..." વકીલે પોતાનો કોટ સરખો કર્યો.

"આમાંથી સૌથી મુખ્ય અપરાધી કોણ છે એ મને કહેવાનું છે અને બીજું."બે ક્ષણ માટે વકીલ થોભ્યો. "આ બધાને કંઈ સજા આપવા જેવી છે એ કહેવાની છે, "*YOU ASK AND IT SHALL BE GIVEN*" વકીલે બાઈબલના શબ્દો બોલ્યા. એનો આત્મવિશ્વાસ જોરદાર હતો.

મારાં શરીરમાં ગુસ્સાની આગ બળવા માંડી. હું દરેકને ઓળખતી હતી.એ લોકોએ જ મારાં પર...મારી આંખમાંથી આંસુ સરવા લાગ્યાં.

પછી પોલીસે એક એક કરીને બધાં ગુનેગારોને લાઈનમાં ઊભા રાખ્યાં.

પહેલાં ગુનેગારને ડીમ લાઈટની સામે ઈન્સ્પેક્ટરે ઊભો કર્યો.

"તુષાર માલપાડે, અક્યુઝ્ડ નં.- 104,26 વર્ષ, બાન્દ્રા ઝૂંપડપટ્ટીમાં રહેનારો. આના નામે 3 મર્ડર કેસ નોંધાયેલા છે..3 વાર જમાનતમાં આ બહાર આવ્યો છે..." વકીલે પરિચય આપ્યો.

આ વ્યક્તિએ જ મારો રેપ થઈ શકે એ માટે મને પકડીને રાખી હતી.

"આ ગુનેગાર છે?" ઈન્સ્પેક્ટરે મને પૂછ્યું.

મેં માથું 'હા'માં હલાવ્યું. ઈન્સ્પેક્ટરે એને લાત મારીને સાઈડમાં કર્યો.

"અરબાઝ કુરેશી,27 વર્ષ." વકીલે રૂમમાં આંટા મારતાં મારતાં એનો પરિચય આપ્યો.

મેં માથું હલાવ્યું. એના પર પણ ગુનેગાર તરીકેનું કલંક અંકિત થયું. મારા હૃદયમાં વેરની વસૂલાત કર્યાની અનેરી મજા ઉત્પન્ન થઈ.

છેલ્લા બે બાકી રહ્યા.

"એહસાન ફારુક, વર્ષ 28, "ચીકના'ના નામથી અંડરવર્લ્ડમાં પ્રસિદ્ધ... 21 મર્ડર, 9 રેપ, 3 વાર ફરાર, ડેન્જરસ ગેંગસ્ટર, છોટા રાજનનો ગનમૅન...." વકીલ વિશેષણોનો ઢગલો બોલીને થાકી ગયા.

મારી આંખો મેં બંધ કરી દીધી હતી. એ વ્યક્તિએ જ મને ગનથી માથા પર વાર કરેલો,. એ દિવસનું સીન મારાં દિમાગમાં ઉપસી આવ્યું.

"મેન ગેંગસ્ટર, ફાંસી..." મારાં મોઢાંથી રડવાના અવાજમાં નીકળ્યું.એક અનેરી શાંતિ મને અનુભવાઈ. "અપેક્ષા! ફક્ત છેલ્લો...હવે હું તને વધારે ટૉર્ચર નહીં કરું."વકીલે કહ્યું.

ઈન્સ્પેક્ટરે એક વ્યક્તિને લાઈટ સમક્ષ લાવી. એના વાળ બહુ વધેલા હતાં. એના મોઢા પર ભયાનક ગભરાટ દેખાતો હતો. એની આંખમાં ભીખ હતી જીવનની.મને એને જોઈને દયા પ્રગટી.

"તેજસ સોલંકી, 28 વર્ષ... આના નામે અપરાધો ઘણા છે. પણ, એ ક્યારેય પણ રંગે હાથ પકડાયો નથી. આ કેસમાં પણ એ સસ્પેક્ટ છે. તારે નક્કી કરવાનું છે. છોડ દીયા જાય,યા માર દીયા જાય." હસતાં હસતાં વકીલે કહ્યું.

"અને હા, CCTV ફૂટેજમાં આ દેખાયો નથી. કેમકે આ જ્યાં પડેલો પોલીસને મળેલો, ત્યાં જ અંધારું હતું. એને કોઈએ જોરથી મિડલ પૉઈન્ટ પર લાત મારેલી હતી અને એ તરફડી રહ્યો હતો," વકીલે ઉમેર્યું.

"આ વ્યક્તિને ગુનેગાર સાબિત કરવા માટે મારા પાસે ફક્ત તારી જુબાની છે, બીજું કંઈ નથી.સો,નાઉ ધ ગેમ ઈઝ યૉર્સ..."

મારી છેડખાની કરવામાં સૌથી પહેલો અને મૅન આ જ હતો. એણે જ મારાં ગુપ્તાંગ પર હાથ મૂક્યો હતો. મેં એને આગળ બોલાવ્યો.

મેં એને હાથ આગળ કરવા કહ્યું. ઈન્સ્પેક્ટરે એનો હાથ આગળ કર્યો. એના ઉપર મારાં દાંતોના નિશાનો મને દેખાયા.મેં એની આંખોમાં જોયું.એની આંખમાં આંસુ હોય એવું મને લાગ્યું. એ પોતાના જીવનની ભીખ માગતો હોય એવું સ્પષ્ટ મને લાગ્યું.

મેં આંખ બંધ કરી. એનો ચહેરો એમાં ઉપસી આવ્યો. એ રાતની આખી ઘટના ફ્લેશ થવા લાગી.મારાં મોઢા પર ગુસ્સો આવ્યો.

અચાનક મને એક બીજો ચહેરો દેખાયો.એક ઊંડો અવાજ મારા હૃદયમાંથી આવતો હોય એવું મને લાગ્યું.એ મને કંઈક કહેવા માંગી રહ્યો હતો.

"આ નિર્દોષ છે. એને છોડી દો." આશ્ચર્ય વચ્ચે મારાં મોઢાંમાંથી શબ્દો સર્યા. ત્યાં બેઠેલાં બધાને આશ્ચર્ય થયું.

"અપેક્ષા! આર યુ સ્યોર" વકીલે પોતાની ભમરો ઊંચી કરીને પૂછ્યું પપ્પા-જૈનમ ઊભા થઈ ગયા.

"હા!" ના પાડવાની મારી શક્તિ જ કોઈએ હરી લીધી હોય એવું મને લાગ્યું.નિરાશા સાથે વકીલ ઊભો થયો. "અપેક્ષા! ફરી એકવાર વિચારી લે."જૈનમે પાસે આવીને કહ્યું. હું ગેંગસ્ટર તેજસ તરફ જ જોઈ રહી હતી. એની આંખોમાંથી અશ્રુઓ ચાલુ થઈ ગયાં હતાં. મેં આંખો બંધ કરી દીધી. મને ઊંઘ આવી ગઈ.

બધાના ગયાં પછી મારી આંખ ખૂલી.જૈનમ ત્યાં જ બેઠેલો હતો.


"અપેક્ષા! તે ખોટું કેમ કહ્યું? મને ખબર છે કે એ.." એ પોતાનું વાક્ય પૂર્ણ કરે એ પહેલાં મેં એને મોબાઈલ આપવાનો ઈશારો કર્યો.

મારું આ વર્તન જોઈને જૈનમને અજુગતું લાગ્યું.

"મારો પ્રશ્ન ટાળ નહીં કેમ..."મેં એક રેકોડીંગ શરૂ કર્યું. અવાજ આવ્યો. ***"ક્ષમાં એ વીરનું આભૂષણ છે...ગુસ્સો કરવો સહેલો છે."***



# Chapter - 8



4/10/2010



I.S.T. 22.30



Bhatia Hospital, Mumbai

**પશ્ચાત્તાપ** અતિવિષમ હોય છે...!

*LED* નો મંદ-મંદ પ્રકાશ મારાં વી.આઈ.પી. રૂમમાં રેલાઈ રહ્યો હતો. એ પ્રકાશમાં હું ગેમ ઑફ થ્રોન્સની નોવેલ વાંચી રહી હતી.

એમ તો મને વાંચવાનું ગમતું નહીં, પણ છેલ્લા થોડા સમયથી સ્વસ્થતા સારી હોવાથી અને બીજું કોઈ ટી.પી. કરવા માટેનું સાધન નહીં હોવાથી મેં નોવેલ વાચવાનું શરૂ કરેલું. એમાં પણ પહેલાં ઈન્ટરસ્ટ નહીં આવતાં જૈનમે મને' ગેમ ઑફ થ્રોન્સ'ની નોવેલ લાવી આપી હતી. હવે તો મમ્મી-પપ્પાએ ફોર્સ કરીને મને નોવેલ છોડાવવી પડતી.

અડધા કલાક પહેલાં જ પપ્પાએ મારાં હાથમાંથી બૂક લઈ લીધેલી, ત્યારે વાઈપર અને જાયન્ટનાં યુદ્ધનું રોમાંચક વર્ણન ચાલી રહ્યું હતું.

"પ્લીઝ પપ્પા! આપોને?" મેં નોવેલ માંગતા કહેલું.

“અપેક્ષા! તું તારો બિલકુલ ખ્યાલ રાખતી નથી..ડૉક્ટરે શું કહેલું છે?"પપ્પાએ બૂક આપવાની મનાઈ કરી દીધેલી. મેં પણ સૂવાનો ઢોંગ કરીને આંખો બંધ કરી દીધેલી.પપ્પાએ મને સૂતેલી જાણીને બૂક મારાં બેડની બાજુમાં રાખેલી. અને લાઈટ બંધ કરી દીધેલી.એ પણ રૅસ્ટ કરવા માટે બેડ પર સૂઈ ગયેલાં.

એમનાં નસકોરાનો અવાજ સાંભળીને મેં ઝાંખા પ્રકાશમાં ફરીથી વાંચવાની શરૂઆત કરી દીધેલી. યુદ્ધ પૂર્ણ થયેલું. પણ મને અંત બિલકુલ

ગમ્યો નહોતો.જાયન્ટ જીતી ગયેલો અને ટાયરન માટે લડનારો વાઈપર મરી ગયેલો.

મેં બૂક બંધ કરી દીધી. આગળ શું થશે એની ઉત્કંઠા તો હતી, પણ ઝાંખા પ્રકાશમાં વાંચવાના કારણે મારી આંખો ખેંચાઈ રહી હતી. હું આંખ મસળીને આંખો બંધ જ કરી રહી હતી કે આંખના ખૂણેથી મારી નજર કોઈક પર પડી. કોઈની છાયા લાઈટના કારણે રૂમમાં પડી રહી હતી.

મારામાં ભયનો પ્રવેશ થયો. મારાં મોઢાં પર પરસેવો થવા લાગ્યો. જાણે કે બૂકમાંથી જાયન્ટ બહાર આવી ગયો હોય એવું મને લાગ્યું. ત્યાં જ મને એ છાયા પાડનારી આકૃતિ દેખાઈ.

બળાત્કારની રાત મને યાદ આવી ગઈ.મેં બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ મારાં મોઢામાંથી અવાજ ન નીકળ્યો. એ આકૃતિ મારા તરફ આગળ વધવા માંડી. ફરીથી મારી સાથે એ કંઈક કરશે એવો ભય મારાં સાડા ત્રણ કરોડ રૂંવાડામાં ઝનઝનવા લાગ્યો. મેં આંખો બંધ કરી દીધી.

"શાંત થઈ જા! શાંત થઈ જા!" અંદરથી અવાજ આવ્યો. હું થોડીક શાંત થઈ. કોઈ અદૃશ્ય શક્તિ મારી સાથે હોય એવું મને અનુભવાયું.

એ આકૃતિ એકદમ પાસે આવી ગઈ. મેં આંખો ખોલી. એ આકૃતિની આંખોમાં મને બળાત્કારવાળી રાતની હેવાનિયત ન દેખાઈ.એમાં અલગ જ દુઃખ દેખાયું.

"અપેક્ષા!" આટલું બોલીને એ આકૃતિ મારી સામે પોતાના ઘૂંટણિયે બેસી ગઈ. એની આંખોમાં આંસુ હતાં. "અપેક્ષા! આઈ ઍમ સૉરી..." એ આકૃતિ જોર-જોરથી રડવા લાગી. ભલભલાના હૃદય ધ્રુજાવી નાંખે એવો એનો વિલાપ હતો. પપ્પા ઊંઘમાંથી જાગી ગયાં.

"મને માફ કરી દે અપેક્ષા! તું મારા માટે આજથી આ ધરતીની સર્વસ્વ છે." એ આકૃતિ બોલી.

**" તમે જે આપશો, એ તમને મળશે. પ્રેમ આપશો, પ્રેમ મળશે, વૈર આપશો, વૈર મળશે."** શાસનદ્રષ્ટાશ્રીજીનું વચન મારાં સ્મરણપથ પર અવતર્યું.

પોલીસને ચકમો આપનારો એક ભયાનક ગેંગસ્ટર આજે મારી સામે બાળક બનીને રડી રહ્યો હતો.

"અપેક્ષા! આજે હું તેજસ સોલંકી, તને બહેન તરીકે સ્થાપિત કરું છું... એ કરતાં પણ વધારે તને હું મા તરીકે સ્થાપિત કરું છું... તે મને સારી

દુનિયામાં આજે જન્મ આપ્યો છે." તેજસમાં આવેલાં પરિવર્તનને જોઈને હું ચકિત થઈ ગઈ.

તેજસે પોતાનાં ખિસ્સામાંથી કટારી કાઢી. મને એને જોઈને ભય ન લાગ્યો. પોતાના અંગૂઠાને કટારી પર તેજસે રાખ્યો.એમાંથી લોહી પડવા લાગ્યું. એણે પોતાનાં લોહીથી મારાં મસ્તક પર તિલક કર્યું.

"આ મારી આજની તારી સાથે બૉન્ડીંગ છે.મારી અપેક્ષા બહેનને જે કોઈ પણ વ્યક્તિ ખરોચ પણ પહોંચાડશે, એનું અસ્તિત્વ આ દુનિયામાંથી હું મિટાવી કાઢીશ, અને બીજું..."પોતાના રૂમાલ પર અંગૂઠો દાબતાં તેજસે કહ્યું.લોહી અનવરત વહી રહ્યું હતું.

"આજથી હું મારાં બધાં ક્રિમીનલ કાર્ય બંધ કરીને તને ગિફ્ટ આપું છું."

ફરીથી પોતાનું મોઢું છુપાવીને તેજસ રડવા લાગ્યો.

નીચે પોલીસનો અવાજ સંભળાયો. મને ખબર હતી કે પપ્પાએ પોલીસને ફોન કરી દીધો હતો. મારે કોને જેલમાં નાંખવાનો હતો. તેજસને?

તેજસનો પશ્ચાત્તાપ જોઈ મારી આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. રૂમની બહાર પોલીસના ભારી બૂટનો અવાજ મારાં કાનોમાં ખીલાની જેમ વાગવા માંડ્યો.



# Chapter - 9

14/4/2010 I.S.T. 8.10 K2 Towers, BKC

## **સરપ્રાઈઝ** અતિવિષમ હોય છે.....!

હોમ...સ્વીટ..હોમ...'આખરે બે દિવસ પહેલાં જ હૉસ્પિટલથી ડિસ્ચાર્જ મળવાના કારણે હું ઘરે આવી ગઈ હતી. 8 મહિના સુધી હૉસ્પિટલની ખીચડી ખાધા પછી ઘરનું ભોજન અમૃત લાગેલું.મારૂં બૉડી ચેક-અપ થયાં પછી બધું નોર્મલ આવતાં મને ડૉક્ટર સિંઘલે'ફીટ' નું લેબલ લગાડી દીધું હતું.

મમ્મી-પપ્પાની એકાદ અઠવાડિયું હૉસ્પિટલમાં રાખવાની ઈચ્છા હોવા છતાં મારી જિધના કારણે એમણે ડિસ્ચાર્જ લેવાનો નિર્ણય લઈ લીધેલો. હવે બધી વસ્તુ પોતાની મેળે કરવા માટે હું સમર્થ હતી. પણ ડૉક્ટરનું સ્પષ્ટ સૂચન હતું કે'વધારે માનસિક કે શારીરિક સ્ટ્રેસ લેવો નહીં.' નહીં તો ફરીથી નર્વસ-બ્રેકડાઉન થતાં કોમામાં જવાના ચાન્સીસ ઊભા હતાં.

આના લીધે મને પપ્પા-મમ્મીએ ચાલવા-ફરવાની પણ ના પાડી દીધેલી.એક સ્પેશિયલ વ્યક્તિ મારાં બધાં કામો માટે રાખવામાં આવી હતી. મને દરરોજની દવા આપવા ઉપરાંત ઘણા બધાં મારાં કાર્યો એ કરતી. જિંદગીભર દવા લેવાની પળોજણ હવે બંધાઈ ગઈ હતી.

અત્યારે હું હૉસ્પિટલનું બિલ જોઈ રહી હતી.1 કરોડ 50 લાખનું બિલ બન્યું હતું.પપ્પા છેલ્લા 8 મહિનાથી મને છોડીને ક્યાંય ગયાં નહોતા. એના હિસાબે એમની સારી જૉબ પણ છૂટી ગઈ હતી. મારાં ઠીક થયાં પછી મેં પપ્પાને કહ્યું હતું, પણ એમની એક લાઈન બાંધેલી હતી.

'હું તને છોડીને ક્યાંય જવાનો નથી.'

ટેન્શનથી મારું મોઢું ગંભીર થયું.પપ્પા મારા રૂમમાં આવ્યાં.

"અપેક્ષા! તું શા માટે ટેન્શનમાં લાગે છે..?" પપ્પાએ મારા મનની કિતાબ વાંચતાં કહ્યું.

"ના પપ્પા! કંઈ નથી..."

પપ્પાએ મારાં હાથમાં રહેલા બિલને જોયું.

"તો".પપ્પા મારી બાજુમાં આવ્યાં.

"તને આનું ટેન્શન છે. એ તો ભરાઈ ગયું છે....."

"પણ, કોણે ભર્યું?" મેં એકદમ દુઃખી થતાં પૂછ્યું.

પપ્પાએ એક સ્લીપ બહાર કાઢી. એના ઉપર હૉસ્પિટલનો ઠપ્પો હતો. એમાં લખેલું હતું.

"પેશન્ટ અપેક્ષા સક્સેના,ઉંમર **15** નું બિલ ભાટિયા હૉસ્પિટલે અપેક્ષા મિરેકલ કેસ હોવાથી ભરેલું છે. કોમામાંથી બહુ જુજ લોકો બહાર આવે છે અને એમાં પણ અપેક્ષાના વિલપાવરને જોઈને બોર્ડ ઑફ ડીરેક્ટર્સે એ ટ્રીટમેન્ટ ફ્રી કરવાનું નક્કી કર્યું છે. બી સેફ.. ગુડ હેલ્થ! "

મને આ નોટ જોઈને આશ્ચર્ય થયું. જૈનમના પપ્પાનો હાથ આમાં હશે એવું મને લાગ્યું. જૈનમને પૂછવાનું મેં નક્કી કરી લીધું.

"હેલો..." મારું ધ્યાન બોલનાર તરફ ગયું.

તેજસ સોલંકી મારા રૂમના દરવાજા પર ઊભો હતો.

"હેપી બર્થ-ડે...? "મારા સોફા પર આવીને બેસતાં તેજસે કહ્યું અને મારા હાથમાં એક ગિફ્ટ મૂકી.

એક સમયનો ગેંગસ્ટર તેજસ આજે પોતાના પપ્પાના ઑટોમોબાઈલના ધંધાને એક અલગ સ્તરે લઈ જવામાં સફળ નીવડ્યો હતો. મારી પાસે માફી માંગ્યા પછીના એક પણ દિવસે એવું નહોતું થયું કે એ મને મળ્યો ન હોય. એ જ્યારે આઉટ ઑફ સ્ટેશન જતો, ત્યારે પણ એ વિડીયો કૉલ કરીને સવારે મારી સાથે વાત કર્યા પછી જ નાસ્તો કરતો. એની આસ્થા ગજબની હતી.

છેલ્લા કેટલાય સમયથી તેજસ મને પોતાના મિત્રોને મળાવવા લઈ આવતો. એણે પોતાની ગર્લફ્રેન્ડ સાથે પણ મને મળાવેલી કે જે બૉલિવુડની એક ઉભરતી હીરોઈન હતી.એના લીધે તેજસના બૉલિવુડમાં ઘણા કૉન્ટેક્ટ હતાં.

"તારો ફેવરેટ હીરો કોણ છે?" તેજસે મને એકવાર પૂછેલું.

"અક્ષય...." મેં કહેલું.

બીજા જ દિવસે તેજસે'સરપ્રાઈઝ' કહીને અંદર પ્રવેશ કરેલો. એની પાછળ રહેલા વ્યક્તિને જોઈને હું ચોંકી ગયેલી.

"કેવી છે સરપ્રાઈઝ?" પોતાની ભમરો ઊંચી-નીચી કરતાં તેજસે મને પૂછેલું.

"અકલ્પનીય..."મારાં મોઢાંથી શબ્દો નીકળેલા.

પછી તો અક્ષયકુમારે મારી સાથે અડધો કલાકનો સમય ગાળેલો અને મારી આખી સ્ટોરી પૂછેલી.

"આના પર તો પિક્ચર બનાવવા જેવી છે." છેલ્લે ઉઠતાં-ઉઠતાં અક્ષયે કહેલું. જતી વખતે મેં તેજસને ટનબંધ થેંક્યુ કહેલું.

મેં મારા હાથમાં રહેલી તેજસની ગિફ્ટ ખોલી. તેજસ ઊંડી આંખોથી મને જ જોઈ રહ્યો હતો. એક પછી એક ઘણાં બધાં ગિફ્ટ પેપર લપેટવામાં આવ્યાં હતાં.10 ગિફ્ટ પેપર મેં કાઢ્યાં. પછી એક નાની ડબ્બી મને દેખાઈ.

મેં એ ડબ્બીને ખોલી. એમાં હૃદયનાં આકારનું લોકેટ હતું, પણ લોકેટ ખોલવાનું કોઈ સ્થાન મને દેખાયું નહીં. મેં આગળ પાછળ લોકેટને જોયું, પાછળની બાજુમાં એક કોયડો લખેલો હતો.

"સંભળાય તો ઘણું બધું છે, પણ જીવંતતા તો આનાથી જ આવે છે. હું કોણ છું ? તમને જોવાની શક્તિ આપું છું.

આ લોકેટને ખોલવા માટે મારું નામ લો.."

બે ક્ષણ પછી લોકેટની સાઈડમાં રહેલું બટન મેં દબાવ્યું અને સ્પીકરમાંથી ઉપરનો કોયડો સંભળાયો. "અક્ષય..."

"સૉરી, તમે ખોટા...છો... ફરીથી ગેસ...કરો..."

મેં અલગ અલગ શબ્દો ટ્રાય કર્યા.પણ બધું નિષ્ફળ ગયું...

મેં વિચાર્યું... મારા મનમાં કોયડો ભમવા લાગ્યો અને અચાનક અંદરથી એક અવાજ આવ્યો...

**"શાસનદ્રષ્ટા..."**

એ શબ્દ મેં લોકેટના સ્પીકરમાં બોલ્યો, લોકેટ ખૂલવા લાગ્યું. લોકેટ ખૂબ જ સુંદર હતું. તેજસના મોઢા પર સંતોષ દેખાઈ રહ્યો હતો.

લોકેટ નોર્મલ લોકેટ નહોતું, પરંતુ ડીજીટલ લોકેટ હતું. એક બાજુ મારાં બાળપણ થી માંડીને અલગ અલગ ફોટાઓ ફ્લેશ થઈ રહ્યાં હતાં

અને બીજી બાજુ કાઉન્ટડાઉન ચાલી રહ્યું હતું. '10' મિનિટ' બાકી હતી.

"આ કાઉન્ટડાઉન કેમ લગાવ્યું છે?" મેં તેજસ સામે જોઈને પૂછ્યું.

“બસ એન્જોય કર અપેક્ષા!” એણે વિશેષ કહ્યું નહીં.

5...4...3...2...1... સ્ક્રીન બ્લેંક થઈ ગઈ. પછી એક આકૃતિ ઉપસવા લાગી. આકૃતિની શરૂઆત જોઈને જ મને ખબર પડી ગઈ કે એ કોણ હતું. છેલ્લે શાસનદ્રષ્ટાશ્રીજીનો ફોટો ઉપસી આવ્યો.

મારા આંખોમાં ભીનાશ આવી ગઈ.

“કેવું લાગ્યું અપેક્ષા?” તેજસે મને પૂછ્યું.

“ઑસમ..”મેં જવાબ વાળ્યો.મારી આંખોમાં બાઝતું પાણી જોઈને તેજસે પૂછ્યું.

“હવે કેમ અશ્રુ...તારી કોઈ ઈચ્છા હોય તો બોલ?”

મેં બીજી સ્ક્રીન તરફ ઈશારો કર્યો.

“મને આમને મળવું છે.”

“ગ્રાન્ટેડ...”એક જ શબ્દ તેજસે કહ્યો.મને સમજાયું નહીં. મેં દરવાજા તરફ જોયું. હું મારો કન્ટ્રોલ ખોઈ બેઠી. હું દોડીને દરવાજામાં ઊભેલી આકૃતિને ભેટી પડી.

/



# Chapter - 10

15/5/2010

I.S.T. 21.00



Grand Hayat, Mumbai

**પાર્ટી** અતિવિષમ હોય છે...!

"સ્મેક ડેટ.... ઑલ ઑન ધ ફ્લોર....સ્મેક ડેટ...ગીવ મી સમ મોર.... સ્મેક ડેટ...." પાર્ટી હૉલને ગજાવતું ઍકોનનું ગીત ચાલી રહ્યું હતું. ઈંગ્લીશ ગીતોમાં મારું સૌથી ફેવરેટ ગીત આ હતું. જૈનમે 5 સ્ટાર હોટલ હયાતમાં ચાલી રહેલા પાર્ટીના ડી.જે.ને રિક્વેસ્ટ કરેલી આ ગીત માટે. ડી.જે.એ રિક્વેસ્ટને ધ્યાનમાં લઈ આ ગીત ચાલું કરેલું.

2 દિવસ પહેલાં જ મારાં મિત્રોએ મળીને મને સરપ્રાઈઝ આપવા માટે આજનો પ્રોગ્રામ ગોઠવેલો. મુંબઈનો આગળ પડતા ડી.જે. એ આજની પાર્ટી રાખેલી. એનાં 15 પાસ મારાં મિત્રો લઈ આવેલા.

છેલ્લાં મહિનામાં મારી શારીરિક + માનસિક રિકવરી બહુ ફાસ્ટ થયેલી. મારું પાવરહાઉસ મારી પાસે હતું. 14 એપ્રિલે મળેલી શાસનદ્રષ્ટાશ્રીજીની સરપ્રાઈઝે ગજબની કમાલ કરેલી. ડૉક્ટરને થોડો સરખો પણ વિશ્વાસ બેસતો નહોતો.

દર વખતે ચેક-અપ માટે જતાં ડૉક્ટરના મોઢાંમાંથી એક જ શબ્દ નીકળતો'અશક્ય.'

3 દિવસ પહેલાં જ મારી બૉડી રિપોર્ટ કરાવતાં બધું જ એકદમ ફીટ આવેલું અને એટલે એ જ દિવસે બૉડી ચેક-અપ માટે સાથે આવેલા જૈનમે બે કલાક પછી મને મૅસેજ કરી દીધેલો.**"ત્રણ દિવસ પછીની પાર્ટી માટે તૈયાર રહેજે."**

મને કોઈ પણ પાર્ટીમાં ગયાંને ખાસ્સો સમય વીતી ગયો હતો. એટલે મેં પણ ના નહોતી પાડી.પછી મમ્મી-પપ્પાને મેં પાર્ટી વિશે કહેલું. એમણે પણ સહર્ષ સંમતિ આપેલી.આપતી વખતે એમનાં મોઢાંમાંથી શબ્દો સરી પડેલા, “તું આટલી બધી જલદી ઠીક થઈ જશે એવો મને વિશ્વાસ જ નહોતો, બૅસ્ટ ઑફ લક..”

આજે વહેલી સવારે ઍપાર્ટમૅન્ટની નીચે આવીને જૈનમે મને ફોન કરેલો. હું સૂતેલી હતી. ફોન વાગતાં ઊંઘમાં ખલેલ પડેલી, પણ જૈનમનો કૉલ જોઈને આનંદ થયેલો.

“હૅલો, ડાર્લિંગ...”જૈનમનો સ્પષ્ટ મીઠાશ ભરપૂર આવાજ સંભળાયેલો. “હું નીચે ઊભો છું... તું બે મિનિટ માટે આવી શકે?" અચાનક આ રીતે આવવાનું કારણ મને સમજાયું નહોતું.

મેં નાઈટ ડ્રેસ પહેરેલો. મમ્મીને કહીને હું એમાં જ નીચે ગયેલી. જૈનમ નીચે રિસેપ્શનડેસ્ક પર ઉભો હતો.

“શું થયું? ટાઈમ દેખાય છે.” મેં નાટકીય ગુસ્સો કરતાં પૂછેલું.

“તું સામે હોય તો મને કંઈ પણ દેખાતું નથી...” એણે હસતાં હસતાં કહેલું.

પછી મને ઈશારો કરીને 'મારી નવી ગાડી જોવા ચાલ.' એ રીતે કહીને એ મને પાર્કીંગમાં લઈ ગયેલો. ત્યાં એક મોટી કાળી ગાડી ઊભી હતી. એના ઉપર 'લિમોઝિન' લખેલું હતું.આટલી મોટી ગાડી મેં જિંદગીમાં પહેલીવાર જોયેલી.

“આ ક્યારે? કેટલામાં ?” પ્રશ્નોની ઝડી મેં જૈનમ પર વરસાવેલી.

એણે કંઈ પણ કહ્યાં વગર ગાડીનો દરવાજો ખોલેલો.

“પ્લીઝ ઍન્ટર મિસ અપેક્ષા...”ગાડીમાંથી અવાજ આવેલો.

હું અંદર બેસેલી.જૈનમ મારી બાજુમાં બેસેલો. પછી ગાડી ચાલવા લાગેલી. .

જૈનમે કોઈકને ફોન લગાવેલો.

“આંટી! હું અપેક્ષાને લઈ જાઉં છું.”

સામેથી કંઈક બોલવાનો અવાજ આવેલો

“આપ એનું ટૅન્શન ન લો...”કહીને જૈનમે ફોન કટ કરી દીધેલો.

પછી જૈનમે એક વ્રેપ કરેલી વસ્તુ મારાં હાથમાં રાખેલી.

મેં એને ખોલેલી. એમાં શૉર્ટ+ ટી-શર્ટ હતાં.

"આ કોના માટે?"મેં પ્રશ્ન કરેલો. "પહેરવા માટે..નાઈટ ડ્રેસમાં તું સારી નહીં લાગે ને..."મારા ગાલ પર સ્પર્શ કરતાં જૈનમે કહેલું.

ગાડીમાં જ મેં ડ્રેસ ચેન્જ કરી લીધેલો. ભલ-ભલી હીરોઈનોને ટક્કર મારે એવું મારૂં રૂપ દીપી રહ્યું હતું.

પછી ગાડી એક રિસોર્ટની બહાર જઈને થોભી હતી. ત્યાં મારાં બીજાં ઘણાં બધાં દોસ્તારો ભેગા થયેલા હતાં. એ બધાનાં હાથમાં એક બોર્ડ હતું.

"વૅલકમ મિરેકલ ગર્લ.."

હું આનંદઘેલી થઈ ગયેલી.જૈનમ મારી સામે જોઈને હસી રહ્યો હતો.

પછી અમે રિસોર્ટમાં બહુ મજા મસ્તી કરેલી.

સાંજે ડિનર વખતે મારાં હાથમાં જૈનમે પાસ રાખેલા.

"હમણાં, આપણે15 જણ અહીંયાં જશું..."જૈનમને મારાં નાચવાના શોખ વિશે ખબર હતી અને એટલે જ એ ડી.જે. ની ટિકીટ લઈ આવેલો.

સ્મેક ડેટ ગીત પૂરૂ થયું. હું થાકી ગઈ હોવાથી એક ટેબલ પર બેસી.

"તું ઠીક છે...?"જૈનમે ટેબલ પર આવીને પૂછ્યું

મેં માથું હલાવ્યું.એટલામાં બાકી બધાં મિત્રો પણ આવી ગયાં.

"એક સ્કૉચ એક બ્રાન્ડી"... મારા એક ફ્રેન્ડે ઑર્ડર આપ્યો.જૈનમને ગમ્યું નહીં. વેઈટર દારૂ લઈને આવી ગયો.સાથે બરફની ટ્રે પણ હતી.

મારા એક  ફ્રેન્ડે દારૂને મિક્સ કરીને બધાના ગ્લાસ ભર્યા.મારા ફ્રેન્ડને ખબર હતી કે અમે બન્ને દારૂ નહોતાં પીતાં, તો પણ એણે અમારા ગ્લાસ પણ ભર્યા.

મેં ના પાડી.

"જો અપેક્ષા! આજે તારે લેવું પડશે. જૈનમ! તારે પણ લેવું પડશે અને ફોર્સ પણ કરવું પડશે... નહીં તો..."ફ્રેન્ડનું મોઢું પડી ગયું.

એને જોઈને જૈનમને દયા આવી. એણે મારી સામે જોયું.

"ચલો, વધારે વિચારો નહીં, આજે પાર્ટી ટાઈમ છે."ફ્રેન્ડે એક ગ્લાસ ઉપાડીને જૈનમને પીવડાવ્યો.બીજો ગ્લાસ મારાં ગળાથી નીચે ઉતાર્યો.મારૂં માથું ભમવા લાગ્યું. છેલ્લા કેટલાય સમયથી મેં એક પણ નશો કર્યો નહોતો.

ડી.જે.એ લવનાં ગીતો વગાડવાની શરૂઆત કરી. જૈનમ મારી સાથે ડાન્સ કરવા લાગ્યો. મારા પગ લથડતા હતાં, પણ ડાન્સની મજા જ અલગ હતી.

કોઈ પણ પ્રેમીને બેબસ કરી દે એવું ગીત ડી.જે.એ ચાલું કર્યું. અમે એક બીજામાં ઓતપ્રોત થઈ ગયાં. અમારો રાગ પરાકાષ્ઠાએ પહોંચ્યો. જૈનમ અમે બે આવીએ છીએ' એવો ઈશારો કરી મારો હાથ પકડી મને હયાતના ડિલક્સ રૂમમાં લઈ ગયો. એની પાસે એ રૂમની ચાવી તૈયાર હતી.

હું એને ચોંટીને ઊભી હતી.અમે રૂમમાં પ્રવેશ્યા.જૈનમે દરવાજો બંધ કર્યો.

દારૂના નશા સાથે અમે માનવીય સુખોમાં તલ્લીન થઈ ગયાં. જિંદગીમાં પહેલીવાર મેં મારૂં કૌમાર્ય ખોયું.



# Chapter - 11

**16/5/2010**

**I.S.T. 6.00**

Grand Hayat,
Mumbai

**REALISATION** અતિવિષમ હોય છે..!

મારું માથું ભમી રહ્યું હતું. મેં આજુબાજુ જોયું.જૈનમ મારી બાજુમાં સૂતો હતો. મેં ધીમેથી એનો હાથ દૂર કર્યો. એ થોડુક હલ્યો,પણ ઉઠ્યો નહીં.

*'હું ક્યાં છું?"*

મેં આજુબાજુ જોયું.સામે દીવાલ પર ' વેલકમ ટુ ગ્રાન્ડ હયાત' લખેલું હતું. મને કાલની રાત્રિ યાદ આવી.

*'પણ હું આ રૂમમાં આવી ક્યાંથી?'* મેં દિમાગને કસ્યું. કંઈપણ યાદ આવ્યું નહીં. એટલી ખબર હતી કે મેં દારૂ પીધેલો. હું બેબાકળી થઈ ગઈ. મેં બ્લેંકેટ દૂર કર્યું. મેં મારા પગ તરફ જોયું. પછી મને ખ્યાલ આવ્યું કે શું થયું છે?

મને પહેલીવાર દેખાયું કે હું નિર્વસ્ત્ર હતી. હું બૂમ પાડવાની હતી, પણ જૈનમની ઊંઘે મને રોકી લીધી.

મારી આંખોમાંથી અશ્રુઓ ટપકવા લાગ્યાં.

*"મેં મારું કોમાર્ય ખોઈ કાઢ્યું. બાપ રે! આ શું થઈ ગયું?જો મારાં પેટમાં ગર્ભ રહી ગયો તો?"* વિચારોના આવેગના લીધે હવે ભય પ્રવેશ્યો.

મેં લેમ્પ ચાલુ કર્યો.બાજુમાં મને ફર્સ્ટ એઈડ બૉક્સ દેખાયું.મેં ફટાફટ એ બૉક્સને ખોલ્યું અને બેડ પર ખાલી કરી દીધું.એમાં હું એક દવા શોધવા લાગી.બાજુમાં રહેલો પાણીનો ગ્લાસ મેં ભર્યો. જૈનમ તો નિરાંતે ઊંઘી રહ્યો હતો.

*"આણે મારી સાથે કેમ આવું કર્યું?"* મને અચાનક ગુસ્સો આવ્યો.

*"પણ, તું પણ એમાં સાથે હતી અપેક્ષા! જે થયું છે એ એકલાથી થાય એવું નથી..."* અંદરથી અવાજ આવ્યો.મને મરી જવાની ઈચ્છા થઈ ગઈ.

મને ગોળી મળી ગઈ. મારાં હાથમાં રહેલી ગોળી મેં પાણીની સાથે ગટગટાવી દીધી. મને થોડાં વર્ષો પહેલાં ઘટેલી ઘટના યાદ આવી.

મારી જૂની મમ્મી અને મારામાં મને સમાનતા દેખાઈ.

મેં છેલ્લીવાર ગોળીના કાગળને રડતી આંખે જોયું અને એને બારીની બહાર ફેંકી દીધું. મારાં પર આજે બે મોટાં કલંક લાગી ગયાં હતાં, હત્યારી+વ્યભિચારિણી..

મેં બહાર ફેંકેલા દવાના કાગળના 5 અક્ષર વારંવાર મારી સામે ઉપસવા લાગ્યાં..

I-PILL..


My Note
5



# Chapter - 1



18/5/2010

I.S.T.10.30

Dadar, Mumbai

**CONFESSION** અતિવિષમ હોય છે.......!

"પ્લીઝ મ.સા. ! પ્લીઝ.પ્લીઝ...મને બચાવી લો..."જૈન ભવનને ગજાવી નાંખે એટલા જોરજોરથી હું રડવા લાગી. બધાં સાધ્વીજી ભગવંતો મારી તરફ જોવાં લાગ્યાં.

શાસનદ્રષ્ટાશ્રીજી ત્યાંથી ઉઠ્યાં અને મને રૂમમાં લઈ ગયાં.મારું રડવાનું સતત ચાલું જ રહ્યું.

"શાંત થઈ જા અપેક્ષા! શું થયું?" મારાં મસ્તક પર હાથ ફેરવતાં ફેરવતાં શાસનદ્રષ્ટાશ્રીજીએ પૂછ્યું. "હવે મને કોઈ નહીં છોડાવી શકે. હું પહેલાં મરી ગઈ હોત, તો સારું થાત.."હજી જોરથી રડતાં રડતાં મેં કહ્યું.

"પણ થયું શું છે?" દૃઢતા સાથે મારી રિકવરી કરાવનારે પૂછ્યું.

હું થોડીક શાંત થઈ. ત્રણ દિવસ પહેલાં ઘટેલી પાર્ટીની આખી ઘટના મેં એમને સંભળાવી. એમનાં મોઢાના ભાવ પથ્થરની જેમ એકદમ સપાટ રહ્યાં. જ્યારે કોઈ મારી મોટી ભૂલની વાત આવી, તો એમણે હલકું સ્મિત કર્યું. મને સ્મિત જોઈને આશ્ચર્ય થયું.

*"શું એમને કોઈ અસર થતી નથી?"* મારા મનમાં વિચાર સ્ફૂર્યો. કદાચ આ જ વિશેષતા મને એમના પ્રતિ આકર્ષિત કરતી હતી. શાસનદ્રષ્ટાશ્રીજી સામેવાળાને એકદમ હળવાશની અનુભૂતિ કરાવતા.

"છેલ્લા બે દિવસથી હું સૂઈ શકી નથી, મારી લાઈફ!" મેં મારી આખી ફાઈલ શાસનદ્રષ્ટાશ્રીજીની સામે ખુલ્લી કરી દીધી. બે મિનિટ સુધી

એ કંઈપણ બોલ્યાં નહીં.

"અપેક્ષા! જો..મિસ્ટેક્સ તો જીવનમાં સતત થયાં જ કરે..પણ એનું પુનરાવર્તન ન જ થવું જોઈએ...અને આપણા શાસ્ત્રોમાં દરેકે દરેક પાપને દૂર કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. એટલે તું ટૅન્શન ન લે. લીવ-ફ્રી..."મીઠાશ ભરપૂર શબ્દોએ મારાં હૃદયમાં અમૃતનું સીંચન કર્યું. મારો થોડો ભાર ઓછો થયો.

અચાનક શાસનદ્રષ્ટાશ્રીજી ઉઠ્યાં અને રૂમની બહાર ગયાં. હું ત્યાં જ બેસેલી છતાં મારાં કાળાં કરતૂતોને વખોડી રહી હતી.

મારો ફોન ફ્લૅશ થવા લાગ્યો. જૈનમનો ફોન હતો. છેલ્લા બે દિવસથી મેં એનો એકેય ફોન ઉપાડ્યો ન હોતો. એકવાર તો એ ઘરે પણ આવ્યો હતો.પણ ઘરે રહેલી કામવાળીને મેં 'હું ઘરે નથી' એમ કહી દેવાનું કહી દીધું હતું.એના સાથે ફોન પર વાત કરવાની ઈચ્છા જ થતી નહોતી.

શાસનદ્રષ્ટાશ્રીજી અંદર આવ્યાં.

"અપેક્ષા! આ બૂક લે..આને વાંચવાથી તને બહુ શાંતિ મળશે..અને ક્યારેય પણ તું ડિપ્રેસ થાય, તો આવી જજે." પ્રેમભરી દ્રષ્ટિથી શાસનદ્રષ્ટા મને જોતાં રહ્યાં.

"આવું ખરાબ કામ કર્યા પછી પણ આપને મારાં માટે કંઈ પણ ખરાબ વિચાર આવતો નથી?" મારા મનમાં રમી રહેલો પ્રશ્ન મેં આખરે પૂછી લીધો.

"અપેક્ષા! એક વાત ધ્યાન રાખજે... દુનિયા આ રીતે જ ચાલે છે.આપણે દુનિયાથી અલગ ચાલીએ, તો જ આપણે કંઈક બની શકીએ. ભગવાને મને તારા જેવા કેટલાય જીવોને કંઈક ખાસ બનાવવા માટે મોકલી છે. અને હું તો મારાં ભગવાને મને આપેલો ટાસ્ક પૂર્ણ કરવાનો જ પ્રયત્ન કરું છું.મને આજની જનરેશનના પ્રૉબ્લેમ્સ ખબર જ છે. એટલે મને એ વસ્તુઓમાં ક્યારેય આશ્ચર્ય થતું નથી.

અને બીજું દરેક આત્મા પોતપોતાનાં કર્મોને વશ હોય છે કે જેમ તું એ દિવસે દારૂને વશ હતી.....એટલે, એ નહીં વિચારતી કે 'લોકો મારાં માટે શું વિચારે છે,' પણ વિચારજે કે "હું મારાં માટે શું વિચારું છું." શાસનદ્રષ્ટાશ્રીજીએ મારામાં વચનોથી શક્તિપાત કર્યો.

હું રિફ્રેશ થઈ હોઉં એવું અનુભવાયું.


"અને..." રૂમની બહાર નીકળતાં નીકળતાં શાસનદ્રષ્ટાશ્રીજીએ

મને કહ્યું....

“આ બૂક વાંચવાની ભૂલતી નહીં... એ ખજાના કરતાં પણ મહાન છે...”



# Chapter - 2



19/5/2010



I.S.T. 22.30



K2 Tower, BKC

**અનુભૂતિ** અતિવિષમ હોય છે...!

મેં કન્ફેશન ઈંગ્લીશ બૂકનું 12મું પાનું ઉથલાવ્યું. અડધા કલાક પહેલાં જ મારાં મનને ઘણું સમજાવીને અને શાસનદ્રષ્ટાશ્રીજીના વચનને યાદ કરીને મેં આ બૂક વાંચવાની ચાલુ કરેલી. એક ઈન્ટરસ્ટીંગ સ્ટોરી ચાલી રહી હતી.

“તારા હાથ કપાયેલા હતાં કે તું આ છાબડીમાં પડેલું ભોજન લઈ નહીં શક્યો."મમ્મીએ દીકરાને કહ્યું. બન્ને કન્ફેશન કર્યા વગર મરી ગયાં.

"આગળના ભવમાં.. "મારું ધ્યાન બૂકમાંથી વિચલિત થયું.

“અપેક્ષા...” મને બૂમ સંભળાઈ. કોઈ બોલાવતું હોય એવું મને લાગ્યું. હું બૂક બંધ કરીને 5 મિનિટ ત્યાં જ બેઠી રહી. ફરીથી બૂમ સંભળાઈ નહીં.મેં ફરીથી બૂક ખોલી અને વાંચવા લાગી.

“એ મા અને દીકરો આગળના જન્મમાં પતિ-પત્ની બન્યાં. "સ્ટોરી આગળ ચાલી. થોડાં ઘણાં પાનાં વાંચ્યા પછી મેં બૂક બંધ કરી.મેં ઘડિયાળ તરફ જોયું. રાતના 11.30 વાગી ગયાં હતાં. દોઢ કલાક કઈ રીતે પસાર થયો એ જ મને ખબર નહોતી પડી.

મેં મોબાઈલ તરફ જોયું.25 મિસ્ડ કૉલ્સ એમાં દેખાઈ રહ્યાં હતાં. એમાંથી 15 જૈનમના હતાં.5 પપ્પાના હતાં કેમકે પપ્પાને નવી જોબ મળી ગઈ હતી. અને એ જોબના ક્રાઈટેરિયા પ્રમાણે એમણે 15 દિવસ બહારગામ મીટિંગ માટે જવું પડતું.

મેં મારો ફેસબુક અકાઉન્ટ ચેક કર્યો. એમાં ઘણી બધી પોસ્ટ્સ આવેલી હતી. હું સ્ક્રોલ કરીને જોવા લાગી. આજે મારી ફ્રેન્ડ નીશાનો બર્થ-ડે હતો. એટલે મારાં બધાં મિત્રો એની પાર્ટીમાં મને દારૂની બોટલ સાથે દેખાયા.

હું એ પાર્ટીમાં નહોતી ગઈ. અને મને ફોન પણ આવ્યો નહોતો કેમકે મેં જૈનમ સિવાયના મારાં બધાં ફ્રેન્ડ્સનાં નંબર બ્લૉક કરી દીધાં હતાં.મારો સંપર્ક સાધવા માટે નીશાએ ઘણી ટ્રાય કરેલી,પણ મારાં ઘરના નંબરને પણ મેં એંગેજ કરી દીધો હતો. મારે ફરીથી એ પાપી મિત્રોને મળવું જ નહોતું.

મેં દારૂની બોટલ સાથે મારાં ફ્રેન્ડ્સના ફોટોને પોસ્ટ કરનાર વ્યક્તિનો અકાઉન્ટ બ્લૉક કરી દીધો. મારા ફ્રેન્ડલિસ્ટમાંથી મેં એને કાઢી નાંખ્યો.હવે મને આ બધી વસ્તુથી ધૃણા થઈ ગઈ હતી.

મેં આગળ મારાં વૉલ પેજને સ્ક્રોલ કર્યું. સ્ક્રોલ કરતાં એક નવાં ગ્રુપની ઍડવર્ટાઈઝમેન્ટ મને દેખાઈ. એમાં લખેલું હતું,

## "CONFESS... A WAY OUT OF THE MESS..."

મેં એ ઍડમાં આપેલાં 'જોઈન ગ્રુપ' ના ઑપ્શન પર ક્લીક કર્યું. એ પેજના ઍડમીને મને ઑટો ઍડ કરી દીધી. પેજ પર અલગ અલગ વ્યક્તિઓના જીવનમાં આવેલા કન્ફેશનના ફાયદાઓ પોતાના અનુભવ રૂપે લોકોએ લખેલા હતાં.

હું એક એક વસ્તુ વાંચતી ગઈ અને ' તારા જેવા કેટલાય જીવોને રાહ દેખાડવા માટે 'એ શાસનદ્રષ્ટાશ્રીજીનું વાક્ય મારાં સ્મૃતિપટ પર આવ્યું.

આ ગ્રુપમાં ડ્રગઝ એડીક્ટથી માંડીને ખૂન કરનારાઓની સ્ટોરી પોસ્ટ કરવામાં આવી હતી. એક વ્યક્તિએ સાત મર્ડર કરેલાં, પણ એ ખૂનોને સાબિત કરવા માટેના સબૂત પોલીસ પાસે નહોતાં.

એકવાર મર્ડર કરવા માટે નીકળતી વખતે એ ખૂનીની પત્નીએ એને રોક્યો.એક ઝાટકા સાથે ખૂનીએ એની પત્નીને સાઈડમાં નાંખી હતી. પત્નીનાં માથા પરથી લોહી નીકળવા માંડ્યું હતું. ત્યારે એની પત્નીએ એક વાક્ય ઉચ્ચારેલું,

'તમે જેનું ખૂન કરવા જાઓ છો, એની પત્નીની જગ્યાએ હું હોત,

તો તમે શું કરત? તમારાં આ કારનામાઓથી હું સદા ભયમાં જ રહું છું.'

આ એની પત્નીનું વાક્ય એ ખૂનીને લોખંડના ઘાની જેમ વાગ્યું હતું. એના પગ ત્યાં જ જડી ગયાં હતાં. એના પછી એના જીવનમાં પરિવર્તન આવેલું અને આજની તારીખમાં એ'મુનિ મહાબલ વિ.મ.સા.' હતાં.

એમનાં નામની બાજુમાં એમનો ફોટો કોઈકે પોસ્ટ કરેલો. હું વાંચતી ગઈ અને રડતી ગઈ. હું પેજના અંતમાં આવી. ત્યાં એક પોસ્ટર પોસ્ટ કરવામાં આવેલો.એમાં એક વ્યક્તિની આંખોમાંથી આંસુઓની ધાર નીકળતી બતાવવામાં આવેલી હતી. એની નીચે ઈંગ્લીશમાં લખેલું હતું.

**'SINS ARE SINS, SINCE NOT CONFESSED, AFTER SINCE THEY ARE NOT SINS...'**

નીચે એક સેમિનાર કે જે ત્રણ દિવસના પછી થવાનો હતો,એનું સ્થળ, સમય વગેરે લખેલું હતું.એના નીચે એક નામ લખ્યું હતું ઓરેટરનું.

એ નામને હું 15 મિનિટ સુધી એકાગ્રતાથી જોતી રહી.એ નામમાં એક અકથ્ય આકર્ષણ હતું. એ નામ હતું,

**"ભવનિસ્તારક..."**



# Chapter - 3



22/5/2010

I.S.T. 9.00

Birla Matushree Auditoriam, Mumbai

**PRESENTATION** અતિવિષમ હોય છે.......!

ભવનિસ્તારક...!!!

એક સુદૃઢ, 500 ઘોડાની શક્તિ જેમાં ધરબાયેલી દેખાય એવા રુપવાન, હેન્ડસમ વ્યક્તિત્વવાળા પુરુષ! સૉરી પુરુષ નહીં, પણ સાધુ! 9 વાગીને 05 મિનિટ મારી રોલેક્સ ઘડિયાળમાં વાગ્યાં હતાં.

એ દિવસે સ્ક્રૉલ કરતાં કરતાં મારી આંખો આ જ શબ્દ પર અટકી ગયેલી. આવું નામ મેં પહેલીવાર સાંભળેલું, પણ એ નામમાં ગજબનો જાદુ હતો.

પછી મેં યુ-ટ્યુબ વગેરે સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ ઉપર આ નામ સર્ચ કરેલું. ફેસબુક પર એ નામનું પેજ કેટલાક લોકોએ ભેગા થઈને બનાવેલું.એમાં એ ભવનિસ્તારકના મોટીવેશનલ સુવાક્યો નાખવામાં આવેલાં.

મેં એક એક સુવાક્યોં વાચેલાં.બધાં એકદમ હાર્ટ-ટચીંગ હતાં.મેં એમનો અવાજ કોઈ જગ્યાએ મળી જાય એ માટે આખું ઈન્ટરનેટ ફેંદી કાઢ્યું હતું.પણ, મને સફ્ળતા મળી નહોતી.

એમ સ્ક્રૉલ કરતાં કરતાં એક 5 વરસ જૂની આઉટડેટેડ વેબસાઈટ પર મને કંઈક મળી આવેલું. ત્યાં પ્લેનાં બટન પર મેં ક્લીક કરેલું અને એક ગજબના આકર્ષક અવાજે મારાં પર પકડ જમાવી લીધેલી. મેં એ 10 મિનિટની સ્પીચ 5 વાર સાંભળેલી અને નક્કી કરી લીધેલું,

*"મને આમના સેમીનારમાં જવું છે..."*

મેં ફરી એ પોસ્ટરવાળા પેજ પર જઈ એમાં ઑનલાઈન રજીસ્ટર કરી દીધેલું. રજીસ્ટરેશન માટે 50 રૂપિયા ભરવાના હતાં.મેં બૅન્ક અકાઉન્ટનો નંબર નાખી એ પૈસા ભરી દીધેલાં.

મની ટ્રાન્સફરનું ટ્રાન્સેક્શન થયાં પછી હજી એક ભવનિસ્તારકનું સુવાક્ય આવેલું...

***" જે વસ્તુ ફ્રીમાં હોય, એની કિંમત પણ ફ્રી જેવી જ હોય છે. એટલે દરેક વસ્તુ માટે પે કરો."***

હું એમની રજુઆત જોઈને છક થઈ ગયેલી. મારાં મોબાઈલ પર 5 મિનિટ પછી ઑનલાઈન પાસ આવી ગયેલો. એમાં સ્થલ તરીકે ' બિરલા માતુશ્રી હૉલ' લખેલું હતું. અને ટાઈમની જગ્યાએ ' 9.00 am. A.T ' લખેલું હતું.

મને A.T.નહીં સમજાતાં મેં પોસ્ટરના પેજ પર A.T નો અર્થ પૂછેલો.પળવારમાં જ જવાબ આવી ગયો હતો, 'અમેરિકન ટાઈમ...' આગળ સ્માઈલ કરતી મિલીનો પીક પોસ્ટ કરવામાં આવેલો.મારાં મોઢાં પર હલકી મુસ્કાન આવેલી.

મેં પહેલીવાર કોઈ વ્યક્તિનો આટલો સીસ્ટમૅટિક અપ્રોચ જોયો હતો.પછીના દિવસો મહામુશ્કેલીમાં પસાર થયાં હતાં.ગળા સુધીની ઉત્કંઠા ભવનિસ્તારકને જોવાની થઈ ગઈ હતી.

એ દિવસો દરમ્યાન હું શાસનદ્રષ્ટાશ્રીજીને પણ મળવા ગયેલી. વાતમાંથી વાત નીકળતા ભવનિસ્તારક વિશે મેં વાત કરેલી.

એ નામ સાંભળતાં જ એમનાં મોઢાં પર ચમક આવી ગયેલી,જાણે કે પોતે ભવનિસ્તારક સાથે કોઈ રીતે જોડાયેલા હોય એવા ભાવ એમનાં મોઢા પર દેખાઈ રહ્યાં હતાં.

"આપ એમને ઓળખો છો?" મેં ધીમા સ્વરે પૂછેલું.

" હા.." એમનો ઉત્તર સંભળાયેલો.

" બટ હાઉ ?"

" એ અમારા ગ્રુપના જ મહાત્મા છે. એ યંગ જનરેશન માટે રોલ મોડલ છે. એ જહાજ માટે ઍન્કર જેવા છે, લૉસ્ટ માટે લૅમ્પ જેવા છે. એમની વાતો તમે એમનાં પોતાનાં મોઢેથી સાંભળો તો જ વધારે મજા આવશે અને એ કરતાં પણ વધારે એ મારાં પણ રોલ મોડલ છે."

મને શાસનદ્રષ્ટાશ્રીજીની વાત સાંભળીને બહુ આશ્ચર્ય થયું હતું. જેમને શાસનદ્રષ્ટા જેવી વિભૂતિ રોલ મોડલ માનતી હોય, એ કેવી હશે?

એ દિવસ પછી મારી ઊંઘ ઉડી ગઈ હતી. સતત ભવનિસ્તારકની જ કલ્પનાઓ દિમાગમાં ચાલતી. એક દિવસ પહેલાં મારાં મોબાઈલ પર સવારે 9 વાગે મેસેજ આવેલો.

## 'GET READY FOR THE SESSION...24 HRS TO GO..."

હું આજે સવારે ઉઠેલી...સૉરી હું તો રાત્રે સૂતી જ નહોતી.પછી મારાં આવશ્યક કાર્યો પતાવી અડધા કલાક પહેલાં ઘરેથી નીકળી હતી. કોઈપણ હિસાબે મારે લેટ પડવું નહોતું.

હું અડધા કલાક પહેલાં જ સેમિનાર હૉલમાં પહોંચી ગઈ હતી. હૉલની બહાર એક મોટો ફ્લેક્સ લગાવવામાં આવ્યો હતો. એના પર ફક્ત 3 શબ્દો લખવામાં આવ્યાં હતાં.

**STRESSED???**
**THEN ENTER...** Enter ↵

એમની રજુઆતે ફરી એકવાર મને હચમચાવી નાંખી હતી.

***'આવા આઈડીયાઝ ક્યાંથી આવતા હશે?*** મારાં મનમાં પ્રશ્ન ઉઠેલો.

ગેટ બંધ હોવાના કારણે હું 10 મિનિટ બહાર ઊભી રહી હતી. ત્યાં સુધી સફેદ કપડાં પહેરેલા ઘણા બધાં યંગ લોકો ત્યાં આવી ગયાં હતાં.ગેટ ખૂલતાં જ મૅનેજમૅન્ટના લોકો બહાર આવેલા અને બધાને પ્રવેશ કરવાનું કહ્યું હતું.

કોઈપણ ધક્કામુક્કી વિના બધાં એક લાઈનમાં ઍન્ટર થયાં હતાં. એક અલગ જ ડીસીપ્લીન ભવનિસ્તારકે આ યુવાનોમાં ઉત્પન્ન કરેલું હતું, જે આ એજગ્રુપ માટે અશક્ય જેવું છે.

"વૅલકમ સિસ્ટર અપેક્ષા..." એક મૅનેજમૅન્ટના વ્યક્તિએ મારો ઑનલાઈન પાસ ચેક કર્યા પછી મને કહ્યું હતું. એણે મને મારી સીટ તરફ

ઈશારો કર્યો હતો. હું ત્યાં જઈને બેસી ગઈ હતી. એ.સી.ચાલુ નહોતું. પણ એની ઠંડક મને અનુભવાતી હતી. ભવનિસ્તારક એ.સી.નો વપરાશ નહોતાં કરતાં. એમના શબ્દો જ એ.સી.હતાં.

આખા હૉલમાં આટલા બધા લોકોની અવર-જવર હોવા છતાં પીન-ડ્રૉપ સાઈલેન્સ હતું, બધી પ્રક્રિયાઓ એકદમ શાંત હતી. હું જાણે કે શાંત દુનિયામાં પહોંચી ગઈ હોઉં એવું મને લાગતું હતું.

9 વાગ્યે બરાબર ભવનિસ્તારકની ઍન્ટ્રી થયેલી. એમની સાથે 5-6 એકદમ હેન્ડસમ યંગ છોકરાંઓના "ત્રિશલા નંદન વીરકી...જય બોલો મહાવીર કી.."ના અવાજથી આખું ઑડીટોરિયમ ગુંજી રહ્યું હતું.

પછી એક મોટાં સ્ટૅન્ડ પર ભવનિસ્તારક પોતે બેઠા હતાં. ત્યારે એમનું વ્યક્તિત્વ જોઈને હું છક રહી ગઈ હતી. બધાએ ભેગા મળીને ભવનિસ્તારકને જૈન સ્ટાઈલમાં વંદન કરેલાં.મને નહીં આવડતાં હોવાના કારણે હું એમને એમ જ ઊભી રહેલી. મારું લક્ષ્ય ફક્ત ભવનિસ્તારકના શરીર પર જ કેન્દ્રિત હતું. વારંવાર મને એક જ પ્રશ્ન મનમાં ઊઠી રહ્યો હતો.

*"ભવનિસ્તારકે જૈન સંન્યાસ (દીક્ષા) કેમ સ્વીકાર્યો?"*



# Chapter - 4

22/5/2010

I.S.T. 9.10

Birla Matushree,
Auditoriam,
Mumbai

**TREASON** અતિવિષમ હોય છે....

"એક યંગમૅન..."ભવનિસ્તારકનો માઈક વગરનો અવાજ એકદમ સ્પષ્ટ રીતે 1200 લોકોના કાનોમાં ગુંજી રહ્યો હતો. આખા ઑડીટોરિયમમાં સંપૂર્ણ શાંતતા હતી.

"એનો જન્મ બહુ વિચિત્ર પરિસ્થિતિમાં થયો હતો...એની મમ્મી મુસાફરી કરી રહી હતી.યંગમૅન પેટમાં હતો. ટ્રેનમાં એની મમ્મીને પ્રેશર ઉપડ્યું. એ ઈન્ડીયન રેલ્વેઝના બાથરૂમમાં ગઈ. ગંદકીનો કોઈ પાર નહોતો. પણ બીજો વિકલ્પ પણ નહોતો. એની મમ્મી ઈંન્ડિયન સ્ટાઈલ્ડ ટૉઈલેટમાં બેઠી.ગાડી ચાલી રહી હતી. મમ્મીએ પ્રેશર આપવાનું ચાલુ કર્યું. ભયંકર પીડા મમ્મીને થઈ રહી હતી." બે ક્ષણો માટે ભવનિસ્તારક થોભી ગયા.

"અને ત્યાં જ એની મમ્મી એને જન્મ આપીને બેહોશ થઈ ગઈ.10 મિનિટ થવા છતાં યંગમૅનની મમ્મી બહાર ન આવી, એટલે એના પપ્પાને ટૅન્શન થયું.એ બાથરૂમના પાસે જઈ યંગ મૅનની માનું નામ ચિલ્લાવા લાગ્યાં. કોઈ રિસ્પૉન્સ નહીં.

યંગમૅનના પપ્પાએ દરવાજા પર ખટખટાવ્યું. કોઈ રિસ્પૉન્સ નહીં.પપ્પાથી રહેવાયું નહીં. એટલે એમણે બાથરૂમનો દરવાજો તોડી નાખ્યો. ત્યાં જ મમ્મી બેહોશ પડેલી હતી. એના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું.

પપ્પાએ લોહીનું કારણ શોધ્યું. તો ખબર પડી કે મમ્મીનો ઍમ્બ્રોઈકલ કૉર્ડ બહાર હતો અને તૂટી ગયો હતો. પપ્પા પર વીજળી પડી હોય એ રીતે એ સન્ન રહી ગયો.

'મારું બાળક...મારું બાળક.'કહીને એ બાથરૂમમાં પોતાના વારસદારને શોધવા લાગ્યાં.એનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. થોડા લોહીના ડાઘા કમોડ પર દેખાયાં.

યંગમૅનના પપ્પા ફટાફટ બધું સમજી ગયાં.એ દોડ્યા અને ગાડીને રોકવાની ઈમરજન્સી ચેઈન ખેંચી. ફૂલ સ્પીડમાં રહેલી ગાડી એકદમ અટકી ગઈ.

યંગમૅનના પપ્પા બાથરૂમમાં ભાગ્યા અને ત્યાં ઊભેલા લોકોની મદદથી પોતાની પત્નીને એક સીટ પર સૂવડાવી દીધી.

1-2 વર્ષની જેલ યા 1500 રૂપિયાનો દંડ યા બન્નેને લેવાવાળા પોલીસ આવી પહોંચ્યા.પોલીસ કોઈ પ્રશ્ન કરે એ પહેલાં યંગમૅનના પપ્પા જ પોલીસ સામે પોતાની સ્ટોરી રજુ કરવા લાગ્યાં.

"મારું બાળક આ ટ્રેનના બાથરૂમના કમોડમાંથી ટ્રૅક પર નીચે પડી ગયું છે.પ્લીઝ, મને એને શોધવામાં મદદ કરો." પપ્પાએ આજીજી કરી.

પોલીસ ઈન્સ્પેક્ટરનું હૃદય કોમળ હતું. એ તૈયાર થઈ ગયો. રાત્રે 10.00 વાગે તેઓ ટ્રૅક પર યંગમૅનને શોધવા લાગ્યાં.

ટોર્ચલાઈટના સહારે 20 કિ.મી. દૂર જતાં કવર વગરના પાર્સલ જેવો નાનો, રડતો, લાલ બાળક એમને ઘણા શોધ્યા પછી મળ્યો.એના પપ્પાએ એને હાથમાં લીધો.એની પીઠ આખી ચગદાઈ ગઈ હતી અને એમાં ઊંડો ઘા પડી ગયો હતો.." બધાં લોકો સંપૂર્ણ એકાગ્રતા સાથે સાંભળી રહ્યાં હતાં. ભવનિસ્તારકે આગળ ધપાવ્યું...

"એ મોટો થતો ગયો.એનાં શરીરને સાચવવા માટે પપ્પાએ કરોડો રૂપિયાનો ખર્ચો કરી નાખ્યો. યંગમૅનના પપ્પાના 10 ભાઈ- બહેનોના ફૅમિલીમાં એક માત્ર છોકરો યંગમૅન હતો. અને એ પણ 4 બહેનો ઉપર થયેલો. એટલે સો ટકા એના પર બધાનો પ્રેમ વધારે પડતો હતો.

કોઈ પણ વસ્તુનો અતિરેક જ્યાં થાય, ત્યાં એ વસ્તુ બગડવા લાગે. જેમ જેમ યંગમૅન મોટો થતો ગયો, તેમ તેમ એની દરેક ઈચ્છા પૂર્ણ થતી ગઈ. અરે, કોઈ યંગમૅનને કંઈ કહી પણ દે, તો એ બિચારાની

વાટ લાગી જતી.એના કારણે યંગમૅનની ઉચ્છૃંખલતા વધતી ગઈ..." મને 'ઉચ્છૃંખલતા' શબ્દનો અર્થ સમજાયો નહીં.

"એ આઉટ ઑફ કન્ટ્રોલ થઈ ગયો. કૉલેજમાં આવ્યો. દર બીજા દિવસે પાર્ટીમાં જવા લાગ્યો. ત્યાં દારૂ અને ડ્રગ્ઝ તો સામાન્ય થઈ ગયાં હતાં. એકનો એક હોવાથી મમ્મી-પપ્પા એને પ્રેમથી સમજાવતા,પણ રીઝલ્ટ શૂન્ય!

કહેવાય છે કે "લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે." અને એક દિવસ કુદરતે યંગમૅનને એક જોરદાર લાત મારી.

પાછળ ઈન્ટરવલની બૅલ વાગી.મેં ઘડિયાળમાં જોયું.1કલાક પૂરો થઈ ગયો હતો. બધાંનાં મોઢામાંથી'ઓહહહ.' નીકળ્યું. એકદમ સસ્પેન્સ સ્પૉટ ઉપર બૅલ વાગી હતી. ભવનિસ્તારકની સ્પીચની સ્ટાઈલ એટલી આકર્ષક હતી કે 1 કલાક કઈ રીતે નીકળ્યો એ કોઈને પણ ખબર નહોતી.10 મિનિટનો ઇંટરવલ હતો, પણ એક પણ વ્યક્તિ પોતાની સીટથી ઊભી ન થઈ.

ભવનિસ્તારક ફરીથી 10 મિનિટ પછી પાછાં આવ્યાં, બધાં એમની ઍન્ટ્રી થતાં ઊભા થયા.

"તો, માયફ્રેન્ડ્સ ! આપણે ક્યાં હતાં? હા..."

"જે કોઈનાથી બદલાય નહીં, એને કુદરત બદલે છે. એકવાર યંગમૅન ખંડાલા પોતાના ઘનિષ્ઠ મિત્રો અને ગર્લફ્રેન્ડ સાથે ગયો હતો. યંગમૅન અને ગર્લફ્રેન્ડ છેલ્લાં બે વરસમાં કહી ન શકાય એવા અને એવી રીતે ભોગસુખો ભોગવેલા. પતિ-પત્ની કરતાં પણ વધારે સમીપ તેઓ હતાં. એ બન્નેને પોતાની હરકતો કરવાથી કોઈપણ જગ્યા કે કોઈપણ અવસર રોકી શકતા નહોતા. તેઓ બિન્દાસ્ત હતાં.

એ દિવસે ખંડાલા જતાં જતાં યંગમૅનની ગર્લફ્રેન્ડે યંગમૅનને એક બૅગ આપી."તું આને સહીસલામત રાખજે.આમાં મારી કિંમતી વસ્તુઓ છે."યંગમૅનને ગર્લફ્રેન્ડ પર પૂરો વિશ્વાસ હતો. એણે એ બૅગ લઈ લીધી.

તેઓ ખંડાલા પહોંચ્યાં. રાત્રે પાર્ટીમાં યંગમૅન અને એની ગર્લફ્રેન્ડ એકદમ નજીક થઈને નાચી રહ્યાં હતાં.ગર્લફ્રેન્ડે યંગમૅનના બટક પૉકેટમાં હાથ નાખ્યો.બન્ને એ રીતે ડાન્સ કરવા લાગ્યાં. બહાર ગનફાયરિંગ થતું હોય એવો અવાજ સંભળાયો.

પાર્ટીવાળા બધાં લોકો ગાંડાની જેમ જ્યાં-ત્યાં દોડવા લાગ્યાં.

યંગમૅન પણ ગભરાઈ ગયો. પણ એ વધારે મજબૂત સ્ટફથી બનેલો હતો. સામે ગેટમાંથી પોલીસ આવતી દેખાઈ. એમના હાથમાં પીસ્ટોલ હતી.

"એ ટપોરી! તું અહીંયાં શું કરે છે?" યંગમૅનને પોલીસે પૂછ્યું.

"એ,મોઢું સંભાળીને વાત કર... નહીં તો આ ગનની બધી જ ગોળીઓ તારાં મોઢાંમાં દાગી દઈશ..." યંગમૅને સામે તોછડો જવાબ આપ્યો.એના બાજુમાં રહેલા એના બધાં ફ્રૅન્ડ્સ એકએક કરતાં ગાયબ થઈ ગયાં.

"એ...."ઈન્સ્પેક્ટરે જોરથી રાડ પાડી અને યંગમૅનને મારવા આવ્યો.યંગમૅને પોતાના કસેલા શરીરનો એક મુક્કો ઈન્સ્પેક્ટરના મોઢા પર માર્યો. ત્યાં જ એની પીઠમાં ભયંકર બળતરા થવા લાગી. એની પીઠમાં કોઈકે એસીડ નાખ્યો હોય એવું યંગમૅનને લાગ્યું. એ જમીન પર ફસડાઈ પડ્યો. એની આંખ બંધ થતાં પહેલાં એની ગર્લફ્રૅન્ડ દેખાઈ અને એના હાથમાં સ્ટનીંગ ગન દેખાઈ..."

બોલતાં બોલતાં ભવનિસ્તારક થોડું રોકાયા"તમારા બીજા ઈન્ટરવલનો ટાઈમ થઈ ગયો છે..."

"ના...ના..." બધાનો અવાજ આવ્યો... "અમને ઈન્ટરવલ નથી જોઈતું."

"ઓ.કે...ઓ.કે...."ભવનિસ્તારકે સ્ટોરી કન્ટીન્યુ કરી....

એને 10 દિવસ પછી હોશ આવ્યો.એને ઈલેક્ટ્રીક ચેર પર બેસાડવામાં આવ્યો હતો. એની આંખો ખૂલતા જ હાઈ-વોલ્ટેજનો ઝટકો ચેરમાંથી એના શરીરમાં પસાર થયો.

"આહ... આહ..." એ જોરજોરથી બૂમો પાડવા માંડ્યો.

સામે ઈન્સ્પેક્ટર દેખાયો.

"કેમ હરામી! બહુ બૉડીબિલ્ડર છે ને તું..."ગાળ સાથે ઈન્સ્પેક્ટર બોલ્યો.

"અમે પાર્ટીમાં રેડ કરવા આવ્યાં હતાં અને તે અમારી તપાસ રોકી હતી. તારા પર ચાર ગુના લાદવામાં આવ્યાં છે.1.ડ્રગ્ઝ ડીલીંગનો..."

યંગમૅનને આશ્ચર્ય થયું.એ ડ્રગ્ઝ લેતો હતો, પણ ડીલીંગ ક્યારેય નહોતો કરતો. ઈન્સ્પેક્ટરે પાઉચમાંથી નાની થેલી કાઢી."તારા બટક પૉકેટ-માંથી અમને આ મળ્યું છે....અને".ઈન્સ્પેક્ટરે એક કાળી બૅગ ખોલી.એની ગર્લફ્રૅન્ડે આપેલી બૅગ જેવી જ એ બૅગ હતી.

કાળી બૅગમાંથી સફેદ પાઉડરથી ભરેલી ઘણી બધી થેલીઓ બહાર પડી, "આમાં 25 K.G. ગાંજો છે+હેરોઈન છે, કે જે તારા રૂમમાંથી અમને મળ્યું હતું."

યંગમૅનની આંખમાં પાણી આવ્યું. એની ગર્લફ્રૅન્ડ આવું કરી શકે એ વાત પર એને વિશ્વાસ જ ન થયો.

"બીજો ગુનો...તારી પાર્ટીમાં પ્રૉસ્ટીટ્યુશનનો રેકેટ પણ પકડાયું. એમાં મુખ્ય દોષી તરીકે તારી ગર્લફ્રૅન્ડે તારું નામ આપ્યું છે."ઈન્સ્પેક્ટર હસવા લાગ્યો. યંગમૅનની આંખોમાં પાણી વધવા લાગ્યું.એ માનસિક રીતે એકદમ તૂટી ગયો.

"ત્રીજો ગુનો.... તે..."ઈન્સ્પેક્ટર બોલતો ગયો.પણ યંગમૅનનું મગજ બ્લૅંક થઈ ગયું હતું. સાંભળવા છતાં શબ્દો સંભળાતા નહોતા.એણે પોતાની આખી જિંદગી જેના માટે કુરબાન કરી દીધી, એ વ્યક્તિએ જ એને ધોખો આપી દીધો હતો.

2 દિવસ પછી યંગમૅનને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. ગવર્મેન્ટ લૉયરે યંગમૅન પર ફાઈલ કરવામાં આવેલી ચાર્જશીટ વાંચી અને એક એક સાક્ષીને રજૂ કરવામાં આવ્યાં.

સૌથી પહેલાં યંગમૅનનો નાનપણના મિત્રે એના વિરુદ્ધ સાક્ષી આપી.બધાં મિત્રો આવતાં ગયાં ને યંગમૅનનો ગુનો સાબિત કરતાં ગયાં. સૌથી છેલ્લે તેની ગર્લફ્રૅન્ડ આવી. એ જ્યારથી આવી, ત્યારથી એ એની આંખોમાં જ જોતો રહ્યો. એની સામે જોયા વગર એની ગર્લફ્રૅન્ડે એની સામે બધાં ગુના સાબિત કરી નાખ્યા. યંગમૅનનો કમ્પ્લીટ બ્રેકડાઉન થઈ ગયો.

કોર્ટમાંથી બહાર જતાં જતાં યંગમૅન ગર્લફ્રૅન્ડને એક જ પ્રશ્ન પૂછતો રહ્યો. "કેમ? પણ કેમ?"

14 વરસની જેલ સજા રૂપે મળી. પહેલાં 6 મહિના બહુ મુશ્કેલીથી પસાર થયાં. એ આખો ને આખો દિવસ એક શબ્દ પણ બોલતો નહીં. એક ઊંડા ડીપ્રેશનમાં એ ધૂસી ગયો હોય એવું બધાને લાગતું.

સાતમાં મહિનામાં જેલમાં રહેલા એક જૈન વ્યક્તિને સાંત્વના આપવા એમના ધર્મગુરૂ આવ્યાં. આ યંગમૅનની કોટડી જૈનની કોટડીથી બાજુમાં જ હતી.જેલર એ ધર્મગુરુને યંગમૅનની કોટડી પાસે લઈ આવ્યાં.

"સર, આ ડીપ્રેશનમાં છે..એને કંઈક સમજાવો. કંઈક તો આને થાય."

"યંગમૅન યંગમૅન..."એકદમ મીઠા શબ્દોથી ધર્મગુરુએ એ યંગમૅનને બોલાવ્યો. પોતાના માટે હુંફવાળા અવાજને સાંભળીને યંગમૅને ઉપર જોયું.

"તું વિચારતો હશે કે મારી સાથે જ કેમ આ ધોખો થયો, પણ આ બધું વ્યક્તિ પોતાના ભાગ્યમાં લખીને આવેલી હોય છે. હું તને વધારે ડીસ્ટર્બ નહીં કરૂં, પણ મારી એક જ સલાહ છે. આ બૂક..." એક બૂક યંગમૅનના હાથમાં આપતા ધર્મગુરુએ કહ્યું.

"તું વાંચી લેજે. તને તારાં બધાં ઉત્તરો મળી જશે..."યંગમૅને એ બૂક લઈ લીધેલી. એના ઉપર **'ડેબીટ- ક્રેડીટ'** નામ લખેલું હતું.

ધર્મગુરુના ગયાં પછી યંગમૅને એ બૂક વાંચવાની શરૂ કરેલી. ધર્મગુરુના કહેવા મુજબ બધાં સમાધાન એને મળતાં ગયેલાં. એ એક અઠવાડિયામાં જ ડીપ્રેશનની બહાર નીકળી ગયેલો. એને પોતાની લાઈફનાં આટલાં બધાં વરસ બરબાદ કર્યાનું દુઃખ હવે સાલતું.

એ 2 વરસમાં જેલની બહાર આવી ગયો, કેમકે એના જેલમાં ગયાં પછી બીજું એક મોટું ડ્રગ્ઝ રેકેટ પકડવામાં આવ્યો હતો અને એમાં એની ગર્લફ્રેન્ડે પોતે જ બધું કર્યાનું કબૂલ કરી દીધું હતું.એને પકડી લેવામાં આવી હતી.

યંગમૅને પોતાની જિંદગીને બોનસ માની સારાં કાર્ય માટે વાપરવાનું નક્કી કરી દીધું હતું. એક પૉઝિટીવ બૂક કે વ્યક્તિ શું કામ કરી શકે એનું આ એક જીવતું જાગતું ઉદાહરણ છે. એટલે મારી તમને બધાને એક જ વિનંતી છે. પૉઝિટીવ લોકો પાસે જાઓ.એમનો સંપર્ક કરો." ભવનિસ્તારક થોભ્યા.સેશન પૂરૂં થવામાં 10 મિનિટની વાર હતી.

ત્યાં જ એક વ્યક્તિએ ઊભા થઈને પૂછ્યું.


'અમને સ્ટોરી તો સમજાઈ ગઈ યંગમૅનની..પણ એ યંગમૅન છે કોણ?"

ભવનિસ્તારકે પોતાના ખભા પરથી કપડું ઊંચુ કર્યું.એ ખભો આખો ટૅટૂઓથી ભરેલો હતો. ત્યાં એક ટૅટૂ હતો, કે જે અંદર ગયેલો હોય એવો લાગતો હતો. ભવનિસ્તારકે બધાને ખભો બતાવતા એક જ શબ્દ ઉચ્ચાર્યો...

'હું....'



# Chapter - 5



22/6/2010



I.S.T. 22.30



K2 Towers, BKC

**અડચણો** અતિવિષમ હોય છે...!

હું ધીમેથી આખાં ઘરમાં ફરી વળી. બધાં સૂઈ ગયાં હતાં. હવે મારૂં કામ સહેલાઈથી ચાલવાનું હતું.

હું પોતાના રૂમમાં ગઈ.મેં દરવાજો બંધ કરી દીધો. હું પલંગ પર જઈને બેઠી અને બાજુમાં પડેલા ઍપ્પલનાં કમ્પ્યુટરને મેં ચાલુ કર્યું. ભવનિસ્તારક અને શાસનદ્રષ્ટાશ્રીજીના ફોટોવાળો ડીસ્પ્લે આવ્યો.

મેં મેન હોમ પેજ ઉપર રહેલા માઈક્રોસોફ્ટ વર્ડના આઇકૉન ઉપર ક્લીક કર્યું. વર્ડ ફાઈલ ખુલી. વર્ડ ફાઈલમાં મેં સેવ કરેલું **'કન્ફેશન'** ડોક્યુમેંન્ટ ખોલ્યું. એનાં 62 પેજ મારી સામે આવ્યાં. મેં છેલ્લી લીટી વાંચી.

" મારા ચૌદમા વર્ષે મિત્રો સાથે હું બારમાં પાર્ટી માટે ગયેલી અને ત્યાં મેં મારાં ત્યારના બૉયફ્રેન્ડને હોઠ પર કીસ પણ કરેલી..."

મેં આગળ લખવાનું ચાલુ કર્યું. અડધા કલાક સુધી હું લખતી રહી. ત્યાં જ મારું ધ્યાન કોઈક અવાજ ઉપર ગયું.

અવાજનો સ્રોત ખબર પડતાં જ મેં કમ્પ્યુટરને ઑટો શટ ડાઉનમાં નાખી દીધું. અને ફટાફટ બાજુના ટેબલ ઉપર રાખીને હું ચાદર ઓઢીને સૂઈ ગઈ.

ત્યાં જ બહારથી દરવાજો ખૂલ્યો. *"હું પકડાઈ ગઈ તો?"* મારું દિલ જોરજોરથી ધડકવા લાગ્યું. *' કમ્પ્યુટર બંધ નહીં થયું હોય તો?'* હવે આ બધાં વિચારોનો સમય વીતી ગયો હતો.

ભારી સ્લિપર્સનો અવાજ પાસે આવ્યો અને મારી બાજુમાંથી

પસાર થયો. બાજુના ટેબલ ઉપર એ સ્લિપર્સનો અવાજ અટક્યો.મારું મોઢું ટેબલ તરફ જ હોવાથી,એ શું કરે છે એ મને ચાદરમાંથી ખબર પડી.એણે મારું કમ્પ્યુટર ચાલું કર્યું. પણ એ પાસવર્ડ માગતું હતું.

એ જોઈને એને ટાઢક થઈ હોય એવું લાગ્યું. એણે મારું કમ્પ્યુટર બંધ કર્યું અને ત્યાંથી ઊભો થયો.

એ બે મિનિટ ત્યાં જ ઊભો રહ્યો.હજુ પણ મારું દિલ એમને એમ ભયથી ધડકી રહ્યું હતું.અચાનક એ મારા તરફ નીચે વળ્યો. મને લાગ્યું કે એ મારી ચાદર ખેંચી લેશે અને મારો આખો ભેદ ખૂલી જશે. હું ભયથી થીજી ગઈ. મેં બધી આશાઓ છોડી દીધી.

પણ એણે બહાર રહેલા મારાં હાથ પર કીસ કરી. મને ધીમેથી ગળગળા અવાજમાં કહ્યું."આઈ લવ યુ અપેક્ષા! તું અમારાથી દૂર થાય એ મારાથી બિલકુલ સહન નહીં થાય."


એ ઊભો થયો અને બહાર નીકળી ગયો. મેં ચાદર મોઢાં પરથી હટાવી. એ.સી. ચાલું હોવા છતાં મારું શરીર પરસેવાથી રેબઝેબ હતું. મને મારાં લક્ષ્ય સુધી પહોંચવા માટે ઘણી મહેનત કરવાની બાકી હતી. મને ભવનિસ્તારકનાં વચનો યાદ આવ્યાં.

**'તમે બધું છોડી શકો, પણ સ્નેહ એવી વસ્તુ છે કે જેને છોડવો બહુ અઘરો છે અને એમાં પણ માતા-પિતાનો તો વિશેષ..'**

***'મને મારાં લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે માતા-પિતાના સ્નેહરૂપી અડચણોને દૂર કરવી જ પડશે.'*** મારાં મનમાં મેં નિશ્ચય કર્યો.



# Chapter - 6







24/06/2010 I.S.T. 8.30 K2 Towers,BKC

**માયા** અતિવિષમ હોય છે..!

"બાય મૉમ! હું ક્લાસીસ જાઉં છું..." મમ્મીને ગાલ પર કીસ કરી હું સ્લીપર્સ પહેરીને ઘરમાંથી નીકળી. આજે મેં શરીરને પ્રદર્શન કરાવનારું ટૉપ અને મિની સ્કર્ટ પહેરેલું હતું.

લિફ્ટમાં ઊભેલા 2-3 અંકલ મારી તરફ જોવા માટે મને 'હાય' કરી રહ્યાં હતાં.ગાંડાઓની દુનિયામાંથી બહાર નીકળી હોઉં એવું મને લિફ્ટમાંથી બહાર નીકળતાં અનુભવાયું.

મેં બૂક કરેલી Ola સામે જ ઊભી હતી.

મેં પાછળનો ગેટ ખોલ્યો અનો હું olaમાં દાખલ થઈ. Ola ડ્રાઈવરે એક્સીલેટર પર પગ મુકી ગાડી દોડાવી. મેં મારી બૅગ ખોલી. એમાં એક નંબરપૅડથી લૉક કરેલું એક બૅગનું ખાનું 000 નાખીને મેં ખોલ્યું. એમાંથી એક લાંબો વનપીસ જેવો પંજાબી ડ્રેસ બહાર કાઢ્યો.

Ola માં જ મેં એ મારા માથા પરથી પહેરી લીધો. ડ્રાઈવર મારા તરફ જ આગળના કાચમાંથી જોઈ રહ્યો હતો. એનાં મોઢાં પર અજીબ ભાવો મારી આ હરકતને લીધે હતાં.

*'તમારી પ્રતિક્રિયાઓને જોઈને લોકોના મોઢા અલગ અલગ રીતે બદલાશે.. પણ એક વાત યાદ રાખજો,*

*ધમ્મે માયા, નો માયા...*

*ધમ્મે માયા, નો માયા...'*શબ્દો વારંવાર મારાં કાનમાં ગુંજી રહ્યાં હતાં. વીતેલાં છેલ્લા એક અઠવાડિયામાં મેં ન જાણે કેટલીયવાર આ

શબ્દોનો આશ્રય લીધો હતો. એક એક પ્રસંગો મારી સામે આવતાં ગયાં.

મને ઘરે બેઠાં બેઠાં કંટાળો આવી રહ્યો હતો.મારી તબિયત પણ હવે સારી હતી. રવિવારને ફક્ત ભવનિસ્તારકનાં લૅકચર્સ સાંભળતી. એના સિવાય આખો દિવસ ઘરે..

"મમ્મી! મારે ક્લાસીસ જૉઈન્ટ કરવા છે." એક વિચાર મેં મમ્મી સામે 7 દિવસ પહેલાં મુકેલો. "શેના?"મારી સામે ચશ્માામાંથી જોતાં મમ્મીએ પૂછેલું.

"મને ઘરે બેઠાં બેઠાં બોર મારે છે. કોઈ ક્લાસ હોય તો સારું પડે..." મારી હકીકત છૂપાવતાં મેં કહેલું.

"તને કોઈ ધ્યાનમાં છે?"

"હા,અહીંથી થોડા જ દૂર છે...મેં ઈન્ટરનેટ પર જોયેલું..."

"તો જૉઈન્ટ કરી લે."

"થેંક્યુ મમ્મી..." અને પછી હું ક્લાસીસ કરવાના બહાને Ola પકડીને પહોંચી જતી ભવનમાં...2 કલાકના ક્લાસ શાસનદ્રષ્ટાશ્રીજી પાસે થતાં..

મારામાં આવેલા ભવનિસ્તારકના લૅકચર્સ પછીના બદલાવને જોઈને મમ્મી-પપ્પાને ડર પેસી ગયો હતો, કે 'આ એક દિવસ અમને છોડીને નીકળી જશે...'

અને એટલે રવિવાર સિવાય મને મમ્મી-પપ્પા ક્યાંય જવા નહોતાં દેતાં. એમાં પણ શાસનદ્રષ્ટાજી પાસે તો ખાસ! જૈનમ પણ મને જતાં કલ્પી નહીં શકતો હોવાથી મમ્મી-પપ્પાના સપોર્ટમાં હતો. હવે અમે બન્નેએ એકલાં મળવાનું છોડી દીધું હતું. પહેલાં ઘટેલી ઘટનાનું પુનરાવર્તન થવાનો ડર મારામાં પેસી ગયો હતો.

જૈનમ પણ હવેથી મને પૂછીને જ કીસ વગેરે કરતો. મને એ બધું ગમતું, પણ સાથેસાથે એક અલગ જ આકર્ષણ શાસનદ્રષ્ટાશ્રીજી અને ભવનિસ્તારક પાસે ખેંચી જતું. એનું વર્ણન કરવા હું સમર્થ નહોતી.

ત્રણેક દિવસ પહેલાં જ પપ્પાને મારા કન્ફેશનનાં લેખન વિશે ખબર પડતા એ રડવા લાગી ગયાં હતાં. "પ્લીઝ! મને છોડીને નહીં જતી. "રડતી વખતે તેમની એક જ પ્રાર્થના હતી.

એટલે એના પછી મેં મારી પ્રવૃત્તિઓ વિશે વધારે સાવધાની વરતી હતી. હું દરેક વસ્તુ બહુ વિચારી-વિચારીને કરતી.હું જાઉં કે ન જાઉં,

પણ એ માટે હું માતા-પિતાને વધારે દુ:ખ આપવા માગતી નહોતી.એકવાર મેં ભવનિસ્તારક પાસે સાંભળેલું.

"માતા-પિતાની સેવા માતા-પિતા માટે નહીં, પરંતુ પોતાના માટે કરવાની છે." અમારા ગુરુવર્ય બોલતા, "માતા-પિતાના આશીર્વાદ એ સ્વસ્થ તન-મન માટે અત્યંત જરૂરી છે."

Ola કેબ ઊભી રહેતાં હું મારાં પ્રસંગ મંથનમાંથી બહાર નીકળી. કેબમાંથી પૈસા આપીને બહાર નીકળી મેં મારાં મિની સ્કર્ટ ઉપર પહેરેલા કપડાં ઠીકઠાક કર્યાં. મારાં આ વિચિત્ર નાટકને જોઈને ફરી મારા મનમાં એક જ વિચાર સ્પીન થયો,

*' ધમ્મે માયા, નો માયા... '*



# Chapter - 7

27/06/2010 I.S.T. 10.30 Jain Bhavan, Kurla

## **એક્સીડન્ટ** અતિવિષમ હોય છે...!

"પૃથ્વીનો નકશો જેવો જીયોગ્રાફી બતાવે છે એવો નથી.આજના વૈજ્ઞાનિકો માને છે કે પૃથ્વી દડાની જેવી ગોળ છે, જ્યારે ફ્લેટ અર્થ થિયરી, ક્રિસ્ચન ધર્મ અને જૈન ધર્મ પણ એવું માને છે કે પૃથ્વી ગોળ છે, પણ દડા જેવી નહીં, પરંતુ બંગડી જેવી..." શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં તરફ જોયું.

આ એકદમ નવી વાત સાંભળીને મને આશ્ચર્ય થયું. અમને તો અત્યાર સુધી જીયોગ્રાફીમાં એ જ સમજાવવામાં આવ્યું હતું કે પૃથ્વી બૉલની જેવી ગોળ છે.

"હકીકતમાં તો જેને આપણે પૃથ્વી કહીએ છે, તે તો સૌથી નાનો ટાપુ છે. એના પછી લવણ નામનો સમુદ્ર છે. એટલે જ આપણા મહાસાગરો લવણ-ખારાં હોય છે. એના પછી ફરીથી એક ટાપું, ફરી ઓશન, ફરી આઈ..." શાસનદ્રષ્ટાશ્રીજીની આંખો અચાનક એક જગ્યાએ અટકી ગઈ.એમના મોઢામાં રહેલા શબ્દો અટકી ગયાં.

એ અચાનક ઊભાં થઈ ગયાં.મારી આંખોએ એમનાં દ્રશ્યને ટ્રેસ કર્યું. મારાં મોઢામાંથી ભયાનક ચીસ નીકળી ગઈ. અમે દોડીને ભવનના દરવાજે પહોંચ્યા. 2-3 જૈન લોકો પણ આવી ગયાં હતાં.

શાસનદ્રષ્ટાશ્રીજીએ દરવાજા પર આવીને બેશુદ્ધ પડેલાં એમનાં બીજા જૈન સાધ્વીને ઢંઢોળ્યાં. એમના મોઢાંમાંથી અવિરત લોહીની ધારા નીકળી રહી હતી. મેં ફટાફટ 108 નંબર ડાયલ કર્યો.

"હેલો... સર...એક ઈમરજન્સી છે. ઍમ્બ્યુલન્સ લાવવી પડશે."મેં એક શ્વાસમાં બોલી દીધું.

"શું કેસ છે?"સામે પ્રશ્ન આવ્યો.

"સર! અત્યારે ઈમરજન્સી છે...કૌન બનેગા કરોડપતિ નહીં."મેં રીસીવર પર રહેલાને ધમકાવી નાખ્યો. "હા! અમે પહોંચીએ છીએ.પ્લીઝ, એડ્રેસ મોકલો..."

"ઓ.કે..."મેં ફોન કટ કર્યો. મેં ફટાફટ ટેક્સ્ટ મૅસેજ ટાઈપ કરીને મોકલી આપ્યો. સામેથી બે જ સેકંડમાં મૅસેજ આવ્યો.

**"અરાઈવીંગ ઈન 10 મિનિટ્સ..."** મને ટાઢક થઈ

હું નીચે પડેલાં સાધ્વીજી પાસે પહોંચી. શાસનદ્રષ્ટાશ્રીજી એમને એકદમ મધુર અવાજમાં કંઈક સંભળાવી રહ્યાં હતાં. એમનાં કપડાં થોડાં ઢીલાં કરેલાં હતાં. કપડાઓ પર લોહીના લાલ ડાઘ લાગેલા હતાં. કોઈકે ચપ્પુ થી એમના પર હુમલો કરેલો હોય એવું લાગતું હતું.

"શું થયું...?"મેં ઘોઘરા અવાજમાં પૂછ્યું. હજી એક સ્ત્રીના શોષણને જોઈને મારી આંખો વરસવા માંડી હતી.

*'કેમ આવું બધું સ્ત્રી સાથે જ થાય.'* મારાં મનમાં ઘમસાણ થયું.

સાધ્વીજીએ કંઈ પણ કહ્યું નહીં.

થોડા સમય પછી અચાનક સાધ્વીજીએ આંખો ખોલી. એ મને કંઈક કહેવા માગતાં હોય એવું મને લાગ્યું.

"બોલો, બોલો, કોણે આપની આ હાલત કરી ?" મેં ફરી દબાયેલા અવાજે પૂછ્યું.

"ઍક્સીડેન્ટ,ચપ્પું." શબ્દો સંભળાયા. મારું માથું ભમવા લાગ્યું.

*'સભ્ય માનવોએ બધી મર્યાદાઓ તોડી નાખી છે.* હવે સંતોને *પણ અહીંયાં જીવવું મુશ્કેલ થઈ ગયું છે.'* મારાં મગજમાં વિચારો આવતાં ગયાં અને જતાં રહ્યાં.બેસહાય એવી હું કંઈ પણ કરી શકી નહીં.

લોહી બહુ વહી ગયું હતું. મેં મારી બૅગમાંથી કપડાં કાઢીને એનાથી લોહીને અટકાવવાની મહેનત કરી,પણ..

સાધ્વીજી બેહોશ થઈ ગયાં.આ બધાં સમયે હું શાસનદ્રષ્ટાશ્રીજીને જોતી રહી. એમનાં મોઢાં પર જાણે કે કંઈ પણ થયું ન હોય એવી શાંતિ દેખાઈ રહી હતી.

*'યુનીક છે.'* અંતર બોલ્યું.

બહાર એમ્બ્યુલન્સનો અવાજ સંભળાયો. મને પણ શાંતિ થઈ.



# Chapter - 8

27/06/2010

I.S.T. 12.00

Ambulance,
Mumbai

**ઈમરજન્સી** અતિવિષમ હોય છે...!

80-100 ની વચ્ચે ઍમ્બ્યુલન્સનું સ્પીડોમીટર આગળ-પાછળ થઈ રહ્યું હતું..... શાસનદ્રષ્ટાશ્રીજી અને હું ઍમ્બ્યુલન્સમાં બેસીને ભાટીયા હૉસ્પિટલ તરફ જઈ રહ્યાં હતાં. શાસનદ્રષ્ટાશ્રીજી પોતાની આંખ બંધ કરીને કંઈક બોલી રહ્યાં હતાં. એ શબ્દો કોઈક અલગ જ ગ્રહના હોય એવું મને લાગી રહ્યું હતું. પણ એના લીધે બેહોશ થયેલા સાધ્વીજી ઉપર કંઈક અસર થતી હોય એવું મને અને બધાને લાગી રહ્યું હતું.

સાથે રહેલી નર્સને પણ બહુ આશ્ચર્ય થઈ રહ્યું હતું.

બે મિનિટ પહેલાં જ એણે પાસે આવીને મારાં કાનમાં કહેલું,

“આ સામે બેઠેલી વ્યક્તિમાં એક અલગ ઉર્જા છે. બાકી આવી હાલતમાં રહેલા પેશન્ટોને મારી આંખો સામે મરતા મેં ઘણી વાર જોયેલા છે. આજ કાલ આવા કેસીસ વધુ થાય છે... સ્પેશિયલી સ્ત્રી સાથે...” છેલ્લા શબ્દોએ મારાં ઘા પર મીઠું છાંટવાનું કામ કરેલું.

આનો બદલો લેવાની શપથ મેં મારા મનમાં ત્યારે જ કરી દીધી હતી.

સ્પીડમાં જતી ઍમ્બ્યુલન્સના કારણે બધી ગાડીઓ પણ સ્પીડમાં જતી દેખાઈ.

મારો મોબાઈલ વાગ્યો. સ્ક્રીન પર ફ્લેશ થતું નામ મેં જોયું.

મમ્મી...

25મી વાર મમ્મીએ મિસ્ડ કૉલ કરેલો હતો.મને ડર હતો કે ક્લાસીસના વિશે મારું જૂઠ એમને ખબર પડી જશે, એટલે હું ઉપાડતી નહોતી...

બે મિનિટ ગઈ... શાસનદ્રષ્ટાશ્રીજીની નમ આંખોમાં મને અશ્રુ દેખાયાં.

"કેમ રડો છો?"મેં પૂછ્યું.

"રડે એ બીજા .... હું તો કન્ફેશન કરી રહી છું. એમ તો સાધુએ ગાડીમાં બેસાય નહીં. પણ પરિસ્થિતિઓ.." એ ગાડીની બહાર જોઈ ગયાં.

*'શાસનદ્રષ્ટાશ્રીજીને પોતાના નિયમોની કેટલી સંભાળ છે. ગુરુ હોય તો આવા હોવા જોઈએ.'* મારું અંતર પોકારી રહ્યું.

ઍમ્બ્યુલન્સ અચાનક થોભી ગઈ. મેં બહાર જોયું. જ્યાં મેં ન જાણે કેટલાય મહિનાઓ ગાળેલા, એ જગ્યા મને ફરીથી દેખાઈ. હું ફટાફટ દરવાજો ખોલીને બહાર ગઈ. ત્યાં ICU સ્ટ્રેચર તૈયાર જ હતું.નર્સની મદદથી ડૉક્ટરે બેહોશ થયેલાં સાધ્વીજીને સ્ટ્રેચર પર લીધાં અને પાછળ દોડવા લાગ્યા.

હું પણ એમની પાછળ દોડવા લાગી.

"હાય અપેક્ષા! તારો અને આ હૉસ્પિટલનો નાતો જ અલગ છે." હસતાં હસતાં મેઈન ડૉક્ટર બોલ્યા.

"ડૉક્ટર! સાધ્વીજી બચી તો જશેને ?" દયનીય આંખો સાથે મેં ડૉક્ટર તરફ જોયું.

"હું મારો શ્રેષ્ઠ પ્રયત્ન કરીશ.. સફળતા તો ભગવાનના હાથમાં છે." એકદમ સંતોષપૂર્ણ જવાબ ડૉક્ટરે આપ્યો. ICU આવી ગયું. હું દરવાજાની બહાર ઊભી રહી. લાલ લાઈટ ચાલુ થઈ. શાસનદ્રષ્ટાશ્રીજી પણ બાજુમાં ઊભાં હતાં. હું રડવા લાગી.

"અપેક્ષા!" રડવાની અવાજ ની વચ્ચે મધુર અવાજ સંભળાયો.

"અપ ઍન્ડ ડાઉન્સ તો જિંદગીના ભાગ છે. વ્યક્તિની પરીક્ષા ઈમરજન્સીના સમયે જ થાય છે... એટલે, મજબૂત થઈ જા... શાંત થઈ જા."



# Chapter - 9



27/06/2010

I.S.T. 15.00

Bhatia hospital,
Mumbai

**વસૂલાત** અતિવિષમ હોય છે....!

પચાસમી વાર સેમ નંબરથી મારો ફોન વાગ્યો... મમ્મી.

“હેલો! હા મમ્મી...”મેં ફોન ઉપાડ્યો.

“તું ક્યાં છે? મેં તને આટલી વાર ફોન કર્યો... કેમ ઉપાડતી નથી...?” મે પહેલી વાર મમ્મીને આટલા ગુસ્સા સાથે બોલતી સાંભળી.5 મિનિટ સુધી ફાયરીંગ ચાલ્યું.

“શું કામ કંઈ બોલતી નથી?...તને તારી મમ્મી પર પ્રેમ નથી?....” છેલ્લા બોલાયેલા શબ્દો ભીના હોય એવું લાગ્યું. “આઈ ઍમ સૉરી મમ્મી !”મારાં પણ અવાજમાં ભીનાશ ભળી.

બે મિનિટ સુધી મમ્મી ફોન પર રડતી રહી.

" તને ખબર છે ને કે મને તારી ફિકર હોય છે.પ્લીઝ, હવે મને કહે તું ક્યાં છે? હું તને વાદો કરું છું કે હું તને કંઈ પણ નહીં કહું. તું પાર્ટીમાં ગઈ છે. પાછળથી એવો અવાજ આવતો લાગે છે.” સતત મમ્મી બોલતી રહી.

"મમ્મી! હું જ્યાં છું, ત્યાં સેફ છું.”

"ના,પણ તું ક્યાં છે?”

“ભાટીયા હૉસ્પિટલ, મમ્મી!”

“વૉટ? શું થયું તને?” મમ્મી એકદમ ગભરાઈ ગઈ હોય એવું લાગ્યું.

“ના...મમ્મી ફિકર ન કર..મને કંઈ નથી થયું...”

"તો શેના માટે તું હૉસ્પિટલ ગઈ છે?” મમ્મીનો ટોન શાર્પ થયો.

“મમ્મી ! સાધ્વીજી મ.સા.ને કોઈકે ઍક્સીડેન્ટમાં ઉડાવી દીધાં છે અને એમના શરીર પર ઘણા ઊંડા ઘા લાગ્યાં છે. બહુ ઘવાયાં છે, માટે...”

“કેમ? કઈ રીતે તું ત્યાં પહોંચી ?”

“પણ..”મેં ફોન કટ કરી દીધો. આગળના પ્રશ્નોના સમાધાન આપવા માટે હું સક્ષમ નહોતી.

મેં ફોન સાઈલેન્ટ કરી દીધો. ફરીથી મોબાઈલ ફ્લેશ થવા લાગ્યો. મેં મમ્મીનો ફોન ઉપાડ્યો નહીં. મેં મોબાઈલને સાઈડમાં રાખી દીધો.

મન થાકી ગયું હોવાથી મને ઊંઘ આવવા લાગી. શાસનદ્રષ્ટાશ્રીજીની તરફ મેં જોયું. એ આંખો બંધ કરીને ધ્યાન કરી રહ્યાં હતાં.

મેં પણ આંખો બંધ કરી

“અપેક્ષા ! અપેક્ષા ! ”15 મિનિટ પછી મને કોઈ બોલાવતું હોય એવું લાગ્યું. મેં આંખો ખોલી.સામે તેજસ ઊભો હતો.

“હાય, અપેક્ષા ! મેં તને આટલી વાર ફોન કર્યો. તે ઉપાડ્યો કેમ નહીં? તને ખબર છે તારાં મમ્મી-પપ્પા કેટલાં ટૅન્શનમાં છે? તું અહીંયા કેમ આવી અને આ કોણ છે?” શાસનદ્રષ્ટાશ્રીજી તરફ ઈશારો કરતાં તેજસે પૂછ્યું.

તેજસે ફક્ત શાસનદ્રષ્ટાશ્રીજીનો ચહેરો જોયેલો અને એ અત્યારે ઊંધા બેઠેલાં હોવાથી તેજસ એમને ઓળખી નહીં શક્યો.

હું તેજસનો હાથ પકડીને આગળ લઈ ગઈ.એને શાસનદ્રષ્ટાશ્રીજીનો કોમળ ચહેરો દેખાયો.એણે માથું હલાવ્યું.

" પણ,અહીંયાં ?” ત્યાં જ બેસી જતાં તેજસે મને પૂછ્યું.

મેં એને આખી ઘટના સંભળાવી.

“મારે શોધવું છે કે આ કોણે કર્યું છે તેજસભાઈ!” એકદમ ભારપૂર્વક 'ભાઈ' શબ્દ બોલતાં મેં એની તરફ જોયું.

“તે મને કહ્યું હતું ને કે મારું કોઈ પણ કામ હોય તો કહેજે.. બસ મને આનો ગુનેગાર એક દિવસમાં હાથમાં જોઈએ..જા... તારી બહેનને ગિફ્ટ આપવાનો સમય આવી ગયો છે.”મેં આગઝરતી વાણીમાં મારો


વિચાર મૂક્યો.

" અપેક્ષા! આ ભાઈનું વચન ક્યારેય નિષ્ફળ નથી હોતું... બોલ, એને પકડ્યા પછી શું કરવાનું છે ?" મારા તરફ વેધક દૃષ્ટિએ જોતાં તેજસે પૂછ્યું.

"માર દિયા જાય કે છોડ દિયા જાય? " તેજસે પોતાના ગળાં પર હાથ ફેરવ્યો. હું કંઈક બોલું એ પહેલાં શાસનદ્રષ્ટાશ્રીજીની આંખો ખૂલી. મારી વાણી હરાઈ ગઈ.



# Chapter -10







**27/06/2010** **I.S.T. 15.30** Bhatia hospital, Mumbai

## એક્શન-રીએક્શન અતિવિષમ હોય છે!

“સાધ્વીજી! ક્યાં સુધી આપણે ગુમસુમ બેસીશું? માર્ટીન લુથર કિંગે પણ કહ્યું છે, *“એક જગ્યાએ અત્યાચાર, એ ફક્ત એ જગ્યાએ નહીં, પરંતુ પૂરા વિશ્વ માટે ખતરો છે.”*આપ તો કહો છો કે કોઈ પણ રીએક્શન આપવાની જરૂર નથી.પણ ન્યુટનનો દાખલો તો સ્પષ્ટ કહે છે કે

**'EVERY ACTION HAS A REACTION..'**

પ્લીઝ, સાધ્વીજી ભગવંત!મને મંજૂરી આપો...હું એ હરામી લુચ્ચાની બેન્ડ વગાડી નાખું.” મેં એકધારો મારો આક્રોશ વ્યક્ત કર્યો. શાસનદ્રષ્ટાશ્રીજીને સારો ઉત્તર આપ્યો હોય એવું લાગ્યું.

થયું એવું હતું કે અમારી વાત સાંભળીને શાસનદ્રષ્ટાશ્રીજી ધ્યાનમાંથી બહાર આવેલાં. એમણે મારી પાસે આવીને કહેલું,

"અપેક્ષા ! સાધ્વીજી માટેની તારી હમદર્દી બહુ સારી છે. પણ, એના માટે આવા રીએક્શનો આપવાની જરૂરત નથી.બી કૂલ”...

મારું બોઈલર ફાટેલું અને હું એકધારું બોલતી ગયેલી.

શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી સામે પ્રેમભરી નજરે જોયું. મને એકદમ અજીબ લાગ્યું.

" અપેક્ષા! હવે ટાઈમ ચાલ્યો ગયો છે. પહેલાં એવું થતું કે રાજાઓ

પોતાના વેરની વસૂલાત કરતાં પણ, હવે તમે લોકો મૉર્ડન થઈ ગયાં છો, વિચારક છો. આપણને ભગવાને કોઈને પણ સજા આપવાના અધિકાર આપ્યા નથી... ભગવાનના કાર્યમાં જ્યારે માણસની દખલગીરી થાય છે ને, ત્યારે જ હોનારત સર્જાય છે. જે પોતાને જ ભગવાન માને છે, એને ભગવાન ક્યારેય છોડતા નથી. જે કાર્ય જેના માટે હોય,એ જ એ કાર્ય કરે તો ફાયદો છે.સમજી?"મારી સામે એ જ શાંત મુખમુદ્રામાં શાસનદ્રષ્ટાશ્રીજીએ જોયું.

"પણ, આમ કરવા જતાં તો આવા લોકો બેફામ થઈ જશે,એમને સપોર્ટ મળશે... આજે એક સાધ્વીજી... કાલે, ન જાણે કેટલાં..?" તેજસ બોલ્યો.

"તારી વાત સાચી છે.પણ, તું વિશ્વાસ રાખ કે "ભગવાન કે ઘર મેં દેર હૈ, અંધેર નહીં." અને આ વાતનો અનુભવ, તે પોતાના લાઈફમાં જ કર્યો નથી શું?" શાસનદ્રષ્ટાશ્રીજીનાં તેજથી તેજસ બીજે જોઈ ગયો.

અમે મનમાં ઘમસાણ ચાલવા છતાં શાંત રહ્યાં.

પછી શાસનદ્રષ્ટાશ્રીજીએ અમને, મેં જિંદગીમાં ક્યારેય નહીં ભૂલેલો પાઠ આપ્યો.

"આ દુનિયામાં કોઈ પણ વ્યક્તિ, કોઈનું પણ બગાડી નથી શકતો. દરેક ઍક્શનનું રીઍક્શન તો હોય જ છે, પણ એ ઍક્શન અને રીઍક્શન સમાન વસ્તુમાં જ હોય છે.

જે બૉલ ઉપર જાય છે, તે જ બૉલ નીચે આવે છે. એમ લાગ્યું સાધ્વીજીને છે, અને એનું રીઍક્શન તમે સાધ્વીજી સિવાય બીજાને આપો, તો લૉ ક્યાંથી રાઈટ થશે...

એક વાત સમજી રાખજો, લૉ ઑફ ન્યુટન કહે છે કે

**'EVERY ACTION HAS A REACTION...**

પણ જૈન શાસન કહે છે કે,

**'EVERY ACTION HAS A REACTION, BUT IN THE SAME PERSON.'**

એટલા માટે જ જો આપણે એ મર્ડરર-રેપિસ્ટને સજા આપવા જશું, તો આપણી સજા આપવાનાં ઍક્શનનું રીઍક્શન પણ આપણને જ ભોગવવું પડશે....કુદરતનું ગણિત અટલ છે...એને કોઈ પણ હલાવી શકતું

નથી."

બહુ બોલવાના કારણે જાણે કે થાકી ગયાં હોય એ રીતે એમણે આંખો બંધ કરી. એમના તેજથી અમે સંપૂર્ણતયા અંજાઈ ગયાં. તેજસ જેવો એક સમયનો ગુંડો પણ નમી ગયો.



# Chapter -11

**28/06/2010** **I.S.T. 5.30** Bhatia Hospital, Mumbai

**કન્ડીશન** અતિવિષમ હોય છે...!

'એ મેરા દિલ પ્યાર કા..'મેં સાઈલેન્ટ બટન દબાવ્યું અને ફોનમાં જોયું. સવારના 5.30 વાગેલા.. અત્યારે તેજસનો ફોન...

મને અજીબ લાગ્યું. ક્યારેય તેજસે મને આટલી સવારે ફોન કર્યો નહોતો.

'હેલો..'મેં ફોન ઉપાડ્યો અને ધીમા અવાજે કહ્યું. મેં જોયેલું કે શાસનદ્રષ્ટાશ્રીજી ઊભાં-ઊભાં કંઈક પ્રાર્થના કરી રહ્યાં હતાં.

સામેથી તેજસનો આશ્ચર્યથી ભરપૂર અવાજ મેં સાંભળ્યો.એ આજે સવારે જ ઘટેલી ઘટના મને સંભળાવી રહ્યો હતો. ઘટના સાંભળીને મને પણ આશ્ચર્ય થયું.

“હા ! હું આવું છું....” કહીને મેં ફોન કટ કર્યો.

તેજસે સંભળાવેલી ઘટના મારાં મગજમાં ઊતરતી ન હતી. ‘અશક્ય.”

“મ.સા.!” મેં શાસનદ્રષ્ટાશ્રીજીની પાસે જઈને ધીમેથી કહ્યું. એમણે પોતાની બંધ આંખો ખોલી. “હા! અપેક્ષા....”પ્રેમપૂર્વક શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી સામે જોયું.

“હું સી લિંક જાઉં છું...7.30 વાગ્યા સુધી ફરી આવી જઈશ.આપને કોઈ મારું કામ હોય, તો મેં નંબર લખ્યો છે. આપ ત્યાંથી જોઈને મને ફોન કોઈક પાસે કરાવી દેજો.”

"ઓ.કે." શાસનદ્રષ્ટાશ્રીજીએ માથું સમર્થનમાં હલાવ્યું.

મેં મારું પર્સ લીધું અને પેડ શાસનદ્રષ્ટાશ્રીજીની વસ્તુ પાસે રાખી દીધું.

હું હૉસ્પિટલના ગેટથી બહાર નીકળી. હજુ પણ અંધારું આકાશમાં ઘેરાયેલું હતું. ચંદ્ર પણ અસ્ત થતો, પીળો દેખાઈ રહ્યો હતો.

એ પીળા ચન્દ્ર જેવી પીળી ટૅક્સીને મેં રોકી.

"વરલી સી લિંક ભૈયા!"

ટૅક્સીવાળાએ માથું હલાવ્યું. ટૅક્સીનાં મીટરમાં1.00 દેખાયું. ટૅક્સીવાળાએ એક્સીલેટર પર પગ મૂક્યો. રોડ ખાલી હોવાના કારણે 60-80ની સ્પીડમાં ટૅક્સી ચાલી રહી હતી. મેં ઘણા સમય પછી ટૅક્સી વાપરેલી.

લગભગ હું એસીવાળી Ola માં જ જતી.આટલી સવારે Ola વાળાને પરેશાન કરવાની મારી ઈચ્છા ઓછી હતી. અડધા કલાકમાં અમે સી-લિંકના બ્રિજ પાસે પહોંચ્યા.

"ભૈયા! થોડા ધીરે."ટૅક્સીવાળાએ ગાડી ધીમી કરી. હું આજુ-બાજુમાં લખેલી દુકાનોનાં નામ વાંચતી ગઈ. મને જોઈતી દુકાનનું નામ દેખાઈ ગયું.

'જમ્બો વડાપાઉં.' વડાપાઉંનો એક મોટો ફોટો દુકાનની બહાર લટકાવવામાં આવ્યો હતો.

મારાં પેટમાં કૂકડાં બોલવા માંડ્યાં.મોઢાંમાં પાણી છૂટવા લાગ્યું. કેટલાંય વરસોથી જાણે કે બહારનું ખાધું ન હોય એવું લાગવા લાગ્યું.

હું ટૅક્સીવાળાને સારી સ્પીડ માટે 50 રૂપિયાનું બોનસ આપી ટૅક્સીમાંથી ઉતરી.

"હૅલો, અપેક્ષા! માફ કર." પાંચ મિનિટથી વડાપાઉવાળાની નીચે ઊભેલી મને જોઈને હસતો હસતો તેજસ બોલ્યો.

"તારો મોબાઈલ નહીં ઉપાડવા માટે સૉરી.મારાં જૂના મિત્રો રસ્તામાં મળતાં થોડોક ટાઈમ થઈ ગયો..." મેં મોઢું મચકોડ્યું.

"હવે ક્યાં જવાનું છે.?" મેં ગુસ્સાવાળા અવાજમાં પૂછ્યું.

તેજસે મારાં સામે જોયું. પછી હસીને એણે કહ્યું.

"તું બહુ જલદી ગુસ્સે થઈ જાય છે... અને તને હક પણ છે. કેમકે તું મારી બહેન છે... ચાલ, મને માફ કર." એણે પોતાના કાન પકડ્યાં.

મેં એને હાથ પર ધૂસો માર્યો. હું ચાલવા લાગી.

"મૅડમ..આ સાઈડ..."મને તેજસે રસ્તો બતાવતાં કહ્યું.

સામે ગલીની ઉપર રહેલું બોર્ડ મેં વાંચ્યું.

**'6, પોર્ટ એરિયા'** એના ઉપર લખેલું હતું.

અમે સાંકડી ગલીમાં ચાલતાં ગયાં. તેજસ મને એના બિઝનેસમાં થયેલી ઉથલપાથલ વિશે કહી રહ્યો હતો. એને એના ફ્રેન્ડના કારણે મોટો તોટો ભોગવવો પડેલો.

*'બિચારા એના ફ્રેન્ડનું શું થયું હશે?* મેં વિચાર્યું.

"અને મેં મારાં ફ્રેન્ડને માફ કરી દીધો. મેં એને નવો બિઝનેસ સ્ટાર્ટ કરવા માટે 15 લાખ રુપિયા આપ્યા." હું તેજસ સામે જોતી રહી.

"મારા માટે પણ આ આશ્ચર્ય છે, પણ તને..." પછી એ આગળ બોલી ન શકો. એનું ગળું રુંધાઈ ગયું. સમુદ્રની નમકીની સુગંધ આવવા લાગી. સામે સમુદ્ર દેખાયો.

"અપેક્ષા ! આ પોર્ટ ઑફિશિયલ્સના ક્વાર્ટર્સ છે. ત્યાં પોલીસ સાથે એક ઑફિશિયલ ઊભો છે, જે આપણને સી લિંકના બ્રિજની નીચે લઈ જશે,ચાલ..."

અમે ગેટની અંદર ગયાં. ત્યાં એક પોલીસવાળો બેઠેલો હતો. તેજસને જોતાં જ એણે ઊભાં થઈને સલામ ભરી. સી લિંકની જેમ તેજસની લિંક બહુ મોટી હતી.

અમે સમુદ્રના કિનારા પર ગયાં. અફાટ સમુદ્ર ડાબી બાજુ દેખાઈ રહ્યો હતો. સામે મુંબઈનું પરો દેખાઈ રહ્યું હતું. અમારા માટે એક પોલીસ અને એક ઑફિસર સાથે એક સ્પીડ બોટ, કે જે પેટ્રોલિંગ માટે વપરાતી હતી, એ ઊભી હતી.

"હાય... માસ્ટર તેજસ! " સામે રહેલા ઑફિસરે કહ્યું.

"હાય..આ અપેક્ષા છે..."મારી સામે જોતાં તેજસ બોલ્યો.

"ગુડ મૉર્નિંગ..." ઑફિસરે મને જોઈને સ્માઈલ આપી.

મેં સ્માઈલ આપીને ગુડ મૉર્નિંગ રિટર્ન કર્યું. "તો ચાલીએ...."પોતાની બોટ તરફ ઑફિસરે ઈશારો કર્યો. તેજસ બોટમાં કુદકો લગાવીને પહોંચી ગયો. બોટ હલતી હોવાથી મને ડર લાગી રહ્યો હતો.

"કમ-ઑન અપેક્ષા! તું હવે મોટી થઈ ગઈ છે." તેજસ હસ્યો. મેં પણ તેજસની જેમ બોટમાં કુદી લગાવી.મારો પગ લપસ્યો,પણ તેજસે મને પકડી લીધી. "થેંક્યું." મારાં મોઢાંમાંથી નીકળ્યું.

"વેલકમ..મેંશન નોટ.."

બોટ ચાલું થઈ.50 નોટીકલ માઈલ્સની સ્પીડ બોટ સપાટાબંધ અંતર કાપતી ગઈ.અમે સી લિંકની નીચે પહોંચ્યાં.

"ક્યાં છે?"મેં તેજસને પૂછ્યું.

ઓફિસરે મોટી ફોકસ ચાલુ કરી.એ ફોકસની લાઈટ સી-લિંકના નીચેના પીલર પર પડી.મારી આંખો ત્યાંનું દૃશ્ય જોઈને ફાટી ગઈ.

ત્યાં એક માણસ પીલરની રેલિંગ પર ઊંધો લટકેલો હતો.



# Chapter -12

28/06/2010 I.S.T. 6.30 Worli Sea-link, Mumbai

**મિરેકલ** અતિવિષમ હોય છે.....!

તેજસનો ફોન વાગ્યો. તેજસે'સ્પીકર' નો બટન દબાવ્યો.

“હેલો.... હેલો..મને બચાવો...મને બચાવો...” કોઈનાં પણ હૃદયને પિગળાવી નાખે એવો કરુણ અવાજ આવ્યો. હું મોબાઈલની પાસે મારાં કાન લઈ આવી.

“શું થયું તને! કૂલ ડાઉન, કૂલ ડાઉન...” તેજસે ઉપર લટકેલા વ્યક્તિ તરફ જોઈને કહ્યું.

“ના..ના.... હું ફરીથી નહીં કરૂં.આહ..આહા....”

અમે બધાંએ ઉપર લટકેલી વ્યક્તિ તરફ જોયું. એ ગાંડાની જેમ રેલિંગ પર હલી રહી હતી. એ હમણાં જ પડીને પાણીમાં ડૂબી જશે એવું સ્પષ્ટ લાગી રહ્યું હતું.

“શું થયું? કહે તો સહી." તેજસે ગુસ્સામાં કહ્યું.

“કોઈ મને મારે છે. એ વ્યક્તિએ જ મને અહીંયાં રેલિંગ પર ઊંધો લટકાવેલો છે. તમે વ્યક્તિને કહોને કે એ મને છોડી દે.” શબ્દો બોલાતાં જ ઉપર લટકેલી વ્યક્તિ હજી રેલિંગમાં નીચે સરકી. હવે ફક્ત એના બે પગ જ રેલિંગ પર હતાં. એ ગાંડાની જેમ ચીસો પાડી રહી હતી.

અમે અમારી બોટ એ જ્યાં લટકી રહી હતી, ત્યાં લઈ ગયાં. કદાચ પડે તો અમે એને બચાવી શકીએ.

“પણ અમને તો ત્યાં કોઈ દેખાતું જ નથી...તું ગાંડો તો નથી થયો

ને?..."ઑફિસરે ગુસ્સાથી બરાડતાં ફોનમાં કહ્યું.

"મારા પર વિશ્વાસ કરો. આ વ્યક્તિ જ કાલે રાત્રે મને અહીયાં ઉંચકીને લાવી. એ કહી રહી હતી કે તે કઈ રીતે એક પવિત્ર સાધ્વીજીને હાથ લગાવ્યો? શું સમજે છે તને? મોટો ડૉન છે..?

એણે મને ગાળો આપેલી. હું એની પકડમાંથી છૂટવા મથી રહ્યો હતો. પણ એ મને છોડવા જ તૈયાર નહોતી . એ વારંવાર અને હમણાં પણ એ જ કહી રહી છે કે'જા...તું એ સાધ્વીની પાસે માફી માગીને આવ.. નહીં તો હું તારૂં કચુંબર બનાવીને તારાં અસ્થિઓને સમુદ્રમાં પધરાવી દઈશ..."એક મોટી ચીસ ઉપરથી આવી.

અમે બધાંએ ઉપર જોયું. એ રેલિંગની જ એક સાઈડથી બીજી સાઈડ પર પોતાના ઊંધા પગથી જઈ રહ્યો હતો. મારી આંખો પર મને વિશ્વાસ ન થયો.

મને તેજસે જે વાત કરેલી એ સાચી હતી. આ એ જ વ્યક્તિ હતી કે જેણે સાધ્વીજીને ચપ્પુ થી મારેલાં. 'બહુ સારૂં કર્યું તેં જે કોઈ અદૃશ્ય વ્યક્તિ એ મવાલીને પરેશાન કરી રહ્યો હતી એની માનસિક પ્રશંસા મેં કરી. "હું ઉપર આવું છું. તું વધારે હલતો નહીં..."તેજસે ફોનમાં કહ્યું.

"ના...ના..."લટકેલાએ મોટી ચીસ પાડી."આ મને નીચે ફેંકી દેશે...એ અત્યારે કહી રહી છે કે ખેર છે કોઈ માની ઓલાદની! જો કોઈ ઉપર આવશે, તો હું તારી.... "લટકેલા માણસના મોઢાંથી ગંદી ગાળ નીકળી. તેજસ એ સાયકોને જોતો જ રહ્યો.

પોલીસે હાથમાં મોબાઈલ લીધો.

"એ ગાંડા! તારૂં નામ શું છે ?"

" મારૂં નામ.... મારૂં નામ...આહ.બોલું છું.બોલુ છું... ફૈઝલ."

"તેં શું શું કર્યું છે અત્યાર સુધી? કેટલીવાર તું પોલીસની કસ્ટડીમાં આવ્યો છે? તારા નામે કોઈ કેસ છે?" ઉપરથી કોઈ પણ અવાજ આવ્યો નહીં. એ જો બોલી દેત, તો એને જેલમાં ચક્કી પીસવી પડશે એ પાકું હતું. બે મિનિટ પછી દુઃખ-દર્દથી ભરેલો એકદમ શાર્પ અવાજ આવ્યો.

"મેં અત્યાર સુધીમાં 21 રેપ,25 મર્ડર,50 ચોરીઓ....બહું બધું કરેલું છે. પણ મારો રેકોર્ડ પોલીસમાં સાફ છે. કેમકે મારાં ભાઈના પે-રોલ પર આખી મુંબઈની પોલીસ છે."

"એ કોણ છે તારો ભાઈ?" તેજસે પૂછ્યું.

"અમઝદ."

નામ સાંભળીને તેજસની આંખો પહોળી થઈ ગઈ. એક કાળી છાયા એના મોઢા પર છવાઈ ગઈ હોય એવું દેખાયું.

“કોણ છે અમઝદ તેજસ?”મેં તેજસને ઝકઝોર્યો.

“અમઝદ...બૉમ્બેનો, દાઉદનો ખાસ, મુખ્ય આદમી...એ બહુ ખતરનાક છે. એની સામે એક પ્લેટ બિરીયાનીમાં રહેલા ચોખાં જેટલાં કેસીસ છે.... એની સાથે પંગો લેવો,એટલે મોત સાથે પંગો લેવો...આ એનો ભાઈ છે એ મને ખબર નહોતી..”તેજસે ઉપર જોયું.

બે મિનિટ સુધી અમે બધાં એણે આપેલી જાણકારીને પચાવતાં રહ્યાં.

"તો..."પોલીસવાળાએ ખચકાતાં કહ્યું,"તું તારા બધાં ગુનાનો સ્વીકાર કરે છે?"

“હા..”ઉપરથી અવાજ સંભળાયો, મોબાઈલ કટ થઈ ગયો. અમારા બોટની આગળ ઍપ્પલ નો નવો મોબાઈલ પાણીમાં પડ્યો.ઑફિસર એને લેવા ગયો.પણ એ સમુદ્રની પેટાળમાં ગરકાવ થઈ ગયો.

હવે અમારો એની સાથે વાત કરવાનું એકનું એક કનેક્શન પણ તૂટી ગયું. અમે ઉપર જોતાં રહ્યાં. એ ઝૂલામાં ઝૂલી રહ્યો હોય એ રીતે રેલિંગ પર આગળ-પાછળ થઈ રહ્યો હતો. અમારો બોટ પાઈલટ એને જ જોઈ રહ્યો હતો.

દસ મિનિટ પસાર થઈ. ઉપર જોઈ જોઈને મારી ગરદન દુ:ખવા આવી ગઈ, ધડામ કરતું પાણીમાં કંઈક મોટું પડ્યું. બધું પાણી ઉછળીને અમારી બોટમાં આવ્યું.

“બચાવો...બચાવો...”ની બૂમો બોટથી 50 મીટરની દૂરીથી આવવા લાગી.ઑફિસર ફ્લોટ લઈને સ્વીમીંગ સૂટમાં નીચે પાણીમાં કુદ્યો.

મેં મારી આંખો બંધ કરી દીધી. મારૂં માથું ભયંકર રીતે ફૂટવાનું હતું.

હું ભગવાનને ફૈઝલને બચાવવાની પ્રાર્થના કરવા લાગી. એક હત્યારા, રેપિસ્ટ વ્યક્તિ માટે પણ મને બહુ દયા આવી.મારી આંખોમાંથી ગરમ ગરમ આંસુ નીકળવા માંડ્યા. તેજસ અને પોલીસ પાઈલટને ઑફિસર તરફ બોટને લઈ જવા માટે સૂચનાઓ આપી રહ્યાં હતાં.

“બૂડ...બૂડ...બૂડ...” અવાજ સંભળાયો. જાણે નિશ્ચેષ્ટ થઈ ગયો

હોય, એ રીતે ફૈઝલનું શરીર નીચે જવા લાગ્યું. ઑફિસરે પોતાની પૂરી શક્તિ સાથે એને બચાવવાનો પ્રયાસ કર્યો.

ઑફિસરના હાથમાં ફૈઝલનો ટી-શર્ટ આવ્યો. ધીમે ધીમે ઑફિસરે એને બોટ તરફ ખેંચ્યો. એનું શરીર બહુ ભારે હોય એવું લાગી રહ્યું હતું. બોટના રેલિંગ પર ઑફિસરે હાથ મૂક્યો. તેજસ અને પોલીસવાળાએ ઑફિસર અને ફૈઝલના શરીરને બોટમાં લીધાં.

ફૈઝલનું શરીર એકદમ જકડી ગયું હતું.

પોલીસે ફૈઝલનો ટી-શર્ટ કાઢ્યો.એની છાતી પર એક મોટો સાપનો ટૅટૂ હતો.એના નિપ્પલ પર સાપની બે આંખો હતી.

મેં આંખો બંધ કરી દીધી..



# Chapter -13

28/06/2010 I.S.T. 10.30 Bhatia Hospital, Mumbai

**PHOBIA** અતિવિષમ હોય છે...!

તેજસ આજનું " ટાઈમ્સ ઑફ ઈન્ડિયા" વાંચી રહ્યો હતો.આખું પેપર રેપાદિના કેસોથી ભરેલું હતું. પણ, આ બધી ન્યૂઝને ટપી જાય એવા ન્યૂઝ સવારે ઘટેલી ઘટનાના હતા. અમે બોટમાંથી નીકળ્યા બાદ મેં એક શબ્દ તેજસ કે કોઈની સાથે બોલ્યો નહોતો.

ફૈઝલના ભાઈને ફૈઝલની પરિસ્થિતિ બતાવવામાં આવી હતી. અમઝદે ફટાફટ ફોન કરીને દુનિયાના અને ઈન્ડિયાના ટૉપમોસ્ટ ડૉક્ટરને કામ પર લગાડી દીધેલા.એ બૉમ્બે હૉસ્પિટલમાં ભર્તી હતો. તેજસના કહેવા મુજબ ફૈઝલના જીવવાની શક્યતા બહુ ઓછી હતી.

એના મન પર આખા પ્રસંગની બહુ ઊંડી, ભયાનક અસર થયેલી. અને કદાચ જીવી પણ જાય તો પણ એ બૅડમાંથી ઊભો નહીં થઈ શકે.

*"સારું થયું. થોડા રેપ્સ તો ઘટશે.* "મને વિચાર આવ્યો. હું શાસનદ્રષ્ટાશ્રીજીની રાહ જોતાં બહાર ભાટીયામાં મૂકેલી ચેર પર બેસી ગઈ.

ડૉક્ટર આવેલા હતાં એટલે શાસનદ્રષ્ટાશ્રીજી I.C.U.માં એમની સાથે કંઈક વાતમાં મગ્ન દેખાઈ રહ્યાં હતાં.ડૉક્ટર એમનાથી ઈમ્પ્રેસ થયો હોય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું.

ડૉક્ટર અને શાસનદ્રષ્ટાશ્રીજી બન્ને I.C.U માંથી બહાર આવ્યાં.

"થોડા દિવસોમાં બધું સારું થઈ જશે..."કહીને ડૉક્ટર મારી સામે જોઈને ચાલ્યો ગયો.

"તું આવી ગઈ અપેક્ષા!" પોતાના સહજ હસતા ચહેરાથી શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી સામે જોયું. મારાં મોઢાંની ચિંતાની રેખાઓ પણ વિલીન થઈ ગઈ.

"શાસનદ્રષ્ટાશ્રીજી! આ કઈ રીતે શક્ય છે?" ન્યૂઝપેપર સાઈડમાં મૂકીને મારાં અને એના દિમાગમાં રમતી વિચિત્ર ઘટનાનો ઉકેલ તેજસે પૂછ્યો.

"શું કઈ રીતે શક્ય છે?" હસતાં હસતાં જ શાસનદ્રષ્ટાશ્રીજીએ અમારી સામે જોયું.

પછી તેજસે અને વચ્ચે-વચ્ચે મેં આખી ઘટના સિલસિલાબંધ સંભળાવી, શાસનદ્રષ્ટાશ્રીજી એકદમ નકાબી ચહેરાથી બધું સાંભળતાં ગયાં. જ્યાં એમને કંઈક પૂછવા જેવું લાગ્યું, ત્યાં એમણે પૂછ્યું.

"અને અત્યારે એ માનસિક શૉકમાં છે અને બૉમ્બે હૉસ્પિટલમાં દાખલ છે."તેજસે છેલ્લી લાઈન પૂરી કરી. બે મિનિટ સુધી શાસનદ્રષ્ટાશ્રીજી નીચે જ જોતાં રહ્યાં.

"શાસનદ્રષ્ટાશ્રીજી ! શું સાચે એવું કંઈક ઍક્સ્ટ્રા ઑર્ડીનરી તત્ત્વ છે કે જે ફૈઝલની પાછળ પડ્યો હોય એવું આપને લાગે છે?" તેજસે મૌન તોડ્યું.

શાસનદ્રષ્ટાશ્રીજીએ હજું સ્મિત કર્યું.

"તેજસ! અપેક્ષા!" અમારા બે તરફ જોઈને શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું, "ફૈઝલ સાથે જે થયું એ બહુ ખોટું થયું. ભગવાને બધાની સાથે મૈત્રી કરવાની વાત કરી છે પછી એ દુશ્મન હોય કે દોસ્ત!

જ્યારે સાધ્વીજી જૈન ભવનમાં આવીને પડ્યા ત્યારે હું ભગવાનને આ જ પ્રાર્થના કરી રહી હતી કે આ ખરાબ વસ્તુ કરનારો છૂટી જાય.એને કંઈ પણ ભયાનક ન થાય.પણ તમે જે રીતે મને સ્ટોરી સંભળાવી એ પ્રમાણે તો ભગવાને તો મારી પ્રાર્થના સાંભળી નથી." શાસનદ્રષ્ટાશ્રીજીનાં મોઢાં પર ઉદાસી સ્પષ્ટ દેખાઈ.

તેજસ અને મેં એક-બીજા સામે જોયું. *'વ્યક્તિ જ અલગ છે.'*

"બીજું," ધીમે ધીમે શાસનદ્રષ્ટાશ્રીજીનો અવાજ વધ્યો, 'એવું કહેવાય છે કે "**WORLD IS AS YOU PERCIEVE IT**" દુનિયા એ તમારા વિચારોનું પ્રતિબિંબ છે. એટલે જ."

જ્યારે ફૈઝલે સાધ્વીજીને મારવાની કોશિશ કરી, ત્યારે એનામાં

એક કૉન્સીયસ બાઈટ ઊભો થયો કે, ' મેં કંઈક ખોટું કર્યું છે.' બસ પછી એણે પોતાના મિત્રોને જૈન સાધ્વીજીના વિષયમાં પૂછ્યું હશે.

એમાં કોઈકે કહ્યું હશે કે "જૈનના ધર્મગુરુઓ બહુ પાવરફૂલ હોય છે. તેઓની નીચે ઘણા બધાં દેવો અને અસુરો હોય છે. જલદી કંઈક કર.."

અને આ જ વાત ફૈઝલના દિમાગમાં ફીટ થઈ ગઈ હશે.બધી જગ્યાએ એને દેવો-અસુરો-દેવો-અસુરોનો પ્રતિભાસ થવા લાગ્યો હશે. એને સપનામાં પણ એ આવ્યાં હશે.પછી તો જ્યારે કોઈ પણ વિચાર વ્યક્તિના મગજમાં આવે અને જો એ એને વશ ન કરે, દબાવે નહીં, તો એ વ્યક્તિને જ ખાઈ જાય.

આપણા શાસ્ત્રોમાં પણ એક સારી સ્ટોરી આ વિશેની આવે છે."શાસનદ્રષ્ટાશ્રીજી બે મિનિટ માટે રોકાયાં.હું અને તેજસ પોતાની જગ્યાએ આરામથી બેઠાં.

અમને ખબર હતી કે શાસનદ્રષ્ટાશ્રીજી હમણાં જે કહેવાનાં હતાં એ અમને જિંદગીમાં બહુ ઓછી વાર જ સાંભળવા મળવાનું હતું અને એ એક મૂલ્યવાન ગિફ્ટ જેવું હતું.

"અપેક્ષા! એક ફિલૉસૉફર બીજા મોટા ફિલૉસૉફર પાસે જાય છે. નાના ફિલૉસૉફરે મૅડીટેશન અને ધ્યાન ઉપર ઘણું રિસર્ચ કરેલું હોય છે, પણ એને હજી ઊંડું જ્ઞાન મેળવવાની ઈચ્છા હોય છે.

એ મોટા ફિલૉસૉફરને જઈને પૂછે છે "સર! હું બહુ દૂરથી આપને મળવા આવ્યો છું. મને આપને પ્રશ્નો પૂછવા છે."

"પૂછ."

"સર! મને ધ્યાન,મૅડિટેશન શું છે એ બતાવો ને ?"

મોટા ફિલોસોફર હસે છે. "કાલે આવજે" બે જ શબ્દો બોલે છે...

નાના ફિલૉસૉફરને આ વાત ગમતી નથી અને એને વિચાર આવે છે કે, *' હું ખોટી જગ્યા પર તો પહોંચી નથી ગયો ને?'*

એ બહાર જઈને આશ્રમ જોઈ આવે છે અને ત્યાં રહેલા લોકોને પણ મોટા ફિલૉસૉફરના વિશે પૂછે છે. બધાં એ જેમાંથી બહાર નીકળેલો હોય છે એ જ જગ્યા બતાવે છે. એને વિશ્વાસ થઈ જાય છે કે *'બીગ બી એ જ છે.'*

સવારે વહેલો ઉઠીને તૈયાર થઈને એ બીગ બીની જગ્યાએ પહોંચી જાય છે. બીગ બી આંખો બંધ કરીને પૂર્વ દિશા તરફ વજ્રાસનમાં

બેસેલા હોય છે.

"આવ." બંધ આંખોથી જ ઉદાત્ત ઘોષનું ઉચ્ચારણ બીગ બીએ કર્યું. ફિલૉસૉફરને હવે બીગ બી ઉપર કંઈક વિશ્વાસ બેઠો.

નાના ફિલૉસૉફર કંઈક બોલવા જઈ રહ્યો હતો, એ પહેલાં જ બીગ બીએ કહ્યું, "જા, બહાર એક ભેંસને બાંધેલી છે.એનું ડ્રોઇંગ મને કરીને આપ." નાના ફિલૉસૉફરને કંઈ સમજાયું નહીં. તો પણ બીગ બીના પ્રભાવમાં રહેલો ફિલૉસૉફર બહાર જઈને ભેંસને દોરવા લાગ્યો.

બે કલાકે ડ્રોઈંગ પૂરી કરીને એ બીગ બીને બતાવવા આવ્યો.

બીગ બીએ ડ્રોઈંગ જોયું.

"હમમમ.. હજી ક્ષતિઓ ઘણી છે... ફરીથી બનાવીને લાવ..."

નાનો ફિલૉસૉફર ફરીથી ડ્રોઈંગ કરવા લાગ્યો. આ ટાઈમ એણે બરાબર એક-એક કર્વ્ઝ ડ્રો કર્યા.3 કલાક પછી પિક્ચર પૂર્ણ થતાં એ ફિલૉસૉફર બીગ બી પાસે લઈ આવ્યો.

"ફરીથી ધ્યાનથી ડ્રો કર... આના કાન બરાબર નથી આવ્યાં.."

ફરીથી 9 કલાકે એણે ડ્રોઇંગ પૂરું કર્યું અને બીગ બી પાસે આવ્યો.

"આ ટાઈમ પણ આનો આકાર બરાબર નથી...ફરી..."

સતત આવું 21 દિવસ સુધી ચાલ્યું.

"સર! સર! જરા બહાર આવોને... બહારથી આવેલાં ફિલૉસૉફર ગાંડાની જેવી હરકતો કરે છે...." બીગ બીના શિષ્યોં ફરિયાદ કરવાં આવ્યાં.

ઊભા થઈને બીગ બી બહાર જોવા ગયાં. બહારનું દૃશ્ય જોઈને એ હસ્યા.

નાનો ફિલૉસૉફર ભેંસ જ બની ગયો હતો. એ પણ ચાર પગ ઉપર જ ઊભો હતો.

એ ભેંસની પાસે ગયાં. તો ભેંસ એમને ચાટવા લાગી. એ ભેંસની બાજુમાં રહેલો નાનો ફિલૉસૉફર પણ એમને ચાટવા લાગ્યો.

પછી બીગ બીએ નાના ફિલૉસૉફરને ભેંસના ટ્રાન્સમાંથી બહાર કાઢ્યો.

ટ્રાન્સમાંથી બહાર આવ્યાં પછી હસતાં હસતાં બીગ બીએ ફિલૉ - સૉફરને કહ્યું "ધ્યાન શું હોય છે સમજ્યો?"

ફિલૉસૉફર બીગ બીને જોતો રહ્યો..

"અપેક્ષા!" શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી સામે જોયું


"આ જ કેસ ફૈઝલ સાથે થયો છે. એને ફોબીયા થઈ ગયો છે. જ્યાં સુધી એને ટ્રાન્સમાંથી કાઢનારો કોઈ નહીં મળે, ત્યાં સુધી એની રિકવરી શક્ય નથી.

**"ભૂલભૂલૈયા'** પિક્ચરની મોન્જોલિકા તો યાદ છે ને?" શાસનદ્રષ્ટા-શ્રીજીએ મારી સામે પ્રશ્નાત્મક દ્રષ્ટિએ જોયું.

"હા!"

"તેજસ! હવે તને મારી ફોર્મ્યુલા બેસી ગઈને...

**"EVERY ACTION HAS A REACTION..."**


My Note
6
BOMBAY HOSPITAL



# Chapter -1



07/07/2010 I.S.T. 10.00 Bombay Hospital, Mumbai

**ACTION** અતિવિષમ હોય છે...!

**બૉમ્બે હૉસ્પિટલ...**

બૉમ્બેની સૌથી વધારે પ્રસિદ્ધ હૉસ્પિટલ!

5 મિનિટથી અમે કોઈકની રાહ જોઈ રહ્યાં હતાં. તેજસ સતત કોઈકનો મોબાઈલ ટ્રાય કરી રહ્યો હતો. **'ધ મોબાઈલ યુ આર કૉલિંગ ઈઝ કરન્ટલી બીઝી...'**નો અવાજ સંભળાઈ રહ્યો હતો. મેં તેજસ કોને ટ્રાય કરી રહ્યો હતો એ જોયું.

'અમઝદ.'

એ નામ જોતાં મારાં દિમાગમાં ઘટનાઓની એક શૃંખલા ચાલુ થઈ.

**2 દિવસ પહેલાં..**

“હેલો! અમઝદ ભાઈ..”

“હા ! કૌન બોલ રહા હૈ...? ફાલતુ બાત કી તો તેરી.” તેજસના મોઢાં પર શબ્દો સાંભળીને ગુસ્સો આવ્યો.

“મૈં તેજસ...” સામેથી ખામોશી સંભળાઈ.

“ક્યા હૈં..તું હી થાના ઉસ દિન,જબ ફૈઝલ બ્રીજ સે કૂદા...” ખોફ ભરી દે એવો ડૉનનો અવાજ સંભળાયો.

“હા..."હિમ્મત સાથે તેજસ બોલ્યો.

“તો અબ...! ક્યું ફોન કિયા હૈ.મરને કે લિએ ?"

“નહીં ભાઈ! મરતે હુએ કો બચાને કે લિએ..."

પાંચ મિનિટ સુધી ફોન પર અમઝદભાઈના નિસાસા જ સંભળાયા.

"કૈસે?"

એક શાબ્દિક પ્રશ્ન આવ્યો.

તેજસ ધ્યાનથી ધીમે ધીમે શાસનદ્રષ્ટાશ્રીજીએ જે એને સમજાવેલું એ એ બોલતો ગયો. અમઝદભાઈ ધ્યાનથી સાંભળતા ગયાં. આટલો ટાઈમ અમઝદભાઈ કોઈને આપે એ અશક્ય હતું.

"ક્યા લગ રહા હૈ ભાઈ?" તેજસે છેલ્લો દાવ મૂક્યો.

"સોચ કે બોલુંગા. મેં સચ્ચા મુસલમાન હું...ઈસલિએ મેં સોચકે બોલુંગા...અલ્લાહ કી મેહરબાની હોગી, તો સબ અચ્છા હી હોગા..." ફોન કટ થઈ ગયો.

હું તેજસ સામે જોઈ રહી હતી. એનાં મોઢાં પર ટૅન્શન હતું.

"આપણે સેફ તો છીએ ને?" મેં તેજસને પૂછ્યું.

"ખબર નહીં." ત્યાંથી ઉઠીને એ ચાલ્યો ગયો.

**1 દિવસ પહેલાં..**

તેજસના મોબાઈલ પર મૅસેજની રીંગટોન વાગી.

તેજસે મૅસેજ જોયો.લગભગ તેજસ મૅસેજને જોતો નહીં, કેમકે દિવસના હજારો મૅસેજ એના મોબાઈલ પર આવતા. પણ અમઝદ ભાઈ સાથે વાત થયાં પછી એ અપરિચિત નંબરથી આવેલા મૅસેજોને પણ વાંચી રહ્યો હતો. એને અમઝદભાઈની સ્ટાઈલ ખબર હતી.

તેજસ મારી પાસે આવ્યો અને મને મૅસેજ બતાવ્યો.

**'કલ ઠીક સુબહ ૧૦ બજે બૉમ્બે હૉસ્પિટલ કે ગેટકે પાસ...ઔર વો ફરિશ્તે કો ભી લેકે આના.. વાદા કરતાં હું કિ કિસીકો કુછ ભી નહીં હોગા... મેરા આદમી અબ્દુલ તુમકો રિસીવ કરેગા..અમઝદ...'**

હું તરત જ શાસનદ્રષ્ટાશ્રીજીની પાસે ગઈ.મેં મૅસેજ એમને વાંચીને સંભળાવ્યો. તેઓ કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રીક સાધન વાપરતાં નહોતાં અને જોતાં પણ નહોતાં.

"બહુ સારૂં થયું અપેક્ષા! એક ડૉનને થોડોક ધર્મ શીખવવાનો લાભ મને મળશે." એમનાં મોઢાં પર ભયની એક રેખા પણ દેખાઈ નહીં.

"તેજસ કૌણ હૈ? "મને વર્તમાનમાં લઈ આવતો કોઈકનો આવાજ

સંભળાયો. સામે 6 ફૂટનો મસલ્સથી ભરપૂર એક માણસ ઉભો હતો.

"હા ! મૈં હૂં... અબ્દુલ તુમ હો ક્યા?"અબ્દુલે માથું હલાવ્યું.

"હા ! વો ફરિશ્તે કહા હૈ?" અબ્દુલે બધાને જોતાં પૂછ્યું.

"મેં યે રહી..."શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાના મધુર અવાજમાં કહ્યું. અબ્દુલે પોતાની આંખો બંધ કરીને શાસનદ્રષ્ટાશ્રીજી માટેનો આદર બતાવ્યો.

"ચલો.. 14 વે માલે પર જાના હૈ..."

અમે બધાં ચાલવા લાગ્યાં. અમે બૉમ્બે હૉસ્પિટલના રિસેપ્શનમાં ઘુસ્યાં, ત્યાં ઘણા બધાં ડૉનના માણસો ઊભા હતાં. બધાની નજર અમારા ઉપર ગઈ. એમાં પણ શાસનદ્રષ્ટાશ્રીજીને જોઈને તો બધાની આંખોમાં કોઈ નવી વસ્તુ જોઈ હોવાની ચમક દેખાઈ.

શાસનદ્રષ્ટાશ્રીજી પોતાના ચાલવાના રસ્તાને જોતાં જોતાં આગળ વધ્યા. અબ્દુલે લિફ્ટ ખોલી.

"ભાઈ ! ફરિશ્તે કિસી ભી ઈલેક્ટ્રીક ચીજો કા ઈસ્તમાલ નહીં કરતે..." તેજસે કહ્યું. અબ્દુલનાં મોઢાં પર આશ્ચર્ય દેખાયું.

"તુમ ચલે જાઓ..મૈં આ જાઉંગી." શાસનદ્રષ્ટાશ્રીજીએ અબ્દુલ સામે જોયું.

"નહીં ફરિશ્તે ! મેં સાથ હી આ રહા હૂં... ખુદાને મુઝે અચ્છી બૉ-ડી દી હૈ." અબ્દુલે લિફ્ટ બંધ કરી અને ફટાફટ ચઢવા લાગ્યો.

ઘણા ટાઈમ પછી આ રીતે ચઢતી હોવાથી મને બહુ થાક લાગ્યો. હું સાતમાં માળે 5 મિનિટ માટે બેસી ગઈ. અબ્દુલનો પણ શ્વાસ ચઢી રહ્યો હતો. શાસનદ્રષ્ટાશ્રીજી એકદમ નૉર્મલ જ હતાં.

"ફરિશ્તે ! આપકો કુછ હોતા નહીં ક્યા?"શાસનદ્રષ્ટાશ્રીજી હલકું હસ્યા.

ફરી અમે ચઢવા લાગ્યાં.14મો માળ આવ્યો.અબ્દુલ કદાચ જિંદગીમાં પહેલીવાર આ રીતે ચઢતો હશે એટલે એનાં મોઢાંમાંથી શબ્દ નીકળ્યા, "મક્કા યાદ આ ગયાં..."

14 માં માળે બધાં રૂમો ખાલી હતાં. આખા એરિયાને પોલીસની પટ્ટીઓથી બંધ કરવામાં આવ્યો હતો. ડૉનને પોલીસ પ્રોટેક્શન પણ હતું !

અબ્દુલે અમઝદના પી.એ.ને ફોન લગાવ્યો. કંઈક વાત થઈ અને અબ્દુલે અમને અંદર આવવાનો ઈશારો કર્યો. સામેથી અમઝદનો કોઈ

માણસ દેખાયો.

"હેલો મૈં! તૌફિક... અમઝદકા પી.એ." તેજસે એની સાથે હાથ મળાવ્યો.

"ભાઈ આપકી રાહ દેખ રહે હૈ." ફરિશ્તા શાસનદ્રષ્ટાશ્રીજી સામે જોઈને એણે કહ્યું.

બૉમ્બે હૉસ્પિટલની મોટી લૉબી પાસ કરીને અમે છેલ્લે રહેલા મોટા રૂમના દરવાજા પાસે પહોંચ્યાં.. એના પર I.C.U.નું મોટું બોર્ડ લગાવેલું હતું.

"આજ ભાઈ કા રોજા હૈ... નમાજ પઢ રહે હૈ...1 મિનિટ લગેગી." બહાર ઊભેલા અમઝદના બૉડીગાર્ડે કહ્યું. તૌફિક ત્યાં ને ત્યાં ઊભો રહ્યો.

બે મિનિટ પછી I.C.U નો દરવાજો ખૂલ્યો, એક મારી જેટલી છોકરી બહાર આવી.

"અબ્બા આ રહે હૈ... મૈં સાદિયા." એ બોલી. તેજસે હાથ આગળ કર્યો, પણ એને ઠુકરાવીને એણે મારી સાથે હાથ મળાવ્યો. હું કંઈપણ બોલી નહીં.એમ પણ હું અજાણ્યા લોકો સાથે અન-ઇઝી ફીલ કરતી.

સાદિયા મારી સાથે જાણે કે હું બેસ્ટ ફ્રેન્ડ હોઉં એ રીતે વાત કરવા લાગી.હું મૌન જ રહી.એનામાં એ ડૉનની છોકરી હોય એવું એકેય લક્ષણ દેખાતું નહોતું.એ અભિમાન વગરની હતી.

અમઝદભાઈને જોતાં એણે પોતાનું બોલવાનું બંધ કર્યું.

"સલામવાલેકુમ..." શાસનદ્રષ્ટાશ્રીજી સામે આવીને ડૉને આદાબ કર્યા."આપ ફરિશ્તે હોંગે....યે નાચીઝ આદમી આપકે પાસ કુછ માંગના ચાહતા હૈ." જીવનમાં ક્યારેય કોઈની પાસે એકેય વસ્તુ નહીં માંગનારો ડૉન આજે ભીખ માગી રહ્યો હતો.

"ધર્મલાભ!" શાસનદ્રષ્ટાશ્રીજી ગજબના હાવભાવ સાથે બોલ્યાં. ડૉન એમના મોઢા પર રહેલા તેજને જોતો જ રહ્યો.

"બોલો અમઝદભાઈ! આપકો ક્યા ગમ હૈ?"

"સબસે પહલે તો મેરે....ભાઈને આપકે સાથીદારોં પર ગુજારે હુએ અત્યાચાર કી માફી માગતા હૂં. ફૈઝલ છોટા હૈ ઔર કિસકે સાથ ક્યા કરના ઉસકી સમજ ઉસે નહીં હૈ. અબ વહ મૌત કે કગાર પર હૈ. મૈ આપસે ઉસકી જિંદગી કી ભીખ માંગતા હૂં! ઇંશાહ અલ્લાહ,યે અમઝદ આપકા કર્જ કભી નહીં ભૂલેગા.." ડૉન નીચે બેસી ગયો.


"અલ્લાહ કી મરજી સે યે બચ તો ગયા, પર યે પિછલે સાત દિનો સે હોશમેં આયા નહીં હૈ... દુનિયાકે સભી ડૉક્ટર કો મૈંને બુલા દિયા હૈ.પર સબકા એક હી કહના હૈ " યહ હમારે હાથ કે બહારકા કેસ હૈ! અબ ટાઈમ-પાસ યહ હી એક ઉપાય હૈ..."

"મેં મેરે પ્રયત્ન કરતી હૂં! આપ ભી ખુદા કો ઈસકે લિએ દુઆ માંગો. જરૂર કુછ ન કુછ બદલેગા..."સંપૂર્ણ વિશ્વાસ સાથે શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું.

અમઝદભાઈની આંખોમાં આશાનું એક કિરણ દેખાયું...



# Chapter -2

**7/7/2010** **I.S.T. 11.00** **Bombay Hospital, Mumbai**

**રીએક્શન** અતિવિષમ હોય છે..!

અમે બધાએ ગ્રીન કલરના માસ્ક મોઢાં પર પહેર્યા.

અમઝદભાઈની ઈચ્છા તેજસ અને મને અંદર આવવા દેવાની ઓછી હતી, પણ શાસનદ્રષ્ટાશ્રીજીના કહેવાથી અમને બન્નેને અમઝદભાઈએ અંદર આવવા દીધાં. પછી સાદિયાએ પણ જિધ પકડેલી અને કોઈના સામે માથું નહીં નમાવનાર ડૉનને દીકરીની વાત સાંભળવી પડેલી.

અત્યારે હું શાસનદ્રષ્ટાશ્રીજીએ મને કરેલી સૂચનાઓને મનમાં વિચારી રહી હતી. એમણે કેમ આવી રીતે મને કહ્યું હતું એ મને ખબર નહોતી પડી.

શાસનદ્રષ્ટાશ્રીજીએ માસ્ક પહેરવાની ના કહી અને પોતાના હાથમાં રહેલું કપડું પોતાના નાક પર દબાવી દીધું. હાડ ધ્રુજાવનારી ઠંડી I.C.U માં હતી. અમે, થોડાં ચાલ્યાં. લાઈનમાં બધાં I.C.U ના વૉર્ડ એક એક પછી ગોઠવાયેલા હતાં. અત્યારે બધાં ખાલી દેખાઈ રહ્યાં હતાં. કદાચ ફૈઝલ માટે જ બધાં ખાલી કરવામાં આવ્યાં હતાં.

અમે કૉરીડોરના છેલ્લા વૉર્ડમાં પહોંચ્યાં, ત્યાંની લાલ લાઈટ ચાલુ હતી.અંદરથી કોઈકે દરવાજો ખોલ્યો.એક ઠંડી હવાનો બ્લાસ્ટ બહાર આવ્યો. હું તો રીતસરની ધ્રુજવા લાગી. તેજસે પણ પોતાના શરીરને સંકોચી નાખ્યું.

શાસનદ્રષ્ટાશ્રીજી કે જે ક્યારેય પણ છેલ્લાં દસ વરસમાં A.C માં

ગયાં સુદ્ધાં નહોતાં વગર કોઈપણ કમ્બલ સિવાયના કપડાંએ આરામથી ઊભા હતાં. એમની સહનશક્તિ ગજબની હતી.. એક અબાધ્ય શક્તિનો ધોધ એમની અંદર ચાલતો રહેતો કે જેના કારણે એમને કોઈપણ પરિસ્થિતિમાં ઍડજસ્ટ થવાનો પાવર મળતો.

અંદર આખા I.C.U. માં અંધારૂં હતું. ફક્ત સાઈડની નિયોન લાઈટ્સ ચાલુ હતી.

"ફૈઝલકે શરીરકે બહોત સારે ફંક્શન બંધ હો ગયે હૈ. ઉસકી બોડી કો પ્રિઝર્વ કરને કે લિએ ઈતના લો-ટેમ્પરેચર રખને મેં આયા હૈ ઔર શક્તિ કો સોકનેવાલી લાઈટ્સ ભી હટા દી ગઈ હૈ.." અમઝદભાઈ બોલ્યા.

અમે મોટાં I.C.U. રૂમની વચ્ચે પહોંચ્યા. ત્યાં 5-6 ડૉક્ટરની પેનલ ઊભી હતી.એ બધાં એક સ્ટ્રેચરને ઘેરીને ઊભા હોવાથી અમને કંઈપણ દેખાતું નહોતું.

બૂટનો અવાજ સાંભળી ડૉક્ટરે પાછળ જોયું.

"ઈરફાન! અલ્લાહ કી દયા સે કુછ સુધાર હૈ ક્યા?" એક ડૉક્ટર તરફ ડૉને જોયું.

"ઈન્શા અલ્લાહ કુછ ભી સુધાર નહીં હૈ.પર અલ્લાહ કી દુઆ રહી તો શાયદ 2 દિન કે બાદ કુછ જાન આ સકતી.." ગ્રીન આંખોવાળો ડૉક્ટર અમે બધાને જોઈને ડઘાઈ ગયો હોય એ ભાવ સાથે બોલ્યો.

"સર, ઉન્હોંને માસ્ક પહેના નહીં હૈ.પેશન્ટ કો અસર હો સકતી હૈ."શાસનદ્રષ્ટાશ્રીજી સામે હાથ કરીને ડૉક્ટર ઈરફાને ડૉન સામે જોયું. ડૉન દર્દ સાથે હસ્યો.

"તુમ નિકમ્મે અસરકારક નહીં બન સકે, ઈસલિએ તો મૈંને ફરિશ્તે કો બુલાયા હૈ."ડૉક્ટર ઈરફાન ચૂપ થઈ ગયો. "ચલો, ડૉક્ટર પાંચ મિનિટ કે લિએ સબ બહાર ચલે જાઓ...જબ તક મૈં બુલાઉં નહીં, તબ તક વાપસ અંદર મત આના... નહીં તો મા કસમ... ઔર તુમ ઈરફાન, ઈધર હી રહો." ડૉનનો આદેશ છૂટ્યો.બધાં ચૂપચાપ બહાર ચાલ્યા ગયાં.

ડૉન શાસનદ્રષ્ટાશ્રીજીની તરફ વળ્યો.

"બોલો ફરિશ્તે ! અબ ક્યાં કરના હૈ..?"

શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી તરફ જોયું. મને એમની સૂચનાઓ યાદ આવી ગઈ. મેં મારો મોબાઈલ કાઢ્યો. મેં નેટવર્ક તરફ જોયું. એકેય દાંડી દેખાતી નહોતી. અહીંયા જૈમર લગાવવામાં આવ્યો હતો.

મેં ગૅલેરીમાંથી એક હોરર ટ્યુન સ્ટાર્ટ કરી. અમઝદભાઈએ આંખ બંધ કરી. હું ઈરફાન ડૉક્ટર પાસે ગઈ અને મોબાઈલને પેશન્ટના કાન પાસે મૂકવા કહ્યું. ડૉક્ટર ઈરફાને પેશન્ટના શરીર ઉપર ફોકસ ચાલું કરી.

હું ફૈઝલનું શરીર જોઈને ધ્રૂજી ગઈ. એક નાનાં બાળક જેવડું શરીર ફૈઝલનું થઈ ગયું હોય એવું મને દેખાયું. એનો સાપનો ટેટૂ લીલો પડી રહ્યો હતો. સાદિયા તો પોતાના ચાચાનું શરીર જોઈને રડવા લાગી. અમઝદે સાદિયા તરફ જોયું.એ શાંત થઈ ગઈ.

અગણિત ટ્યુબો ફૈઝલનાં આખા શરીર પર જોડેલી હતી. ડૉક્ટરે ફૈઝલના કાન પાસે ફોન મૂક્યો. શાસનદ્રષ્ટાશ્રીજીએ ફૈઝલનું આંખું શરીર આંખોથી તપાસ્યું. અલગ અલગ મશીનોના અંદર અલગ અલગ આંકડા દેખાઈ રહ્યાં હતાં.હાર્ટબીટ બહુ લો હતી.

બે મિનિટ પછી સંગીત બદલાયું. કોઈ કોઈને મારી રહ્યો હોય એવું સંગીત શરૂ થયું, બે બે મિનિટે અલગ - અલગ સંગીત આવતું ગયું. શાસનદ્રષ્ટાશ્રીજી સતત હાર્ટ-રેટનાં મૉનિટર તરફ જોઈ રહ્યાં હતાં.

હાર્ટ-રેટ વધતી બધાને દેખાઈ. 60.65.70.75..

“ફૈઝલ... ફૈઝલ...” શાસનદ્રષ્ટાશ્રીજીએ ફૈઝલને બોલાવ્યો. કોઈપણ રીઍક્શન આવ્યું નહીં.

“મૈં તુજે માફ કરતી હું. ફૈઝલ! ફૈઝલ...તેરે પીછે લગે હુએ ઈન્સાન કો મૈં વાપસ બુલાતી હું. મૈં તુઝે માફ કરતી હૂં.” એકદમ ધીમા સ્વરે ફૈઝલના કાનના પાસે જઈને શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું.

આવું જ રિપીટેશન શાસનદ્રષ્ટાશ્રીજી ધીમે ધીમે થોડા થોડા મોટા અવાજે કરતાં રહ્યાં. દસ મિનિટ સુધી કંઈપણ થયું નહીં. ડૉને પોતાની આંખો નિરાશામાં બંધ કરી દીધી.

“બચાઓ...બચાઓ...”અવાજ આવી.

“યે મુઝે માર રહા હૈ.બચાઓ બચાઓ.”ફૈઝલ પોતાની બધી શક્તિથી બૅડ પર ઉછળવા લાગ્યો.એના હાથપગ બાંધેલા હોવાથી વધારે કંઈ થયું નહીં. હું બહુ ડરી ગઈ. મેં આંખો બંધ કરી દીધી. મશીનોમાં આંકડા ઝડપથી ઘટવા-વધવા લાગ્યાં.

“ડૉક્ટર ઈરફાન ઈસે કમ વોલ્ટેજ કા શૉક દો...” અચાનક શાસનદ્રષ્ટાશ્રીજી બોલ્યા “ઔર ઈસકી છાતી કો પમ્પ કરો.”

ઈરફાને ફટાફટ શૉક આપવાની સામગ્રી તૈયાર કરી શૉક આપ્યો.

"આહ આહ...."


આખા બિલ્ડિંગને ગજાવનારી ચીસ ફૈઝલે પાડી.

"બચાઓ બચાઓ...મુઝે મત મારો...મૈં વાપસ નહીં કરુંગા." ઈરફાને શૉક મશીન બાજુમાં રાખ્યું અને પમ્પ ફૈઝલની છાતી પર લગાવ્યો. એનાથી એના છાતી પર પ્રેશર આપ્યું. ફૈઝલે આંખ ખોલી. શાસનદ્રષ્ટાશ્રીજી એની સામે ઊભાં રહ્યાં.

"મૈં તુઝે માફ કરતી હૂં." પાંચ શબ્દો શાસનદ્રષ્ટાશ્રીજી બોલ્યા. લાંબી ઊંઘ બાકી હોય એ રીતે ફૈઝલ આંખ બંધ કરીને સૂઈ ગયો.



# Chapter -3



11/7/2010



I.S.T. 9.15



Bhatia Hospital, Mumbai

**કનેક્શન** અતિવિષમ હોય છે...!

ગરમાગરમ કૉફી પીતાં મારી જીભ દાઝી ગઈ.બહાર વરસાદ પડી રહ્યો હતો. એના લીધે મારાં શરીરમાં આવેલી જક્કડતાં દૂર કરવા માટે મેં કૉફીનો કપ મંગાવેલો. બે દિવસ પહેલાં કોઈકનો ફોન આવતાં, હૉસ્પિટલના મોટા માં મોટાં ડૉક્ટર્સ પણ અમને મળીને ગયાં હતાં અને બે વૉર્ડબૉય તો રાત-દિવસ અમારી બાજુમાં જ રહેતા.

પોતાનું કામ પોતે જ કરવા ટેવાયેલાં શાસનદ્રષ્ટશ્રીજીને આ નવો બદલાવ ગમ્યો નહોતો.

" તમે ચાલ્યા જાઓ...” શાસનદ્રષ્ટાશ્રીજીએ વૉર્ડબૉયને કહેલું, પણ તેઓ તો એક જ વાત કહેતાં, ‘સરનો આદેશ છે. સરનો હુકમ છે...'પછી શાસનદ્રષ્ટાશ્રીજી પણ એ લોકોથી ટેવાઈ ગયેલાં.

સાધ્વીજીની ટ્રીટમેન્ટ હવે જોર પકડી રહી હતી અને ઘણાં બધાં ઘામાં રુઝ આવી રહી હતી. હવે એ થોડા બોલતાં, બૅડ પર ઊભા થતાં. એના સિવાયના એમના ફંક્શન્સ બગડેલાં હતાં. શાસનદ્રષ્ટાશ્રીજીની એક જ ઈચ્છા હતી કે આ હૉસ્પિટલમાંથી કે જેને એ કતલખાનું માનતા, એમાંથી જલદીથી બહાર નીકળવું. જૈન સાધુઓના નિયમો હૉસ્પિટલ સાથે મેળ ખાતાં નહોતાં.

મેં કૉફીની બીજી ચૂસકી મારી,પણ જીભ દાઝી ગઈ હોવાના કારણે ટેસ્ટ નહીં આવ્યો.મારાં બીજા હાથમાં કેળાંનો સમોસો પણ હતો. વૉ-

ડૅબોયે જિધ કરીને, મારી ઈચ્છા ન હોવા છતાં સમોસો લાવીને આપ્યો હતો.

તેજસને એના પપ્પાએ બોલાવ્યો હોવાથી એ પણ શાસન દ્રષ્ટાશ્રીજી ને કહીને ઘરે ચાલ્યો ગયેલો.મને એકલવાયાપણું લાગતું. પણ મેં પણ પપ્પા પાસે મારૂં લૅપટૉપ મંગાવી લીધેલું અને એમાં મારૂં કન્ફેશનનું લખાણ ચાલું થઈ ગયેલું.

પપ્પાની જિધ ઘરે આવવાની હોવા છતાં અને શાસનદ્રષ્ટાશ્રીજીના કહેવા છતાં હું સાધ્વીજીને જખમી છોડીને જવા તૈયાર નહોતી.મારો નિર્ણય સ્પષ્ટ હતો કે જ્યાં સુધી સાધ્વીજી ઠીક ન થાય, ત્યાં સુધી હું ઘરે જવાની નહોતી.

સાધ્વીજીને જોઈતી બધી વસ્તુ કે જે શાસનદ્રષ્ટાશ્રીજી લાવીને ન આપી શકે, એ હું લાવી આપતી.મારી મદદ જોઈને ઘણીવાર સાધ્વીજી મને જોઈને લાઈટલી હસતાં.મારા માટે એ સ્મિત બહુ સંતોષ આપનારૂં હતું.

વૉર્ડનો દરવાજો ખુલ્યો. બારીમાંથી મારી નજર હટીને દરવાજા પર ગઈ. બે બૉડી-બિલ્ડર વ્યક્તિઓ દરવાજાને પકડીને ઊભા હતાં.મને મનમાં ડર લાગ્યો. *"કંઈક ઊંધુ તો થયું નથી ને?"*

હું મારી જગ્યાએથી ઊભી થઈ.મેં બારીમાંથી નીચે જોયું.ઘણા બધાં લોકો ત્યાં બન્દુકોં લઈને ઊભા હતાં.પોલીસની 10-15 ગાડીઓ ત્યાં ઊભી હતી. શાસનદ્રષ્ટાશ્રીજી પોતાની બૂકમાં સંપૂર્ણતયા ડૂબેલા હતાં. એ બહારની દુનિયાથી અલિપ્ત હતાં.

"સલામવાલેકુમ..." શબ્દો સંભળાયા. અવાજ કોનો છે એ મને ખબર પડી ગઈ. શાસનદ્રષ્ટાશ્રીજીએ બૂકમાંથી ઉપર જોયું. સામે ડૉન અમઝદભાઈ ઊભો હતો.

"બોલો, અમઝદભાઈ.. કૈસા હૈ..?"

અમઝદભાઈ એકદમ શાસનદ્રષ્ટાશ્રીજીની પાસે આવી ગયાં અને એમના પગને અડવા ગયાં.

"અમઝદભાઈ!" મેં બૂમ પાડી. અમઝદભાઈએ મારા તરફ જોયું. "આપ હમારે ગુરુ કો સ્પર્શ નહીં કર સકતે. ઉન્હોંને જિંદગીભર કિસી ભી પુરુષકો નહીં છૂને કી પ્રતિજ્ઞા લી હૈ." અમઝદભાઈને આશ્ચર્ય થયું.

"આપ સચમુચ ફરિશ્તે હો.આપ સચમુચ..." કહીને એ જમીન પર નમાજ પઢવાની મુદ્રામાં બેસી ગયો અને કંઈક બડબડવા લાગ્યો. શાસનદ્રષ્ટાશ્રીજી એને જોતાં રહ્યાં.

"આપ ક્યા કર રહે હો?" શાસનદ્રષ્ટાશ્રીજીએ ડૉનને પૂછ્યું.

"કુછ નહીં...સિર્ફ મેહરબાન અલ્લાહ કે પાસ દુઆ માંગ રહા હૂં કિ આપ જૈસે ફરિશ્તે બહુત સાલ જીએ ઔર હમ જૈસે નિકમ્મો કો રાહ દિખાએ..."

"પર ઐસે અચાનક યહાઁ ક્યું આનાં હુઆ?" ડૉક્ટર ઈરફાન અને સાદિયા પાછળથી આગળ આવ્યાં. સાદિયા મારી બાજુમાં આવીને ઊભી રહી અને એણે મારો હાથ દબાવ્યો.

"ફરિશ્તે !" ઈરફાનનો ચહેરો ચમક્યો, "તુમ ઉસ દિન જો પ્રક્રિયા કરાકર ગયે, ઉસ હી પ્રક્રિયા કો હમને વાપસ કી ઔર ઈન્શા અલ્લાહ આપકી ઔર અલ્લાહ કી દુઆ ફલિત હુઈ, ફૈઝલ 75% રિકવર હો ગયાં હૈ ઔર ઉસકી ઍબનૉર્મલ હરકતે બંધ હો ચુકી હૈ, શુકરન અલ્લાહ."

"તો? અબ ક્યું આએ?" શાસનદ્રષ્ટાશ્રીજીએ ગંભીર હાસ્ય રેલાવ્યું.

"બસ! આપકા શુક્રીયા અદા કરને...અગર આપ ન હોતે, તો શાયદ ફૈઝલ..." આગળના શબ્દો ડૉનના મોઢામાં જ અટકી ગયાં.

"મૈં આપસે એક અર્જ કરતાં હૂં..." ડૉને શાસનદ્રષ્ટાશ્રીજી સામે જોયું, "આપકા દિલ જો ચાહે, વો આપ માંગ સકતે હૈ. ઔર આજ સે મૈં આપકા બન્દા બન રહા હૂં...યે બન્દા આપકી કિસી ભી મદદ કે લિએ હંમેશાં હાજર રહેગા.અબ આપ માંગીએ..."

શાસનદ્રષ્ટાશ્રીજી બે ક્ષણ સુધી હૉસ્પિટલની ટાઈલ્સને જોતાં રહ્યાં.

"તુમ નહીં દે પાઓગે ભાઈ! "દુ:ખથી ભરપૂર શબ્દો શાસનદ્રષ્ટા-શ્રીજીનાં મોઢે નીકળ્યાં. "શાયદ આપ મુઝ જૈસે બન્દે કો પહચાનતે નહીં. અમઝદભાઈ કે લફ્ઝ પત્થર કી લકીર સે કમ નહીં હોતે.."અભિમાનથી ડૉન **ગર્જ્યો..**

"ઠીક હૈ તો..."

"બોલીએ...બોલીએ..ગભરાઈએ મત.."

"તુમ મર્ડર કરના ઔર કરવાના બંધ કર દો..." શાસનદ્રષ્ટાશ્રીજીએ તીર છોડ્યું. ડૉન ચમક્યો. એનાં મોઢાં પર પોતાની પાસે માંગેલી વસ્તુ નહીં આપી શકવાની લાચારી અંધકારની જેમ છવાઈ ગઈ.એ કંઈક બોલવા ગયો. શાસનદ્રષ્ટાશ્રીજીની આંખોમાં મેં પહેલીવાર આંસુ છલકતા જોયા.

"મુઝે ઉસ મરને વાલો સે જ્યાદા દયા તુમ પર આતી હૈ

અમઝદભાઈ! વો મરનેવાલા તો જહાં, જન્નત યા જહન્નમ મેં જાના હો વહા જાએગા પર તુમ્હારા ક્યા હોગા..અલ્લાહ તુમ્હેં માફ કરેગા....?"

ડૉનની આંખોમાં કદાચ જિંદગીમાં પહેલીવાર ખોફ દેખાયો.

"મૈં તો કહતી હૂં કિ અલ્લાહને મુઝે તુમ્હેં ઈસ જહન્નમમેં સે બહાર નિકાલને કે લિએ ફરિશ્તે કે તૌર પર ભેજા હૈ. તુમ્હારા ભાઈ ફૈઝલ તો સિર્ફ એક મિડિયેટર થા.બોલો, દે પાઓગે તુમ મુઝે મેરા તોહફા?"

ડૉનના બધાં માણસો શાસનદ્રષ્ટાશ્રીજીને જ જોઈ રહ્યાં હતાં. ડૉન પોતે તો મોઢું નીચે નમાવીને ઊભો હતો. કદાચ જિંદગીમાં પહેલીવાર એને કોઈ આ રીતે બોલનારો મળ્યો હતો.

"મૈં શાયદ આપકો આપને માંગા હુઆ તોહફા દે પાઉંગા યા નહીં. પર એક બાત આજસે તય હૈ કિ યે બન્દા આજ સે આપકી બન્દગી જરૂર કરેગા.. આપ ઉસે સ્વીકારો યા નહીં."


ડૉન ભારે કદમોથી ઉઠ્યો.સાદિયા મારી બાજુમાં ઊભી હતી. કદાચ એની પણ ઈચ્છા શાસનદ્રષ્ટાશ્રીજી જેવી જ હતી.

મેં સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરી.

*'અમઝદભાઈને પ્લીઝ આ વાત મનાવડાવો..."*



# Chapter - 4







**12/07/2010** **I.S.T. 9.15** Bhatia Hospital, Mumbai

**PUBLICITY** અતિવિષમ હોય છે!

મેં બાથરૂમમાં જઈને પોતાનો મોઢું સાફ કર્યું.મેં મારું મોઢું કાચમાં જોયું.એની સુંદરતા ફરીથી આવી રહી હતી. મારાં વાળ લગભગ બધાં આવી ગયાં હતાં અને નરીશર શેમ્પુના કારણે એનો ગ્રોથ પણ સારો હતો. મારાં ખભા સુધી વાળ લટકી રહ્યાં હતાં.મેં મારા ચહેરાને ક્યુટ બનાવ્યો. કોઈ પણ મારાં પર ફિદા થઈ જાય એવો એ ચહેરો હતો.મને જૈનમ યાદ આવ્યો.

બહારથી કૉફી આવી ગયાની સુગંધ આવી. હું કાચ સામેથી હટીને બહાર ગઈ. ડેસ્ક ઉપર વૉર્ડબૉય બિસ્કીટના બે પૅકેટ અને કૉફીની કીટલી મુકીને ગયો હતો. સાથે સાથે 10-15 ન્યૂઝપેપર્સ પણ મૂકીને ગયો હતો. હું દરરોજ એક જ ન્યૂઝપેપર 'ટાઈમ્સ ઑફ ઈન્ડીયા' મંગાવતી.

મેં કૉફીને ગ્લાસમાં ભરતાં ભરતાં ટાઈમ્સ ઑફ ઈન્ડીયા હાથમાં લીધું. મારી નજર એના ફ્રન્ટ પેજ પર પડી. હાયુન્ડાઈ I10 નું નવું મોડલ આખા પેજ પર છવાયેલું હતું.મેં પેજ ફેરવ્યું. મારી આંખો ત્યાં જ અટકી ગઈ.




મેં અંદરનું પેજ નં.-2નું કન્ટેન્ટ વાંચ્યું. એમાં શાસનદ્રષ્ટાશ્રીજીનું નામ પણ લખવામાં આવ્યું હતું. એમાં નીચે જૈન સાધુ કઈ રીતે જીવે છે એનું ડીસ્ક્રીપ્શન અને ડૉનની પહેલાની લાઈફ લખવામાં આવી હતી.એમાં શાસનદ્રષ્ટાશ્રીજીનો અને મારો પણ ફોટો આપવામાં આવ્યો હતો.

હું બે મિનિટ સુધી મારાં ફોટોને જ જોતી રહી. આનું શું રીએક્શન આવવાનું હતું એની કલ્પના મારાથી થઈ રહી નહોતી.મેં *TOI* ને રાખીને બીજું પેપર લીધું.

## HINDUSTAN TIMES

### JAIN NUN (SADHVIJI SHASHANDRASHTA) CAPTURES THE INTELLECT OF THE KING OF THE DON'S

'હિન્દુસ્તાન ટાઈમ્સ'માં ચાર ફોટાઓ અને અલગ ભાષામાં વિવેચન આપેલું હતું. એમાં શાસનદ્રષ્ટાશ્રીજીએ ફૈઝલને જે ઠીક કરેલો એ વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

એમાં મારાં આશ્ચર્ય વચ્ચે કઈ રીતે અપેક્ષા સક્સેના (એટલે હું) ફક્ત સાધ્વીજીના અવાજથી કોમામાંથી બહાર આવી એની પણ ઘટના

છપાયેલી હતી. સાથે મારો ફોટો પણ છાપવામાં આવેલો.એ ગ્રાન્ડહયાતની પાર્ટીનો ફોટો હતો.

મને ખબર પડી ગઈ કે આ ફોટો કોણે આપેલો. મેં મારા મોબાઈલ તરફ જોયું.એના ઈનબૉક્સમાં મૅસેજોનો ઢગલો (નવા આવેલા) દેખાઈ રહ્યો હતો. મેં બીજું પેપર ઉપાડ્યું.

## DNA

## HAVE YOU SEEN MIRACLES ?
## NO... READ THIS...

**DNA** માં પણ TOI જેવી જ બધી વાતો લખેલી. એમાં એવું પણ લખેલું કે કદાચ ડૉન પોતાના સ્મગલિંગ, પ્રૉસ્ટીટ્યુશન વગેરે ધંધા છોડી દેશે. એમાં શાસનદ્રષ્ટાશ્રીજીનો મોટો, સંન્યાસ પહેલાંનો ફોટો આપવામાં આવેલો અને એમણે સંન્યાસ કઈ રીતે સ્વીકાર્યો એ વિશે લખેલું. હજી 5-6 **HINDU, INDIAN EXPRESS, MIDDAY** વગેરે ઈંગ્લીશ પેપરોમાં આ જ ન્યૂઝ પહેલાં પેજ પર પ્રિન્ટ કરવામાં આવ્યાં હતાં.

પછી હિન્દી પેપરનો એક જથ્થો હતો. મને હિન્દી ઓછી આવડતી(વાંચતા)તો પણ મેં 'રાજસ્થાન પત્રિકા' પેપર હાથમાં ઉપાડ્યું.

## राजस्थान पत्रिका

## शेर आया संत के शरण में... हो गया जीवनपरिर्तन...

થોડું થોડું ઉકેલતાં ખબર પડી કે રાજસ્થાન પત્રિકાએ જૈનસમાજના લોકોની હવે ઉન્નતિ થશે એવું લખેલું.પત્રિકાએ લખેલું કે હવે જૈનોના કામ સરળ થઈ જશે કેમકે એમને ડૉનનો સપોર્ટ હતો.

મેં બીજા હિન્દી પેપરો જોયા. **'નવભારત ટાઈમ્સથી'** લઈને બધામાં આ જ ન્યૂઝ કલરફૂલ ફોટાઓ સાથે છાપવામાં આવ્યાં હતાં.

**'ગુજરાત સમાચાર', 'મુંબઈ સમાચાર', 'દિવ્યભાસ્કર'** વગેરે ગુજરાતી પેપરોમાં બહુ વિસ્તારથી આ ઘટના આલેખવામાં આવી હતી.મને

ગુજરાતી આવડતી નહોતી એટલે એ મારા માટે કાળા અક્ષર ભેંસ બરાબર હતું.

મરાઠી પેપરો '**સાયંકાલ','લોકમત,'લોકસત્તા'** વગેરેમાં અલગ અલગ આકર્ષક હેડીંગ નીચે મેટર લખવામાં આવી હતી. એક પેપરમાં તો કલ્પના કરવામાં આવી હતી કે જો સંત શક્તિ અને ડૉન શક્તિનો સમન્વય થઈ જાય તો શું થઈ શકે.

મારૂં માથું ન્યૂઝથી ફાટવા માંડ્યું. મેં બધાં પેપર ઉપાડ્યા અને ચાલવા જ જતી હતી કે મારો ફોન વાગ્યોં. મેં જોયું તો ઘરેથી ફોન હતો.

"હેલો...."

"કૉન્ગ્રેચ્યુલેશન્સ ડાર્લીંગ! તારો ફોટો જોયો...અપેક્ષા! તું તો...." મમ્મીનો એકદમ વગર કન્ટ્રોલનો ખુશીવાળો અવાજ સંભળાઈ રહ્યો હતો.

"હવે તો તારા ઑટોગ્રાફ લોકો લેશે..ઉભી રહે. ઊભી રહે.હું પપ્પાને આપું છું."

"હેલો..."પપ્પાનો મધુરો અવાજ સંભળાયો.

"શું તું ત્યાં જ હતી? મને તો વિશ્વાસ જ નથી થતો..." હું બોલું કે જવાબ આપું એ પહેલાં તો પપ્પા બીજી જ વાત ચાલું કરી રહ્યાં હતાં. હું શાંતિથી સાંભળતી રહી.

"આજે હું તને મળવા આવીશ. અત્યારે ઑફિસને લેટ થાય છે... Bye."પપ્પાએ ફોન કટ કરી દીધો મને શું કહેવું કે કરવું એ જ ખબર નહોતી પડતી.

મેં ફોન નીચે રાખ્યો અને ફરી પેપર ઉપાડ્યાં.હજી તો હું ચાલવા જતી હતી કે ફરીથી ફોન વાગ્યો. મેં સ્ક્રીન તરફ જોયું, જૈનમ...

"હેલો" હું બોલી. બે મિનિટ સુધી રિસ્પોન્સ જ ન આવ્યો.

"હેલો....હેલો... કોણ છે?" મેં લાલ બટન પર હાથ મૂક્યો.

"સ્વીટહાર્ટ ! હું જૈનમ.  મને ભૂલી ગઈ કે?" મને ગુસ્સો આવ્યો. મેં ફોન કટ કરી દીધો. ફરીથી ફોન વાગ્યો. મેં ઉપાડ્યો.

"હું ફક્ત જોક કરી રહ્યો હતો માય લવ! તારો ફોટો બહુ રોમાન્ટીક આવ્યો છે. તને ખ્યાલ છે કોણે આપ્યો છે?" જૈનમ શાંત થયો.

"એ જ હું તને પૂછવાની હતી. મને ખબર છે કે આ તારાં જ કારનામાં છે."

"તો, તને ખબર છે? કેવી રીતે મેરી જાન?" મેં એના પછી 25

મિનિટ સુધી એની સાથે વાત કરી. દર વખતે એ મારાં માટે નવો નવો શબ્દ વાપરતો ગયો.વાતની વચ્ચે બીજા ઘણાં બધાં કૉલ્સ આવતાં રહ્યાં,પણ મેં ઉપાડ્યાં નહીં.

મેં ફોન કટ કર્યો. ફરીથી ફોન વાગ્યો. નતાશા... ફોન... તેજસ.... ફોન..ગૌતમ સર... ફોન.. 9022134567...મેં ફોન કટ કર્યો.. ફોન 9323267584...કટ... ફોન...નાનીજી.... ફોન....સુરેશ અંકલ...

મારો કાન વાત સાંભળી-સાંભળીને દુઃખવા લાગ્યો.મેં ફોનને ફ્લાઈટ મોડ પર નાખી દીધો. જિંદગીમાં પહેલીવાર મને ખબર પડી કે ફેમ અને પબ્લિસીટી કોને કહેવાય..



# Chapter -5

12/07/2010 | I.S.T. 14.00 | Bhatia Hospital, Mumbai

**INTERACTION** અતિવિષમ હોય છે...!

"અને તમે NDTV live સાથે રિપોર્ટીંગ જુઓ છો. અહીંયા ભાટીયા હૉસ્પિટલમાં NDTV અને એની ટીમ ડૉન અમઝદ ખાને જેમને ફરિશ્તાનો બિરુદ આપેલું છે એવાં સાધ્વી શાસનદ્રષ્ટાશ્રીજીના લાઈવ ઈન્ટરવ્યુના કવરેજ માટે પહોંચી છે.પણ..."ન્યૂઝ રિપોર્ટર બે મિનિટ માટે અટકી.

"જૈન સાધુ-સાધ્વી આવાં માઈકમાં લેવાતા ઈન્ટરવ્યુ આપતા નથી અને એટલે શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાના પ્રતિનિધિ તરીકે રાખેલા અપેક્ષા સક્સેના કે જે પોતે પણ જૈન નથી એની સાથે આપણે આ વિશે ચર્ચા કરશું... તો." રિપોર્ટર મારા તરફ આવી. એણે મારી સામે માઈક ધર્યું.એ માઈકનાં બૉક્સ પર NDTV લખેલું હતું. બીજા પણ કૅમેરા અને માઈકવાળા મારી આજુ-બાજુ ગોઠવાઈ ગયાં.

'આજતક 'જી ન્યૂઝ', 'ઈન્ડિયાટી.વી.','સ્ટાર ન્યૂઝ' બધાં ન્યૂઝ ચે\ ચૅનલ આ પ્રેસમિટમાં હાજર હતા. તો અપેક્ષા!" NDTVના રિપોર્ટરે ચાલુ કર્યું "તમે શાસનદ્રષ્ટાશ્રીજી સાધ્વીને કેટલાં વરસથી જાણો છો અને કઈ રીતે?"

"છેલ્લાં એક-દોઢ વરસથી હું શાસનદ્રષ્ટાશ્રીજી ને જાણું છું અને મારો એમના સાથે સંપર્ક જૈનમ..."મેં આખી સ્ટોરી રિપીટ કરી.

"અમઝદભાઈ કઈ રીતે શાસનદ્રષ્ટાશ્રીજીના સંપર્કમાં આવ્યાં?" આજતકના રિપોર્ટરે પૂછ્યું.

મેં ફૈઝલની ઘણી બધી સ્ટોરી છુપાવીને મેન-મેન પોઈન્ટ્સ કહી

દીધાં.

"શું તમને લાગે છે કે જેમ DNAવાળાએ ક્લેમ કર્યું છે તેમ,શાસનદ્રષ્ટાશ્રીજી પાસે કોઈક પ્રકારનો જાદુ છે?" ઘણા બધાં રિપોર્ટરોએ આમાં સૂર પૂરાવ્યો. હું બે મિનિટ સુધી બોલી નહીં. બધાં રિપોર્ટરો અને મુંબઈ-ઈન્ડિયાની કરોડો પબ્લિક મને જ જોતી રહી.

"ના.સાધ્વીજી પાસે ચમત્કાર નથી.એમના પાસે જે છે એ જાદુગરોની પાસે પણ નથી હોતું..." બધાને મારાં શબ્દો સાંભળીને આશ્ચર્ય થયું.

"એ કઈ વસ્તુ છે અપેક્ષા?"

એકદમ ઉભરતા ઈમોશન્સ સાથે મેં કહ્યું.

"એમની પાસે પ્રેમ છે કે જે ભલભલા ખતરનાક વ્યક્તિઓને પણ શાંત અને ઠંડા કરી શકે.. એમની પાસે સારા વિચારોની ઊર્જા છે કે જે ડીપ્રેસ્ડ વ્યક્તિને પણ ડીપ્રેશનમાંથી બહાર લાવી દે..જુઓ... "મેં બંધ રૂમની અંદર રહેલાં શાસનદ્રષ્ટાશ્રીજી તરફ ઈશારો કર્યો.

બધાં કેમેરાઓ એ તરફ વળ્યા.

"અત્યારે પણ મારાં ટીચર, મારાં હેલ્પર, મારાં સેવર પોતાના ધ્યાનમાં, કોઈકને કોઈક ઉલઝેલા વ્યક્તિના કોયડાઓ ઉકેલવામાં જ લાગેલાં છે. આજે, હું આખાં વર્લ્ડને અને આને જોનારા કરોડો લોકોને એક જ વાત કહેવા માંગુ છું. જો તમારી પાસે પ્રેમની શક્તિ હોય, સારાં વિચારોની શક્તિ, સારાં હૃદયની શક્તિ હોય, તો તમે સિંહને પણ શાંત કરી શકો છો.

નેક્સ્ટ ટાઈમ જ્યારે તમે ક્યારેય હિમાલયમાં જાઓ, તો ત્યાં બેઠેલાં યોગીઓને જોવાનું ભૂલતા નહીં. એમના આશ્રયમાં તમને ચિત્તો, દીપડો, વાઘ, રીંછ બધાં બેઠેલા મળશે. આને કહેવાય **"ધ પાવર ઓફ પીસ"** હું બોલતાં બોલતાં રોકાઈ. બધાં રિપોર્ટરો થીજી ગયા હોય એ રીતે ઊભા થયા.

"લાસ્ટ પ્રશ્ન મેડમ!" એક યંગ રિપોર્ટરે મને પૂછ્યું.

"શું તમે પણ શાસનદ્રષ્ટાશ્રીજી જેવાં બનવા વિચારો છો?"

"માય ફ્રેન્ડ! આ બહુ ભારે પ્રશ્ન છે. જૈન સાધુ-સાધ્વી બનવું સરળ નથી. જૈનીઝમના નિયમો ફક્ત પ્રેક્ટીકલી અઘરા નથી, પણ મેન્ટ-લી પણ બહુ અઘરા છે.મેન્ટલી જે વ્યક્તિ એકદમ મજબૂત હોય, એ જ

આ જૈનીઝમને સ્વીકારી શકે. ભગવાનને બધાં પ્રાર્થના કરજો કે હું પણ જૈનીઝમને સ્વીકારી શકું..."

"તો આ રીતે એક રિફ્રેશીંગ ઈન્ટરવ્યું અપેક્ષા સક્સેનાનો પૂરો થયો. હજુ પણ તાજા ખબરો માટે જોતા રહો NDTV ન્યૂઝ." ન્યૂઝ રિપોર્ટરે કૅમેરા ઑફ કરાવ્યો.

"યુ વર એક્સીલેન્ટ અપેક્ષા!" ન્યૂઝ રિપોર્ટરે મારી બાજુમાં આવીને મારી પ્રશંસા કરી. મેં ફક્ત સ્માઈલ આપી. મારો ફોન વાગ્યો. 'જૈનમ..'

"બોલ જૈનમ! " મેં હેલો કર્યા વગર ડાઈરેક્ટ પૂછ્યું.

"બસ મેં તો એમ જ ફોન કર્યો હતો. સૌથી પહેલાં આટલી સારી રીતે પોતાના મૅસેજને લોકો સુધી પહોંચાડવા માટે થેંક્યું.... બીજું.." એનો અવાજ ફોન પર ભારી થઈ ગયો.એ હમણાં જ રડશે એવું મને લાગ્યું.

"હું તારા વગર જીવી શકવાનો નથી,અપેક્ષા! પ્લીઝ! તું મને છોડીને નહીં જતી..પ્લીઝ..."



# Chapter -6

13/7/2010 | I.S.T. 10.00 | Bhatia Hospital, Mumbai

**અલિપ્તતા** અતિવિષમ હોય છે..!

"મ.સા ! હું અંદર આવી શકું?" મેડીટેશનમાં તલ્લીન શાસનદ્રષ્ટા-શ્રીજી ને મેં બહારથી પૂછ્યું.શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાના મોઢાંના હાવભાવથી મને હા પાડી.

જ્યારે શાસનદ્રષ્ટાશ્રીજી મેડીટેશન કરતાં ત્યારે એમને ડીસ્ટર્બ કરવા મને બિલકુલ ગમતું નહીં. પણ છેલ્લા ત્રણ દિવસ માં એવી એવી વસ્તુઓ બની હતી અને બની રહી હતી કે એમાં નિર્ણય લેવા માટે હું અસમર્થ હતી.અને અત્યારે પણ એવો જ એક ફોન આવેલો.

આટલું બધું થવા છતાં પણ શાસનદ્રષ્ટાશ્રીજીને બહારના ગ્લૅમરમાં બિલકુલ રસ નહોતો.એ ન્યૂઝ રિપોર્ટર્સથી દૂર ભાગતાં.

આજે સવારે 5 વાગે કોઈ કામસર શાસનદ્રષ્ટાશ્રીજી હૉસ્પિટલથી નીચે ઉતરેલાં, ત્યારે પણ અચાનક ક્યાંકથી કોઈક રિપોર્ટર આવી ચડેલો. એણે ત્યારે જ શાસનદ્રષ્ટાશ્રીજી પર પ્રશ્નોની ભરમાર કરેલી. પણ, શાસનદ્રષ્ટાશ્રીજી વગર ગુસ્સે થયે, પોતાને સવારે બે કલાક સુધી મૌન રહેવાનો નિયમ છે એ રીતે ઈશારાથી કહીને પોતાનું કામ પતાવીને ફરીથી ઉપર આવી ગયેલાં.

આ બધી વસ્તુઓ જોઈને મને એક જ વિચાર ઉપજેલો કે **"HOW CAN A PERSON REMAIN LIKE THIS?"** પણ એનું સમાધાન છેલ્લા ત્રણ દિવસમાં તો હું બિઝી હોવાના કારણે પૂછી

શકી નહોતી.જેમ જેમ શાસનદ્રષ્ટાશ્રીજીની ખ્યાતિ વધતી હતી, તેમ તેમ એમના ધ્યાનના કલાકો વધતા જઈ રહ્યાં હતાં.

શાસનદ્રષ્ટાશ્રીજીના સામે જઈને હું બેઠી.એમની ઓરામાં એક અકલ્પનીય શક્તિ મને અનુભવાઈ.

મારા મનના બધાં વિકલ્પો શાંત થઈ ગયાં.

બે મિનિટ પછી એમણે પોતાની આંખો ખોલી. એમની આંખોમાંથી એક ગજબની શક્તિ વહી રહી હતી.

"શું થયું અપેક્ષા?" શાંતતા આપે એવા શબ્દો શાસનદ્રષ્ટાશ્રીજીએ ઉચ્ચાર્યા.

"C.M. આપને મળવા માગે છે.એના પી.એ.નો ફોન આવેલો. આપે કહ્યું છે કે બધાએ મને જ મળવાનું, પણ એ તો કહે છે કે મારે ડાઈરેક્ટ મળવું છે...એ આવતાં જ હશે..."મેં મારી દુવિધા શાસનદ્રષ્ટાશ્રીજી સમક્ષ મુકી.

"બસ આટલું જ હતું. આટલી નાની વસ્તુઓમાં ટૅન્શન લેવાની જરૂર નથી. લગભગ દુનિયાના મોટા ભાગના લોકો મોટાં વ્યક્તિઓથી ડરી જાય છે. પણ, તું જ વિચાર એ મોટી વ્યક્તિ અને કોઈ બીજી સામાન્ય વ્યક્તિમાં ફરક શું છે...

એ પણ માણસ છે, પેલો પણ માણસ, બધાં એક જ જેવાં છે. આગળથી એક વાત યાદ રાખજે, 'આ દુનિયામાં જે પણ વ્યક્તિ મહાન બને છે, એ 'બધી વ્યક્તિઓ મહાન છે' એ માનીને જ બને છે.

' એનો એક જ સિદ્ધાંત હોય છે.

## 'EVERYTHING IS EQUAL AND EVERYONE IS EQUAL...'

પછી એ ***C.M.*** હોય કે ***P.M.*** હોય,મહાન વ્યક્તિઓને બધુ સમાન છે. એટલે જ એક વસ્તુ ખાસ સમજવા જેવી છે. જે વસ્તુ પાછળ તમે દોડો છો, એ તમારાથી દૂર દોડશે.

તમે પ્રસિદ્ધ થવા માટે દોડશો, તો પ્રસિદ્ધિ તમને છોડીને દોડશે. જે વસ્તુ તમે છોડી દો છો એ સામેથી આવે છે. તમારે દરરોજ આ જ

પ્રાર્થના કરવાની પ્રભુથી, કે જે મને મળવાનું હોય એ મારાં કરતાં વધારે જરૂરિયાતવાળાને મળે. એનાથી તમને પણ મળશે, બીજાને પણ મળશે.

અને હા..."શાસનદ્રષ્ટાશ્રીજી બે મિનિટ માટે રોકાયા.

એમણે ખાનામાંથી બે ટીશ્યુ, પેપર કાઢ્યાં. એમનાં બરતનમાં રહેલાં પાણીમાં એક ટીશ્યુ પેપરને ભીનું કર્યું. બીજા પેપરને એમને એમ રહેવા દીધું.

પછી એક ટેબલ ઉપર બન્ને પેપરને રાખીને, એમણે ભાટીયા હૉસ્પિટલના વૉર્ડની બારી ખોલી.પવનનો ઝાપટો એક સાથે અંદર આવ્યો. મારાં વાળ ઉડવા લાગ્યાં. ટેબલ ઉપર પડેલું ડ્રાય ટીશ્યુ પેપર ઉડી ગયું. ભીનું ટીશ્યુ પેપર ત્યાં ને ત્યાં જ રહ્યું. એમણે બારી બંધ કરી દીધી.

"સમજી? " શાસનદ્રષ્ટાશ્રીજીએ મને પૂછ્યું.

મને કંઈપણ સમજાયું નહીં હોવાથી મેં માથું 'ના' માં હલાવ્યું.

"અહીંયાં જે ભીનું ટીશ્યુ પેપર હતું એ બહારથી હવા આવવા છતાં ઉડ્યું નહીં અને પોતાની જગ્યા પર જ રહ્યું, જ્યારે જે ડ્રાય ટીશ્યુ પેપર હતું એ ઉડી ગયું અને ક્યાંક ફેંકાઈ ગયું."

"તો...એ તો મેં પણ જોયું..."મેં શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું.

"તો...એ જ કે જે વ્યક્તિ જ્ઞાન,અલિપ્તતા સ્વરૂપ પાણીથી ભરેલો હોય છે, એ પબ્લિસીટીની હવામાં ઉડતો નથી. પોતાની જગ્યાએ જ રહે છે. પોતાનાં આત્માનું સ્થાન પકડી રાખે છે.

જ્યારે જે વ્યક્તિ જ્ઞાન વગરનો+બધી વસ્તુઓ સાથે જકડાયેલો હોય છે, એ આવા પબ્લિસીટીના વાવાઝોડાંમાં ઉડી જાય છે અને એવી રીતે ફેંકાય છે કે એ ક્યારેય ફરીથી દેખાતી નથી.હવે સમજી?" એકદમ પ્રેમપૂર્વક મારી સામે જોઈને શાસનદ્રષ્ટાશ્રીજી અટક્યા.એમની દૃષ્ટિ એકદમ વેધક હતી.

મને એમનો મૅસેજ સમજાઈ ગયો.શાસનદ્રષ્ટાશ્રીજી મૅસેન્જર ઑફ પીસ કેમ હતાં એ સમજાઈ ગયું. મારું માથું નમી ગયું.અલિપ્તતા એટલે ડિટૅચમૅન્ટ કોને કહેવાય એ સમજાયું.



# Chapter -7

14/7/2010 I.S.T. 9.30 Bhatia Hospital, Mumbai

**ADVERTISEMENT** અતિવિષમ હોય છે...!

"ઓ.કે.મમ્મી! ચીલ્લાવ નહીં. હું કાલે આવી જઈશ...."મેં ફોન કટ કર્યો. મમ્મીથી દૂર રહે ઘણા દિવસ થઈ જતાં મમ્મીને યાદ આવતાં મારા પર બૂમો પાડી રહી હતી અને ફોન પર રડી રહી હતી.

*"શું કરૂં હું ? હું સાધ્વીજીને છોડી શકતી નથી."* મેં શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું.

એ ઈજાગ્રસ્ત મ.સા.ને કંઈક કહીને હસાવી રહ્યાં હતાં.મેં પહેલીવાર ખુલ્લાં મનથી શાસનદ્રષ્ટાશ્રીજીને હસતાં જોયાં.મેં વગર અવાજે એમનો ફોટો લઈ લીધો.એકદમ જોરદાર ફોટો આવ્યો. હું એ ફોટાને જોતી રહી.

મારો ફોન વાગ્યો. 9000000123 યુનિક નંબરથી કૉલ આવ્યો. ફાસ્ટ થયેલી પબ્લિસીટીના કારણે કેટલીય ઑફર્સ અને ઑપ્શન્સ મને છેલ્લા 3-4 દિવસમાં આવી ગયાં હતાં.મેં બધાને ના જ પાડેલી. કેમકે અત્યારે મારું પહેલું કાર્ય સાધ્વીજી પ્રત્યેનું હતું.

મેં ફોનનો ગ્રીન કલર ક્લિક કર્યો.

"હેલો.અપેક્ષા સક્સેના...હાય! હું બૉલિવુડના મશહૂર ડાયરેક્ટર જાવે અખ્તરનો P.A. બોલું છું. તમારું પ્રેઝેન્ટેશન અમે ઈન્ટરવ્યુમાં જોયું અને જાવેસરને એક મુવીમાં તમને ન્યુ ઍકટ્રેસ તરીકે લેવાની ઈચ્છા છે. બોલો...આર યુ રેડી......" છેલ્લા શબ્દને ખેંચતાં પી.એ.એ કહ્યું.

"સૉરી...અત્યારે મારી પાસે ઘણા બધાં કામ છે અને હું બૉલિવુડમાં પરફૉર્મ કરી શકું એટલી મારી ટૅલેન્ટ પણ નથી... એટલે, ના."

"બટ...બટ બટ..સરની ઈચ્છા છે કે એ તને તૈયાર કરીને એક નવા ચહેરા તરીકે બહાર લાવે.." વિનંતી કરતો પી.એનો અવાજ સંભળાયો.

"ઓ.કે.હું તમને પછી કૉલ કરીશ વિચારીને." વાત ઉડાવવા માટે મેં કહ્યું.

"પ્લીઝ! થીંક ફાસ્ટ.."મેં ફોન કટ કર્યો.

શાસનદ્રષ્ટાશ્રીજીની વાત મને સાચી લાગી,

"પબ્લિસીટી એ વાવાઝોડું છે."

ફરીથી ફોનની હેરાન કરનારી ટોન સંભળાઈ. મેં ઉઠાવ્યો.

"હૅલૉ અપેક્ષા સક્સેના..."

"હા."500 મી વાર મેં આ શબ્દ કાઢ્યો.

"હું ફેમસ ઍડ કમ્પનીમાંથી બોલું છું." ઊત્સાહ ભરપૂર અવાજ સંભળાયો.

"હા..."

"મૅડમ! અમે અનાથ બાળકોના ભણતરના પ્રોમોશન માટે એક ઍડ બનાવવા માગીએ છીએ. એમાં અમારી ઈચ્છા છે કે તમે લીડ રોલ કરો અને તમારી જે પબ્લિસીટી..."મેં ફોન સ્પીકર પર રાખી દીધો. મારી પ્રશંસા સાંભળી સાંભળીને હું બહુ ફૂલાઈ ગઈ હતી. હવે વધારે સાંભળીશ તો ફૂટી જઈશ એવું મને લાગ્યું.

"મૅડમ! આર યુ ધેર."

"હા..."

"તો શું આપ તૈયાર છો? કામ સારું છે...આપ સમજો છો ને..લાખો બાળકોને ભણતર મેળવી આપવાનો લાભ તમને થશે.." વાત તો સાચી લાગી 'બાળકો માટે?' મેં શાસનદ્રષ્ટાશ્રીજીને પૂછવાનું નક્કી કર્યું.

"ઓ.કે. હું વિચારીને આજે રાત સુધી જવાબ આપીશ."મેં ફોન નીચે મૂક્યો. દરવાજો ખોલીને હું લૉબીમાંથી રૂમમાં ગઈ. શાસનદ્રષ્ટાશ્રીજી લાલ કલરની બૂકમાં કંઈક લખી રહ્યાં હતાં.

"મ.સા. ! સૉરી ટુ ડિસ્ટર્બ યુ... પણ, મને એક વાત પૂછવી છે."શાસનદ્રષ્ટાશ્રીજીનાં રીઍક્શનને હું જોતી રહી. એમણે તરત જ પોતાની બૂક બંધ કરી દીધી.

"હા..પૂછ અપેક્ષા!" મારી સામે શાસનદ્રષ્ટાશ્રીજી જોતાં રહ્યા.

"મ.સા.! મને અત્યારે એક ફોન આવેલો એક ઍડમાં કામ કરવા માટે..અનાથ બાળકોને ભણતર મળે એ માટેની ઍડ કરવાની છે...તો હું એ ઍડ કરું કે નહીં?" પ્રત્યુત્તર માટે મેં એમના તરફ જોયું.

"અપેક્ષા! એ તો તારી ઈચ્છા છે...એમ જોવા જઈએ તો કામ બહુ સારૂં છે, પણ સાથે સાથે ઘણી બધી વસ્તુઓનું ધ્યાન પણ રાખવા જેવું છે."

મને કંઈક બતાવવાની ઈચ્છાથી શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું. "કંઈ કંઈ...?"

"પહેલી વાત એ કે આ દુનિયામાં બધાં લોકો પોતપોતાનો ફાયદો જ જોનારા છે.એટલે તારે સૌથી પહેલાં ચેક કરી લેવાનું કે ઍડ કમ્પની સાચી છે કે નહીં...


બીજી વાત! સાચી હોય તો પણ એ ઍડની સ્કોપ અને રીચ કેટલી છે અને એમાં તારો રોલ શું છે અને તને ફાયદો શું છે..

ત્રીજી વાત એ જ કે જે મેં તને કાલે કહેલી....જમીન પર પગ રાખીને ચાલવાની શક્તિ હોય, તો હવામાં ઉડવાનાં સપનાઓ જોવાનાં... નહીં તો." શાસનદ્રષ્ટાશ્રીજીએ આખો મીંચી દીધી.

મને સાધ્વીજી શું કહેવા માગી રહ્યાં હતાં એ હું સમજી ગઈ. મારો ફોન વાગ્યો.



# Chapter -8

16/7/2010 | I.S.T. 2.00 | Film city, Goregaon

**એક્ટીંગ** અતિવિષમ હોય છે..!

એક્ટર્સ રેડી... કેમેરામેન રેડી.રોલ, કેમેરા, એક્શન."પ્રોડ્યુસરે એડ ચાલુ કરવા માટેનો આદેશ કર્યો.

મેં બાઈક ચાલુ કરી.મેં ફૂલસ્પીડમાં બાઈક લઈ જઈને સામે રહેલી છોકરીને ઠોકી કાઢી. મારુ બૅલેન્સ આમ-તેમ થયું,પણ હું બૅલેન્સ લાવીને ત્યાંથી નીકળી ગઈ.

"સીન ઓવર... "માઈક્રોફોનમાં પ્રોડ્યુસર બોલ્યો, "વૅલ ડન અપેક્ષા! તું થોડા ટાઈમમાં બહુ સારી ઍક્ટીંગ શીખી ગઈ છે." મેં મારી હેલમેટ કાઢી મારાં વાળને છૂટા કર્યા.પ્રોડ્યુસર મારી બાજુમાં આવ્યો.

પહેલાં એડ કરવાનું નક્કી કર્યા પછી બે દિવસ પ્રોડ્યુસરે મને ફિલ્મ સીટીમાં પ્રૅક્ટીસ કરાવેલી. મારી ઍક્ટીંગ જોઈને એમને સંતોષ થયો હતો. શાસનદ્રષ્ટાશ્રીજીના કહ્યા પ્રમાણે બધું સાચી નીકળેલું.

એડ ફર્મ NGO કમ એડ ફર્મ હતી. આ પ્રોજેક્ટ એમનાં NGO માટેનો હતો. મને પ્રોડ્યુસરે પેમેન્ટ (Ad ના) માટે પૂછેલું. પણ શાસનદ્રષ્ટાશ્રીજી મ.સા.ના કહેવાથી મેં ના પાડેલી.

"ચેરિટેબલ NGO ને ચેરિટી માટે પૈસા ભરવા પડે, એનાથી મોટી માનવતા ની કમનસીબી શું હોઈ શકે?' મેં પ્રોડ્યુસરના દિમાગમાં વાત ફીટ કરેલી.એ મારી (એટલે શાસનદ્રષ્ટાશ્રીજીની) વિચારધારા જાણીને એકદમ ખુશ થઈ ગયેલો.

પછી એમણે મને ઍડના વિષયમાં બધું સમજાવેલું. એ સમજીને મેં થોડા સ્ટન્ટ્સ ટ્રાય કર્યા. મને આત્મવિશ્વાસ આવતાં મેં ઍક્ટીંગ માટેની હા પાડી અને મેં મારો પહેલો સીન પૂરો કર્યો.

"તો આરામ લેવો છે કે બીજા સીન ઉપર જઈએ...?"પોતાની ઘટાદાર પાંપણોમાંથી પ્રોડ્યુસરે મારાં તરફ જોયું.

" ના...આરામની જરૂરત નથી.મારે ફરીથી ટાઈમસર હૉસ્પિટલ પહોંચવું છે.સાધ્વીજી..." એ શબ્દ સાંભળતાં પ્રોડ્યુસરનાં મોઢાં પર એક ચમક આવી. હું બોલતી અટકી ગઈ.

" શું થયું ? કેમ આ રીતે તમે ખુશ થાઓ છો...?" મારાં મોઢામાંથી જિજ્ઞાસા સરી.

" ના.. આ જ નામ મારાં માટે એક પ્રેરણાનો સ્રોત છે.."

"કેવી રીતે ?" મેં પ્રોડ્યુસર તરફ જોયું.એના મોઢા પર અજ - બગજબના ભાવો દેખાઈ રહ્યાં હતાં.

" છેલ્લા એક અઠવાડીયામાં મારા જીવનમાં બહુ અપ ઍન્ડ ડાઉન્સ થયાં છે અને અત્યારે હું તારી સામે જે ઊભો છું, એ આ સાધ્વીજીના કારણે.."થોડો ખચકાટ થતો હોય એવું મને એના ચહેરા ઉપરથી લાગ્યું, પણ બીજી જ ક્ષણે એ ખચકાટ વગર ફટાફટ બોલવા લાગ્યાં.

" અપેક્ષા!10 દિવસ પહેલા હું મરવાનું વિચારી રહ્યો હતો.મેં એના માટેની વિષની ગોળી પણ તૈયાર રાખેલી. હકીકતમાં મારાં ઉપર 10 દિવસ પહેલાં જ અબ્દુલ-ડૉનનો રાઈટ હૅન્ડનો ફોન આવેલો.મારાં બધાં હાડકાઓ થીજી જાય એવો એનો અવાજ મેં સાંભળેલો.

" કમલ! તેરે કો માલૂમ હૈ કિ કમલ ક્યાં કરતાં હૈ ?" મને પ્રશ્ન સમજાયેલો નહીં.

" તૂં ક્યા બોલ રહા હૈ. મુઝે સમઝમેં નહીં આ રહા." મેં નિ:સહાય ભાવથી કહેલું.

" મેરે દાદા મેરે કો બોલતે થે કે લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે... તૂં ભી શાયદ ઉસમેં સે હી એક હૈ....મૈંને સુના હૈ કિ ડ્રગ્ઝ નહીં લેના ચાહિએ, ઇસલિયે તૂં કોઈ ઍડ બના રહા હૈ.અગર વો ઍડ રિલીઝ હુઈ ઔર મેરા ધંધા કમ હુઆ, તો તુઝે ઔર ઉસમેં કામ કરનેવાલે સભી કમલોં કો મેં વાપસ કીચડ મેં મિલા દુંગા... સમઝા ક્યા કમલ કા અર્થ?..." હું કંઈ બોલી શક્યો નહીં.

"ક્યાં બે! મુંહ કો કિસીને સિલ દિયા હૈ ક્યા?"

"હા ભાઈ!સોચુંગા." કહીને મેં ફોન કટ કરી દીધેલો.

એનો ફરીથી ફોન આવેલો. મેં ઉપાડેલો નહીં, મેં મારો ફોન લૉકરમાં બંધ કરી દીધેલો કે જેથી નૅટવર્ક પકડાય નહીં. બૅક-અપ માટે મારી પાસે બીજો નંબર હતો.

બે કલાક ગયાં હશે... મારાં સાથે કામ કરી રહેલા કો-પ્રોડ્યુસર પર કોઈકનો ફોન આવ્યો.... કો-પ્રોડ્યુસરના મોઢાંથી લાગી રહ્યું હતું કે કોઈક બહુ ખરાબ સમાચાર છે. જાણે કે સમાચાર સ્વીકાર કરવા જ તૈયાર ન હોય એ રીતે એણે ફોન કટ કરેલો.

"શુંભાંશુ! શું થયું?" મેં એને એના સદમાંથી બહાર કાઢેલો.

"સર, સર! બધું પૂરૂં થઈ ગયું."

"એટલે?" શુંભાંશુએ મારી સામે જોયેલું.

"સર! ઍડ ફાઈલ્સ ડિલિટ કરી દેવામાં આવી છે..." અને એ અટકી ગયેલો.

"અને વૉટ..." ગુસ્સાથી હું ચિલ્લાવેલો.

"સર! સ્ટુડિયો અબ્દુલના માણસોએ તોડી નાખ્યો..એકેય કાચ, એકેય પ્રૉપ્સ બાકી નથી...વૉચમૅનનો ફોન હતો. એ બહુ જ." હું ધડામ કરતો નીચે પડેલો.મારાં જીવનની પૂરી ઈન્કમ મેં આ સ્ટુડિયોમાં લગાડેલી.

"પૅક-અપ." હું એક જ શબ્દ બોલવા માટે સમર્થ હતો. બધાં ધીમેધીમે ત્યાંથી નીકળતા ગયેલાં.કો-પ્રોડ્યુસર પોતે પણ બહુ હેરાન હતો.

"તને મેં પહેલાં જ કહેલું કમલ! કે પ્લીઝ ડૉનની સામે નહીં પડતો, પણ..." એ રડવા લાગી ગયેલો. એનો પણ હિસ્સો સ્ટુડિયોમાં હતો.

"તારા જેવા ગાંડાઓની સાથે કામ કરનારાઓને આવું જ થાય. મારી જ ભૂલ છે કે મેં એક ગાંડાની સાથે પાર્ટનરશીપ કરી. હવે તને કે મને કોઈ પણ.." રડતાં રડતાં જ ધમધમતા પગે એ ત્યાંથી નીકળી ગયો હતો.

મારૂં મન એકદમ ડીપ્રેસ્ડ થઈ ગયું હતું. મેં મારો ફોન લૉકરમાંથી કાઢીને અબ્દુલને ફોન લગાડેલો.

"ધ નંબર યુ આર ટ્રાઈંગ ટુ રીચ ઈઝ આઉટ ઑફ કવરેજ એરિયા..." વારંવાર ટ્રાય કરવા છતાં આ જ રિંગટોન સંભળાયેલો. હું લથડતા પગે મારાં સ્ટુડિયોમાં પહોંચેલો.

આ મારો સ્ટુડિયો છે એ રીતે ઓળખી શકાય એવી એકપણ

નિશાની અબ્દુલે છોડી નહોતી.મેં જોરથી નીચે પડેલા પ્રૉપ્સને લાત મારેલી. મારાં જ પગમાં ભયંકર વેદના થયેલી.મારાં આંખમાંથી આંસુઓનો ધોધ વહેવાં લાગેલો.મારો રડવાનો અવાજ આખા સ્ટુડિયોમાં ગુંજેલો. વૉચમૅન આવેલો,પણ એ બિચારો શું કરી શકે!

મને કલાક પછી ફોન આવેલો. 'અબ્દુલ...'

મેં ફોન ઉપાડેલો.

"કૈસા લગા?" સામેથી હસવાનો અવાજ આવેલો.

"તેરી મા..."મને આવડતી બધી ગાળો મેં મશીનગનની જેમ ખાલી કરેલી..

"અભી ભી તૂ સુધરા નહીં હૈ. લગતા હૈ તેરી મા-બહેન કો ભી..."

"પ્લીઝ નહીં.મૈ માફી માંગતા હૂં ભાઈ! ધ્યાન રખૂંગા અગલે વક્ત સે..."મેં ગુસ્સો હોવા છતાં વિનંતિ કરેલી.મારાં પરિવારને કંઈક થાય એ મારાથી બિલકુલ સહન થાય એવું નહોતું.

"અભી આયા કુત્તા લાઈન પે.અબ સૂન..." અબ્દુલે ઘા ઉપર મીઠું છાંટે એવી વાત કરેલી. મારે એને 50 લાખ આપવાના હતાં. મારી પાસે એક કોડી પણ નહોતી.

"મુઝે યે સબ માલુમ નહીં.અમઝદભાઈકો પૈસા ચાહિએ..." એણે ફોન કટ કરી દીધેલો.

હું એક ભયંકર સદમામાં ઘરે પહોંચેલો.પત્ની મને જોઈને બહુ ગભરાઈ ગયેલી. "તું 20 વરસ મોટો થઈ ગયો હોય એવું લાગે છે, શું થયું?"

મેં એને બધું કહીં દીધેલું. એને પણ ઝટકો લાગેલો.એ કંઈ બોલી શકી નહોતી. હું બાથરૂમમાં ગયેલો. મેં રસ્તામાં આવતા કેમિસ્ટ પાસેથી ઝેરની ગોળી ખરીદેલી.

મેં બોટલનું ઢાંકણ ખોલીને ગોળી ગટગટાવવાની ટ્રાય કરેલી, પણ હાથ ઉપડતો જ નહોતો. મરવાની ઈચ્છા જ મરી ગઈ હતી. હું બાથરૂમમાંથી આવી સૂઈ ગયેલો.

બપોરે બે વાગે ફોન આવેલો, ઊંઘમાં હોવાથી મેં ફોન ઉપાડેલો નહીં. બહુ વાગતા મેં ફોન ઉંચકેલો.

"હેલો..." હું એકદમ બેઠો થઈ ગયેલો અવાજ સાંભળીને

"હા ભાઈ.." ધ્રૂજતા હાથોથી હું ફોન પર વાત કરી રહ્યો હતો.

"ભાઈને તુમ્હે માફ કર દીયા હૈ, ફૈઝલ કે ઠીક હોને કી ખુશી મેં!

ફૈઝલ કે લિએ અબ તૂ દુઆ માંગના કે વહ ઠીક હો જાય.ઔર.અગર તું સીધા રહેગા તો શાયદ...” આગળના શબ્દો એ બોલેલો નહીં.પણ‘શાયદ’ શબ્દનો અર્થ મને સમજાઈ ગયેલો.

જીવવાની થોડી આશાનો મારામાં સંચાર થયેલો. મને આ વાતને સાંભળીને આશ્ચર્ય થયેલું. એટલે મેં બૉમ્બે હૉસ્પિટલમાં કામ કરતાં મારાં સંપર્કને ફોન કરેલો.

“ફૈજલ ને શું થયું?” મેં એને પૂછેલું. એણે મને જૈન સાધ્વીજીની આખી સ્ટોરી કહેલી. ક્યાં ડૉન અને ક્યાં સાધ્વીજી!

પછી મેં આગળની ગતિવિધિઓ ઉપર ધ્યાન રાખેલું. શાસનદ્રષ્ટાશ્રીજી મારાં માનસપટ પર છવાઈ ગયેલાં. એક ગજબનાં આકર્ષણે મારાં ઉપર પકડ જમાવી દીધેલી.મારી મરવાની ઈચ્છા મરી ગયેલી.

મારામાં ફીનીક્સ પંછીની જેવો માટીમાંથી ઊભા થવાનો નિર્ધાર ઊગી નીકળેલો. અને મેં ફરીથી ઍડનું કામ ચાલુ કર્યું. શાસનદ્રષ્ટાશ્રીજી મારી બીજી માતા છે. એમણે મને ફક્ત જન્મ જ નથી આપ્યો, પણ સાથે સાથે જાન પણ આપી છે.”ભાવવિભોર થઈને પ્રોડ્યુસર કમલ બોલ્યો.

હું છક રહી ગઈ, *‘આવી ન જાણે કેટલીય જિંદગીઓને શાસનદ્રષ્ટાશ્રીજીએ સંવારી હશે...’* મને વિચાર આવ્યો. શાસનદ્રષ્ટાશ્રીજી ઉપર ઍડ બનવી જોઈએ, પિક્ચર બનવી જોઈએ એવી મને દૃઢ ઈચ્છા થઈ.



# Chapter - 9

20/07/2010 | I.S.T.8.30 | Bhatia Hospital, Mumbai

**વૉમિટ** અતિવિષમ હોય છે...!

"શાસનદ્રષ્ટાશ્રીજી આપ ન હોત,તો..."પ્રોડ્યુસર કમલનાં મોઢાંમાં રેડિયો આવી ગયો હોય એવું મને લાગ્યું. એ સતત બોલી જ રહ્યો હતો.

પ્રોડ્યુસરે મને આખી ઍડ પૂરી કર્યા પછી સાઇડમાં બોલાવેલી. મને લાગ્યું હતું કે એ મારાં સાથે કંઈક ખરાબ કરવા માગતો હશે.

"અપેક્ષા! તું મને એકવાર મારાં લાઈફ-સેવરને મળાવશે." આટલો મોટો ઍડ પ્રોડ્યુસર મારી પાસે સાધ્વીજીને મળવા માટે ભીખ માગે એ જોઈને મને આશ્ચર્ય થયેલું.મારી સાથે ખરાબ કરવાનો મને આવેલો વિચાર ઉડી ગયો હતો.

" હા! પણ એ અત્યારે લગભગ મેડીટેશનમાં જ હોય છે એટલે..." પ્રોડ્યુસરનો ચહેરો પડી ગયેલો. મને દયા આવી ગયેલી.

"ચલો ઓ.કે.તમે 20th ને મને સવારે 8.00 વાગે ભાટીયા હૉસ્પિટલમાં મળજો. ત્યાં તમારી અને તમારા L.S. (લાઈફ સેવર)ની મીટીંગ હું કરાવી દઈશ."એ મને ભેટી પડ્યો હતો.આ જ બૉલિવુડ અને મીડિયામાં પોતાની ખૂશી બતાવવાની રીત હતી.

પછી આજે સવારે 8.00 વાગે એ પહોંચી ગયો હતો.

હું ઘવાયેલા સાધ્વીજી પાસે જઈને બેસી ગઈ.એ કોઈક બૂક વાંચી રહ્યાં હતાં.

"કેવું છે આપને?" મેં એમના હાથ પર હાથ મૂક્યો. એમણે મારાં

તરફ જોયું. એમની આંખોમાં એકદમ ઊંડા સમુદ્ર જેવી ગંભીરતા અને સ્વચ્છતા દેખાઈ રહી હતી.

*" કેવી રીતે આટલા દર્દમાં પણ આ સાધ્વીજી આ રીતે રહી શકે?"* વિચાર ઉપસ્યો.મારી નજર એમના મોઢાં પર જ હતી.

અચાનક એમના મોઢાના હાવભાવ બદલાયા. એમાં વેદના દેખાઈ. એ ઊભાં થવા માટેની કોશિશ કરવા લાગ્યાં. શાસનદ્રષ્ટાશ્રીજીએ સાધ્વીજી તરફ જોયું.એ તરત જ ઊભા થઈ ગયાં.

"અપેક્ષા! પ્લીઝ, એક ટબ લાવ.."અચાનક થયેલા બદલાવથી પ્રોડ્યુસર આશ્ચર્યચકિત થઈ ગયો. હું ટબ લેવા બાથરૂમમાં ભાગી. ત્યાં વગર પાણીનું એક કોરૂં ટબ પડેલું હતું.

હું ટબ લઈને બહાર આવી.

હું ટબ લઈને પહોંચુ એ પહેલાં જ સાધ્વીજીને વૉમિટ થઈ. શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાના હાથ વૉમિટને લેવા માટે પસારી દીધા. પીળી-લાલ વૉમિટ શાસનદ્રષ્ટાશ્રીજીના હાથમાં પડી.

"યક્સ"મારાં મોઢાંમાંથી શબ્દ નીકળી ગયો. મારૂં પેટ રમ્બલ કરવા માંડ્યું. મેં ટબ શાસનદ્રષ્ટાશ્રીજીના હાથ નીચે મૂક્યું, એમણે એ વૉમિટ ટબમાં નાખી. મેં એમનાં મોઢા તરફ જોયું.એમનો ચહેરો વૉમિટ સાથે પણ એવો ને એવો જ રહ્યો.

સાધ્વીજી વૉમિટ કરતાં રહ્યાં, અડધું ટબ ભરાઈ ગયું. એમાં લોહી બહુ નીકળ્યું. નર્સ દોડતી દોડતી આવી. એણે ગ્લવ્ઝ પહેરીને એક વૉમિટનું સૅમ્પલ લીધું.

"શાસનદ્રષ્ટાશ્રીજી! આ વૉમિટને કોરા હાથમાં લેવાથી તમને બીમારી પાસ થઈ શકે.. પ્લીઝ! આપ ગ્લવ્ઝ વાપરો. આ ફેલાય એવી છે..." નર્સે સારાં ભાવથી કહ્યું. શાસનદ્રષ્ટાશ્રીજી નર્સને જોઈને હસ્યાં.

"ઓ.કે....હું ધ્યાન રાખીશ.."નર્સ ત્યાંથી નીકળી ગઈ.

શાસનદ્રષ્ટાશ્રીજીએ ટબમાં જ હાથ ધોયા. હું ડેટોલ લઈ આવી. મારૂં મન દુભાય નહીં, એટલે એમણે ડેટોલથી પણ હાથ ધોયા.

"ટૅન્શન નહીં લે હાં... "મારાં માથાં પર શાસનદ્રષ્ટાશ્રીજીએ કોમલ હાથોથી સ્પર્શ કર્યો.

પેશન્ટ સાધ્વીજીને મેં પાણી આપ્યું. સાધ્વીજીએ ઈશારાથી ના પાડી અને મને એક ગ્લાસ બતાવ્યો. શાસનદ્રષ્ટાશ્રીજીએ પહેલાંથી જ

એમના માટે પાણીનો ગ્લાસ મૂકી દીધો હતો.

હું પ્રોડ્યુસરની બાજુમાં, શાસનદ્રષ્ટાશ્રીજી સામે જઈને બેસી. બે મિનિટ સુધી પ્રોડ્યુસરના રેડિયોમાં ફ્રીક્વન્સી પકડાતી ન હોય એવું લાગ્યું.

"યેસ...તો તમે શું કહી રહ્યાં હતાં?... "શાસનદ્રષ્ટાશ્રીજીએ જાણે કે બધુ નૉર્મલ હોય એ રીતે પ્રોડ્યુસરને પોતાની વાત ચાલું કરવાની કહીં.

પ્રોડ્યુસર શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જ જોતો જડની જેમ બેઠો રહ્યો. મેં પ્રોડ્યુસરને કોણીથી ધૂસો માર્યો.

"હમમમમ.." એ કંઈક બોલવા ગયો. પ્રોડ્યુસરના મનમાં વિચારો બહુ ઝડપથી ચાલતાં હોવાથી એ શબ્દોને બોલવા માટે વિચારોને ભેગાં ન કરી શક્યો.

"બટ બટ તમે આ કઈ રીતે કરી શકો...?"લાસ્ટમાં પ્રોડ્યુસરે પોતાના મનમાં ચાલતી વાત મૂકી જ દીધી. શાસનદ્રષ્ટાશ્રીજીએ સ્મિત કર્યું.

"તમારા મમ્મીનું નામ શું છે? અને એ હયાત છે?" બુકની બહારનો પ્રશ્ન પ્રોડ્યુસરની સામે શાસનદ્રષ્ટાશ્રીજીએ કર્યો.

"હા... એમનું નામ પાર્વતી છે."

"તમારા બાળકો છે..?"

પ્રોડ્યુસરે માથું હલાવ્યું.

"કેટલા વરસના છે?"

"એક પાંચ વરસનો અને બીજી ત્રણ વરસની..."

"તમને એમના પ્રત્યે લગાવ છે...?" શાસનદ્રષ્ટાશ્રીજીએ પ્રોડ્યુસરની આખમાં જોયું.

"ઑફકોર્સ! એમાં પૂછવાનું શું હોય? હું તો એમના માટે મરવા પણ તૈયાર છું."પ્રોડ્યુસરમાં અતૂટ આત્મવિશ્વાસ દેખાયો.

"હવે તમને સમજાયો ધ ફૉર્મ્યુલા ઑફ વૉમિટ?.." શાસનદ્રષ્ટાશ્રી-જીએ લક્ષ્ય સાધી દીધું. પ્રોડ્યુસરની આંખો નમી ગઈ.



# Chapter - 10

**30/07/2010** **I.S.T. 16.00** Bhatia Hospital, Mumbai

**ફેન્સ** અતિવિષમ હોય છે...!

શાસનદ્રષ્ટાશ્રીજી હૉસ્પિટલમાંથી પોતાનાં સામાનને પેક કરી રહ્યાં હતાં.આજે 4.15 એ ડિસ્ચાર્જ આપવાનું ડૉક્ટરે કહી દીધું હતું.

વૉમિટમાં પડેલા લોહીના ટૅસ્ટમાં બધું નૉર્મલ આવેલું અને છેલ્લાં દસ દિવસમાં રિકવરી એકદમ ફાસ્ટ થઈ ગઈ હતી. હવે સાધ્વીજી પોતાનું કામ પોતે કરી શકે એટલી શક્તિ શાસનદ્રષ્ટાશ્રીજી અને ડૉક્ટર્સે એમના અંદર ભરી દીધી હતી...

થોડા લોકો આવતાં હોય, એ રીતનો પગોનો અવાજ સંભળાયો. હું વૉર્ડથી બહાર જોવા ગઈ. કદાચ જૈનમ આવ્યો હોય. એને મળીને મને પંદર દિવસ ઉપર થઈ ગયાં હતાં.15મીએ એ ગોરેગાંવથી મળવાં આવેલો. રાત્રે વાતો તો દરરોજ થતી જ. જૈનમે મને કાલે મૅસેજ કરેલો કે ડિસ્ચાર્જ કરવાના સમયે એ હૉસ્પિટલમાં આવી જશે.

વૉર્ડના બહાર મને 10 જણનું ગ્રુપ આવતું દેખાયું. બધાએ એકસરખા કપડા પહેરેલા હતા- બ્લૅક જિન્સ+સફેદ ટીશર્ટ. ટી-શર્ટ ઉપર મોટા અક્ષરોમાં લખેલું હતું- **I AM A SD FAN...**

પાસે આવતાં ખબર પડી કે એ દસ જણ કોણ હતાં.અબ્દુલ ડૉન પ્રોડ્યુસર,**DGP..**બાકી બધાને હું જાણતી નહોતી. સૌથી પાછળ મને જૈનમ દેખાયો. એ પણ એ જ ડ્રેસમાં તૈયાર થઈને આવેલો હતો. મારા મનમાં એ જ વાક્ય ફરવા માંડ્યું - **I AM A SD FAN...**

હું અંદર ગઈ. શાસનદ્રષ્ટાશ્રીજી પોતાની તૈયારી કર્યા પછી રૂમને સાફ કરી રહ્યાં હતાં. વધારાની બધી વસ્તુઓને સ્વચ્છ રીતે રાખી રહ્યાં હતાં.

"હું કરી લઉં મ.સા.! આપ રહેવા દો." કહીને મેં એમના હાથમાંથી કપડું લઈ લીધું અને ડાઘવાળી જગ્યાઓને લૂછવા માંડી.

*'મને આ રીતે જૈનમ જોશે તો શું કહેશે?'* જૈનમનું હસતું પિક્ચર મારી સામે ઊપસી આવ્યું, તો પણ શરમના લીધે મેં કપડું છોડ્યું નહીં. *'શાસનદ્રષ્ટાશ્રીજીને શરમ નથી આવતી તો મને કેવી શરમ?"*

શાસનદ્રષ્ટાશ્રીજી સાધ્વીજીને તૈયાર કરવા ગયાં. સાધ્વીજી એમ તો બધું પોતે કરી લેતાં, પણ શાસનદ્રષ્ટાશ્રીજી એમને ક્યારેય એકલા મૂકતા નહીં. સતત એમની નજર સાધ્વીજી પર જ રહેતી. એક મા જે રીતે પોતાનાં બાળકને સાચવે, એના કરતાં પણ વધારે એ સાધ્વીજીની સંભાળ કરતાં અને એટલે જ કદાચ એ મને ગમતાં.

રૂમની બહાર 10 જણ આવી ગયાં. શાસનદ્રષ્ટાશ્રીજીએ ઉપર જોયું. ડૉન, અબ્દુલ, જૈનમ દેખાયા. "કેમ આવ્યાં છો?" શાસનદ્રષ્ટાશ્રીજીએ બધાં તરફ જોયું.

"મેં અમઝદભાઈને કહ્યું..."જૈનમ આગળ આવ્યો,"કે અમારા સાધુઓ પગથી ચાલીને જ બધી જગ્યાએ જાય છે. એમને આશ્ચર્ય થયું. એમને અનુભવ કરવાની ઈચ્છા થઈ. એટલે એ આવ્યાં છે."

"અને બાકી આટલાં બધાં લોકો..."અમઝદભાઈની સાથે એના માણસો લાગતા લોકો તરફ શાસનદ્રષ્ટાશ્રીજીએ જોયું.

"આ ભાઈની સુરક્ષા માટે... ભાઈ પર અત્યારે 100 કેસ ચાલી રહ્યાં છે.."અમઝદભાઈ હસ્યાં. એમનો સોનાનો દાંત ચમક્યો.

"જૈનમ! અહીયાનું બિલ ભરાઈ ગયું છે? એના વગર હું અહીંયાંથી નીકળવાની નથી. પાછળથી અહીંયાંના લોકો એવું ન બોલે કે "જૈન લોકો બિલ ભરતા નથી..."મને શાસનદ્રષ્ટાશ્રીજીની નીતિમત્તા જોઈને આનંદ થયો.

જૈનમે આગળ આવીને શાસનદ્રષ્ટાશ્રીજીને બિલ બતાવ્યું. ટોટલ 75 લાખનું બિલ થયું હતું. નીચે બિલ ભરનારની સહી હતી.

"આ સાઈન કોની છે?" શાસનદ્રષ્ટાશ્રીજીએ ઈશારો કરતાં કહ્યું. જૈનમ બે મિનિટ સુધી કાંઈપણ બોલ્યો નહીં.

"શું થયું જૈનમ? બોલ......"

જૈનમે ડૉન તરફ ઈશારો કર્યો. શાસનદ્રષ્ટાશ્રીજીની આંખો ઊંચી થઈ.

" શાસનદ્રષ્ટાશ્રીજી! મૈંને મેરી જિંદગીમેં પહેલીબાર મેરે વાઈટ અકાઉન્ટમેં સે ચેકમેં બિલ ભરા હૈ.પ્લીઝ! ના મત બોલના.... "અમઝદભાઈ હૃદયથી બોલતા હોય એવું લાગ્યું.

શાસનદ્રષ્ટાશ્રીજીએ બિલને જૈનમના હાથમાં આપીને પોતાની બાકી તૈયારી કરી લીધી. હું પણ તૈયાર થઈ ગઈ. જૈનમે મને જોઈને ફ્લાઈંગ કીસ કરી.મેં એને રિટર્ન કરી,એ ખુશ થઈ ગયો. મેં મારી બૅગ પૅક કરી.

ઈજાગ્રસ્ત સાધ્વીજીમાં એટલી તાકાત નહોતી કે એ આટલાં માળ નીચે ઉતરી શકે.એટલે મેં અને શાસનદ્રષ્ટાશ્રીજીએ એમને સ્ટ્રેચર ઉપર ઊંચકવાનું નક્કી કરેલું.

શાસનદ્રષ્ટાશ્રીજી અને હૉસ્પિટલની વ્હીલચેરમાં બેઠેલાં જખ્મી સાધ્વીજીએ આંખો બંધ કરી અને કંઈક બોલવા લાગ્યાં. કોઈક મંત્ર(કદાચ નવકાર મંત્ર) બોલતા હોય એવું લાગ્યું.

મેં પણ મને ફરીથી આ હૉસ્પિટલમાં પગ ન મૂકવો પડે એ માટે પ્રભુને પ્રાર્થના કરી.શાસનદ્રષ્ટાશ્રીજીએ સાધ્વીજીના વ્હીલચેરને ગતિમાન કરી અને બધાં ચાલવા લાગ્યાં.10 જણ આગળ હતાં.જૈનમ અને હું શાસનદ્રષ્ટાશ્રીજીની પાછળ હતાં.પાછળથી 10 જણના ટી-શર્ટ ઉપર લખેલાં એમનાં નામ અને કમ્પનીનો લોગો દેખાઈ રહ્યાં હતાં. **ADIDAS...**

અમે લીફ્ટના ત્યાં પહોંચ્યાં. અમઝદભાઈએ બટન દબાવ્યું.

"અમઝદભાઈ! સંત ફરિશ્તે સીડી ઉતરકે હી જાયેંગે."

"ઓહ.પર યે સંત તો ચલ નહીં સકતે..ફિર." જખ્મી સાધ્વીજી સામે જોતાં એણે કહ્યું. શાસનદ્રષ્ટાશ્રીજીએ **"DON'T TAKE TENSION"** ને વ્યક્ત કરતી સાઈન કરી.

શાસનદ્રષ્ટાશ્રીજી અને મેં સાઈડમાં પડેલા સ્ટ્રેચર પર સાધ્વીજીને સૂવડાવ્યાં. અમઝદભાઈ સ્ટ્રેચર ઉપાડવા આવ્યાં.

"સૉરી,જેન્ટ્સ ઈનકો ટચ નહીં કર સકતે..." મેં કહ્યું. ડૉન થોભી ગયો,લીફ્ટમાંથી સાદિયા બહાર આવી.એણે પણ સેમ ટી-શર્ટ પહેરેલો હતો. સાથે એણે ટાઈટ જીન્સ પહેરેલી હતી.

સાદિયાએ શાસનદ્રષ્ટાશ્રીજીને સ્ટ્રેચર ઉંચકતા જોયા.

"WAIT WAIT...WAIT." સાદિયા શાસનદ્રષ્ટાશ્રીજીની પાસે આવી, "મેં તો ઊઠા સકતી હૂં ના? "શાસનદ્રષ્ટાશ્રીજીના મોઢાં પર સ્માઈલ આવી. એમણે સાદિયાને સ્ટ્રેચર આપી દીધું.

ડૉન અમઝદની આંખો આ નજારો જોઈને પાણીથી ભરાઈ ગઈ.



# Chapter - 11



**30/07/2010** **I.S.T. 16.45** Bhatia Hospital, Mumbai

**FAN FOLLOWING** અતિવિષમ હોય છે...!

હાંફતા હાંફતા હું અને સાદિયા સાધ્વીજીને સ્ટ્રેચરમાં ગ્રાઉન્ડફ્લોર પર લઈ આવ્યાં.K2 Towersમાં હું ક્યારેય સીડીથી ઉતરી નહોતી.

"તું ઠીક છે?" શાસનદ્રષ્ટાશ્રીજીએ મને સ્માઈલ સાથે પૂછ્યું. મેં માથું હલાવ્યું. આટલો શ્રમ કોમામાંથી બહાર આવ્યાં પછી મને કદાચ પહેલીવાર જ પડેલો.

સ્ટ્રેચર પર ઊંઘેલા સાધ્વીજીને પણ થાક લાગ્યો હોય એવું લાગ્યું.શાસનદ્રષ્ટાશ્રીજીએ એમને ચેર પર બેસાડ્યાં. સાદિયા "હું વ્હીલચેર લાવીશ.." કહીને દોડી.શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાનાં કપડાંથી સાધ્વીજીના માથા પર ઊભરેલા પરસેવાને સાફ કર્યો.

"શાસન..."શાસનદ્રષ્ટાશ્રીજીને પહેલાં નામથી બોલાવનાર વ્યક્તિને જોવા હું પાછળ ફરી. શાસનદ્રષ્ટાશ્રીજી પણ પાછળ ફર્યા. એ વ્યક્તિને જોતાં જ ક્યારેય નહીં રડનારા શાસનદ્રષ્ટાશ્રીજીની આંખોમાંથી મોતી જેવા ટીપાં પડવા લાગ્યાં.

એમણે તરત જ સામેવાળી વ્યક્તિના પગમાં પોતાનું માથું મૂકી દીધું. સામેવાળી વ્યક્તિ પણ એકદમ પ્રેમથી શાસનદ્રષ્ટાશ્રીજીની પીઠ પર હાથ ફેરવતા રહ્યાં.

"શાસન.શાસન.! ચલ ઉઠ. તેં જબરદસ્ત વૈયાવચ્ચ કરેલી છે. આ તો તને સરપ્રાઈઝ આપવા માટે હું અહીંયાં આવી છું." શાસનદ્રષ્ટાશ્રીજી

નીચે ઝૂકીને રડતાં જ રહ્યાં.વ્હીલચેરવાળા સાધ્વીજી પણ ચેરમાં હલવા લાગ્યાં.એમને પણ એ વ્યક્તિએ પ્રેમ આપ્યો.

"ગુરુજી! આપ શાતામાં છો?" શાસનદ્રષ્ટાશ્રીજીએ કહેલો પહેલો શબ્દ મને સમજાયો, પણ આગળના 'શાતા' શબ્દો સમજાયાં નહીં. સામે ઊભેલી વ્યક્તિ ફરિશ્તાની ગુરુજી હતી.

"આપ આટલાં ઝડપથી વિહાર કરીને કેમ આવ્યાં?" ગુરુજીએ શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું. "એ તને થોડા સમયમાં જ ખબર પડી જશે..." શાસનદ્રષ્ટાશ્રીજી પહેલીવાર દુવિધામાં લાગ્યાં.

સામેથી જૈનમના પપ્પા આવ્યાં. મેં એમને 'હાય અંકલ' કહ્યું.

"મત્થએણ વંદામિ..." આવું કંઈક શાસનદ્રષ્ટાશ્રીજી પાસે જઈને જૈનમના પપ્પાએ ઉચ્ચાર્યું.મને એનો અર્થ સમજાયો નહીં.મેં જૈનમ તરફ જોયું.

"પપ્પા બોલે છે કે હું તમને માથા વડે નમન કરુ છું."મારા મનની શંકાને પકડીને જૈનમે સમાધાન આપ્યું. "આ જૈનીઝમનો શબ્દ છે.."

મત્થએણં વંદામિ... મારા મગજમાં એ વિચિત્ર શબ્દ ફિટ થયો.

જૈનમના પપ્પાએ પણ ગોલ્ડ કૉલરવાળો ટી-શર્ટ પહેરેલો કે જેના પર એ જ સેમ વાક્ય લખેલું હતું.

મેં બાજુમાં ઊભી રહેલી સાદિયા તરફ જોઈને SD તરફ ઈશારો કર્યો "આ શું છે?"

સાદિયા હસી.

"તુમ્હે માલૂમ નહીં હૈ. SD મિન્સ શાસનદ્રષ્ટા."આટલી સરળ વસ્તુ નહીં પકડી શકવાના કારણે મને શરમ આવી.

"જૈનમ! તે મારા માટે આવો ટી-શર્ટ..."હું વાક્ય પુરૂં કરૂં એ પહેલાં એણે પોતાની બૅગમાંથી એક ટી-શર્ટ કાઢ્યો... મેં એ ટી-શર્ટને લીધો. આગળ એ જ વાક્ય લખેલું, પણ પાછળ મારો અને શાસનદ્રષ્ટાશ્રીજીનો સ્કૅચ હતો અને એના નીચે "VIP–THE MIRACLE GIRL" લખવામાં આવ્યું હતું.

"આટલાં ટાઈમ સુધી આપ્યો કેમ નહીં?" મેં જૈનમને મસ્તીમાં મોઢાં પર એ જ ટી-શર્ટથી માર્યું.એ હસવા લાગ્યો. મેં ટી-શર્ટ પહેરી લીધો. એમાં વિશિષ્ટ સુગંધ નાખવામાં આવી હતી. મારાં જ્ઞાનતંતુઓ ખૂલી ગયાં. સાધ્વીજીની વ્હીલચેર આવી ગઈ હતી. સાધ્વીજીને મેં અને સાદિયાએ ઉપાડીને વ્હીલચેરમાં બેસાડ્યાં.

"તેં આ શું પહેર્યું છે?"શાસનદ્રષ્ટાશ્રીજીએ મને આવીને પૂછ્યું.

"શાસન! રહેવા દે.મેં જ જૈનમને એના માટે બનાવવાનું કહેલું." શાસનદ્રષ્ટાશ્રીજીને ગુરુજીના શબ્દો સાંભળીને આશ્ચર્ય થયું.

"ચલ, હવે આપણે બહાર જઈએ... તને જૈનભવન સુધી પહોંચાડવા ઘણા બધા લોકો આવ્યાં છે." અમે બધાં ભાટીયા હૉસ્પિટલના ઍક્ઝીટ તરફ જવા માંડ્યાં.

અમે ભાટીયા હૉસ્પિટલના ઍક્ઝીટ સુધી પહોંચ્યા જ હતાં કે 'સ્ટૉપ'ની મોટી બૂમ પડી.બધાં અટકી ગયાં. શાસનદ્રષ્ટાશ્રીજી એ કોનો અવાજ હતો એ જોવા માટે બહાર ગયાં. હું એમના પાછળ ગઈ.

બહારનું દૃશ્ય જોઈને હું છક થઈ ગઈ.હૉસ્પિટલનો આખો રોડ જામ કરી દેવામાં આવ્યો હતો. રોડની બન્ને સાઈડ પર મુંબઈ પોલીસની બે મોટી ગાડિયોં ઊભી હતી. વચ્ચોવચ્ચ એક મોટું સ્ટેજ બાંધવામાં આવ્યું હતું.

એ સ્ટેજ પર શાસનદ્રષ્ટાશ્રીજીનો મોટો ફોટો લગાડવામાં આવ્યો હતો. એના નીચે મોટા સ્ટાઈલીશ અક્ષરોમાં લખવામાં આવ્યું હતું.

## 'I AM A S.D . (SHASANDRASHTA) FAN..'

સ્ટેજ પર એક મોટું ટેબલ અને ડાયસ હતા. એના ઉપર એક મોટી ચેર હતી, જેના પર મારાં આશ્ચર્ય વચ્ચે ભવનિસ્તારક બેઠેલાં હતાં. એમના આજુબાજુમાં એમના જેવા જ ઘણા બધાં જૈન શ્રમણો હતાં.

સ્ટેજની રાઈટ સાઈડ પર એક મોટું બીજું ડાયસ હતું.એના ઉપર એક મોટી ચેર હતી, કે જેના ઉપર બે વ્યક્તિ બેસી શકે. એ અત્યારે ખાલી હતી.

સ્ટેજની લેફ્ટ સાઈડ પર હજી એક ડાયસ હતો, જેના પર VIP સીટો હતી. એમાં વચ્ચેની સીટ સિવાય બધી સીટો પૂરેલી હતી.બૉમ્બેના કમીશનર, *C.M.*, હોમ મીનીસ્ટર, લોકલ *M.L.A.*,' બધાં હાઈ લેવલ બિઝનેસમૅન ત્યાં બેઠાં હતા. મેં તેજસને પણ ત્યાં લોકલ *M.L.A.* ની બાજુમાં બેઠેલો જોયો.

એ જ જગ્યાએ એક મોટો ડી.જે. સેટ લગાવવામાં આવેલો કે જેમાંથી સ્ટૉપ અવાજ આવેલો. શાસનદ્રષ્ટાશ્રીજી બહાર જોવા નીકળ્યાં કે જેમ સચિન તેંડુલકરને 'સચીનનનનન... સચીનનનન ની ચીઅર કરે, એમ

"SDDDDD... SDDDDD" નું ચીયરીંગ ચાલુ થઈ ગયું. લગભગ 20-30,000 લોકો ત્યાં ભેગા થયેલા. બધાએ "SDDDDD... SDDDD." નું ચીયરીંગ ચાલુ કર્યું. શાસનદ્રષ્ટાશ્રીજી ફરીથી પાછળ આવી ગયાં. એમનાં મોઢાં ઉપર'આ બધુ શું'ના ભાવો દેખાઈ રહ્યાં હતા.

"થોડી વસ્તુઓ શાસનપ્રભાવના માટે મહત્ત્વની હોય છે. બસ, આ રીતે વિચાર." શાસનદ્રષ્ટાશ્રીજીને ગુરૂજીએ કહ્યું.ગુરૂજીએ શાસનદ્રષ્ટાશ્રીજીનો હાથ પકડ્યો અને એ પોતે બહાર લઈ ગયાં.ચીયરીંગ વધતું ગયું.સ્ટેજ ઉપર જવા માટે રૅમ્પ બનાવવામાં આવ્યો હતો.

જે ટાઈમે શાસનદ્રષ્ટાશ્રીજીએ રૅમ્પ પર પગ મૂક્યો કે "જોધા-અકબર' ની ટ્યૂન ચાલું થઈ ગઈ. 'અજીનોશાન શહેનશાહ.'ગીત વાગવા માંડ્યું.

મારે પણ સ્ટેજ પર જવાનું છે કે નહીં એ વાતની દ્વિવિધામાં હું હતી. જૈનમે મને સ્ટેજ ઉપર મારી સીટ બતાવી.એના આગળના ટેબલ પર મારૂં નામ 'મિરેકલ ગર્લ' લખવામાં આવ્યું હતું.

ચારે બાજુ લોકો હાથમાં **પ્લે-કાર્ડ્સ** લઈને ઊભા હતા.

**'YOU ARE MY SAVER...'**

**'MAY GOD KEEP YOU AWAY FROM HOSPITALS, BUT NEAR ME...'**

**'IF YOU WOULD NOT BE IN THE WORLD, WHAT THE WORLD WOULD BE...'**

**'WE HAVE NOT SEEN MIRACLES, BUT WE HAVE SEEN YOU, YOU ARE A SOURCE OF POWER FOR THE UNPOWERED...'**

**'MAY YOUR GRACE FALL UPON US.."**

જેવા અગણિત મૅસેજ **પ્લેકાર્ડ્સ** પર લખેલાં હતાં.

રેમ્પની બન્ને બાજુ ક્રાઉડ-કન્ટ્રોલ માટે મુંબઈ પોલીસ ઊભી હતી. મેં આખોં બંધ કરીને વાતાવરણની અનુભૂતિ લીધી. વાતાવરણ બહુ એનર્જેટિક હતું. એક સકારાત્મક અભિગમ બધાં લોકોમાં ફેલાયેલું હતું.

કોઈ કોઈ જગ્યાએથી 'અપેક્ષા મિરેકલ ગર્લ' ની બૂમો સંભળાઈ રહી હતી. હું ઍડ પછી બહુ ફેમસ થઈ ગઈ હતી. એ ઍડના કારણે NGOને દસ કરોડનું ડૉનેશન અત્યાર સુધી આવી ગયું હતું. હવે પ્રોડ્યુસરે શાસનદ્રષ્ટાશ્રીજીને મને હજી એક ઍડ કરવા માટે અનુજ્ઞા આપવાનું કહ્યું હતું.પણ શાસનદ્રષ્ટાશ્રીજીએ ત્યારે કોઈ પ્રતિભાવ આપ્યો નહોતો.

કૅમેરાના હજારો ફ્લૅશ એકસાથે પડી રહ્યાં હતાં.બૉલીવુડમાં પિક્ચરમાં જોયેલી ઍક્ટરની ઍન્ટ્રી કરતાં પણ વધારે જબરદસ્ત ઍન્ટ્રી અમારી હતી. અમે ડાયસ પર પહોંચ્યા.

મૅનેજમૅન્ટવાળા લોકોએ મને બૂકે આપીને મારી સીટ પર બેસાડી. મારી આગળ એક કેક અને ચૉકલેટનો બૉક્સ (ફેરોરો રોચર) રાખવામાં આવ્યો હતો. મારી બાજુમાં જૈનમના પપ્પા આવીને બેઠા.એ પણ આમંત્રિત મહેમાન હતાં. એમણે મારી સામે જોઈને પલકો ઝપકાવી.

શાસનદ્રષ્ટાશ્રીજીને રાઈટ સાઈડના ડાયસ પર રાખેલી મોટી ચેર પર એમનાં ગુરૂજીની સાથે બેસવા માટે બધાં આગ્રહ કરી રહ્યાં હતાં. પણ એ એમાં કમ્ફર્ટેબલ નહોતાં. એ ક્યારેય પોતાના ગુરુની સાથે એક જ ચેર પર બેઠાં નહોતાં. ગુરુના આગ્રહથી એ ચેર ઉપર બેઠા, પણ અસ્વસ્થતા એકદમ સ્પષ્ટ દેખાઈ રહી હતી.

હું મારી સીટમાં અલગ-અલગ લોકોનું રીઍક્શન જોતી બેઠી રહી. એક એકદમ મધુરગીત કે જે શાસનદ્રષ્ટાશ્રીજી ઉપર બનાવવામાં આવ્યું હતું, તે વગાડવામાં આવ્યો.લોકો એકદમ શાંત થઈ ગયા. મ્યુઝિક બહુ ભાવવાહી હતું.

ગીત પૂરું થયું અને અમઝદ ડૉન માઈકના પાસે પહોંચ્યો. બૉલીવુડના આગળ પડતા ઍક્ટરે માઈક ડૉનના હાથમાં આપ્યો.

"મેરે ભાઈઓ...ઔર બહેનો!" ડૉન તરફ બધાના મોઢાં ફર્યા. બૉમ્બેમાં ડૉન બહુ પ્રસિદ્ધ હતો. એટલે એના સામે સંપૂર્ણ એકાગ્રતાની આદત બધાને પડી ગઈ જ હતી.

"ટૂડે..." યુથને ડૉનના મોઢામાંથી ઈંગલીશ શબ્દ સાંભળીને આશ્ચર્ય થયું, "હમ એક નેક કામ કે લિએ ઈકઠ્ઠા હુએ હૈ. મેં પિછલે 40 સાલસે

અન્ડરવર્લ્ડ કે સાથ જુડા હુઆ હૂં. જબ મૈં છોટા થા, તબ મેરી અમ્મા કહતી થી કે તું બડા હોકર એક નેક આદમી બનના..પર અફસોસ..”ડૉનનાં મોઢાં પર એક રંજ દેખાયો.

“મેરી અમ્મા ઇસ દુનિયા સે અલ્લાહ કે પાસ ચલી ગઈ...ઔર મૈં ઉનકે લફ્ઝો કો પૂરા નહીં કર સકા...પર શાયદ અબ અમ્મા ઉપર સે દેખતી હો તો...”ડૉને આકાશ તરફ જોયું. સૂર્ય અસ્ત થવા તરક જઈ રહ્યો હતો.

“તો વો આજ બહુત ખુશ હોતી... ક્યોંકિ આજ મૈં મેરી દુસરી મા...” ડૉને શાસનદ્રષ્ટાશ્રીજી તરફ આંગળી ચીંધી. શાસનદ્રષ્ટાશ્રીજીની આંખોમાંથી પાણી પડ્યું હોય એવું દેખાઈ રહ્યું હતું.

“ફરિશ્તેકી ઈચ્છા કે અનુસાર અપને સબ ગેરકાનૂની કારોબાર બંધ કરને જા રહા હૂં.”શબ્દો તાળીયોના ગડગડાટ વચ્ચે ડૂબી ગયા.

“ઔર આજ.”બધાં ફરી શાંત થઈ ગયાં “ઔર,આજ...મેં શાસનદ્રષ્ટાશ્રીજી કો ઑફિશિયલી સી.એમ, કમીશ્નર ઔર ઉપસ્થિત વી.આય. પી.ઓ કે સામને...એક પદ દેના ચાહતા હું...”

“ફરિશ્તા...”



# Chapter - 12

15/08/2010 | I.S.T 9.30 | August Kranti Ground, Mumbai

**INDEPENDENCE** અતિવિષમ હોય છે.....!

15મી ઑગસ્ટ ! ભારતનો 63મો સ્વાતંત્ર્ય દિવસ!

ઑગસ્ટ ક્રાંતિ મૈદાન ચારેબાજુ પબ્લિકથી પેક હતું. **SD** ફૅન ગ્રુપે ત્યાં જે પ્રોગ્રામ ગોઠવેલો હતો,એમાં મારે (મિરેકલ ગર્લે) પણ સ્પીચ આપવાની હતી. એમ તો મારી સ્પીચ આપવાની શક્તિ ઓછી હતી, પણ છેલ્લા એક મહિનામાં થયેલા સેમિનાર, ન્યૂઝમાં સ્પીચને લીધે હવે ધીમે ધીમે સ્પીચ પર પ્રભુત્વ આવી રહ્યું હતું.

શાસનદ્રષ્ટાશ્રીજી ગ્વાલીયર ટૅન્ક જ રોકાયેલાં હતાં અને એટલે જ **SD**ઝ ફૅન્સવાળાઓએ પ્રોગ્રામ ઑગસ્ટ ક્રાંતિમાં રાખેલો.એક બહુ મોટો સ્ટેજ બનાવવામાં આવ્યો, કે જે ભારતના ઝંડાના 3 કલરના કૉન્સેપ્ટમાં સજાવેલો હતો.

હું મારી પહેલા રોમાં રહેલી ચેરમાં જઈને બેઠી.મારા મોબાઈલમાં હું મારી તૈયાર કરેલી સ્પીચને વાંચી રહી હતી.

“હાય.”જૈનમ બાજુમાં આવીને બેઠો.

“એય, તારી સીટ ક્યા છે?. ”મેં મજાકમાં પૂછ્યું.

“મારી સીટ કોઈપણ જગ્યાએ તારી બાજુમાં જ હોય...તું જ્યાં છે ત્યાં હું બાયડિફૉલ્ટ છું જ.”એણે મારાં ખભા પર હાથ મૂક્યો. હું હસી.

“શું ચાલે છે?” છેલ્લા 15 દિવસ હું ફૅન્સના ફોનોના કારણે જૈનમ સાથે વાત નહોતી કરી શકી.બે દિવસ પહેલાં પણ વાત થયેલી, પણ

એકદમ ઉપર-ઉપરથી !

દરરોજ હું 'સૉરી' મૅસેજ મોકલતી.કેમ મને આટલાં ટાઈમ શાસનદ્રષ્ટાશ્રીજી સાથે રહ્યા પછી પણ જૈનમનું આકર્ષણ રહેતું, એ મને સમજાતું નહીં, *"જૈનમમાં શું હતું?"*

શાસનદ્રષ્ટાશ્રીજી સ્ટેજ પર આવ્યાં. ભવનિસ્તારક પણ આ પ્રોગ્રામમાં આવવાનાં હતાં, પણ એ અત્યાર સુધી આવ્યાં નહોતાં.

બધાં ફૅન્સ ઊભા થઈ ગયા.આ એક ફૅન્સ કોડ બની ગયો હતો કે જ્યારે **S.D .** આવે, ત્યારે બધાએ નિયમે ઊભાં થવું.આ કોડનો પ્રસ્તાવ ડૉને પોતે મૂકેલો.એટલે એને કોઈપણ ના પાડી શકે એવું નહોતું. શાસનદ્રષ્ટાશ્રીજીએ ઈશારો કર્યો અને બધાં પોતાનાં સીટ પર બેઠા.એક **S.D .** ફૅન, કે જે પોતે બહુ મોટો વક્તા હતો અને બીજો એક **S.D .** ફૅન કે જે પોતે બહુ મોટો સિંગર હતો, એમની જોડી સ્ટેજ પર ઊભી હતી.

સિંગરે 'વંદે માતરમ્' ગીત ગાયું. બધાં એની સાથે જોડાયા. જાણે કે લાઈવ કૉન્સર્ટમાં બેસેલાં હોઈએ, એવું અનુભવાઈ રહ્યું હતું. મારા હૃદયમાં દેશ માટે કંઈક કરવાની ઈચ્છા ગીતને સાંભળીને ઊભી થઈ.

પછી ઍન્કરરે પહેલી લાઈનમાં બેસેલા ચીફ ગૅસ્ટ ડૉક્ટર મનમોહનનો કે જે ઈન્ડિયન બ્યુરેકેસીમાં બહુ મોટી પોઝીશનમાં હતાં, એમનો પરિચય આપ્યો. બીજા પણ પરિચય આપતો આપતો એ મારાં ઉપર આવ્યો."ધ મિરેકલ ગર્લ અને કદાચ **S.D .** ની સૌથી નજીકની વ્યક્તિ."

મને એ શબ્દો વાગ્યા. *'શું હું **S.D .**ને સૌથી નજીક હતી?'*

તિરંગો લહેરાવવામાં આવ્યો. શાસનદ્રષ્ટાશ્રીજી પણ જનગણમન વખતે ઊભા થયાં. ભવનિસ્તારક પણ આવી ગયાં હોવાથી એમણે એક પ્રાસ્તાવિક સ્પીચ આપી અને પછી પોતાનાં માટે બનાવેલા ત્રણ કલરના સ્ટૅન્ડ પર બેસી ગયાં.એ એવાને એવા જ ઉર્જાશાળી અને જબરદસ્ત પ્રભુત્વવાળા લાગી રહ્યાં હતાં. બધાં સૅટલ થઈ ગયાં.

"ઍન્ડ નાઉ વી કૉલ ધ સ્ટાર ઑફ આર **હાર્ટ્સ** ફરિશ્તા શાસનદ્રષ્ટાશ્રીજી ટુ સ્પીક અપૉન ઈન્ડિપૅન્ડન્સ..." ત્રણ મિનિટ સુધી સતત તાળીયોં ચાલી.

શાસનદ્રષ્ટાશ્રીજી પોતાનાં માટે **S.D.** ફૅન્સના મારફતે ખાસ તૈયાર કરાવેલી થ્રી કલર કેબીનમાં જઈને બેઠાં. એ કેબીન ખાસ એમના

અવાજને 30-40,000 લોકો સુધી પહોંચાડવા મોખરાનાં **ઈજીનીયર્સ** કે જે **S.D.** ફેન્સના મેમ્બર્સ હતાં, એમણે બનાવેલી હતી. એમાં **ઈલેક્ટ્રીસીટીનો** બિલકુલ વપરાશ કરવામાં આવ્યો નહોતો.

હું શાસનદ્રષ્ટાશ્રીજીને સાંભળવા માટે પોતાની સીટ પર એકદમ સીધી થઈ ગઈ.બાકી બધાનું પણ ધ્યાન કેબીનમાં બેઠેલાં **S.D.** તરફ હતો.

"શું આપણે સ્વતંત્ર છીએ?" સંવેદનાઓથી ભરેલો અવાજ સંભળાયો. મેં નૉર્મલી જે **S.D** નો અવાજ સાંભળેલો એના કરતાં વધારે મીઠો અવાજ કેબીનમાંથી આવી રહ્યો હતો. ગ્રાઉન્ડમાં નિતાંત શાંતતા હતી અને આ પ્રશ્ન સાંભળીને વધુ સન્નાટો છવાઈ ગયો.

"તમે કહો છો કે ગાંધીજીની મહેનતથી 15 ઑગસ્ટ, 1947ના દિવસે આપણને સ્વતંત્રતા મળી, બટ આઈ વીલ લાઈક ટુ આસ્ક યુ એ ક્વેસ્ચન... આર વી ફ્રીડ?"વચ્ચે **S.D .**એ શ્વાસ લીધો.

"પહેલી વસ્તુ એ છે કે તમે સ્વતંત્રતાને શું સમજો છો? સ્વતંત્રતા એ વસ્તુ છે, જેમાં તમે કોઈના ઉપર પણ પરતંત્ર ન રહો." બધાએ માથું હલાવ્યું.

"પણ, હું તમને પૂછવા ચાહું છું કે તમે કોઈ વસ્તુ ઉપર પરતંત્ર છો કે નહીં?" શાસનદ્રષ્ટાશ્રીજી રોકાયાં.

"જ્યાં સુધી તમારી નીડ અને ગ્રીડ ઊભી છે, ત્યાં સુધી તમે ફ્રીડ કઈ રીતે કહેવાશો ? તમે કહો છો કે હું **A.C.**વગર જીવી શકતો નથી, હું વાઈફ વગર જીવી શકતો નથી, હું **S.D .** વગર જીવી શકતો નથી, તો તમે તે-તે વસ્તુઓ પર નિર્ભર હોવાથી ફ્રીડ છો કે અનફ્રીડ છો ?"

"એક વસ્તુ સમજો,જ્યાં સુધી તમે કોઈ બીજી વસ્તુ સાથે છો, તો તમે ફ્રીડ નથી, પછી એ મમ્મી હોય, નોકરી હોય, **G.F** હોય કે હું હોઉં. જ્યારે તમે એકલા છો, ત્યારે જ તમે સ્વતંત્ર છો.

આપણે દર વરસે દેશની આઝાદીનું ગીત ગાઈએ છીએ,પણ ક્યારે આપણે પોતાની આઝાદીનું ગીત ગાશું? શું તમે એના વિશે વિચાર્યું છે?"

આવી ફાયરીંગ સતત 15 મિનિટ ચાલી. બધાં પોતાનાં અંદર સુધી હલી ગયાં.મેં પહેલી વાર શાસનદ્રષ્ટાશ્રીજીને આટલાં ઍટેક મોડમાં જોયેલાં.

શાસનદ્રષ્ટાશ્રીજી પોતાની કેબીનમાંથી નીકળ્યા.10 મિનિટ સુધી

આખી સભા તાળીઓથી ગર્જતી રહી. મને આડકતરી રીતે શાસનદ્રષ્ટાશ્રીજી-એ મારો રસ્તો બતાવી દીધો હતો. મેં મારી ભીની આંખો બંધ કરી. "પરતંત્રતા, પરતંત્રતા...."


My Note
7



# Chapter - 1

18/08/2010 | I.S.T 21.00 | Gwalior Tank, Mumbai

**REASON** અતિવિષમ હોય છે.... !

હું લેપટોપ પર એક રૂમમાં બેસીને ફૅન્સની આવેલી શંકાઓના ઉત્તર આપી રહી હતી.આજની રાત મેં **S.D** ની સાથે જ પસાર કરવાની નક્કી કરેલી.

પહેલાં તો મમ્મી-પપ્પા તૈયાર નહોતાં થયાં, પણ મારાં અશ્રુઓ જોઈને એમણે રજા આપી દીધી હતી.હૉસ્પિટલ થી ઘરે આવ્યાં પછી આખા K2 ટાવર્સમાં મારું સ્ટેટસ બદલાઈ ગયું હતું. બધાં મને એક રોલમોડલ તરીકે જોતાં અને મારી પાસે પોતાનાં પ્રૉબ્લેમ્સના સમાધાન માટે આવતાં.

જે સમાધાન મારા મગજમાં આવતાં એ હું એમને આપી દેતી અને જે પ્રૉબ્લેમ્સ વધારે અઘરી પડતી એનું સમાધાન હું શાસનદ્રષ્ટાશ્રીજી પાસે મેળવતી. **S.D** .ને એકલા રહેવું બહુ ગમતું એટલે **S.D** ફૅન્સને મૅસેજ પહોંચાડી દેવામાં આવ્યો હતો કે **S.D.** ને સીધા મળીને ડીસ્ટર્બ ન કરતાં. જે પણ શંકાઓ હોય એ ફેસબુક પેજ કે વેબસાઈટ પર પૂછવા.

કો-ઓર્ડીનેટર તરીકે મને રાખવામાં આવી હતી કેમ કે મારું અને **S.D** .નું તાલમેલ બહુ સારું હતું.

આજે આખા દિવસમાં હું શાસનદ્રષ્ટાશ્રીજીને મળી શકી નહોતી, કેમ કે એ આજે બહુ વ્યસ્ત હતાં. આજે બધાં સાધ્વીજીઓનું સમ્મેલન હતું, જેમાં શાસનદ્રષ્ટાશ્રીજીને ખાસ સ્થાન મળેલું અને એટલે એ આખા દિવસ સાધ્વીજીઓ સાથે જ હતાં.એમના પરિવારને મારાં ફૅન્સના નાના પ્રૉબ્લેમ્સ માટે ડીસ્ટર્બ કરવા મને યોગ્ય નહોતું લાગતું.

"હે અપેક્ષા! અહીંયાં આવ." શાસનદ્રષ્ટાશ્રીજીના ગુરુણીએ મને બોલાવી.મને આશ્ચર્ય થયું. દસ દિવસમાં પહેલી વાર એમણે મને બોલાવી હતી. બાકી તો એ બીજાં સાધ્વીજીઓ સાથે જ એમને ભણાવવામાં વ્યસ્ત રહેતાં. એમને ભણવાનો અને ભણાવવાનો ગાંડો શોખ હતો.

હું મારા લેપટૉપની સ્ક્રીનને નીચે કરીને એમની પાસે ગઈ.એ એક ખૂણામાં બેસેલાં હતાં.

" હા શું થયું ?" મેં એમની તરફ જોયું.એમના મોઢા પર S.D . કરતાં પણ વધારે શાંતિ છવાયેલી હતી.

" ના...આ તો એમ જ તને બોલાવી..મને મારી S.D ..."ગુરુણીએ મજાકમાં કહ્યું, "જેના માટે."ગુરૂણી અટકી ગયાં. મને વિચિત્ર લાગ્યું.

" મારા માટે શું..?"વિચારે પીછો મૂક્યો નહીં. મારાં મનમાં એ પ્રશ્ન બહુ ભારે થઈ ગયો.

"આપ કેમ અટકી ગયાં?...પ્લીઝ! કહોને? આપ જો હવે નહીં કહો, તો હું રાત્રે સૂઈ નહીં શકું." મેં ફટાફટ બોલી દીધું.મને ગુરુણી પ્રસન્નતા સાથે જોતાં રહ્યાં.

"તું સાચે જ વિશિષ્ટ છે." મને કંઈ પણ એમનું બોલેલું સમજાયું નહી.

"પ્લીઝ! મને કહો."મેં મારી વિનંતી કરી..

"ધ સ્ટોરી ઈઝ લૉંગ.." હસતાં હસતાં ગુરુણીએ પોતાની તૂટી-ફૂટી ઈંગ્લીશમાં કહ્યું.

"હું આખી સ્ટોરી સાંભળીશ.એમ પણ આજે હું અહીંયાં જ નાઈટ-આઉટ કરવાની છું." ગુરુણીએ મને પોતાની વેધક દૃષ્ટિથી જોઈ.

"તો કદાચ હું તને આખી સ્ટોરી કહીશ." ગુરુણી કંઈક વિચારતાં હોય એવું મને લાગ્યું.

"હું બધું સારું અને નરસું સાંભળવા તૈયાર છું. આપ સંકોચ ના કરો." ગુરુણી હસ્યાં.એમણે મારાં માથાં પર હાથ મૂક્યો.

"તો, ક્યાંથી ચાલું કરું.હમમમમ...

અમે પાલીમાં ચોમાસું (4 મહિના) હતાં એ તો ખબર જ છે. તું જ્યારે ત્યાં અમને મળવા આવેલી, ત્યારે શાસનદ્રષ્ટાશ્રીજી કે જે એક બહુ હોશિયાર સાઈકોલૉજી રીડર છે, એને તારામાં એક વિશિષ્ટ ટૅલેન્ટ છૂપાયેલી દેખાયેલી.

તારી ડ્રેસીંગ સેંન્સ મૉર્ડન છે અને પહેલાં પણ હતી, પણ એ ડ્રેસિંગમાંથી પણ S.D. ની અંદર જોવાની શક્તિ અકલ્પ્ય છે. એણે તારું રીડીંગ કરી લીધેલું.

પછી 4 મહિનાની વચ્ચે જ જૈનમ મારફતે અમને તારી કમનસીબ ઘટનાના સમાચાર મળેલા. મેં શાસનદ્રષ્ટાને પહેલી વાર થોડી તનાવમાં જોયેલી. એણે તારા માટે મંદિરમાં ડાયરેક્ટ પ્રાર્થના ચાલુ કરી દીધેલી.

મને આશ્ચર્ય થયું. '*મારા માટે પ્રાર્થના?*'

ગુરુણી આગળ વધ્યા.

"4 મહિના પૂરા થયાં પછી એક દિવસ શાસનદ્રષ્ટા મારા પાસે આવી. એણે મને કહ્યું, "ગુરુજી ! એક પવિત્ર આત્માને મારી અત્યારે જરૂરત છે... જો તમે મને આજ્ઞા એટલે કે પરમીશન આપતાં હો તો હું ફટાફટ વિહાર કરીને બૉમ્બે પહોંચવા માગું છું."

શાસનદ્રષ્ટાએ પહેલી વાર મારી પાસે કંઈક માંગેલું.15th ઑગસ્ટે જે સ્વતંત્રતા પર શાસનદ્રષ્ટાએ સ્પીચ આપેલી એ એના સંપૂર્ણ લાઈફમાં સાચે જ વણાયેલી છે. એ પોતાનાં સિવાય બીજાની પાસે ક્યારેય કંઈ પણ માંગતી નથી, પરતંત્ર રહેતી નથી.

હું એને ના પાડી નહીં શકી. કેમ કે એ જે પણ કરતી, એ બહુ વિચારીને જ કરતી. એના નિર્ણયો હંમેશા સાચા જ નીકળતાં. એની કોઈ શિષ્યા નહીં હોવાના કારણે મેં એને મારી 5 શિષ્યા આપી.

શાસનદ્રષ્ટાએ 'ના' પાડી કે "મને આટલાં બધાની જરૂરત નથી." પણ મને ખબર હતી કે એ બધાને સાચવવામાં સક્ષમ હતી.

મુંબઈ માટે નીકળવાના સમયે એની આંખોમાં અશ્રુ હતાં. એ ક્યારેય પોતાનાં આટલાં વરસોમાં મારાથી અલગ થઈ નહોતી. એ મને ભગવાન કરતાં પણ વધારે માને." સંવેદનાઓથી ભરાઈ જવાના કારણે બે મિનિટ સુધી મૌન છવાયેલું રહ્યું.

"પછી એણે વિહાર કર્યો." નૉર્મલ થતાં ગુરુણીએ ચાલુ કર્યું. "એ દર 7 દિવસમાં એક વાર મને પત્ર લખતી. વચ્ચે એને એક વાર તાવ આવી ગયેલો. ત્યારે મને બહુ ટૅન્શન થયેલું.પણ આગલા પત્રમાં તબિયત સારી હોવાની વાત સાંભળીને મને આનંદ થયેલો.પાલીમાં પ્રતિષ્ઠા-નવું મંદિર બનતું હોવાથી મને ત્યાં રહેવું જરૂરી હતું.

પછી તો ફાસ્ટવિહાર કરીને એ બૉમ્બે પહોંચી ગઈ. એણે મને

એક પત્રમાં તારા કોમાની વાત,એમાંથી બહાર તું કઈ રીતે આવી એ સ્ટોરી લખેલી.મને જાણીને આશ્ચર્ય થયેલું. અશક્ય જેવું લાગેલું.

તારા ભાગ્ય અને શાસનદ્રષ્ટાની શક્તિ પર નાઝ થયેલો. ભગવાને શાસનદ્રષ્ટાની પ્રાર્થના સાંભળી લીધેલી. તું બચી ગયેલી. પછી મેં પણ પ્રોગ્રામ પૂરો થતાં,પાલીથી મુંબઈ તરફ વિહાર ચાલુ કરી દીધેલો. અને આ હું તારી સામે બેઠેલી છું... તને કંઈક સમજાયું?..." ગુરુણીએ મારાં તરફ જોયું.

મારી આંખો પાણીથી ભરાયેલી હતી. મને ખબર હતી કે S.D .બૉમ્બે આવવાના હતાં.પણ એ મારાં માટે આવવાનાં હતાં એ મને ખબર નહોતી.

*'મારા અંદર શું ટૅલેન્ટ છે?"* મને આ વિચારે હચમચાવી કાઢી. *'મારી પાસે કોઈ ટૅલેન્ટ નથી અને તો પણ **S.D.** મારા માટે આવ્યા... હું કઈ રીતે એમની ઈચ્છાને-વિશને પૂરી કરીશ.'* મારી આંખોમાંથી આંસુ નીકળવા લાગ્યાં.

ગુરુણીએ મારાં માથા પર હાથ મૂક્યો."તું એક વસ્તુ સમજી લે કે જ્યારે શાસનદ્રષ્ટાએ તારામાં ટૅલેન્ટ જોઈ છે, તો એ નહીં હોયને, તો પણ એ આવી જશે...એ લાવી પણ શકે અને પ્રગટ પણ કરી શકે..અને હજી એક વસ્તુ..."પોતાની જગ્યાએથી ઊઠતાં ગુરુણીએ કહ્યું. સ્ટોરી પોતાનાં હૅપી (!) ઍન્ડીંગ પર આવી ગઈ હતી.

"હું અપેક્ષા રાખું છું, કે તું અપેક્ષા, એ શાસનદ્રષ્ટાની અપેક્ષાને તોડશે નહીં....બૅસ્ટ ઑફ લક.."



# Chapter - 2

19/08/2010 | I.S.T 8.00 | Gwalior Tank, Mumbai

## સમજાવટ અતિવિષમ હોય છે...!

હું કાચમાં જોઈને મારાં વાળ સરખાં કરી રહી હતી.જે રૂમમાં હું રોકાયેલી હતી, એ સાધુ-સાધ્વી માટેનો નહોતો.10 મિનિટ પહેલાં જ હું ઊઠેલી હતી. ગુરુણીનું વાક્ય સાંભળ્યા પછી મને ઊંઘ જ નહોતી આવી.

જૈનમને રાત્રે ફોન કરવાની ઈચ્છા થયેલી.પણ એને જો હું આ બધું કહી દેત, તો એ ટૅન્શનમાં જ રહેત અને જો મારાં મમ્મી-પપ્પાને ખબર પડત તો... હું એ વાતને વિચારવા જ તૈયાર નહોતી.

સવારે 5 મિનિટ પહેલાં જ મેં મમ્મીને મૅસેજ કરેલો કે 15 દિવસ હું અહીંયાં જ રહેવાની હતી. મમ્મીએ તરત જ "કેમ" મૅસેજ મોકલેલો.

મેં સાધ્વીજીની તબિયત ખરાબ છે એવું જૂઠ લખેલું. મમ્મીને ધરપત નહોતી થઈ અને એણે વિડીયો કૉલ કરેલો. મારાં પાસે ઉપાય નહીં હોવાથી મેં કૉલ ઉઠાવેલો.

"અપેક્ષા! તું કેટલી ફિક્કી લાગે છે."મને જોતાં જ પહેલી કમૅન્ટ મમ્મીએ કરેલી.

"હું હમણાં જ ઊઠી છું..મમ્મી ! હું અહીંયાં રહેવાની છું. એ ઓ.કે. છે ને?" મેં એકદમ દીનતા મોઢા પર લાવતાં પૂછેલું.

"હા, પણ હવે કેટલા દિવસોથી તું અમારી સાથે રહી જ નથી. અમે અત્યારે આગળના દસ દિવસમાં ટ્રીપ વિચારી રહ્યાં હતાં.શાંધાઈ, પણ

તું તો..." મમ્મીના મોઢા પર ઉદાસી દેખાઈ રહી હતી.

"હું એના માટે વિચારીશ અને એક વાર S.D ને પૂછી લઈશ... પણ, અત્યારે મારી ઈચ્છા તો..."બેટરી લો થઈ જવાથી મોબાઈલ બંધ થઈ ગયો હતો.મેં મોબાઈલ ચાર્જીંગમાં રાખેલો.પછી પાછળથી મૅસેજ આવેલો 'ઓ.કે.'

કોઈ રૂમમાં આવ્યું હોય એવું લાગ્યું. હું પોતાનાં છૂટા વાળ સાથે પાછળ વળી. S.D. ત્યાં ઊભા હતાં.

"તું ગઈ નથી અપેક્ષા ?" આશ્ચર્યના ભાવ સાથે S.D .એ પૂછ્યું.

"ના."મેં નીચે ધરતીને જોતાં ઉત્તર આપ્યો.

"આજે તું દુઃખી દેખાય છે... શું થયું? મેં જોયેલું કે તું ગુરુણી પાસે કાલે બેઠેલી. બધું ઠીક છે ને ?" મારી આંખમાં આંસુ આવ્યાં. હવે મને પોતાને હું ઝાલી ન શકી.

મેં S.D. ને જઈને ડાયરેક્ટ હગ કર્યું અને જોરજોરથી રડવા લાગી. S.D .એ પોતાનો જાદુઈ હાથ મારા માથા પર ઘુમાવ્યો.

"શું થયું અપેક્ષા ?" શાસનદ્રષ્ટાશ્રીજીએ પૂછ્યું. હું રડતી રહી. એક માના પ્રેમને પણ ઝાખું પાડી દે એવા પ્રેમને હું પીતી રહી. શાસનદ્રષ્ટાશ્રીજીનાં ગુરુણી અંદર આવ્યાં.એ અમારું દૃશ્ય જોઈને આનંદ પામ્યા.

"શાસનદ્રષ્ટા ! કાલે રાત્રે મેં એને તારું અહીંયાં આવવાનું કારણ... કહી દીધું. એટલે...." શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં તરફ જોયું. મેં માથું હલાવ્યું.

"ચલ ! હવે શાંત થઈ જા... બહુ થઈ ગયું." મેં રડવાનું બંધ કર્યું અને જમીન પર શાસનદ્રષ્ટાશ્રીજીના પગ પાસે બેસી ગઈ. શાસનદ્રષ્ટાશ્રીજી પણ નીચે બેઠા.

"શાસનદ્રષ્ટાશ્રીજી! આપને મારામાં શું દેખાય છે કે જેના કારણે..." હું આગળ બોલી ન શકી.શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં ઉપર કરેલો ઉપકાર મારાં ઉપર હાવી થઈ ગયો.

"Shhh..આ દુનિયામાં દરેક માણસ એક ખાસ ક્ષમતા લઈને આવે છે અને એ ક્ષમતાને બહાર લાવવા માટે એને કોઈકનો સપોર્ટ જોઈએ. બસ,એ સપોર્ટર તરીકે હું છું."મને થોડી રાહત થઈ.પણ એ 'ક્ષમતા શું હતી ?'એ પ્રશ્ન તો હમણાં પણ મારા મનમાં ચાલી જ રહ્યો હતો.

"હવે, તું અપેક્ષા ! તારા ઘરે જા..." શાસનદ્રષ્ટાશ્રીજીએ ઊઠતાં

કહ્યું.

"પણ,મેં અત્યારે મમ્મીને કહી દીધું છે કે હું 15 દિવસ સુધી આવવાની નથી. એમણે શાંઘાઈ જવાની વાત પણ કરેલી, પણ મેં ના પાડેલી.."

"તો શું થયું ? હવે મૅસેજ કરી દે કે હું આવું છું... હંમેશા એક વાત પોતાનાં લાઈફમાં યાદ રાખજે, ***'કુછ પાને કે લિયે કુછ ખોના પડતા હૈ.'*** જો તને અમારી સાથે રહેવું હોય તો તારે સંતોષ આપવો પડશે, નહીં તો તેઓ તને તારા રસ્તા પર સહેલાઈથી જવા નહીં દે... અને એટલે જ.."મેં શાસનદ્રષ્ટાશ્રીજી સામે જોયું.

"તું શાંઘાઈ જોઈને અને જઈને આવજે. તું જ્યારે દુનિયાને જોશેને, ત્યારે જ તને ખબર પડશે કે સાચું શું છે અને ખોટું શું છે...હૅપી જર્ની.."



# Chapter - 3



1/9/2010 | I.S.T. 10.00 | Shanghai, China

**JOURNEY** અતિવિષમ હોય છે...!

ગગનચુંબી મોટા બિલ્ડિંગોથી અમે ચારે બાજુથી ઘેરાયેલા હતાં. સીટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મગજની બહારનું હતું. મેં પહેલી વાર આટલું કૉન્ક્રીટ વર્લ્ડ જોયેલું. મુંબઈને શાંઘાઈ સુધી પહોંચવામાં વરસો નીકળી જાય,એટલી ઈન્ફ્રાસ્ટ્રક્ટર અને પ્લાનીંગ દરેક વસ્તુમાં દેખાઈ રહ્યાં હતાં.

મેં મારાં DSLR કૅમેરાથી આજુ-બાજુનાં રમણીય જગ્યાઓના ફોટાઓ ખેંચ્યા. એક બ્રીજની નીચે ઊભા રહીને મેં પરિવાર સાથે અમારા ગાઈડને કૅમેરો આપીને ફોટો ખેંચાવડાવ્યો.

પછી અમે ઈન્ડિયાના મૉલ્સ કરતાં ઓછામાં ઓછા પાંચ ગણા મોટા મૉલમાં ઍન્ટ્રી કરી. રોશનીઓની વિવિધતા જોઈને મારું મોઢું ખુલ્લું જ રહી ગયું. એક કમ્પ્લીટ જુદી દુનિયામાં જ આવી ગઈ હોઉં એવું લાગ્યું. બે મિનિટ સુધી અમે અમારી સામે દેખાતી બધી વસ્તુઓને જ ઘૂરતાં રહ્યાં.

“તમે આ રીતે દરેક જગ્યાએ ઊભા રહેશો, તો આપણે શાંઘાઈનો 1% પણ જોઈ નહીં શકીએ....” ગાઈડે કહ્યું. ત્યારે અમે કંઈક એ ચકાચોંધની દુનિયામાંથી બહાર આવ્યાં.અમે પહેલાં ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલી કપડાની દુકાનમાં ગયાં. અકલ્પ્ય ટ્રેન્ડવાળી વસ્તુઓ ત્યાં જોવા મળી. ત્યાં મેં એક ડ્રેસ જોયો કે જે પિંક કલરનો હતો. એના ઉપર સિલ્વર લેસ લગાવવામાં આવી હતી. હું એને સ્પર્શ કરવા ગઈ. ત્યાં જ પપ્પાએ મારો હાથ પકડ્યો અને નીચે લખેલી વસ્તુ વાંચવાનું કહ્યું. મેં ટૅગ જોયો.

## "MADE FROM PIGS MEAT..."

હમણાં ઊલ્ટી થશે એવું મને લાગ્યું. મારું મન અપસેટ થઈ ગયું. આવું આ ચાઈનામાં કેટલું દેખાશે એ જ હું વિચારતી રહી. અમે એ દુકાન છોડીને બીજી દુકાનમાં ગયાં.એક જ મૉલમાં લાઈનસર 100-200 દુકાનો હતી.જાણે કે મોટો મેળો જ જોઈ લો.

પપ્પાએ મને આગળની દુકાનમાં ખરીદવા માટે ડ્રેસ નક્કી કરવાનું કહ્યું. આ દુકાન પ્યોર વૅજ હતી. એટલે કે ત્યાં લેધરની કોઈ પણ વસ્તુઓ નહોતી. મેં વુલમાંથી બનાવેલું ટૉપ જોયું.એ બ્રાઉન કલરનું હતું અને એમાંથી વુલ બહાર લટકી રહ્યું હતું.

"મારે આ લેવું છે,પપ્પા.." મેં ટૅગ પર લખેલી કિંમત જોઈ.199 RMB–2000 રૂપિયા આસપાસનું એ ટૉપ હતું. "તું એક વાર ટ્રાય કરી લે પછી આપણે લઈ લઈએ." મમ્મીએ મને ટ્રાયલ રૂમ તરફ ઈશારો કર્યો. હું અને મમ્મી ત્યાં ગયાં. મમ્મીએ પણ અમુક ડ્રેસો લીધેલી. અમે બન્નેએ ટ્રાય કરીને જોયું.

હું જાણે કે કાર્ટૂનમાંથી નીકળેલી સ્નો વાઈટ ન હોઉં એવી દેખાઈ રહી હતી. હું બહાર આવી.મમ્મીને એકેય ડ્રેસ સૂટ નહીં થયો. મારા ડ્રેસની કિંમત ચૂકવીને અમે આગળ નીકળ્યાં.

"મને હવે ભૂખ લાગી છે. પ્લીઝ ! આપણે કંઈક ખાઈએ...." પપ્પાને મેં કહ્યું. પપ્પાએ પોતાની ઘડિયાળમાં જોયું. 12.30 વાગ્યા હતાં.

"યા..ઈટ્સ લંચ ટાઈમ..."પપ્પાએ ગાઈડને બોલાવીને મોબાઈલમાં ચાઈના ભાષામાં અમને ભૂખ લાગી છે એમ સંભળાવ્યું.

"વૅજકે નૉન વૅજ...?" એણે પૂછ્યું.

"વૅજ."અમે ત્રણે સાથે બોલ્યાં.એ અમને મૉલના 13th માળ પર લઈ ગયો. ત્યાં બધાં કાઉન્ટર ખાવાનાં જ હતાં. એ આખામાં ફક્ત એક જ હોટલમાં પ્યોર વૅજ મળતું- **UDIPI.**

અમે ગરમાગરમ ઈડલી-સાંભર-વડા ખાધાં. ટેસ્ટ બૉમ્બે જેવો નહોતો.પણ, જ્યારે ભૂખ લાગેલી હોય ત્યારે બધું ચાલી જાય.અમે એ દુકાનમાંથી બહાર નીકળ્યાં.

"ચાલો. હવે ગેમ્સ અને રાઈડના વિભાગમાં જઈએ." અમે

દુકાનથી જમણે વળ્યા અને સીધાં ચાલતાં ગયાં. રસ્તામાં જાત-ભાતની ખાવા-પીવાની નૉન-વૅજ દુકાનો આવી. હું નીચે જોઈને ચાલતી ગઈ. રસ્તામાં એક સૉફ્ટડ્રીંક્સની દુકાન આવી.અમે ત્યાં ઊભાં રહ્યાં.

એના બાજુમાં જ મને બૅલ્ટની દુકાન દેખાઈ. જાત-જાતના બૅલ્ટ બહાર લટકી રહ્યાં હતાં. હું ત્યાં જઈને ઊભી રહી.

બૅલ્ટની પેટર્ન બહુ આકર્ષક હતી. હું દુકાનની અંદર ગઈ.

"તને ઈંગ્લીશ આવડે છે?" મેં દુકાનદારને પૂછ્યું. એણે ચાઈનીઝ ભાષામાં કંઈક કહ્યું. મને એણે ઈશારો કરીને પૂછ્યું કે 'તને શું જોઈએ છે?'

મેં બહાર લટકાવેલા એક બૅલ્ટ તરફ ઈશારો કર્યો.એણે બૂમ પાડીને પોતાની દુકાન પર કામ કરનારને કાંઈક કહ્યું. દુકાનવાળાએ પોતાનાં બાજુમાં રાખેલી ગરમ તેલની કઢાઈને ચાલું કરી. મને કંઈ પણ સમજાયું નહીં. *"બૅલ્ટ માટે તેલ ગરમ કરવાની શું જરૂર છે.?"* મેં બહાર રહેલા બૅલ્ટ તરફ જોયું.

અંદરથી એ માણસ હાથમાં કંઈક લઈ આવ્યો.એનો એક ભાગ ચીપિયામાં પકડવામાં આવ્યો હતો. મેં જોયું કે એક જીવતો સાપ એના હાથમાં હતો. એની આંખો ફરારી જેવી લાગતી હતી.

હું કંઈ બોલું એ પહેલાં એણે એ સાપ ખળબળ થતાં તેલમાં નાખી દીધો. એ ભયંકર રીતે તડપવા માંડ્યો.મારાં ખાધેલાં ઈડલી-સંભાર બહાર આવવાં લાગ્યાં, મેં ત્યાંની ત્યાં જ વોમિટ કરી દીધી. મારી આંખોમાંથી પાણી ટપકવા લાગ્યું. મને શાસનદ્રષ્ટાશ્રીજીએ ભણાવતી વખતે કહેલી એક વાત યાદ આવી.

***"જો આપણે મરીને પશું (તિર્યંચ) બન્યા, તો આપણને ત્યાં બચાવવા કોણ આવશે? પશું ન બનવું હોય, તો પશું કરતાં સારી લાઈફ જીવો..."***

હું જિંદગીમાં પહેલી વાર એ શબ્દોનો અર્થ સમજી.



# Chapter - 4

10/9/2010 I.S.T.. 9.56 K2 Tower, BKC

**ક્રોસરોડ્સ** અતિવિષમ હોય છે...!

હું S.D . ફૅન્સપેજ પર આવેલી કમૅન્ટ ચેક કરી રહી હતી.એમ તો ચાઈના-ઈન્ડોનેશિયા ફરીને કાલે જ આવી હતી, પણ મને S.D .ને મળવાની બહુ ઈચ્છા થઈ આવી હતી.11 દિવસ સુધી હું મારો મોબાઈલ કે લૅપટૉપ વાપરી નહોતી શકી, કેમ કે મમ્મી-પપ્પાને એ ઓછું ગમતું.

“તારે તારું લૅપટૉપ અહીંયાં જ છોડીને આવવું પડશે.મોબાઈલમાં પણ બહુ મહત્ત્વના કૉલ્સ જ તારે ઉપાડવાના રહેશે...” અહીંયાંથી નીકળતા સમયે જ પપ્પાએ મને કહી દીધેલું. ઘણા બધાં મૅસેજો મારાં GMail ના ઈનબૉક્સમાં દેખાઈ રહ્યાં હતાં.મેં S.D નું કરન્ટ સ્ટેટસ ચેક કર્યું. એ ગ્વાલિયર ટૅન્કમાં જ હતાં.

એમની કહેલી વાત સાચી પડેલી. મને છેલ્લાં 11 દિવસમાં ઘણું બધું સારું અને ખરાબ જોવા મળ્યું હતું. સાપની ઘટના પછી તો મને બહુ બીક લાગતી હતી. *“જો હું આ રીતે સાપ બની તો ?’* એ જ વિચાર વારંવાર મનમાં ઊઠી આવતો હતો.

મેં શાસનદ્રષ્ટાશ્રીજીની પાસે રહેવાનું નક્કી ત્યારે જ કરી દીધું હતું. હું આવી ખતરનાક, દુઃખભરી દુનિયામાં નહીં જાઉં,એ માટેનું માર્ગદર્શન મને જોઈતું હતું.

“અપેક્ષા ! ચલ લૅપટૉપ છોડ અને નાસ્તા માટે આવી જા. આજે તું એમ પણ બહુ લેટ ઊઠી છે. જો....પપ્પા પણ નાસ્તા માટે આવી ગયાં

છે."મેં લેપટૉપને પાવર ડાઉન કર્યું અને ટી-ટેબલ પર પહોંચી ગઈ. મારે આજે એક મહત્ત્વનું કામ પૂરું કરવાનું હતું.

મારી સામે બ્રેડ અને જામ પડેલાં હતાં. મેં જામ લઈને બ્રેડ પર લગાવ્યો અને મારાં માટે બનાવેલી ખાસ ઊકાડેલી કૉફીની મેં ચૂસકી લીધી. પપ્પાએ ન્યૂઝપેપરથી ઉપર જોયું અને મમ્મી પણ નાશ્તાની આઈટમ લઈને નાશ્તા માટે બેસી ગઈ.

"અપેક્ષા ! હવે તું આગળ શું કરવાનું વિચારે છે?" પોતાની ડબલ મસાલાવાળી ચાયને પીતાં-પીતાં મારી સામે પપ્પાએ જોયું. જે વિષય હું ઈચ્છતી હતી, એ જ નીકળ્યો.

"પૉપ્સ! જુઓ..." મમ્મીએ પોતાની આઈટમથી ઉપર જોયું."મને કંઈક સ્પેશિયલ બનવું છે..." હું અટકી.

"પણ શું? અને અમે એના માટે શું કરી શકીએ? તું પહેલાંથી જ S.D. ના કારણે આટલી ફેમસ થઈ ગઈ છે...હવે મને નથી લાગતું કે કોઈ પણ પ્રકારના પ્રૉબ્લેમનો તને ફ્યુચરમાં સામનો કરવો પડશે... કેમ? સાચી વાતને?" મમ્મી તરફ જોઈને પપ્પાએ પૂછ્યું. મમ્મીએ પોતાનાં ચમચીથી પ્લેટમાં રાઈટ કર્યું .

"મૉમ અને ડૅડ! સાચું કહું તો હું અત્યારે દુવિધામાં છું. મને જે કંઈ પણ આજે મળ્યું છે કે આજે હું જે કંઈ છું એનું એકમાત્ર કારણ તમે બધાં જાણો જ છો." મમ્મી-પપ્પા મારી વાત સમજતાં હોય એવું લાગ્યું.

"એટલે મારી બીજી મળેલી લાઈફને મારે વેડફવી નથી. એક બાજુ જૈનમ છે. અને એક બાજુ પર S.D . છે...બસ, હવે મારે નક્કી કરવાનું છે." મેં બોલવાનું બંધ કર્યું.

મમ્મી-પપ્પા કંઈક વિચારતા હોય એવું લાગ્યું.પપ્પા બોલ્યા,

"અપેક્ષા! જે દિવસથી તું અમારી લાઈફમાં આવી છે, એ દિવસથી અમારી લાઈફ એક નવા સ્તરના આનંદને પામી શકી છે. તારા વિના અમે માઈનસમાં હતાં અને હવે અમે મલ્ટીપ્લાય થઈ રહ્યાં છીએ.આ ટાઈમે તું અમને છોડીને..." પપ્પાનું ગળું ભરાઈ ગયું.


"અપેક્ષા ! અમે તારા વગર નહીં જીવી..."પપ્પા નાના બાળકની જેમ રડવા લાગ્યાં.મમ્મીનાં મોઢાં પર પણ ઘેરૂં દુઃખ છવાઈ ગયું.

મારાં મનમાં ચાર મોઢાં ફરવા લાગ્યાં.એમાં મને એક આનંદિત દેખાયો.અને બાકી ત્રણ દુઃખી દેખાયાં.મારી લાઈફ ક્રૉસરોડ્સ પર આવીને

ઊભી રહી. કન્ફ્યુઝ્ડ !!!



# Chapter - 5



15/9/2010



I.S.T..15.00



Inorbit Mall, Mumbai

**થીંકીંગ** અતિવિષમ હોય છે..!

બહુ પ્રયત્ન કરવા છતાં મને એકેય કુર્તી જચી રહી નહોતી. છેલ્લા એક કલાકથી અમે ઈનોરબીટ મૉલના ચક્કર મારી રહ્યાં હતાં.

મને મારી લાઈફનું લક્ષ્ય છેલ્લા પાંચ દિવસમાં મમ્મી-પપ્પા અને S.D ના ગાઈડન્સથી મળી ગયું હતું.મને 15 દિવસ માટે S.D. પાસે મોકલવા મમ્મી-પપ્પા તૈયાર થઈ ગયાં હતાં. એક શરતે કે હું ત્યાં જૈનિઝમના અભ્યાસ માટે જાઉં. પહેલાં હું એને સમજું અને પછી વિચારૂં.

જૈન સાધુ બનવાનું તો મેં સપનામાં પણ વિચાર્યું નહોતું. કેમ કે જૈન સાધુ બનવું કેટલું કઠિન હતું એ મને ખબર હતી. જેટલું જૈનમે કહેલું એના હિસાબે જૈન સાધુની સૌથી કઠિન વસ્તુ હતી ઈલેક્ટ્રીસીટી વગર જીવવું.

મને લૅપટૉપ અને મોબાઈલ વગર 1 સૅકંડ માટે પણ ચાલતું નહોતું. મારાં બાળપણના દિવસો ભૂલી જાઓ, તો એના પછીના વરસોમાં, એમાં પણ છેલ્લાં બે વરસોમાં તો હું એ.સી. સિવાય પણ રહી નહોતી.

જૈનમે તો સ્પષ્ટ કહી દીધું હતું,"તને મારા પાસે આવવા સિવાય બીજો કોઈ ઑપ્શન નથી."હું હસેલી.80% એની વાત સાચી હતી.20 % હું કન્ફ્યુઝનમાં હતી. જૈનમ એક પ્રેમાળપતિ બની શકે એવો હતો,પણ ગ્રૅન્ડ હયાત! એ રાત મને યાદ આવી જતી અને 100 %માંથી 20 % ઓછું થઈ જતું.

બસ, એ એક પૉઈન્ટના કારણે મને શારીરિક સુખો તરફ થોડી ચીડ થયેલી હતી. મને બધાં લોકો કરતાં કંઈક અલગ કરવું હતું.

"આ જો.." મમ્મીએ મને એક દુકાન તરફ ઈશારો કર્યો. દુકાનના ડિસ્પ્લે ઉપર **" I AM A S.D. FAN "** ની કુર્તી લટકાવવામાં આવી હતી. મેં ઉપર જોયું, **"અખંડ ક્રિયેશન્સ'** એ દુકાનનું નામ લખેલું હતું. હું અને મમ્મી દુકાનની અંદર ગયાં.

"વૅલકમ... વૅલકમ..." દુકાનના 35 આસપાસના માલિકે અમારું વૅલકમ કર્યું.

"તમને શું જોઈએ?" મમ્મી સામે જોઈને માલિકે પૂછ્યું.મમ્મીએ મારાં તરફ આંગળી ચીંધીને કહ્યું, "આના સાઈઝની સારી કુર્તી જોઈએ છે."

માલિકે મારા તરફ જોયું. એણે મને ક્યાંક જોયેલી હોય એવું એને લાગ્યું.

"તો...એક વાર હું અંદર જઈને આવું છું અને આમને સૂટ થાય એવી કુર્તીઓ લઈને આવું છું...મને લાગે છે કે કદાચ લાઈફમાં પહેલી વાર આ છોકરી કુર્તી પહેરતી હશે.."મમ્મી એના સો ટકા સાચા શબ્દો સાંભળીને હસી.મને આશ્ચર્ય થયું. એની વિચારવાની શક્તિ લાજવાબ હતી.

એ 5 મિનિટ પછી 20 બૉક્સમાં અલગ-અલગ કુર્તી લઈને આવ્યો. હું એના દુકાનનું કેટલૉગ વાંચી રહી હતી. 50 વરસથી એનો પરિવાર આ ફિલ્ડમાં હતો અને એ જૈન હતો. મહેતા એમની સરનેમ હતી. મુંબઈના મોટાં મોટાં શો-રૂમ્સમાં એની ડિઝાઈન્સ જતી અને હવે એણે પહેલી વાર પોતાનો આઉટલેટ ખોલ્યો હતો. છેલ્લે '*POWERED* by *S.D* .' લખેલું હતું.

એ છેલ્લી લીટી વાંચીને મારાં મોઢાં પર સ્મિત આવ્યું.

"જો ગર્લ ! આ બધી કુર્તી હું તને બતાવું છું... તને જે ગમે તે કહેજે.એને હું સાઈડમાં ગોઠવી દઈશ અને પછી તું એને ટ્રાય કરી શકે"

મમ્મી અને હું અલગ-અલગ કુર્તીઓ જોવા લાગ્યાં. બધી કુર્તીઓ સફેદ બેસની હતી અને એકદમ સારી ડિઝાઈન્ડ હતી.મને બધી ગમતી ગઈ અને મેં બધી સાઈડમાં રખાવી. બધી પૂરી થયાં પછી માલિક મારાં સામે જોઈને હસ્યો.

"આને કહેવાય કસ્ટમરનું મગજ વાંચવું.."

હું અને મમ્મી ડ્રેસીંગ રૂમમાં ચેન્જ કરવા ગયાં.અલગ-અલગ કુર્તીઓ અમે ટ્રાય કરી.બધી બંધબેસતી મારા માટે જ બનાવેલી હોય એવી

લાગી રહી હતી. મને માલિકના મગજ પર આદર થયો.

મમ્મીએ એક કુર્તીનો ટૅગ જોયો. એના ઉપર 5699 ભાવ લખવામાં આવ્યો હતો. હું જો 10 કુર્તી પણ લઉં, તો 56990 રૂ.નું બિલ થવાનું હતું, કે જે મમ્મી તો ભરી દેત, પણ મેં ક્યારેય પપ્પાને આટલો ખર્ચો મારાં ઉપર કરાવ્યો નહોતો.

હું કુર્તીઓ લઈને બહાર ગઈ.

" મને બધી સારી રીતે ફીટ થઈ છે, પણ હું." હું કંઈક કહું એના પહેલાં બધી વીસ કુર્તી એણે બૉક્સમાં પેક કરી દીધી.અમે લાવેલી મૉલની કેરી ટ્રેમાં બધી થેલી એણે રાખી દીધી.

"સર..મારે ફક્ત બે જ લેવી છે. આ તો 20 છે." માલિકે જાણે કે સાંભળ્યું ન હોય એ રીતે એક બિલ કાઢીને મમ્મીના હાથમાં આપ્યું.મમ્મીએ બિલ જોયું.મમ્મીનો ચેહરો બદલાયો.

મેં બિલ મારાં હાથમાં લીધું. ટોટલના ખાના તરફ મારી નજર ગઈ. 1,13,980 નું બિલ હતું. એમાં 1,10,980 રૂ. માઈનસ કરવામાં આવ્યાં હતાં અને એના બાજુમાં 'પેડ' લખેલું હતું.અમારે 3000 જ આપવાના હતાં.

હું 'કોણે ભર્યા છે?' એ પૂછવા ગઈ. એ પહેલાં તો માલિક આવીને મારી સામે પોતાનાં ઘુટનીચે બેસી ગયાં.

"ભગવાન." પહેલો શબ્દ સાંભળીને જ મને આશ્ચર્ય થયું. એ મને 'ભગવાન' કહી રહ્યો હતો, "પ્લીઝ! આ બિલ માટે મારી સાથે ઝગડો કરતાં નહીં. હું દાનવથી માનવ તમારા કારણે જ બન્યો છું. હું તેજસનો પાર્ટનર છું. આજે તમને મારાં ડીસ્પ્લે તરફ જોતાં જોઈને મને બહુ ખૂશી થઈ. મારી દુકાન પવિત્ર થઈ ગઈ

મેં 3000 એટલે જ લીધા છે કે તમારી કંઈક પ્રસાદી મારાં દુકાન માં રહે.નહીં તો..."એની આંખો અશ્રુઓથી ભરાઈ ગઈ.

મારા માટેની લોકોની ભાવના અને આદર જોઈને એક અણદેખ્યું પ્રેશર મારાં ઉપર મને અનુભવાયું.મેં આંખો બંધ કરી.



# Chapter - 6



18/09/2010 I.S.T..21.00 K2 Tower, BKC, Mumbai

**સેપરેશન** અતિવિષમ હોય છે..!

“અપેક્ષા! તેં તારાં ગૉગલ્સ લઈ લીધાં ? એ તો તારા ફેવરેટ છેને? તું ક્યારેય છોડીને જતી નથી...”મમ્મીએ મારી સામે જોયું. હું 15 દિવસ શાસનદ્રષ્ટાશ્રીજી સાથે રહેવા જવા માટે બૅગ પૅક કરી રહી હતી.

મેં 15 દિવસના સફેદ ઈનોરબીટ ડ્રેસીસ લીધેલા. મારાં કપાટમાંથી હું કોઈ પણ ડ્રેસ 10 વારથી વધારે પહેરતી નહોતી. મારાં પાસે 30 તો નાઈટ ડ્રેસ હતાં. મહિને એક વાર જ એક નાઈટ-ડ્રેસનો ચાન્સ આવતો.એ નાઈટ ડ્રેસીસ પણ બધાં બ્રાન્ડેડ જ હતાં.

મેં કબાટમાં મારાં આ ઘરમાં આવ્યાં પછી લગભગ 100 ડ્રેસીસ નવાં ઍડ કરેલા. એના સિવાય એની સાથે પહેરવાના હેયર-બૅન્ડ, ક્લીપ્સ, બૅંગલ્સ, લૉકેટ્સ એ અલગ! મારી પાસે 50 પ્રકારના ગૉગલ્સ હતાં. એમાંથી 20 સન-ગ્લાસીસ હતાં. અને બાકી નૉર્મલ!રેનબેન કંપનીનાં જ 15 હતાં.

“ના... મમ્મી ! મારે ગૉગલ્સ ત્યાં લેવા નથી. લગભગ બહાર જવાનું થશે નહીં.” મેં ગૉગલ્સને સાઈડમાં મારાં લૅપટૉપની બાજુમાં મૂક્યાં. લૅપટૉપની બૅગ પણ બાજુમાં પડી હતી. મમ્મીએ એને બરાબર તૈયાર કરીને રાખેલી હતી. એના ઉપર કંઈક ચિપકાવેલું હોય એવું લાગ્યું.

“હું આવું છું.” કહીને મમ્મી રૂમમાંથી કોઈક કામ માટે બહાર ગઈ. હું ઊભી થઈ અને લૅપટૉપના ઉપર લાગેલી એ વસ્તુને મેં જોઈ. એક ઍનવલપ ત્યાં પડેલું હતું. મેં ઍનવલપ ઉપાડ્યું અને બૅડ પર બેઠી.

મેં ઍનવલપને ખોલ્યું. ઍનવલપને બંધ કરનાર પેપર ઉપર એક પોયમ લખેલી હતી.

**TODAY I WISH TO SAY AT BREW...**
**WITHOUT YOU WE ARE VERY FEW...**
**WITHOUT YOU I FEEL VERY NEW...**
**SOME DAY I WOULD LIKE A VIEW...**
**WITH YOU... WITH YOU... WITH YOU...**
**WITH YOU...**

મને પોયમ બહુ ગમી. મેં ઍનવલપ ખોલ્યો. એમાં મારાં અને મમ્મી-પપ્પાની સાથે વિતાવેલી ક્ષણોના ફોટો હતાં. એમાં બિકીનીમાં ઈન્ડૉનેશિયા બીચના ફોટો, ચાઈનામાં અલગ અલગ જગ્યાએ અમારા પાડેલા ફોટો, દુબઈ ફરવા ગયેલાંના ફોટો,મારાં આ ઘરમાં પહેલા બર્થ-ડેના ફોટો...

એક-એક ફોટોઝ જોઈને મારી મૅમરી રીફ્રેશ થઈ રહી હતી... મારી વીતેલી સુખદ ક્ષણો મને યાદ આવી રહી હતી. પછી મારાં વ્યસનમુક્તિકેન્દ્રના ફોટોઝ હતાં. એના પહેલાંની મૅમરી તો મારા સિવાય કોઈની પાસે નહોતી. સુપરિન્ટેન્ડેન્ટ, કે જે મારાં જીવનદાતા હતાં, એમણે આપેલા નૅકલેસના ફોટો પણ કોઈએ લીધેલા.મને એ ફોટો જોઈને અશ્રુ આવ્યાં. *'એ ન હોત તો ?'*

પછી એક કલરફુલ ગ્રીટીંગ કાર્ડ હતું, જેમાં **'બૅસ્ટ ઑફ લક...'** લખવામાં આવ્યું હતું. પછી સહી કરેલી હતી અને કમૅન્ટ્સ લખેલી હતી.

**POP**

**મને ખબર નથી કે હું તારા પિતાના સ્થાન માટે સક્ષમ છું કે નહીં? પણ, આજે મારા હૃદયના અંતરથી, હું તને એક વાત કહેવા માગું છું કે તારા જેવી દિકરીને મેળવીને હું સંપૂર્ણતાનો અનુભવ કરું છું. 'આઈ લવ યુ ડૉટર...' સેફ જર્ની. તારાં પપ્પા હમેશા તારી સાથે જ છે. ફૉર-એવર.**

મારી આંખમાં ઈમોશન્સ ઊભરાયાં. મને મારાં મમ્મી-પપ્પા કેટલો પ્રેમ કરતાં હતાં એ મને આજે ખબર પડી. મેં આગળ વાંચ્યું.

**MOM**

**'તમસોર્મા જ્યોતિર્ગમય..' હું અંધકારમાં હતી. તે મને પ્રકાશમાં લાવી... હું ડૂબી રહી હતી... તું બચાવનાર તરીકે આવી... હું પડી રહી હતી. તે મને હાથ આપ્યો.. હું શું કહું?**

**WITHOUT YOU I WAS NOTHING...**

**YOU CAME, I BECAME SOMETHING...**

**NOW, YOU ARE GOING...**

**I AM NOTHING...?**

મારું હૃદય ભરાઈ ગયું.ઈમોશન્સને કંટ્રોલ કરવા અઘરા થઈ ગયાં.

એના નીચે જૈનમનો કૉલમ હતો.પણ એમાં ફક્ત P.T.O. લખેલું. મેં ગ્રીટીંગ કાર્ડ ફેરવ્યું.પાછળ હજી એક ઍનવલપ હતું. મેં ઍનવલપ ખોલ્યું. એમાં ફક્ત મારાં અલગ-અલગ પોઝમાં ફોટો હતાં. ધીરે ધીરે જેમ-જેમ હું ફોટોઝ ફેરવતી ગઈ, તેમ-તેમ જૈનમ પાર્ટ બાય પાર્ટ એમાં આવતો ગયો.

પહેલાં એનો હાથ દેખાયો...પછી એ અડધો દેખાયો.વચ્ચેના ફોટોમાં એ મારા ખભા પર હાથ દઈને ઊભો હતો. એના આગળના ફોટો પર અમે બન્ને કીસ કરીએ છીએ એ ફોટો હતો. પછી આગળના ફોટાઓમાં એ ડાબી બાજુથી બહાર નીકળી રહ્યો હતો. છેલ્લા ફોટોમાં ફરીથી હું એકલી જ દેખાઈ.

મારી આંખમાંથી એક બુંદ ફોટો પર પડ્યું.બધાં એવું જ વિચારી રહ્યાં હતાં કે હું એ લોકોને છોડીને કોઈક અજાણી જગ્યા પર જઈ રહી હતી...

ફોટાઓ પછી એક કોરા પેજ ઉપર # કરીને લખેલું હતું.

'WITHOUT YOU, I AM NOT...
WITHOUT ME, YOU ARE NOT...
WITH US BOTH, FAILURE IS NOT...
MAY BE YOU WILL FORGET ME, BUT I CANNOT FORGET YOU.

WHAT CAN I DO FOR GETTING YOU... PLEASE SMILE...!" 🙂

હું તૂટી ગઈ. મારી S.D .પાસે જવાની ઈચ્છા જ તૂટી ગઈ. ત્યારે જ મને S.D .એ કહેલી ફોર્ગેટવાળી એક વાત ઝબકી ગઈ,

'FOR GETTING SOMETHING, YOU HAVE TO FORGET SOMETHING...
WITHOUT FORGETTING SOMETHING, YOU CAN FORGET GETTING SOMETHING...'



# Chapter - 7

**19/9/2010** **I.S.T. 6.20** *Train, Mumbai*

## **લેસન** અતિવિષમ હોય છે..!

આજે સવારે હું જલદી ઊઠી ગઈ હતી.4.45 o'clock... એમ પણ રાત્રે બે વાગ્યા સુધી મમ્મી-પપ્પા અને મેં વાતો કરેલી. એમ પણ મને રાત્રે ઊંઘવાની ઈચ્છા નહોતી.અત્યાર સુધી મારે જૈનમ સાથે વાત કરવાની બાકી હતી અને એ મારાં માટે જાગેલો હતો.એણે મને બગાસું ખાતાં સ્માઈલીનો ફોટો મોકલેલો.

મેં પછી ઊંઘવાની વાત કરેલી અને મમ્મી-પપ્પા મને માથા પર કીસ આપીને પોતાના રૂમમાં સૂવા ચાલ્યાં ગયેલાં. પછી મેં વાયરલેસ હેડફોન્સને કાનમાં મૂકી વાત ચાલું કરેલી. ત્રણ વાગ્યા સુધી વાતો કર્યા પછી હું ઊંઘ વધારે આવવાના કારણે સૂઈ ગયેલી. સવારે મેં જોયેલું ત્યારે ખબર પડેલી કે મેં ફોન કટ કર્યો જ નહોતો અને વાત કરતાં-કરતાં જ મને ઊંઘ આવી ગયેલી.

સવારે ઊઠતાં જ મેં રૂટીન પૂરૂં કર્યું. મેં 5.25ની ટ્રેનમાં નીકળવાનું નક્કી કરેલું.પપ્પા અને મમ્મી મને સ્ટેશન સુધી છોડવા આવેલાં. સ્ટેશનની બહાર જુદા પડતી વખતે ખબર નહીં કેમ પણ જિંદગીમાં પહેલી વાર હું એમના પગે પડી હતી.

મમ્મી-પપ્પા એકદમ આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં. એમણે મારાં માથા ઉપર પ્રેમથી ભરેલો હાથ મૂકેલો. એક પૉઝિટીવ ઉર્જા મારાં અંદર એમના હાથ દ્વારા સંક્રમિત થતી હોય એવું મને લાગેલું. હું 5 મિનિટ સુધી

એમના પગને જ પકડીને ઊભી હતી.

પછી પપ્પાએ મને ખભાથી ઊભી કરેલી અને ફરીથી ત્રીજીવાર મારા માથા પર કીસ કરેલી.

"ધ્યાન રાખજે. સારી રીતે રહેજે... અને ફોન કરવાનું ભૂલતી નહીં." આવા 3-4 નાના વાક્યોથી એમણે મને ફેરવેલ વિશ કરેલું. હું રાઈટ ટાઈમે ટ્રેનમાં ચડી ગઈ હતી. મારી પાસે ટ્રાવેલીંગ પાસ હોવાથી મારે ટિકિટનાં કાઉન્ટર પર લાઈનમાં ઊભા રહેવું પડ્યું નહોતું.

મેં વાયરલેસ હેડફોન કાનમાં નાખેલો અને **S.D** .રૉકર્સ નામના ગ્રુપે બનાવેલા નવાં ગીતને સાંભળી રહી હતી.ગીત બહુ અમેઝીંગ હતું.**S.D** ફેન્સમાંથી આ **S.D.** રૉકર્સ સંગીત માટે બનેલું.

આ ઈંગ્લીશ ગીતનો વિષય **S.D.** ની લાઈફ પરનો હતો.એનું સંગીત અલગ સ્તરનું હતું.સૅકેન્ડ લાસ્ટ સ્ટૉપ આવ્યું. મેં મારાં હેડફોન્સ કાઢીને એના બૉક્સમાં મૂકી દીધાં અને બૅગ્સ લઈને ટ્રેનના દરવાજા પર ઊભી રહી ગઈ. એકદમ તાજગીભર્યો અનુભવ મારા મગજમાં થઈ રહ્યો હતો. એક વ્યક્ત ન કરાય એવી શક્તિ મારી દરેક નસેનસમાં દોડી રહી હતી.

સ્ટૉપ આવ્યું અને હું ઊતરી. બહાર જઈને મેં ટૅક્સી પકડી. ટૅક્સી મને ગ્વાલિયર ટેન્કના જૈન બિલ્ડિંગ તરફ લઈ ગઈ.મેં મીટર જોયું.20 રૂ.થયેલા.મારાં પૉકેટમાંથી મેં વગર જોયે નોટ કાઢી. અને ટૅક્સી ડ્રાઈવરના હાથમાં આપી દીધી.

એ છુટ્ટા આપવા ગયો. મારાં અંદરથી એક છુપેલો અવાજ આવ્યો, "ડ્રાઈવર ! તમે આ પૈસા રાખી દો."ટૅક્સી ડ્રાઈવરને આશ્ચર્ય થયું.મેં ફરીથી ઍક્શન કરીને પૈસા રાખવાના કહ્યાં.

એ ટૅક્સીમાંથી ઊતર્યો. મારી બૅગ્સ પકડીને એ મને પહેલા માળ સુધી, કે જ્યાં શાસનદ્રષ્ટાશ્રીજી રોકાયેલાં, ત્યાં સુધી છોડવા આવ્યો.એ ક્રિશ્ચન હોવાથી નીકળતા સમયે એણે મને હાથ પર કીસ કરી અને "મે ગૉડ બ્લૅસ યુ." કહીને એ નીકળી ગયો.

શાસનદ્રષ્ટાશ્રીજી ગેટની સામે જ ઉત્તરદિશા તરફ બેઠેલાં. મારા સ્લીપર્સનો અવાજ સાંભળી એમણે આંખો ખોલી. "આવી ગઈ...? વૅલકમ તારા ઘરમાં..."મને **S.D.** ના શબ્દો એકદમ નવાં લાગ્યાં. ક્યારેય મને શાસનદ્રષ્ટાશ્રીજીએ આવી રીતે બોલાવી નહોતી.

"હું મારી બૅગ્સ ક્યાં મૂકું ?" મેં શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું. શાસનદ્રષ્ટાશ્રીજીએ 'ફૉલો-મી' ની સાઈન કરી. હું એમના પાછળ ગઈ.અમે એક 200 Sq.ft.ના રૂમમાં આવ્યાં.મારાં બૅડરૂમ જેટલો જ એ રૂમ હતો.

"તું અહીંયાં રહી શકે છે. મને લાગે છે તને કમ્ફર્ટેબલ રહેશે. આ ઘર હકીકતમાં કોઈકનું ઘર હતું અને હમણાં જ ટ્રસ્ટીઓએ આને અમારા રહેવા માટે લીધું છે. બાકી તો અમારી જગ્યાઓમાં ફૅન અને લાઈટ પણ નથી હોતા..." મને મારાં મમ્મી-પપ્પાએ આ વાત કહેલી. પણ મેં 'આ પણ એક અનુભવ છે" કહીને ત્યારે માની લીધેલી.

"શરૂઆતના 2-3 દિવસ તને નવા જેવું લાગશે. પછી તું તારી મેળે સૅટ થઈ જશે. આર યુ ઓ.કે....?" શાસનદ્રષ્ટાશ્રીજી મારું આકલન કરી રહ્યાં હોય એવું મને લાગ્યું. મેં'હા' કહ્યું.

મેં મારી બૅગ્સ રૂમના એક કૉર્નરમાં મૂકી અને ફ્રૅશ થઈને હું બહાર ગઈ.શાસનદ્રષ્ટાશ્રીજી મ.સા. પોતાનાં ગુરુણીના પગમાં ઝૂકી આશીર્વાદ લઈ રહ્યાં હતાં.ગુરુણી શાસનદ્રષ્ટાશ્રીજીને કંઈક કહી રહ્યાં હતાં.

*'શાસનદ્રષ્ટાશ્રીજીને કેમ આશીર્વાદ લેવા પડે? એ તો પોતે જ આટલા સક્ષમ છે?'* મારાં મનમાં વિચાર થયો.*"હું આ પ્રશ્ન પૂછીશ...'* મેં નક્કી કર્યું. શાસનદ્રષ્ટાશ્રીજી પોતાની જગ્યાએ આવ્યાં. હું એમના બાજુમાં જઈને બેઠી.

"તો તું આજે શું કરશે? તે શું વિચાર્યું છે.?" શાસનદ્રષ્ટાશ્રીજીએ હું જે પ્રશ્ન પૂછવાની હતી એ પૂછ્યો. "મેં કોઈ પ્લૅનીંગ કર્યું નથી.મેં ફક્ત મારી લાઈફને એક બીજું પહેલું બતાવવાનું નક્કી કરેલું છે. એટલે હું આપ જેમ કહેશો, તેમ કરીશ..મારે કંઈક નવું શીખવું છે." મેં મારા વિચારો **S.D** .સામે મૂક્યાં.

શાસનદ્રષ્ટાશ્રીજીએ એક પેપર અને પૅન લીધાં. એમણે લખવાનું ચાલુ કર્યું. મારી નજર એ પેપર પર જ રહી.

**|| TIME TABLE OF A POWERED SOUL ||**

**(1) FILL YOURSELF WITH AURA OF A POWERFUL SOUL ON GETTING UP.**

**(2) THINK ABOUT THE THINGS YOU OPT TO DO.**

## (3) THINK
## (4) THINK.. WE ARE WHAT WE THINK OURSELVES TO BE. SO THINK (+) & GREAT

જબરી ગતિ સાથે શાસનદ્રષ્ટાશ્રીજી લખી જ રહ્યાં હતાં.મને પહેલો પૉઈન્ટ જ હજી સુધી સ્પષ્ટ નહોતો થયો.મારી નજર ત્યાં જ અટકેલી હતી.

"ટૅન્શન નહીં લેતી. એકવાર હું લખી લઉં, પછી હું તને વિસ્તારથી સમજણ આપીશ." ઉપર જોયા વગર, લખતાં લખતાં જ શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું.

લખવાનું પૂરું થયું.શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં હાથમાં પેપર આપ્યું.

"તો તું થોડી કન્ફ્યુઝ્ડ લાગે છે. સ્પષ્ટ કરી લઈએ. પહેલો પૉઈન્ટ એ છે કે તમે જ્યારે સવારે ઊઠો, ત્યારે તમારે પૉઝિટીવ ઊર્જાને ભરી લેવી પડે. એનાથી આખો દિવસ પૉઝિટીવ જાય.

અને એના માટે જ." શાસનદ્રષ્ટાશ્રીજી બે મિનિટ કંઈક વિચારતાં હોય એવું લાગ્યું. "તમારે એક મોટી વ્યક્તિને નમન કરવું..."મને કંઈક લાઈટ થઈ.

"એટલે જ તમે તમારાં ગુરૂણી પાસે ગયાં હતાંને...?" શાસનદ્રષ્ટાશ્રીજીએ હા પાડી.

"પણ, તમે તો અબાધ્ય ઊર્જાથી ભરેલાં છો, તો તમને શું જરૂરત છે?" મેં રાત્રે પૂછવા માટે વિચારેલો પ્રશ્ન પૂછી લીધો.

મને શાસનદ્રષ્ટાશ્રીજીએ બહાર બે ઝાડ બતાવ્યાં.એક ઝાડ આંબાનું હતું અને બીજું લીમડાનું હતું. "તું આને જોઈને શું સમજી?" મને શાસનદ્રષ્ટાશ્રીજીએ પૂછ્યું .

"એ જ કે એક આંબાનું છે અને બીજું નીમનું..."મને એમાં બીજું કંઈ દેખાયું નહીં.

"હજુ એકાગ્ર બન..." મેં જોયું અને નહીં સમજાતું હોવાથી માથું હલાવ્યું. "આઈ ગીવ અપ." શાસનદ્રષ્ટાશ્રીજીએ ઊંડી દૃષ્ટિથી મારા તરફ જોયું.

"જો...જે આંબાનું ઝાડ છે એના ઉપર ફળ છે અને જે નીમનું છે એ ફળ વગરનું છે, એટલે તું જો જોશે, તો આંબાનું ઝાડ નીચે નમેલું હોય એવું

દેખાશે. અને લીમડાનું ઝાડ સીધું દેખાશે." મેં જોયું. એવું જ મને દેખાયું.

"તો, અપેક્ષા ! એક વસ્તુ સદાય માટે સમજવા જેવી છે. જેમ જેમ પાવર વધે, એટલે જ્યારે વ્યક્તિ પૉઝિટીવ ઉર્જાના ફળ પાવરથી ભરાય, તેમ તેમ એ નમતો જાય. એટલે એ નમ્ર થતો જાય. **HE BOWS DOWN...** આંબાના ફળ મીઠાં હોય છે. એમ જે નીચે નમે છે, એ જ મીઠાં ફળને મેળવીને લોકોને આપી શકે છે...

જે આ લીમડાના ઝાડની જેમ નમતો નથી, બો નથી કરતો, એ ખારો, કડવો બની જાય છે. એ કોઈનો પણ ફેવરેટ નથી અને એટલે,અપેક્ષા!" વચ્ચે શાસનદ્રષ્ટાશ્રીજીએ શ્વાસ લઈને ફાઈનલ પંચ માર્યો.

"જ્યારે હું મારાં ગુરુણી સામે નમન કરું છું, ત્યારે એ મને ઉર્જાથી ભરે છે અને એ ઉર્જાથી ઘણા લોકો સુધી મીઠાશ પહોંચી શકે છે. આ જ મારાં પાવરનું રહસ્ય છે.

## "AS THE POWER INCREASES, THE HUMBLE-NESS INCREASES... AS THE HUMBLENESS DECREASES, THE POWER DECREASES AND CEASES..." . .

તેં સ્પ્રીંગને જોઈ હશે....એ જેટલી નીચે જાય, એટલી એ ઉપર જાય.

આ જ વાત આપણા જીવનમાં પણ સમાન છે.

'સાધક જેટલો નમે છે, એટલો એ વધારે ઉપર જાય. આ સાધનાનું મૂળ છે..પાવર્સ નું મૂળ છે... આ તમને દરેક વ્યક્તિમાં જોવા મળશે....' મારી લાઈફનું પહેલું લેસન મેં શીખી લીધું...

***"હમ્બલનેસ... ઈઝ ધ માસ્ટર-કી ટુ પાવર."***



# Chapter - 8



20/09/2010 I.S.T.18.00 Gwalior Tank, Mumbai

**કૉન્સન્ટ્રેશન** અતિવિષમ હોય છે.....!

હું ગેલેરીમાં ઊભી રહીને નીચે જઈ રહેલા જુલુસને જોઈ રહી હતી. ભણવાનું અશક્ય થઈ જવાના કારણે, હું બૂકને સાઈડમાં મૂકીને નીચે જઈ રહ્યાં જુલુસને જોવા માટે ગેલેરીમાં આવેલી.

5000-10,000 લોકો એક રથના પાછળ ચાલી રહ્યાં હતાં. એ રથમાં એક દેવ (ઍન્જલ)નો ફોટો મૂકવામાં આવેલો. એના હાથમાં તલવાર હતી અને એ ઘોડા ઉપર બેઠેલો હતો.એ દેખાવમાં ભયાનક નહોતો.

બધાં લોકો ગાંડાની જેમ સ્પીકરમાંથી વાગી રહ્યાં ગીત ઉપર ડાન્સ કરી રહ્યાં હતાં. મને હસવું આવ્યું.આવું બેઢંગી ડાન્સ હું પહેલી વાર જોઈ રહી હતી.આગળ હાથમાં ભગવા કલરના ઝંડાઓને લઈને 20 લોકો બાઈક પર હતાં. અને બાકી બધાં 50 જેટલા લોકો 11 નંબરની ગાડી પોતાના પગ પર ચાલી રહ્યાં હતાં.

એમના પાછળ આ નાચનારાઓ હતાં, કે જે 1000ની સંખ્યામાં હતાં. એના પાછળ રથ અને એની પાછળ બધી લેડીઝ ચાલી રહી હતી.એ બધાએ અવનવી સાડીયોં પહેરેલી હતી. તેઓ આજુ-બાજુ જોઈ રહ્યાં હતાં.

રથમાં રહેલો પૂજારી બધાને પ્રસાદ આપી રહ્યો હતો. એ સતત મંત્ર ગણગણાવી રહ્યો હતો. એણે મારાં તરફ જોયું અને એક પેંડો ફેંક્યો.મેં એ પેંડો પકડ્યો અને એને મોઢામાં રાખ્યો.એ બહુ મીઠો હતો.

જુલુસને અંતે એક મોટી પોલીસની ગાડી ચાલી રહી હતી.

જુલુસ પૂરો થયો અને હું આવીને પોતાની જગ્યા પર બેસી. હું જ્યારે વાંચવાનું ધ્યાન તૂટી જવાના કારણે ગેલેરીમાં ગઈ હતી, ત્યારે મેં જોયેલું કે શાસનદ્રષ્ટાશ્રીજી મેડીટેશનમાં બેઠેલાં હતાં અને જ્યારે હું આવી ત્યારે પણ પોઝિશન સરખી હતી.

*'એમને જોવાની ઈચ્છા ન થઈ ?"* મારાં મને, મને પ્રશ્ન કર્યો. હું બૂક લઈને બેસી ગઈ. એમાં આ દુનિયામાં કેટલા પ્રકારના જીવો છે એ લખવામાં આવ્યું હતું.બર્ડ્ઝ,રેપ્ટાઈલ્સ,એમ્ફીબીયન્સ, વગેરે.ઘણા બધાં જીવોનાં પ્રકારનું એમાં વર્ણન હતું.

મેં આગળ વાંચ્યું. હવે જે વાત હતી એ મારા માટે એકદમ નવી હતી. આ બૂકમાં એક ખાસ પ્રજાતિના પંખીઓ બતાવવામાં આવ્યા હતા, જેના 2 પ્રકાર હતાં...એક ખુલ્લી પાંખવાલા અને બીજા બંધ પાંખવાલા...

જે ખુલ્લી પાંખવાલા પંખીઓ હતાં એ પોતાની બધી પ્રવૃત્તિ ખૂલેલી પાંખથી જ કરતાં, તેઓ પોતાની આખી લાઈફમાં ક્યારેય પણ પાંખ બંધ કરી નહોતા શકતાં. અને જે બંધપાંખવાળાં પંખીઓ હતાં એ બંધ પાંખથી જ ઊડતાં.

આવું તો મેં ક્યારેય ડિસ્કવરી કે નૅશનલ જીયોગ્રાફી ચેનલ પર પણ જોયું નહોતું. *'આ કેવી રીતે શક્ય છે..?"* મારાં મને વિરોધ કર્યો. મને હજી એક પ્રશ્ન મળી ગયો.

શાસનદ્રષ્ટાશ્રીજીએ આપેલા ટાઈમ-ટેબલમાં એક સ્થાન ક્વેશ્ચન-આન્સર માટેનું હતું જે સાંજે 6.30-7.30નું હતું. ત્યારે શાસનદ્રષ્ટાશ્રીજી અંધારું થઈ જવાના કારણે બૂક્સ વાંચી નહોતા શકતાં અને એટલે ત્યારે અમે આવા બધાં પ્રશ્નોની ચર્ચા કરતાં.

મેં વૉચમાં જોયું.6.30માં બે મિનિટ બાકી હતી. મેં શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું.એ સૂર્યની છેલ્લી કિરણોમાં સંસ્કૃતમાં લખેલા કંઈક શાસ્ત્રો વાંચી રહ્યાં હતાં. 6.30 થયાં અને એમણે શાસ્ત્રો બંધ કર્યાં.

હું શાસનદ્રષ્ટાશ્રીજીની જગ્યાએ જઈને બેઠી. શાસનદ્રષ્ટાશ્રીજી પણ પોતાનું કામ પૂર્ણ કરીને આવી ગયાં. શાસનદ્રષ્ટાશ્રીજીથી એમના ગ્રુપમાં 4 સાધ્વીજી સંન્યાસમાં મોટાં હતાં. શાસનદ્રષ્ટાશ્રીજી એમને દરરોજ વંદન કરતાં. મને કાલે જ જાણવા મળેલું કે જૈન દીક્ષામાં મહત્ત્વ વયનું નહોતું, પણ, તમે કેટલા જલદી દીક્ષા લીધી એનું હતું. જે પહેલાં સાધુ બનતા એ ઉંમરમાં નાના પણ હોય, તો પણ જે પછી સાધુ બને અને

ઉંમરમાં મોટા હોય, એણે પહેલાં સાધુ બનનારને નમન કરવું પડતું.

જૈનીઝમમાં વયનું મહત્ત્વ નહોતું, પણ દીક્ષાના વયનું મહત્ત્વ હતું.

"અપેક્ષા! ફાયર." હું સમજી ગઈ કે મને શાસનદ્રષ્ટાશ્રીજી પ્રશ્નો પૂછવાનું કહે છે. *"પહેલાં શું પૂછું ?"* બે મિનિટ મેં વિચાર્યું અને પછી એક પ્રશ્ન મેં શાસનદ્રષ્ટાશ્રીજી સામે મૂક્યો.

"મેં આજે આપને જોયેલાં કે જ્યારે જુલુસનો અવાજ ચાલુ થયેલો, ત્યારે આપ મૅડીટેશનમાં બેસી ગયેલાં.આટલાં વિઘ્નો વચ્ચે ધ્યાન શક્ય જ કઈ રીતે છે?"

શાસનદ્રષ્ટાશ્રીજીએ હલકું સ્મિત કર્યું.

"તારું મગજ ઍડેપ્ટીવ છે. તારા પ્રશ્ન બહુ સારાં હોય છે..." મારી પ્રશંસા સાંભળીને મને થોડુંક સારું અનુભવાયું. "અપેક્ષા ! વિઘ્ન શબ્દ જે છે ને એ બે જગ્યાએ વપરાય છે... અંદર અને બહાર. જ્યારે કોઈ વ્યક્તિ અંદરથી ડીસ્ટર્બ હોય ને, તો જ બહારનું ડીસ્ટર્બન્સ એને અસર કરી શકે.

જ્યારે વ્યક્તિ અંદરથી અનડીસ્ટર્બ હોય, ત્યારે એના કાનની બાજુમાં પણ જો પૂરી વૉલ્યુમમાં એનું ફેવરેટ ગીત ચાલું થાયને, તો પણ એ ગીત એને અસર ન કરી શકે. આપણું મન બહુ પાવરફૂલ છે. એ જેના ઉપર એકાગ્ર બને, એ વસ્તુ સાથે આપણે એક થઈ જઈએ.

આપણે જ્યારે ટી.વી. જોતાં હોઈએ..." શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી સંપૂર્ણ એકાગ્રતા છે કે નહીં એ જોવા માટે મારાં તરફ જોયું,"ત્યારે આપણને મમ્મી બોલાવે કે ફ્રેન્ડ આપણા નામથી બૂમ પાડે, ત્યારે ઘણી વાર આપણને ખબર પણ ન પડે કે એણે આપણને બોલાવ્યાં.

સમજો કે આપણને ખબર પણ પડે, તો પણ મન ટી.વી.ના સીરિયલમાં એટલું બધું એકાગ્ર હોય કે આપણે સાંભળવા છતાં સાંભળ્યું નથી એવું બતાવીએ.

તેં ક્યારેય બાઈનોક્યુલર લૅન્સને જોયો છે? જ્યારે તમે નીચે પેપર રાખીને સૂર્ય કિરણોને એ પેપર ઉપર એ લૅન્સથી એકાગ્ર કરો, તો સૂર્યકિરણો એ પેપરને બાળી નાખે.

આપણું મન પણ આ લૅન્સ જેવું જ છે. આપણે આપણી પાંચ ઈન્દ્રિયોથી ઘણી બધી વસ્તુઓનો અનુભવ એકસાથે થતો હોય એવું લાગે. પણ જ્યારે મન કોઈપણ એક ઈન્દ્રિયને પકડી એકાગ્ર બને, ત્યારે એ ઇન્દ્રિય

પાવરફૂલ થઈ જાય અને એ ઇન્દ્રિયથી પછી તમે કોઈ પણ અશક્ય કાર્ય પણ કરી શકો.

તમે મોઢાથી સુંઘી શકો,એનાથી જોઈ શકો,એનાથી સ્પર્શી શકો. મીડ-બ્રેન એક્ટીવીટીઝમાં આ જ બધી વસ્તુઓ શીખવાડવામાં આવે છે. એમાં મેન પાવર મનનો જ હોય છે.

અને એટલે જો તમારું આંતરિક મન પાવરફૂલ હોય, તો તમને બહારના ડીસ્ટર્બન્સ ડીસ્ટર્બ ન કરી શકે. તમે કોઈ પણ એક જ વસ્તુ ઉપર એકાગ્ર બની શકો.

જ્યારે બહારનું ડીસ્ટર્બન્સ વધે, ત્યારે હું પોતાનાં મનને પાવરફૂલ બનાવવા માટે મેં આખા દિવસમાં યાદ કરેલી અલગ-અલગ વસ્તુઓમાં મનને એકાગ્ર બનાવું. એનાથી મને બહારનું ડીસ્ટર્બન્સ ન અનુભવાય, કેમકે મારું મન એનાથી અલગ છે.” શાસનદ્રષ્ટાશ્રીજી થોભ્યાં.મેં મારાં મનમાં આ બધી માહિતી પચાવી.

“પણ, એ શક્ય કેવી રીતે થાય?” મારાં બૌદ્ધિક મને પ્રશ્ન કર્યો.

**"BY...PRACTICE.**
**PRACTICE MAKES A MAN PERFECT."**

શાસનદ્રષ્ટાશ્રીજીના મોઢાં પર ચમકારો દેખાયો.



# Chapter - 9

22/09/2010 | I.S.T. 8.00 | Gwalior Tank, Mumbai

***REVENGE*** અતિવિષમ હોય છે !

હું પોતાના મોબાઈલમાં આવેલા કૉલ્સને ચેક કરી રહી હતી. શાસનદ્રષ્ટાશ્રીજીએ મને કાલે રાત્રે કહેલું કે ' જો તમને પાવરફૂલ આત્મા બનવું હોય, તો તમારે સાધનોથી સ્વતંત્ર બનવું પડશે..સાધનો એવી વસ્તુ છે કે જે તમને દાસ બનાવી દે છે."

મને સમજાઈ ગયું હતું કે શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં મોબાઈલના વધારે પડતા વપરાશ માટે કીધું હતું અને એટલે મેં શાસનદ્રષ્ટાશ્રીજીની મીઠાશથી પ્રભાવિત થઈને આખાં દિવસમાં ફક્ત બે કલાક મોબાઈલ વાપરવાનું નક્કી કરેલું. સવારે શાસનદ્રષ્ટાશ્રીજીને આ વાત વ્યક્ત કરતાં, એમણે ફક્ત સ્મિત કરેલું. એમની આડકતરી રીતે કહેવાની સ્ટાઈલની હું ફૅન હતી.

અત્યારે એક કલાક મારો પૂરો થવા આવ્યો હતો, એટલે એક છેલ્લો કૉલ કરવાનું હું વિચારી રહી હતી. મને મમ્મીના 7 મિસ્ડ કૉલ્સ દેખાયા.મેં નંબર ડાયલ કર્યો.

"તું આવે છે, અપેક્ષા?" શાસનદ્રષ્ટાશ્રીજી મંદિર જઈ રહ્યાં હતાં.મેં માથું હલાવ્યું અને મોબાઈલને કટ કરી મૅસેજ છોડી શાસનદ્રષ્ટાશ્રીજી સાથે જવા માટે તૈયાર થઈ ગઈ. મંદિરમાં મોબાઈલ સાથે લઈ જવાની 'ના' હોવાથી મેં મોબાઈલને **ચાર્જીંગમાં** રાખી દીધો.

મેં મારી સફેદ ડ્રેસ ઠીક કરી અને અમે નીચે ઊતર્યાં. મંદિર જવા

માટે અમારે રોડ ક્રોસ કરવો પડતો, એટલે અમે ઝેબ્રા ક્રોસિંગ પર ઊભા હતાં.

" મત્થએણ વંદામિ ! " એક જૈન સ્ત્રી દેખાઈ. એણે રોડ પર જ શાસનદ્રષ્ટાશ્રીજી સામે માથું નમાવ્યું.

"મ.સા.! આપની પાસે બે મિનિટ ટાઈમ છે, પ્લીઝ.." આખમાં આંસુ સાથે એ બહેને પૂછ્યું. એ બહુ ડીપ્રેશનમાં હોય એવું મને લાગ્યું. શાસનદ્રષ્ટાશ્રીજી અને હું એક કપડાની દુકાન બહાર ઉભા રહ્યાં. એ બહેન પાસે આવી.

" મ.સા.! "જૈન મૉન્ક્સ માટે વપરાતો શબ્દ બહેને ઉચ્ચાર્યો."મારા 3 બાળકો છે..." એ સ્ત્રી કદાચ વિચારી કરી રહી હતી કે" હું મ.સા.ને કહું કે નહીં " એવું દેખાયું...

"બોલો... બોલો... જો મારી પાસે પૉવર હશે, તો હું તમને સોલ્યુશન આપી દઈશ." એની રિઝર્વનેસને દૂર કરતાં શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું. એ બહેને અમારી સામે જોયું.

"1 મહિના પહેલાં જ મને મારો ત્રીજો દિકરો થયો છે. મારા પહેલાં બે દિકરામાંથી જે મોટો છે એને જમણાં પગમાં બહુ મોટો પ્રૉબ્લેમ છે. એમાંથી કન્ટીન્યુઝલી એસીડ જેવી વસ્તુ નિકળ્યા કરે અને એને એના કારણે ભયંકર બર્નીંગ સૅન્સેશન થાય.

જે બીજો દિકરો છે એને સેમ ટુ સેમ પ્રૉબ્લેમ ડાબાં પગમાં છે.એને એ પ્રૉબ્લમ તળીઆ થી માંડીને ડાબાં હાથ સુધી છે. એની આખી ચામડી કાળી થઈ ગઈ છે. અને..." બહુ જોરથી એ બહેન રડવાં લાગી. અવાજ બહાર ન જાય એ માટે એણે પોતાના મોઢા પર હાથ મૂક્યો.

"મારો જે ત્રીજો દિકરો છે.... "શબ્દો તૂટ્યા" એને..એને તો પેટથી ઉપરના પાર્ટમાં આ પ્રૉબ્લમ થઈ ગયો છે.

એ ભયંકર ચીસો પાડે છે. મારી ઇચ્છા છે કે એને આવી રીતે જીવાડવા કરતાં મારી દેવો સારો... હું શું કરું? કેમ મને જ ત્રણેય દિકરા આવા મળ્યા.." એ મોઢાંમાં રૂમાલ રાખી જોરથી-જોરથી રડવા લાગી.

શાસનદ્રષ્ટાશ્રીજી 5 મિનિટ્સ સુધી કઈંપણ બોલ્યા નહીં. મેં પહેલીવાર શાસનદ્રષ્ટાશ્રીજીને આટલાં ડીપલી વિચાર કરતાં જોયા.

"બહેન! અત્યારે તો હું તમને જવાબ નહીં આપી શકું, પણ તમે સાંજે 8.00 વાગે આવજો..... હું તમને તમારા સવાલ નાં જવાબ કદાચ

આપી દઈશ...ડૉન્ટ ટેક ટૅન્શન... જાઓ હવે ઘરે જઈને પોતાના કાર્યો પતાવી લો... અને આજે ફિક્સ 8.00 વાગે આવી જ જજો..." એ બહેનને થોડી શાંતિ થઈ હોય એવું લાગ્યું.

મારાં મગજમાં વારંવાર એક જ પ્રશ્ન આવવાં લાગ્યો, *"How?"*

I.S.T.19.00

" અપેક્ષા! તારા 2 hrs. પૂરા થઈ ગયા..." અચાનક અમારી ચાલી રહેલી સ્ટોરી વચ્ચે શાસનદ્રષ્ટાશ્રીજીએ મને પૂછ્યું,

"કેમ? નથી થયાં..." મને શાસનદ્રષ્ટાશ્રીજી કોર્નરમાં લઈને ગયાં. મને એમણે હાથમાં એક પેપરની નાની સ્લીપ આપી.

"અપેક્ષા! તારા 2 કલાક સિવાયનો ટાઈમ આના માટે ગણજે, પણ, મારું આ અર્જન્ટ કામ પતાવી દે. આમાં..." પેપરની સ્લીપ તરફ ઇશારો કરતાં શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું.

"એક મૅસેજ અને એક નંબર છે. એ મૅસેજ એ નંબર ઉપર મૅસેજ, કરવાનું છે અને ઓ.કે. રિપ્લાય આવે છે કે નહીં એ જોવાનું છે..."

"ઓ.કે.પણ હું અહીંયાથી જ ફોન કરી લઉં?" શાસનદ્રષ્ટાશ્રીજીને મેં પૂછ્યું. "ના... મોબાઈલ્સ અમારી સાફ ઑરાને ડિસ્ટર્બ કરે છે, એટલે પ્લીઝ! તું તારા રૂમમાં આ કરી લેજે... અને થેંક્યુ..."મને છેલ્લો શબ્દ ગમ્યો.

હું ફટાફટ રૂમમાં ગઈ અને શાસનદ્રષ્ટાશ્રીજીની એક્સીલેન્ટ મરોડ માં લખેલો મેસેજ આપેલા નંબર ઉપર મોકલી આપ્યો. મૅસેજ એકદમ શૉર્ટ હતો,**'મને ૮.૦૦ વાગે મળવાં આવી શકો...**

મારો મોબાઈલ બીપ થયો.'ઓ.કે.' 2 લૅટર્સનો મૅસેજ આવ્યો. મેં જઈને શાસનદ્રષ્ટાશ્રીજીને વાત કહી દીધી, શાસનદ્રષ્ટાશ્રીજીએ મને ફક્ત 5 શબ્દનું વાક્ય કહ્યું,

**'BE READY FOR THE ADVENTURE...'**

**I.S.T.19.55**

હું અને શાસનદ્રષ્ટાશ્રીજી મ.સા. આજે મેં વાંચેલા ઍન્જલ્સ (દેવ) ના ટૉપીકને ડિસ્કસ કરી રહ્યાં હતાં.

આવી ઍન્જલ્સ નામની વસ્તુ હોય એ મારૂં મગજ સ્વીકાર કરવા જ તૈયાર નહોતું.

"અપેક્ષા!.." વચ્ચે જ શાસનદ્રષ્ટાશ્રીજીએ ઉપર જોયું.

"તમે આવી શકો છો..." કોઈકને એમણે કહ્યું. મેં પાછળ જોયું. એ મૉર્નીંગવાળા આંટી આવી ગયાં હતાં. શાસનદ્રષ્ટાશ્રીજી ઉભાં થયાં અને એ આંટીને એમના ગુરુણી પાસે લઈ ગયા. મન કંઈપણ સમઝાતું નહોતું.'કઈ રીતે આ પ્રૉબ્લમના કારણ ને S.D. શોધવાના હતાં?"

એક બીજી પણ સ્ત્રીએ દરવાજો ખટખટાવ્યો અને શાસનદ્રષ્ટાશ્રીજી એને અંદર આવવા માટેની સાઈન કરી. એ સ્ત્રી પણ ધીમેથી કોઈને ડીસ્ટર્બ કર્યા વગર શાસનદ્રષ્ટાશ્રીજી અને એમના ગુરુ પાસે પહોંચી ગઈ.

એક ચાર જણે કઈંક વાત કરી અને 5 મિનીટ પછી 3 જણ મારા તરફ આવ્યાં. ગુરુણી એ ત્રણ વ્યક્તિઓને જતાં પોતાની જગ્યાએથી જોતી રહી. શાસનદ્રષ્ટાશ્રીજીએ મને ઇશારો કર્યો અને હું પણ જાણે કે મારી ઉત્કંઠાથી મૅમરાઈઝ્ડ થઈ ગઈ હોઉં એ રીતે શાસનદ્રષ્ટાશ્રીજીના પાછળ ચાલવાં લાગી.

એ આગળ ચાલતી સ્ત્રી કોઈક જાદુગર હોય એવી દેખાઈ રહી હતી.અમે એ ઘર ના અંતે રહેલા અંધારી રૂમમાં ગયા. ત્યાં એકેય લાઈટ ચાલું નહોતી કરવામાં આવી. એમાં ડીકે ની વાસ આવી રહી હતી..
લાંબા સમય થી વપરાયેલો ન હોય એવું લાગી રહ્યું હતું.

સ્ત્રીએ એક સ્વીચ દબાવી. એક ફ્રોકસ જેવી લાઈટ ચાલું થઈ. શાસનદ્રષ્ટાશ્રીજીએ તરત જ વુલન શૉલ પહેરી લીધી.મને પણ થોડુક અજીબ લાગી રહ્યું હતું. લાઈટનો ફ્રોકસ એક ચેર પર પડી રહ્યો હતો. એ આંટીને સ્ત્રીએ ચેર પર બેસવા કહ્યું.

"મને શાસનદ્રષ્ટાશ્રીજીએ તારા કેસની વાત કરી છે."પોતાનાં

વાળ પાછળ કરતાં સ્ત્રીએ કહ્યું, "અને મને લાગે છે કે એની જડ તારાથી સંબંધિત ભૂતકાળમાં છે અને એટલે...."પોતાનાં સાઈડ પૉકેટમાંથી એક નાનું બૉક્સ એ સ્ત્રીએ બહાર કાઢ્યું અને ખોલ્યું.

એમાં એક ચમકતી વસ્તુ પડી હતી. એક બાજુથી સ્ત્રીએ વસ્તુને પકડી. એની ચેન સ્ત્રીના અંગુઠા અને પહેલી આંગળી વચ્ચે હતી. નીચે એક છ કોનાવાળો સફેદ સ્ટોન હતો. એમાં ફોકસના લાઈટના કારણે ઈન્દ્રધનુષનાં રંગો દેખાઈ રહ્યાં હતાં.

"હું તને તારા ભૂતકાળમાં લઈ જઈશ. તને ઘણી બધી વસ્તુઓ દેખાશે. તારે એ બધી વસ્તુ મને કહેવાની છે... અને મારું નામ નહીં ભૂલતી- **અનામિકા....** જ્યારે પણ તને બહુ ડર લાગે, તો ફક્ત મારું નામ બોલી દેજે... તને એક પૉઝિટીવીટીની ભાવના આવશે."

"તારું નામ શું છે?" સ્ત્રીએ બહેનને પૂછ્યું.

"અસ્મિતા.." એની આંખોમાં સ્પષ્ટ ડર દેખાતો હતો.

"રિલેક્સ થા અસ્મિતા ! અનામિકા તારી સાથે છે. હવે હું તને જે કહું એ બરાબર સાંભળજે અને એના પ્રમાણે કરજે... હું તને ખાતરી આપું છું કે તને તારા પ્રૉબ્લેમ્સના બધાં સમાધાન મળી જશે. ફક્ત મારી સાથે તું કો-ઓર્ડીનેટ કરજે. તો, તૈયાર." જોરથી છેલ્લાં શબ્દો અનામિકા બોલી.

અસ્મિતાએ એકદમ ધીમે હા પાડી. એના મનમાંથી કંઈક થઈ જવાનો ડર નીકળ્યો નહોતો. શાસનદ્રષ્ટાશ્રીજી અસ્મિતાની પાસે ગયાં. હું તો રૂમના કૉર્નરમાં બેસી સામે ચાલી રહેલા પ્રસંગને આશ્ચર્ય સાથે જોઈ રહી હતી. શાસનદ્રષ્ટાશ્રીજી પાસે વ્યક્તિને ખૂશ કરવાના-ટૅન્શન ફ્રી કરવાના ન જાણે કેટલા તરીકાઓ છે એ હું વિચારી રહી હતી.

"અસ્મિતા..." શાસનદ્રષ્ટાશ્રીજી તરફ અસ્મિતાએ મોઢું ફેરવ્યું, "આખા વિશ્વમાં હિપ્નોટીઝમની કળામાં આ અનામિકા માસ્ટર છે. એ જેમ કહે છે, તેમ તું કર... હું તને ખાતરી સાથે કહું છું કે તને કંઈ નહીં થાય."

શાસનદ્રષ્ટાશ્રીજીના શબ્દોનો પ્રભાવ અસ્મિતા પર પડ્યો. એ એકદમ શાંત થઈ ગઈ."તો આપણે પ્રક્રિયા ચાલુ કરીએ."અનામિકાએ પોતાનાં હાથમાં રહેલાં પૅંડ્યુલમને સીધું કર્યું.એની ચમક અકલ્પનીય હતી.

"સૌથી પહેલાં અસ્મિતા! "ટૅન્શનના કારણે પોતાની બંધ આંખો અસ્મિતાએ ખોલી. "તારે આ પૅંડ્યુલમ પર ફોકસ કરવાનું છે એ જ્યાં જાય, ત્યાં તારે પણ તારી આંખોને લઈ જવાની છે. તારે એકાગ્ર બનવાનું છે."

અનામિકાએ પૅંડ્યુલમને રાઈટ-લૅફ્ટ ફરાવવાનું ચાલુ કર્યું. અસ્મિતા પણ એને ફૉલો કરતી રહી.5 મિનિટ ગઈ. એની આંખો પૅંડ્યુલમના હલવાં છતાં એક જગ્યાએ સ્થિર થઈ ગઈ.

"અસ્મિતા! તું મારાં વશમાં છે...હાથ ઉપર કર..." અસ્મિતાએ મારાં આશ્ચર્ય વચ્ચે હાથ ઉપર કર્યા. "તાલી પાડ.."અસ્મિતા તાળી વગાડવા લાગી. ' સ્ટૅન્ડ અપ...' એ ઊભી થઈ, 'સીટ ડાઉન... 'એ બેસી ગઈ.અનામિકાએ અસ્મિતાને પોતાની નોકરાની બનાવી દીધી હતી.

"તો હવે તું આરામ કર...હવે આપણે તારા ભૂતકાળમાં પ્રવેશ કરીશું...5.4.3.2.1."

I.S.T. 20.30

"તું ક્યાં છે? તને શું દેખાય છે?" 70 વરસ ભૂતકાળમાં લઈ જઈને અનામિકાએ હિપ્નોટાઈઝ્ડ અસ્મિતાને પૂછ્યું...

"અસ્મિતા! તું ક્યાં છે?" અસ્મિતા કંઈ પણ બોલી નહીં.

"હું..." અચાનક કંઈક દેખાતું હોય એ રીતે અસ્મિતા બોલી... "કોઈ વેરાન પડેલી, બળવાના કારણે કાળી થયેલી જમીન મને દેખાય છે.... કદાચ રશિયા જેવું લાગે છે... હું બહુ ઘરડી થઈ ગઈ...મારી આંખમાંથી અશ્રુ પડે છે, પણ એ શેનાં એ ખબર નથી.. હું... 'એન્ફીલ્ડ...મારકો...સૂસેન...' આવા નામો બોલાવું છું... શું થયું છે એ જ ખબર નથી... મને બહુ ડર લાગે છે....ડર લાગે છે."અસ્મિતા ચેરમાં ધ્રૂજવા લાગી.

"શાંત થા... શાંત થા...પોતાનાં વિચારો પર કન્ટ્રોલ કર. તું ફક્ત જોઈ રહી છે, અનુભવી નથી રહી."અનામિકાએ શાંત અવાજમાં કહ્યું.એ જાણે કે બલુનમાંથી કોઈએ હવા નીકાળી દીધી હોય એ રીતે શાંત થઈ ગઈ.

હવે આપણે 5 વરસ પાછળ જઈએ...5.4.3.2.1... તને શું દેખાય છે?"આદેશાત્મક ભાષામાં અનામિકાએ પૂછ્યું.

"અત્યારે બધું શાંત છે... ફૂલોની તાજગી વાતાવરણમાં અનુભવાઈ રહી છે. ના... ના..." અસ્મિતા રાડો પાડવા લાગી.

"શું થયું અસ્મિતા? શાંત થા." અસ્મિતા પોતાનાં હાથ હલાવતી રહી.

"ઉપરથી એક પ્લેન આવે છે...એનો ઉદ્દેશો ખરાબ લાગે છે... હું પણ ગભરાઈ રહી છું. હું ફટાફટ એ પ્લેનને જોઈને બન્કરમાં ઘૂસી રહીં છું...આ...આ...આ... શું ભયાનક બૉમ્બનો અવાજ છે! મારી આજુબાજુમાં.... "અસ્મિતાના માથા પર પરસેવો બાઝેલો દેખાયો.

"બધાં અહીંયાં ત્યાં દોડે છે. હું પણ બહુ રડું છું. ઓહ શીટ...ઓહ શીટ..મારો પતિ....મારો પતિ.... મરી ગયો." અસ્મિતાની આંખમાંથી ટીપાં પડવાં લાગ્યાં. અનામિકાના મોઢા પર શંકા દેખાઈ.

"શાંત થા... તું યુદ્ધમાં નથી... શાંત થા." અસ્મિતા ફરીથી શાંત થઈ. અનામિકા આગળની ગતિવિધિ વિચારતી હોય એવું લાગ્યું.

"હવે આપણે 2 વરસ આગળ જઈશું.1.2.3.4.5..."અસ્મિતા જોરથી બૂમો પાડવા લાગી.

"શાંત થા અસ્મિતા ! શાંત થા અસ્મિતા... અસ્મિતા..." અનામિકાએ પાવરફૂલ અવાજમાં કહ્યું. અસ્મિતાની આંખમાંથી સતત અશ્રુઓ નીકળી રહ્યાં હતાં.

"શું થયું અસ્મિતા? તેં શું જોયું?" અનામિકા પોતાનાં લક્ષ્યની બાજુમાં હોય એવું લાગ્યું.

"એ ત્રણે લોકો...મારાં દીકરાઓ બાપ રે! શું કરે છે. માય ગૉડ." એ પછી અસ્મિતા શાંત થઈ. અનામિકાએ એકદમ બારીકાઈથી એના તરફ જોયું.

"બોલ.. તેઓ શું કરે છે? એક એક વસ્તુ બરાબર બોલ જે." અનામિકાએ પોતાની આજ્ઞા વાપરી.

" મારા ત્રણ દીકરાઓ એક માણસને પકડીને લાવ્યા છે. એ ત્રણે એને બહુ મારે છે.એના મોઢા ઉપર લોહી ફેલાયેલું છે..એ... એ કદાચ જર્મનીનો છે. એ વારંવાર નાઝીની વાતો કરે છે. મારાં દીકરા એને નાઝી શબ્દ સાંભળતાં જ મારે છે. હું બહુ અસહાય છું... એ લોકો મારું સાંભળતા નથી... એના પપ્પા પણ વચ્ચે વચ્ચે પકડેલા એ સૈનિકને પગથી લાત મારે છે...

હું તો ક્રિશ્ચીયાનિટીમાં માનનારી છું.એમાં તો દરેક વ્યક્તિનો આદર કરવાનું કહ્યું છે. હું બચાવવા જાઉં."મને વિચાર આવે છે. હું જાઉં છું. સૈનિક મારા તરફ ભીખ માંગતી નજરે જુએ છે.

"પ્લીઝ." એ રડવા જેવો થઈ ગયો છે."મૉમ! તું અહીંયાંથી ચાલી જા.. તું જા અહીંયાંથી..."મને મારો એન્ફીલ્ડ સાઈડમાં ઊભી રાખે છે.

"લાગે છે કે આ પણ આની જમાતની જ છે. આને પણ જર્મની મોકલી આપીએ... આ... ની સાથે..."મારો પતિ જમીન પર થુંકે છે. હું ત્યાંથી અપમાનિત અનુભવ કરીને ઘરમાં જઈને દરવાજો બંધ કરી દઉં છું.તેઓ જોર-જોરથી હસી રહ્યાં છે..." અસ્મિતા શાંત થઈ ગઈ.

"શું દેખાય છે તને અસ્મિતા ? બોલ બોલ..." અસ્મિતા કંઈ પણ બોલી નહીં.

"અસ્મિતા... અસ્મિતા.." અનામિકાએ એને હલાવી. એ એમ ને એમ આંખ ખૂલી રાખીને પડી રહી.

શાસનદ્રષ્ટાશ્રીજીના મોઢાં પર ચિંતાની રેખાઓ દેખાઈ.

"અનામિકા! આને શું થયું છે?" ટૅન્શનમાં દેખાતી અનામિકા પાસે S.D .ગયાં.

"લાગે છે કે ત્યાં આને બહુ ચોંકાવનારી ઘટના જોઈ લીધી છે... એટલે એની પાસે બોલવાની શક્તિ નથી. આ ઘટનામાંથી આને બહાર કાઢવી બહુ જરૂરી છે." થોડુક ડેન્જર હોય એવું મને અનામિકાના મોઢાંથી લાગ્યું.

"અસ્મિતા !" શાસનદ્રષ્ટાશ્રીજી બોલ્યા.

"આહ.. આ..." આખા બિલ્ડિંગમાં સંભળાય એટલી જોરદાર ચીસ અસ્મિતાએ પાડી."બચાઓ.. એ જર્મનને બચાઓ... આ મારાં દીકરાઓ કેવી યાતના એને આપે છે! એ સેકાઈ જશે...પ્લીઝ! એન્ફીલ્ડ, મારકો, સૂસેન! આ નહીં કરો."

"શાંત થા... શાંત થા. શું થાય છે એ તું મને કહે અસ્મિતા!" અસ્મિતાની આંખો બહુ મોટી થઈ ગઈ હોય એવું લાગ્યું.એમ પણ એની ચીસથી મારું હૃદય એક ધબકારો ચુકી ગયો હતો.

"મારા બધાં દીકરાઓએ જર્મનના બન્ને હાથ દોરીથી બાંધી લીધાં છે. એ બહુ પીડામાં લાગે છે. હું અસહાય છું. હું દરવાજો ખોલવા જઈ રહી છું. ઓહ નો, દરવાજો એન્ફીલ્ડે બહારથી લૉક કરી દીધો છે.

મારો નાનો...એ જર્મનની હાથની રસ્સીને ઝાડ ઉપર બાંધી રહ્યો છે. હવે તેઓ શું કરશે ? માય ગૉડ...તેઓ રસ્સીના બીજા છેડાને નીચે ખેંચી રહ્યાં છે. જર્મન જમીન ઉપરથી ઊંચકાઈ ગયો છે. એ તરફડે છે. એના બન્ને હાથ સીધા ઉપર રસ્સી સાથે બંધાયેલા છે.એનામાંથી એના હાથ નહીં નીકળે." મને ખબર પડી ગઈ કે આગળ શું થવાનું છે.એ 3 જણની ક્રૂરતા જોઈને હું છક થઈ ગઈ.

"ઓહ નો. તેઓએ એ જર્મનના પગના નીચે આગ લગાવી છે. મારો મોટો દીકરો એના જમણા પગને ચિપીયા વડે પકડી રહ્યો છે. મારો નાનો પોતાનાં હાથમાં રહેલી રસ્સીને લૂઝ કરે છે.

માય ગુડનેસ... એ જર્મન આગમાં પડી જશે. થેંક ગૉડ...સૂસેને રસ્સીને પકડી કાઢી...ઓહ નો... આ શું? એન્ફીલ્ડ એના જમણા પગને

આગમાં સેકી રહ્યો છે. ઓહ.. આ ગુનો બહુ ખતરનાક છે.. ના... ના... એન્ફીલ્ડ નો.... એ મરી જશે..." મારી આંખોમાં પાણી તરી આવ્યું. મને અસ્મિતા આંટીના પહેલાં દીકરાને પ્રૉબ્લેમ કેમ થઈ હતી એનું કારણ ખ્યાલ આવ્યું.

ફરીથી અસ્મિતા પોતાનાં કાન પર હાથ મૂકીને બૂમો પાડવા લાગી.

"હવે મારકોએ એના ડાબા પગને પકડ્યો છે. એ ડાબા પગને બાળે છે.આખો જમણો પગ તો પીગળી ગયો છે. તેઓ કેવા રાક્ષસની જેમ હસી રહ્યાં છે. ઓહ. એનો ડાબો પગ પણ પીગળી ગયો છે. એ કેવી રીતે ચીસો પાડી રહ્યો છે...હું સાંભળી નથી શકતી. એ બહુ દયનીય છે.

આ... આ નાનો... એ પણ..એના ઉપર તો મને સૌથી વધારે આશા હતી કે એ બાકી બધાં કરતાં જુદો હશે.પણ, એ પણ...ઓહ નો....એણે રસ્સી છોડી દીધી છે. ધીમે ધીમે એ જર્મન આગ તરફ નીચે જઈ રહ્યો છે એની છાતી, એનું મોઢું, એનો ચહેરો....કંઈ પણ...કંઈ પણ...

આ મારાં નાનાને કોઈ તો સમજાવો..એ શું કરી રહ્યો છે...એણે એ જર્મનને ચીપિયાથી પકડી લીધો.બે પગ સિવાયના ઉપરના શરીરને એક-એક કરીને એ બાળી રહ્યો છે. એ મરી રહ્યો છે. હી ઈઝ ડાઈંગ..."જાણે કે બોલી-બોલીને થાકી ગઈ હોય એ રીતે અસ્મિતા શાંત બેસી ગઈ.

"શાસનદ્રષ્ટાશ્રીજી !" અનામિકા મારાં સામે આવી. "ખબર પડી ગઈ શું કારણ છે ? હવે આમાંથી રસ્તો શું કાઢશો...?" શાસનદ્રષ્ટાશ્રીજી વિચારમગ્ન દેખાઈ રહ્યાં હતાં.

એમને કોઈ આઈડિયા આવ્યો હોય એ રીતે એ અસ્મિતા જે હિપ્નોટાઈઝ્ડ હતી, એના પાસે ગયાં... એમના મોઢામાંથી પહેલો શબ્દ મને સંભળાયો, "અસ્મિતા!"

**I.S.T. 21.00**

**"અસ્મિતા!"** શાસનદ્રષ્ટાશ્રીજીનો મીઠો અવાજ અસ્મિતામાં ટેન્શન-ફ્રી ઉર્જા ઉત્પન્ન કરતો હોય એવું અસ્મિતાના મોઢાં પરથી લાગ્યું.

"હવે સમાધાન એકદમ નજદીક છે. ફક્ત હું તને એક પ્રશ્ન પૂછીશ. તારે એનો સાચો ઉત્તર આપવો પડશે. ઓ.કે.?" અસ્મિતા જડની જેમ બેસી રહી.

"તો.. અસ્મિતા તે જર્મનને બળતાં જોયો પણ એ ત્યાંથી મરીને ક્યાં ગયો છે એ તું જોઈ શકે છે?"થોડા ટાઈમ સુધી અસ્મિતાએ કોઈ પણ પ્રકારનો રિસ્પૉન્સ આપ્યો નહીં.

"હા...મને કંઈક દેખાય...છે..પણ એ આખી દુનિયા....મેં પહેલાં ક્યારેય પણ આવી દુનિયા જોઈ નથી...એ એકદમ બ્યુટીફૂલ છે.એ એકદમ નાનો છે...અને એ પલંગ અને ચાદર વચ્ચે ઊંઘેલો હોય એવું લાગે છે...એ મને દેખાતો નથી. કેમ કે એ ચાદરથી ઢંકાયેલો છે. આ કઈ દુનિયા છે?" અસ્મિતાના મોઢાં પર આશ્ચર્યનાં ભાવો દેખાયાં.એણે ક્યારેય પહેલાં કદાચ આ નહીં જોયું હોય.

શાસનદ્રષ્ટાશ્રીજીને અસ્મિતા ક્યાંની વાત કરી રહી હતી એ સમજાઈ ગયું.

"આ શું... આટલી બધી આકર્ષક કામુક સ્ત્રીઓ એની આજુ-બાજુમાં આવીને ઊભી રહી ગઈ છે. તેઓ બધાં એક અલગ ભાષામાં ગીત ગઈ રહ્યાં છે, "નમસ્તુભ્યં ! નમસ્તુભ્યં! એહી એહી આગચ્છ આગચ્છ પ્રાણેશ્વર: !
આ કઈ ભાષા છે?"

ઓહ! એ ચાદરમાં રહેલો જર્મન કેટલો ફટાફટ મોટો થાય છે.એ 18 વરસના યુવાન જેવો થઈ ગયો.આ કઈ દુનિયા છે? હવે એ બેડ પર બેસીને કંઈક વિચારી રહ્યો છે. એક સ્ત્રી આગળ આવીને એ જર્મનને કંઈક

કહી રહી છે.

એ ખુશ થઈને ઊભો થઈ રહ્યો છે. એ રૂમમાંથી બહાર નીકળી મોટાં હૉલમાં ગયો છે. ત્યાંનો હૉલ Wow! શું ઈન્ટીરીયર છે!..બધું કેટલું બધું જીવંત છે." અસ્મિતા સતત બોલી જ રહી હતી.

"અનામિકા! પ્લીઝ હવે આને 5 વરસ આગળ લઈ જા.જેથી એ દેવ બનેલા જર્મને શું કર્યું આ ત્રણેયનું એ ખબર પડે..." અનામિકા અસ્મિતાની પાસે ગઈ.

"હવે અસ્મિતા! આપણે 5 વરસ તું જ્યાં છે, ત્યાંથી ભાવીમાં જશું...તારા મનને કંટ્રોલ કર..."અસ્મિતાએ બોલવાનું બંધ કરી દીધું.

"1...2...3...4.....5....ગો..."બે ક્ષણ અનામિકાએ પસાર થવા દીધી.

"હવે બોલ... તને શું દેખાય છે?...એ જર્મન શું કરે છે?" અસ્મિતા કોઈ દુઃખદ ઘટના જોતી હોય એવું એના મોઢાં પરથી અનુમાન થયું.

"મારા નાનાં દીકરાને છાતી ઉપર અને મોઢાંમાં અને ચહેરા પર કોઈએ એસિડ નાખ્યું છે...એ બહુ તરફડે છે...ઓ.. હો...એનું દર્દ બહુ અસહ્ય લાગે છે. કોઈ પણ એને બચાવી શકશે એવું લાગતું નથી..મારાં બીજા બે દીકરાના પગમાં પણ પ્લાસ્ટર બાંધવામાં આવ્યું છે. તે બન્ને એકદમ ઉદાસ મોઢાં સાથે ચેર પર બેઠેલાં છે. મારા પતિ ક્યાંય દેખાતા નથી. કદાચ મરી ગયાં હોય એવું લાગે છે. બહુ દયનીયતા આખા વાતાવરણમાં ફેલાયેલી..." અસ્મિતાના મોઢાં પર પણ દયનીયતા દેખાઈ રહી હતી.

શાસનદ્રષ્ટાશ્રીજી અસ્મિતાની પાસે ગયાં.

"અસ્મિતા ! મને સાંભળ... તું જોઈ શકે છે કે એ જર્મન શું કરી રહ્યો છે?" અસ્મિતાએ શાસનદ્રષ્ટાશ્રીજીના શબ્દો સાંભળ્યા હોય એવું એક પણ રીએક્શન કર્યું નહીં.

"હા."અચાનક અસ્મિતા બોલી..."એના મોઢા પર એક કુટિલ હાસ્ય છે.એની દેવીઓ ડાન્સ કરી રહી છે. જાણે કે મોટાં યુદ્ધમાં કોઈને પરાજિત કરીને આવ્યો હોય, એવું મને લાગી રહ્યું છે." શાસનદ્રષ્ટાશ્રીજી બધું સમજી ગયાં હોય એવું એમના ચહેરાથી લાગ્યું.

"અનામિકા! મારું કાર્ય પૂરું થયું. હવે આને બહાર કાઢી દે." શાસનદ્રષ્ટાશ્રીજી રૂમની બહાર નીકળવા લાગ્યાં...

"અને અપેક્ષા! તને જોવું છે કે અનામિકાદીદી કઈ રીતે આને

ફરીથી બહાર કાઢે છે, તો તું અહીં રહી શકે છે. નહીં તો મારી સાથે આવી જા...

"મારે રહેવું છે." એ રીતનો મેં ઈશારો કર્યો.

I.S.T. 23.30

**અસ્મિતા** થોડી ઈઝી અનુભવ કરી રહી હતી. મેં અસ્મિતા આંટીનો હાથ પકડ્યો.એ ધીમે-ધીમે રૂમમાંથી બહાર આવી.

"આંટી ! આપે જે જે જોયું એ તમને યાદ છે?" મેં જાણવા માટે પ્રશ્ન કર્યો.

"ના... હું તો એક લાંબી ઊંઘમાંથી ઉઠી હોઉં, એવું મને અનુભૂત થાય છે... શું હું ઊંઘમાં બોલી રહી હતી ?" અસ્મિતા આંટીએ મારી સામે આશ્ચર્યથી જોયું.

'હિપ્નોટીઝમમાં હિપ્નોટાઈઝ્ડ વ્યક્તિ ભૂલી જાય છે." અનામિકાના શબ્દો મારાં કાનમાં ગુંજ્યા.

"ના... ના... આપ તો..."મેં ઊંડી ઊંઘની ઍક્શન કરી, અસ્મિતા આંટી હસ્યાં. અમે શાસનદ્રષ્ટાશ્રીજી સામે જઈને બેઠા. એ બહુ ઊંડાણથી પ્રાર્થના કરતાં હોય એવું મને લાગ્યું.

એમણે 5 મિનિટ પછી આંખો ખોલી.

"ઓહ... તમે આવી ગયાં?.. મને લાગ્યું કે તમે રૂમમાં જ હશો. તો." અસ્મિતાએ ઉત્કંઠાથી કોઈક સમાધાનની આશાથી શાસનદ્રષ્ટાશ્રીજી સામે જોયું.

"અસ્મિતા! કરેલા કર્મો કોઈને છોડતા નથી. તને અનામિકા તારી ભૂતકાળ લાઈફમાં લઈ ગયેલી. ત્યાંના તારા દિકરાના કાર્યો બહુ ક્રૂર હતાં. એના કારણે એ લોકોને, કે જે ફરીથી તારા જ દીકરા બન્યા છે આટલાં બધાં પ્રૉબ્લેમ્સ છે. એટલે હવે તું વધારે ટૅન્શન લીધા વગર હું તને જે એક મંત્ર આપું છું, એનાં જાપ કર. એનાથી તારું મન સ્થિર રહેશે." શાસનદ્રષ્ટાશ્રીજીએ અંધારા વચ્ચે જ પોતાનાં પાસે રહેલા રફ કાગળ પર વગર નીચે જોયે કંઈક લખી આપ્યું.

બહારથી આવતી થોડી લાઈટમાં અસ્મિતાએ મંત્ર વાંચી સંભળાવ્યો.

"રાઈટ... તારાં ઉચ્ચારણ એકદમ સ્પષ્ટ છે. ફરીથી એક વાત કહી દઉં." શાસનદ્રષ્ટાશ્રીજી સામે અસ્મિતાએ જોયું. "કરેલાં કર્મ કોઈને છોડતાં નથી, એટલે એ કર્મો વચ્ચે પણ સમાધિ સાથે તું રહેશે, તો એ કર્મ તારો પીછો નહીં કરે."જાણે કે અમૃત કાનમાં ગયું હોય એ રીતે અસ્મિતાએ આ વાતનો સ્વીકાર કર્યો.

"ત્રિકાલ વંદના મ.સા.! આપ મારાં માટે પ્રાર્થના કરજો કે અમે એ જાળમાંથી મુક્ત થઈ જઈએ. બાકી તો બધું... અને હા મ.સા.! આપનો ઉપકાર હું આખી જિંદગી સુધી ભૂલીશ નહીં.. તમે મારાં જીવનનાં ગાઈડ બન્યાં છો..."જતી વખતે અસ્મિતાના ચહેરા પર કૃતજ્ઞતાનાં ભાવો પ્રતિબિંબિત થઈ રહ્યાં હતાં.

એ લંગડાતા લંગડાતા નીચે ઉતરવા લાગી. હું એને જોતી રહી. પછી હું શાસનદ્રષ્ટાશ્રીજી સામે વળી.

"આપને હું એક પ્રશ્ન પૂછું?" શાસનદ્રષ્ટાશ્રીજી સામે મેં જોયું.

"હા... તું પૂછી શકે?" એક ઊંડો અવાજ સંભળાયો.

"આપને શું લાગે છે કે એ ત્રણે જણ ઠીક થઈ જશે?" આટલાં ટાઈમથી છુપાવીને રાખેલી જિજ્ઞાસા મેં બહાર કાઢી. શાસનદ્રષ્ટાશ્રીજીએ મને સહજતાથી મારાં તરફ જોયું.

"અપેક્ષા! હું પણ આ જ વાત પર વિચાર કરી રહી હતી. પણ.." શાસનદ્રષ્ટાશ્રીજીએ નીચે જોયું. મેં પહેલી વાર શાસનદ્રષ્ટાશ્રીજી અસહાય હોય એવું અનુભવ્યું.

"શું મ.સા.! આપ કેમ અટકી ગયાં?... આપને જો ઠીક લાગે, તો પ્લીઝ મને કહો ને.." મેં એમને આજીજી કરી. શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાની આંખમાંથી એક અશ્રુ દૂર કર્યું.

"અપેક્ષા!" શાસનદ્રષ્ટાશ્રીજીનો અવાજ દુઃખભર્યો હતો."રિવેન્જ.." આ શબ્દ સાંભળી મારા રૂંવાટા ઊભાં થઈ ગયા.

"રિવેન્જ એક એવી વસ્તુ છે કે જેને આ દુનિયાની કોઈપણ મહાન વ્યક્તિ અટકાવી ન શકે. ભગવાન મહાવીર હતાં, કૃષ્ણ હતાં, ત્યારે પણ મોટાં મોટાં યુદ્ધ થયેલાં.એમાં એક જ વસ્તુ સ્પષ્ટ હતી-રિવેન્જ.

મને નથી લાગતું કે આ ત્રણેય બાળકો ઠીક થઈ શકશે, કેમ કે એ જર્મન અત્યારે દેવ બનીને એ ત્રણેની પાછળ હાથ ધોઈને પડ્યો છે. એ આ ત્રણેને છોડશે નહીં." શાસનદ્રષ્ટાશ્રીજી શાંત થઈ ગયાં.એ આંખ બંધ કરીને

પ્રાર્થનામાં ડૂબી ગયાં.એમનાં મોઢાં પર મને બહુ દર્દ દેખાયું.

મારા મનમાં પણ પ્રાર્થના ચાલુ થઈ ગઈ. હું પ્રાર્થના કેમ કરી રહી હતી એનો તો મને ખ્યાલ ન આવ્યો, પણ મારું મન પણ એ ત્રણે માટે દુઃખ અનુભવવા લાગ્યું.

મને બહુ વરસ પહેલાં ક્યાંક વાંચેલી વાત યાદ આવી,

**"REVENGE IS A POISON WHICH DESTROYS THE TAKER AND THE RECIEVER AS WELL."**



# Chapter - 10

**24/9/2010** **I.S.T.10.00** Gwalior Tank, Mumbai

## પૉઝિટીવનેસ અતિવિષમ હોય છે..!

મેં મારી નેટ નાંખી દીધી હતી. શાસનદ્રષ્ટાશ્રીજી પણ પોતાનાં વુલન અને કૉટનના કપડાને પાથરીને એના ઉપર બેસી ગયાં હતાં.એ દરરોજ રાત્રે પ્રભુને પ્રાર્થના કરીને સૂતાં કે જો એ પોતે આવતી કાલને જુએ, તો એ પૉઝિટીવનેસથી ભરેલો હોય અને ભગવાન પણ એમની એ પ્રાર્થના લગભગ પૂરી કરતાં.

હું દિવસના થાકના કારણે જલદી સૂવા માંગતી હતી. હજી તો હું ડનલોપની ગાદી પર સૂઈ જ રહી હતી કે મને રડવાનો અવાજ સંભળાયો. મેં દરવાજા તરફ જોયું, કેમ કે અવાજ ત્યાંથી જ આવ્યો હતો. શાસનદ્રષ્ટાશ્રીજીને પણ અવાજ સંભળાયો અને અમારાં હ્રદયમાં કરુણતા વ્યાપી ગઈ.

ફરીથી અવાજ સંભળાયો અને જોરથી સંભળાયો. મેં મારી નેટને સાઈડમાં કરી અને કોણ છે એ જોવા ગઈ. શાસનદ્રષ્ટાશ્રીજી પણ ઊભાં થઈ ગયાં.

હું દરવાજાથી બહાર ગઈ. કોઈક નીચે ઉતરતું હોય એવું લાગ્યું. મેં એ અવાજનું અનુસરણ કર્યું. હું નીચે પહોંચી. એક જુવાન 19-20 વરસની છોકરી રોડ પર ઊભી હતી.એ સતત રડી રહી હતી અને મને જોયા પછી તો એનું રડવાનું વધી ગયું હતું.

" શું થયું?" મારાથી વરસમાં મોટી એવી પણ એને મેં બોલાવી.એ

ફક્ત રડતી જ રહી.શાસનદ્રષ્ટાશ્રીજી પોતાની શૉલ પહેરીને નીચે આવ્યાં.

"અપેક્ષા ! શું થયું?" મેં એ રડી રહેલી છોકરી તરફ પૉઈન્ટ-આઉટ કર્યું. શાસનદ્રષ્ટાશ્રીજી એની પાસે ગયાં. "હેલો ! શું થયું?" એકદમ મીઠાશથી એ છોકરીના ખભા પર શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાનો હાથ મૂક્યો. એ છોકરીએ પ્રતિકાર નહીં કર્યો.શાસનદ્રષ્ટાશ્રીજી એને બિલ્ડિંગની અંદર લઈ આવ્યાં અને એને પગથિયાં પર બેસાડી.

"ટેલ મી ધ પ્રૉબ્લેમ, હું એને સૉલ્વ કરવાનો પ્રયત્ન કરીશ.." રડવાનું કારણ કઢાવવા માટે શાસનદ્રષ્ટાશ્રીજી એની બાજુમાં બેઠાં.

"મ.સા.! મને દીક્ષા આપી દો... આ દુનિયાને હું હવે સહન નથી કરી શકતી." શાસનદ્રષ્ટાશ્રીજીએ એના રડતા ચહેરા તરફ જોયું. એ ગાંડી નહોતી, પણ એ અત્યંત ડીપ્રેસ્ડ હતી.

"તો, તું જૈન છે?" એણે માથું હલાવ્યું.

"પણ, તું કેમ દીક્ષા લેવા ચાહે છે ? તું શું સહન કરી શકતી નથી..." છોકરીએ શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું. એને શાસનદ્રષ્ટાશ્રીજીના મોઢાં પર સૌમ્યતા દેખાઈ.

"મ.સા.! હવે હું સહન નહીં કરી શકું."

"પણ શું...?" દૃઢતા સાથે શાસનદ્રષ્ટાશ્રીજીએ પૂછ્યું.

"મારો ભાઈ....મારો ભાઈ મને દુશ્મન-શત્રુ ગણે છે. હું એના પછી જન્મ પામેલી અને એટલે જ મને પપ્પા વધારે પ્રેમ કરતાં. એ એને બાળપણથી જ ગમતું નહીં. મને પણ એના પાસે જવાની ઈચ્છા નહોતી થતી.." સ્ટોરી લાંબી છે એ શાસનદ્રષ્ટાશ્રીજીને ખબર પડી ગઈ. એ ઊભા થયાં.

"તારું નામ શું છે?"વચ્ચે રોકીને શાસનદ્રષ્ટાશ્રીજીએ પૂછ્યું.

"અનોખી...."

"અનોખી!" શાસનદ્રષ્ટાશ્રીજીએ પહેલા નામથી એને બોલાવી. "તું પહેલાં ઉપર આવી જા... આ જો તારા હોઠમાંથી લોહી નીકળે છે. એને અપેક્ષા ડ્રેસિંગ કરી દેશે.પછી આપણે આજે જ રાત્રે તારી આખી સ્ટોરી સાંભળીશું. તૈયાર થઈ જા..." શાસનદ્રષ્ટાશ્રીજી ઉપર જવા લાગ્યાં.

અનોખી સાથે આવી નહીં. મેં એને આંખોથી ઉપર આવવા માટે કહ્યું. અનોખીએ પોતાનાં શૉર્ટ્સ તરફ ઈશારો કર્યો.જૈન સાધુઓની રહેવાની જગ્યા ઉપાશ્રયમાં શૉર્ટ્સ ચાલતાં નહિ.

"ટેન્શન નહીં કર.મારાં પાસે ડ્રેસીસ છે અને તને ફીટ થાય એવા જ છે." એને વિશ્વાસ થયો. એ ઉપર ચઢી.

**I.S.T 23.00**

**"અનોખી !** જો હવે તું રડતી નહીં. અને તું જે પણ બોલે એ ધીમેથી બોલજે. બધાં મ.સા.! સૂતેલાં છે,માટે બિલકુલ રડતી નહીં.. નહીં તો બધાં...."મારી અને શાસનદ્રષ્ટાશ્રીજી મ.સા.ની નમ્રતા અને સૌમ્યતાને જોઈને એ થોડીક શાંત થઈ હતી.

"ઓ.કે....મ.સા.!મને રડવાનું બિલકુલ પસંદ નથી, પણ હું કન્ટ્રોલ કરી શકતી નથી... અને આજના પ્રસંગ પછી તો.." એ ફરી રડી પડશે એવું મને લાગ્યું. એટલે મેં એનાં મોઢાં ઉપર હાથ મૂકી દીધો.એણે આંખથી ઈશારો કર્યો.

"મ.સા.! હું કન્ટ્રોલ કરવાની કોશિશ કરીશ...મ.સા.! આજે મને મારાં ઘરમાંથી મારાં ભાઈએ બહાર કાઢી મૂકી..." એના ગળામાં રડવાનો અવાજ આવીને અટકી ગયો.

"એક મહિના પહેલાં જ મારાં પપ્પાનું મૃત્યુ થયું હતું.એ અચાનક ચાલ્યાં ગયાં હતાં.એમને મારાં ઉપર જેમ મેં આપને નીચે કહ્યું, એમ પ્રેમ વધારે હતો.બાળપણથી મારાં ભાઈને એવું જ લાગતું કે મારાં લીધે પપ્પા-મમ્મી એને ઓછો પ્રેમ કરે છે. એટલે જ જ્યારે મમ્મી-પપ્પા બહાર જતાં, તો.." અનોખીએ સ્લીવ્ઝ ઉપર કરી.

ત્યાં મોટો ઘાનો નિશાન હતો.એ આખો ભાગ બળી ગયો હોય એવું લાગી રહ્યું હતું.

"મેં મમ્મી-પપ્પાને આ વાત પહેલાં કહી નહીં. પણ એક વાર મને હાથમાં ફ્રેક્ચર હોવાના કારણે જ્યારે મમ્મી ડ્રેસીંગ કરી રહી હતી, ત્યારે એમણે આ ભાગ જોયો.એમનાં મોઢામાંથી ચીસ નીકળી ગઈ.પપ્પા અને ભાઈ આવી ગયાં."

"શું થયું ?" પપ્પાએ પૂછ્યું.મમ્મીએ મારાં બળેલા ભાગ તરફ ઈશારો કર્યો. પપ્પા પણ એ ભાગને જોઈને છક થઈ ગયાં.

"કોણે કર્યું આ?"ગુસ્સાથી એમનું મોઢું લાલ થઈ ગયું. એમણે પોતાનાં હાથમાં લાકડી લીધી. હું બોલી રહી નહોતી કેમ કે મને ભાઈથી બહુ ડર લાગતો. ભાઈ મારી સામે ભયાનક નજરે જોઈ રહ્યો હતો. એણે પોતાનાં હાથથી પોતાનાં ગળાં ઉપર એક આંગળી ફેરવી અને પોતાનાં મોઢાં પર રાખી.

"અનોખી! તું નહીં બોલે ને, તો આ લાકડીથી હું પોતાને જ મારીશ.." એમણે જોરથી લાકડી ઘૂમાવી અને માથાં ઉપર મારી.

માથા ઉપર લાગે એ પહેલાં મેં'સ્ટૉપ' કહ્યું

"હું કહું છું. હું કહું છું."

"બોલ... કોણ હતો એ...?"પહેલી વાર મેં પપ્પાના મોઢાંથી ગાળ સાંભળી.

મેં આંગળી ઉપર કરીને ભાઈ તરફ હાથ કર્યો. એ દિવસે ભાઈએ પશુથી પણ બદતર માર ખાધી.અને બસ એના પછી એની અને મારી વેરની પરંપરા ચાલુ થઈ. અમે બન્ને અલગ-અલગ ગલીઓના કૂતરા જેવાં થઈ ગયાં.

એના પછી જ્યારે મમ્મી-પપ્પા બહાર ગયેલાં, ત્યારે મને ઘરે એકલું રહેવું પડે એ રીતે પોતાની પિકનિકની વાત બનાવીને એ મમ્મી-પપ્પાથી પહેલાં ટ્રીપ પર નીકળી ગયો. મમ્મી-પપ્પાને લાગ્યું કે એ ઘરે નથી, તો આપણે અનોખીને અમ્મા ભરોસે સુરક્ષિત રાખી શકીશું.

મેં પણ એમને હા પાડી કેમ કે હું ત્યારે 10thમાં હતી અને મમ્મી-પપ્પા કેટલાય ટાઈમથી બહાર ગયાં નહોતાં (મારા લીધે), એનું મને દુઃખ હતું.

હું રાત્રે મારા ફ્રેન્ડ્સ સાથે વાત કરી રહી હતી અને ત્યારે જ કોઈકે ખટખટાવ્યું. હું દરવાજાના ત્યાં પહોંચી, તો દરવાજાની નીચેનું લૉક ખુલ્લું હતું. એને કોઈએ ચાવીથી ખોલ્યું હતું. મેં દરવાજામાં રહેલા કાણામાંથી બહાર જોયું. કોઈ દેખાયું નહીં.

મેં દરવાજો ખોલ્યો. એક પાવરફૂલ હાથે મને અંદર ધક્કો માર્યો. હું નીચે પડી ગઈ. મારી આંખો દરવાજાની સામે જ હતી. મારો ભાઈ મને ત્યાં દેખાયો.મારાં મોઢાથી ચીસ નીકળી ગઈ. એનો દેખાવ બહુ ભયાનક લાગી રહ્યો હતો.

"હવે અનોખી! તું શું કરશે? આટલાં ટાઈમ તું મમ્મી-પપ્પાની

પાછળ બહુ છૂપાઈને રહીને ? હવે મારાથી તને કોણ બચાવશે?" એણે દરવાજો લૉક કર્યો. હું તો ફર્શ પર છક થઈને પડેલી હતી.

એ મારી પાસે આવ્યો.એના મોઢામાંથી ભરપૂર દારૂ પીધાની વાસ આવી રહી હતી.એણે મારાં મોઢાં પર એક લાફો માર્યો. મારું માથું ઝણઝણવા લાગ્યું.

"કેમ તને આ ચહેરા પર બહુ પ્રેમ છે ને? હવે તારો ચહેરો તું કોઈને બતાવી નહીં શકે, એટલું હું તને મારીશ..." એણે મારાં ચહેરા પર લાત મારી.મને તો ભયના કારણે શું ચાલી રહ્યું હતું એ જ ખબર નહોતી પડી.

"હવે આ."એણે મારાં ગુપ્તાંગ તરફ જોયું. ત્યારે મને ખ્યાલ આવ્યો કે શું ચાલી રહ્યું છે. ભાઈએ પોતાનાં નીચેના કપડા કાઢી દીધાં હતાં. એણે મારાં શૉટ્ર્સ પર હાથ રાખ્યો. હું એના પાસે થી ભાગવાં ગઈ.એની પક્કડ ટાઈટ હોવાથી મારો શૉટ્ર્સ ફાટી ગયો. હું ફક્ત મારાં નીચેના એક કપડામાં જ રહી. ત્યાંથી નીકળીને હું મારાં રૂમમાં ભાગી.મેં ફટાફટ રૂમને બંધ કરી દીધો.

મારું હૃદય બહુ ઝડપથી ધડકી રહ્યું હતું. 'એક ભાઈ પોતાની બહેન પર રેપ.' આ વાત જ હું માનવા તૈયાર નહોતી. બહારથી ભાઈનો દરવાજો ખટખટાવવાનો અવાજ આવ્યો.દરવાજો તૂટી જશે એવા જોરથી એ ધક્કો મારી રહ્યો હતો. મેં મમ્મી-પપ્પાને ફોન કરવાનું વિચાર્યું.મારો મોબાઈલ બૅડ પર જ પડેલો હતો.

"અનોખી! યાદ રાખજે કે તેં જો મમ્મી-પપ્પાને ફોન લગાડ્યો છે ને, તો આવતી વખતે તારો રેપ અને મર્ડર સાથે થશે. આ ટાઈમ ફક્ત રેપમાં પૂરું થઈ જશે..."મારો હાથ કૉલ બટન પર ગયો.નંબર બીઝી આવી રહ્યો હતો.

દરવાજા પરનો અવાજ વધ્યો.એ કોઈ હથોડો લઈને ઠોકતો હોય એવું લાગ્યું. હું મારાં રૂમનાં બાથરૂમમાં ઘૂસી ગઈ. ત્યાં બેસીને બાથરૂમ હું લૉક કરીને સતત રડતી રહી.ત્રણ દિવસ પછી મમ્મી-પપ્પા ઘરે આવ્યાં.

ઘરની હાલત જોઈને એમને આશ્ચર્ય થયું. એ મારાં નામથી મને બોલાવવાં લાગ્યાં. પણ વધારે પ્રેશરને કારણે હું બાથરૂમમાં બેહોશ થઈ ગયેલી. પપ્પાએ મારો ફોન પ્રયત્ન કર્યો.ત્યારે એમને ખબર પડી કે હું બાથરૂમમાં હતી.

બાથરૂમનો દરવાજો ખૂલતો નહીં હોવાથી પપ્પાએ દરવાજો તોડાવી નાખ્યો. હું નીચેના એક માત્ર વસ્ત્રમાં ત્યાં પડી હતી. મારાં મોઢા પર સોજો પપ્પાને દેખાયો.એ આ દૃશ્ય જોઈને ગાંડા જેવા થઈ ગયાં.

એમણે મને જગાડવાની કોશિશ કરી, પણ હું વધારે પડતી બેહોશ હતી.એમણે ઍમ્બ્યુલન્સને ફોન કર્યો.ઍમ્બ્યુલન્સ મને બૉમ્બે હૉસ્પિટલ લઈ ગઈ. સાત દિવસ પછી મને હોશ આવ્યો. જ્યારે હું ઉઠી, ત્યારે મારો ભાઈ ત્યાં જ ઊભો હતો. હું એને જોઈને બેહોશ થઈ ગઈ.પપ્પાને ખબર પડી ગઈ કે મારાં બેહોશ થવાની જડ શું હતી.

પપ્પાએ અમારા રસ્તા તરફના કૅમેરા ચૅક કરાવ્યા. એમાં ભાઈ પકડાઈ ગયો.

"આશુતોષ! તારે મુંબઈ છોડવું પડશે અને ચેન્નઈ જવું પડશે."પપ્પાએ ભાઈને હાથમાં ટિકિટ પકડાવતાં કહ્યું "હું તને આ ઘરમાં રાખી શકું એમ નથી."

"કેમ?" ભાઈએ દલીલ કરી.સણસણતો લાફો એના મોઢાં ઉપર પડ્યો.પપ્પાએ એના મોબાઈલ પર એક વિડીયો સૅન્ડ કર્યો,"વિડીયો જોઈ લેજે. તને બધું ખબર પડી જશે..."ભાઈએ વિડીયો જોયો.એને ખબર પડી ગઈ કે એ પકડાઈ ગયેલો. એ બૅગ પૅક કરીને ચેન્નઈ માટે રવાના થયો.

પછીથી એ જ્યારે જ્યારે મુંબઈ મમ્મીને મળવા આવતો, ત્યારે પપ્પા મને લઈને બહાર ચાલ્યા જતાં. પપ્પાએ મર્યા સુધી ક્યારેય એનો ચહેરો પણ જોયો નથી. ફક્ત છેલ્લે વિડીયો કૉલ કરીને એની પાસે "મિચ્છામિ દુક્કડં" (આઈ ઍમ સૉરી) માંગેલું.

ત્યારે પણ ભાઈએ પૂછેલું "હું આવી જાઉં?" પપ્પાએ ફોન કટ કરી દીધેલો. પપ્પાએ વીલ બનાવેલું કે જેમાં અમને બન્નેને એમણે સરખો ભાગ આપેલો.એમના ગયાં પછી વીલ ઍક્ઝીક્યુટ કરવામાં આવ્યું હતું અને મારાં અકાઉન્ટમાં અડધા પૈસા ટ્રાન્સફર કરી દેવામાં આવ્યાં હતાં.

અમારું ઘર અને પપ્પાની પોતાની વસ્તુઓ મમ્મીના નામે કરવામાં આવી હતી. ભાઈ પપ્પાને દાહ આપવા આવ્યો હતો. અમારા બન્નેની શત્રુતા પહાડ જેવી થઈ ગઈ હતી. હવે એક થવું અશક્ય જેવું હતું.

અને આજે એણે 'તારા કારણથી હું આટલાં વરસ મા-બાપથી અલગ રહ્યો.' એમ કહીને મને બહુ માર મારીને, મને પીઠ પર ગરમ ઈસ્ત્રી લગાવી.' મેં અનોખીને ડ્રેસિંગ કરતી વખતે એ ડાઘ જોયેલો. પૂછવાની

મારી ઈચ્છા થયેલી, પણ મને ત્યારે એના નીજી જીવનનાં પ્રશ્ન કરવા યોગ્ય નહોતું લાગ્યું.

"ઘરની બહાર લાત મારીને કાઢી મૂકી...હવે આપ જ કહો મ.સા.! કે મારે શું કરવું?."એ શાંતિથી ધીમી અવાજમાં રડી રહી હતી. મારી આંખમાં પણ દુનિયાની આટલી બધી હેવાનિયત જોઈને અશ્રુ આવ્યાં.

"હવે હું ફરીથી મારાં ઘરે નહીં જઈ શકું. મમ્મીએ મારાં માટે બહુ ફાઈટ કરી, પણ એ પણ ભાઈ સામે પરવશ છે. મારો ભાઈ મને ક્યારેય ઘરમાં નહીં લે..." શાસનદ્રષ્ટાશ્રીજીએ પોતાની પાંપણો બંધ કરી દીધી હતી. આ શાસનદ્રષ્ટાશ્રીજીની ઉપાય શોધવાની સ્પેશિયલ સાઈન હતી. મેં સમાધાન માટે રાહ જોઈ.

I.S.T 23.30

**"ચાઈનાનો** મિનિસ્ટર કૅબિનેટ ઈન્ડિયાના રાજા પાસે આવ્યો..." શાસનદ્રષ્ટાશ્રીજી અનોખીને સમજાવી રહ્યાં હતાં. હું અને અનોખી મચ્છર બહુ હોવાના કારણે નેટમાં બેસેલા હતાં.

"કૅબીનેટે ઈન્ડિયન રાજાને ઘણી બધી ગિફ્ટ આપી. ઈન્ડિયન રાજાએ ચાઈનાના કૅબિનેટને ઈન્ડિયામાં આવવાનું કારણ પૂછ્યું.

"ભારતના રાજા! અમારા રાજાએ અહીંયાંના લોકો અને રાજા આટલી લાંબી ઉંમર સુધી આટલાં સ્વસ્થ કઈ રીતે જીવે છે, એનું કારણ શોધવા માટે મોકલ્યાં છે. અમારા લોકો અત્યારે નાની વયમાં જ મરે છે અને એમની તબિયત પણ બહુ નબળી રહે છે. આપની પાસે કોઈ ઉપાય હોય, તો ખાસ અમને બતાવો કે જેથી અમે અમારા લોકોને ઠીક કરી શકીએ." રાજા એમને જોઈને હસતો રહ્યો.

"મહાનુભાવો! પહેલાં અમારા ભારતનું આતિથ્ય તો માણો, પછી આપણે ચર્ચા કરીશું." ઈન્ડિયન રાજાએ પોતાનાં મંત્રીને ઈશારો કરી કંઈક કહ્યું અને ચાઈનાના મિનિસ્ટર્સને રવાના કર્યા.

ઈન્ડિયન મિનિસ્ટર ચાઈનાના મંત્રીઓને ભોયરામાં લઈ ગયો અને ત્યાં એમને જેલમાં લૉક કરી દીધાં. ખાવાં-પીવાનું બધું સારું મળતું, પણ એ લોકો લૉક થઈ ગયાં હતાં.

એક દિવસ ઈન્ડિયન મંત્રી એમને મળવા ગયો."અમને તમે ક્યારે આ જેલમાંથી બહાર કાઢશો?... અમે તો ફક્ત ઉપાય પૂછવા આવ્યાં હતાં... અમારો અપરાધ શું છે?" ચાઈનાના મિનિસ્ટર્સ એકદમ દુ:ખી દેખાયાં.

ઈન્ડિયનમંત્રીએ જેલમાંથી સામે દેખાતાં એક બહુ જૂનાં ઘટાદાર ઝાડ તરફ ઈશારો કર્યો."આ ઝાડ જ્યારે સુકાઈને પડી જશે, તે દિવસે તમે છુટ્ટા..." એમના મોઢાં પર દરવાજો બંધ કરીને મંત્રી ચાલ્યો ગયો.

ચાઈનાના મિનિસ્ટર્સને ખબર પડી ગઈ કે હવે આખી લાઈફ

અહીંયાં જ જવાની હતી અને સડીને બધાં અહીંયાં જ મરવાના હતાં.ઝાડ એટલું લીલું હતું કે હજી 100 વરસ સુધી એ સુકાવાનું નહોતું.

ચાઈનાના મિનિસ્ટર્સે જેલરને ઈન્ડિયન મંત્રીના ગયાં પછી પૂછેલું કે "આ ઝાડ કેટલાં વરસ જૂનું છે ?" જેલરે ચાઈનાના મિનિસ્ટર્સને હૃદયને તોડનારો ઉત્તર આપેલો, "1000 વરસ..."

અડધા મિનિસ્ટર્સ તો મરવા પહેલાં જ મરી ગયાં જેવા થઈ ગયાં હતાં. બધાંનાં મનમાં સતત એક જ ભાવના ચાલતી રહી કે, *"આ ઝાડ સુકાઈ જાય તો સારું. આ ઝાડ સુકાઈ જાય તો ગુડ.."* એ બધાનું મગજ એ ઝાડ તરફ જ હતું.

અને એક દિવસ સવારના સમયે મંત્રી આવ્યો.ચાઈનાના મિનિસ્ટર્સને જેલની બહાર કાઢી દેવામાં આવ્યાં અને રાજા સામે એમને ઊભાં રાખવામાં આવ્યાં.

"જુઓ, એ ઝાડ આજે સવારે જ પડી ગયું. મારી પરમ્પરાના પહેલાં રાજાએ એનું બીજ વાવેલું.એ 1000 વરસથી ત્યાં હતું પણ, હાય એ પડી ગયું.." ચાઈનાના મિનિસ્ટર્સને રાજાના મોઢાં પર દુ:ખ દેખાયેલું.

"રાજા ! અમે તો એવું સાંભળેલું કે ઈન્ડિયાના લોકોનું આતિથ્ય બહુ સારું હોય છે અને એની જગ્યાએ આપે અમને 3 મહિના સુધી જેલમાં નાખી દીધા... કેમ?" એક નીડર મિનિસ્ટરે બધાં ચાઈનાના મિનિસ્ટર્સના હૃદયમાં અને મનમાં ફરતો પ્રશ્ન પૂછી લીધો.

રાજા ગંભીર હાસ્યથી હસવા માંડ્યો.

"તમને પાઠ શીખવાડવા... ઈન્ડિયા અને ચાઈનામાં શું ફરક છે એ શીખવાડવા." ચાઈનાના મિનિસ્ટર્સને વાત સાંભળીને આશ્ચર્ય થયું.

"પણ, કઈ રીતે ?" બધાએ એકસાથે પૂછ્યું.

"આ ઝાડ સામે પડેલું દેખાય છે." ચાઈનાના મિનિસ્ટર્સને ખબર હતી કે રાજા કયાં ઝાડની વાત કરી રહ્યાં હતાં. "એ ઝાડ 1000 વરસ જૂનું હોવા છતાં પણ કેમ પડ્યું, ખબર છે?" ચાઈનાના એક પણ મિનિસ્ટર પાસે એનો જવાબ નહોતો.

"એ ઝાડના પડવામાં એક માત્ર કારણ તમે બધાં છો, બીજું કોઈ નથી. તમારા નૅગેટીવ વિચારો એ 'આ ઝાડ પડે... આ ઝાડ જલદી નાશ પામે..." ઝાડ ઉપર નૅગેટીવ અસર કરી અને એ પડી ગયું. આ પાવર છે વિચારોનો-મનનો.

ચાઈનાના લોકોના એમના રાજા માટે કે એમના લોકો માટે નૅગેટીવ વિચારો છે અને એના કારણે એના રાજા અને લોકો વધારે જીવી શકતા નથી. એમનાં શરીરમાં રોગો થઈ જાય.

જ્યારે અમારા દીર્ઘાયુનું કોઈ કારણ હોય તો એ અમારા લોકોની એમના રાજા અને એમના લોકોના પ્રત્યેની પૉઝિટીવીટી છે, સમજી ગયાં." ચાઈનાના મિનિસ્ટર્સ ઈન્ડિયન રાજાની કોઈ વસ્તુ શીખવાડવાની કળાને જોઈને આશ્ચર્યચકિત રહીં ગયાં.

"સમજી અનોખી! હું શું કહેવા માગું છું?" અનોખી સામે શાસનદ્રષ્ટાશ્રીજીએ જોયું. અનોખી સમજતી હોય એવું લાગ્યું.

"અનોખી ! આપણા મનનો પાવર બહુ જોરદાર છે. દુનિયામાં થોડાં જ એવા લોકો છે કે જે આ મનના પાવરને ઓળખી શકે છે અને એને સારા કાર્યોમાં લગાવી શકે છે. આપણા મનની પૉઝિટીવીટી અને નૅગેટીવીટીના સંશોધનો આજે દુનિયાના આગળ પડતા વૈજ્ઞાનિકો વડે ઝાડ અને પ્રાણીઓ પર પણ કરવામાં આવે છે અને એના અકથ્ય પરિણામ આવે છે.

હું જ્યારે નાની હતી, ત્યારે એક પ્રોગ્રામ આવતો. હું અને મારાં ભાઈ જૈનમના પપ્પા મિસ્ટર ઓસવાલે સાથે બેસીને એક વાર પ્રોગ્રામ જોયેલો, જેમાં એમણે એક વ્યક્તિને બતાવેલી. એના હાથમાં ચમચી હતી અને એણે ફક્ત પોતાનાં મનના પાવરથી એ ચમચી વાળી દીધી હતી.

અરે ! આ મુંબઈમાં પણ એવા મિડ-બ્રેન એક્ટીવીટીના ક્લાસીસ ચાલે છે, જ્યાં નાનાં બાળકોને પોતાનાં મનને વિકસિત કરવા માટે ગાઈડન્સ આપવામાં આવે છે.

તેઓની આંખ ઉપર રૂમાલ બાંધીને એમને રંગો, નોટ્સ, બૂક વગેરેના વિશે પૂછવામાં આવે છે અને તેઓ એના સાચા જવાબ આપે છે. જ્યારે એમનો પાવર વધી જાય, ત્યારે તેઓ અંધારામાં બૂક પણ વાંચી શકે છે.

આપણાં મન અને મગજ બહુ પાવરફૂલ છે, તું જે વિચારે એ તું કરી શકે... હું તને એક જ વાત કહેવા માગું છું." અનોખીએ શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું.

"હા." અનોખી સ્વીકાર કરવાની ઈચ્છાવાળી હોય એવું લાગ્યું.

"તું તારા બળાત્કારી, અત્યાચારી ભાઈના માટે પૉઝિટીવ વિચારો

લાવ... એ દુનિયાનો સૌથી સારો ભાઈ છે." એવું વિચાર...અને પછી જોજે શું ચમત્કારો થાય છે." શાસનદ્રષ્ટાશ્રીજી થોભી ગયાં.

મેં મારા જીવનમાં પૉઝિટીવીટીના ચમકારો જોયેલા હતાં એટલે મને શાસનદ્રષ્ટાશ્રીજી મ.સા.ની વાત પર પૂર્ણ વિશ્વાસ થયો.અનોખી વિચારતી હોય એવું લાગ્યું.

"મ.સા.! આપની વાત તો સાચી છે. બાળપણથી જ્યારથી મને સમજ આવી છે, ત્યારથી મેં એક વખત પણ મારાં ભાઈ માટે પૉઝિટીવ વિચાર્યું નથી.પણ, સમજો હું અત્યારે વિચાર કરૂં, પણ, મારાં ભવિષ્યનું શું? મારૂં શું થશે ?" એણે પોતાનાં હૃદયમાં કાંટાની જેમ ખૂંચતી વાત કરી.

"તું ટૅન્શન ન લે... તું તારૂં કામ કર... આગળનું ભગવાન પર છોડી દે. ભગવાન! બધાનું ધ્યાન રાખે છે... હું તને વચન આપું છું કે ચમત્કાર થશે... ફક્ત પૉઝિટીવ વિચાર." શાસનદ્રષ્ટાશ્રીજીએ અનોખીનાં માથા પર હાથ મૂક્યો.

એક અકલ્પ્ય શક્તિનો પાત એના શરીરમાં થતો અનોખીને અનુભવાયો. એ પૉઝિટીવ તરંગો છોડવા માટે પદ્માસનમાં બેસી ગઈ..

**25/09/2010** **I.S.T. 8.00**

હું કાચમાં પોતાનાં વાળને કંગીથી સીધાં કરી રહી હતી. અનોખીને રાતની પૉઝિટીવ વિચારોની એક્સરસાઈઝ પછી સારું અનુભવાઈ રહ્યું હતું. સવારે મારો અલાર્મ વાગતા અનોખી પણ ઊઠી ગઈ હતી.એનો તૂટેલો આત્મવિશ્વાસ ફરી આવી ગયો હોય એવું લાગી રહ્યું હતું.

" અનોખી ! મને શાસનદ્રષ્ટાશ્રીજી છેલ્લા 3 દિવસથી પૂજા કરવાનું કહે છે... પણ મને આવડતી નથી. તું મને શીખવાડશે." ઊઠતાં જ મેં એને પૂછેલું. એ જૈન હોવાથી એને પૂજાની બધી વિધિઓ અને આચારો ખબર હતાં.મને મારાં દેખાતા ભૂતકાળમાં પૂજા કર્યાનો ખ્યાલ નહોતો. હું જ્યારે નાની હતી ત્યારે ઉત્સવના દિવસોમાં મમ્મી કોઈક મંદિરમાં લઈ જતી એટલું મને યાદ હતું.

અનોખીએ એકદમ ખુશી સાથે શીખવાડવાની તૈયારી બતાવેલી. પછી મેં એને મારાં સફેદ ડ્રેસીસનું કલેક્શન બતાવેલું.એ છક થઈ ગયેલી. આવી કારીગરી એણે પહેલાં ક્યારેય પણ જોયેલી નહોતી.

"તું નક્કી કર. તને આજે પૂજા માટે કયો ડ્રેસ પહેરવો છે?..." અનોખીએ બધા ડ્રેસીસ જોયેલા. બધાં એટલાં સારા હતાં કે અનોખીને નક્કી કરવામાં પ્રૉબ્લેમ થઈ રહ્યો હતો. પછી મેં એને એક ડ્રેસ નક્કી કરીને આપેલો અને અનોખીએ એ ડ્રેસ જ ગમ્યો હોવાની વાત કરેલી.મારું સિલેક્શન સારું હતું.

એ તૈયાર થઈ ગઈ હતી. મેં આજે શેમ્પુ કરેલું હોવાથી મને તૈયાર થવામાં ટાઈમ લાગી રહ્યો હતો. એણે પોતાનાં શોર્ટ્સના પૉકેટમાંથી રૂ.100 ની નોટ કાઢી.

"કેમ?" મેં નોટ તરફ ઈશારો કર્યો.

"જ્યારે તમે ભગવાન પાસે જાઓ, ત્યારે ખાલી હાથે ન જવાય એવું મારાં પપ્પાએ મને શીખવાડેલું છે. એટલે હું જ્યારે વરસમાં 10-15 વાર મંદિર જાઉં તો પૈસા કે કોઈ ફળ, મીઠાઈ લઈને જ જાઉં... કદાચ હું છ

મહિના પછી પૂજા કરું છું."મને એની વાત સાંભળીને વિસ્મય થયું કે જૈન થઈને કેમ એ પૂજા નહોતી કરતી.

અમે બન્નેને શાસનદ્રષ્ટાશ્રીજીનો અવાજ સંભળાયો અને અમે મેન હૉલમાં આવ્યાં.ગુરૂણી પોતાના મુખ્ય સ્થાન પર બેસેલાં હતાં.એ કંઈક વાંચી રહ્યાં હતાં.એ અમે બન્નેને જોઈને ખૂશ થયાં.

અમે બન્ને શાસનદ્રષ્ટાશ્રીજી સાથે મંદિર ગયાં અને અનોખીને શાસનદ્રષ્ટાશ્રીજીએ સ્તુતિ ગાવાની કહીં.અનોખીએ ગાવાનું ચાલું કર્યું.એના અવાજમાં મધ ભરેલું હોય એવું મને અનુભવાયું.એનો અવાજ એકદમ મીઠો હતો.મને 'નવકાર મંત્ર' સિવાય બીજું કંઈ પણ વધારે આવડતું નહોતું.

શાસનદ્રષ્ટાશ્રીજી અનોખીને મારાં માટેની સૂચનાઓ આપીને 30 મિનિટ પછી ફરી પોતાના જગ્યા પર જવા માટે નીકળી ગયાં. મને 1 કલાક સુધી અનોખીએ 8 પ્રકારની પૂજા કઈ રીતે કરવી એ શીખવાડ્યું.

હું જ્યારે પણ મંદિરમાં આવતી ત્યારે મને ભગવાનનો ચહેરો બહુ ગમતો. આજે મેં એમના ડાઈરેક્ટ સ્પર્શથી એક જુદી ઉર્જા મારાં નસોમાં વહેતી અનુભવી.

અમે મંદિરથી બહાર નીકળીને અમે જ્યાં રોકાયાં હતાં, ત્યાં જવા માટે ચાલવા લાગ્યાં. રસ્તામાં મેં અનોખીને ભગવાનમાં મને અનુભવ થયેલી પૉઝિટીવીટીની વાત કરી. અનોખીને પણ આ જ અનુભૂતિ થયેલી. એને હૃદયના અંદરથી લાગી રહ્યું હતું કે કંઈક સારૂં થવાનું હતું.

અમે એક-બીજાને જુદી-જુદી વસ્તુઓ માટે થેંક્યુ કહેતાં કહેતાં ઉપર ચઢ્યાં. બહાર ઘણા બધાં સ્લીપર્સ, બૂટો પડેલાં હતાં.

" કોઈ મ.સા.ને મળવા આવ્યું હશે."મેં અનોખીને કહ્યું.અનોખીનો ચહેરો થોડો તનાવગ્રસ્ત દેખાઈ રહ્યો હતો.

"શું થયું?"મેં પૂછ્યું.

"કંઈ નહીં." એ સીધી અમારા રૂમ તરફ ચાલવા લાગી. મેં મોટાં ગુરૂણી પાસે ઘણાં બધાં લોકોને બેઠેલા જોયા. શાસનદ્રષ્ટાશ્રીજી પ્રાર્થના કરી રહ્યાં હોય એવું મને લાગ્યું.અનોખી મારાંથી કંઈક છૂપાવતી હોય એવું મને લાગ્યું.

હું રૂમ તરફ અનોખી પાછળ ગઈ.

I.S.T. 9:30

" અનોખી! ચલને બહાર.. શાસનદ્રષ્ટાશ્રીજી બોલાવે છે." અનોખી રૂમના બહાર આવવા જ તૈયાર નહોતી. છેલ્લી પંદર મિનિટથી એ કેમ ફરીથી શાંત અને ગુમસુમ થઈ ગઈ એ વાત સમજવાની કોશિશ હું કરી રહી હતી. પણ, અનોખીએ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો.

" પ્લીઝ! મને ફોર્સ નહીં કર...મારે નથી આવવું." થોડા ગુસ્સા ભરેલા અવાજમાં અનોખી બોલી.મને ખોટું લાગ્યું.

મેં ફોર્સ છોડી દીધો. પણ મારા મનમાં પ્રશ્નો તો ચાલતાં જ રહ્યાં . શાસનદ્રષ્ટાશ્રીજીને રૂમની બહાર આવેલાં મેં જોયા.

"અનોખી!" શાસનદ્રષ્ટાશ્રીજીના બોલાવવા છતાં એણે ઉપર નહીં જોયું, "મેં તને કાલે રાત્રે શું કહ્યું હતું? તને યાદ છે?.." અનોખીએ શાસનદ્રષ્ટાશ્રીજી તરફ જોયું.

"એ અશક્ય છે. આપના કહેવાથી જ મેં કરેલું." અનોખીને વિશ્વાસ નહોતો થતો શાસનદ્રષ્ટાશ્રીજીની વાતનો...

મને ગુસ્સો આવ્યો. આવું વર્તન શાસનદ્રષ્ટાશ્રીજી સાથે કોઈ કરે એ મને બિલકુલ નહોતું ગમતું.

"અનોખી ! "***IMPOSSIBLE***" શબ્દ માં જ "***I'M POSSIBLE***" છે... સાચે તારો ભાઈ તને લેવાં આવ્યો છે. એક વાર તો તું બહાર આવ." હવે મને સમજાયું કે બૂટ જોઈને અનોખીને શું થયું હતું.

અનોખીની ઈચ્છા દેખાતી નહોતી, પણ શાસનદ્રષ્ટાશ્રીજીએ ફરીથી પૉઝિટીવીટીની વાત કરીને અનોખીને બહાર આવવા માટે મનાવી લીધી.એ ઊભી થઈ. એણે મને પૂછીને બીજો એક સફેદ ડ્રેસ પહેર્યો.એ બહુ ખૂબસૂરત લાગી રહી હતી. દુપટ્ટો માથા પર નાખીને એ બહાર ગઈ.

*'શું થશે?'* એ જોવા માટે હું પણ બન્નેની પાછળ પાછળ બહાર ગઈ. ગુરુણીની બાજુમાં એક યુવાન બેઠેલો હતો. શાસનદ્રષ્ટાશ્રીજી અને અનોખીને જોઈને એ ઊભો થયો. મને ખ્યાલ આવી ગયો કે આ જ એનો

ભાઈ છે.

જોરથી રડવાનો અવાજ મને સંભળાયો.અનોખીનો ભાઈ એના પગમાં પડીને બહુ રડી રહ્યો હતો.આટલાં જુવાન વ્યક્તિને આ રીતે પહેલીવાર મેં રડતા જોયેલો. ઈમ્પૉસિબલ વસ્તુ આઈ ઍમ પૉસિબલ થઈ હતી.

અનોખીના મોઢાં પર અવિશ્વાસનાં ભાવો સ્પષ્ટ દેખાઈ રહ્યાં હતાં.

"*શું કરવું?*" એ વાતની સમજણ એને પણ નહોતી. 5 મિનિટ એ ઊભી જ રહી. પછી નીચે બેસીને એ પોતાના ભાઈની પીઠ પર માથું રાખીને રડવા લાગી.

એ દૃશ્ય જોઈને મારી પણ આંખો ભરાઈ ગઈ.શાસનદ્રષ્ટાશ્રીજીએ હજી એક ચમત્કાર શક્ય કર્યો હતો....

**I.S.T. 10:00**

અડધા કલાક સુધી બન્ને એકબીજા પર એ જ રીતે બેસીને આંસુ વહાવતાં રહ્યાં. 20 વરસ પછી બન્નેની દુશ્મની ઓગળી હતી.

"અનોખી ! હું તારા માટે એક ભાઈનો રોલ ક્યારેય નિભાવી નહીં શક્યો. મેં રક્ષાબંધન વખતે જે રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધેલી એ હું પાલન નહીં કરી શક્યો. મેં તારા પર જ... "આગળના શબ્દો એના ગળામાં જ અટકી ગયાં. એ બહુ રડી રહ્યો હતો.

શાસનદ્રષ્ટાશ્રીજીએ એને શાંત કર્યો. એ 5 મિનિટમાં એકદમ શાંત થઈ ગયો. ફક્ત એની છાતી ઉપર-નીચે થઈ રહી હતી.એ દેખાવમાં બહુ હૅન્ડસમ હતો.પણ, એના કાર્યો અનોખીના કહેવા પ્રમાણે બહું ખરાબ હતાં. પણ એનું પરિવર્તન જોઈને મારાં મનમાં 'કેમ' શબ્દ ઉત્પન્ન થયો.

"તું કેમ રડે છે અને આ પરિવર્તન... શું થયું?" શાસનદ્રષ્ટાશ્રીજીએ મારું મન વાંચી લીધું હોય એવું લાગ્યું.

"મ.સા.!" એણે બોલવાનું ચાલુ કર્યું. "મ.સા.! મેં કાલે રાત્રે અનોખીને ઘરથી બહાર કાઢી.એના પછી મમ્મી એકદમ ગુમસુમ થઈ ગઈ.એમણે મારી સાથે એક શબ્દની પણ વાત નહીં કરી.

હું પણ મારા રૂમમાં જઈને સૂઈ ગયો. પણ, મને ઊંઘ આવી નહીં. મને ચારે બાજુ લોહી-લોહીના જ દૃશ્યો દેખાવાં માંડ્યા.લગભગ 11-11.30ની આસપાસ મને મેં જે કર્યું એનું પશ્ચાત્તાપ ચાલું થયું."

*"પપ્પા મરી ગયાં... હું એમને આખી લાઈફ થોડી પણ ખુશી આપી નહીં શક્યો. હવે મમ્મી પણ મારા આ જંગલીપણાના લીધે ઉદાસ થઈ ગઈ છે... અને અનોખી...'*મારાં મનમાં એ વખતે એનો ફોટો આવ્યો. એની સાથે મેં શું-શું નહોતું કર્યું?

મને બહુ દુઃખ થવા લાગ્યું. હવે મારા પરિવારમાં મારી સાથે કોઈ નહોતું. મારા પપ્પા, મમ્મી, બહેન બધાં વિખૂટાં પડેલા પંછી જેવા થઈ ગયાં હતાં.મને આખી રાત ઊંઘ આવી નહીં. હું અંદરોઅંદર તડપતો રહ્યો. મને કોઈ પણ સપોર્ટ કરનારો મળ્યો નહીં. એ જ રાતે મારો મારી ગર્લફ્રેન્ડ સાથે

પણ બહુ મોટો ઝઘડો થયો.

આટલાં વર્ષોથી જે હું સાંભળી રહ્યો હતો એ જ વસ્તુ એણે પણ સંભળાવી, 'તું કોઈ કામનો નથી.' મારું માથું સખત દુ:ખવા લાગ્યું. મને મરી જવાની ઈચ્છા થઈ ગઈ.આટલાં વર્ષોમાં મારી સાથે આવું ક્યારેય થયું નહોતું. હું બહુ એકલતા અનુભવી રહ્યો હતો. હું મમ્મીનાં રૂમમાં ગયો.

મમ્મી અંદરોઅંદર બહુ રડી રહી હતી. મમ્મીએ મને જોઈને પોતાનો ચહેરો બીજી બાજુ પર ફેરવી લીધો. ત્યારે આ વાત જોઈને મને બહુ અસમંજસ થયું.

"મેં આપ બધાનું શું બગાડ્યું છે?" હું જોર-જોરથી પશુની જેમ બૂમો પાડવા લાગ્યો. પણ મને કોઈ પણ પ્રતિભાવ મળ્યો નહીં. હું મમ્મીની પાસે ગયો.

"મમ્મી ! હું કઈ રીતે જીવીશ? તું પણ બોલતી નથી, મારું આ દુનિયામાં છે કોણ? કેમ આપે મને આટલાં વરસ અલગ રાખ્યો? હું મારાં પપ્પાના છેલ્લા વખતમાં પણ એમની સાથે....." મારું ગળું રુંધાઈ ગયું હતું.

મમ્મીને મારા પ્રત્યે થોડી કરુણા આવી હોય એવું લાગ્યું.પણ એણે એ કરુણા બતાવવાની એકેય ચેષ્ટા કરી નહીં. એ જડની માફક મને જોતી રહી. મને મમ્મીની આંખોમાં કયાં ભાવો રમી રહ્યાં છે એનો અંદાજ આવ્યો નહીં.

"પ્લીઝ મમ્મી ! પ્લીઝ...મારી સાથે વાત કર...મને કંઈક તો બોલ...મને બહુ..." હું રડવા લાગ્યો.

"હું શું કહું તને?" આગ ઝરતી વાણી મમ્મીના મોઢામાંથી નીકળી. હું એ અવાજમાં રહેલી કર્કશતાથી દંગ થઈ ગયો.

"તું અમારા સાથે માનવ તરીકે જીવ્યો હોત, તો હું તને કંઈક કહેત. પણ, તું તો અમારી સાથે એક પશુ કરતાં પણ બદતર જીવ્યો છે. પશુ જ પોતાની બહેન ઉપર રેપનો પ્રયાસ કરે ને?" હું છક થઈ ગયો. મમ્મીને કઈ રીતે ખબર પડી ગઈ કે મેં મારી બહેન ઉપર રેપનો પ્રયાસ કર્યો હતો.

"તારા કારણે જ પપ્પાનું મોત જલદી થયું છે. એટલે, મને ઘણી વાર લાગે કે મને ફક્ત અનોખી પણ થઈ હોત ને, તો મને વધારે સુખ હોત. તને પેદા કરવો, એનાથી મોટું પાપ મેં અને તારા પપ્પાએ આ દુનિયામાં કર્યું નથી અને એના જ ફળ અમે હમણાં ચાખી રહ્યાં છીએ.

બહાર નીકળી જા મારા રૂમથી... આજ પછી તારી મૉમ તારા

માટે મરી ગઈ છે, એવું જ સમજજે અને જ્યાં સુધી અનોખી આ ઘરમાં ફરીથી નહીં આવે, ત્યાં સુધી હું એક વસ્તુ પણ ખાવાની નથી.... **GET OUT...?** " કાન ફાટી જાય એટલા જોરથી મમ્મીએ ચીખ પાડી.

મને પહેલી વાર મમ્મીને જોઈને ડર લાગ્યો.આટલી સારી મમ્મીનો આવો સ્વભાવ થઈ શકે એની મને ખબર પણ નહોતી.મારું હૃદય મમ્મીનાં દરેક શબ્દોથી હજાર ટુકડામાં તૂટી ગયું. હું રૂમની બહાર જઈને મમ્મીનાં શબ્દોના ધ્રાસ્કાથી ટાઈલ્સ પર પડી ગયો. હું બેહોશ થઈ ગયો.

સવારે હું જ્યારે ઉઠ્યો, ત્યારે હું પોતાનાં બૅડ પર જ હતો. અમારા ઘરના નોકર રામુએ મને ત્યાં સુવડાવ્યો હતો, પણ એ બધું મને કંઈ પણ યાદ નહોતું.

મારૂં માથું વેદનાથી ફાટી રહ્યું હતું. મેં રામુને બોલાવ્યો. એના મોઢાં પર પણ બહુ દુઃખ હતું. મેં એને એના દુઃખનું કારણ પૂછ્યું.

એણે મને કારણ કહ્યું. મમ્મીએ નાસ્તો કર્યો નહોતો. હું મમ્મીનાં રૂમ પાસે ગયો. અંદરથી રડવાનો અવાજ આવી રહ્યો હતો. હું રૂમને ખટખટાવવા ગયો પણ, એના ઉપર લખેલા શબ્દોએ મને ત્યાં જ રોકી દીધો.

'જ્યાં સુધી તું અનોખી સાથે સુલેહ ન કરી લે, ત્યાં સુધી મને તારો ચહેરો નહીં બતાડતો. નહીં તો, હું આપઘાત કરી લઈશ...ઝેર મારી બાજુમાં જ છે...'

મારી આંખો મારાં પરિવારને આ રીતે તોડવા માટે ઝરવા લાગી. હું ત્યાં જ મમ્મીના રૂમની બહાર એક ઘેરાં દબાણથી બેસી ગયો. *'શું કરવું?"* એ જ મને ખબર નહોતી પડતી.

અનોખી મને ક્યાં મળવાની હતી. મારું મન અનોખીને પ્રેમ સાથે ફરીથી સ્વીકાર કરવા માટે તૈયાર થઈ ગયું હતું.મારા મનમાં મેં કરેલા અત્યાચારો માટે ભયાનક પશ્ચાત્તાપ ચાલું થઈ ગયો હતો. મને મારાં તૂટે-લાં પરિવારને ફરીથી અખંડ પરિવાર બનાવવાની ઈચ્છા જાગી ગઈ હતી.

હું ત્યાંથી ઊભો થઈને કિચનમાં ગયો. રામુ ત્યાં રડતા રડતા મારા માટે નાસ્તો બનાવી રહ્યો હતો.

"રામુ!" મેં એકદમ નબળા અવાજમાં એને બોલાવેલો.એણે પાછ-ળ જોયેલું.

"તને ખબર છે કે અનોખી ક્યાં છે?"મારાં મોઢાં પર રહેલી

સચ્ચાઈને જોઈને એણે પોતાનું મોઢું હલાવેલું. પછી એણે મને અહીંયાંનું એડ્રેસ આપેલું. મને પહેલાં વિશ્વાસ નહોતો થયો, કેમ કે અનોખી ક્યારેય ધર્મ સાથે, એમાં પણ સાધુઓ સાથે જોડાયેલી નહોતી.

પણ, મારાં પાસે વિકલ્પ નહીં હોવાથી અને રામુએ અનોખીનો પીછો કરેલો હોવાથી હું અહીંયાં આવ્યો. અહીંયાં આવીને જોયું તો મને મ.સા. આપે સામેથી વેલકમ કર્યો. તમે મને કઈ રીતે ઓળખી ગયાં એનું મને આશ્ચર્ય થયું.... અને સ્ટોરી અનોખીના આવ્યાં પછી પૂરી થઈ ગઈ..." અનોખીનો ભાઈ વર્ધમાન એકક્ષણ માટે રોકાયો.

"અનોખીના આવવાથી હકીકતમાં પણ મારી સ્ટોરી પૂરી થાય, એવી મારી ઈચ્છા છે. હવે તારે નક્કી કરવાનું છે અનોખી..."પોતાનાં કરેલા કાળા કાર્યોના કારણે વર્ધમાન અનોખી તરફ જોઈ ન શક્યો.

અનોખીને અને મને વર્ધમાનની સ્ટોરી જાણીને આશ્ચર્ય થયું. પૉઝિટીવીટીનો પાવર સ્પષ્ટ જોવા મળ્યો. અનોખી પોતાનાં ભાઈ વર્ધમાનને ગળે લાગી ફરીથી રડવા લાગી. શાસનદ્રષ્ટાશ્રીજી પોતાનું કાર્ય પૂરું થઈ ગયું એવું જાણીને ત્યાંથી નીકળી ગયાં.

હું એમનો સુખદ અંત જોઈને પોતાને કન્ટ્રોલ ન કરી શકી.મારી આંખોમાં પણ વર્ષા ઋતુ ચાલું થઈ ગઈ.



# Chapter - 11

27/9/2010 | I.S.T 11:30 | Gwalior Tank, Mumbai

***REJOINING*** અતિવિષમ હોય છે..!

હું અને અનોખી રૂમમાં બેસીને કેન્ડીક્રશ ગેમ રમી રહ્યાં હતાં. એની ગેમ સ્ટાઈલ અને પ્રેક્ટીસ અવ્વલ હતી, એટલે એ મને ગેમીંગમાં આરામથી હરાવી દેતી.

અનોખી પોતાનાં ભાઈ સાથે પોતાનાં ઘરે પાછી વળી હતી. એની મમ્મીએ એ દિવસે 11 વાગ્યે વર્ધમાન અને અનોખી સાથે નાસ્તો કરેલો. વર્ધમાનમાં આવેલા બદલાવને જોઈને એના મમ્મીને વિશ્વાસ જ નહોતો થતો.

અનોખી એ રાત્રે એના ઘરે જ ઊંઘેલી.એ અને વર્ધમાન નાનાં ભાઈ-બહેનની જેમ એક જ બેડ પર ઊંઘેલા.એમની મમ્મીને આ દૃશ્ય જોઈને સંપૂર્ણ સંતોષ થયેલો. એ પણ રાત્રે શાંતિથી સૂઈ ગયાં હતાં. પોતાનાં સંતાનોની ખુશીથી વધીને કોઈ પણ મમ્મી-પપ્પા માટે બીજું શું હોય?

સવારે અનોખી ઊઠેલી ત્યારે એના માટે નાસ્તો વર્ધમાન પોતે તૈયાર કરીને લાવેલો. વર્ધમાને પોતાનાં હાથેથી અનોખીને નાસ્તો કરાવેલો. આટલાં જલદીથી આવેલા બદલાવથી અનોખીને પણ પોતાનાં ભાઈ વર્ધમાન માટે પૉઝિટીવ સંવેદનાઓ થવા લાગી હતી.1 મહિનાના દુ:ખદ વાતાવરણથી પોતાનાં મનને ફ્રેશ કરવા માટે અનોખીએ બનાવેલા પૅન-કેક્સ સાથે લઈને ત્રણે જણ હેંગીંગ ગાર્ડન ફરવા ગયેલાં.

ત્યાં બેસીને એમણે પોતપોતાની લાઈફની વાતો કરેલી. પછી ત્રણે ચોપાટી આવેલાં, ત્યાં અરેબિયન-સાગરમાં પોતાની નૅગેટીવીટીને પધરાવીને તેઓ સુખસાગર હોટેલમાં ડીનર માટે ગયેલાં. ત્યાં સાઉથ-ઈન્ડિયન ડીશીસ પેટ ભરીને ખાઈને બહાર આવીને કૂલ્ફી-પાર્ટી કરીને તેઓ ફરીથી ઘરે ગયાં હતાં.

બધાંએ ફ્રૅશ થઈને ફરીથી મોડી રાત સુધી વાતો કરેલી. કોઈ પણ જુવે, તો એવું જ લાગે કે જાણે ઘણાં વરસો પછી આ લોકો મળ્યાં હશે.

આજે સવારે અનોખીએ મને મળવા માટે મમ્મીને પોતાને અહીંયાં આવવાની રજા માંગેલી અને વર્ધમાન અનોખીને બાઈક નીન્જા ઉપર છોડવા આવેલો.બાઈકનાં ઍન્જિનનો અવાજ સંભળાતાં મેં નીચે જોયેલું.

'હાય…' મને અનોખીએ કહેલું.

પછી અનોખીએ અને વર્ધમાને ઉપર આવીને શાસનદ્રષ્ટાશ્રીજીને પોતાનાં જીવનને આટલું સરસ બનાવવા માટે થેંક્યુ કહ્યું હતું. વર્ધમાન અનોખીને મારી સાથે છોડીને પોતાની નવી જૉબ પર ચાલ્યો ગયો હતો. સાંજે વળતાં એ એને પિક-અપ કરવાનો હતો.

વર્ધમાનના ગયાં પછી અનોખીએ પોતાની બૅગમાંથી મારાં માટે લાવેલી પૅન-કેક્સ કાઢેલી. મને કેક ખાધે ઘણો ટાઈમ થઈ ગયો હતો. પછી એણે મારાં માટે લાવેલો એક ડ્રેસ મને બતાવેલો. એ બહુ મોંઘો હોય એવો લાગી રહ્યો હતો. મેં એને પ્રાઈઝ પૂછેલી, પણ એણે મને કહી નહોતી. દર વખતે એ વિષય બદલી દેતી.

મેં એની સાથે પૅન-કેક્સ ખાધેલી અને પછી અમે ગેમ રમવા બેસી ગયેલાં. અત્યારે મારો ફ્રી-ટાઈમ હતો, એટલે વાંચવાનું કે બાકી કોઈ કામ મારે અત્યારે કરવાનું નહોતું.

એમ હું મોબાઈલ પર ગેમીંગ ઓછી કરતી, પણ કોઈ મળી જાય તો ટાઈમ ક્યાં ઉડી જતો એનો પણ ખ્યાલ મને રહેતો નહીં.

અને અત્યારે મારો અને અનોખીનો ટાઈમ ગેમીંગમાં જ ઉડી રહ્યો હતો.

અનોખીએ બીજી ગેમ ચાલું કરી કે જે મલ્ટીપ્લેયર રમાય એવી હતી. એનું નામ 8-બૉલ પૂલ હતું. અમે બન્ને એકબીજા સાથે કનૅક્ટ થયાં.મેં આ ગેમ માટે સાંભળ્યું બહુ હતું, પણ ક્યારેય રમી નહોતી.

અમે વારાફરતી પોતપોતાનાં દાવ રમતાં રહ્યાં. હું આ ગેમમાં

નવી હોવાથી પહેલી મેચ હું હારી ગઈ.મને મનમાં દુઃખ થયું કેમ કે મેં મારો વારો વેડફી દીધો હતો.

બીજી ગેમ ચાલું થઈ. મેં પૂરી એકાગ્રતા સાથે બીજી ગેમ રમી. હું જીતી ગઈ.

"તું તો પ્રોની જેમ રમી રહી છે." અનોખીએ કહ્યું. મને મનમાં સારું લાગ્યું.

*" ત્રીજી ગેમ પણ આને હરાવી દઉં."* મનમાં ઈચ્છા થઈ અને અમારી ત્રીજી ગેમ ચાલું થઈ. મેં છેલ્લો શૉટ રમ્યો. એકસાથે બે છેલ્લાં બૉલ હોલમાં ગયાં. હું જીતી ગઈ. હું ડાન્સ કરવા લાગી.અનોખીને થોડું દુઃખ થયું હોય એવું લાગ્યું, પણ એણે મને કોન્ગ્રેચ્યુલેશન્સ કર્યું.

"અપેક્ષા !" અમારા રૂમના બહારથી અવાજ આવ્યો. અમને જમવા માટે કોઈકના ઘરે જવાનું હતું. જૈન લોકોની વસ્તુઓ મને બહુ ભાવતી. અમે જ્યાં રોકાયેલા, ત્યાં ભોજનશાળા હતી, પણ ક્યારેક ક્યારેક કોઈના ઘરેથી જમવા માટેની વિનંતિ આવતી એટલે હું એમનાં ઘરે જતી. ત્યાં તેઓ જાતજાતની આઈટમોથી મારું આતિથ્ય કરતાં. એમાં પણ મારવાડીઓ જેવું આતિથ્ય તો મેં ક્યારેય પણ જોયું ન હતું.

જૈનમ પણ મારવાડી જ હતો અને એની મમ્મી પણ આતિથ્યમાં એક્કો હતી.એના ઘરે આવેલી વ્યક્તિ પ્રશંસા કર્યા વિના ગયો હોય એવું ક્યારેય બન્યું નહોતું.

અમે ડ્રેસીસને બરાબર કરીને એ આંટીના ઘરે ગયાં. એમણે અમારા માટે આજે મારી ફેવરેટ પંજાબી આઈટમો બનાવેલી. પેટ ભરીને મેં ખાધું.એમનો દીકરો ટીવી જોઈ રહ્યો હતો. પાકિસ્તાન અને બીજા કોઈની મેચ હતી. એમનો દીકરો દરેક પાકિસ્તાનના રન કે સીક્સ-ફોર જોઈને "શીટ' કરી રહ્યો હતો. મને એના ઉપર હસવું આવ્યું. છેલ્લે એણે ટીવી બંધ કરી દીધું.

એ મારી સામે આવીને બેઠો.એનું મોઢું પડેલું લાગી રહ્યું હતું.

"શું થયું ?" એ 10-11 વરસના બાળકને મેં પૂછ્યું.

"પાકિસ્તાન જીતી ગયું..."

"તો?" એણે મારાં સામે છયું જોયું.

"તમે ઈન્ડિયન છો?" એને તોછડાઈથી પૂછ્યું.મને એવું વર્તન જોઈને લાગી આવ્યું.

"એય..." એની મમ્મીએ એને ખખડાવ્યો, "આ રીતે આપણા ઘરમાં આવેલા સાથે વાત ન કરાય?" બાળકે મમ્મી તરફ જોયું.

"મમ્મી ! આ દીદી મને પૂછે છે કે પાકિસ્તાન જીત્યું તો શું થયું? આ દીદીને ખબર નથી કે પાકિસ્તાન આપણો દુશ્મન છે. એ ક્યારે કોઈ પણ વસ્તુમાં જીતવું ન જોઈએ." મમ્મીએ દિકરા તરફ લાલ આંખોથી જોયું. એ ત્યાંથી ઊઠીને પોતાનાં રૂમમાં ચાલ્યો ગયો.

"સૉરી અપેક્ષા!" એની મમ્મીએ કહ્યું,"આર્યન ! ઈન્ડિયાનો મોટો ફૅન છે અને એટલે ચાઈના, પાકિસ્તાન કે એના કોઈ પણ શત્રુઓ ક્યારેય પણ જીતી જાય, તો એનો મૂડ બગડી જાય છે. અમે શું કરી શકીએ?" મને વાત સમજાઈ.

"એ નાનો છે એટલે આવું થાય.મોટાં થયાં પછી એ નૉર્મલ થઈ જશે."મેં એના મમ્મીને આશ્વાસન આપ્યું.

"ભગવાનને પ્રાર્થના કર એવું થઈ જાય."આર્યનનાં મમ્મીનાં મોઢાં પર ટૅન્શન દેખાયું.

હું અને અનોખી ચટાકેદાર આઈટમોને આટોપીને ફરીથી ઉપાશ્રયમાં આવ્યાં. મેન રૂમ કે જ્યાં બધાં મ.સા. બેસતાં ત્યાં પડદો ખૂલેલો હતો. એની પાછળ બેસીને મ.સા. પોતાનું એક વારનું ભોજન લઈ રહ્યાં હતાં. શાસનદ્રષ્ટાશ્રીજી, એમના ગુરુણી અને બીજા પણ સક્ષમ મ.સા. આખા દિવસમાં ફક્ત એકવાર ભોજન લેતા.

મને તો એ વિશે વિચાર કરતાં પણ પેટમાં ભૂખ લાગવાની ચાલુ થઈ જતી.

હું અને અનોખી રૂમમાં જઈને એ.સી.ઑન કરીને બૅડ પર સૂઈ ગયાં.

**I.S.T. 4:00**

"અનોખી! અપેક્ષા ! આ ગીત તમે શીખી લો... આ બહુ ફેમસ અને હૃદયસ્પર્શી ગીત છે." અમને હાથમાં શાસનદ્રષ્ટાશ્રીજીએ બૂક આપી. એના ઉપર **'અમૃતવેલની સજ્ઝાય'** નામ લખેલું હતું.

"આનો મતલબ શું છે ?" મેં શાસનદ્રષ્ટાશ્રીજીને એ નામ બતાવ્યું. "હું તને એ રાત્રે બતાવીશ...હમણાં, તમે બન્ને ગોખો..." શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું.

અમે બન્ને એને કંઠસ્થ કરવા લાગ્યા. એમાં 28 ગાથા હતી.2 કલાકમાં મારી 28 ગાથા થઈ ગઈ.

"પૂરું થઈ ગયું."મેં શાસનદ્રષ્ટાશ્રીજીને હાથમાં બૂક આપી અને બધી ગાથા સંભળાવી દીધી. અનોખી અત્યાર સુધી 10 જ ગાથા કરી શકી હતી.

મને એ જોઈને ખુશી થઈ, *"મેં એના પહેલાં પૂરું કર્યું.'* શાસન-દ્રષ્ટાશ્રીજી મને જ જોઈ રહ્યાં હતાં.

***

"બાય અનોખી ! કાલે મળશું..." કહીને હું ફરીથી શાસનદ્રષ્ટાશ્રીજી પાસે આવીને બેઠી. અનોખી રાત્રી-રોકાણ અહીંયાં કરવા માટે પોતાનાં ઘરે અને ભાઈને ફોન કરેલો, પણ બન્ને જગ્યાથી એને નૅગેટીવ જવાબ આવ્યો હતો. અનોખીને અમારી સાથે રહેવામાં અલગ જ આનંદ અનુભવાતો. એનો સ્વભાવ બહુ જ રોયલ હતો. આ સમયમાં આવો સ્વભાવ બહુ ઓછાનો મળતો.

શાસનદ્રષ્ટાશ્રીજી બીજા મ.સા. સાથે કંઈક ચર્ચા કરી રહ્યાં હતાં. એટલે મેં એમને ડીસ્ટર્બ કર્યા નહીં. હું આજે શીખેલા ગીતને ગણગણાવવા લાગી. મ.સા. સાથેની શાસનદ્રષ્ટાશ્રીજીની વાત પૂરી થઈ અને એ મારા તરફ વળ્યાં. હું ગીતમાં ડૂબેલી હતી. થોડા ટાઈમ પછી મને ખબર પડી કે

શાસનદ્રષ્ટાશ્રીજી ફ્રી થઈ ગયાં છે. હું એમના સામે જોઈને શરમાઈ જવાના કારણે હસી.

"તું સારી રીતે ગીત ગાય છે. આ તને ગમ્યું લાગે છે." શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી પ્રશંસા કરી.

"હા, મને આ ગીત ગમે છે. યુ-ટ્યુબ ઉપર એનો રાગ પણ શોધી લીધો છે. એ પણ સારો છે.પણ અનોખીના રાગ સામે તો..." સવારે મંદિરમાં એના રાગની તો શાસનદ્રષ્ટાશ્રીજીએ પણ પ્રશંસા કરેલી. શાસનદ્રષ્ટાશ્રીજીની આંખો ફરકી.

"અપેક્ષા! તને ખબર છે કે ઈઝરાયેલ અને સીરિયામાં શું ફરક છે?"

*"કેમ આવો પ્રશ્ન મને પૂછ્યો ?'* એ જ મને સમજાયું નહીં. *કંઈક થયું હતું ત્યાં?'*

"હા... એક જ્યુઈશ દેશ છે અને એક મુસ્લીમ દેશ."મને જેટલું યાદ હતું, એટલું મેં કહ્યું.

"બન્નેમાં સમાનતા શું છે?" બીજો પ્રશ્ન શાસનદ્રષ્ટાશ્રીજીએ કર્યો.

"એ જ કે બન્ને સતત લડ્યા કરે છે..." શાસનદ્રષ્ટાશ્રીજીએ મેં સાચું કહ્યું છે એ માટે સ્મિત આપ્યું. મારાં પપ્પાને વર્લ્ડ પોલિટીક્સનો સારો રસ હોવાથી એ ઘણી વાર આ બધી વસ્તુ વિશે ચર્ચા કરતાં. હું પણ એ બધી વસ્તુ રસથી સાંભળતી.

"મને પ્રશ્ન એ થાય છે કે ઈઝરાયેલ આટલો સમૃદ્ધ કેમ છે અને સીરિયા અસમૃદ્ધ કેમ છે ?" આ વાત પર મેં ક્યારેય વિચાર્યું નહોતું.

"કેમ છે આપને ખ્યાલ છે ?" શાસનદ્રષ્ટાશ્રીજી મારી સામે જોતાં રહ્યાં. બે મિનિટ પછી એ જાણે કે પોતાનો વર્ષોનો અનુભવ કહેતાં હોય એ રીતે એ બોલવા લાગ્યાં.

"અપેક્ષા! બેમાં ફરક એ બે દેશની માનસિકતામાં છે. ઈઝરાયેલ જે રીતે તને ખ્યાલ જ હશે માટીમાંથી ઊભાં થયેલાં ફીનીક્સ જેવો છે. જે જ્યુઝને જર્મનીમાંથી બહાર કાઢવામાં આવેલા એ બધાએ ભેગા મળીને આ દેશ ઉભો કરેલો છે.

એ જ્યુઝ પાસે કંઈ પણ ન હતું, પણ એમની પાસે એક લક્ષ્ય હતું,ગોલ હતો.એ પોતાને ઉપર લાવવા માગતા હતાં પોતાની શક્તિ વધારીને.

જ્યારે સીરિયા એ પોતાનાં અંદરના યુદ્ધમાંથી જ ઊંચું નથી આવતું.એ પોતે જ પોતાની શક્તિનો વેડફાટ બીજાને નીચું દેખાડવા, બીજાને ડીસેબલ કરવામાં કરે છે.

ઈઝરાયેલનો વિકાસ એની પૉઝિટીવીટીને કારણે થયો છે. એ પોતે પોતાનાં વિકાસમાં આનંદ પામે છે, સાથે સાથે બીજો જો અટેક કરે, તો એ રિએક્ટ કરે, બીજાનું નુકસાન કરવા કે બીજાની હારમાં ઉત્સવ મનાવવા એ ક્યારેય જતો નથી.

સીરિયા આનાથી આખો ઊંધો છે. એ તો એના સામેનાં દેશને નુકસાન પહોંચાડવામાં, એમને નીચું દેખાડવામાં જ પોતાની સફળતા માને અને એટલે એ પોતે ક્યારેય સફળ થઈ શકશે નહીં. એની શક્તિ બીજાના પરાજયમાં આનંદ માનવામાં જ પૂરી થઈ જાય છે."

"સમજી તું?" શાસનદ્રષ્ટાશ્રીજીએ મને ગુપ્ત સંદેશ આપી દીધો હતો.

" અપેક્ષા ! આ દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા જે પોતાની સફળતામાં આનંદ અનુભવે, બીજા જે બીજાની સફળતામાં આનંદ અનુભવે, ત્રીજા જે પોતાની નિષ્ફળતામાં આનંદ અનુભવે અને ચોથા જે બીજાની નિષ્ફળતામાં આનંદ અનુભવે..

એમાંથી જે બીજા છે એ ઓછા છે અને આપણે એમને ભગવાન-પ્રભુ કહી શકીએ. બીજાની સફળતાને જોઈને, એમાં પણ પોતાનાં શત્રુની સફળતા જોઈને આનંદ-ખુશી ફક્ત ભગવાનને જ થાય. કેમ કે એ તો પોતાનાં શત્રુનું પણ કલ્યાણ જ ઈચ્છતા હોય છે.

જે ત્રીજા પ્રકારના લોકો છે જેને આપણે ગાંડા કહીએ છીએ, તેઓ પોતે નિષ્ફળ થાય, તો એની પાર્ટી મનાવે. એમનામાં અને ગાંડામાં બહુ અંતર નથી. જેમ ગાંડો પોતાનાં ઉપર ગંદુ પાણી નાંખીને ખૂશ થાય, એમ આ લોકો પણ ગંદી નિષ્ફળતા પોતાનાં ઉપર નાંખીને આનંદિત થાય.

જે પહેલા પ્રકારના છે, એમને આપણે માણસ કહી શકીએ. બીજાનું જે થાય તે, પણ આપણને સફળતા મળી, તો આપણે આનંદિત થઈએ.એને આપણે સામાન્ય માનવ સ્વભાવ કહીએ.

અને." શાસનદ્રષ્ટાશ્રીજીએ વેધક દૃષ્ટિથી મારી સામે જોયું.

" જે ચોથા પ્રકારના લોકો છે એ સાચે જ ચોથી પાયરીના છે. એમને આપણે શેતાન-ડેવીલ કહીએ છીએ. તેઓ એવા ખરાબ સ્વભાવના

હોય છે કે જે બીજાના નુકસાનમાં જ પોતાનો આનંદ માને. આ લોકો ધરતી ઉપર ભાર જેવા છે. તેઓનું હોવું એ જ આ ધરતી માટે અભિશાપ છે.

બીજા ફેલ થાય એમાં એ બીજાઓને જેટલું દુઃખ હોય, એના કરતાં વધારે સુખ આ થર્ડ-ક્લાસ લોકોને હોય છે. મૈત્રી નામની વસ્તુ કોને કહેવાય એ જ આ રાક્ષસોને ખબર નથી હોતી." આગઝરતી સ્પીચ સાંભળીને હું છક રહી ગઈ.

મને એ દિવસે ઘટેલી બધી ઘટનાઓ યાદ આવવા લાગી. મને આર્યન દેખાયો. મને હું પોતે દેખાઈ. ઈઝરાયેલના લોકો મને દેખાયાં અને બૉમ્બ-સ્ફોટમાં ઘાયલ થયેલાં, પોતાનાં મમ્મી-પપ્પા-ભાઈ-બહેનનાં મરી જવાના કારણે રડતાં, ખૂનની પિચકારીઓથી ખરડાયેલી જમીન પર લોટતાં હજારો અનાથવાળો સીરિયા દેખાયો.



# Chapter - 12

**30/9/2010** | **I.S.T.21:30** | *Gwalior Tank, Mumbai*

**3 RULES** અતિવિષમ હોય છે....!

“હેલો અપેક્ષા ! ” મમ્મીનો ફોન હતો. એમના અવાજમાં મને ડર અનુભવાઈ રહ્યો હતો. એકદમ દુઃખમય પ્રસંગ બન્યો હોય, એવું લાગી રહ્યું હતું.

“મમ્મી! આપ કેમ ગભરાયેલાં લાગો છો?” મારા અવાજમાં પણ ટેન્શન ભેગું ભળ્યું....

“અપેક્ષા ! હું તને બહુ દુઃખભરી ન્યૂઝ આપવાની છું.” મારી ધડકનો વધી ગઈ.

“શું....?"

"અપેક્ષા ! પપ્પાને હાર્ટ-અટૅક..”મારાં હાથમાંથી ફોન નીચે પડી ગયો.મારી આંખો અને હૃદય રડવા લાગ્યાં.

“હેલો...હેલો...” મોબાઈલમાંથી અવાજ સંભળાયો, પણ મેં પ્રતિભાવ આપ્યો નહીં. મને એક મોટો ઝટકો લાગી ગયો. મારાથી જોડાયેલા બધાં લોકોને હૉસ્પિટલ સાથે કોઈ જોડાણ હોય એવું મને લાગવા માંડ્યું.

ફોન કટ થઈ ગયો.

**I.S.T.22:00**

મમ્મીનો ફોન એન્ગેજ્ડ આવી રહ્યો હતો. છેલ્લી 15 મિનિટથી હું પ્રયત્ન કરી રહી હતી.ન્યૂઝ સાંભળતાં જ જાણે કે હું એક મોટાં વાવાઝોડાથી ટકરાઈ હોઉં એવું મને લાગેલું.

પછી મારી જાતને પોતાનામાં લાવીને મેં મારી પરિસ્થિતિ તપાસી હતી. મેં પણ મમ્મીને વાત બરાબર નહીં કરીને મોટો ઝટકો જ આપેલો. હું ત્યારે મારો કન્ટ્રોલ ખોઈ બેઠી હતી.

મેં ફરી ફોન લગાવ્યો. રીંગ ગઈ. લાંબા ટાઈમ પછી'હેલો...' સંભળાયું.

"શું થયું છે મારાં પપ્પાને?"હકીકત જાણવા માટે મેં નર્સને પ્રશ્ન કર્યો.

"એને મોટો હાર્ટ-અટૅક આવ્યો છે. તારા પપ્પા અત્યારે ગંભીર પરિસ્થિતિમાં છે. કેટલા ટાઈમ સુધી એ જીવશે એ પણ કંઈ નક્કી નથી?" હૃદય પર હથોડા જેવા શબ્દો ઠોકાયા.

"ચાન્સીસ?"

"50-50."

"હૉસ્પિટલ કઈ છે?" હું જઈ શકું એ માટે મેં પૂછ્યું.

"એશિયન હાર્ટ... "મારાં ઘરની બાજુમાં રહેલી 5-સ્ટાર હોટેલ જેવી હૉસ્પિટલ મને દેખાઈ.

"અપેક્ષા! તું ભાગ્યશાળી છે કે તારા પપ્પા પાસે મિ. ઓસવાલ જેવા ફ્રેન્ડસ છે, નહીં તો કદાચ આ હૉસ્પિટલ તમારા પપ્પાનો કેસ પણ લેત નહીં..."જૈનમને જઈને હગ કરવાની ઈચ્છા મને થઈ.મને જૈનમે આપેલો વાદો જૈનમે પૂરો કરેલો. એના શબ્દો મારા મનમાં એમ્બોસ થયાં.

" તું તારા મમ્મી-પપ્પાની ચિંતા ના કર, હું એમનો ખ્યાલ રાખીશ."

I.S.T.22:15

"હેલો જૈનમ! બધું સારું તો છે ને?" ભયપૂર્ણ અવાજમાં મેં પૂછ્યું.

"તને ટેન્શન લેવાની જરૂર નથી, અહીંયાંના ટૉપ ડૉક્ટર્સ તારા પપ્પાને બચાવવા માટે પોતાની કમર કસી રહ્યાં છે. અને અંદરની ન્યૂઝ પ્રમાણે તારા પપ્પા ખતરાની બહાર છે. હવે મહેનત એમના શારીરિક ફંક્શન્સને જેટલું ઓછું નુકસાન થાય એ માટે ચાલી રહી છે."

મને શાંતિ થઈ. મારાં આંખમાં જૈનમની મદદ માટે પાણી તરી આવ્યું.

"થૅંક્યુ..." એટલું મારાં મોઢાંમાંથી નીકળ્યું.

"મૅશન નૉટ... હું તારા માટે મરી શકું."પાછળથી કોઈકનો અવાજ સંભળાયો. એ અવાજ ઉતાવળો હોય એવું લાગ્યું.

"સ્વીટહાર્ટ ! હું તને પછી ફોન કરીશ.મારે અહીંયાં દવા લાવી આપવાનું મોટું કામ આવ્યું છે અને નર્સ મારું માથું..." ફોન કટ થઈ ગયો.

મેં ફરીથી 10 મિનિટ પછી ફોન ટ્રાય કર્યો. ફોન લાગ્યો નહીં.

મેં જૈનમ પર મૅસેજ છોડ્યો.

**"મારી ત્યાં અત્યારે જરૂરત હોય તો હું અત્યારે જ રાત્રે આવી જાઉં."**

**"જરૂરત નથી.... તું સવારે આવી શકે છે. રાત્રે એ પણ એકલા સફર કરવાનું ગાંડપણ ફરીથી નહીં કરતી."** શબ્દો કર્કશ હતાં, પણ એમાં ચિંતા સ્પષ્ટ દેખાઈ રહી હતી.

મેં પ્રભુને બધું સારું કરવા માટે હૃદયનાં ઊંડાણથી પ્રાર્થના કરી.

**I.S.T.22:30**

શાસનદ્રષ્ટાશ્રીજી સુવા માટેની તૈયારી કરી રહ્યાં હતાં. હું ધીમેથી જઈને રૂમના કૉર્નરમાં ઊભી રહી. મને બહુ એકલું લાગી રહ્યું હતું. કદાચ અનોખી હોત તો?

છેલ્લા 2-3 દિવસમાં અનોખી અને મારી ફ્રેન્ડશિપ એકદમ વધી ગઈ હતી. અમે એકદમ નજીક આવી ગયાં હતાં. એનાં દુઃખમાં મને દુઃખ અનુભવાતું અને એ જ્યારે ખુશ દેખાતી ત્યારે મારો ચહેરો પણ ખુશ થઈ જતો. એક અતૂટ બંધન અમારી બન્નેની વચ્ચે બંધાઈ ગયું હતું.

એ લગભગ દરરોજ મારાં માટે નવી ડ્રેસીસ,રેસિપીથી બનાવેલી આઈટમો,નવાં ગેજેટ્સ લઈ આવતી.એ અતિ-ઉદાર હતી. એની સાથે જ્યારે પણ હું બહાર જતી, ત્યારે મારે મારી પર્સ ક્યારેય ખોલવી નહોતી પડતી, કેમ કે હું ખોલું, એ પહેલાં તો પેમેંટ થઈ જ ગયું હોય.

એના ભાઈ વર્ધમાને પણ ધાર્મિક કાર્યક્રમોમાં જવાનું ચાલુ કર્યું હતું અને એ નિયમિત અમારી જગ્યા પર પણ આવતો.એ શાસનદ્રષ્ટાશ્રીજીને બાકી બધાની જેમ સ્પેશિયલ માનતો અને એ પણ S.D નો ફૅન બની ગયો હતો. એણે મને એક વાર ડિઝનીની ઓરીજીનલ વૉચ લાવીને આપી હતી.

“તે જ મારી અનોખીને એના ડીપ્રેસ્ડ અવસ્થામાં સંભાળી છે. હું તને વધારે કંઈ આપી ન શકું, પણ...” આંખની કિનારીથી એક ટીપું નીચે પાડતાં વર્ધમાને મને બૉક્સ આપ્યું હતું. પછી એ પોતાની બાઈક પર અનોખી સાથે પાછો વળી ગયેલો.અનોખીનો આખો પરિવાર કંઈક અલગ જ માટીનો હતો.

શાસનદ્રષ્ટાશ્રીજીએ મને ખૂણામાં ઊભેલી જોઈ. એમને જાણે કે ખબર પડી ગઈ હોય કે મને કોઈ તકલીફ હેરાન કરે છે, એ રીતે એમણે મને બોલાવી.

**I.S.T.22:35**

"ઓહ ! આ તો બહુ ખરાબ ન્યૂઝ છે !" મારા બહાર વહી રહ્યાં અશ્રુઓ સામે જોઈને શાસનદ્રષ્ટાશ્રીજીએ કહ્યું. મેં એમને મમ્મીના અને જૈનમના ફોન કૉલ વિશે વાત કરેલી અને પછી 'મારી સાથે જ કેમ આવું થાય છે?'એ આક્રંદ વ્યક્ત કરેલો. શાસનદ્રષ્ટાશ્રીજીને પણ થોડોક ઝટકો લાગ્યો હોય એવું એમના મોઢાંથી ખબર પડતી હતી.

"અપેક્ષા ! તું રડ નહીં... તું આમાં કંઈ પણ કરી શકે એવું નથી.આ તો પ્રકૃતિનો સ્વભાવ છે.એની સામે કોઈનું કંઈ પણ ચાલી શકતું નથી." શાસનદ્રષ્ટાશ્રીજી ઊંડા અનુભવ સાથે બોલતા હોય એવું મને લાગ્યું.

"કાલે મારે કદાચ જવું પડશે." થોડીક શાંત થઈને મેં મારા મનની વાત વ્યક્ત કરી.શાસનદ્રષ્ટાશ્રીજીનું શું મન્તવ્ય હતું, એ મને જાણવું હતું.

"એ તારો નિર્ણય સાચો જ છે. જ્યાં જ્યારે જે વ્યક્તિની જરૂરત હોય, ત્યાં એને ત્યારે રહેવું જરૂરી છે.એટલે તું જઈ શકે છે." સહજતાથી શાસનદ્રષ્ટાશ્રીજીએ મને કહ્યું. હું એમની સહજતાની બહુ મોટી ફૅન હતી.

"તો, હવે ફરીથી ક્યારે આપણે મળશું..?" મારો અવાજ રડવાના કારણે દબાઈ ગયો. શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં માથા પર હાથ મૂક્યો.

"ટૅન્શન નહીં લે...ભલે હું તારી સાથે ત્યાં નહીં હોઉં, પણ તને હું ગોલ્ડન રુલ્સ આપવા માગું છું કે જે તને મારી જેમ જ તારા લાઈફના દરેક સ્ટેજ પર મદદ કરનારા થશે.." એવા તો કયા રુલ્સ હતાં કે જે મને મદદ કરનારા થાય? અને એ પણ શાસનદ્રષ્ટાશ્રીજી જેટલા? મારાં મનમાં વાત બેસી નહીં.

"અપેક્ષા ! હું જે અત્યારે તને સલાહ આપું છું એ મારાં જીવનના વરસોનો રિસર્ચ છે. એટલે ધ્યાનથી સાંભળજે..." ગિફ્ટની જેમ કોઈ વ્યક્તિ રાહ જુએ એમ મેં ધ્યાનથી શાસનદ્રષ્ટાશ્રીજીને બોલવા માટે રાહ જોઈ.

"અપેક્ષા! હાલમાં જ મેં એક જરનલમાં એક વ્યક્તિની સ્ટોરી વાંચેલી.

એ 1964માં જનમ્યો હતો.એના રાજ્યમાં ઈંગ્લીશનું પ્રચલન બહુ

ઓછું હતું. ત્યાં જે પણ ટુરિસ્ટ આવતાં એ આ પરેશાનીના કારણે ત્યાં બરાબર વાતચીત નહોતાં કરી શકતાં.

બાળપણથી એ વ્યક્તિને ઈંગ્લીશ શીખવાનો શોખ હતો. એ જેમ-જેમ મોટો થતો ગયો, તેમ તેમ એ ઈંગ્લીશમાં માસ્ટરી લાવતો ગયો.એ વ્યક્તિએ આગળ વધીને ઈંગ્લીશમાં બી.એ. લોકલ યુનિવર્સિટીમાંથી કર્યું. જ્યારે એ સ્કૂલમાં હતો, ત્યારે એ ઈંગ્લીશની પ્રેક્ટીસ કરવા માટે 70 માઈલ સુધી પોતાની સાઈકલ પર ફોરેનર્સના ગાઇડ તરીકે જતો. એની ઈંગ્લીશ સુધરતી ગઈ.

કૉલેજનો બી.એ.કોર્સ પૂર્ણ થયાં પછી એણે એક 4-star હોટેલમાં નોકરી માટે અપ્લાય કર્યું.એની સાથે બીજા 24 જણ હતાં. પણ ભાગ્ય!" હું બરાબર સાંભળું છું કે નહીં એ જોવા માટે શાસનદ્રષ્ટાશ્રીજીએ મારાં તરફ જોયું. હું સંપૂર્ણ એકાગ્ર હતી.

"એનો નંબર લાગ્યો નહીં. એટલું જ નહીં 24માંથી 23 જણનો નંબર લાગી ગયો.પણ એનો નહીં. એણે બીજી એક પોતાનાં જાતવાળી વ્યક્તિ પાસે પણ પ્રયત્ન કર્યો. એણે પણ ના પાડી દીધી...

એ પોતાનાં શહેરના 30 અલગ-અલગ કમ્પનીઓ.... રેસ્ટોરન્ટમાં ફર્યો, પણ પરિણામ એ જ..

એક પીઝાની દુકાનમાં એ અને એનો ફ્રેન્ડ નોકરી માટે ગયાં... એના ફ્રેન્ડના ટકા એના કરતાં ઓછા હતાં...એનો મિત્ર ચુંટાઈ ગયો... પણ એના મોઢાં પર પીઝાવાળાએ દરવાજો બંધ કરી દીધો.

અંતે કોઈ વિકલ્પ નહીં રહેતા, એ નેશનલ પોલીસમાં જોડાયો. એક અઠવાડીયા પછી મેન પોલીસ ઑફિસરે એને સ્પષ્ટ કહી દીધું કે 'તું આ નોકરી માટે યોગ્ય નથી."

આ સમયના ગાળામાં જ એણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં પણ અલગ-અલગ કોર્સમાં અપ્લાય કરેલું. ત્યાંથી પણ એ 10 વખત રિજેક્ટ થઈ ગયો.

એણે એ ટાઈમથી એક લક્ષ્ય નક્કી કરી લીધું. *'એક દિવસ હું આ યુનિવર્સિટીમાં મહેમાન વક્તા તરીકે જઈશ.'* 1995 સુધી એકેય નોકરી માટે યોગ્ય નહીં હોવાથી,એણે નોકરી કરવાનો વિચાર છોડી દીધો.નોકરી નહીં મળવાના કારણે એના મનમાં વ્યાપારી બનવાની ઈચ્છા વિકસિત થઈ.

1995 માં એણે પોતાનાં ફ્રેન્ડ સાથે ઈન્ટરનેટના વિષય પર વધારે શોધ કરવા માટે અમેરિકા જવાનું ફિક્સ કર્યું. થોડા ટાઈમ પહેલાં જ

એનો નેટ સાથે પરિચય થયો હતો અને એને એ નેટ ગમી ગયો હતો.

તેઓ અમેરિકા ગયાં, અલગ-અલગ કમ્પનીઓની કાર્ય પદ્ધતિ ત્યાં જોઈ. આ બધામાં એને એક આશ્ચર્ય એ થયું કે બધી વસ્તુમાં આગળ એમના દેશનું નામો-નિશાન પણ આ વિષયમાં હતું નહીં. પહેલીવારના પૈસા નાખીને એમણે પોતાનાં દેશની અલગ-અલગ કમ્પનીઓને સર્વિસ આપવાનું ચાલુ કર્યું.

ધીમે-ધીમે એનું કાર્ય વધતું ગયું. 1999માં એણે 5 મિલિયનના વૅલ્યુના ઈન્વૅસ્ટમૅન્ટથી બીજી એક કમ્પની ખોલી અને આજે એ કમ્પની દુનિયાની સારી એવી પૈસાવાળી કમ્પની છે. એ વ્યક્તિ દુનિયાના ટૉપ 100માં છે અને કદાચ એનો વિકાસ જોતાં 2020 સુધી એ ટૉપ 10 માં આવી જશે.

જાણે છે તું, એ વ્યક્તિ કોણ છે ?' શાસનદ્રષ્ટાશ્રીજીએ મારી સામે જોયું.

મેં ઘણા વ્યાપારીઓને જોયેલાં અને સાંભળેલાં,પણ આટલાં મહેનત પછી ઉપર આવેલા બિઝનેસમૅનના વિશેમાં હું પહેલી વાર જ સાંભળી રહી હતી. મેં ના પાડી.

"અપેક્ષા! આ બિઝનેસમૅન 46 વરસનો ચાઈનીઝ છે અને એનું નામ "જૅક મા" છે..." કોઈક જગ્યાએ મેં નામ સાંભળ્યું હોય એવું મને લાગ્યું. કદાચ ક્યારેક જૈનમે કહ્યું હોય. જૈનમને બિઝનેસમૅનની લાઈફ ફોલો કરવાનો રસ હતો.

"પણ, શાસનદ્રષ્ટાશ્રીજી! આમાં આપણા 3 રુલ્સ કઈ રીતે આવ્યાં?" સ્ટોરીના પાયામાં રહેલાં 3 રુલ્સવાળી વાત મને યાદ આવી.

"હા... એનો મતલબ કે તું ધ્યાનથી સાંભળી રહી હતી. મને આ સ્ટોરી વાંચ્યા પછી આ જૅક માની લાઈફમાં મારાં 3 ત્રણ રુલ્સ સમાઈ જતાં દેખાયા અને એ જોઈને મને વિશ્વાસ આવ્યો કે મારાં રુલ્સ એકદમ સાચા હતાં. અપેક્ષા! હવે એ ત્રણ રુલ્સને સાંભળ..

**(1) GOD KNOWS EVERYTHIG RIGHT AND GOD DOES EVERYTHING RIGHT... SO ACCEPT EVERY SITUATION AS A GIFT OF GOD.**

(2) SPEAK LESS, LISTEN MORE, SEE MORE.

(3) WHEN YOU THINK THAT A GOAL IS HARD TO REACH, DON'T CHANGE THE GOAL, CHANGE YOUR EFFORTS, TOWARDS THE GOAL.

અપેક્ષા ! આ 3 ગોલ્ડન રુલ્સ તું તારી લાઈફમાં અપનાવજે. અને હું તારી સાથે શરત લગાવું છું કે તું ક્યારેય દુ:ખમાં જઈશ નહીં. તું ક્યારેય ડીપ્રેસ્ડ  નહીં થાય."

મને શાસનદ્રષ્ટાશ્રીજીના ગોલ્ડન 3 રુલ્સ સાચે જ મારાં લાઈફમાં લાગતાં હોય એવા લાગ્યાં. લાંબા સમય માટેનું અમૃત મારી આત્માને મળી ગયું.

**1/10/2010** **I.S.T. 6:00**

અનોખી મને મારાં-સફેદ ડ્રેસીસ સમેટવામાં મદદ કરી રહી હતી. કાલે રાત્રે જ મને મારા પપ્પાના અટૅકના ન્યૂઝ મળતાં મેં અનોખીને કહી દીધેલું. એણે **'હું ત્યાં 5.30 સુધીમાં આવી જઈશ.'** નો મૅસેજ કરેલો.

આજે સવારે 5.30નો અલાર્મ વાગવા છતાં હું ઊઠી શકી નહોતી, કેમ કે કાલે રાત્રે શાસનદ્રષ્ટાશ્રીજી અને મારાં વચ્ચે 12 વાગ્યાં સુધી વાત ચાલેલી. મેં એમની પાસે મુંબઈની જલદીથી બદલાતી લાઈફમાં સ્વસ્થ રહેવાની સલાહ માંગેલી અને એમણે મને પોતાનું હૃદય ખોલી સલાહ આપેલી.મારાં ઘણાં ખરાં પ્રશ્નોં પણ એમાં સૂલઝી ગયાં હતાં. પછી છેલ્લી વાર સૉરી કહીને હું ઊંઘી ગઈ હતી.

આખી રાત મીઠી નીંદરમાં સપનાઓના વ્યાક્ષેપ વગર પસાર થઈ હતી. સવારે અનોખીએ આવીને મને ઊઠાડી હતી.બહાર હલકો વરસાદ ચાલું થયો હતો. હું છત્રી લેવાનું ભૂલી ગઈ હતી. અનોખીએ પોતાની સાથે મારાં માટે એક વધારેની છત્રી પણ લાવેલી.એ સાર-સંભાળમાં નંબર-1 હતી.

પછી છેલ્લાં 10-12 દિવસનો અટારો એણે સાફ કરેલો અને છેલ્લે બધી વસ્તુઓને પોત-પોતાની જગ્યા પર રાખી દીધેલી.

"અપેક્ષા ! તારી સાથે બાન્દ્રા આવું છું."મને આશ્ચર્ય થયું.અનોખી મારી બેસ્ટ ફ્રેન્ડ જેવી હતી, પણ આટલી બેસ્ટ ફ્રેન્ડ હતી એ મને ખબર નહોતી.

"તારી મમ્મી..."

"તું એનું ટૅન્શન નહીં લે. મને તારી સુરક્ષાની ચિન્તા વધારે છે."મને એના મોઢાં પર સાચું ટૅન્શન દેખાઈ રહ્યું હતું.

"ભાઈ પણ કહેતો હતો કે છોકરીઓએ વહેલી સવારે એકલા પ્રવાસ કરવું સુરક્ષિત નથી. એટલે મારી ના હોવા છતાં એ મને બાઈક ઉપર અહીંયાં છોડવા આવેલો..."મને વચ્ચે જ વાતમાં તોડતા અનોખીએ

લૅક્ચર આપ્યું.

મને ખબર પડી ગઈ કે એ પોતાનાં મારી સાથે આવવાના નિર્ણયથી હલવાની નહોતી. મેં મારી બૅગ હાથમાં લીધી અને અનોખીએ પણ પોતાની બૅગ પૅક કરી પોતાનાં ખભાં પર મૂકી દીધી.

**1/10/2010** **I.S.T. 6.30**

"મ.સા. ! હું અને અપેક્ષા સાથે જ BKC જઈએ છીએ." અનોખી-એ મારા તરફ જોયું. હું એક શબ્દ પણ શાસનદ્રષ્ટાશ્રીજી પાસે બોલી શકી નહોતી,કેમકે આંસુ સતત મારાં મોઢાં પરથી વહી રહ્યાં હતાં.મને શાસનદ્રષ્ટાશ્રીજીથી અલગ થવાની ઈચ્છા જ નહોતી થઈ રહી. હું એમની સામે હોવા છતાં અત્યારથી યાદ કરવા લાગી ગઈ હતી. જાણે કે એ બહુ દૂર જવાના હતાં અને પછી ન જાણે ક્યારે મળવાના હતાં એવું મને લાગી રહ્યું હતું.

"અપેક્ષા ! અપેક્ષા ! "બસ" હું શાસનદ્રષ્ટાશ્રીજીના મોઢાં સામે જોઈ શક્તી જ નહોતી.એમણે મારાં ખભા પર હાથ રાખ્યો.

" અપેક્ષા ! એક વસ્તુ સમજ... ઘણી વાર પોતાની ફેવરેટ વ્યક્તિથી અલગ થવું, એ સારા માટે હોય છે. કેમ કે ભવિષ્યમાં તમે એ વ્યક્તિ સાથે હજી સારી રીતે એક થવાના હો છો.એટલે ટેન્શન નહીં લેતી. જ્યારે પણ તું ડીપ્રેસ્ડ થાય, તો ફક્ત મને યાદ કરી લેજે... હું ત્યાં હોઈશ." અશક્ય વાત શાસનદ્રષ્ટાશ્રીજી કરી રહ્યાં હતાં.

"એવું નહીં વિચારતી કે મેં અશક્ય વાત કરી છે, કેમ કે તમે જે વ્યક્તિને અંતરથી યાદ કરો, એ કોઈના કોઈ સ્વરૂપમાં તમારી સાથે-સામે આવી જ જાય છે." મને શાસનદ્રષ્ટાશ્રીજીના શબ્દોમાં રહેલું રહસ્ય સમજાયું.

ગઈ કાલે આપેલા ૩ ગોલ્ડન રુલ્સ મને યાદ આવ્યાં.મેં છેલ્લી વાર શાસનદ્રષ્ટાશ્રીજીની ગોદમાં પોતાનો ચહેરો છુપાવીને મારા હૃદયને ખાલી કરી દીધું. શાસનદ્રષ્ટાશ્રીજીના જાદુઈ સ્પર્શે મારાં બધાં પ્રૉબ્લેમ્સ, ટેન્શન્સને ઓગળાવી દીધાં.



My Note


8





# Chapter - 1





(1/10/2010) I.S.T.08.00 K2 Towers, BKC

**HEALING** અતિવિષમ હોય છે..!

પડોસી પાસેથી ચાવી લઈને મેં ઘર ખોલ્યું. મમ્મીએ મને કહ્યું જ હતું કે હું જ્યારે આવીશ, ત્યારે એ હૉસ્પિટલમાં હશે. મમ્મીએ નાસ્તો તૈયાર રાખવાની વાત કરેલી અને પછી તૈયાર થઈને મને પણ હૉસ્પિટલ આવવાનું મમ્મીએ કહ્યું હતું.

અનોખી મારી સાથે છે, એ વાત મમ્મીને ખબર નહોતી, કેમ કે મને પણ આજે સવારે જ આ વાતની ખબર પડેલી અને મેં મમ્મીને જાણ નહોતી કરી.મમ્મી આવી પરિસ્થિતિમાં અનોખીનું આવવું પૉઝિટીવલી કે નૅગેટીવલી લેશે એનો મને ખ્યાલ નહોતો.

"અનોખી! આ મારું ઘર છે" બૅગ્સ વગેરે સામાનને અંદર લેતા મેં અનોખીની સામે જોયું. એણે મારી બૅગ ઉપાડેલી અને એની બૅગ પણ એના ખભા પર લાગેલી જ હતી. હું એના હાથમાંથી મારી બૅગ લેવા ગઈ, પણ એણે ના પાડી દીધી.

"અપેક્ષા! આ મારું જ ઘર છે અને એટલે જ મારી મહેમાનગીરી કરવાની કોઈ જરૂર નથી. હું તમારા પરિવારની સભ્ય છું એવું જ સમજજે. એટલે તું પોતાનાં પપ્પાની તબિયત પર વધારે ધ્યાન આપજે અને ઘરનું અને મારું કામ ભૂલી જજે." હૃદયના ભીતરથી બોલાયેલા અનોખીના શબ્દો મને સ્પર્શ્યા .

આટલાં પાસે અમે ક્યારે આવી ગયાં હતાં એ જ મને સ્મરણ

નહોતું થતું.એ મારાં બધાં ટૅન્શન્સને જાણતી હોય એવું મને લાગી રહ્યું હતું.એ સાચે જ અનોખી હતી.

મારા માટે મમ્મી મારી ફૅવરેટ આયટમ'ચટપટી' બનાવીને ગઈ હતી. હું અને અનોખી મારા રૂમમાં રોકાયાં.મેં એને મારો કબોર્ડ, મારાં કલેક્શન્સ બધું બતાવ્યું. એ મારી ચોઈઝથી અંજાઈ ગઈ. મેં એને પોતાનો સામાન રાખવાં માટે એક ઍમ્પટી કબોર્ડ આપી દીધો.

એણે 10 મિનિટમાં પોતાની બૅગ ખાલી કરીને ત્યાં સજાવી દીધી . એ કામમાં બહુ ફાસ્ટ હતી.

"અપેક્ષા ! કિચન ક્યાં છે?"

*"એને ભૂખ લાગી હશે'.* મારા મનમાં વિચાર આવ્યો.મેં સહજ રીતે ડાઈનીંગ ટેબલ પર પડેલા મારાં નાસ્તા તરફ આંગળી કરી. અનોખી મારી ઍક્શન જોઈને હસી.

"અપેક્ષા ! હું નાસ્તા માટે નથી કહેતી.આ નાસ્તાને તો હું સ્પર્શ પણ નહીં કરું કેમ કે મને ખબર છે કે તારાં મમ્મીએ તારા માટે ખાસ તારી ફૅવરેટ આઈટમ બનાવી છે. મને તો કિચન જોવું છે." અનોખીની સમજ જોઈને મારું મોઢું શરમથી નીચું થઈ ગયું.

**I.S.T.09:00**

ઘણા દિવસો પછી ઘરમાં બધી વસ્તુઓ કરવાનો આનંદ જ અલગ હોય છે. ઘર ઘર છે ! હું ટૉવેલ પહેરીને બહાર આવી અને પોતાનાં વાળને ડ્રાયરથી સુકાવવા માંડી. છેલ્લા 15 દિવસમાં મેં મારાં વાળની સંભાળ ન કરવાના કારણે એ ચીપકું અને કડક થઈ ગયાં હતાં. આજે મેં પૅન્ટીન શેમ્પુ લગાવીને એને પોચા કરી દીધાં.

કિચનમાંથી નાકના રંધ્રોને ફ્રેશ કરી નાંખે એવી સુગંધ આવી રહી હતી. અનોખી કંઈક બનાવી રહી હતી. મારો નાસ્તો બાકી હતો. વાળને સુકાવી કાચમાં જોઈને મેં એને સ્ટ્રેટનીંગ મશીનથી સીધાં કર્યાં. આજે મેં મારાં વાળ ખુલ્લાં રાખવાનું જ વિચાર્યું હતું.

હું બહાર ગઈ.મારી ચેરની સામે પડેલો મારો નાસ્તો મને દેખાયો નહીં. હું કિચનમાં જવા લાગી.અનોખી કિચનમાંથી બહાર આવી.

"સૉરી અપેક્ષા ! તારે રોકાવું પડ્યું..." અનોખીએ ગરમ બૉર્નવીટા દૂધ અને ગરમ ચટપટી (માઈક્રોવેવની) મારી સામે મૂકી.

"તને કેવી રીતે ખબર કે હું બૉર્નવીટા પીઉં છું?" મને દૂધ જોઈને વિસ્મય થયું.એ જાણે કે મારા મનને બૂકની જેમ વાંચતી હોય એવું મને અનુભવાયું.

"તારા કિચનમાં બૉર્નવીટા હોય, તો લગભગ એને કોણ પીએ?" અનોખીએ મને પ્રશ્ન કર્યો."અપેક્ષા! એ કૉમન સૅન્સ છે કે બૉર્નવીટા એ બાળકો જ લગભગ પીતા હોય. માટે મેં બૉર્નવીટાનું દૂધ તું જ પીતી હશે એવું અનુમાન કર્યું." એકદમ સરળ વસ્તુ હોય એવી રીતે એ બોલી ગઈ...

"પણ તારે આ ગરમ કરવાની શું જરૂર હતી..."

"Ssshhh..." એણે પોતાના હોઠ પર આંગળી રાખી,"તને કદાચ ખબર નથી કે બહેન કોણે કહેવાય. થોડા દિવસ માટે તારે મારું આ આતિથ્ય ઝેલવું પડશે.અત્યારથી જ હું તને સૉરી કહી દઉં છું...હવે મને વધારે પ્રશ્નોં નહીં કરતી, નહીં તો મારી આઈટમ બળી જશે..." અનોખી કિચનમાં ચાલી ગઈ.

આઈટમની સુગંધ કરતાં પણ વધારે અનોખીના લાઈફની ગુણવત્તા મને વધારે ફ્રેશ કરી ગઈ. આવી ફ્રેન્ડ હોય તો ડીપ્રેશનમાં જવું અશક્ય મને લાગ્યું.

I.S.T.10:00

પાર્કિંગની જગ્યામાં બિલ્ડિંગની બહાર હું અને અનોખી ઊભાં હતાં.મેં જૈનમને ફોન કરેલો.વરસાદ વધારે હોવાના કારણે જૈનમે પોતાની મર્સીડીઝ બેન્ઝ મોકલવાની વાત કરેલી. એ પોતે આવવાનો હતો કે નહીં એ વાત નહોતી થઈ.

અનોખીએ પોતાનાં બેગમાં બધાં માટે બનાવેલી અજ્ઞાત આઈટમ પૅક કરીને મૂકી દીધી હતી અને પોતાને શાસનદ્રષ્ટાશ્રીજીએ વાંચવા માટે આપેલી '**સમરાદિત્ય મહાકથા**' નામની બૂક પણ સાથે લઈ લીધી હતી. અમે કેટલા ટાઈમ સુધી હૉસ્પિટલમાં રોકાવાના હતાં એ અત્યારે ફિક્સ નહોતું.

મારા પૅન્ડિંગ કન્ફેશનને કમ્પ્લીટ કરવા માટે મેં લૅપટૉપ પણ સાથે લીધું હતું. ફ્રી ટાઈમમાં એ જ કન્ફેશનનું કાર્ય મારે કરવાનું હતું. 'સમરાદિત્ય મહાકથા' સ્ટોરી વાંચ્યા પછી હવે પાપોને સાફ કરવાની ઈચ્છા વધી ગઈ હતી.

એક બ્લૅક સીડેન પાર્કિંગ લૉટમાં આવી.એમાંથી જૈનમ ઊતર્યો. એને સૂટમાં જોઈને મને હસવું આવ્યું.

"હાય! સ્વીટહાર્ટ! હે આ કોણ છે? જેના વિશેમાં તું મને મૅસેજ કરી રહી હતી અને જેની પ્રશંસા કરતાં તું થાકતી નહોતી એ છે આ? ?" હું હસી.

"ઓહો, શું કૉમ્બો છે? "જૈનમના મોઢાંને જોઈને અમે બન્ને હસ્યાં.

"તમને શું હું જોકર લાગું છું? કાંઈ નહીં...અત્યારે સારાં કપડાઓ પહેરનારાઓને બધાં જોકર જ ગણે છે."પોતાની બ્લૅક સીડેન તરફ જૈનમે ઈશારો કર્યો અને અમે બધાં એ સીડેનમાં બેસી ગયાં.

રસ્તામાં અમે અલગ-અલગ વસ્તુઓ ઉપર ચર્ચા કરી. મમ્મીને ટૅન્શન અને પ્રેશર બહુ વધારે હતા એ વાત જૈનમે મને કરી. મમ્મીની આખી લાઈફ મને સંઘર્ષવાળી જ દેખાઈ. અનોખી ધ્યાનથી બધું સાંભળી રહી હતી. એના વિચાર શું હતાં ? એને વાંચવા મારાં માટે શક્ય નહોતાં.

અમારી ગાડી થોભી થઈ. અમે એશિયન હાર્ટ હૉસ્પિટલના

બેસમેન્ટમાં ઊતર્યા.સામે જ લિફ્ટ દેખાઈ રહી હતી. મેં મારો ડ્રેસ બરાબર કર્યો. જીન્સ અને ટી-શર્ટ આજે મેં પહેરેલાં હતાં.અનોખી પણ એવી જ ડ્રેસમાં હતી. મેં એને મારાં કબોર્ડમાંથી ડ્રેસ સિલેક્ટ કરવાનું કહ્યું હતું. એના માપવાળા ડ્રેસેસ મારાં પાસે ઘણાં હતાં.

*"બહુ વધારે ખરાબ ન્યૂઝ ન હોય.. લૉર્ડ.."* મેં ભગવાનને પ્રાર્થના કરી અને અમે ત્રણે લિફ્ટ તરફ ઊપડ્યાં.

I.S.T.11:00

" અપેક્ષા! તમારાં પપ્પા ખતરાની બહાર છે. બસ, હવે બીજા કૉમ્પ્લીકેશન્સ ન થાય એનો પ્રયાસ અમે કરી રહ્યાં છીએ.તમારા પપ્પાના નર્વસ સિસ્ટમ પર એમની પીવાની આદતને કારણે ફરી ઠીક ન થાય એવું ખરાબ રીએક્શન થયું છે. કદાચ એ ફરીથી ચાલી નહીં શકે." હૃદય ચીરનારી બીજી ન્યૂઝ ડૉક્ટરે આપી.

"ડૉક્ટર! શું એનો કોઈ ઉપાય નથી?" જૈનમે ડૉક્ટરને પૂછ્યું.

"છે. પણ, કદાચ સમય અમારા હાથમાંથી પસાર થઈ ગયો છે. તો પણ હું પ્રયત્ન કરૂં છું. તમે ટૅન્શન નહીં લેતા."ડૉક્ટર પોતાના કામ માટે ચાલવા લાગ્યાં.

"ડૉક્ટર."મેં ડૉક્ટરને રોક્યા."એ જેવા પહેલાં હતાં, એવા થઈ શકે?" ડૉક્ટરે મારાં પ્રશ્નને ધ્યાનમાં લીધો.

"કદાચ હા... કદાચ ના... જો તમે મને માનસિક સ્તર પર પૂછો છો, તો અમારા મોટાં ડૉક્ટર્સે એમના મગજને બગડવાથી બચાવી દીધું છે. જો તમે શારીરિક સ્તરે પૂછતા હો તો... હું પ્રયત્ન કરીશ." એવું ડૉક્ટરના મોઢાં પરથી લાગ્યું.

"ડૉક્ટર! પ્લીઝ..પ્લીઝ... હું તમારી પાસે ભીખ માગું છું કે આપ એમને ઠીક કરી દો." હું એમના પગમાં પડવા ગઈ. ડૉક્ટરે મને ખભાથી પકડી.

"અપેક્ષા! તું મારી રોલ-મૉડલ છે... હું એક S.D. ફૅન છું... અને હું તને પણ સારી રીતે ઓળખું છું... તું મારાં માટે મિરેકલ ગર્લ છે...એટલે તું હવે તારા પપ્પાનું ટૅન્શન છોડી દે. હું એને ઠીક કરવા મારૂં સર્વસ્વ આપી દઈશ... હું તને ક્યારેય ખોટી સલાહ આપવાનો નથી. એટલે હું જે કહું એ શાંતિથી સાંભળજે અને પછી નિર્ણય તમારૂં છે.."પ્રેમ સાથે ડૉક્ટર બોલ્યા.

મને માથા પર ટપલી મારીને ડૉક્ટર નીકળી ગયાં.અડધે જઈને પાછા એ ફર્યા.

“હું તને એક વાત કહેવાની ભૂલી ગયો... આગળથી તું કોઈના પગમાં પડતી નહીં કેમ કે...” ડૉક્ટર બે સેંકંડ માટે રોકાઈ ગયાં,“તારી કિંમત કેટલી છે ! એ તું પણ જાણતી નથી. તું બહુ પ્રીસીયસ છે.'પ્રીસીયસ’ શબ્દ સાંભળીને ‘લૉર્ડ ઑફ ધ રિંગ્સ' નો' ‘ગોલમ 'મને યાદ આવ્યો.

હું જતાં એવાં ડૉક્ટરની પીઠ નિશ્ચલ આંખે જોતી રહી.

I.S.T.11:15

પોતાનાં મોઢાંને પોતાનાં ખોળામાં રાખીને મમ્મી રડતી હોય એવું મને લાગ્યું. હું મમ્મીની પાસે ગઈ.

અમે હૉસ્પિટલમાં આવીને સૌથી પહેલાં ડૉક્ટરને મળવા ગયેલાં. મમ્મી I.C.U ના વેઇટીંગ રૂમમાં બેસેલી હતી અને એસિસ્ટન્ટ ડૉક્ટર્સ પપ્પાને ટ્રીટ કરી રહ્યાં હતાં.

મને ખબર હતી કે મમ્મીને અમે નહીં આવવાના કારણે ટૅન્શન થવાનું હતું, પણ મારા માટે સૌથી મહત્ત્વનું અત્યારે પપ્પાની પરિસ્થિતિ વિશે સ્પષ્ટ થવું એ હતું કે જે ડૉક્ટરને મળ્યાં પછી સ્પષ્ટ થઈ ગયું હતું. પછી અમે મમ્મીને મળવા નીકળેલાં.

"મમ્મી....." મારો શબ્દ સાંભળીને મમ્મીએ ઉપર જોયું. મને જોતાં જ એણે ઊભાં થઈને મને હગ કર્યું અને પછી એ રડવા લાગી. મને એના રુદનમાં બે પ્રકારનાં અશ્રુઓ અનુભવાયાં. એક મને મળવાના, બીજા-પપ્પાના અટૅકના... હું મમ્મીને બહુ ડીયર અને નીયર હતી.

10 મિનિટ સુધી એ મારાં ખભા ઉપર માથું મૂકીને રડતી જ રહી.

"સૉરી, અપેક્ષા! પણ હું મારી જાતને કન્ટ્રોલ નહીં કરી શકી...." મારાથી દૂર થતાં મમ્મીએ મારી તરફ જોયું. મેં મમ્મીની આંખમાંથી ટીપાં લૂછ્યાં.

"મમ્મી ! હું ડૉક્ટરને મળી આવી છું. એ **S.D.** ફૅન છે અને એટલે એણે પોતાની પૂરી મહેનત કરીને પપ્પાને નૉર્મલ કરવાનું વચન આપ્યું છે. એટલે તું મજબૂત બન....આમ રડ્યાં નહીં કર." મમ્મીને મેં શાંત કરી.

મમ્મી મને લઈને ચેર પર બેસી ગઈ. જૈનમ અને અનોખી પણ મારી બાજુમાં આવીને બેસી ગયાં.

"સારું. તું ફાઈન છે?" પોતાને સંભાળતાં મમ્મીએ મારાં તરફ જોયું.

"હા... ફક્ત કાલે રાત્રે ઝટકો લાગેલો.. બાકી તો..." મને શાસન-દ્રષ્ટાશ્રીજી યાદ આવ્યાં. મારું મન એમને મળવા માટે ભરાઈ ગયું. હું ચૂપ થઈ ગઈ.

મમ્મીએ મને પપ્પાને હાર્ટ-અટૅક કઈ રીતે આવ્યો એની આખી સ્ટોરી સંભળાવી.ગૅસ એ મુખ્ય કારણ છે,એવો મને ખ્યાલ આવ્યો. મેં વૉચમાં જોયું.12.00 વાગ્યાં હતાં. મારું પેટ કંઈક ખાવાનું માંગી રહ્યું હતું.

"મમ્મી ! મને ભૂખ લાગી છે. તે ટીફીન..." હું કહું એના પહેલાં જ મમ્મીનું ટીફીન તૈયાર હતું.

"અપેક્ષા! તારી મમ્મી તારા કરતા વધારે હોશિયાર છે.મેં તારા મોઢાં પરથી પકડી પાડ્યું કે તને ભૂખ લાગી છે." મમ્મીએ ટીફીન ખોલ્યું. પંજાબી પનીર ટીકા મસાલા અને નાનથી આખું બૉક્સ ભરેલું હતું. મેં અનોખીને અને જૈનમને પણ અમારી સાથે લંચ કરવા માટે બોલાવ્યાં.

અનોખીએ પોતાની બૅગ ખોલી. મમ્મી એના તરફ જ જોઈ રહી હતી. અમારી વાતમાં મેં અનોખીનો પરિચય જ મમ્મીને કરાવ્યો ન હોતો.

"મમ્મી ! આ અનોખી છે. મારી 10 દિવસમાં બનેલી બૅસ્ટ ફ્રૅન્ડ... એ થોડા દિવસ સુધી આપણી સાથે જ રહેશે. આજે સવારે.." અનોખીએ મારાં મોઢાં ઉપર મને બોલતાં અટકાવવા માટે હાથ મૂક્યો...

મમ્મી એની ઍક્શન જોઈને થોડી હસી.

અનોખીએ પોતાની બનાવેલી આઈટમ ખોલી.

"આંટી ! સૉરી...મેં આપનાં દૂધ + સાકાર આમાં વાપરેલાં છે. પણ, આપ એક વાર ટેસ્ટ કરો." મમ્મીને અનોખીએ મારાં ફેવરેટ બનકેક હાથમાં આપ્યા. એનું આખું ટીફીન એનાથી ભરેલું હતું. જૈનમે પંજાબી ખાવાની ના પાડેલી, પણ બનકેક્સની ગજબની સુગંધ એને પણ ત્યાં ખેંચી લાવી.

"આ શું છે? ડીલીસીયસ." એના મોઢામાં પાણી છૂટતું હોય એવું સ્પષ્ટ લાગ્યું.મેં એને જોઈને ચિડવનારું સ્મિત આપ્યું. એણે એક બનકેક બૉક્સમાંથી ઉઠાવવાનો પ્રયત્ન કર્યો. અનોખીએ એના હાથ પર હાથ માર્યો. "Ouch.." એણે હાથ પાછળ લઈ લીધો.

"આંટીને ટેસ્ટ તો કરવા દે..પછી તું લેજે." મજાકમાં અનોખીએ કહ્યું. જૈનમ બાજુમાં ચેર લઈને બેસી ગયો. મમ્મીએ બનકેક ટેસ્ટ કર્યો. મમ્મીના મોઢાં પર ગજબની શાંતતા ચમકી.

"આ બનકેક કદાચ દુનિયાનો સૌથી ટેસ્ટી બનકેક હશે." મમ્મીએ ટેસ્ટથી બનકેક્સને ખાતાં કહ્યું. મમ્મીને અનોખીએ બીજી બનકેક આપી. એણે ચાર અલગ ફ્લેવરવાલી બનકેક બનાવેલી.મમ્મીએ ચારેય ટેસ્ટ કરી. અમારું લંચ બનકેક અને પંજાબી ડીશોથી પૂરૂં થયું.

"અનોખી!" જમ્યાં પછી મમ્મીએ અનોખીને બોલાવી. હું એક ચેર પર બેસીને લેપટૉપ ઉપર પોતાનું કામ કરી રહી હતી. જૈનમ કૉર્નરમાં બેસીને મોબાઈલ ઉપર શેયર્સનો ભાવ જોઈ રહ્યો હતો. મારું ધ્યાન મમ્મી અને અનોખી તરફ ફરક્યું.

"અનોખી!" મમ્મીએ અનોખીને વિસ્મય થાય એ રીતે એના માથા પર કીસ કરી. "તારા બન-કેક્સ ફક્ત ટેસ્ટમાં સર્વશ્રેષ્ઠ હતાં એવું જ નહીં, પણ એ કેક્સમાં મને પ્રેમ પણ અનુભવાયો.

જે ક્ષણે મેં મારાં મોઢાંમાં તારી કેક મૂકી એ જ ક્ષણે મારાં બધાં ટૅન્શન્સ મને ઊડી જતાં અનુભવાયાં. તે એ કેક્સમાં પ્રેમની એવી ફૉર્મ્યુલા નાંખેલી કે જેનાથી બધાં રોગ-ટૅન્શન્સ સુકાઈ જાય.

કદાચ મારી આખી લાઈફમાં અપેક્ષા જ મારાં હૃદયથી સૌથી નજીક છે. એને પણ આટલા પ્રેમથી ભરેલી વસ્તુ કદાચ મેં આખી લાઈફમાં ખવડાડી નહીં હોય." મમ્મીના અશ્રુઓ શરૂ થઈ ગયાં.

"કદાચ આ રૂઝ લાવનારૂં પોશન હું મારાં પતિ... " મમ્મી આગળ બોલી નહીં શકી.

"અનોખી !" બે મિનિટ પછી સહજ થઈને મમ્મી બોલી, "આજથી તું મારી મોટી દીકરી છે. મારાં કોઈ પણ દીકરા-દીકરી ઑફિશીયલી નથી, પણ રત્ન જેવી આવી બે દિકરીઓ આપીને ભગવાને મારા ઉપર અકથ્ય કૃપાની વર્ષા કરી છે."



# Chapter - 2

8/10/2010 I.S.T.20.00 Asian Heart Hospital, Mumbai

**ટ્રાવેલીંગ** અતિવિષમ હોય છે...!

"હું બોલતા દુઃખ અનુભવું છું કે....અપેક્ષા!" ડૉક્ટર મારી સામે બેસીને આઘાતજનક ન્યૂઝ આપી રહ્યાં હતાં.મને ડૉક્ટરે પ્રાઈવેટલી પોતાની કેબીનમાં બોલાવેલી. છેલ્લાં એક અઠવાડીયામાં પપ્પાને રૂઝ જલદી આવી રહી હતી. બે દિવસ પહેલાં હોશ પણ આવી ગયો હતો.

"અપેક્ષા! તારા પપ્પાની ટ્રીટમૅન્ટ વખતે તારા પપ્પાના શરીરમાં એક ખોટો જીન પેદા થયો છે..." ડૉક્ટરે મને I.C.U નું વિડીયો ટ્રાન્સમિશન બતાવ્યું. પપ્પાના મોઢા પર ઑક્સીજન માસ્ક હતો.

"ઓહ માય." મારો હાથ મોઢા પર ગયો. પપ્પાનું શરીર વગર કંઈ પણ ટૉનીકે ફૂલાઈ રહ્યું હતું. એમની સાથે અટૅકની સવારે વિડીયો કૉલ પર વાત કરતાં સમયે જે એમનું શરીર હતું એના કરતાં ડબલ એમનું શરીર વિડીયો કૅમેરામાં દેખાઈ રહ્યું હતું.

"ડૉક્ટર આ શું થયું... થયું. ? "મારાં શબ્દો તોતડાવા માંડ્યા.

"અપેક્ષા! તારે ડરવાની જરૂર નથી.કેમ કે બધું કન્ટ્રોલમાં છે.આ રોગને મેડિકલ ટર્મીનોલૉજીમાં *CYSTIC FIBROSIS* કહેવામાં આવે છે. આ રોગમાં એક ખોટો જીન લંગ્સ અને પૅન્ક્રીયાઝ ઉપર અસર કરે અને એના ફંક્શન્સ બગડી જવાના કારણે વ્યક્તિ ફુલાતો જાય..." ડૉક્ટરે મારી સામે જોયું.

"ડૉક્ટર આનો કોઈ ઈલાજ નથી?" મેં ડૉક્ટર સામે દયનીયતા

સાથે જોયું.

"અત્યાર સુધી તો આનો કોઈ ઈલાજ નથી નીકળ્યો,પણ એને આપણે કંટ્રોલમાં રાખી શકીએ." મારું હૃદય ફાટી જશે એવું મને અનુભવાયું.

"પણ, એના માટે શું કરવું પડશે?" ડૉક્ટર કંઈ પણ બોલ્યાં નહીં. બે મિનિટ પછી એ પોતાની ચેરથી ઊઠીને મારાં ચેરની બાજુની ચેરમાં આવીને બેઠાં.

"બસ, આ જ ચર્ચા કરવા માટે મેં તને મારી પ્રાઈવેટ કેબીનમાં બોલાવી છે. હું આશા રાખું છું કે તું મારી વાત સાંભળશે અને એને અનુસરવાનો પ્રયત્ન કરશે..."

## I.S.T.22.00

અનોખી અને મમ્મી આજે જલદી પોતાની સપનાઓની દુનિયામાં પહોંચી ગયાં હતાં. I.C.U. નો વેઈટીંગ રૂમ એ ઊંઘવા માટે સ્વર્ગ હતો. મને ક્યારેય મમ્મી કે અનોખી રાત્રે જાગવા નહોતાં દેતાં, પણ આજે મેં જિધ કરેલી અને એ બન્નેને માનવું પડેલું.જૈનમ દરરોજ રાત્રે 9.00 વાગ્યે પોતાનાં ઘરે ચાલ્યો જતો અને સવારે 9.00 વાગ્યે આવી જતો.

ડૉક્ટર સાથે મીટિંગ કર્યા પછી કેબીનથી બહાર નીકળતાં જ જૈનમે મને ડૉક્ટરે શું કહ્યું એ વિશે પ્રશ્નો કરેલા.મેં એ મૅટરને અનઈમ્પોર્ટન્ટ કહીને ઉડાવી દીધી હતી. એને ગમ્યું નહોતું, પણ મારાં મૂડને જોઈને એ અત્યારે કંઈ પણ બોલ્યો નહોતો.

મમ્મીએ અને અનોખીએ પણ મને પૂછેલું,પણ મેં વિશેષ કંઈ કહ્યું નહોતું.પછી એ બન્ને ઠીકથી પ્રત્યુત્તર ન મળવાના કારણે પોતાની વાતમાં ખોવાઈ ગયાં હતાં. ડૉક્ટરે મને કહેલાં ભારે શબ્દોને તોલવામાં જ મારું સંપૂર્ણ મન લાગેલું હતું. મારાં મનને ડાઈવર્ટ કરવા માટે મેં લૅપટૉપ પાવર ઑન કર્યું.

મને એક મહત્ત્વનું કાર્ય પૂરું કરવાનું હતું કે જેના માટે મને એકલતા જોઈતી હતી.મમ્મી અને અનોખી થોડા ટાઈમ પછી પોતાની વાતો પૂરી કરીને મારી પાસે આવેલાં. એ બન્ને મારી આજુ-બાજુની ચેર પર બેસે-લાં અને એમણે લૅપટૉપ જોયેલું.

“મમ્મી ! જુઓ આજે આપને સ્પષ્ટ કહી દઉં છું કે આજે હું જ જાગવાની છું.” પછી અમારું મોટું શબ્દયુદ્ધ શરૂ થયું હતું. અને અંતે હું જીતી ગયેલી.

મેં આજુબાજુમાં જોયું.મમ્મી અને અનોખી થાકના કારણે ઊંડી ઊંઘમાં હતાં.મેં મારાં લૅપટૉપને ફરીથી પાવર ઑન કર્યું. નેટની સ્પીડ સારી દેખાઈ રહી હતી. મેં ગૂગલ સર્ચ ખોલ્યું.ગૂગલવાળાએ સર્ચ શબ્દ પૂછ્યો.મેં ટાઈપ કર્યો.

# NEW JERSEY

મેં સર્ચ બટન પર ક્લીક કર્યું. 2.1 સેકન્ડમાં ઘણી બધી વૅબસાઈટનાં પેજ લોડ થઈ ગયાં.મેં એક વૅબસાઈટની લીંક પર ક્લીક કર્યું.વૅબસાઈટ ખૂલી.

ત્યાં ઘણા બધાં ઑપ્શન્સ દેખાઈ રહ્યાં હતાં.મેં'અબાઉટ ન્યુ જર્સી' નામના ઑપ્શન્સ પર ક્લીક કર્યું.ન્યુ જર્સીનો સંપૂર્ણ ઈતિહાસ એનામાં આપ્યો હતો.

ન્યુ જર્સી પહેલાં જર્સી જ કહેવાતું. જર્સીનો અર્થ ઈંગ્લિશમાં 'પૅસ્ટર્સ ઑફ ગ્રીન લૅન્ડ' થતું. જર્સી એ અમેરિકાનું સૌથી નાનું અને અગ્યારમું સૌથી વધારે જનસંખ્યાવાળું રાજ્ય હતું.

ન્યુ જર્સીના કુલ 8 નામ હતાં. એમાંથી 'સ્વીત્ઝરલેંડ ઑફ અમેરિકા' એક નામ હતું અને 'ધ ગાર્ડન સ્ટેટ' બીજું નામ હતું. એ ખાસ કરીને પોતાની ખૂબસૂરતી અને ગ્રીનરી માટે પ્રસિદ્ધ હતું. ત્યાંનુ વાતાવરણ સ્વર્ગ જેવું હતું અને એ વાતાવરણમાં સ્વીડનના વાતાવરણની જેમ રૂઝ લાવવાની શક્તિ હતી.

18 ડિસેમ્બર,1787 ના દિવસે નવા ગવર્નર સર જ્યોર્જ કારટર ને સમ્માનિત કરવા માટે કીંગ **ચાર્લ્સ** ના ભાઈ ડ્યુક ઑફ યૉર્ક-**જેમ્સ** જર્સી રાજ્યના નામને બદલીને ન્યુ જર્સી રાખ્યું હતું.

નેવાર્ક, જર્સી સીટી વગેરે ન્યુ જર્સી રાજ્યના મુખ્ય નગરો હતાં. એના ઉત્તરમાં ન્યુયૉર્ક હતું અને દક્ષિણમાં પેનીસીલ્વીયા હતું.એના પૂર્વમાં ઍટલાન્ટીક મહાસાગર આવતું.

નીચે લખેલાં એક નાના પોસ્ટ પર મારી નજર ગઈ. એના પર મેં ક્લીક કર્યું.

**9/10/2010** **I.S.T. 9.00**

રાત્રે લેપટોપ પર મોડું થવાના કારણે જ્યારે સવારે મારી આંખ ખૂલી, ત્યારે મારું માથું ઓછી ઊંઘનાં કારણે દર્દથી ફાટી રહ્યું હતું. મારી આંખો બળી રહી હતી. હું ફરીથી મારી ચેર પર સૂઈ ગઈ

"અપેક્ષા!" અનોખીએ મને ઊઠાડી."સમય તો જો. ત્યાં મ.સા.પાસે હતી, ત્યારે તો જલદી ઊઠી જતી અને અત્યારે... જો.." એણે મારાં મોઢાં સામે પોતાનો મોબાઈલ ફ્લેશ કર્યો. એમાં 9.02 મને દેખાયું.

"મને ખબર છે કે તે મોડી રાત સુધી કામ કર્યું છે, કેમ કે હું રાત્રે 12.00 સુધી તો જાગતી જ હતી..."મને મનમાં ભય લાગ્યો. *'મારું કામ એ જોઈ ગઈ હશે તો ?'* એક-બે વાર કૉફીનો મગ ભરવા કેન્ટીનમાં હું ગઈ હતી. પણ, ત્યારે મેં લેપટોપની સ્ક્રીન બ્લૅન્ક નહોતી કરી. મને સ્ક્રીન બ્લૅન્ક કરવાનું કોઈ કારણ જ લાગ્યું નહોતું. મેં ડેસ્પરેટલી અનોખી સામે જોયું.

"પણ,મારી આદત એવી નથી કે હું બીજાના કાર્યમાં ઝાંકુ.એટલે મેં તું શું કરી રહી છે, એ જોયું નહીં." મારો ચહેરો રિલેક્સ થયો."પણ, અપેક્ષા! મને તને એક સલાહ આપવાની ઈચ્છા થાય છે." અનોખી બોલતાં બોલતાં અટકી ગઈ.એ આગળના શબ્દો બોલવા કે ન બોલવા એવું વિચારતી હોય એવું મને લાગ્યું.

"અપેક્ષા ! તારી ડૉક્ટરના પ્રાઈવેટ કેબીનની મીટીંગ પછી તું ડિસ્ટર્બ હોય એવું મને સ્પષ્ટ લાગી રહ્યું છે. એટલે તારે કોઈ પણ નિર્ણય લેવા પહેલાં એ વાતની ચર્ચા કરવી જોઈએ કોઈની પણ સાથે... તને નાની વયમાં ઘણાં બધાં મોટાં નિર્ણયો લેવાનાં આવ્યાં છે એવું મને સ્પષ્ટ દેખાય...."

"અપેક્ષા મૅડમ!" નર્સનો અવાજ સંભળાયો.મારું ધ્યાન અનોખીના શબ્દો ઉપરથી હટીને નર્સ પર ગયું.

"ડૉક્ટર તમને બોલાવે છે...પ્લીઝ, અરજન્ટ છે." મને હજી એક જટિલ જગ્યામાંથી કાઢવા માટે મેં ભગવાનનો ઉપકાર માન્યો.જો અનોખી હજુ થોડું આગ્રહ કરત, તો હું કદાચ બધી વાત બોલી દેત. હું નર્સ સાથે

અનોખીને ' હું આવું છું.' કહીને ડૉક્ટરની કેબીનમાં ગઈ.

ડૉક્ટર સામે પોતાના લૅપટૉપ ઉપર કંઈક જોઈ રહ્યાં હતાં.

"તો, તે શું વિચાર્યું?.."મારાં હાથ માં ગરમાગરમ કૉફી આપીને ડૉક્ટરે મને પૂછ્યું.મારું મન અનોખી અને ડૉક્ટરના શબ્દો વચ્ચે અટવાઈ રહ્યું હતું.

5 મિનિટ પછી કૉફીની ચૂસકી સાથે મારા મનમાં લાઈટ થઈ.

"ડૉક્ટર!" પોતાના લૅપટૉપ માં મારાં મૂક સ્વભાવના કારણે વ્યસ્ત થયેલા ડૉક્ટરે ચશ્માંમાંથી મારી સામે જોયું. "મેં જવાનું નક્કી તો કરી દીધું છે, પણ બધાને પૂછ્યાં પછી...

"મને ડૉક્ટરના મોઢાં પર **કભી ખુશી કભી ગમ'** દેખાયું.



# Chapter - 3



18/10/2010 I.S.T.08.00 Asian Heart Hospital, Mumbai

**કન્વીન્સીંગ** અતિવિષમ હોય છે.!

આખું ન્યૂઝપેપર કૌભાંડોથી ભરેલું હતું.આદર્શ સ્કેમની તપાસમાં ચીફ મિનિસ્ટર ઑફ મહારાષ્ટ્ર અશોક ચવ્હાણ ને રાજીનામું આપવું પડે એવી પરિસ્થિતિઓ સર્જાઈ રહી હતી. બીજી બાજુ અમેરિકાના રાષ્ટ્રપતિ નવમ્બરમાં ભારત ફરવા માટે આવવાના હતાં. ઈન્ડિયા અને અમેરિકાના સંબંધો હજી સારા થાય એવી પૂરી શક્યતા હતી.મને આ ન્યૂઝ વાંચીને આનંદ થયો.

છેલ્લા 10 દિવસથી મારી હાલત પણ મહારાષ્ટ્રના સી.એમ.જેવી જ હતી. શું નિર્ણય લેવું એની મને ખબર પડતી નહોતી. નિર્ણય લેવા કરતાં પણ નિર્ણયને વ્યક્ત કરવામાં મને વધારે ડર લાગી રહ્યો હતો.

અનોખીને મારાં કામ અને પ્રૉબ્લમ વિશે ખબર હોય એવું મને લાગતું હતું. પણ એ પણ મારી સંભાળ વધારે કરવા સિવાય બીજો એક શબ્દ પણ મારી સાથે બોલી નહોતી રહી.

મમ્મીને તો વર્ષો પછી અનોખી જેવી દીકરી કે ફ્રેન્ડ મળેલી હોવાથી, પોતાના સમયને પસાર કરવું સહેલું થઈ ગયું હતું.એ બન્ને આખો દિવસ રેસીપીસ અને લેડીઝની વાતોમાં જ વ્યસ્ત રહેતા.

જૈનમ પણ બદલાઈ ગયો હોય એવું લાગી રહ્યું હતું. એને પણ મારા મનમાં બફાતી ખીચડીની સુગંધ આવી ગઈ હોય એવું મને લાગી રહ્યું હતું. એટલે એ હમણાં ઓછો આવતો અને એકદમ ઓછું બોલીને ચાલ્યો

જતો. કદાચ ડૉક્ટરે એને કંઈક હિન્ટ આપી હોય એવી શક્યતા હતી.

મેં ડૉક્ટરને પણ મને સમય આપવાનું કહ્યું હતું. ડૉક્ટરે મને સ્પષ્ટ રીતે કહ્યું હતું કે 'તું જેટલો સમય વધારે લેશે, એટલી તું અટવાશે.' એણે મને પોતાના ઉપર વિશ્વાસ રાખવા માટે કહ્યું હતું.

*'આટલો મોટો નિર્ણય કઈ રીતે કરવો ? એના રીએક્શન્સ શું આવશે?'* એ બધાં વિચારો જ મને અંદરથી ખાઈ રહ્યાં હતાં.

મેં ન્યૂઝપેપર બંધ કર્યું.આજે મેં મારા પ્રૉબ્લમ્સ અને નિર્ણયને ત્રણ જણ સામે રાખવાનો નિર્ણય લઈ લીધો હતો. મેં મારો મોબાઈલ કાઢ્યો. મેં એક મૅસેજ એમાં ટાઈપ કર્યો.

" **પ્લીઝ ! મને એક પ્રૉબ્લમ છે. મને 11.00 વાગ્યે શાર્પ વેઈટિંગ રૂમમાં મળજે.**

"મેં સૅન્ડ બટન દબાવ્યું. મારાં મનમાં મને શાંતિ અનુભવાઈ.

## I.S.T.10.55

હું છેલ્લા બે કલાકમાં બનાવેલાં મારાં પ્રેઝેન્ટેશનનો છેલ્લો વ્યૂ લઈ રહી હતી. ડૉક્ટરે મારાં કેસને હું સારી રીતે મૂકી શકું એ માટે મને સ્ક્રીનમાં બતાવેલા મારા પપ્પાના શરીરનાં ફોટોઝને આપવાની તૈયારી બતાવેલી.ઑફિશીયલી હૉસ્પિટલ્સના નિયમો પ્રમાણે આ રીતે ફોટોઝ આપવા ગેરકાનૂની હતાં,પણ તો પણ ડૉક્ટરે મને સપોર્ટ કરવાનું નક્કી કરેલું.

મેં જૈનમને લીફ્ટમાંથી બહાર નીકળતા જોયો. એણે મારો ટેક્સ્ટ મૅસેજ વાંચી લીધો હતો. એના મોઢાં પર મારાં પ્રૉબ્લમના લીધે ગમગીની દેખાઈ રહી હતી. મેં મારું લૅપટૉપ શટ ડાઉન કર્યું અને બાથરૂમમાં ગઈ.

ત્યાં મારાં મોઢાંને ફેસવૉશથી ફ્રેશ કરીને, મારાં હતાશ મોઢાંને નૉર્મલ કરીને બહાર આવી. મમ્મી, જૈનમ અને અનોખી અલગ-અલગ ચેર્સ પર, ટી.વી.માં આવતા ડાન્સ શોના જજ હોય એ રીતે બેઠા હતાં. હું ચોથી ચેર પર જઈને બેસી.

મેં મારું લૅપટૉપ મારી બાજુની ચેર પર મૂક્યું.જૈનમ ધ્યાનથી મને જ જોઈ રહ્યો હતો. મેં મારા મનમાં ચાલી રહેલા નૅગેટીવ વિચારોને ઝાટક્યાં.

“મમ્મી! ”સૌથી વયમાં મોટા એ હોવાથી અને સમજાવવામાં સરળ હોવાથી મેં મમ્મી તરફ જોયું.“તને ખ્યાલ હોય તો તે 10 દિવસ પહેલાં મને પૂછેલું કે ડૉક્ટર અને તારી શું વાત થઈ? ત્યારે મેં તને એમ જ ઉડાઉ જવાબ આપેલો અને વાતને કઈં ખાસ નથી કહીને ઉડાવી નાંખી હતી. પણ...” હું બે મિનિટ માટે રોકાઈ.

"પણ, એ વાત બહુ મહત્ત્વની હતી અને ઘણું બધું વિચારીને મેં એ વાત તમને બધાને કહેવાની નક્કી કરી છે.” જૈનમ પોતાની સીટમાં હલ્યો.

“કદાચ અનોખીને થોડી ખબર હશે, પણ એના સિવાય.....મારા

મનને જ એ વાત ખબર છે."મેં બધાનાં પ્રતિભાવો જોયા. મમ્મી થોડી તનાવમાં લાગી રહી હતી.

"ફક્ત મારી વિનંતી એટલી જ છે કે જ્યારે હું બોલું, ત્યારે મને વચ્ચે અટકાવતાં નહીં અને છેલ્લે તમે બધાં મને જેટલા પ્રશ્નો પૂછવાં હોય એટલા પૂછી શકો છો..."મેં પી.સી.ઑન કર્યું.અમને બધાને દેખાય એ રીતે એને રાખ્યું.

મેં પાવર-પૉઈન્ટ પ્રેઝેન્ટેશનમાં જઈને મારી ફાઈલ કે જે "**DAD**" ના નામથી સેવ હતી એ ઓપન કરી. 15 મિનિટ સુધી જાણકારીથી ભરેલો સ્લાઈડ શો ચાલ્યો. મમ્મી, અનોખી અને જૈનમ ધ્યાનપૂર્વક એને જોતાં રહ્યાં. સ્ક્રીન બ્લૅન્ક થઈ ગઈ.

"હવે આપણે નક્કી કરવાનું છે કે શું કરવું.." એ સ્લાઈડ ફ્લૅશ થતી રહી.

મમ્મીના મોઢાં પર અકલ્પ્ય દુ:ખ દેખાઈ રહ્યું હતું. જૈનમ પોતાની આંખો બંધ કરીને જાણે કે ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો એવું લાગી રહ્યું હતું.અનોખી સતત સ્ક્રીન પર જ જોઈ રહી હતી.એના મોઢાં પર એક બખ્તર આવી ગયું હોય એવું લાગી રહ્યું હતું. એના ભાવોને પકડવા અશક્ય થઈ ગયાં હતાં.

"મમ્મી !"મેં શાંતતાને તોડી. "આ પરિસ્થિતિ છે મારાં પ્યારા પપ્પાની."

"શું આ રોગ ઠીક થઈ શકે?" હું જે પ્રશ્નની લાંબા સમયથી રાહ જોઈ રહી હતી એ જૈનમે પૂછ્યો.

"ના." મેં હૃદયતોડનાર જવાબ આપ્યો.

"તો ડૉક્ટરની સલાહ શું છે?.."મેં જે વાતને મનાવવા માટે બધાને ભેગાં કરેલા, એને ખોલવાનો સમય હવે પાસે હતો. હું પોતાની ચેરમાં હલી.

"એ જ કે આપણે બધાં ન્યુ જર્સી જઈએ."



# Chapter - 4

**21/10/2010** **I.S.T.19.00** K2 Towers, BKC

**પેકીંગ** અતિવિષમ હોય છે...!

અનોખી મારાં મમ્મી-પપ્પાની સાથેના પસાર કરેલી ક્ષણોના ફોટોઝનાં આલ્બમનું નિરીક્ષણ કરી રહી હતી. થોડા ફોટોઝને જોઈને એના મોઢાં પર સ્મિત આવતું અને થોડા ફોટોઝને જોઈને એ પોતાના વિચારોમાં ખોવાઈ જતી.

“અપેક્ષા! મારાં હિસાબે તને આ આલ્બમ બધાં સમયે અને બધી જગ્યાએ તારી સાથે જ રાખવું જોઈએ. આ એક અમૂલ્ય ખજાનો છે.”મને બૅગમાં આલ્બમ નાખવા માટે આપતાં અનોખીએ કહ્યું. હું અને અનોખી છેલ્લાં ત્રણ કલાકથી બૅગ પૅક કરવામાં જ મશગૂલ હતાં.

અમે અમેરિકા જવાનું નક્કી કરી લીધું હતું. મીટીંગના દિવસે જૈનમની ઈચ્છા ઓછી હતી, પણ બીજો કોઈ વિકલ્પ નહીં હોવાના કારણે એ પણ ઝૂકી જવા માટે મજબૂર થયેલો. એ મારાંથી દૂર એક મિનિટ માટે પણ રહેવા તૈયાર નહોતો. મીટીંગના દિવસે જ્યારે એ સાંજે ઘરે જવા માટે નીકળી રહ્યો હતો, ત્યારે એણે મને બોલાવેલી.

એ મને હૉસ્પિટલનાં પાર્કીંગમાં લઈ ગયેલો. પછી એણે મને લાંબા કાળ સુધી પ્રેમ કરેલો અને એના મોઢામાંથી શબ્દો નીકળી ગયેલાં “અપેક્ષા! સાચું કહું તો હું તારા ઉપર એટલો આસક્ત થઈ ગયો છું કે હું તારા વગર રહી શકતો નથી. એ દિવસે જ્યારે તું ડૉક્ટરની કેબીનમાંથી બહાર આવેલી, ત્યારે તારા મોઢાંને જોઈને જ મેં નક્કી કરી દીધેલું કે હજી

કંઈક ખરાબ ન્યૂઝ છે.

મેં પપ્પાને ઘરે જઈને પૂછવાની કોશિશ કરેલી, પણ એમણે પણ બરાબર જવાબ આપ્યો નહોતો. કદાચ મારાં લાઈફમાં મને આઘાત લાગે એવું એ ઈચ્છતા નહોતાં.મેં મમ્મીને પણ પૂછવાની કોશિશ કરેલી, પણ એમણે પણ કંઈ પણ ખબર નહોતી.

અને આજે મને.."એ રડવા લાગી જશે એવું મને લાગેલું.એણે પોતાની સ્લીવ્ઝથી પોતાના આંસુ લૂછેલાં. "અપેક્ષા ! હું વધારે બોલી નહીં શકું. પણ કદાચ હું પણ જલદી જ ન્યુ જર્સી...." એ મારાં હાથને દબાવીને, પોતાના વાક્યને અધૂરું રાખીને સીડેનમાં બેસીને નીકળી ગયેલો.

મેં બધાને મનાવી તો દીધેલાં, પણ બધાનાં રીએક્શન્સ આટલાં હાઈપર હશે એ ગણિત મેં નહોતું માંડ્યું. હું લીફ્ટમાં ફરીથી ઉપર ગઈ હતી. મમ્મી ઊંડા કોઈ વિચારમાં ડૂબેલી દેખાઈ રહી હતી. હું એમની બાજુમાં ચેર પર જઈને બેસેલી.

એ રડી પડેલાં "અપેક્ષા! મને તારી જેવી દીકરી મળી એ વાત પર બહુ નાઝ છે.તારા રિહેબ સેન્ટરની સુપરિટેન્ડેન્ટે અમે જ્યારે દત્તક લેવા માટે પહેલી વાર આવેલાં ત્યારે કહેલી વાત મને વારંવાર તને જોઈને યાદ આવે છે.

"અપેક્ષા! એક એવી છોકરી છે કે જે તમારા ઘર માટે, તમારા સંબંધો માટે થાંબલાનું કામ કરશે.તમે આખા ભારતનાં એડૉપ્શન્સ સેન્ટર્સમાં ફરી લો... તમને આવી છોકરી મળી જાય, તો મારું નામ બદલી દેજો."એ સમય તો મને સુપરિન્ટેન્ડેન્ટનું વાક્ય હાયપરબોલ લાગેલું, પણ આજે મને એ વાક્યનો ઊંડો અર્થ સમજાય છે.

યુ આર અ સુપર-ગર્લ!"

આગળના બે દિવસ નૉર્મલ પસાર થયેલાં.પપ્પાને પણ ડૉક્ટરે ન્યુ જર્સી જવા માટે સમજાવી દીધાં હતાં. શરૂઆતમાં એમણે થોડી રકઝક કરેલી, પણ પછી એ સહેલાઈથી માની ગયાં હતાં. કેમ કે સમજાવનારા મિસ્ટર ઓસવાલ હતાં. ગઈકાલે મિ.ઓસવાલ હૉસ્પિટલથી પોતાના ઘરે રિટર્ન થતાં સમયે મારી પાસે આવેલા.

"અપેક્ષા! તારી પાસે સાચે જ મજબૂત હૃદય છે. મને એવું હતું કે કોમા તારી ક્ષમતાને ઘટાડી નાંખશે, પણ કોમાં પછી તારી બુદ્ધિ સૂક્ષ્મ થઈ ગઈ છે. તારા પપ્પાને મેં અને ડૉક્ટરે અમેરિકા જવા માટે મનાવી લીધા છે

અને..." પોતાના પૉકેટમાંથી 3 પ્લેન ટીકીટ્સ કાઢીને એમણે મારાં હાથમાં રાખેલી.

મેં એના ઉપર પ્રિન્ટ કરેલી તારીખ જોયેલી- **26th ઓક્ટોબર...** "6 દિવસ બાકી છે અપેક્ષા!પૅક-અપ ઍન્ડ ફ્લાય !.

"પોતાના પૉકેટમાંથી મિ  ઓસવાલે એક ડેબિટ કાર્ડ કાઢેલો."આ ડેબિટ કાર્ડ જૈનમે મારી પાસે તને મળ્યા પછી તરત જ બનાવેલો. એમાં 1,50,000 ડૉલરનું ડેબિટ અત્યારે છે, આ તને અમેરિકામાં કામ આવશે." હું ડેબિટ કાર્ડ લેવાની ના પાડી રહી હતી અને ત્યારે મિ.ઓસવાલે મને કહેલું.

"અપેક્ષા! આ મારાં તરફથી ગિફ્ટ સમજજે.મને ખબર છે કે તારા પપ્પા પાસે બેંક બેલેન્સ સારો છે...પણ જૈનમના બેસ્ટ ફ્રેન્ડ માટે જો હું આટલુંય ન કરૂં, તો એ 100 % મારાં ઉપર ગુસ્સે થવાનો જ છે. એટલે પ્લીઝ!" જાણે કે મારી પાસે ભીખ માંગતા હોય એવું મોઢું એમણે બનાવેલું. મારી પાસે ડેબિટ કાર્ડ સ્વીકાર કરવા સિવાયનો કોઈ વિકલ્પ નહોતો.

મમ્મી પાસેથી રજા લઈને પૅકીંગ કરવા માટે આજે સવારે જ હું અને અનોખી K2 ટાવરના મારાં ફ્લૅટમાં આવેલા. ઘર ઘર છે..!

"અપેક્ષા!" ભૂતકાળમાં ખોવાયેલી હું અનોખીના શબ્દો સાંભળીને વર્તમાનમાં આવી.

"આ તારા નૅકલેસ, ફોન તને બહુ ગમતાં હોય એવું લાગે છે... તારે અમેરિકા સાથે લઈ જવું છે?" અનોખીએ મને એક પાઉચ બતાવેલો. એને જોઈને મને મારો કાળો ભૂતકાળ યાદ આવ્યો. હું એમાં ફરીથી ખોવાઈ ગઈ.

## I.S.T.22.00

"હા, હું સમઝું છું...." અનોખીએ ફોન કટ કર્યો.

"કોનો ફોન હતો ?"અનોખીની તરફ મેં જોયું.એના મોઢાં પર મને થાક સ્પષ્ટ દેખાયો.અમે સવારથી પૅકીંગ જ કરી રહ્યાં હતાં. મિ. ઓસવાલે અમને 'ટ્રાવેલ લાઈટ' ની સલાહ આપી હતી, એટલે અમે બે અલગ લગેજ બનાવ્યાં હતાં. એક જે અમારી સાથે કૅરી કરવાનો હતો અને બીજો જે મિ. ઓસવાલ દર સોમવારે પોતાની અમેરિકા ઑફિસે પ્રવાસ કરનારા પોતાના માણસ સાથે મોકલવાના હતાં.

મિ. ઓસવાલના હિસાબે અમારા પાસપોર્ટ વીઝાની બધી પ્રક્રિયાઓ ફટાફટ અને શાંતિથી થઈ ગઈ હતી. એ સાચે જ બહુ વગદાર વ્યક્તિ હતી. અમેરિકામાં સુપર સાયકોલૉજિસ્ટ અને કોમાં સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર બ્રાઉન જ બધી ગોઠવણ કરી રહ્યાં હતાં. અમેરિકામાં ન્યુજર્સીમાં સમર વિલા પણ મિ.ઓસવાલનો હતો. ત્યાં જ 99 % અમારું રોકાણ થવાનું હતું. જૈનમે મને એનો ફોટો બતાવેલો.એ લાજવાબ હતો.

"ના... અપેક્ષા... કંઈ નહીં." અનોખીએ પોતાનું મોઢું મચકોડ્યું."ભાઈનો ફોન હતો. એ મને ઘરે આવવા કહે છે. પણ, મેં એને કહી દીધું છે કે હું 26th પહેલાં આવવાની નથી.કદાચ 1-2 દિવસમાં જ્યારે તું ઓછી વ્યસ્ત હશે એ દિવસે હું મમ્મીને મળીને 3-4 કલાકમાં આવી જઈશ. કામ ઘણું બાકી છે અને સમય બહુ ઓછો છે." આટલો થાક હોવાં છતાં પણ અનોખી ફરીથી પૅકીંગના કામમાં જોડાઈ ગઈ.

અડધા કલાક પછી મારું બધું પૅકીંગ પૂરું થઈ ગયું. છ મહિના સુધી ચાલે એટલી ડ્રેસીસ અને બીજી વસ્તુઓ મેં લીધી હતી. અમે ફરીથી ઈન્ડિયા ક્યારે આવશું એ નક્કી નહોતું. કદાચ 1/2 વરસ,1 વરસ, 2 વરસ પણ લાગે એવી સંભાવના હતી.

અમે પપ્પાના રૂમમાં ગયાં અને 12 વાગ્યા સુધી પપ્પાના ફૉર્મલ્સ, નાઈટ સૂટ્સ, પરફ્યુમ્સ, ઘડિયાળ, ફોટોઝ...., બધાની પૅકીંગ કરી. મમ્મી

પોતાની પૅકીંગ કાલે પોતે આવીને કરવાની હતી. અમારી બન્નેની ડ્યુટી કાલે સંપૂર્ણતયા હૉસ્પિટલમાં જ હતી.

હું થાકી ગઈ હોવાથી મારાં બેડ પર આવીને હું ઢેર થઈ ગઈ.અનોખી કિચન નું કામ પતાવી રહી હતી.મારો ફોન બ્લિન્ક થયો.બે દિવસ પછી જૈનમનો ફોન આવેલો.

“હૅલો...” સામેથી અવાજ આવ્યો નહીં.

“હૅલો... હૅલો.." લાંબા ટોનમાં મેં કહ્યું. પ્રતિભાવ શૂન્ય.... હું ફોન કટ કરવાની હતી કે સામેથી અવાજ સંભળાયો.

"હૅલો..." મને એ 'હૅલો' બહુ પસંદ છે. એકવાર ફરી પ્લીઝ!” જૈનમનો અવાજ સંભળાયો. મેં ફરીથી બે વાર ‘હૅલો' કહ્યું.

“અપેક્ષા! હું તારા માટે એક સ્પેશિયલ ગિફ્ટ લાવ્યો છું, જે હું તને ડીપાર્ચરના દિવસે આપીશ.એટલે તારી બૅગમાં એક બૉક્સ જેટલી જગ્યા ખાલી રાખજે.ઓ.કે...” જૈનમે પોતાની લવસ્ટોરી શરૂ કરી. હું સાંભળતી ગઈ.

કોઈ મારાં પાછળ ઊભું હોય એવું મને લાગ્યું.મેં પાછળ જોયું. અનોખી કદાચ હમણાં જ આવી હતી. “હું તારા સાથે પછી વાત કરીશ.” કહીને મેં જૈનમનો ફોન કટ કર્યો.

“સીટ...”મેં અનોખીને મારી બૅડ તરફ ઈશારો કર્યો.

એ આવીને મારાં બાજુમાં બેસી. એ બહુ થાકી થઈ ગઈ હોય એવું લાગ્યું. પણ એના સ્વભાવમાં કંઈક જુદાપણું પણ મને અનુભવાયું. એ કંઈક છુપાવતી હોય એવું મને ઈન્ટ્યુશન થયું.મેં એના હાથને એક નાની બહેનની જેમ મારાં હાથમાં લીધો.

“અનોખી! મને એવું લાગે છે કે તું મને કઈંક કહેવા માંગે છે.એ સાચી વાત છે?” એનાં મોઢા પર સ્મિત આવ્યું. એણે પોતાનું માથું 'હા'માં હલાવ્યું.“તો બોલ..”

“અપેક્ષા!” પોતાના પૉકેટમાંથી એક વસ્તુ કાઢીને એણે પોતાની હથેળીમાં ચુસ્તપણે બંધ રાખી.“તારી અને મારી વિચારધારા એટલી સમાન છે કે આપણે બન્ને એકબીજાનાં ભાવો વાંચી શકીએ છીએ. ટેલીપથી જેવું પણ કેટલી વાર થાય છે અને એટલે જ.”અનોખીએ મારો ડાબો હાથ સીધો કર્યો. પોતાની હથેળીમાં રહેલી સીલ્વર કલરની વસ્તુ મારાં હાથમાં અનોખીએ પહેરાવી.

એ એક હસ્તાભૂષણ હતું. મેં પહેલી વાર આટલું સારી રીતે બનેલું

હસ્તાભૂષણ જોયું હતું. વચ્ચે કદાચ રુબીનો એક મોટો જેમ-સ્ટોન હતો અને એ જેમ-સ્ટોનને સપોર્ટ કરતી 2 c.m.મોટી ચેન હતી, જે એક-બીજાથી જોડાયેલી હતી. અનોખી મને એ પહેરાવતી હતી ત્યારે જ મને એક ન સમઝાય એવી શક્તિ મારાં આત્મામાં પેદા થતી અનુભવાઈ.

"અપેક્ષા ! આ મારી સૌથી મૂલ્યવાન વસ્તુ છે.આ વસ્તુ મારાં પપ્પાએ કે જે મારાથી સૌથી વધારે નજીક હતાં, મને મારાં 18th બર્થ-ડેના દિવસે આપેલી. એમણે મને ત્યારે કહેલું "અનોખી! આ મારા અને તારા જોડાણનું ચિન્હ છે. મારી ઈચ્છા છે કે તું પોતાની આખી લાઈફ આ વસ્તુને પહેરે.આનો સીલ્વર સ્પેશિયલી ક્રાફ્ટેડ છે અને એટલે એની ચમક ક્યારેય ઓછી નહીં થાય..એમ જ આપણા સંબંધો ક્યારેય.."


"ઝાંખા નહીં થાય...." મેં પૂરું કર્યું.

"હવે એ વાદો આપનારી વ્યક્તિ જ આ દુનિયામાં નથી એટલે જ...."પોતાના પપ્પાને બહુ યાદ આવતી હોય એને બતાડનારું અનોખીની આંખમાંથી આંસુ બેડ પર પડ્યું. "એટલે જ અપેક્ષા! તને આ આપું છું. મને તારામાં અબાધ્ય શક્તિ દેખાય છે, એક લીડર તરીકે અને મારી બહેન તરીકે.. અને એટલે...?" એણે મને છાતીથી લગાવી.

"હું આશા કરું છું કે તારી પૅકીંગમાં તું મારાં આ ગિફ્ટને પણ સમાવી લેશે..." મને મારાં પીઠ પર ભીનાશ અનુભવાઈ. 'ધ પાવરફૂલ'પણ નબળી પડી ગઈ હતી.



# Chapter - 5

**26/10/2010** **I.S.T. 7.00** AsianHeart Hospital, Mumbai

## ડીપાર્ચર અતિવિષમ હોય છે...!

15 મિનિટમાં હૉસ્પિટલથી ડીપાર્ચર હતું.પપ્પા જનરલ ક્લાસમાં બીજા કોઈ કૉમ્પ્લીકેશન્સ ન થવાના કારણે એક નૉર્મલ પેસેન્જર તરીકે જ મુસાફરી કરવાના હતાં. એ સ્વસ્થ થઈ રહ્યાં હતાં, તો પણ પોતાના વધારે વજનના કારણે એ 100 % ફીટ નહોતાં.

એટલે મિ. ઓસવાલે ડૉક્ટર અને હૉસ્પિટલની રજા લઈને ઍમ્બ્યુલન્સમાં જ એમને લઈ જવાનું નક્કી કરેલું. મમ્મી, હું, જૈનમ, અનોખી બધાં ઍમ્બ્યુલન્સમાં જ મુસાફરી કરવાના હતાં. અમારી ફ્લાઈટ 11 વાગ્યેની હતી, પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે 3 કલાક પહેલાં એરપોર્ટ પર પહોંચવું અનિવાર્ય હતું.ચેકીંગ, વીઝા સ્ટૅમ્પીંગ બહુ લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું.

હું કાલે રાત્રે હૉસ્પિટલમાં જ હતી.અનોખી સાથે મેં એની ભાવી લાઈફ અને મારાં એનાં સાથેનાં જોડાણ વિશે 12.00 વાગ્યા સુધી વાત કરેલી. જૈનમ પણ 10.00 વાગ્યા સુધી આવી જ ગયો હતો. એના પપ્પાએ એની જિધના કારણે એક દિવસ હૉસ્પિટલમાં મારી સાથે પસાર કરવાની હા પાડી હતી.

આફ્ટર 12.00 હું એની સાથે જ પાર્કીંગમાં ગયેલી. થોડો રોમાન્સ કરીને અમે બે વાગ્યા સુધી હૉસ્પિટલના કૅમ્પસમાં ફરેલાં. સવારે 6.00 વાગ્યે ઉઠવાનું નક્કી કરીને અમે ઊંઘી ગયેલાં. સવારે 6.00 વાગ્યે અનોખી

મારાં અને જૈનમ માટે બે કપ કૉફી લઈને આવેલી અને અમને ઉઠાડેલાં. બન્નેની આંખો બળી રહી હોવાથી અમને ફરીથી ઊંઘવાની ઈચ્છા થઈ ગઈ હતી.

"ફ્લાઈટમાં ઊંઘી જજે અપેક્ષા!" એ રીતે કહીને મને અનોખીએ જગાડી દીધી હતી. ત્યાં જ ફ્રેશ થઈને મારી મુસાફરી માટે લાવેલો ટ્રેકસૂટ પહેરીને જાણે કે જોગીંગ કરવા જઈ રહી હોઉં એ રીતે હું તૈયાર થઈ ગઈ હતી. મમ્મી પણ 6.30 એ આવી ગઈ હતી.

અનોખીએ પૅન્ટ્રીવાળાને વિનંતિ કરીને મારી ફેવરેટ ચટપટી પોતે જ બનાવીને મારો નાસ્તો કરાવેલો. એનો ટેસ્ટ મમ્મી કરતાં પણ સારો હતો. મમ્મીએ પણ એની પ્રશંસા કરેલી.પછી મિ.ઓસવાલ પોતાની સ્લીક સીડેનમાં આવેલા. એ **'મેન ઈન બ્લેક'** ના હીરો જેવા લાગી રહ્યાં હતાં.એમના ગૉગલ્સથી લઈને બધું કાળું હતું.

જૈનમે મને 7.05 એ પેપર અને પૅન લાવીને આપી. કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ મેં પેપર પર લખવાનું શરૂ કર્યું.

***MY GOD શાસનદ્રષ્ટાશ્રીજી!***
***હું આપને અનંત વાર નમન કરૂં છું...***
***હું આપને મળ્યા વગર અમેરિકા જઈ રહી છું. ગળા સુધી ઈચ્છા હતી કે આપને મળું,પણ પરિસ્થિતિયોં સર્જાઈ નહીં કે હું આપને મળી શકું. મને એ વાતનું બહુ દુઃખ છે...***
***હવે આપને ફરીથી મળવાનું ક્યારે થશે એ મને ખબર નથી. હું ઈચ્છું છું કે...***

કોઈ મને બોલાવતું હોય એવું મને લાગ્યું.મારા વિચારો અટકી ગયાં.

"અપેક્ષા...." મેં ઉપર જોયું.પપ્પા ત્યાં વ્હીલચેર પર બેઠેલા હતાં. હું પેપરને છોડી એમની પાસે ગઈ. મેં એમને હગ કર્યું અને ગાલ પર કીસ કરી...

"અમેરિકા માટે તૈયાર, પૉપ્સ?"મેં હસતાં હસતાં પૂછ્યું "તું જ્યારે સાથે હોય ત્યારે મારાં માટે જર્ની જર્ની જ નથી. તું જ્યાં છે, હું ત્યાં રહું છું.." એમણે સામે સ્મિત આપ્યું. સાચે જ પપ્પા મને અકથ્ય પ્રેમ કરતાં હતાં.

"ચાલો, પપ્પા અને દીકરી ! મૂવ... ટાઈમ થવા આવ્યો છે.." મિ.

ઓસવાલ પાછળથી આવ્યાં. પપ્પાએ એમને આવકાર આપ્યો. બન્ને વચ્ચે વાતચીતો ચાલું થઈ ગઈ. મેં મારાં પેપર અને પેન લીધાં અને લખેલી લીટી જોઈને મારાં નાઈટ સૂટના પૉકેટમાં રાખી લીધાં.અનોખી,જૈનમ પણ તૈયાર થઈને આવી ગયાં હતાં.

હૉસ્પિટલના ચીફ ડૉક્ટર પોતાની કેબીનમાંથી બહાર આવ્યાં.

"અપેક્ષા !" એમણે મને અંદર આવવાનો ઈશારો કર્યો. હું કેબીનમાં ગઈ. ડૉક્ટરે ડાઈરેક્ટ મને બેસાડીને પોતાને કહેવાનો વિષય ચાલુ કર્યો.

"અપેક્ષા...! છેલ્લાં થોડા દિવસથી હું તારાં ઍક્શન્સને જોઉં છું. તને હું એક વસ્તુ કહેવા માગું છું." ડૉક્ટર પોતાની ચેરમાં આગળ આવ્યાં, "તારી શક્તિઓ ગજબની છે.મને તારું ભવિષ્ય ગજબનું દેખાઈ રહ્યું છે અને સો...." ડૉક્ટરે પોતાનો વ્યક્તિગત કાર્ડ મને હાથમાં આપ્યો.

"ફ્યુચરમાં તને મારું કોઈ પણ કામ પડે, તો વગર શરમે મને ફોન કરજે. હું તારા માટે કોઈ પણ સમયે અને કોઈપણ જગ્યાએ હાજર રહીશ..."

**I.S.T. 8.00**

અમે એરપોર્ટમાં જ્યાં સુધી ગાડીઓ જઈ શકે,એ લિમિટ સુધી આવી ગયાં.જૈનમના પપ્પા મિ.ઓસવાલ અમારી એમ્બ્યુલન્સમાં આવ્યાં. ઍમ્બ્યુલન્સ એરપોર્ટના ટેકઑફ સુધી જઈ શકતી હતી. અમારે તો રૅસ્ટ રૂમ પાસે ઉતરવાનું હતું.

રૅસ્ટ રૂમની બહાર આવીને ઍમ્બ્યુલન્સ ઊભી રહી. હું અને મિ. ઓસવાલ છેલ્લે બેઠેલા હોવાથી સૌથી પહેલાં નીચે ઊતર્યા.

શુદ્ધ હવા મારાં મોઢાંને સ્પર્શી. પપ્પાને ઍમ્બ્યુલન્સમાં સાથે આવેલા હૉસ્પિટલના કર્મચારીઓએ નીચે ઉતાર્યા અને એરપોર્ટ ફ્રૅન્ડલી વ્હીલચેરમાં બેસાડ્યા.પપ્પામાં ચાલી શકાય એટલો સ્ટેમીના નહોતો.

વૉર્ડ-બૉયે અમારી બધી ટ્રૉલીવાળી સૂટકેસીસ એક મોટી ટ્રૉલીમાં ચઢાવી. અમે બધાં રૅસ્ટરૂમમાં જઈને બેઠાં. જ્યારે હું એરપોર્ટમાં અંદર આવેલી, ત્યારે મને હાથમાં બેનરો લઈને ઊભેલાં ઘણાં બધાં લોકો દેખાયેલાં.એ બધાં હવે રૅસ્ટરૂમ તરફ આવી રહ્યાં હતાં.

મેં મારાં પર્સમાંથી શાસનદ્રષ્ટાશ્રીજીને પત્ર પૂર્ણ કરવા માટે પેપર અને પૅન કાઢ્યાં.

***પપ્પાને જલદી ઠીક થઈ જાય અને હું ફરીથી આપને મળી શકું. મારા માટે આ નિર્ણય બહુ અઘરો હતો, પણ આપની કહેલી એક વાત મને યાદ આવેલી, 'તમે જે વ્યક્તિને અંતરથી યાદ કરો, એ કોઈના કોઈ સ્વરૂપમાં તમારી સાથે-સામે આવી જ જાય છે.' અને એટલે જ હું આ નિર્ણય લઈ શકી છું.***

***ભવિષ્યમાં મને ક્યારેય કોઈ પ્રૉબ્લમ પડે, ત્યારે આપના આ શબ્દો સાચા થાય એવી હું ઈચ્છા રાખું છું.***

"હેલો....અપેક્ષા!" ફરીથી મને કોઈએ અવરોધ કર્યું. મેં ઉપર જોયું. તેજસ ત્યાં ઊભેલો હતો.

"હાય." એણે ફરીથી કહ્યું. મેં એણે જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"તેજસ! આટલા દિવસ પછી... તું ક્યાં ખોવાઈ ગયો હતો..."એ મારાં બાજુની ચેર પર બેઠો.

"બસ.. ક્યાંય નહીં. મારી નવી જિંદગી સાથે ટેવાવાની કોશિશ કરી રહ્યો હતો..." એણે નકલી સ્મિત આપ્યું. "રીયલી!ટ્રુ સે હું તારી પાસે જે છેલ્લાં 15-20 દિવસ નથી આવ્યો, એ એના જ માટે કે મને એવું લાગી જ રહ્યું હતું કે હવે ભગવાન મારાથી મારાં જીવનદાતાને દૂર કરશે. શરૂઆત ના 2-3 દિવસ તો મને આંસુ પણ આવ્યાં, જે મારાં માટે એક મજાક જેવું હતું. કેમ કે હું મારી આખી લાઈફમાં કદાચ મમ્મીના પેટમાંથી નીકળવાના સમય સિવાય ક્યારે રડ્યો નથી..."મને એના શબ્દોની રમતને જોઈને હસવું આવ્યું.

"રીયલી અપેક્ષા ! હું મજાક નથી કરી રહ્યો...પણ પછી લાઈફે મને ટેવાતાં શીખવી દીધું.આજે, બસ તને એમ જ ફેરવેલ આપવા હું આવ્યો છું. હવે ભગવાન જાણે આપણે ક્યારે ફરીથી મળીશું." પોતાના અશ્રુઓને અટકાવવા તેજસ માટે અશક્ય થઈ ગયાં.

એ પોતાના ધુટનીયે પર બેસી ગયો.અને જેમ જૂના જમાનામાં એક દૂત પોતાના રાજાને સંદેશ આપતો, એમ એણે મારી સામે એક ગ્રીન કલરના ડેકોરેટેડ પેપરથી ઢંકાયેલી એક ચોરસ વસ્તુ આપી.

મેં એના હાથમાંથી એ વસ્તુ સ્વીકારી.મેં એને ખોલી. બૉક્સના અંદર બૉક્સ... બૉક્સના અંદર બૉક્સ... મમ્મી-પપ્પા તેજસની રમત જોઈને હસી પડ્યાં. મિ.ઓસવાલ પણ નવાઈ પામ્યા. જૈનમ થોડા સમય માટે ખબર નહીં ક્યાંક અદૃશ્ય થઈ ગયો હતો. કદાચ હું તેજસ સાથે રહું એ એને ગમતું નહીં હોય.

સૌથી છેલ્લું બૉક્સ મારા હાથમાં આવ્યું. એના ઉપર કદાચ ચાઈનીઝ ભાષામાં કંઈક લખ્યું હતું. મેં બૉક્સને ખોલ્યું.એમાં હેડફોન્સ જેવું મને કંઈક દેખાયું.મેં એને ટચ કર્યું, તો એ બીપ થવા લાગ્યું.

"પહેલા, ડીકોડ કર... નહીં તો એ આખા એરપોર્ટને ભેગું કરી નાંખશે, એટલો એનો અવાજ છે." તેજસ મારી અસહાયતા જોઈને હસવા લાગ્યો.

"કોડ શું છે ?" મેં ગુસ્સાથી એના સામે જોયું.

"તારા ફૅવરેટ..." એ મારાં ગુસ્સાની ઉપેક્ષા કરીને ફરીથી હસ્યો.

"શાસનદ્રષ્ટાશ્રીજી..."મેં હેડફોન જેવા ગેડ્જેટના સ્પીકરમાં કહ્યું.

એ બીપ થવાનું બંધ થઈ ગયું. એ ગેડ્જેટને મેં ધ્યાનથી જોયું. મને એ શું છે એની ખબર નહીં પડી..

"આ શું છે તેજસ?" એ ઊભો થયો.

"આને કહેવાય છે માઈન્ડ સૅન્સર...આ બહુ ઉપયોગી છે...."

## I.S.T. 8.45

સતત S.D . ફૅન્સ મને એક પછી એક મળવા આવી રહ્યાં હતાં. થોડાક તો મારી સાથે જ અમેરિકા મુસાફરી કરવાના હતાં.અમેરિકા જવાનાં ન્યૂઝ આગની જેમ S.D . ફૅન્સ ગ્રુપમાં ફેલાઈ ગયાં હતાં.મને એ લોકો મળવા આવે એનું ટૅન્શન નહોતું,પણ મારો લૅટર પૂરો નહીં થાય એનું ટૅન્શન હતું.

છેલ્લાં ફૅનને સ્મિત આપીને અને એની ગિફ્ટ લઈને મેં એને બાય-બાય કર્યું. મારાં બાજુમાં ગિફ્ટનો ટાવર બની ગયો હતો.બધું મારે સાથે લઈ જવું અશક્ય હતું. મિ.ઓસવાલે બધાં ગિફ્ટસ ઑફિસના માણસ સાથે એમના ચાર્ટરમાં મોકલી આપવાની બાહેધરી આપી હતી. મેં મારાં લૅટર અને પૅન ઉપાડ્યાં.

આજુ બાજુમાં મેં જોયું. સામેથી સાદિયા આવતી દેખાઈ.એના પાછળ ડૉનનો બૉડીગાર્ડ અબ્દુલ દેખાયો. *'ડૉન તો આવ્યાં નથી ને?'* હું જ્યાં સુધી આ વિચાર કરી રહી હતી, ત્યારે ધ ઑલ રૉયલ ડૉન દેખાયો. એની સાથે એરપોર્ટનો મૅનેજર એની જી-હજૂરી કરતો મેં જોયો. મને એ જોઈને હસવું આવ્યું. તેજસ પણ ડૉનને જોઈને ઊભો થઈ ગયો.

એણે આવીને મિ.ઓસવાલ સાથે હાથ મળાવ્યો.એરપોર્ટના મૅનેજર સાથે એણે મિ.ઓસવાલનો પરિચય કરાવ્યો. ડૉને કોઈ મજાક કરી અને બધાં હસ્યાં.સાદિયાએ મને આવીને હગ કર્યું.

"હૅલો, અપેક્ષા! બહુત દિન હો ગયે તુઝે મિલકે... અબ્બા કહ રહે થે કિ અપેક્ષા જા રહી હૈ. ઈસલિયે મૈં તુઝે મિલને આઈ હું." એ પાણીના બહાવની જેમ બોલવા લાગી .

"સબ તેરે લિયે ગિફ્ટ લા રહે હૈ, પર મૈંને નહીં લાઈ... મૈં તુઝે બડી ગિફ્ટ દેના ચાહતી હું " એણે એક બૉક્સ કાઢીને મને આપ્યું.

"પ્લીઝ ! ઉસકે કવર કો ખોલના." સાદિયા ઉત્સાહિત હતી. મેં કવર ખોલ્યું. એમાં એક લૅટર હતો. મેં લૅટર વાંચ્યો.મારી સાથે ફ્રેન્ડશીપ કર્યા પછી સાદિયાએ નૉન-વૅજ સંપૂર્ણતાથી છોડી દીધું હતું.એના ડૉન

પપ્પાએ પણ એનું સમર્થન કર્યું હતું.

સાથે બૉક્સમાં ચૉકલેટ્સ હતી કે જે સાદિયાએ પોતાના હાથથી નવાં વાસણમાં બનાવેલી અને મને ગિફ્ટ આપેલી.

મારા મનમાં એના પ્રત્યે આદર ઊભો થયો. જ્યાં નૉન-વૅજ ખાવું ફરજિયાત હતું, ત્યાં એ મારી ફ્રેન્ડશીપ માટે નૉનવૅજ છોડી રહી હતી. આ સમયે મેં એને સામેથી હગ કર્યું.

"થેંક્યુ સો મચ સાદિયા! શાસનદ્રષ્ટાશ્રીજી બહુ રાજી થશે."

"મારાંથી તું જોડાયેલી..."સાદિયા પપ્પાને જોઈને ચૂપ થઈ ગઈ.ડૉન મારી પાસે એરપોર્ટના મૅનેજર ને લઈને આવ્યાં. ડૉને પોતાના ઘૂંટણીએ બેસીને મને અદબ કરી. એરપોર્ટનો મૅનેજર સ્તબ્ધ રહી ગયો.

"મિસ્ટર ચોપડા! યે હમારી બેટી સે ભી બઢકર હૈ. ઇસકો કોઈ ભી દિક્કત ન આયે ઉસકા ધ્યાન રખના!" એરપોર્ટ મૅનેજર મિ.ચોપડા માથું હલાવતો હતો.

"અપેક્ષા ! આજ તેરી ઔર તેરે ફેમિલીવાલો કી ચેકીંગ નહીં હોગી.ઈસ લિયે તું ઔર."ડૉને પોતાના ઘડિયાળમાં સમય જોયો."દેઢ ઘંટે યહા બહાર રહ સકતી હૈ. ફિર તુઝે એરક્રાફ્ટ મેં બૈઠના પડેગા... ઔર હાં!" ડૉને પોતાના પૉકેટમાંથી એક વસ્તુ કાઢી.

" યે તેરે લિયે ગિફ્ટ..યે મેરે અબ્બાને મુઝે મેરી સુરક્ષા કે લિયે દિયા થા. ઈસમેં તાવીજ હૈ જો બહુત ચમત્કારી હૈ...માશા અલ્લાહ! ઉસકા ઇસ્તમાલ અચ્છી તરહ સે કરના..."ડૉને પોતાની આંખો બંધ કરી.

"અપેક્ષા ! તુમ લોગો કો મિલને કે બાદ મેરા જીવન બહુત બદલ ગયાં. અબ મેરે મન મેં મૈંને કિએ હુએ કરતુતો કા ગહરા ડંખ રહતા હૈ. શાયદ અબ ફરિશ્તે હી ઉસે દૂર કર પાયેંગે..." એના મોઢાં પર ઊંડો દર્દ દેખાઈ રહ્યો હતો. ફરિશ્તાનું નામ સાંભળીને મને મારો લૅટર યાદ આવ્યો.

"ભાઈ !" મેં ડૉનની સામે જોયું.એ નીચે ધરતીને જ જોઈ રહ્યો હતો."મેરા એક કામ કરોગે..." કામનું નામ સાંભળીને એની આંખો ચમકી ઊઠી.

"ફરમાઓ... અબ્બા કી કસમ મેરી જાન દેકર ભી કરૂંગા."

"ડૉન! અભી આપને જો ગલત કામ કર લિયે હૈ, ઉસે યાદ કરને મેં કોઈ ફાયદા નહીં. અભી આપ ઉસે મિટા સકને વાલે નહીં હો. ઇસલિયે પ્રવાસ બિના કોઈ આફત કે પૂરા હો, ઈસલિયે આપ હર રોજ

ખેરાત કરોગે..” મેં સાંભળેલા અને વાંચેલા હિન્દી અને ઉર્દૂ શબ્દો બરાબર નીકળ્યાં.

ડૉને બે મિનિટ વિચાર્યું. “ઠીક હૈ બેટીજાન! મેં હરરોજ યે કામ ચાલું કર દૂંગા....”

I.S.T. 9:30

*' બાકી તો દુઃખ એ વસ્તુનું છે કે જ્યારે આપ મારી પાસે હતાં, ત્યારે હું આપને સમજી ન શકી.મારે ઘણું બધું ગ્રહણ કરવાનું હતું, પણ મારી ગ્રાહ્યતા જ ઓછી હતી. મારી આ ભૂલને આપ ભૂલી જશો એ તો મને ખબર જ છે, પણ મને એનું દુઃખ રહેશે જ... એન્ડમાં...*

WHEN YOU ARE NEAR, I HAVE NO FEAR,
BUT...

WHEN YOU ARE FAR, MY LIFE GETS TEAR.

*પ્લીઝ઼ હંમેશાં મારી પાસે રહો,એ જ ભગવાનને પ્રાર્થના...*

YOURS UNDESERVED,
APEKSHA

મેં મારાં લેટરને અંતે 2.30 કલાકમાં પૂરો કર્યો.મેં ફરીથી એક વાર એને વાંચી લીધો. એ સારી રીતે બનેલો હતો. મારાં સંવેદનોને એમાં ક્લીયરલી હું વ્યક્ત કરવામાં સફળ થઈ હતી. મેં એને કવરમાં પેક કર્યો અને એની ડાબી બાજુ પર **"ટુ શાસનદ્રષ્ટાશ્રીજી"** લખ્યું.

હું આ લેટર અનોખીને આપવાની હતી કે જેણે મારી સાથે સવારથી જરાક પણ વાત કરી નહોતી. કદાચ મારાં જવાના લીધે એને અસહ્ય આઘાત હતો. મેં અનોખી તરફ જોયું. એ શાસનદ્રષ્ટાશ્રીજીની સ્ટાઈલમાં પ્રાર્થના કરી રહી હતી.

હું એના ચેરની બાજુમાં રહેલી ચેર પર જઈને બેસી.

"અનોખી!" અનોખીએ પોતાની બંધ આંખો ખોલી.

"હા..." એના અવાજમાં સ્વીત્ઝરલૅન્ડ જેવી ઠંડક હતી.એ કોઈ બીજી જ દુનિયામાંથી બહાર આવી હોય એવું એના આંખોમાં દેખાઈ રહ્યું હતું.

"આ..."મેં એના હાથમાં લખેલો લૅટર રાખ્યો.

"શાસનદ્રષ્ટાશ્રીજીને આપવાનો છે, ઓ.કે.?" મારું વાક્ય અનોખીએ પૂર્ણ કર્યું.


"અપેક્ષા! આ જુદાઈનો સમય મારાં માટે એકદમ મહત્ત્વનો સાબિત થયો છે.."મને એ શું બોલી રહી હતી એ સમજાયું નહીં.

મારાં મોઢાંના ભાવો જોઈને એણે મને ફક્ત આટલું કહ્યું.

"તું આશ્ચર્યચકિત ન થતી...તને થોડા સમયમાં જ ખબર પડશે."



# Chapter - 6







**26/10/2010** **I.S.T. 10:30** *Sahara Airport, Mumbai*

**JOURNEY** અતિવિષમ હોય છે..!

એરપોર્ટના મૅનેજર મિ.ચોપડા અમને ફ્લાઈટ સુધી છોડવા આવ્યા. જે ફ્લાઈટમાં અમે પ્રવાસ કરવાના હતાં, એ દુનિયાની એક શ્રેષ્ઠ ફ્લાઈટ હતી. મેં સામે શુદ્ધ સફેદ કલરમાં પેઈન્ટ કરેલી અને ગોલ્ડન કલરમાં લખેલા નામવાળી અમારી એરલાઈન્સ જોઈ- **ETIHAD.**

એવું કહેવાતું કે એતીહાદના માલિક અને ડૉન વચ્ચે બહુ સારા સંબંધો હતાં.એનો માલિક અબુધાબીમાં રહેતો અને એના સિવાય એના અગણિત ઘરો હતાં.મેં સામે ઊભેલી જર્ની માટે તૈયાર થતી એરબસના એડવાન્સ્ડ મૉડલને જોયું. દુનિયાની બે એરપ્લેન્સ બનાવનાર કંપનીઓમાંથી એરબસ પોતાના લિમિટેડ પૅસેન્જર મૉડલ્સ માટે પ્રસિદ્ધ હતી. બોઈંગ મોટાં પૅસેન્જર કેરીયર્સ બનાવતો.777 મોડલ એનું બહુ પ્રસિદ્ધ થયેલું. મને ભારતને અનિશ્ચિત કાળ માટે છોડવાનો સમય આવી ગયો.

જૈનમને ડૉનના કહેવાથી મૅનેજરે અંદર આવવાની રજા આપી હતી.પણ, આનાથી આગળ હવે મૅનેજરને પણ મંજુરી નહોતી.જૈનમે મારાં હાથમાં એક બૉક્સ આપ્યું. આજે બાકી બધાએ મને ગિફ્ટ આપેલી,પણ જૈનમ કદાચ આઘાતમાં ભૂલી ગયો હોય એવું મને લાગ્યું હતું.

"માય હાર્ટ! હું આનાથી મોટી ગિફ્ટ ખરીદી નહીં શક્યો એટલે સૉરી...અને આનાથી સારી ગિફ્ટ મને દેખાઈ નહીં એ માટે પણ સૉરી... જલદી મળીએ.."મારાં કાનમાં બબડાટ કરીને ત્યાં જ કોઈને ખબર ન પડે એ રીતે કીસ કરીને એ ઝડપથી પાછો વળી ગયો.

કદાચ એ એને અનુભવાતી મારી જુદાઈ મને બતાવવા નહોતો માંગતો અને માટે જ એ પોતાનાં અશ્રુ દેખાડ્યાં વગર જ ત્યાંથી આ રીતે નીકળી ગયો. હું એના ભીતર જોઈ શક્તી હતી કે એની આંખોમાં અશ્રુ હતાં. હું એ જ્યાં સુધી મને દેખાયો, ત્યાં સુધી જોતી રહી. છેલ્લે એક છેલ્લી ઝાંકી આપીને એ અનિશ્ચિત સમય માટે મારી લાઈફમાંથી ગાયબ થઈ ગયો.

લાઈફની યાત્રાને આગળ ધપાવવાનો સમય આવી ગયો હતો. મેં અમારી 20 કલાકની મુસાફરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ટેકઑફ માટે ફ્લાઈટ તૈયાર ઊભી હતી.મેં ભારતની ભૂમિને છેલ્લી વાર માટે હાથથી સ્પર્શ કરી.

એ પવિત્ર આત્માવાળી ભારતની ભૂમિને મેં છેલ્લી વાર 'બાય-અલવિદા' કહ્યું. મારાં માથાં પર મેં ભારતમાની માટીને લગાવી.



**A.D.T. 12.45p.m**



*Abu Dhabi*

મેં મારી ઘડિયાળને અબુધાબીના 1.45 મિનિટ મોડા ચાલતા સમય સાથે એડજસ્ટ કરી. ન્યૂ યૉર્ક કે જ્યાં અમારૂં ફાઈનલ ડેસ્ટિનેશન હતું એ ઈન્ડિયન સ્ટેન્ડર્ડ સમયથી 9.30 કલાક પાછળ હતું.

અબુધાબીની અમીરી એના એરપોર્ટમાં સ્પષ્ટ દેખાઈ રહી હતી. એતીહાદ એ UAE ની કમ્પની હોવાથી એનું ફ્યુલફીલીંગ-સર્વીસીંગ-પૅસેન્જર વેઈટીંગ અબુધાબીમાં જ થતું. ત્યાંથી નૉનસ્ટૉપ 18-19 કલાકની મુસાફરી પછી અમે ન્યૂયૉર્કના જે.એફ.કૅનેડી એરપોર્ટ પર લૅન્ડ થવાના હતા.

અમારા માટે સંબંધોના કારણે એતીહાદવાળાઓએ સ્પેશિયલ V.I.P. રૂમ્સ તૈયાર કરેલા હતાં. અમે 2.30 કલાક માટે અબુધાબીની ધરતી પર રહેવાના હતાં. એરલાઈન્સની સોફિસ્ટીકેટેડ હૉસ્ટ્રેસોએ અમને અમારા વેઈટીંગ રૂમમાં છોડ્યા. અમારા પ્યોર વેજ ફૂડને ધ્યાનમાં રાખીને ન્યૂયૉર્ક, રસ્તામાં અને અબુધાબીમાં પણ ડૉને પ્યોર વેજ ફૂડની ગોઠવણ કરી દીધી હતી.

ત્રણે જગ્યાઓનું ભોજન પ્યોર વેજ હોટલમાંથી આવવાનું હતું. ડૉને મારાં ફૅવરેટનેસ પર બરાબર ધ્યાન આપ્યું હોય એવું મને ભોજન કરતી વખતે સ્પષ્ટ અનુભવાયું.એકદમ મજેદાર પંજાબી નાન+પંજાબી પનીર ટીકા+પાપડ + છાશનું મૅનુ હતું. સાથે સાદિયાએ અહીંયા પણ કોઈક દ્વારા પ્યોર વેજ - ચૉકલેટ્સ મને ફરીથી ગિફ્ટ કરેલી.

આ સમય ફક્ત ચૉકલેટ્સ નહોતી, પણ દુબઈની ફેમસ ગોલ્ડ રીંગ પણ સાથે હતી. એના ઉપર એણે નાના અક્ષરોમાં ઈમ્પ્રીન્ટ કરેલું,

**PLEASE WEAR ME ON YOUR FINGER...**

મેં મારા હાથ તરફ જોયું. એમીરલ્ડ સ્ટોનથી મઢેલી JA સાઈનવાળી પ્લેટીનમ રીંગ કે જે મારાં માટે જૈનમે ખાસ બનાવડાવેલી હતી એ ત્યાં પહેલાંથી ચમકી રહી હતી. મેં એને મારી ચોથી આંગળી પર પહેરી હતી. એમાં મારાં અને જૈનમના પહેલાં અક્ષરો કંડારેલા હતાં અને સ્ટોન્સ એના પ્રમાણે જડવામાં આવ્યાં હતાં.




મેં સાદિયાની રીંગને મારી વચલી આંગળીમાં પહેરી.એનો ફોટો ખેંચીને મેં ફેસબૂક પર સાદિયા માટે પોસ્ટ કર્યો. સાદિયાએ સ્માઈલીંગ સ્માઈલી મને ફરીથી મોકલી. એ મારાં પ્રતિભાવ માટે જ કદાચ ઑનલાઈન હતી. મને એની ફ્રેન્ડશીપ ક્રેઝીનેસ જોઈને બહુ હસવું આવ્યું.

A.D.T. 14.30

અમે એરપોર્ટ અબુધાબી પર રહેલી દુકાનોમાં રખડી રહ્યાં હતાં. મમ્મીને શૉપિંગ કરવાની મજા આવી રહી હતી. મમ્મીએ એક ગૌતમ બુદ્ધના મેડીટેશન વાળી ફોટોફ્રેમ જોઈ. મમ્મીને એ અત્યંત ગમી ગઈ. દુકાનના માલિકને મમ્મીએ ભાવ પૂછ્યો.

ઈન્ડિયાના રૂ.5000 થઈ રહ્યાં હતાં.

"મેંડમ ! આપ લે લો, ડૉન અમઝદભાઈને મુઝે ફોટો ભેજા હુઆ હૈ." મને અને મમ્મીને દુકાનના માલિકે ફોટો બતાવ્યો. એમાં મારો ગૉગલ્સ વાળો ફોટો હતો."કિ અગર યે આએ, તો ઉનકે પાસ એક દીનાર ભી નહીં લેના.... ઈસલિયે આપકો જો અચ્છા લગે, વો આપ લે લેના... એતીહાદ કે માલિક કા ભી મુઝે ફોન આયા થા...વહ આપકે સામાન કો આપકે ન્યૂયૉર્ક કે ઘરમેં પહુંચા દેગા..

"મને કોઈકે કહેલી વાત યાદ આવી. **"ડૉનની શક્તિ કેટલી હોય છે, એ જાણવું મુશ્કેલ નહીં, નામુમકીન હોય છે."**

મમ્મીએ મારાં તરફ 'લઉં કે નહીં?'એ પૂછવા માટે ઈશારો કર્યો. દુકાનનો માલિક એ જોઈ ગયો. દુકાનના માલિકે મારાં મમ્મીના હાથમાંથી એ બુદ્ધાની ફ્રેમ લઈને એને પૅક કરવાનો ઑર્ડર આપી દીધો.પછી એ બહાર આવ્યો. અમારી સાથે એ આખા સ્ટોરમાં ફર્યો.

એ મમ્મીના હાવભાવો તરફ જોતો.એને જ્યાં લાગતું કે એ વસ્તુ મમ્મીને ગમી છે, તો એ એ વસ્તુ પૅક કરાવી દેતો.વચ્ચે મારે એને ના પાડવી પડી.

"અમે જે શૉપિંગ કરી એનું બિલ કેટલું થયું?" છેલ્લે ફ્લાઈટના ડીપાર્ચરનો સમય થતાં મેં પૂછ્યું.

"પેમૅન્ટ કી પ્લીઝ! બાત મત કરના.મેરે તરફ સે આપકો દિયા હુઆ તોહફા સમઝના.જિસકી ડૉન ભી જી-હજૂરી કરતાં હૈ, ઉસસે મેં પૈસે કૈસે લે સકતા હું. હમારે લિયે તુમ્હારા પૈસા હરામ હૈ." એકદમ નૉર્મલ હાવભાવ

સાથે એણે કહ્યું. એની સરલતા જોઈને હું ડઘાઈ ગઈ.શું બધાં UAE ના લોકો આવા જ હોય છે?

મુસ્લિમ લોકોનાં સંપર્કમાં જ્યારથી હું આવેલી ત્યારથી મને એક વિશિષ્ટ ગુણવત્તા જોવા મળી હતી - એમનો ભાઈચારો.એ પોતાના ભાઈઓ માટે કંઈ પણ કરવા તૈયાર હતાં.

મને શાસનદ્રષ્ટાશ્રીજીએ **'અમૃતવેલની સજ્ઝાય'** નામના ગીતને ભણાવતી વખતે કહેલી એક લીટી મને યાદ આવી.મને એ લીટી એનાં ગુણો જોઈને સામે ઊભાં રહેલાં દુકાનમાલિકમાં જડબેસલાક બેસતી દેખાઈ.

***"થોડલો ગુણ પરતણો દેખી, હર્ષ આણ રે.."***

**"SEE THE VALUES OF OTHERS...**

**&....**

**AFTER SEEING THE VALUE BRING**

**HAPPINESS IN YOUR MIND..."**

મેં માલિકને સ્મિત કર્યું.

## N.Y.T. 21:15

'પ્લીઝ ! વેર યૉર સીટબૅલ્ટ...આઈ રીપીટ પ્લીઝ વેર યૉર સીટબૅલ્ટ.'માઈકમાં અનાઉન્સમૅન્ટ થયું અને છેલ્લાં 13-14 કલાકમાં છોડેલા સીટબૅલ્ટને મેં ફરીથી મારી છાતી પર પહેર્યો.મેં પ્લેનની બારીમાંથી નીચે જોયું.

ન્યૂયૉર્કની જળસીમાં સ્પષ્ટ દેખાઈ રહી હતી. અગણિત લાઈટ્સ નું રણ હોય એવું એ લાગી રહ્યું હતું. છેલ્લે અમેરિકાની ધરતીમાં, કે જેના વિશે મેં ઘણું સાંભળેલું, ત્યાં અમે લૅન્ડ થવાના હતાં.

મેં મારી અબુધાબીથી ન્યૂયૉર્કની લગભગ મુસાફરી ઊંઘમાં જ પસાર કરેલી. વચ્ચે-વચ્ચે પ્યોર વૅજ ફૂડ લઈને હૉસ્ટ્રેસ આવતી ત્યારે અને કોલ્ડડ્રીંક્સના અવાજના કારણે મારી ઊંડી ઊંઘમાં વિક્ષેપ પડતો.

એતીહાદની સર્વિસ બહુ જબરદસ્ત હતી અને એમાં પણ જ્યારે તમે V.I.P. હો, તો તો વાત જ પૂછવાની નહીં. માત્ર મારાં એક્શન્સથી જ હૉસ્ટ્રેસીસને મારાં જરૂરીયાતની ખબર પડી જતી. અને પછી એ જરૂરીયાતને પૂર્ણ કરવા માટે તેઓ ઍક્શનમાં આવી જતા.

જ્યારે હું જાગતી ત્યારે સામે રહેલી નાની સ્ક્રીનમાં કે જે દરેક સીટની પાછળ હતી, એમાં હું **'હેરી પોર્ટર'** ની મૂવી જોતી.1/2 મૂવી હું પૂર્ણ કરી શકી હતી, કેમ કે ફરીથી મારાં ઝોકાં ચાલુ થઈ ગયાં હતાં.

મેં રે-બૅનના સનગ્લાસીસ પણ મુસાફરી વખતે ખરીદેલા.અને બિલમાં મેં જોયેલું તો **"AS A GIFT FROM ETIHAD"** લખેલું હતું. આવા બધાં પ્રસંગોમાં મારું મન મારાં પાસ્ટમાં ખોવાઈ જતું અને મને ત્યારે પૂઅર અને રીચ અપેક્ષામાં ફરક દેખાઈ આવતો. એક વ્યક્તિની શક્તિ બીજા વ્યક્તિની લાઈફમાં કેવી રીતે અસર કરી શકે એ મને સ્પષ્ટ દેખાતું.

વારંવાર ઉપરના સ્પીકર્સમાંથી સીટ બૅલ્ટ્સની સૂચનાઓ દોહરાવવામાં આવી રહી હતી. પ્લેન નીચે ઊતરતું હોય એવું મને લાગ્યું. જૉન.ઍફ. કૅનેડી એરપોર્ટની લાલ લાઈટ્સ મને સ્પષ્ટ દેખાઈ.એતીહાદના

પ્લેનના ટાયર્સ બહાર આવ્યાં અને 'થડ' સાથે એ રન-વે પર લૅન્ડ થયા.
મારી અમેરિકાની ધરતીનો એક નવો ચૅપ્ટર શરૂ થયો.


My Note
૧



# Chapter - 1

26/10/2010 N.Y.T. 21:35 J.F.Kennedy Airport, Newark

**ડાયગ્નોસીસ** અતિવિષમ હોય છે...!

હું પ્લેનમાંથી મારી હેન્ડબેગ્સને લઈને નીકળી રહી હતી.

“હાય અપેક્ષા !” મેં પાછળ જોયું. પાછળ એરોપ્લેનનો કેપ્ટન ઊભો હતો. એ દેખાવમાં એકદમ સ્માર્ટ હતો અને સુઘડશરીરવાળો હતો. મારાં કાને સાંભળવામાં ચૂક કરી હોય એવું મને લાગ્યું.

*‘યુ હેવ ગ્રોન એડીક્ટેડ ટુ ફેમ...’*મારાં મને મને તાનો માર્યો.

હું ફરીથી સીધી થઈને ચાલવા લાગી.

“અપેક્ષા! હાય.” હવે મારૂં મન ગેમ નહોતું રમી રહ્યું. કેપ્ટને સાચે મને બોલાવી હતી.

“હા.” હું ફરીથી વળી. “મને જૈનમે તારા વિષયમાં વાત કરેલી. તું જ ચમત્કારથી બચી હતી. તારી સ્પીચ પણ એણે મને સંભળાવેલી.. હાય,આઈ એમ મિ. શર્મા."પાઈલોટે હાથ મળાવવા માટે હાથ આગળ કર્યો. મેં એની સાથે હાથ મળાવ્યો.

“તમારા અને જૈનમમાં શું સંબંધ છે ?” મેં પાયલોટ સામે પ્રશ્નમાં મારી આંખોને ઉપર-નીચે કરી.

“હું વ્યવસાયિક રીતે એતીહાદની બધી ફ્લાઈટ્સ ચલાવું છે. ભલે એ બોઈંગ હોય કે એરબસ અને એમ હું જૈનમના ચાર્ટર્ડ પ્લેનનો પણ પાયલોટ છું...”

મારા મનમાં જૈનમનું સ્ટેટસ હજી ઉપર થયું.

*'એની પાસે ચાર્ટર પ્લેન પણ છે ?'* હું હસી.

"તો, એ તમારી સાથે બધું શેર કરે?..."

"ના... બધું નહીં, પણ ઘણું બધું...."પાઈલોટ મિ. શર્મા ફ્રેન્કલી બોલ્યો, "એ મારો ક્લાયન્ટ કરતાં પણ મારો ફ્રેન્ડ વધારે છે. મને જૈનમે વિનંતી કરી હતી કે એક વાર ફ્લાઈટનો કૉકપિટ હું તને બતાવું...જોવું છે?" વિનંતી સાથે પ્રશ્ન પાયલોટે કર્યો.

મેં હા પાડી. એ મને કૅબીનમાં લઈ ગયો.અલગ-અલગ પ્રકારનાં ઘણાં બધાં ફંક્શન્સવાળું મોનિટર મને દેખાયું. આગળ જોયસ્ટીક જેવું એરોપ્લેનની ડ્રાઈવીંગને સંભાળનાર સ્ટીયરીંગ હતું.

લેટીટ્યુડ-લૉંગીટ્યુડને બતાવનારા ડીજીટલ એક્વીપમૅન્ટ્સ, સ્પીડ અને હાઈટને બતાવનારા એક્વીપમૅન્ટ્સ, રડાર પ્લેટ વગેરે ઘણાં બધાં કંટ્રોલ્સનો પાઈલોટે મને પરિચય કરાવ્યો. કોઈ પણ પાર્ટમાં થતાં પ્રૉબ્લમ્સને ઓળખવા માટેના પણ ઘણા એક્વીપમૅન્ટ્સ એ પ્લેનમાં હતાં. મને એરપ્લેનને ચલાવવા માટે વપરાતાં આટલા બધાં પાટ્ર્સને જોઈને વિચિત્ર લાગ્યું.

મને શાસનદ્રષ્ટાશ્રીજીએ એક વાર નવતત્ત્વ ભણાવતી વખતે કહેલા શબ્દો મને સ્મૃત થયા.

*"અપેક્ષા! આપણાં મન અને શરીર એરોપ્લેન જેવાં છે. એના કંટ્રોલ્સને જો આપણે જાણતા હોઈએ તો આપણું પ્લેન ક્યારેય ક્રેશ ન થાય.."* મારાં મનમાં એ શબ્દો ગુંજવા લાગ્યાં.

## N.Y.T. 21:55

એતીહાદ એરલાઈન્સનો N.Y.નો સ્ટાફ મારાં માટે બૂકે લઈને સ્વાગત કરવા માટે ઊભો હતો.હવે આ રુટીન મારાં માટે કંટાળાજનક થઈ ગયું હતું. ગિફ્ટ, બૂકે, સત્કાર મારાં માટે હવે સામાન્ય જેવું થઈ ગયું હતું.

તેઓ અમારા લગેજને સાથે લઈને અમને એરપોર્ટના ગેટ સુધી છોડવા આવ્યાં. ત્યાં જ નવાબી કપડાંમાં તૈયાર થયેલો એક અમેરિકન મારી પાસે આવ્યો.

“હાય અપેક્ષા !" છેલ્લાં 24 કલાકમાં મેં કદાચ 100મી વાર આ શબ્દો સાંભળ્યા. મમ્મી-ડેડી પણ હવે જેટલી વાર આ શબ્દો સાંભળતાં, એટલી વાર હસતાં. એમને મને ચીડવવામાં મજા આવતી.

“આઈ નો ધેટ યુ ડોન્ટ નો મી, બટ આઈ નો યુ...સે હું આઈ એમ?” ઉખાણાંમાં એ અમેરિકને મને પૂછ્યું. હું સાચે જ એ વ્યક્તિને જાણતી નહોતી.

પપ્પાએ ઊભા થઈને એ અમેરિકન સાથે હાથ મળાવ્યો, ‘હેલો મિ. બ્રાઉન!” શબ્દ સાંભળતાં જ મારાં મનમાં લાઈટ થઈ. “કોમાં સ્પેશિયાલિસ્ટ.'

મેં પણ મિ. બ્રાઉન સાથે હાથ મળાવ્યો.

“સો મિરેકલ ગર્લ ! મને તને મળવાની ઘણાં સમયથી ઈચ્છા હતી. હું વિચારતો હતો કે જ્યારે હું બૉમ્બે આવીશ, ત્યારે હું તને મળીશ... પણ ગૉડ ઈઝ ગ્રેસીયશ... એણે મારી પ્રાર્થના સાંભળી લીધી. તું જ આવી ગઈ.” એ પોતાના ચમત્કારવાળા કેસને જોઈને બહુ ઉત્સાહિત લાગ્યાં.

“તો હવે આપણે ચાલીએ. પહેલાં, આપણે હૉસ્પિટલ જઈશું... જે નેવાર્ક સીટીના વર્જન સ્ટ્રીટમાં છે. હૉસ્પિટલ બહુ ફેમસ છે. આપણે ત્યાં આખું શરીર ચેક-અપ અને જેનેટીક ટેસ્ટ કરાવી લેશું.પછી આપણે નક્કી કરીશું કે તમે હૉસ્પિટલમાં રહેશો કે મિ.ઓસવાલના બંગલોમાં..ઓ.કે...”મેં માથાથી મિ. બ્રાઉનની વાતમાં સમર્થન આપ્યું.

ઍમ્બ્યુલન્સ આવી. એના ઉપર '**યુનિવર્સિટી હૉસ્પિટલ**' લખેલું હતું. હૉસ્પિટલના સારી રીતે પ્રશિક્ષિત સ્ટાફે પપ્પાને સ્ટ્રેચર પર સુવડાવીને

ઍમ્બ્યુલન્સમાં ગોઠવ્યાં.મમ્મી અને ડૉક્ટર બ્રાઉન પણ અંદર ચઢ્યાં.મેં ઍમ્બ્યુલન્સમાં ચઢીને ઍમ્બ્યુલન્સમાં નો દરવાજો બંધ કર્યો.

રાત્રિનો સમય હોવાના કારણે ટ્રાફિક બહુ ઓછો હતો. ઍમ્બ્યુલન્સ ફૂલ સ્પીડમાં રોડ ઉપર દોડી રહી હતી.જ્યારે હું નાની હતી, ત્યારે ડિઝનીલૅન્ડ જવાનાં સપનાંઓ, સીન્ડ્રેલા બનવાનાં સપનાંઓ બહુ જોતી હતી. એ સપનાઓ મને બહુ આનંદિત કરતાં.

મારાં મોબાઈલમાં ગૂગલ મૅપ ઍપ ચાલું હતું. જે.ઍફ. કૅનેડી એરપોર્ટથી 55 મિનિટનો રસ્તો યુનિવર્સિટી હૉસ્પિટલ સુધીનો હતો. યુનિવર્સિટી હૉસ્પિટલ અમેરિકાની એક સૌથી વધુ પ્રખ્યાત જૅનેટીક હૉસ્પિટલ હતી.

મિ.બ્રાઉન છેલ્લી 10 મિનિટથી સતત પપ્પાને અલગ-અલગ તબિયતના પ્રશ્નો પૂછી રહ્યાં હતાં.ઘણી વાર પપ્પાના ચહેરા પર રિક્તતા-મૂંજવણ દેખાતી. કદાચ એટલે જ એ વન ઑફ ધ મોસ્ટ પ્રખ્યાત સાયકેટ્રીસ્ટ હતાં.

સાદિયા અને જૈનમના કૉંગ્રેટ્સ ફોર સેફ જર્ની' ના મૅસેજ આવ્યાં અને મેં એમને 'થમ્સ અપ' અને 'હાર્ટ.' મોકલ્યું. જૈનમનો મારી સાથે વિડીયો કૉલ પર વાત કરવા માટે મૅસેજ આવ્યો, પણ મેં એને **'કૉલ મી લેટર'**નો મૅસેજ કર્યો.

ડૉનના સંબંધો અમેરિકામાં પણ વિસ્તરેલા હતાં. ઈસ્લામ ધર્મની શક્તિ ક્રમશ: અમેરિકામાં પણ વધી રહી હતી. ઓબામાની પૉલિસી એકદમ ઉદાર અને આમ જનતા માટે ફ્રેન્ડલી હતી અને માટે જ એ સૌથી વધુ એક ગમતા રાષ્ટ્રપતિઓની લિસ્ટમાં એકદમ ટૉપ પર હતો.

“અપેક્ષા!” પોતાના ઓલ્ડીશ અમેરિકન ઍસન્ટમાં મિ. બ્રાઉને મારું નામ ઉચ્ચાર્યું. મને હસવું આવ્યું.

"વૉટ ડુ યુ નો અબાઉટ અમેરિકા? વૉટ હેવ યુ લર્ન્ડ અબાઉટ ઈટ ઈન યોર સ્કૂલ?” અચાનક પૂછાયેલા પ્રશ્નથી મને આશ્ચર્ય થયું. મેં મારી ઇતિહાસની પુસ્તકની જાણકારી યાદ કરી.

“અમેરિકા એ અમેરિગો વેસપુસીએ શોધેલી ધરતી હતી અને એટલે 'અમેરિકા' એ એના નામ પર બનેલી છે. અહીંયા પહેલાં રેડ ઈન્ડિયન્સ રહેતાં અને એમને બહાર કાઢીને પૈસાવાળા યુરોપિયન વ્યાપારીઓએ ભેગા થઈને આ દેશને ઊભો કર્યો છે.” હું બે સૅકન્ડ માટે રોકાઈ. મિ. બ્રાઉન મને

ધ્યાનપૂર્વક જોઈ રહ્યાં હતાં.

"અમેરિકાના પહેલા પ્રેસિડેન્ટ જ્યોર્જ વોશિંગ્ટન હતાં અને એ કુશલ નેતા હતાં.એમની વિચારધારા અત્યંત વિશાલ હતી." આગળની 15 મિનિટ મેં અમેરિકાના એબ્રાહિમ લિન્કન, ક્લીન્ટન્સ, એઝનહોવર બ્લા બ્લા પ્રેસિડેન્ટ્સના વિષય ઉપર મારાં અમેરિકાના જ્ઞાનને બતાવ્યું.

"મને આટલી જ જાણકારી છે."ધ્યાનથી સાંભળી રહેલા મિ. બ્રાઉનને મેં કહ્યું. મિ. બ્રાઉને મારા સામે જોઈને સ્મિત આપ્યું.

"તે જે કહ્યું એ બધું સાચું છે,પણ આ તો તે અમેરિકાની ગૌરવતા અને એના પ્રેસિડેન્ટ્સની વાત કરી.મને એ જાણવું છે કે અમેરિકાના પાયામાં શું હતું?.."

મેં એના ઉપર વિચાર કર્યો, પણ મારાં મનમાં કંઈ પણ ક્લીક થયું નહીં.

બે મિનિટના મૌન પછી જે મેં જૈનમ પાસેથી મિ. બ્રાઉનના શ્રેષ્ઠ મનની શક્તિ વિશે સાંભળેલું,એનો નાનો ચમકારો મને જોવા મળ્યો.

"અપેક્ષા ! સાચું કહું તો... અમેરિકાના પાયામાં એની એકતા હતી. **"યુનિટી ઈઝ સ્ટ્રેન્થ"** એવું આપણે બધાં ગાઇયે છીએ,પણ બહુ ઓછાને એનો અર્થ ખબર હોય છે.

અમેરિકા એ એકતાની શક્તિથી ઈંટ પછી ઈંટનાં ન્યાયે બની છે. અને એટલે જ જે ઈંટ પછી ઈંટ નાં ન્યાયે બને, એમાં બનાવનારને વિચારવાનો અવકાશ મળે કે મારે આગળની ઈંટ ક્યાં રાખવાની છે. અને જે વસ્તુ તમે વિચારીને કરો,એ લગભગ ખોટી ન થાય...અને માટે જ...." મિ. બ્રાઉને પોતાનો ચહેરા મારાં પાસે કર્યો.

"અમેરિકા એ વિચારો અને બનાવોનો મેસેજ આપનારા સૌથી સારા દેશોમાંથી એક દેશ છે. અને આ વસ્તુ તને એના દરેક મૉન્યુમેન્ટ, પાર્ક્સ, બિલ્ડિંગ્સમાં દેખાશે, સ્ટેચ્યુ ઑફ લીબર્ટી થી લઈને કેપીટૉલ બિલ્ડિંગ, વૉશિંગ્ટન ડી.સી સુધી...."

## N.Y.T.22.50

યુનિવર્સિટી હૉસ્પિટલના મુખ્ય ડૉક્ટરે અમારું સ્વાગત કર્યું.એ બહુ મજાકીયા સ્વભાવવાળા માણસ હતા.એને જોઈને એવું ન લાગે કે એ આટલી મોટી હૉસ્પિટલનો મુખ્ય હોય.એનું નામ મિ.સ્કૂલર હતું.એ અમારી સાથે આગળ ચાલી રહ્યાં હતાં. ત્યારે મિ. બ્રાઉને મારાં કાનમાં કંઈક કહ્યું, "મિ. સ્કૂલરનું સૂત્ર છે-લાફ્ટર ઈઝ અ મૅડિસીન ધૅટ કૅન ક્યોર એવરી ડીસીઝ."

અમે અમારે રહેવાની જગ્યાએ પહોંચ્યા. 5-સ્ટાર હોટેલ્સમાં જેવા રૂમ હોય, એવા બે રૂમ જેટલો મોટો એક રૂમ અમને રહેવા માટે આપવામાં આવ્યો હતો.

" મિ. સકસેના! હું બધું ગોઠવીને ૧૫ મિનિટમાં આવું છું. આજે તમારું આખું શરીર ચેક-અપ અને જેનેટીક ચેક-અપ થશે, પછી આપણે નક્કી કરીશું કે આગળ શું કરવાનું." મિ. સ્કૂલરે અમે વિચારેલી વાતને દોહરાવી.

" તો તૈયાર થઈ જાઓ." એ ગોઠવણ માટે ડૉક્ટર બ્રાઉન સાથે નીકળી ગયાં. એ અને મિ. બ્રાઉન પપ્પાની માનસિકતા વિશે ચર્ચા કરતાં હોય એવું મને લાગ્યું.

પપ્પા એ ટૅસ્ટ માટે તૈયાર થવા માટે ફ્રેશ થવા ચાલ્યા ગયાં. એમના મોઢાં પર મેં ક્યારેય ન જોયેલો થાક મને દેખાઈ રહ્યો હતો. **"રોગ એ આખા માણસને નકામો કરવામાં બહુ શક્તિશાળી હોય છે. એટલે રોગ વગરનો જેટલો સમય આપણો છે એ જ સાચો સમય છે. એટલે સમય વેડફો નહીં.."** ભવનિસ્તારના મારાં મન પર છવાયેલા શબ્દો મને યાદ આવ્યા.

હું પણ મારો ચહેરો સાફ કરીને,મારી 20 કલાકની મુસાફરીના કારણે વાસ મારતી ડ્રેસને બદલીને ચેર પર બેઠી. મમ્મી અમારો સામાન રૂમમાં ગોઠવવા લાગી. કોઈ પણ જગ્યાને પોતાના ઘરમાં બદલવાની મમ્મીની કલા જબરદસ્ત હતી.

મેં મારા મોબાઈલને કાઢ્યો અને એને ચાર્જીંગમાં નાખીને હૉસ્પિટલના ફ્રી વાઈ-ફાઈને વાપરીને જૈનમને ઑનલાઈન વિડીયો કૉલ કર્યો.

“હાય..” એનો સંવેદનોથી મિશ્રિત ચહેરો દેખાયો.

“તું કેવો છે?”મેં એને નાનું સ્મિત આપ્યું.આગળની 10 મિનિટ મેં મારાં પ્રવાસની વાતો કરી.એનું એક જ કહેવું હતું, "પાછી જલદી આવી જજે.”

“હું તને પછી ફ્રૉન કરું...” કહીને મેં ફ્રોન કટ કર્યો. ડૉક્ટર સ્કૂલર અને ડૉક્ટર બ્રાઉન આવી ગયાં. "સો.મિ.સકસેના...” થોડા ફ્રેશ લાગતા પપ્પાને ડૉક્ટરે ઈશારો કર્યો. “તમને તપાસવાનો સમય આવી ગયો છે. અમે તમારા મગજ અને શરીર બન્નેને તપાસશું.”

પાછળ મોટાં સ્ટ્રેચરે અમારા રૂમમાં ઍન્ટ્રી કરી. ભર્તી થવા માટે પપ્પા એનાં ઉપર સૂઈ ગયાં. અમારા અમેરિકા આવવાના કારણનું પહેલું સ્ટૅપ શરૂ થઈ ગયું.'ડાયગ્નૉસીસ'....



# Chapter - 2

30/10/2010 N.Y.T. 8.00 Raymond BLVD Homes, Newark

## અનપેકીંગ અતિવિષમ હોય છે...!

નવા બંગલોમાં અમે ગઈ કાલે જ આવેલા. મિ. બ્રાઉન અને મિ. સ્કૂલરનાં નિરીક્ષણ પછી એવું નિષ્કર્ષ આવેલું કે કદાચ આખી લાઈફ સુધી આ જૅનેટીક બીમારી ઠીક ન પણ થાય, પણ લીવર અને પૅન્ક્રીયાઝને ઓછું નુકસાન થાય એ માટેના પ્રયત્નો શક્ય હતાં. બન્ને ડૉક્ટરનું મુખ્ય લક્ષ્ય ઓછા નુકસાન પર અને માનસિક સ્વસ્થતા પર જ હતું અને સાથે સાથે જો ઈલાજ મળી જાય તો સારું હતું.

કાલે સાંજે જ ડૉક્ટરે પપ્પાને રજા આપેલી અને અમે પેસાઈક નદીના કિનારે બનાવેલા મિ. ઓસવાલના બંગલો પર આવેલા.એ યુનિવર્સિટી હૉસ્પિટલથી ફક્ત 4 કિ.મી. જ દૂર હતું અને 7-10 મિનિટના ડ્રાઈવમાં તો હૉસ્પિટલના કેમ્પસમાં પહોંચી જવાતું.

મિ. ઓસવાલના આ બંગલોમાં, મેં એમના બૉમ્બેના ઘરમાં જોયેલી સુવિધાઓ કરતાં પણ હાઈ-ટૅક સુવિધાઓ હતી. ટૅમ્પરેચર મૅચ, ઑટો રિકોગ્નાઈઝેશન, ઑટો લાઈટ સ્વીચીસ, ઑટો ટેપ્સ,બધું ઑટો-ઑટો જ હતું. નેવાર્કનું એમનું ઘર એકદમ સાફ-સુથરું હતું.

મમ્મીને તો બંગલો જોઈને જ લવ ઍટ ફર્સ્ટ સાઈટ થઈ ગયું હતું. એમના મનમાં આખી લાઈફ ત્યાં રહેવાના સપનાઓ આવી ગયાં હતાં.'હું આ વસ્તુ અહીંયા સજાવીશ,આ વસ્તુ અહીંયા સજાવીશ, અને આ

અહીંયા... મમ્મી પોતાની સાથે ઑટો ટૉક કરી રહી હતી. મને પણ આ ઘરમાં એક નીરવ શાંતતાની અનુભૂતિ થઈ.

નેવાર્કનો એ આખો નોર્થ આઈરન બાઉન્ડનો એરિયા બંગલોવાળો હતો અને સીટીનો કદાચ સૌથી પૉશ એરિયા હતો.ગોઠવણ, જેમ કે ડૉક્ટર બ્રાઉને મને કહ્યું હતું એના દરેક ઈંટમાં હતી.આખા રોડ પર સારી રીતે વૃક્ષો ગોઠવેલાં હતાં. શાંતતા એ જ ત્યાંની મોટાઈ હતી.

મેં ગ્રાઉન્ડફ્લોર પર જ સાઉથ વૅસ્ટ કૉર્નરનો રૂમ મારાં રહેવા માટે નક્કી કરેલો. મમ્મી-પપ્પાએ સહજતાથી હા પાડી દીધી હતી.જૈનમે મને એ જ રૂમમાં રહેવાનું કહ્યું હતું.એનામાંથી નદીનો સીધો નજારો મળતો અને બાજુમાં ગ્રીન લૅન્ડના ગોચરો હતાં.એ સ્વર્ગ હતું.

મેં જ્યારે રૂમમાં પ્રવેશ કરેલો એ સમયથી જ મને પૉઝિટીવીટી ની અનુભૂતિ શરૂ થઈ હતી. એક રાતમાં તો મને એની સાથે પ્રેમ થઈ ગયો હતો.

સવારે પક્ષીઓના મધુર સ્વરથી મારી ઊંઘ ઉડી.મેં પશ્ચિમ ક્ષિતિજમાં જોયું. સફેદ વાદળો દેખાઈ રહ્યાં હતાં.આજે સવારમાં મેં મારા માટે એક ખાસ કાર્ય તરત જ ઊઠ્યા પછી નક્કી કરેલું, અનપેકીંગ ધ ગિફ્ટ્સ !

કાલે સાંજે જ બધી ગિફ્ટ્સ  મારા રૂમમાં એક સાઈડમાં સારી રીતે જમાવેલી મેં જોયેલી.મારાં ચાહકો કેટલા હતાં, એ આ ગિફ્ટ્સ ઉપરથી નક્કી થતું.મેં બૉમ્બે એરપોર્ટ પર ફક્ત સાદિયા, તેજસ અને જૈનમની ગિફ્ટ્સ ખોલેલી. બાકી બધાની ગિફ્ટ્સ ઓસવાલ અન્કલ પોતાના માણસ સાથે મોકલવાના હતાં.

ગિફ્ટ્સ, અલગ અલગ કવરમાં પૅક કરવામાં આવેલી.બધાં ઉપર ગિફ્ટ્સ આપનારનું નેમટૅગ ચોંટાડવામાં આવ્યું હતું.

હું ગિફ્ટ્સને જોઈ રહી હતી.એક અજીબ ચોરસ ગિફ્ટ મિ.ઓસવાલના નામના ટૅગવાળું મને દેખાયું.એ સીલ્વર કલરના કવરમાં પૅક હતું. મેં એને હાથમાં લઈને બારીકાઈથી નિરીક્ષણ કર્યું.

પછી મેં એ કવર ખોલ્યું.એમાં મને એક ગ્રીટીંગ કાર્ડ દેખાયું, એના આગળની બાજુ પર ફક્ત 4 શબ્દો લખેલાં હતાં.

**'બૂક્સ મેક, બૂક્સ બ્રેક.."**

મેં ગ્રીટીંગ કાર્ડ ખોલ્યું. અંદર મારાં નામથી મેંસેજ લખેલો હતો.

**"ડિયર અપેક્ષા !**

હું તને સાદા ઉપહારોથી 'હેપી જર્ની ' વીશ નહીં કરું. મારા પપ્પાએ બાળપણથી મને એક વસ્તુ શીખવાડેલી, ' ક્યારેય બધાં કરે એવી વસ્તુ ન કરવી, હંમેશા કઈક નવું કરવું.'

આજે મારૂં જે સ્ટેટસ છે એ આ શીખામણના કારણે જ છે...

અને, એટલે,

હું તને ભણતર-જ્ઞાન ગિફ્ટ કરવા માગું છું.

આ ગ્રીટીંગ સાથે મેં એક હાર્વર્ડ યુનિવર્સિટીના સોશિયલ સાઈકોલોંજી કોર્સમાં તારૂં ઍડમિશન થઈ ગયું છે એનો પ્રમાણપત્ર મોકલ્યો છે. તું એ જોઈ લેજે.

કોર્સ ખાસ સાઈકોલોંજીનો છે, કે જે મને તારા મન અને શક્તિ જોઈને ઠીક લાગ્યો.

તું તારા પપ્પાના બીમારીના હિસાબે ઘરે રહીને પણ ઑનલાઈન કોર્સ કરી શકશે અને એની પરમિશન મેં યુનિવર્સિટીના ડીન પાસેથી લઈ લીધી છે.

તું બહુ આગળ વધીને આ દુનિયા માટે કંઈક કરનારી થાય બસ એ આશા સાથે,

(M.OSWAL)

મેં ગ્રીટીંગને ફેરવ્યું.એના પાછળ એક પંચ લાઈન લખેલી.

**"KNOWLEDGE GIVES YOU THAT, THAT NO ONE CAN GIVE... THAT IS RIGHTNESS..."**

આજે મને ખબર પડી કે કેમ મિ. ઓસવાલ મિ. ઓસવાલ હતા.



# Chapter - 3

30/3/2011

N.Y.T. 8.00

Raymond BLVD
Homes,
Newark

**ઈન્ફ્લો** અતિવિષમ હોય છે........!

"હેલો અપેક્ષા!" અનોખીનો અવાજ સામેની સાઈડ પર સંભળાયો.

"હા..."અનોખીનાં અવાજમાં મને ઉત્સાહ અનુભવાયો.

"મેં તને ઘણા દિવસ પછી કૉલ કર્યો એ માટે સૉરી... સાચું કહું તો હું છેલ્લાં થોડા દિવસોથી બહુ વ્યસ્ત હતી..." 'વ્યસ્ત' શબ્દ પર એણે અલગ ભાર આપ્યો.

"તું શું કરે છે અનોખી?" મને જાણવાની ઈચ્છા થઈ.

"એવું કંઈ ખાસ નહીં, પણ છેલ્લાં થોડા દિવસો માટે શાસનદ્રષ્ટાશ્રીજીએ." શાસનદ્રષ્ટાશ્રીજીનું નામ સાંભળીને મારી આંખો ભીની થઈ. છેલ્લાં પાંચ મહિનાથી મેં એમને એક લેટર પણ મોકલ્યો નહોતો. એ તો કોઈને પણ ફોન કરાવતા જ નહોતા.

છેલ્લાં પાંચ મહિના મારાં પાણીની જેમ પસાર થઈ ગયાં હતાં. મમ્મી-પપ્પાને મેં મારી યુનિવર્સિટીના કોર્સના વિશે કહેલું. પપ્પા-મમ્મીએ સહજતા સાથે સ્વીકાર કરેલો. મારાં દિવસનો ઘણો ખરો સમય ઑનલાઈન ગ્રુપ ડીસ્કશન્સ, રીસર્ચમાં જ નીકળી જતો.

સોશિયલ સાઈકોલૉજી એક ગજબનો વિસ્તૃત વિષય હતો. એમાં મુખ્યત્વે આ દુનિયાના બધાં વ્યક્તિની અલગઅલગ વિચારવાની પેટર્ન્સ, એમના રીઍક્શન્સ, એમના એપ્રોચીસનું રીસર્ચ હતું. એમાં ડૉક્ટર

બ્રાઉનની મદદ મને ખાસ્સી મળી હતી. દરરોજ મોડી રાત સુધી અમારી ચર્ચા ચાલતી. મારી રાત એક વાગ્યે પૂરી થતી. મારું પરફૉર્મન્સ અકલ્પ્ય હતું અને એટલે મને એક વાર સ્ટુડન્ટ્સને લૅક્ચર આપવા માટે પણ હાર્વર્ડ યુનિવર્સિટીથી ફોન આવેલો.

મમ્મી અને હું ગયેલાં. ત્યાંના સેમિનાર માટે ત્રણ દિવસની ગાંડી મહેનત મેં કરેલી. શાસનદ્રષ્ટાશ્રીજીના સાઈકોલૉજિકલ રીડીંગ્સ એ બધામાં મને બહુ કામ આવેલા. ત્યાં પણ લૅક્ચર આપતાં સંવેદનાઓને હું નિયંત્રિત નહોતી કરી શકી અને અશ્રુ મારાં મોઢાં પરથી વહેવાં લાગેલાં.

મારા લૅક્ચરના અંતે જોરદાર પ્રતિભાવ મને લોકો પાસેથી મળેલો. ત્યારે મેં શાસનદ્રષ્ટાશ્રીજીને બહુ યાદ કરેલા.

પપ્પાએ પણ ડૉક્ટરને પૂછીને ઘરથી જ ઑનલાઈન સૉફ્ટવેર સર્વિસીઝ શરૂ કરી દીધેલી. એના કારણે પપ્પા ફ્રેશ રહેતા.મમ્મીએ પણ કેક્સ, કુકીઝ, બેક્સ જે અનોખી પાસે શીખેલાં, એનું ઑનલાઈન વેચાણ શરૂ કરી દીધું હતું. એક રાઈઝીંગ બ્રાન્ડ તરીકે હવે મમ્મીની કેક ઑનલાઈન શૉપ વધી રહી હતી.

ઈન્કમનો ઈન્ફ્લો અસામાન્ય થઈ રહ્યો હતો.

“તું છે...” અનોખીનો અવાજ સંભળાયો.

“હા.” હું મારાં ભૂતકાળને છોડીને વર્તમાનમાં આવી.સમય કઈ રીતે આટલો પસાર થઈ ગયો એ જ ખબર નહોતી પડતી.

“આર યુ ઓ.કે? શું થયું?” અનોખીનો ચિંતાપૂર્ણ અવાજ સંભળાયો.

“હા ! ફક્ત શાસનદ્રષ્ટાશ્રીજીનું નામ સાંભળતાં મારો ભૂતકાળ મારાં મનના ગૂગલમાં ઉઘડ્યો. એટલે એના બહાવમાં હું ફસાઈ ગઈ.” અનોખીનું હાસ્ય મને સંભળાયું.

“તું હસે કેમ છે?” મેં ગુસ્સાથી પૂછ્યું.

“અપેક્ષા ! જે દિવસે તું શાસનદ્રષ્ટાશ્રીજીની સાઈકોલૉજીનું ચિત્રણ કરશે ત્યારે હું તને સાચી સાઈકોલૉજિસ્ટ માનીશ.” એણે મને પડકાર આપ્યો.

“એટલે જ મેં આ કોર્સને લીધો છે.” મારાં મોઢાં પર હાસ્ય રેલાયું.

અનોખીનો અવાજ બે મિનિટ સુધી સંભળાયો નહીં.એના શ્વાસોનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

“અપેક્ષા ! મુખ્યત્વે મેં તને આ ફોન એક મૅસેજ આપવા માટે કર્યો

છે.” સંપૂર્ણ ગંભીરતા સાથે એ બોલતી હોય એવો એનો અવાજ હતો.

“કોનો અને શું ?” મને જાણવાની ઈચ્છા થઈ.

“શાસનદ્રષ્ટાશ્રીજીનો..”નામ સાંભળીને મારાં શરીરના રૂંવાટા ઊભા થઈ ગયાં “અપેક્ષા! શાસનદ્રષ્ટાશ્રીજીએ તને આ મેસેજ આપ્યો છે.

**"LIFE FLOWS ON, JUST OBSERVE IT,**
**DON'T INDULGE IN IT..."**

**N.Y.T. 20:30**

હું લેમ્પ્સથી પ્રકાશિત આયરન બાઉન્ડની ગલીઓથી મારા ઘર તરફ જઈ રહી હતી. કરિયાણું ખરીદી કરવા હું અમારા એરિયામાં રહેલા ગ્રોસરી સ્ટોર પર ગયેલી. અહીંયાંના સ્ટોર્સ પણ બધાં મિની મૉલ જેવા જ દેખાતા.

રોડનો વળાંક આવ્યો અને મેં વૅસ્ટ કટ માર્યો. આખો રોડ સૂમસામ હતો. એકાદ ગાડી વગર એ રોડ પર વધારે ટ્રાફિક દેખાયો નહીં. મારો જમણો હાથ અચાનક ફરક્યો.મેં મારાં મમ્મી પાસેથી સાંભળેલું કે જ્યારે સ્ત્રીઓનો જમણો હાથ ફરકે ત્યારે એની સાથે કંઈક ખરાબ થવાનું છે એ સમજી લેવું.

મારા મનમાં એક ભય ઉત્પન્ન થયો.મેં એને મારી સાઈકોલૉજિકલ શીખામણોથી લડવાની કોશિશ કરી.એ ગળીમાં હું સો ડગલાં ચાલી અને પાછળથી મને કોઈ લોકો મારામારી કરતાં હોય એવો અવાજ સંભળાયો.મેં પાછળ જોયું.

એક કાળી વ્યક્તિ અને એક ધોળા વ્યક્તિ વચ્ચે મારામારી ચાલી રહી હતી, કાળો માણસ એ ધોળા માણસને પશુની જેમ મારી રહ્યો હતો.મને એ ધોળા માણસને બચાવવાની ઈચ્છા થઈ ગઈ. હું એ મારામારીના સ્થળ તરફ ગઈ. હું ત્યાં પહોંચું એ પહેલાં કોઈ અદૃશ્ય શક્તિ મને અટકાવતી હોય એવું મને લાગ્યું. મારો પગ આગળ વધ્યો જ નહીં.

એક બીજા અંકલ મારામારીની વચ્ચે આવ્યાં. એ મારામારી કરનારા બન્નેને અલગ કરવા ગયાં. કાળા માણસે પોતાના પૉકેટમાંથી ખંજર કાઢ્યું. એ અલગ કરનારા અંકલ કંઈ બોલે એ પહેલાં એ કાળા માણસે અંકલના પેટમાં એ ખંજર ઘુસાવી દીધું.

અંકલના મોઢામાંથી લોહી નીકળ્યું. મારાં મોઢામાંથી એક જોરદાર ચીખ નીકળી. આજુ-બાજુમાં ગળીમાં રહેલા બંગલોઝની લાઈટ ચાલું થઈ. કાળા માણસ અને સફેદ માણસ એ અંકલને છોડીને એમની

બધી વસ્તુઓ લઈને દોડવાં લાગ્યાં. સામેથી પોલીસની ગાડી દેખાઈ. એ બન્ને આજુબાજુની ગળીમાં ગાયબ થઈ ગયાં.

પોલીસે આવીને એ મર્ડર સ્પૉટને સીલ કર્યો. હું એ બધાં સમયમાં ત્યાં જડની જેમ સ્તબ્ધ જ રહી. મને સતત અનોખીએ આજે સવારે કહેલો શાસનદ્રષ્ટાશ્રીજીનો મૅસેજ જ ફ્લૅશ થઈ રહ્યો હતો.

## "LIFE FLOWS ON, JUST OBSERVE IT, DON'T INDULGE IN IT..."

મને ત્યારે સમજાયું કે કઈ અદૃશ્ય શક્તિએ મને મારા-મારીમાં ઈન્ડલ્જ થવાથી કેમ અટકાવેલી.



# Chapter - 4



13/4/2011

N.Y.T. 20.15

Raymond BLVD-
Homes
Newark

## પ્રિપેરેશન અતિવિષમ હોય છે.....!

"મમ્મી ! આજે સવારમાં જૈનમનો ફોન આવેલો..." હું અને મમ્મી મારાં બર્થ-ડેની તૈયારી કરી રહ્યાં હતાં. આજે સવારમાં જ મમ્મીએ મને મારાં બર્થ-ડેના દિવસે કંઈક અલગ કરવાની વાત મૂકી હતી. હું કાલે 17 વરસની થવાની હતી.

'***સત્તરે આવે શાન.***' મમ્મીએ મને એમના પપ્પાએ એમને 17th બર્થ-ડે માટે કહેલી કહાવત કહેલી. એનો અર્થ '17 વરસની વયમાં જ્ઞાન અને નિર્ણય શક્તિ આવે' એવું હતું.

મમ્મીની ઈચ્છા એવી હતી કે અમે બધાં સવારમાં ***N.Y.*** વૅસ્ટમાં રહેલા જૈન મંદિરમાં જઈ મારો બર્થ-ડે ઊજવીએ. પછી સાંજે અમારે ન્યુ-યૉર્કમાં ફરવાનું પ્લાન હતું. અમે એની જ તૈયારી કરી રહ્યાં હતાં. અલગ અલગ પ્રકારના પુષ્પો મમ્મીએ નેવાર્કના જૂદી જૂદી દુકાનોમાંથી ભેગા કરેલા.

મમ્મીને મારાં અલગ-અલગ પુષ્પો ચઢાવવાના રસના વિષયમાં સારી રીતે ખબર હતી.

"જૈનમ શું કહી રહ્યો હતો ?" મમ્મીને મારાં અને એની પ્રગાઢતાના વિષયમાં પૂરી જાણકારી હતી. "એ જ કે હું તને એક બહુ મોટી ગીફ્ટ મોકલવાનો છું. મમ્મી એ શું હોઈ શકે?"મારું વાક્ય પૂરું થયું અને અમારા

બંગલોના દરવાજાની બેલ વાગી.

મમ્મીએ એમોઝોન પરથી મારાં બર્થ-ડેની ઉજવણી માટે થોડી વસ્તુઓ ઑર્ડર કરેલી હતી.મમ્મી પોતાના કામમાં વ્યસ્ત હતી. હું મારું કામ પૂરું કરીને ઊભી થઈ.રૂમથી બહાર જઈને મેં અમારા બંગલોનો દરવાજો ખોલ્યો.

સામે ઍક્સપ્રેસ કુરીયરમૅન ઊભો હતો.એના હાથમાં એના અડધા શરીરને ઢાંકનારૂં મોટું પાર્સલ હતું.

"કુરીયર, મૅમ." મેં એના હાથમાંથી રીસીપ્ટ લીધી. આ ગિફ્ટ સીલ કરવામાં આવ્યું હતું ઈન્ડિયાથી. મને લાઈટ થઈ.જૈનમે મને કહ્યું હતું કે 'હું તને મોટી ગિફ્ટ આપવાનો છું.'

કુરીયર એક દિવસ જલદી આવી ગયું હતું. કુરીયરમૅન પાસેથી કુરીયર લઈને મેં એને પાણી માટે પૂછ્યું. એણે સ્મિત કર્યું અને 'નો થેંક્યું' કહીને નીકળી ગયો.

મેં દરવાજો બંધ કર્યો અને સાઈઝમાં ભારે, પણ ઉપાડવામાં હલકા એવાં એ કુરિયરને મમ્મી-પપ્પાના રૂમમાં લાવીને મૂક્યું.

"ઓહ ! તો આવી ગયું જૈનમનું ગિફ્ટ પાર્સલ ?" મમ્મીએ મને ચીડવી. મારાં ચહેરા પર લજ્જાથી ભરેલું સ્મિત આવ્યું. મમ્મી પાસે આવી અને મને કહ્યું "ઓપન ઈટ."

ખોલવાની ઈચ્છા મારી પણ હતી, પણ એના પહેલાં મેં એનું નિરીક્ષણ કર્યું. મને ખોલવાની જગ્યા મળી ગઈ. જૈનમ ચાલાકીમાં બહુ હોશિયાર હતો, એટલે આમાં પણ કંઈક ચાલાકી હોય એ શક્ય હતું.

મેં બૉક્સને ખોલવાની જગ્યા ઉપર લગાવેલા એક પેપરને જોયું. એના ઉપર સાફસુથરા અક્ષરો પ્રીન્ટ કરેલાં હતાં.

**'SOME THINGS LOOK SMALL,<br>BUT THEY ARE BIG...'**

મમ્મી ને Quote જોઈને હસવું આવ્યું. એ પેપર મેં અલગ કર્યું અને ગિફ્ટને ખોલવા લાગી. દર વખતની જેમ આ વખતે પણ જૈનમે પોતાની ચાલાકીભરી સ્ટાઈલ છોડી નહોતી. બૉક્સમાં બૉક્સ, બૉક્સમાં

બૉક્સ...21 બૉક્સીસ મેં ખોલ્યા.મમ્મી અને પપ્પાને આ અટકચાળો હ્યુમરસ લાગ્યો.એ હસી રહ્યાં હતાં.

છેલ્લે મારા હાથમાં એક ક્યૂબ જેટલું નાનું બૉક્સ આવ્યું. મને બૉક્સના ઉપર ચિપકાવેલું ટૅગ 'સમ...'વાળું અવતરણ યાદ આવ્યું.મેં એ ક્યૂબને ખોલ્યું.એમાંથી એક ચમકતો પીરામિડ નીકળ્યો.એના ચારે બાજુ ચમકતા સ્ટોન્સ લગાડવામાં આવ્યાં હતાં.

હું એને ચારે કૉર્નરથી જોઈ રહી હતી અને ત્યારે જ મને એમાંથી અવાજ સંભળાયો ' ઓપન મી અપેક્ષા. આઈ ઍમ ફૉર યુ.' એ ટોન વારંવાર વાગ્યો.મને ગુસ્સો આવ્યો. હું એ પીરામિડ ક્યુબ સાથે અફડાતફડી કરવા લાગી. સાઈકોલૉજીની ટ્રેનિંગમાં મનને શાંત કરવા માટે ક્યુબનું વાપરાશ થતું. એટલે મેં એને ડીકોડ કરતાં શીખ્યું હતું. મેં એ અવાજને બંધ કરવા માટે એકદમ ઝડપથી ક્યૂબને ડીકોડ કર્યું.

ક્યૂબ ખુલી ગયું.એમાંથી એક ગોલ્ડન સ્લીપ બહાર નીકળી.એના ઉપર **'બાય જૈનમ"** લખવામાં આવ્યું હતું. મેં એ ગોલ્ડન સ્લીપને ફાડી, એમાંથી બે ટીકીટ્સ જેવું મને દેખાયું.એક ટીકીટ ડીઝનીલૅન્ડની હતી અને એક ટીકીટ લાસ વેગાસની હતી. સૌથી સારા એક 'M.G.M Grand' રૂમની બૂકીંગ 2D/3N માટે કરવામાં આવી હતી.

*'હું જવાની કોની સાથે છું?'* મને ગુસ્સો આવ્યો.જૈનમે મારી સાથે ખરાબરીતે મજાક કરેલી. એનાં એ માટે મારી સંવેદનાઓ કેટલી હતીએ એ ઓળખી નહોતો શક્યો.મારાં આંખોમાં પાની ઘેરાવાં લાગ્યું.

બેલનો અવાજ ફરીથી સંભળાયો. મેં દરવાજો ખોલ્યો. હું સ્તબ્ધ રહી ગઈ.

**N.Y.T. 22:30**

જૈનમ અને હું મારાં રૂમમાં એટલે એના ઘરમાં બેસીને વાતો કરી રહ્યાં હતાં. મમ્મી, હું અને પપ્પા ત્રણેય જૈનમના વિચાર્યા વગરના આગમનથી સંપૂર્ણતઃ સ્તબ્ધ રહી ગયેલાં. એને જોતાં જ મેં પોતાના ઘરના સ્લીપર્સને કાઢીને એને હગ કરી દીધું હતું.

મમ્મી ત્યાં સુધી "કોણ છે અપેક્ષા ?" એમ વારંવાર પૂછતી આવી ગઈ હતી. જૈનમને જોઈને મમ્મીનું મોઢું ખુલ્લુંનું ખુલ્લું જ રહી ગયું હતું. "ઓહ માય ગૉડ ! જૈનમ !" હર્ષમાં મમ્મીએ અવાજ કાઢેલો.પપ્પાનું પણ જૈનમને જોઈને સેમ રીએક્શન હતું.

જૈનમની પીઠ થપથપાવીને પપ્પાએ એને કહેલું "નાઉ યુ લુક લાઈક અ ગ્રોઈંગમૅન.."સાચે જ જૈનમનો છેલ્લાં 5-6 મહિનામાં જબરદસ્ત શારીરિક વધારો થયો હતો.એ પહેલાં કરતાં વધારે પાવરફૂલ અને હૅન્ડસમ દેખાઈ રહ્યો હતો.

"પહેલાં એને અંદર તો આવવા દો. પછી આપણે વાતો કરીશું." કહીને ઉત્સાહમાં પોતાનાં આતિથ્યને ભૂલી જતાં અમને મમ્મીએ આડકતરી રીતે કહેલું.એની બૅગને ટ્રૉલી કરીને મેં મારાં રૂમમાં એને રાખેલી.જૈનમે સ્મિત ફરકાવેલું.

પછી અમે બધાએ ડીનર કરેલું.આજે મમ્મીએ જૈનમની ફૅવરેટ આઈટમો બનાવેલી.જૈનમ જ્યારે જ્યારે પણ બૉમ્બે અમારા ઘરે આવેલો ત્યારે એ આઈટમ નક્કી હતી-પનીર પકોડે. જૈનમે ચાટીને આખી પ્લેટ ખાલી કરેલી. "વાઉ આંટી! શું આઈટમ બનાવી છે. ઈન્ડિયા કરતાં પણ અમેરિકામાં આવ્યાં પછી આપનો ટેસ્ટ સુધરી ગયો છે."

પછી મમ્મી અને પપ્પાએ ઈન્ડિયામાં બનતી મુખ્ય-મુખ્ય ઘટનાઓની ચર્ચા કરેલી. ઈન્ડિયા વર્લ્ડકપ 1983માં જીત્યા પછી ફરીથી બીજી વાર જીત્યો હતો. મહેન્દ્રસિંહ ધોની અને યુવરાજ સિંગ ચમકતાં સિતારા તરીકે દુનિયા સામે પ્રગટ થયાં હતાં.

મારો કોર્સ ચાલી રહ્યો હોવાથી મેં આ બધાં ન્યૂઝ રબીશ પર

ધ્યાન આપ્યું નહોતું.

પછી મમ્મીએ જૈનમને અહીંયાં આવવાનું કારણ પૂછ્યું હતું. બે મિનિટ સુધી એ ચૂપ જ રહ્યો હતો.પછી એણે "આંટી !આ સ્ટોરી બહુ મોટી છે. હું આપને પછી કહીશ." કહીને એ વાત ઉડાવી દીધી હતી.

"હું મુસાફરીથી થાકી ગયો છું. મને આરામ કરવો પડશે."

"હા... હા." કહીને મમ્મી-પપ્પાએ એને રજા આપેલી.

"યુ હૅવ અ બીગ સરપ્રાઈઝ ફૉર યૉર બર્થ-ડે.."મને મમ્મીએ ધીમા અવાજે કહેલું. મારો ચહેરો ચમકી ઉઠ્યો હતો. જેટલા સમય હું જૈનમ સાથે અત્યારે હાજર હતી, એનાથી મને સ્પષ્ટ અનુભવાયેલું કે એ થોડોક શરમાળ થયો હતો અને પોતાના ભાવો સહેલાઈથી વ્યક્ત નહોતો કરતો.

કદાચ મારાં એના લાઈફમાંથી જવાથી આ બદલાવ આવ્યો હોય એ શક્ય હતું. એ વાતને સ્પષ્ટ કરવાના નિર્ણય સાથે કાલે જલદી ઊઠવાના બહાને ત્યાંથી ઊભો થઈ ગયો.

હું મારા રૂમમાં આવી ગઈ.જૈનમ બૅડ પર સૂતેલો હતો. હું એના સાઈડમાં આવીને બેસી. એની જિમ મેડ છાતી ઉપર - નીચે થઈ રહી હતી. મેં મારાં લૅપટૉપનું પાવર ઑન કરેલું.મિ.બ્રાઉન સાથેની મારી આજની ચર્ચા બાકી હતી.મેં એમની લિન્ક પર ક્લીક કરેલું.

લૅપટૉપનો અવાજ થતાં જૈનમ પોતાની સ્લીપમાં ડીસ્ટર્બ થયો હોય એવું મને લાગ્યું હતું.મેં હૅડફોન્સ લૅપટૉપ સાથે અટેચ કરેલાં. પછી મારી અને મિ. બ્રાઉનની ચર્ચા શરૂ થયેલી.

વચ્ચે અચાનક ડૉક્ટર બ્રાઉન હસવા લાગેલા. મને સમજાયું નહોતું કે એ કેમ હસી રહ્યાં છે. પછી ધીમેથી મારાં ઈયરફોનમાં ડૉક્ટર બ્રાઉને કહેલું "સી ઍટ યૉર બૅક." હું પાછળ વળી હતી.જૈનમ ઊઠી ગયો હતો અને એ વિચિત્ર મોઢાં બનાવી રહ્યો હતો. મારાં પાછળ જોતાં જ એ ઊંઘવાની ઍક્ટીંગ કરવા ગયેલો, પણ મેં એને મારા હાથમાં રહેલા રબરથી મજાકમાં મારેલું.

"બાય અપેક્ષા..." ચર્ચા કરવા માટે ખોટો સમય હતો એ જાણીને ડૉક્ટર બ્રાઉને અમારી ચર્ચા પૂરી કરી દીધી હતી. મેં પણ લૅપટૉપને બંધ કરી દીધેલું.

પછી મેં જૈનમને ઍક્ટીંગ કરવા માટે તકીયાથી બહુ મારેલો. એણે 'સૉરી' કહીને મને શાંત કરેલી. પછી મેં એની સાથે દરરોજની વાતો

શરૂ કરેલી. મારું અહીંયાં મિ. ઓસવાલના કારણે ચાલતું ભણતર, એમાં ઉત્તીર્ણતા, પપ્પાની સ્થિતિ બધું મેં એને બતાવેલું.

જૈનમે પણ પોતાની લાઈફમાં મારાં ગયાં પછી એની લાઈફમાં દુઃખ,મિ.ઓસવાલે એને બતાવેલો રસ્તો બધી વાત કરેલી. ફરીથી સ્પષ્ટ રીતે મિ. ઓસવાલની સમજુતા જોવા મળેલી.

"પણ જૈનમ ! તું આજે અહીંયાં કેમ આવ્યો?." ડીનરના સમયમાં જૈનમે ઉડાવી દીધેલો પ્રશ્ન મેં એને પૂછ્યો.

" રીયલી ટ્રુ સે.."જૈનમ ગંભીર લાગ્યો."તારા વગર મને લાઈફ આગળ લઈ જવી અશક્ય લાગી અને એટલે મેં અમેરિકામાં વસવાનું નક્કી કર્યું છે." એના ગંભીર મોઢાં પર સ્પષ્ટ નિર્ણય છલકતો મને દેખાયો..

## N.Y.T.23.55

હું સૂતાં પહેલાં વાંચવા માટે જૈનમે મને સેન્ડ કરેલો પોતાના અમેરિકા શીફ્ટ થવાના પ્લાનના મૅસેજને હું જોઈ રહી હતી.

***'ડિયર, અપેક્ષા!***

***મેં અમેરિકા તારી સાથે સમય પસાર કરવા માટે શિફ્ટ થવાનું વિચાર્યું છે. પપ્પાની બે ઈચ્છાઓ મારા અહીંયાં આવવાથી પૂરી થઈ જશે. (1) હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં ભણવું. (2) અમેરિકાનો બિઝનેસ સંભાળવો.***

***તને દુઃખ થાય એવું મને કંઈ પણ કહેવું નથી, પણ તને હકીકત સ્પષ્ટ કરવા માટે હું કહું છું...***

***ડૉક્ટર બ્રાઉન અને ડૉક્ટર સ્કૂલરે સ્પષ્ટ કહ્યું છે કે", જે જેનેટિક બીમારી છે, એને ફક્ત પ્રકૃતિ જ સાજી કરી શકે અને એટલે નેવાર્ક જેવી સીટીઝમાં રહેવું અને પોતાની લાઈફને આગળ ધપાવવી, એના સિવાય તારા પપ્પા પાસે બીજો કોઈ વિકલ્પ નથી. એટલે કદાચ હવે તમે અમેરિકા ક્યારેય છોડી શકશો નહીં."***

છેલ્લી લીટી વાંચીને મને જોરદાર ઝટકો લાગ્યો. *'શું-હું ફરીથી ક્યારેય પણ પોતાની માતૃભૂમિમાં જઈ નહીં શકું?"* મેં જૈનમ સામે જોયું.એ શાંતિપૂર્ણ ઊંઘમાં મોઢાં પર સ્મિત સાથે બૅડ પર લેટેલો હતો.એને સ્વર્ગનું સુખ મળી ગયું હોય એવું લાગી રહ્યું હતું. મેં મોબાઈલ પર સૅકન્ડ પેજ ફ્લીપ કર્યું.

***" શાસનદ્રષ્ટાશ્રીજીને પણ મેં આ જ વાત કહેલી. એમણે મને તને એક જ મૅસેજ આપવાનું કહ્યું હતું, "ટાઈમ હિલ્સ એવરીથીંગ.."***

***મારી અને પપ્પાની બન્નેની ઈચ્છાઓ મારાં અમેરિકા આવવાથી પૂરી થવાની હતી.અને એટલે મારું આ નિર્ણય છે. અપેક્ષા જ્યારે આપણે પહેલી વાર ડેટ પર મળેલાં, ત્યારે તેં મને પૂછેલું,"તમારા માટે મારું મહત્ત્વ કેટલું છે ?" ત્યારે તને મેં કહેલું કે "મારા પોતાનાથી અને મમ્મી-પપ્પાથી ઓછું..***

*" પણ એ વાક્યને મારે બદલવું પડશે. "આજે પરિસ્થિતિ એવી છે કે મને તારા સિવાય કોઈ બીજું દેખાતું જ નથી.અને, સો.*

*મારા પોતાનાં કરતાં અને મમ્મી-પપ્પા કરતાં પણ તું જ મારાં માટે વધારે છે. કદાચ તને આ અતિશયોક્તિ લાગશે, પણ આ મારી હકીકત છે. હું તારા વગર જીવી શકતો નથી..*

*તું છે, તો હું પૂર્ણ છું...*

*તું છે, તો હું છું...*

*તું છે, તો આ દુનિયા છે...*

*મોટા ભાગનો સમય હું મારાં અભ્યાસ પર કેન્દ્રિત કરીશ...અને જ્યારે ફ્રી સમય મળશે ત્યારે વીકએન્ડસ પર હું તને મળવાં આવીશ.*

*હું તારાં વગરની મારી લાઈફ વિચારું પણ છું, તો મને અંધકાર સિવાય એમાં કંઈ પણ દેખાતું નથી. કદાચ તું મને સમજશે.*

*તારા 17th બર્થ-ડે માટે કોન્ગ્રેટ્સ ! "*

*તારા વગર અધૂરો,*
*જૈનમ.*

મેં ઘડિયાળમાં જોયું. ઠીક 12 વાગ્યાં હતાં, મારી લાઈફનું એક વરસ ઓછું થયું હતું. મેં મારી આંખો બંધ કરી દીધી.



# Chapter - 5

14/4/2011 | N.Y.T. 6:15 | Raymond BLUD-Homes Newark

**સેલીબ્રેશન** અતિવિષમ હોય છે!

"હેપી બર્થ-ડે ટુ યુ, હેપી બર્થ-ડે ટુ યુ." ટોન મારી ઊંઘને ઘણી ખલેલ પહોંચાડી રહ્યો હતો. હું મોબાઈલ પર ક્લીક કરી રહી હતી, પણ ટોન બંધ જ નહોતો થતો. અંતે મેં મારી આંખ ખોલી. દૂર લૅમ્પસ્ટેન્ડ પર એક રેકોર્ડર જેવું કંઈક પડ્યું હતું.

હું બૅડ પરથી ઊભી થઈ અને લૅમ્પ-સ્ટૅન્ડની પાસે ગઈ. જૈનમ બૅડ પર બાજુમાં હતો નહીં. રેકોર્ડરને બંધ કરીને હું ફરીથી બૅડ પર ઊંઘવાના પ્રયત્નો કરવા લાગી. પણ પ્રયત્નો બધાં નિષ્ફળ હતાં.

હું ઊઠીને પોતાના શૉર્ટ્સમાં લીવીંગ રૂમમાં ગઈ. મમ્મીનો અવાજ કિચનમાંથી આવી રહ્યો હતો.એ કંઈક બનાવી રહી હતી. સુગંધ બહુ જોરદાર હતી. હું બહારના સોફા પર જઈને બેસી.

"હાય..માય ગર્લ!" પપ્પા પટીયાલા-કુર્તામાં એકદમ યુવાન દેખાઈ રહ્યાં હતાં. "હેપી બર્થ-ડે માય ગર્લ!" પપ્પાએ મારાં ગાલ પર કીસ કરી.આજે મારો ચહેરો ઘણી બધી કીસીસથી ભરાવાનો હતો, એ મને ખબર હતી. આજે મારાં બર્થ-ડેની ઉજવણી માટે મારાં હાર્વર્ડ ફ્રેન્ડસ અને ટીચર્સનું પણ આમંત્રણ આવેલું.મેં ચોક્કસ રીતે નક્કી નહોતું કર્યું કે મારે શું કરવાનું હતું.

મેં પપ્પાને મીઠું સ્મિત આપ્યું.

"પપ્પા! આપ કેમ આ રીતે તૈયાર થઈ રહ્યાં છો?" એમના બરાબર ઓળેલાં વાળને જોઈને મને પ્રશ્ન થયો.

"તમે બધાં મોટાં સાઈકોલૉજિસ્ટ્સ પોતાના બેઝીક્સ ભૂલો છો..." પપ્પાએ સ્મિત આપ્યું,"તું ભૂલી ગઈ કે આજે આપણને તારા બર્થ-ડેના લીધે N.Y. વૅસ્ટના જૈન મંદિરમાં જવાનું છે." જૈનમના આવ્યાં પછી અમે અમારું કામ જ ભૂલી ગયાં હતાં. મમ્મીએ કદાચ બધી તૈયારીઓ કરી દીધી હતી.

જૈનમ..! હં..!

"પપ્પા ! જૈનમ ક્યાં છે?" પપ્પાએ મને પેપરવેઈટના નીચે પડેલાં એક પેપર તરફ ઈશારો કર્યો. એમાં ફક્ત બે વાક્યો લખેલા હતાં.

**'MEET ME AT TEMPLE 7.30 SHARP...**
**BE READY FOR THE CELEBRATION...'**

"પપ્પા ! એ કેટલા વાગે નીકળ્યો ?"

"કદાચ 4:30..."

"આટલું જલદી..." મેં ક્યારેય જૈનમને આટલો જલદી ઉઠતાં જોયો નહોતો. મને બહું આશ્ચર્યનાં ભાવો આવ્યાં. "એ કઇંક મોટું વિચારે છે,માય ગર્લ! કદાચ..."પપ્પા સરપ્રાઈઝ બોલવાના જ હતાં, પણ એ ચૂપ થઈ ગયાં.

"પપ્પા ! મારાંથી તમે શું છુપાવી રહ્યાં છો?" પપ્પાએ સ્મિત આપ્યું અને 'એક સૅકન્ડ' કહીને ત્યાંથી નીકળી ગયાં.

"અપેક્ષા! જલદી તૈયાર થઈ જા....જૈનમ રાહ જુએ છે." મમ્મીનો મોટો અવાજ કિચનમાંથી આવ્યો. હું સોફા પરથી ઊભી થઈને શૉવર લેવાં ગઈ.

## N.Y.T. 7:00

જૈનમે આપેલો ડ્રેસ બહુ ભારે હતો. 'દેવદાસ' પિક્ચરની માધુરી દીક્ષિતના 'ડોલા રે ડોલા' ગીતના ડ્રેસને પણ હળવો કહેવો પડે એવો એ ડ્રેસ હતો.

મેં છેલ્લી વાર મોઝેક મિરરમાં મારો આખો દેદાર જોયો. હું જોધપુરના મહારાજાની મહારાણી લાગી રહી હતી. હું મારાં રૂમથી લીવીંગ રૂમમાં મારી રાહ જોઈ રહેલા મમ્મી-પપ્પા પાસે આવી.

"ગૉર્જિયસ... વૉટ એ ડ્રેસ." મમ્મીના મોઢાં પર અચંબો દેખાયો. મને ભાર લાગવાના કારણે વગર કોઈ કમૅન્ટ કરે ત્યાંથી હું રોડ ઉપર આવી. પપ્પાએ લોકલ ટૅક્સીને N.Y. વૅસ્ટમાં જવા માટે બૂક કરેલી. ઑનલાઈન ટૅક્સી ઍપ આવવાના કારણે બધું એકદમ સરળ થઈ ગયું હતું.

એક ફાસ્ટગાડી મારાં સામેથી ગઈ.મારો દુપટ્ટો એના પવનના કારણે ઊડ્યો.આટલી રૅશ ડ્રાઈવીંગ મેં પહેલી વાર અમેરિકામાં જોયેલી.

અચાનક એ ગાડી આગળ જઈને રોકાઈ. રીવર્સ આવતી હોય એવો ટોન સંભળાયો. અમારાં ઘરની સામે એ ગાડી આવીને રોકાઈ. એક 25-30 વરસનો યુવાન ડ્રાઈવર એ સ્પોર્ટ્સ કારમાંથી ઊતર્યો. એણે ન્યુ-યૉર્ક યૅંકીઝની બેસબૉલની ટોપી પહેરેલી હતી.

એણે મારી સામે આવીને ટોપી ઉતારી અને ટીપીકલ વૅસ્ટર્ન સ્ટાઈલમાં મને નમન કર્યું. "આઈ ઍમ જેસન હીયર, મૅમ! યોર શૉફર હૅપી બર્થ-ડે."

"યુ ડ્રાઈવ વૅરી રૅશ.... આઈ ડૉન્ટ વૉન્ટ યુ ટુ બી-કમ માય ડ્રાઈવર. આઈ વૉન્ટ ટુ ગો ટુ ન્યુયૉર્ક, નોટ ટુ હૅવનયૉર્ક." એ મારાં શબ્દોની ચતુરાઈથી હસ્યો.

"આઈ ઍમ સૉરી મૅમ! બટ, માય બૉસ નીડ્સ એવરી વર્ક ઑન-ટાઈમ... ધૅટ્સ વાય." પોતાની ફરારી જેવી રેસીંગ ગાડી તરફ એણે ઈશારો કર્યો.

" પ્લીઝ ! સીટ ઈન્સાઈડ... ઑર વૉટ વૉઝ હીઝ નેમ... ઓહ જૈનમ..." હું અને મમ્મી-પપ્પા એ આગળ કંઈ બોલે એ પહેલાં અંદર કારમાં બેસી ગયાં.

એ શૉફર જેસને જી.પી.એસ ટ્રૅકર ઑન કર્યું. એમાં મેં અમારાં જૈન-મંદિરનું ઍડ્રેસ જોયું.

## 43-11 ITHACA STREET, FLUSHING, NY-11373.

“મંદિર કેટલું દૂર છે?”મેં જેસનને પૂછ્યું.

"જસ્ટ 17 માઈલ્સ, મૅમ! જસ્ટ ઍવરી વન વૅઅરયૉર સીટબૅલ્ટસ ."જેસને ઉત્સાહથી કહ્યું.

“આપણે ત્યાં કેટલા સમયમાં પહોંચશું ?”જેસને પોતાની ઘડિયાળ જોઈ. " જસ્ટ 10 મિનિટ મૅમ!.

”એણે એક્સીલેટર પર પગ મૂક્યો.

**N.Y.T. 7:25**

મેં ઘડિયાળમાં જોયું- **9 Min, 35 sec.** જેસને સ્ક્રીચીંગ બ્રેક મારી.

"હિયર ઈઝ અવર ડેસ્ટીનેશન." પોતાના સફેદ દાંત બતાવતા સ્મિત કરતાં જેસને કહ્યું. પપ્પાનો ચહેરો બેસુમાર ગતિના કારણે લાલ થઈ ગયો હતો.મમ્મીનું પણ હૃદય અપ-ડાઉન થઈ રહ્યું હતું. અમે ગાડીમાંથી ઊતર્યા. સામે જ જૈનીઝમ સેન્ટરનું બોર્ડ લાગેલું હતું. મમ્મી પોતાની બૅગ્સ ગાડીમાંથી લઈ રહી હતી.

"નો નીડ મૅમ!" જેસને મમ્મીને કહ્યું "હું એ કરી દઈશ...જૈનમ રાહ જુએ છે....તમે મોડા થશો તો એને ગમશે નહીં." ક્યારેય કોઈની પણ વાત નહીં માનનારી મમ્મી સહેલાઈથી માની ગઈ.

મને કંઈક ખાસ આજે થવાનું છે એવું ગઈકાલે જ લાગી રહ્યું હતું. સ્વાભાવિક બદલાવ જોઈને એ વસ્તુ હજી પાકી થઈ.મારાં મનની અલગ અલગ સંવેદનાઓને ટ્રેક કરવા માટે તેજસે મને પાર્ટીંગ ગિફ્ટ તરીકે આપેલું માઈન્ડ સેન્સર મેં આજે પ્લગ-ઈન કરી દીધું હતું. મારાં વાળની વચ્ચે એ છુપાયેલું હતું.

પૂજા માટે તૈયાર કરેલી વસ્તુઓને લઈને અમે મંદિરમાં ગયાં. ઘણાં બધાં લોકો ત્યાં એક જ કપડામાં કોઈ ફંક્શન માટે તૈયાર થયાં હોય એવું લાગી રહ્યું હતું. મારાં જેવા જ ભારે કપડાંમાં જૈનમ બધાની આગળ ઊભો હતો. એક બાજૂથી શંખનાં અવાજો આવ્યાં. પાછળથી મારાં પ્રિય ધાર્મિક ગીત શરૂ થયાં.

શાસનદ્રષ્ટાશ્રીજીએ મને સમજાવેલા જૈન તીર્થંકરોના બર્થ-ડેના નિમિત્તે દેવોના મહોત્સવના સ્ટાઈલમાં બધાં તૈયાર હતાં. હું અને જૈનમ ભગવાન સામે ગયાં. ભગવાનની મૂર્તિ બહુ જીવંત લાગી રહી હતી. સુવર્ણના આભૂષણોથી ભગવાનને સજાવવામાં આવેલા.

હું ભગવાનની પૂજામાં પોતાના અસ્તિત્વને ભૂલી ગઈ.

N.Y.T. 10:00

સવારે ઊઠીને નાસ્તો કરનારી મને આજે ભૂખ જ લાગી નહોતી. આજે ભગવાનની પૂજામાં મને અવર્ણનીય આંનદ આવેલો.

અમે અત્યારે જૈનમના સ્વજનોના ઘરે નાસ્તો કરી રહ્યાં હતાં. શુદ્ધ મારવાડી આઈટમો N.Y.માં અમને ટેસ્ટ કરવાં મળી રહી હતી, પણ તો પણ મારું મન છેલ્લાં બે કલાકના પ્રોગ્રામમાં જ રમણ કરી રહ્યું હતું. હું શું ખાઈ કરી રહી હતી એ મને ય ખબર નહોતી.

"અપેક્ષા! પૅનકેક." મમ્મીએ મારાં મોઢામાં બર્થ-ડેના નિમિત્તે કેક મૂકી. બધાં ભેગાં થયેલાં લોકોએ બર્થ-ડેનું ગીત ગાઈને મને એ કેક ખવડાવી. હું રોબોટની જેમ બધું ફૉલો કરતી રહી.

લોકો થોડાક વિખેરાયા પછી જૈનમે મારી સામે જોયું.

"આર યુ ઓ.કે?" મેં માથું હલાવ્યું.

"તું ખોવાઈ ગઈ હતી."

મારા વેગળા સ્વભાવને જોઈને જૈનમ ગંભીરતાથી બોલ્યો. હું હસી.

"શું કરું? એ ભગવાનની શક્તિ છે."

**N.Y.T. 10:30**

જૈનમ મારાં વિચિત્ર વર્તનના કારણે ચેરમાંથી ઊઠીને પોતાના કઝીન્સ સાથે મસ્તી-મજાક કરી રહ્યો હતો. પછી એ મમ્મીની સાથે કંઈક વાત કરવા માટે સોફા પર જઈને બેઠો. હું 10 મિનિટથી મમ્મી અને જૈનમને ઊંડી ચર્ચામાં ડૂબેલા જોઈ રહી હતી. લાસ્ટ અડધા કલાકથી મારાં ઉપર આજના સવારના પ્રોગ્રામની અસર છવાયેલી હતી.

એ કારણથી કોઈ પણ મને ડિસ્ટર્બ કરે એ મને 1 % પણ ગમતું નહીં. જૈનમે મારી સાથે વાત ચાલું કરવાની બહુ કોશિશ કરી, પણ હું પ્રતિભાવ નહોતી આપી રહી. મેં મારો મોબાઈલ મારાં નાના પાઉચમાંથી કાઢ્યો.

મેં ભારે ડ્રેસ બદલી દીધો હતો. અને અત્યારે હું હંસની પંખુડીઓમાંથી બનેલી આકર્ષક સ્લીવલેસ વન પીસ શૉર્ટ ડ્રેસમાં ચમકી રહી હતી. મારાં હાથમાં જૈનમે મોટી ડાઈમન્ડની અંગુઠી પહેરાવેલી.

એના સિવાયના અનોખી, સુપરિન્ટેન્ડેન્ટ, જૈનમે આપેલા ઍક્સ્ટ્રા નૅકલેસીસ, રીંગ્સ, બ્રૅસલેટ્સ તો મેં પહેરીને જ રાખ્યાં હતાં.

મોબાઈલનું ઈનબૉક્સ મૅસેજીસથી ઓવરફ્લો થઈ રહ્યું હતું.મેં વગર કામના જૂના મૅસેજીસ ડિલિટ કર્યાં,ટીંગ. ટીંગ કરતાં નવા મૅસેજીસ આવતા ગયાં. મૅસેજીસ મારાં ઈનબૉક્સમાં આવવા માટે રાત્રે 12.00 વાગ્યાથી રાહ જોઈ રહ્યાં હતાં. મેં પહેલો મૅસેજ ખોલ્યો. ડૉનનો મૅસેજ હતો.

જન્મદિન મુબારક !

તુમ જીયો હજારો સાલ, જિસસે આયે ઈસ દુનિયા મેં પ્યાર...

તુમ રહો હમેશા લાલ, યહી મુઝે કહના અબ કી બાર....

17th બર્થ-ડે કે લિયે કૉન્ગ્રેચ્યુલેશન.... આજ મેં તુમ્હારે લિયે 17 cr.કા દાન ગરીબોં કો દુંગા ઔર કુછ ભી કરના હો તો...પ્લીઝ! બોલના...

સાદિયાનો પણ મૅસેજ એકદમ સારો હતો. મેં બધાં મૅસેજીસ વાંચ્યા. બે વ્યક્તિના મૅસેજ મને દેખાયા નહીં.... અનોખી.... શાસનદ્રષ્ટાશ્રીજી....મને

હળવું દુઃખ થયું... કદાચ તેઓ ભૂલી ગયાં હશે....

જૈનમ મારી બાજુની ચેરમાં આવીને બેઠો.

"હવે તું ફ્રેશ લાગે છે... તું શું કરે છે?" મારાં મોબાઈલમાં હજી એક મૅસેજ પૉપ-અપ થયો.

"જસ્ટ ચૅકીંગ માય ઈનબૉક્સ."જૈનમે મારી સામે આશ્ચર્ય સાથે જોયું. હું છેલ્લો મૅસેજ વાંચી રહી હતી, ત્યારે જ જૈનમે મારા હાથમાંથી મોબાઈલ ખેંચી લીધો. મેં એની સામે જોયું.

"અપેક્ષા! આજે તારો બર્થ-ડે છે." એ રોકાયો.

"ઓ.."મેં એને પ્રશ્નાત્મક નજરેથી જોયો.

"કંઈ નહી." બે મિનિટ પછી મારી નજર સહન કરવા માટે અશક્ત એણે નીચે જોયું. મને ખબર પડી ગઈ કે એ મારી સાથે સમય પસાર કરવા માગતો હતો.

"અપેક્ષા! મેં તને જે મોટી ગિફ્ટ મોકલેલી એ તે ખોલી?" રસ સાથે જૈનમે મારા તરફ સ્મિત કર્યું.

"હા..મારાં મમ્મી-પપ્પા કન્ટીન્યૂઝલી તારી પૅકીંગને જોઈને હસી રહ્યાં હતાં, પણ એમાં તો ડીઝનીલૅન્ડ અને લાસ વેગાસની સિંગલ ટિકિટ હતી. હું ક્યારેય એકલી જવાની જ નથી..." હું વાક્ય પૂરું કરું એના પહેલાં જૈનમે એવી જ ટિકિટ્સ પોતાના શૉર્ટ્સમાંથી બહાર કાઢી.

"વી આર ફ્લાઈંગ ટુ-ડે."જૈનમનાં મોઢાં પર મિસ્ચીફ દેખાયો.

N.Y.T. 12:00

"બાય મૉમ! તને 10 દિવસ પછી હું મળીશ." જૈનમે પહેલાં જ મમ્મી-પપ્પાને અમારી ડીઝનીલૅન્ડની ટ્રીપ માટે મનાવી દીધા હતાં. મમ્મી અને પપ્પાએ કંઈ ખબર ન હોય એ રીતનું નાટક કરેલું.

મેં મમ્મી અને પપ્પાને અમેરિકન કલ્ચર પ્રમાણે કીસ આપી અને જૈનમ સાથે હું અલગ, પણ એ જ શૉફરવાળી સ્પોર્ટ્સ કારમાં બેસી.શૉફર જૈનમને નમ્યો અને પોતાની ટોપીને ઉપર કરીને ઍક્સિલેટર પર પગ માર્યો.

"જૈનમ !" સ્પીડ અને ઍન્જીનના કારણે થોડાં જોરથી મેં કહ્યું. જૈનમે સ્માઈલ સાથે મારી સામે જોયું. "આપણે બન્ને એકલા કપલ તરીકે તો જઈએ છીએ, પણ ફરીથી ગ્રૅન્ડ હયાતની ઘટના ન થવી જોઈએ." મારો બ્લૅક-ડે મને યાદ આવ્યો.મેં મારી કિંમત એ દિવસે ખોયેલી.જૈનમે માથું હલાવ્યું.

"તારી વાત સાચી છે...આપણે શુદ્ધ વૅકેશન જ ઉજવવાના છીએ. અહીંયા તો આપણને આગ્રહ કરનારા ફ્રૅન્ડ્સ પણ નથી, એટલે એ શક્ય જ નથી ..પણ એના સિવાય.... તારે મને તારો સમય અને તારો લવ...."મેં શરમાળ સ્મિત કર્યું. જૈનમ પણ હસ્યો.

ગાડીએ શાર્પ ટર્ન માર્યો. હું જૈનમ ઉપર પડી.



# Chapter - 6

14/4/2011 | N.Y.T. 20:00 | Disneyland, orlando

**FLUCTUATION** અતિવિષમ હોય છે....!

હું અને જૈનમ ડીઝનીલૅન્ડના કૅરેક્ટર્સનો ખાસ કૉન્સર્ટ જોઈ રહ્યાં હતાં.ટી.વી.ઉપર ઘણી બધી વાર મેં એ કૅરેક્ટર્સને જોયાં હતાં. પણ હકીકતમાં એમની ઍક્ટીંગ જોવી એનો આનંદ જ અલગ હતો. અત્યારે એક હસાવનારું દૃશ્ય ચાલી રહ્યું હતું. જૈનમ ને હું પેટ પકડીને હસી રહ્યાં હતાં

1100 માઈલ્સની મુસાફરી પછી કોઈ પણ થાકેલો માણસ કૅરેક્ટર્સને જોઈને રિફ્રેશ થઈ જ જાય.એટલે જ ફરવાના સ્થળ તરીકે દુનિયામાં પ્રસિદ્ધ સ્થળોમાં આનો નંબર ટૉપ-10માં આવતો.

મિકી મજાકમાં ગોલ-ગોલ ફરવા લાગી. બધાં દર્શકો કેટલાંય સમય સુધી સતત હસ્તા જ રહ્યાં. એની ઍક્ટીંગ જબરદસ્ત હતી. પેપરમાં આવતાં કાર્ટૂન પીક તરીકે વૉલ્ટ ડીઝનીને 'મિકી માઉસ'ને બનાવતી વખતે કદાચ એવી કલ્પના પણ નહીં હોય કે એનું કૅરેક્ટર હજારોના હૃદયને હળવાશ આપનારું બનશે.

બધાં કૅરેક્ટર્સે નમન કર્યું અને અમને ખબર પડી કે શો પૂરો થઈ ગયો છે. અમે અમારી સીટમાંથી ઊભા થયાં અને ડીઝનીલૅન્ડની ઇન્ફો-ઑફીસના સામે આવ્યાં. સામે અલગ-અલગ ડીઝનીની રાઈડનું સ્થળ અને રસ્તો દોરવામાં આવ્યાં હતાં. નૉર્મલ રાઈડ્સથી માંડીને ખતરનાક રાઈડ્સ સુધી બધાંની માહિતી એમાં દેખાડવામાં આવી હતી.

મેં એક પછી એક બધું વાંચ્યું. એમાં એક સીંદ્રેલા કેસલ હતો. ઈન્ડિયામાં જેને ભૂત-બંગલો કહેવામાં આવે એવું પણ એમાં દેખાડવામાં આવ્યું હતું.

"અપેક્ષા ! આ તારાં માટે નથી..."ભૂતબંગલાની માહિતીને વાંચતી મને જૈનમે ટૉન્ટ માર્યો.

"કેમ?" એના ચીડવતાં મોઢાંને જોઈને મને ગુસ્સો આવ્યો.એણે મને બોર્ડની નીચે લખેલી વસ્તુ વાંચવાનું કહ્યું.મારી આંખો એ તરફ વળી.

"NOT FOR CHILDRENS...
ONLY FOR ABOVE 18..."

જૈનમના મોઢાં પર મોટું સ્મિત હતું. મેં એને મારાં હાથથી માર્યું. જૈનમ મારાં હાથના મારથી માંડ-માંડ બચ્યો.અમે ફરીથી બાળક બની ગયાં...

## N.Y.T. 23:00

હું જૈનમને મારી બહુ નજીક અનુભવી રહી હતી. અમે ડીઝની રીસોર્ટની એક રૂમમાં બન્ને એકલા બૅડ પર સૂવાની તૈયારી કરી રહ્યાં હતાં.

જૈનમે મને ફરી વાર બર્થ-ડે વીશ કરી. મેં પણ એના પ્રતિ એક અકથ્ય આકર્ષણ અનુભવ્યું.મેં એને પહેલાં જ 'ના' કહેલી હોવાથી એ પોતાની મર્યાદામાં જ હતો.

પણ..

મારા મનમાં મોટો સંઘર્ષ ચાલી રહ્યો હતો.મેં મારી આંખો બંધ કરી. તૂટેલા નળમાંથી જેમ પાણી ટપકે, એમ મારાં મનમાં વિચારો ટપકી રહ્યાં હતાં.મારાં મનને સ્થિર કરવું અશક્ય થઈ ગયું.

મારું મન જૈનમના પ્રેમથી પરવશ થઈ ગયું. ગ્રેન્ડ હયાતની ટ્રેજેડી ફરી થવાના સ્ટેજ પર હતી.

"એક મિનિટ. હું આવું છું." હું જૈનમને કહીને બૅડ પરથી ઊભી થઈ અને બાથરૂમમાં આવી. મારો મોબાઈલ મેં કાઢ્યો અને હું મારી પૂરી સ્પીડમાં મારાં મનના વિચારોને ટાઈપ કરવા લાગી. હું 5 મિનિટ સુધી ટાઈપ કરતી જ રહી. પછી મને રાહત મળી. મારામાં આવેલી શારીરિક સુખની ઈચ્છા થોડી શાંત થઈ.

મેં મારાં વાળની વચ્ચે છુપાવેલા માઈન્ડ - સૅન્સરને કાઢ્યું. મોબાઈલમાં એનું ઍપ મારી પાસે ડાઉનલોડ કરેલું હતું. મેં ઍપ ઑન કર્યું. એમાં મને લાલ ડૉટ દેખાયું.એ લોડ થઈ રહ્યું હતું.ગ્રીન ડૉટ દેખાયો. મેં એના ઉપર ક્લીક કર્યું. હોમ પેજ જેવું આવ્યું.એનામાં **'MY ANALYSIS'** પર મેં ક્લીક કર્યું.એક ટેબલ મારી આગળ પ્રગટ થયું.

| | |
|---|---|
| 1) *ANGER* | 25 |
| 2) *LOVE* | 89 |
| 3) *DEVOTION* | 70 |
| 4) *SEX* | 30 |
| 5) *GREED* | 2 |
| 6) *HONOR* | 90 |
| 7) *REMEMBERENCE* | 110 |
| 8) *NEGATIVITY* | 0.5 % |
| 9) *POSITIVITY* | 99.5 % |
| 10) *MIND* | *GOOD* |

મારાં મનને ગુડની રેટીંગ મળેલી. 4th પોઈન્ટ જોઈને મને મારું મન રાક્ષસ જેવું લાગ્યું.મનની ચંચળતા નિયંત્રિત કરવી અઘરી હતી. મેં છેલ્લાં એક કલાકની રીડીંગ કાઢી. મારાં ત્રીસની ત્રીસ સેક્સની તીવ્ર સંવેદનાઓ છેલ્લાં એક કલાકમાં આવેલી. મારાં આંખમાંથી એ સંવેદનાઓ બહાર આવવા લાગી.

મેં ફરીથી મારી મોબાઈલ નોટ્સ ઉઘાડી.

મારું મન કહી રહ્યું છે કે હું જૈનમની ઈચ્છાને વિવશ થઈ જાઉં.

**પાર્ટ 1 :** આ દુનિયામાં આવો ચાન્સ કોને મળે છે ?

**પાર્ટ 2 :** ગાંડી! તે ભવનિસ્તારક પાસે આ જ પાપનું કન્ફેશન કર્યું છે.

**પાર્ટ 1 :** હું એક સામાન્ય મનુષ્ય છું. જૈનમ કેટલો પ્રેમાળ છે.

**પાર્ટ 2 :** પ્રેમને વ્યક્ત કરવાનો રસ્તો ફક્ત પશું જેવી ક્રીડા નથી.

**પાર્ટ 1 :** તો તારી પાસે બીજો રસ્તો પણ છે?

**પાર્ટ 2 :** હાં...પણ તું એ સ્વીકાર નહીં કરે. એમાં મનથી મનનું જોડાણ છે. શરીરથી શરીરનું નહીં.

**પાર્ટ1 :** તું બધી ફીલોસોફીકલ વાતો કરે છે. તું ભગવાન નથી, મનુષ્ય છે. **"બીઈંગ હ્યુમન"** બહું જરૂરી છે...

મેં મારાં મનને બંધ કરવાનો પ્રયાસ કર્યો. બન્ને માનસિકતા વચ્ચેના સંઘર્ષમાં મારું મન ખરાબ રીતે ફાટી રહ્યું હતું. એક સેકન્ડ માટે મારી ઈચ્છા ફરીથી થઈ ગઈ જૈનમ સાથે... ના... ના....

મેં આંખો બંધ કરીને મારાં મોઢાંને મારાં હાથમાં છુપાવી દીધું.

મને શાસનદ્રષ્ટાશ્રીજીનો ચહેરો દેખાયો.મેં એમના પાસે શક્તિ આપવાની પ્રાર્થના કરી.મારું શરીર અસહ્ય શારીરિક સુખોની સંવેદનાઓથી ધ્રૂજવા માંડ્યું. અચાનક બે મિનિટ પછી એ રોકાઈ ગઈ. મારા મનમાં શાસનદ્રષ્ટાશ્રીજીએ કહેલા શબ્દો ફરી ફરી રમવાં લાગ્યાં...

***"અપેક્ષા ! માનવને એક હોશિયાર પ્રાણી કહેવામાં આવે છે.***

***એટલે એના પાસે પોતાની જાતને નિયંત્રિત કરવાની શક્તિ હોવી જોઈએ, નહીં તો એનામાં અને પશુઓમાં કોઈ ફરક હોતો નથી.***

***હંમેશા માટે એક વાત પોતાના મનમાં બેસાડી દેજે.***

***જો તને ભોગસુખોની સંવેદનાઓથી બચવું હોય તો,***

***(1) ક્યારેય એકલી કોઈના સાથે પણ રહેતી નહીં.***

***(2) ક્યારેય પણ અંધારામાં રહેતી નહીં.***

***3) પોતાના મનને ખાલી થવાં દેતી નહીં, કેમ કે ખાલી મગજ શેતાન"....***



# Chapter - 7

19/4/2011 | N.Y.T. 18.00 | Las Vegas, America

**MATERIALISM** અતિવિષમ હોય છે....!

M.G.M. ગ્રેન્ડની ગ્રેન્ડ હોટેલની સ્યુટ રૂમ અમારાં માટે જૈનમે બૂક કરાવેલી.જૈનમના બંગલોને પણ તુચ્છ સાબિત કરે એવું ઈન્ટીરીયર એમાં હતું. છેલ્લાં 5 દિવસ ડીઝનીલેંન્ડમાં બહું સાહસીકતા પૂર્ણ પસાર થયેલાં.

મોટા ભાગના રાઈડ્સ મેં અને જૈનમે કવર કરી દીધેલી. એમાં સ્ટોર્મી માઉન્ટનની રાઈડ હૃદયને ઠંડુ પાડી દે એવી હતી. એ રાઈડમાં હું બેહોશ થવાની તૈયારીમાં હતી.જૈનમે મારી એ બેહોશ થવાની સંભાવનાને ચ્વીંગમ આપીને દૂર કરેલી. મને મીન્ટનો ડોઝ મગજમાં હીટ થતાં શાંતતા અનુભવાયેલી. હું સ્થિર થયેલી.

આજે સવારમાં જ ફ્લાઈટ પકડીને 6 કલાકની મુસાફરીના અંતમાં અમે L.V. પહોંચેલા. અહીંયા અમારો 5 દિવસનો રહેવાસ હતો. અમે બપોરે L.V. એરપોર્ટ પર ઊતરેલા અને પછી થાકના કારણે એ.સી. વાળી રૂમ્સમાં જઈને અમે બૅડ પર ઢેર થઈ ગયાં હતાં.

4 કલાકની સતત ખલેલ વગરની ઊંઘના અંતે મને જૈનમે ઉઠાડેલી.એને બહુ ભૂખ લાગી હતી. અમારી બૅગમાં મમ્મીએ ભરેલી પૅનકેક્સ કાલે જ પૂરી થઈ ગઈ હતી અને એટલે અમે L.V.ની ગલીઓમાં અમારી ભૂખને શાંત કરનારી વસ્તુઓ ખોજી રહ્યાં હતાં.

અમને ઈન્ડિયન વૅજ-રેસ્ટોરન્ટ સામે દેખાઈ. ઈન્ડિયાનો ઝંડો એનાં બહાર લટકાવવામાં આવ્યો હતો.અમે બહારની ગલીઓના હસલ-

બસલને પાછળ છોડીને સુગંધી ટેસ્ટી ગુજરાતી થાળીની રૅસ્ટોરન્ટમાં પ્રવેશ કર્યો.

## N.Y.T. 20:00

વાતો કરીને ખાતા-ખાતા કેટલો સમય ગયો એનું અમને ધ્યાન રહ્યું નહીં.બે કલાક પછી અમે રૅસ્ટોરન્ટમાંથી બહાર નીકળ્યાં. ઘણાં સમય પછી ટ્રીપમાં અમે પેટ ભરીને ખાધું હતું.

"અપેક્ષા ! આપણે ચાલીને જઈએ. ખાધેલું પચી પણ જશે..." મેં થમ્સ-અપ કરીને હા પાડી. અમે L.V. ની જીવંત ગલીઓમાં ઉતર્યા. રાતમાં પણ દિવસનો અનુભવ કરાવે એટલી લાઈટ્સથી ગલીઓ ચકાચૌંધ હતી.

દુનિયાની લગભગ બધી વસ્તુઓ માફિયા રાજવાળા L.V.માં પ્રાપ્ય હતી. કદાચ વ્યક્તિ પોતાની આખી જિંદગી પણ L.V. માં રહે, તો પણ એ ભૌતિક વસ્તુઓના પાર ને પામી ન શકે એટલી બધી વસ્તુઓ અલગ-અલગ દુકાનોમાં ડીસ્પ્લે પર હતી.નવી વ્યક્તિ 100 % L.V. ને છોડી ન શકે એવી એ માફીયા સીટીની ચુંબકીય શક્તિ હતી.

માફિયાની શક્તિનો સારો ઉપયોગ થાય, તો દેશને ટુરીઝમ,ટૅક્સથી કેટલો નફો થઈ શકે એનું L.V. જીવતું જાગતું ઉદાહરણ હતું. હું અને જૈનમ એક-એક વસ્તુઓને જોતાં આગળ કાચબાની ગતિએ વધતાં ગયાં.મને થાક અનુભવાવા લાગ્યો.

"જૈનમ ! ચલ આપણે જઈએ.આપણે કાલે અહીં આવીશું."જૈનમે ઓ.કે. કર્યું.અમે M.G.M. ગ્રૅન્ડ હોટેલના રસ્તા પર આગળ ચાલવા લાગ્યાં. અમને એ રસ્તા પર ઘણી બધી નાના કપડા પહેરેલી સ્ત્રીઓ દેખાઈ.એ બધી સ્ત્રીઓએ ફક્ત બે કપડાં જ પહેરેલા હતાં.

એક સ્ત્રી અમારા તરફ આવી. એ જૈનમના આગળ આવીને ઊભી રહી.

"વોના કમ..." એ સ્ત્રીએ પોતાનું કાર્ડ જૈનમના હાથમાં આપ્યું. એમાં એના વેશ્યા તરીકેના કરીયરના વિશે, એનો સંપર્ક નંબર અને રૂમ નંબર છાપેલો હતો.

"આઈ વીલ કમ લેટર."જૈનમે એનાંથી છૂટવા માટે જવાબ આપ્યો. "ડોન્ટ ફર્ગેટ... આઈ ઍમ વેઈટીંગ ફોર યુ." જૈનમને ખરાબ રીતે

સ્પર્શ કરીને એ ત્યાંથી ગઈ. હું તો L.V. ની નિર્લજ્જતા જોઈને છક જ રહી ગઈ.

કઈ રીતે આટલી યુવાન છોકરીઓ પોતાનું કરીયર આ ફીલ્ડમાં બનાવવાની હતી.આખી લાઈફ એક પશુની જેમ કોઈના સાથે પણ રહેવું કઈ રીતે શક્ય હતું.

L.V. ની એ આખી ગલી આવી વેશ્યાઓથી ભરેલી હતી. એમની લાઈફ કેવી હશે એની કલ્પના કરવી પણ મને અશક્ય જેવી લાગી. તેઓ અન્યાયના પાત્ર બની ગયાં હતાં.મને શાસનદ્રષ્ટાશ્રીજીએ એક વાર લેક્ચર્સમાં કહેલી વાત યાદ આવી.

***"આપણે ઘણી વાર એ જ વિચાર કરીએ કે 'ભગવાને મને આ નહીં આપ્યું..." ક્યારેક દુનિયામાં બહાર પણ જાઓ, તમને ખબર પડી જશે કે તમને ભગવાને કેટલું આપ્યું છે.."***



# Chapter - 8

20/4/2011 N.Y.T. 18.30 M.G.M. Grand casino, L.V.

**કસીનોઝ** અતિવિષમ હોય છે...!

**"ENTRY FOR ONLY ABOVE 18."** સ્પષ્ટ ચમકતા અક્ષરોમાં M.G.M. ગ્રાન્ડના કસીનોની બહાર નોટિસ-બોર્ડ લગાવેલો હતો. હું અને જૈનમે હાથમાં હાથ નાખી કસીનોના અંદર એન્ટ્રી મારી. બૉડીગાર્ડ્સ જુરાસીક પાર્ક મુવીમાં ડાઈનોસોરને મારનારા પાવરફૂલ રેન્જર્સ જેવાં હતાં.

" તમારું પ્રૂફ સર!.." બૉડીગાર્ડે અમને અટકાવ્યા.જૈનમે પોતાના પૉકેટમાંથી વી.આઈ.પી.કાર્ડ બતાવ્યો."યુ આર વૅલકમ ટુ M.G.M.ગ્રાન્ડ કસીનો સર!" કહીને બૉડીગાર્ડે અમને એન્ટ્રી આપી.

શરૂઆતમાં રીસેપ્શન પર એક વનપીસ પહેરેલી યુવાન સ્ત્રી ઊભી હતી. જૈનમે એને ***V.I.P.*** કાર્ડ આપ્યો. ***V.I.P.*** કાર્ડ એણે સ્કૅન કર્યું અને એની અંદર રહેલા ડેટાને જોયો. એ રિસેપ્શનિસ્ટના મોઢાં પર આશ્ચર્ય દેખાયું. એણે રિંગ વગાડી અને એક બીજી યુવાન સ્ત્રી જે એવી જ ડ્રેસમાં હતી એ ત્યાં આવી.

"ડીમેલા! આ માફિયા કેસીયોના ***CHIEF V.I.P*** છે. એમનું સંપૂર્ણ આતિથ્ય તારે જ કરવાનું છે. કેસીયો સરે 1/2 મિલિયન ડૉલર્સની ક્રેડીટ સર જૈનમને આપી છે'સર મસ્ટ વીન' એવું આપણા માફીયાનું કહેવું છે...ઓ.કે..."પોતાના વીસીમાં રહેલી ડીમેલાએ જૈનમને સ્મિત આપ્યું.

"કમોન સર ! વી સ્ટાર્ટ ધ પ્લે." એ અમને ગાઈડ કરવા લાગી.

એની પાસે અમારા 1/2 મિલિયનની કિંમતના સિક્કા હતાં.1 ડોલરથી માંડીને 1 મિલિયન ડૉલર્સના કિંમતના સિક્કા કસીનો પાસે હતાં.

સિક્કા એ કસીનોની ઈન્કમ હતી, એનાંથી જ તમે રમી શકતાં અને અંતે જેટલાં સિક્કા બચતાં એના હિસાબે ડૉલર્સની વૅલ્યુએશન થતી.

"જૈનમ! અહીં તારી લિંક કેવી રીતે છે? એ પણ માફીયા? તું કોઈ મોટી સ્ટોરીમાં ભેગો તો નથી ને?"મારાં મોઢાંનાં ચિંતાજનક દેખાવને જોઈને એને હસવું આવ્યું.

"અપેક્ષા ! તું મારી સાથે છેલ્લાં એક-દોઢ વરસથી છે, તો પણ તું મને ઓળખી નથી શકી.."જૈનમના મોઢાં પર કરુણતામય દૃશ્ય હતું.

"શું?" હાથને હલાવતાં મેં એને પ્રશ્ન કર્યો.

"અપેક્ષા ! આઈ ઍમ અ મારવાડી....અમારી તાકાત મનાવવા અને ખવડાવવામાં છે. એ રિસેપ્શનવાળી જે માફિયા કેસીયોની વાત કરી રહી હતી,એ શેર ઈન્વૅસ્ટમૅન્ટ માટે ઈન્ડિયા આવેલો.એને કોઈ નફાવાળી કમ્પની ખરીદવી હતી. પપ્પાને એમના એજન્ટ્સે ટીપ-ઑફ કરી દીધેલાં કે 'આ માફીયા છે'.

બસ, પછી પપ્પા હોય, ત્યાં શું બાકી રહે.પપ્પાએ એને લેવા માટે બ્રીજ કૅન્ડીમાં ઓછામાં ઓછા દામ પર મળતી ભાડાની લીમોઝીન ગાડી મોકલેલી.પપ્પા પોતે એનામાં બેસીને એને લેવા ગયાં હતાં.

પછી તો વાત-ચીતમાં એ માફિયાને દુનિયાનો સૌથી રૉયલ માણસ તરીકે પપ્પાએ બનાવી દીધો.ગાંડાઓ પોતાની પ્રશંસા સાંભળે પછી બાકી રહે શું? એણે એક નવી માર્કેટમાં આવતી કમ્પનીને પપ્પાના કહેવાથી ખરીદી.એ કમ્પનીનું વળતર બહું સારું આવ્યું.માફિયા જ્યારે ઈન્ડિયાથી ગયો, ત્યારે આ ***V.I.P.*** કાર્ડ અને પોતાનો ડાયરેક્ટ કૉન્ટેક્ટ નંબર પપ્પાને આપીને કહ્યું,

"સર ! તમે જ્યારે પણ અમેરિકા આવો ત્યારે લાસ વેગાસ જરૂર આવજો જ, અને ડૉન કેસિયો ને ભૂલી નહિ જતાં. એ તમારી સેવામાં રહેશે." પાર્ટીંગ ગીફ્ટ તરીકે પપ્પાએ એને એક ક્યુબન સીગાર ગિફ્ટ કરેલી કે જે એક વારસાગત આવેલી વસ્તુ હતી.

કેસીયોને સીગારના કલેક્શનનો ગાંડો શોખ છે...બસ, પછી તો સંબંધો સુધરતાં ગયા અને આપણે હવે અહીંયા છીએ અન્ડરએજ + V.I.P.s...." જૈનમે મારી સામે ચતુરતા ભરેલો ચહેરો કર્યો. બિઝનેસ માટે

મારવાડીઝ કંઈ પણ કરવાં તૈયાર હોય છે.

" સર! હીયર..."ડીમેલાએ અમને ધ ડૉન ના રૂમ તરફ ઈશારો કર્યો. અમે એની પાછળ પાછળ ગયાં. ડીમેલાએ દરવાજા પર દસ્તક આપી.

"કમ ઈન.."ગાળ સાથેના વેલકમનો અવાજ અંદરથી સંભળાયો.

હું અને જૈનમ ડીમેલાની પાછળ અંદર ગયાં.આખો રૂમ સીગારની ગંધથી ગંધાયેલો હતો.મને ખાસી આવી.નીચેની ફ્લોરિંગ્સના કૉર્નરમાં ડાઈમન્ડ્સ જડેલાં હતાં.

સામે રૉયલ થ્રોન જેવી ચેર ઉપર એક સીગારવાળો માણસ બેસેલો હતો. એની આજુબાજુમાં નાનાં કપડામાં 5-6 યુવાન છોકરીઓ ફરી રહી હતી.એ એમના મોઢાં પર ધૂમાડો છોડી રહ્યો હતો.

"આ સર કેસીયો છે." જૈનમે પોતાના સફેદ દાંત મારી સામે ચમકાવ્યા.

"કમ ઑન... કમ ઑન માય સન..." પોતાનાં ભારે અવાજમાં માફિયા કેસીયો બોલ્યો.એ ઊભો થયો અને અમને રોલીંગ રોયલ ચેર્સ બેસવા માટે આપી.

નાનાં કપડાવાળી છોકરીઓને એણે પછી આવવાનો ઈશારો કર્યો.

"જૈનમ! સો યુ આર જૈનમ..." ધૂમાડાની મોટી રીંગ કેસીયોએ છોડી.

N.Y.T. 21.00

50-60 ટેબલ્સ એક સાથે લાઈનમાં પડેલા હતાં. દરેક ટેબલની પાસે રિસેપ્શનિસ્ટ જેવી વનપીસ પહેરેલી યુવાન સ્ત્રીઓ ઊભી હતી. તેઓ રમનારા લોકોને ગાઈડ કરી રહી હતી. કેસીયોને જોઈને બધાં રેડ એલર્ટ થઈ ગયાં.

"જૈનમ! વૉટ વુડ યુ લાઈક ટુ પ્લે?" કેસીયો ડૉન જૈનમ તરફ વળ્યો.

"હું આ ફીલ્ડમાં નવો છું..પણ હું બિઝનેસમૅન છું..સો, તમને ખબર છે કે મને શું જોઈએ."નફો એ દરેક વ્યાપારીનો પ્રાથમિક ઉદ્દેશ હોય છે.

"યુ આર ક્લેવર ઍજ યૉર ડૅડ.." કેસીયોએ સ્માઈલમાં પોતાના ચમકતાં સોનાના દાંત બતાવ્યા. એ M.N.M.નો મોટો ફૅન લાગી રહ્યો હતો. પાછળ બૅક મ્યુઝિકમાં એના જ રૅપ ગીતો ચાલી રહ્યાં હતાં.એના બીટ્સ બહું ઝડપી હતાં.

અમે કેસીયોએ બતાવેલાં ટેબલ પર જઈને બેઠાં, ત્યાં ઊભી રહેલી વનપીસને કેસીયોએ ભગાવી દીધી. એ પોતે અમને કઈ રીતે રમાય એ બતાવવા માટે બેઠો. ત્યાં ઊભેલા બધાં વનપીસોને આશ્ચર્ય થયું.

બીજા પણ કેસીયોને ઓળખતા નાના-મોટાં માફિયા એ ટેબલની ચારે બાજુ પર આવીને બેસી ગયાં.કેસીયો કદાચ બહુ ઓછી વખતે બહાર આવતો, એવું એમના મોઢાંથી પ્રતિબિંબિત થઈ રહ્યું હતું.

"લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન ! હી ઈઝ જૈનમ... હી હૅઝ કમ ફ્રોમ ઇન્ડીયા. સો વી વીલ પ્લે ટુ-ડે ઈન નેમ ઑફ...." કેસીયોએ વાક્ય પૂરું ન કર્યું.

"જૈનમ ! યુ આર અવર ગેસ્ટ.... સો....ફર્સ્ટ યુ સીલેક્ટ ધ નંબર." એક મોટો રાઉન્ડ સ્પીનર ટેબલ ઉપર હતો. એમાં અલગ-અલગ નંબર લખેલા હતાં.એક બૉલ એ અંકોની વચ્ચે છોડવામાં આવતો.એ બૉલ જ્યાં રોકાતો,એ અંક જેણે નક્કી કરેલો હોય એ જીતેલો ગણાતો.

"જૈનમ ! લૅટ્સ સી વૉટ ઈઝ યૉર લક્કી નંબર.."પ્રશ્નસૂચક

આંખોથી કેસીયોએ જૈનમ સામે જોયું.

"હું 10 ગોલ્ડન સિક્કા રાખું છું અને મારો નંબર છે." આટલી મોટી ડૉલર 100000 ની રકમ એક સાથે રાખતાં જોઈને બાકી માફિયા હાંફવા લાગ્યાં. તેઓ અંદર અંદર બડબડ કરવાં લાગ્યાં.

" 8..." ફાઈનલ નંબર જૈનમે ઉચ્ચાર્યો. જૈનમે મારી સામે જોયું. ઈન્ડિયન કરન્સીના ગણિત પ્રમાણે જૈનમે પોતાના 1/5th સિક્કા એટલે 60-70 લાખ રૂપિયા એક જ સમયમાં લગાવેલાં હતાં.

કેસીયોએ 8 નંબરના ગોલ્ડન કાર્ડની પાછળ ભૂંસી શકાય એવી શાહીમાં જૈનમ લખ્યું અને એ કાર્ડ જૈનમને આપ્યું.

" મિસ યુ..." મારી સામે તાકતાં કેસીયોએ કહ્યું, "યુ આર ધ પાર્ટનર ઑફ માય ફ્રેન્ડ.. સો આઈ ગીવ યુ અ ચાન્સ..."

મારી પાસે સિક્કા નહોતા. એટલે દાવ રમવો મારાં માટે શક્ય નહોતો.

"સર ! આઈ ડોન્ટ હેવ કૉઈન્સ..."કોઈ સારો જોક મારેલો એ રીતે બધાં હસવા લાગ્યાં. કેસીયોએ વનપીસને કંઈક ઈશારો કર્યો અને એ એક ટ્રે ભરીને સિક્કા લઈ આવી.

"મૅમ ! ધીસ ટ્રે ઈઝ ઑફ 1 લૅખ ડૉલર્સ." મેં એ લીધી અને 10000 ડૉલર્સ ટેબલ પર મૂક્યાં. "માય નંબર ઈઝ 5." શાસનદ્રષ્ટાશ્રીજીનો ફેવરેટ નંબર મેં નક્કી કર્યો. કેસીયોએ મને પણ ગોલ્ડન નંબર કાર્ડ આપ્યું.

એક પછી એક બધાં માફિયા પોતપોતાનાં અંકો અને સિક્કા મૂક્તા ગયાં.

"સો ! વી સ્ટાર્ટ ધ ગેમ.."કેસીયોએ સ્પીનર સ્પીન કર્યો. અને કેસીયોએ પોતાના હાથમાં રહેલો ગોલ્ડન બૉલ છોડ્યો. બૉલ બાઉન્સ થવાં લાગ્યો. અમે બધાં એકદમ શાંતતા સાથે પોતાની ચેર્સમાં પરિણામને જોવાં માટે બેઠાં રહ્યાં.

બૉલ 9 નંબર પર બાઉન્સ થયો અને સ્પીનર બંધ થઈ ગયો.9ની બાજુમાં 5 હતો.બન્નેની વચ્ચે રહેલી જગ્યામાં એ ઉછળ્યો અને છેલ્લે એ 5 નંબરમાં આવીને અટક્યો.

"હૂર્રરે."મેં બૂમ પાડી. હું જૈનમને ભેટી પડી.



# Chapter - 9

24/04/2011

N.Y.T. 16.00

M.G.M. Grand,
Las Vegas

**જેલેસી** અતિવિષમ હોય છે..!

“આઈ વીલ મિસ યૉર કમ્પની..."5 મિલિયન ડૉલર્સની બૅલેન્સ લઈને અમે નેવાર્ક માટે નીકળી રહ્યાં હતાં. કેસીયો માફિયા અમને છોડવાં માટે એરપોર્ટ સુધી પોતાની એ-ગ્રેડ લીમોઝીનમાં આવેલો.

“મેં તારાં પપ્પાને ઈન્ફૉર્મ કરી દીધું છે કે, જૈનમ અને એની ફીયાન્સીએ... ”મને એ શબ્દ સાંભળીને વિચિત્ર લાગ્યું. “5 મિલિયન ડૉલર્સ અમારાં પાસેથી જીત્યાં છે. આજના રેટ પ્રમાણે એની વૅલ્યુ 32-33 કરોડ... પહેલી વાર મારાં કસીનોના બિઝનેસની હિસ્ટરીમાં મેં કોઈને આટલા ડૉલર્સ આપ્યાં છે. બાકી બધાં તો લુઝ જ કરે..”કેસીયોએ મારી સામે આંખ ફેરવી.

“જૈનમ ! આઈ વૉન્ટ ટુ સે ઓનલી વનથીંગ બીફોર પાર્ટીંગ... શી...”મારાં તરફ કેસીયોએ આંગળી બતાવી,“ઈઝ યૉર લક્કી નંબર. આને ક્યારે લીવ નહીં કરતો.... ઈન લાઈફ ઑર ઈન ડૅથ...”

N.Y.T. 23:55

Raymond BLUD
Homes, Newark

એક લાઈટ સિવાય બાકી બધી લાઈટ બહારથી બંધ દેખાઈ રહી હતી. જૈનમે ફરીથી અમારા બંગલોની ઘંટી વગાડી. અંદરથી ચાલવાનો અવાજ આવ્યો. દરવાજો ખૂલ્યો...

“તું કોણ છે ?” નવી વ્યક્તિને પોતાનાં ઘરમાં જોઈને જૈનમે અજ્ઞાતતા વ્યક્ત કરી. સામે એક 18 વરસની સુંદર યુવાન છોકરી ઊભી હતી.

“તમારી નવી નોકરાની સર..મારું નામ માર્ગરેટ છે...અને હું તમારી નવી સેક્રેટરી છું. તમારા પપ્પાએ મને મોકલી છે. " જૈનમને આશ્ચર્ય થયું. મને પણ આ એકસ્ટ્રા હાઈપર લુક્સવાળી સ્ત્રી સારી ન લાગી.

હું અને જૈનમ અમારા રૂમમાં ગયાં.માર્ગરેટે અમારો સામાન અમારા રૂમમાં લાવીને વ્યવસ્થિત રીતે રાખ્યો. " તમે બન્ને થાકી ગયાં છો. હું પછી આવીશ...તમને કંઈ ખાવા-પીવા માટે જોઈએ છે.”નીકળતાં નીકળતાં માર્ગરેટે અમારી સામે પ્રશ્નાત્મક આંખોથી જોયું.

અમારું પેટ માફિયાએ આપેલા પ્યોર વેંજ વસ્તુઓથી આખું ભરેલું હતું.અમે માગરેટને ના પાડી.‘ગુડ નાઈટ સર!' કહીને એ રૂમની બહાર નીકળી ગઈ. મેં જૈનમ સામે જોયું.

“તું શું વિચાર કરે છે?” વગર ઈચ્છાએ પણ મનનો પ્રશ્ન મોઢાંથી બહાર નીકળ્યો. “શેના વિશે?” ચિઢાયેલો હોય એ રીતે જૈનમે મારાં તરફ ચહેરો કર્યો. “માર્ગરેટ..”

**25/04/2011**

**N.Y.T. 6.00**

" મમ્મી ! આ માર્ગરેટ કોણ છે...?" માર્ગરેટના વિષય પર ચર્ચા પછી પણ જૈનમ પાસેથી મને સંતોષકારક જવાબ મળ્યો નહોતો.જૈનમ કંઈક છુપાવતો હોય એવું મને સ્પષ્ટ રીતે અનુભવાયું હતું.

"અપેક્ષા ! માર્ગરેટ આ ઘરના ઘર-કીપરની દીકરી છે. પણ એનું આતિથ્ય...."

મમ્મીના મોઢાં પર એ માર્ગરેટનાં આતિથ્યથી ખૂશ થયાં હોય એની ચમક દેખાઈ.

*એ જૈનમ અને મારાં વચ્ચે આવી ગઈ તો?* "માર્ગરેટને જોયાં પછી મારા મનમાં આવેલો શંકાનો કીડો ફરીથી સળવળવા લાગ્યો.

*"અપેક્ષા ! એ વધારે ભણેલી નથી."* મને મનમાં થોડી શાંતિ થઈ. *"પણ, એનું સમર્પણ, અનો પ્રભાવ જબરદસ્ત છે. એને મિ.ઓસવાલે જૈનમની આવશ્યકતાઓ પર ધ્યાન રાખવાં મોકલી છે...* "માર્ગરેટે કાલે કરેલી વાત સાચી નીકળી.

"મમ્મી ! એ કેટલા દિવસ અહીં રહેવાની છે?" મમ્મીએ મારાં સામે જોયું.

"કેમ?"

"ના, એ તો એમ જ." હું મારી ચેરમાં હલી.

"અપેક્ષા ! એૅલ.વી.થી આવ્યાં પછી તું થોડુંક અલગ વર્તન કરે... તું ઠીક છે ને ?" સાઈકોલૉજિસ્ટ બન્યા વગર સાઈકોલૉજીને વાંચનાર મમ્મીને જોઈને મેં હા પાડી.

## N.Y.T. 11.00

હું જૈનમને કોટ પહેરાવી રહી હતી.એ રૂઆબદાર લાગી રહ્યો હતો.

"હું તને સાંજે મળીશ..." જૈનમે મને બાય કહ્યું અને એ પોતાની બૅગ લઈને પોતાની મર્સીડિઝ ગાડી તરફ ગયો. માર્ગરેટ ત્યાં જ ઊભી હતી. હું પોતાની રૂમની બારીમાંથી બહારના દૃશ્યને જોઈ રહી હતી.

જૈનમે હસીને માર્ગરેટને કંઈક કહ્યું અને એણે પણ મીઠું સ્મિત આપ્યું.ગાડીનો દરવાજો બંધ કરી માર્ગરેટે જૈનમને બાય કર્યું. મને અસુરક્ષિતપણાની સંવેદનાઓ થઈ.

જૈનમનાં મારાં પ્રત્યેનાં સમર્પણની મને ખબર હતી, પણ મને માર્ગરેટના આવ્યાં પછી જૈનમના હૃદયમાં મારું સ્થાન નબળું અનુભવાઈ રહ્યું હતું.

મારાં ઇર્ષ્યા ના વિચારો મારાં મનને અસ્થિર કરવાં લાગ્યાં.

*"એને માર્ગરેટથી પ્રેમ થઈ ગયો તો ? એમ તો દેખાવમાં એ મારાં કરતાં ઓછી છે, પણ એનું આતિથ્ય એ મીઠી છુરી જેવું છે. એ છુરીને જૈનમના હૃદયમાં ઘુસાવીને, એને એ વશ કરી નાખશે?*

*ઓહ નો, એની વાત કરવાની રીત તો મારાં કરતાં સારી છે. એના શબ્દોમાં જાદુ છે. હવે જૈનમ મારાંથી દૂર ચાલ્યો ગયો તો?*

*એની ચાલવાની અદા પણ મૉડલ જેવી છે. કાલે રાત્રે જૈનમ પણ એની ચાલવાની અદાને જોઈને હસ્યો હતો. નહીં પૂછવા છતાં મને ખબર પડી ગઈ હતી કે એ કેમ હસ્યો...*

*મિ. ઓસવાલને પણ આ માર્ગરેટને અહીંયા મોકલવાની શું જરૂર હતી ?'* મને મિ. ઓસવાલ પર પણ ગુસ્સો આવ્યો.

મારા મનમાં વિચારોનું વાવાઝોડું ચાલું થયું. અલગ-અલગ વિચારો એક બીજા સાથે ટકરાવા લાગ્યાં. મારું માથું ફૂટી જશે એવું મને લાગ્યું.

*"બૅસ્ટ... માર્ગરેટને હું... "*એને મારી નાખવાની ઈચ્છાએ મારાં

મનને વશ કરી દીધું. હું મારાં કબોર્ડ તરફ ગઈ. મને ગિફ્ટમાં એક ફ્રેને ઈલેક્ટ્રીક શૉકની મશીન આપી હતી. સ્ટન ગન જેવા એનાં કાર્યો હતો. હું એને લેવાં ગઈ. એના આગળ એક કાગળ પડેલું હતું.એના ઉપર લખેલા શબ્દો મારી આંખોમાં ચમક્યાં.

"THINK TWICE BEFORE YOU DO..."

N.Y.T. 12.55

મારી આંખો માર્ગરેટ ઉપર જ હતી. એ મમ્મી સાથે અસ્ખલિત રીતે ઈંગ્લીશમાં વાતચીત કરી રહી હતી. તેઓ પૅનકેક્સ બનાવવાની પદ્ધતિની ચર્ચા કરી રહ્યાં હતાં. એનો શાંત ચહેરો મારાં ગુસ્સાથી ભરેલાં ચહેરા કરતાં વધારે સૌમ્ય લાગી રહ્યો હતો.

મારી આગળ મારી ફૅવરેટ પનીર ડીશ પડી હતી.મેં એમાંથી ફક્ત એક પકોડો ખાધેલો હતો.મને ખાવાનું ભાવી જ રહ્યું નહોતું. હું મારાં ચેરને જોરથી ખસેડીને ઊભી થઈ.માર્ગરેટ અને મમ્મીએ મારાં તરફ જોયું.

“અપેક્ષા! તને શું થયું છે?” મમ્મીના ચહેરા પર ચિંતા દેખાઈ.

"કઈ નહીં...." હું મારાં રૂમ તરફ પીઠ વાળીને ચાલવાં લાગી. મેં જોરથી દરવાજો બંધ કર્યો. હું બૅડ ઉપર પડી ગઈ.

મારી આંખોમાંથી અશ્રુ પડવાં લાગ્યાં.મારાં બધાં વિચારોમાં માર્ગરેટ કે જેની કંઈ પણ ખોટ નહોતી એ જ વ્યાપ્ત હતી. મારું મન એકદમ સાંશયિક સ્તરમાં પહોંચી ગયું હતું. શંકાના કીડાએ મારાં આખાં મગજને કોરી ખાધું હતું.

અડધા કલાક સુધી હું એમ જ ત્યાં પડી રહી. મમ્મીએ 2-3 વાર દરવાજા પર ખટખટાવીને ખોલાવવાનો પ્રયત્ન કર્યો, પણ હું પોતાની જગ્યાથી ઊભી થઈ જ નહીં.

અડધા કલાક પછી મારું મન શાંત થયું. રડવાના કારણે દુવિધાઓ બહાર વહી ગઈ. મેં મારાં મોબાઈલમાંથી એક નંબર ડાયલ કર્યો. નંબર સ્વીચ ઑફ આવ્યો.

બીજો નંબર ડાયલ કર્યો. એ વ્યસ્ત આવ્યો. અનોખી અને જૈનમ બન્નેના નંબરથી હું સંપર્ક કરી નહીં શકી.મારા મગજમાં ફરીથી મારવાની ઈચ્છાઓ જોર પકડવા લાગી. છેલ્લાં 20-25 દિવસથી અનોખી અને મારી વાત થઈ નહોતી.

જૈનમ પણ ઈન્ડિયાથી અહીંયાં શિફ્ટ થવાં માટેની તૈયારીઓમાં

વ્યસ્ત હતો. માટે એ પણ શાસનદ્રષ્ટાશ્રીજીને મળવા કોઈને મોકલી શક્યો નહોતો.

મને અસહાયતા અનુભવાઈ. હું બેડ ઉપર વગર કંઈ પણ ખાધે સૂઈ ગઈ.

## N.Y.T. 18.55

બહારથી દરવાજાને ખટખટાવવાના અવાજે મારી શાંતતાપૂર્ણ મીઠી નિંદરને ખલેલ પહોંચાડી. મેં મારા અસ્તવ્યસ્ત ડ્રેસમાં બેડ પરથી ઊભી થઈને દરવાજા ખોલ્યો.

"અપેક્ષા! તું શું કરી રહી છે?" મારાં મોઢાં પર મમ્મી ચિંતા સાથે હાથ ફેરવવા લાગી.માર્ગરેટ મમ્મીના પાછળ જ ઊભી હતી. મને હકીકતનો ખ્યાલ આવ્યો. હું મમ્મીની ઍક્શન્સને અટકાવીને બેડ પર જઈને બેઠી. ઘડિયાળમાં 7.00 વાગ્યાં હતાં. એક સાથે હું 6 કલાક સૂતી હતી.

માર્ગરેટે મને ટૉનિક જ્યુસ લાવીને આપ્યો.મેં એ એક ઘૂંટડામાં ખાલી કરી દીધો. મારાં પેટમાં ખેંચ આવતી હોય, એવું લાગી રહ્યું હતું.

" અપેક્ષા! તને શું થયું છે ?" મમ્મી ગંભીર ચહેરો કરીને મારી સામે ઊભી રહી. હું છેલ્લો બાકી રહેલો જ્યુસ અવાજ સાથે ચૂસતી રહી.

" અપેક્ષા ! " મમ્મીના અવાજમાં પહેલી વાર મેં ગુસ્સો અનુભવ્યો. મમ્મીએ ક્યારેય પણ મારી સાથે ગુસ્સાથી ભરેલાં અવાજમાં વાત કરી નહોતી.

"પ્લીઝ મૉમ! મને આજનો દિવસ એકલી છોડી દો.મને સ્વતંત્ર રહેવા દો..."રડવા જેવી થઈને મેં મમ્મીને વિનંતિ કરી. મમ્મીને મારી વાત સાંભળીને ઝટકો લાગ્યો હોય એવું એમનાં મોઢાંનાં હાવભાવથી કળી આવ્યું.

મમ્મી અને માર્ગરેટ ધીમા પગલે બહાર નીકળી ગયાં.

"મૅમ ! હું તમારાં માટે કંઈક લાવું?" મારાં મનને વાંચતી હોય એ રીતે માર્ગરેટે પૂછ્યું.મેં 'હા' પાડી. એનાં મોઢાં પર મને હર્ષની રેખા નજર આવી. મને કોઈ પણ જગ્યાએ એનાં મોઢાં પર મારાં પાસેથી જૈનમને લૂંટવાની ભાવના દેખાઈ નહીં.

N.Y.T. 22.00

મારાં રૂમની લાઈટ બંધ હતી.આજે વિચારોની વિચલિતતાનાં કારણે હું જૈનમને મળ્યાં વગર જ જલદી સૂઈ ગઈ હતી.

રૂમમાં કોઈ આવ્યું હોય એવું મને અનુભવાયું. એ મારાં બેડ પાસે આવ્યો અને બેડ પર બેસ્યો.મારી પાંપણો થોડીક બંધ હતી.

“અપેક્ષા ! હું તારા વગર જીવન વિચારી શકતો નથી.”જૈનમ પોતાની સાથે જ વાત કરી રહ્યો હતો. એના હાથમાં મોબાઈલ ટૉર્ચ ઑન હતી. એ મારી સામે જ જોઈને બોલી રહ્યો હતો.

"અપેક્ષા ! જ્યારે તારો મૂડ ઊડી જાય છે,મારો મૂડ પણ…" એના ચહેરા પર ચિંતા સ્પષ્ટ ઊપસી આવી હતી. એ આગળ કંઈ પણ બોલ્યો નહીં. એણે પોતાનો ચહેરો મારાં પાસે લાવ્યો. મને આંખો ખોલીને જૈનમને ટાઈટલી હગ કરવાની ઈચ્છા થઈ ગઈ. મેં મારી સંવેદનાઓને નિયંત્રિત કરી.

એણે પોતાના હોઠ મારા ચહેરા પર ધીમેથી રાખ્યાં. 5 મિનિટ સુધી જૈનમ એ જ અવસ્થામાં રહ્યો. હું થોડીક હલી. જૈનમે તરત જ પોતાનો ચહેરો ઉપર લઈ લીધો. હું ઊઠી ન જાઉં એનું એને ટેન્શન હતું.

“તને ખલેલ પહોંચાડવા માટે સૉરી અપેક્ષા!” એ ઊભો થયો અને રૂમથી બહાર નીકળી ગયો.દરવાજો બંધ થવાનો હલ્કો અવાજ સંભળાયો.મેં મારી આંખો ખોલી. એમાં અકથ્ય આનંદ ચમકી રહ્યો હતો. હવે મને વિશ્વાસ આવી ગયો.

*‘આ લાઈફમાં તો કોઈ પણ જૈનમને મારી પાસેથી ચોરી નહીં શકે.”*

મારી આંખો બંધ થઈ.મને ઊંઘ આવી ગઈ.

## N.Y.T. 23.55

વૉશરૂમ જવાની તીવ્ર શંકાના કારણે મારી ઊંઘ ઊડી. હું વૉશરૂમમાં ફ્રેશ થઈને આવી.એ.સી.નું તાપમાન બહુ ઘટી જવાના કારણે મને ફ્રેશ થવા માટે રાત્રે પહેલી વાર ઊઠવું પડેલું.

મેં બારીમાંથી બહાર શેરીને જોઈ. એ એકદમ ખાલી હતી. વાતાવરણમાં વણ-કહી શાંતિ પથરાયેલી હતી. મને એ વાતાવરણ બહું ફ્રેશનેસ અને પૉઝિટીવીટી લાવનારું અનુભવાયું.મેં એ.સી.ને બંધ કરી દીધું અને બારીને ખોલી.

તાજી હવાનો ઝોકો એમાંથી પસાર થયો.પ્રકૃતિની પ્રેમાળતા મને એમાં અનુભવાઈ. સાચે જ શાસનદ્રષ્ટાશ્રીજી જેવા સાધ્વીઓ કેમ આટલાં પૉઝિટીવ રહેતા હશે એનું એક કારણ મને પકડાયું.

*'માર્ગરેટ ! કેટલી પ્રેમાળ છે. મેં વગર કોઈ કારણે એના ઉપર શંકા કરી...'* ઉપરથી પક્ષીઓએ જેમ કે મેં સાચું વિચાર્યું હોય એ રીતે અવાજ કર્યો.

હું મારાં રૂમમાં ગઈ અને મારી પૅનડ્રાઈવ લઈને આવી.મારાં પાસે આઈ-પૉડ હતું. મેં હૅડફોન્સ મારાં કાનમાં નાખ્યાં અને આઈ-પૉડથી પૅનડ્રાઈવ ને જોડીને એ પ્લે કરી. આ પૅન-ડ્રાઈવ એ મારાં જીવનની ધડકન હતી. અંદર અવાજ સંભળાયો. જાણે કે મારા માટે જ બોલતાં હોય એવું મને લાગ્યું.મેં તાજી હવા અનુભવી અને મારી આંખો બંધ કરી.

*“અપેક્ષા ! જેલીસી એ આગ જેવી છે! એ પોતાને પહેલાં બાળે છે અને જો ચાન્સ મળે તો બીજાને પણ બાળે છે.*

એક વસ્તુ હમેશાં યાદ રાખજે" *ક્યારેય એવું નહીં વિચાર કે મારી પાસે એના કરતાં કંઈ વસ્તુ ઓછી છે? હંમેશા એ વિચાર કે હું કઈ રીતે મને મળેલી વસ્તુનો સાચો + સારો ઉપયોગ કરીને સામેવાળાને કંઈક આપી શકું...”*

26/04/2011

N.Y.T. 6.00

હું મારા મનને મજબૂત કરવા માટે શાસનદ્રષ્ટાશ્રીજીએ શીખવેલાં મૅડિટેશનમાં ડૂબેલી હતી. કોઈ દરવાજા પર આવ્યું હોય એવું મને લાગ્યું. મેં મારી આંખો ખોલી નહીં.' ***સાચા ધ્યાનમાં તમે બીજી વસ્તુઓથી કરાયેલી વ્યગ્રતાનો અનુભવ ન કરી શકો.'*** શાસનદ્રષ્ટાશ્રીજીના શબ્દોને અનુસરવાનો પ્રયાસ મેં કર્યો.

મેં રાત્રે શાસનદ્રષ્ટાશ્રીજીએ સમજાવેલી પ્રકૃતિની ગિફ્ટનાં વિષય પર ધ્યાન કર્યું. મને અકથ્ય આનંદ અનુભવાયો. હું મૅડિટેશન પૂર્ણ કરીને ઊઠી અને બાથરૂમમાં ફ્રૅશ થવાં ગઈ.આજે મેં જલદી તૈયાર થઈને પોતાનાં કાર્યને સંપૂર્ણ કરવાનું વિચાર્યું હતું.

5 મિનિટમાં શૉવર લઈને ભીના વાળ સાથે હું ટૉવેલમાં બહાર આવી. દરવાજો ખૂલ્યો અને હું લજ્જાને લીધે પડદાની પાછળ છુપાઈ ગઈ.માર્ગરેટ દરવાજા પર ઊભી રહીને મારા રૂમને તપાસી રહી હતી. મને નહીં જોવાના કારણે એ નિરાશ થઈને પાછળ ફરી રહી હતી અને ત્યારે જ હું પડદામાંથી બહાર આવી.

“માર્ગરેટ!” એ પાછળ ફરી.

" તને કોઈ મારાંથી કામ હતું? ”એક બહેનની જેમ પ્રેમ સાથે મેં એને પ્રશ્ન કર્યો.મારાં સ્વભાવના બદલાવને જોઈને એને આશ્ચર્ય અનુભવાયું.

“નો ! તમારાં માટે શું નાસ્તો લાવવાનો એ પૂછવા....” એ વાક્ય પૂર્ણ કરે એના પહેલાં હું મારાં ટૉવેલમાં જ એના પાસે ગઈ. મેં એને ટાઈટલી હગ કર્યું.

“હું માફી માગું છું માર્ગરેટ! તને મેં ઠેસ પહોંચાડી..”માર્ગરેટની આંખો પણ ભીની થઈ ગઈ.એણે પણ મને ટાઈટલી હગ કર્યું.



# Chapter - 10

1/5/2011 | N.Y.T. 8.00 | Raymond BLUD Homes, Newark

## સ્ટડીઝ અતિવિષમ હોય છે...!

## 'HARWARD-THE HISTORY ....!'

જૈનમની બૂક્સને હું ઉથલાવી રહી હતી.આજે સાંજે એ દુનિયાની સૌથી પ્રસિદ્ધમાંથી એક હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં પોતાના કોર્સ માટે દાખલ થવાનો હતો. ત્યાંની હૉસ્ટેલ એક શ્રેષ્ઠ હૉસ્ટેલ કહેવાતી. ત્યાંના કૅમ્પસની તો વાત પણ થઈ શકે એવી નહોતી.

મેં બૂકને ખુલ્લી કરી. સારા અક્ષરોવાળા ફૉન્ટ્સમાં છાપેલા શબ્દો મને વાંચવા માટે મજબૂર કરી રહ્યાં હતાં. મેં વાંચવાનું શરૂ કર્યું.

અમેરિકાના **મેસ્સાચ્યુસેટ્સ** રાજ્યમાં આવેલા **કેમ્બ્રીજ** નામની સીટીમાં આ હાર્વર્ડ સ્કૂલ વસેલી છે.

'હાર્વર્ડ' નામ 1638 માં પ્યુરીટન મિનિસ્ટર જૉન હાર્વર્ડના માનમાં રાખવામાં આવેલું. એનાં પહેલાં એનું નામ '**કેમ્બરીડ્ઝ કૉલેજ**' હતું અને એના પહેલાં એ **'ટાઉન સ્કૂલ'** કહેવાતી. **ઈંગ્લેંન્ડ**ની **'આઈ-વી લીગ'** સ્કૂલ્સમાં હાર્વડની પણ ગણતરી થાય છે.

# જૉન હાર્વર્ડ

16-17 શતાબ્દીમાં ચર્ચ ઑફ ઈંગ્લેંન્ડને સોશિયલી સુધારવામાં પ્યુરીટન્સનો મોટો ફાળો રહેલો છે. પ્યુરીટન એ ઈંગ્લીશ પ્રોટેસ્ટન્ટ્સની એક શાખા હતી કે જેમનું મુખ્ય લક્ષ્ય ચર્ચ ઑફ ઈંગ્લેંન્ડને પવિત્ર કરવું હતું. ત્યારે ભ્રષ્ટાચાર અને ખોટી પ્રણાલીઓ ચર્ચમાં બહુ વધી ગઈ હતી અને એના કારણે ક્રિસ્ટીયેનીટી ખાડામાં જઈ રહી હતી. પ્યુરીટન્ટ્સે ચર્ચને એક ગૌરવભર્યા સ્થાન પર લાવવાં માટે ભરસક પ્રયાસો કર્યા.

જૉન હાર્વર્ડ એ પ્યુરીટ શાખાનો પાવરફૂલ મિનિસ્ટર હતો.અમેરિકામાં એની પોતાની મેસ્સા ચ્યુસેટ્સ રાજ્યમાં

ઘણી જમીનો હતી. એને બૂક્સનો ગાંડો શોખ હતો. અને એટલે એની પાસે બૂક્સનો દળદાર સંગ્રહ હતો.

1637 માં એણે પોતાનું વીલ બનાવી દીધું હતું. 1638 માં જ્યારે જૉન હાર્વર્ડનું મૃત્યુ થયું ત્યારે એનાં વીલ પ્રમાણે એણે પોતાની 1/2 જમીનો અને પોતાની આખી લાઈબ્રેરી કૅમ્બ્રીજ સ્કૂલને દાન કરી હતી.

મને જૉનની ઉદારતા જોઈને આંખોમાં અશ્રું ઘેરાવાં લાગ્યાં.એ આટલી સહેલાઈથી પોતાની સંપત્તિને છોડી શક્યો હતો. પણ, હું... હું... પોતાની સંપત્તિ જૈનમને છોડવાં માટે અશક્ત હતી.. જૈનમના જવાના જ વિચારો મારાં મન પર ગીધની જેમ મંડરાઈ રહ્યાં હતાં...

## N.Y.T. 18.00

જૈનમ પોતાના હાર્વર્ડ યુનિફોર્મમાં બહુ સ્માર્ટ લાગી રહ્યો હતો. '**आकृतिर्गुणान् कथयति ...**' સંસ્કૃતની કહેવત 100 % જૈનમ પર લાગી રહી હતી.એ નવાબના દીકરા કરતાં પણ વધારે રાજાશાહી લાગી રહ્યો હતો.

પોતાના કોટને પર્ફેક્ટ કરી, હૅન્ડ કફ્સ બાંધી એણે મારી સામે જોયું.

"હું કેવો દેખાઉં છું?" એણે મારી સામે હસીને જોયું.

"આગળનો બિલીયનેર." જૈનમના મોઢાં પર મારી કમેન્ટ સાંભળીને સ્મિત આવ્યું. એણે મારાં માથાં પર ટપલી મારી. એણે પોતાનું ઑફિશિયલ સ્કૂલ બૅગ તૈયાર કર્યું અને સાથે હૉસ્ટેલ બૅગ પણ તૈયાર કર્યું. એપ્પલનું નવું ડૅસ્કટૉપ અત્યારે જ બે દિવસ પહેલાં જૈનમે સ્ટડીઝ માટે ખરીદેલું.

"ઑલ ધ બૅસ્ટ, જૈનમ!" મેં એના હાથમાં એની લૅપટૉપ બૅગ આપતાં કહ્યું.

"થૅંક્સ, હું તને બહુ યાદ કરીશ, અપેક્ષા !" જૈનમના મોઢાં પર સંવેદનાઓની રેખાઓ વધતી મને દેખાઈ. એ મારી પાસે આવ્યો. છેલ્લી વાર અમે બન્નેએ અમારો પ્રેમ કર્યો.હું જૈનમને છોડવા ગાડી સુધી ગઈ.માર્ગરેટ પણ ત્યાં જ ઊભી હતી.એના મોઢાં પર દુ:ખ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. એણે પણ જૈનમને હગ કર્યું.

છેલ્લાં 3-4 દિવસથી મારાં અને માર્ગરેટ વચ્ચે ફેવીકોલ જેવી અભેદતા થઈ ગઈ હતી.એ મને અનોખીની કાર્બન કોપી લાગતી.એ મારાં ભોજનથી માંડીને બધી વસ્તુઓનું ધ્યાન રાખતી.એના હાથના પીઝા બહું ટેસ્ટી લાગતાં.

"બાય ! સ્વીટહાર્ટ ! હું તને જલદી જ મળીશ." જૈનમ મર્સીડીઝમાં બેઠો. એણે ગ્લાસ નીચે કર્યો અને આંખ પલકારી.જેસને ગાડી દોડાવી મૂકી. હું 5-10 મિનિટ સુધી ગાડી જ્યાં સુધી દેખાઈ અને પછી પણ એમ જ ત્યાં

ઊભી રહી.

મને મારાં હૃદયમાં સ્પષ્ટ લાગી રહ્યું હતું કે કદાચ હવે લાંબા સમય માટે હું અને જૈનમ મળી નહીં શકીએ. આ ઈન્ટ્યુશન મારાં મનમાં સાપની જેમ રેંગવા લાગ્યું.



# Chapter - 11

30/5/2011

N.Y.T. 9.00

Raymond BLVD Homes, Newark

## મિસ્ડ કૉલ અતિવિષમ હોય છે... !

"અપેક્ષા ! તું અને ડૉક્ટર બ્રાઉન ગઈ કાલે શું ચર્ચા કરી રહ્યાં હતાં?" માર્ગરેટ મારાં રૂમની બારીઓ સાફ કરી રહી હતી. મેં મારાં લૅપટૉપમાંથી ઉપર જોયું.

"કઈ એવું ખાસ નહીં. કેમ?" મને આવો પ્રશ્ન માર્ગરેટે કેમ પૂછ્યો. એ સમજાયું નહીં. એ ક્યારેય પણ મને મારી વ્યક્તિગત લાઈફના પ્રશ્નો કરતી નહીં.

"કાલે તમે બહુ ગમે એવી ચર્ચા કરી રહ્યાં હતાં. મારી વિચારધારા અને તમારી ચર્ચા બહુ મળે એવી હતી. એટલે મારું મન ઉત્કંઠિત થયેલું."

મેં મારાં મગજને ગઈ કાલે અમે શું ચર્ચા કરી રહ્યાં હતાં એ જાણવા માટે કહ્યું. ગઈ કાલે રાત્રે એક વાગ્યાં સુધી મારી અને ડૉક્ટર બ્રાઉન વચ્ચે ગરમા - ગરમીવાળી ચર્ચા થઈ હતી. છેલ્લે અમે બન્નેને એકબીજાને સૉરી કહેવું પડ્યું હતું.

'રીઍક્શન પ્રોસેસ...' મારાં મગજમાં ચર્ચાનો વિષય વિશે લાઈટ થઈ.

જ્યારે કોઈ વ્યક્તિ પર કોઈ બીજી વ્યક્તિ બિનપાયેદાર આરોપ મૂકે, તો એના રીઍક્શન શું આવે એના ઉપર અમે ચર્ચા કરી રહ્યાં હતાં. ડૉક્ટર બ્રાઉનનું કહેવું હતું કે કોઈ પણ વ્યક્તિ પહેલાં તો પોતાનો આરોપ

સાફ કરવાની જ કોશિશ કરશે.મારી સાઈડ હતી કે એ પ્રતિકાર ન પણ કરે. જેમ કે ઈન્ડિયાના યોગીઝ પર તમે આરોપ મૂકો, તો તેઓ એને મગજ પર ન લે.

મિ.બ્રાઉનનું કહેવું હતું કે એક ક્ષણ માટે પણ પોતાના આરોપનો પ્રતિકાર કરવા માટે યોગીઝનું પણ મન કામ કરવા લાગી જાય.

છેલ્લે ચર્ચાનો પરિણામ નહોતો આવ્યો કેમ કે ડૉક્ટર બ્રાઉન કે હું કોઈપણ યોગી નહોતાં અને શાસનદ્રષ્ટાશ્રીજીને સંપર્ક કરવાનું એકમાત્ર સ્થાન પણ મારા માટે સ્વીચ ઑફ થઈ ગયું હતું.

"માર્ગરેટ ! તું કોની સાઈડમાં છે? મારાં કે ડૉક્ટર બ્રાઉનના?" મેં લૅપટૉપ સાઈડમાં મૂક્યું અને હું એનાં સાઈડમાં જઈને ઊભી રહી. એણે હીપ્સ પર હાથ મૂકવાની ટીપીકલ સ્ટાઈલ સાથે મારી સામે જોયું.

"ઑફકોર્સ તારી સાઈડમાં... કેમ કે મને પણ ઘણીવાર તેં કહેલી વાતનો અનુભવ થયો છે. કોઈ મારાં પર વગર કારણે આરોપ કરે, તો પણ મને એની અસર લગભગ ન થાય અને થાય તો પણ એના..." મારાં ફોનની ઘંટડી વાગી. મારું ધ્યાન એ તરફ ફરક્યું.

હું ફોનને ઉપાડું એ પહેલાં એ કટ થઈ ગયો. '**યુ હેવ વન મિસ્ડ કૉલ.**'એમ મોબાઈલની સ્ક્રીનમાં લખેલું હતું. મેં મિસ્ડ કૉલ પર ક્લીક કર્યો. નંબર + નામ જોઈને એક અકલ્પ્ય ઉત્તેજના મારામાં ઉત્પન્ન થઈ.



# Chapter - 12

**30/5/2011** **N.Y.T. 10.00** Raymond BLVD Homes, Newark

**બ્રેકીંગ ન્યૂઝ** અતિવિષમ હોય છે !

"આર યુ સિરીયસ?" સામેથી મોબાઈલ પર બોલાતા શબ્દો પર મને થોડો પણ વિશ્વાસ બેઠો નહીં. .

"અશક્ય....પણ કેવી રીતે.."મારાં મોઢાંના હાવભાવ અને આંસુ જોઈને માગરેટે પણ પોતાનું કામ બંધ કરી દીધું. એ મારાં સાઈડમાં આવીને ઊભી રહી.

મારી અને સામેની સાઈડ રહેલી વ્યક્તિની વાત 10 મિનિટ ચાલી. હું વગર વિશ્વાસે બધું સાંભળતી રહી.મને એવું જ લાગ્યું કે, હું કલ્પનામાં છું. છેલ્લે મેં ફોન કટ કર્યો.

"અપેક્ષા ! શું થયું ?" સતત વહેતા અશ્રુઓને જોઈને માર્ગરેટે પૂછ્યું.

"હું ઈન્ડિયા જાઉં છું..." મારા હાથમાંથી ફોન પડ્યો.

## N.Y.T. 13.00

" આર યુ સીરીયસ?"10 મી વાર મને કોઈએ આ પ્રશ્ન પૂછ્યો. મમ્મીનું ખાવાનું મારી વાત સાંભળીને થંભી ગયું. એમની આંખોમાં આખી સ્ટોરી જાણવાની જિજ્ઞાસા દેખાઈ.

"મમ્મી ! આઈ વીલ હેવ ટુ ગો ટુ ઈન્ડિયા...."મેં ભોજન કર્યા વગર ચેરને પાછળ કરીને ઊઠવાની ઍક્શન કરી.. મમ્મીએ તરત 'સ્ટૉપ' કહીને મને બેસાડી રાખી.

"પહેલાં મને આખી સ્ટોરી કહે." મને કંટાળો આવી રહ્યો હતો.એ જ સ્ટોરીને ફરી ફરી કહીને હું થાકી થઈ ગઈ હતી.પણ, મને ખબર હતી કે વગર બોલે, હું મમ્મીની જિજ્ઞાસાથી છૂટી નહીં શકું.

"મમ્મી ! આજે સવારે મને મિસ્ડ કૉલ આવેલો. મને નંબર જોઈને આશ્ચર્ય થયું હતું. મેં ફરીથી કોશિશ કરેલી તો એ વ્યસ્ત આવી રહ્યો હતો, કદાચ ઉત્તેજનાના કારણે કૉલ નહીં કરવાના લીધે એ બીજા કૉલ પર વ્યસ્ત થઈ ગઈ હતી. પ્રયત્ન કરતાં - કરતાં છેલ્લે 30 મિનિટ પછી મારી લાઈન કનેક્ટ થઈ."

" હેલો ! હાઉ આર યુ?" સામેથી મને ફેવરેટ એવો એક અવાજ સંભળાયો.

"તું બહુ વ્યસ્ત થઈ ગઈ લાગે છે."મેં એને તાનો માર્યો.

"તું જે કહે છે એ 100 % સાચી વાત છે. સાચે જ બહુ વ્યસ્ત છું." સચ્ચાઈ મને એના અવાજમાં અનુભવાઈ.

"કેમ શું કારણ છે.?" પછી એણે પોતાની સાધ્વી બનવાની વાત કહી. હું તો સ્તબ્ધ રહી ગઈ.

એના કલ્ચરવાળી વ્યક્તિ માટે એ વાત શક્ય જ નહોતી. મેં એની સચ્ચાઈ સાબિત કરવા માટે અલગ-અલગ પ્રકારે પ્રશ્ન કર્યા, પણ એનો દરેક જવાબ દીક્ષા તરફ જ ઈશારો કરી રહ્યો હતો.

પછી મેં એને દીક્ષાની તારીખ પૂછેલી. એણે 14 જૂનની તારીખ આપી. મને મારા હાથમાં બહુ ઓછા દિવસ હોય એવું લાગેલું.અને મને

ઝટકો લાગ્યો. અત્યારે પણ મને એ ધ્રાસ્કાની અસર અનુભવાય છે." મમ્મી ધ્યાનથી મારી વાત સાંભળી રહી હતી.

"પણ આ વ્યક્તિ કોણ છે અને એની સાથે તારો સંબંધ શું છે?" માર્ગરેટે વચ્ચે પ્રશ્ન કર્યો. "એનું નામ અનોખી છે અને એ મારી બેસ્ટ ફ્રેન્ડ છે."

1/6/2011 N.Y.T. 09.00 J.F.Kennedy Airport, Newyork

માર્ગરેટ અને હું એરપોર્ટ પર મોડા પહોંચવાના કારણે દોડી રહ્યાં હતાં.મારું નામ વારંવાર અનાઉન્સ થઈ રહ્યું હતું. અમે ફ્લાઈટ માટે મોડા હતાં.

ચેકીંગ કાઉન્ટર પર મેં માર્ગરેટને હગ કર્યું અને મારી બૅગ્સને ચેકીંગ માટે રાખી. ત્યાં ઊભાં રહેલાં ચેકીંગ ઑફિસરે એતીહાદ એરલાઈન્સવાળાને મારાં આગમનની વાત વૉલ્કી-ટૉલ્કી પર કરી અને અનાઉન્સમૅન્ટ બંધ થયું.

"મમ્મી અને પપ્પાનું ધ્યાન રાખજે હો..." મારાંથી વધારે દેખભાળ કરનારી માર્ગરેટને મારાં મનની ખુશી માટે હું બોલી.એણે પોતાનું માથું હકારમાં હલાવ્યું. "હું ફરીથી ૨0 દિવસમાં આવી જઈશ." છેલ્લું વાક્ય કહીને જલ્દી કરવાં માટે કહેતાં ફ્લાઈટના અટેન્ડેન્ટ્સ સાથે મેં ઈન્ડિયાના ટુર માટે પગલાં ઉપાડ્યાં.

માર્ગરેટ છેલ્લે સુધી મારી પીઠને જોતી રહી. હું એની આંખની સામેથી છેલ્લી વાર બાય કરીને ગાયબ થઈ ગઈ.

મિસ્ડ કૉલ એ મારાં અમેરિકન રુટિનને તોડી નાખ્યું હતું.

## "NEWS IS LIKE A FIRE IT BURNS EVERYTHING"

આ ક્યાંક સાંભળેલી કહેવત મને ફ્લાઈટમાં પગ મૂક્તાં યાદ આવી.


My Note


10





# Chapter - 1



2/6/2011 N.Y.T. 15.30 Sahara Airport, Mumbai

**વેલકમ** અતિવિષમ હોય છે..!

મારાં ઈન્ડિયા આવવાનાં ન્યૂઝ આગની જેમ ફેસબૂક પર ફેલાઈ ગયાં હતાં. મેં ચેકીંગ કાઉન્ટર ઉપરથી ટ્રૉલીમાં મારી 17 કિલોની ટ્રૉલી બૅગને ખેંચીને જ્યાં બધાં લોકો પોતાના સ્વજનોને વૅલકમ કરવાં ઊભાં રહે, ત્યાં હું આવી.મને એવું લાગેલું કે કદાચ મને કોઈ લેવાં આવશે.

સ્વાગત કરવાની જગ્યાએ હું જેને જાણતી હોઉં,એવી એકેય વ્યક્તિ મને દેખાઈ નહીં. હું ટ્રૉલીને ખેંચીને ટૅક્સી સ્ટૅન્ડ પર આવી. હું ટૅક્સી સ્ટૅન્ડ પર ટૅક્સીવાળા સાથે વાત કરી રહી હતી અને ત્યાં જ કોઈએ મારી આંખો ઉપર પોતાના હાથ મૂક્યાં.

"મૈં કૌન હૂં ?" આંખને પોતાના ટાઈટ હાથથી બંધ કરનારે મને પૂછ્યું. મને અવાજ ઓળખાયો નહીં.મેં બે મિનિટ સમય લીધો.

"તેજસ... રાઈટ... "મારી આંખ ઉપરથી હાથ નીકળ્યો.મેં પાછળ જોયું. શરૂઆતમાં મને કોઈ પણ દેખાયું નહીં.પછી હું થોડી જમણી બાજુ પર વળી.એક ટૅક્સીના સાઈડમાં તેજસ ઊભો હતો.મેં સાચું અનુમાન કરેલું. એણે મને હાય કર્યું અને પોતાની 'હાઈડ ઍન્ડ સીક' ગેમ બંધ કરી.

"તું કેમ છે?" મારાં પીઠ પર જોરથી મારતાં તેજસે પૂછ્યું.મને પીડાનો અનુભવ થયો.

"સારી નથી." મેં પીઠ તરફ ઈશારા કરતાં કહ્યું.એનાં મોઢાં પર સ્મિત આવ્યું.

"તું અમેરિકા જઈને પણ તારાં તાનાઓ ભૂલી નથી." એણે મારાં માટે ભાડા પર લીધેલી મર્સીડીઝને ઈશારો કર્યો. એનો ડ્રાઈવર ગાડી લઈને આવ્યો. તેજસે કારનો દરવાજો ખોલ્યો.

"આપણે ક્યાં જઈએ છીએ?"ગાડીમાં બેસીને મેં તેજસ સામે જોયું.

"તારે જ્યાં જવાનું છે-ફાઈનલ ડૅસ્ટીનેશન...."

I.S.T. 16.30

CAB, Mumbai

તેજસ મને છેલ્લાં 6 મહિનામાં બનેલા મુંબઈ અને ઈન્ડિયાના ન્યૂઝથી બૉમ્બાર્ડ કરી રહ્યો હતો. ઘણું બધું સારું-ખોટું ઈન્ડિયામાં ચાલી રહ્યું હતું.ગોટાળા એમાં પહેલાં ક્રમાંક પર હતાં. કૉંગ્રેસ સરકાર ને અન્ના હજારેનો સામનો કરવો અઘરો પડી રહ્યો હતો. અન્ના હજારેને લોકોનો બહોળો સહકાર મળ્યો હતો.

ભ્રષ્ટાચાર વાઈરસની જેમ દરેકેદરેક સૅક્ટરમાં ઘૂસી ગયો હતો. કૉંગ્રેસની પરિસ્થિતિ ડગમગી રહી હતી. ડૉન ઉપર પિક્ચર બનવાની વાત ચાલી રહી હતી. એમાં ડૉન પોતે પણ વ્યસ્ત હતો. શાસનદ્રષ્ટાશ્રીજીનો પણ પોતાના લાઈફમાં મહત્ત્વનો રોલ પિક્ચરમાં બતાવવાનું ડૉને નક્કી કરેલું. તેજસ સતત બોલ્યા જ કરતો હતો.

હું મારાં મોબાઈલમાં S.D. ફૅન્સના ફેસબુક પેજની ડૅટ્સ જોઈ રહી હતી.અનોખીએ પોતાના પ્રોગ્રામ અને ઈન્વીટેશન ફેસબૂક પર જ મોકલેલાં હતાં.શાસનદ્રષ્ટાશ્રીજીએ સ્પષ્ટતાથી કોઈપણ પોસ્ટર્સ,ઈન્વીટેશનકાર્ડ,પત્રિકા છપાવવાની ના પાડી હતી. એમાં વગર ફોગટનો પૈસા નો ખર્ચો અને પેપરનો બગાડ શાસનદ્રષ્ટાશ્રીજીને અનુભવાતો હતો.

એની જગ્યાએ અનોખી બધાં પરિચિતોને '**15 ગોલ્ડન સ્ટૅપ્સ**' નામની બૂક અને 1 કિલો આંબા + ગોલ્ડ પ્લેટેડ સિલ્વરનું જૈન દીક્ષાનું પ્રતિક રજોહરણ (એક વસ્તુ કે જે જૈન સાધુઓ પોતાના શરીરનાં નીચેનાં અંગો અને જમીન પર ફરનારા જીવોને દૂર કરવા વાપરે) આપી રહી હતી. કૉન્સૅપ્ટ એકદમ નવો હતો અને ફાલતું વ્યયથી રહિત હતો.

અમારી ગાડી અનોખીના ફ્લૅટની બહાર રોકાઈ. તેજસ મારી બૅગ લઈને મર્સીડીઝના ડ્રાઈવરને છૂટો કરીને લીફ્ટની પાસે આવ્યો.

"તો આ મારું ડૅસ્ટીનેશન છે?"મેં તેજસ સામે આંખો પલકારી "હા... અનોખી કહેતી હતી કે હવે આગળના 13-14 દિવસ અપેક્ષા મારી સાથે જ મારાં જ રૂમમાં રહેશે. મને એ પવિત્ર આત્મા સાથે સમય પસાર

કરવો છે." તેજસ 'પવિત્ર' શબ્દ પર થોડો હસ્યો. મેં મારી આંખો ઘુમાવી.

અમે લીફ્ટમાં 5th ફ્લોર દબાવ્યું. લીફ્ટે ઉપર ચઢવાનું શરૂ કર્યું. "5th ફ્લોર" લીફ્ટમાં અનાઉન્સ થયું. અમે લીફ્ટની બહાર આવ્યા. હું એના પાછળ-પાછળ ગઈ. ફ્લોરમાં રહેલાં બધાં ઘર ખુલ્લાં હતાં.એ.સી.ની ઠંડી હવા બધાં ઘરમાંથી બહાર વહી રહી હતી.ચપ્પલ્સ અને શૂઝનો ઢેર એક સાઈડમાં પડેલો હતો.

લીફ્ટથી બહાર નીકળતાં જ જમણી બાજૂ પર અનોખીનો મોટો વૉલપેપર સીધો દીવાલ પર ચોંટાડવામાં આવેલો હતો. સાડીમાં અનોખી ભપકાદાર લાગી રહી હતી. મેં બે મિનિટ સુધી એ પિક્ચર જ જોયું.

"કમૉન અપેક્ષા ! અનોખી તારી રાહ જોઈ રહી છે..." તેજસે મને મારાં મનનાં ઓરડામાંથી બહાર કાઢી. અમે સૌથી વધારે ચપ્પલવાળા ફ્લૅટમાં ગયાં. ઘણાં બધાં લોકોથી ચક્કાજામ એ ઘર હતું.બધાં ડિઝાયનર સારીઝમાં અને કુર્તીઝમાં તૈયાર થયેલા હતાં. મને મારાં સ્કર્ટને જોઈને અજીબ લાગ્યું. મને ફ્લૅટમાં જવાની ઈચ્છા એક મિનિટ માટે ગાયબ થઈ ગઈ. તેજસ મારાં મનનાં વિચારોને સમજી ગયો.


હું પાછી વળતી જ હતી કે મને મધમીઠો અવાજ સંભળાયો,"અપેક્ષા!" અવાજ કોનો છે એ મને 'અ' અક્ષર સાંભળતાં જ ખબર પડી ગઈ. હું વળી.

બધાં મારી સામે જ અહોભાવથી જોઈ રહ્યાં હતાં. અનોખીએ આવીને મને ટાઈટલી હગ કર્યું.

"વૅલકમ, માય ગૉડ! " એક જ વાક્ય એના મોઢામાંથી વહેતું રહ્યું.



# Chapter - 2



3/6/2011



I. S.T. 20.00



Anokhi House, Mumbai

**એનર્જી** અતિવિષમ હોય છે..!

મારા અંગેઅંગમાં થાક લાગી રહ્યો હતો.અમે આજે 30 ઘરોમાં મોંઘેરા મહેમાન તરીકે ગયેલાં.છેલ્લાં 15 દિવસથી અનોખી આ રીતે બધાં ઘરની ટુરિંગ કરી રહી હતી. એણે 180 ઘરો પૂરાં કરી દીધાં હતાં. એનાં પરિવારની જડો બહુ ઊંડી ફેલાયેલી હતી. મારાં મોબાઈલમાં આખી લીસ્ટ હું જોઈ રહી હતી. હજી 200 ઘર બાકી હતાં.

'ઇમ્પૉસિબલ...' મેં શ્વાસ મૂક્યો.

"અપેક્ષા ! તું થાકી ગઈ લાગે છે?" અનોખીએ પોતાના બૂકમાંથી ઉપર જોયું.એ શાસનદ્રષ્ટાશ્રીજીએ એને આપેલી જૈન દીક્ષાના 5 નિયમોને (જૈન પરિભાષામાં 'મહાવ્રત' કહેવાતા) વર્ણવતી **'મહાવ્રતો'** બૂક વાંચી, રહી હતી.

મેં એનાં શબ્દો સાચા છે એ બતાવવાં માટે મારો અંગુઠો ઉપર કર્યો.

"તું કઈ રીતે આટલો સ્ટ્રેસ ઝેલી શકે?" મેં થાકથી ભરેલી આંખે અનોખી સામે જોયું. એનો ચહેરો થોડો ગંભીર થયો હોય એવું મને લાગ્યું.

"એ તો તું મારાં કરતાં વધારે જાણે છે."મને અનોખીના ગૂઢ શબ્દો સમજાયા નહીં. 'એ શું કહેવા માંગે છે ?"

"શાસનદ્રષ્ટાશ્રીજી..." એક શબ્દ સાંભળીને મને બધું સમજાઈ ગયું.અમાપ શક્તિનું સ્થાન હતાં શાસનદ્રષ્ટાશ્રીજી. મારી ઈચ્છા ઈન્ડિયામાં

લૅન્ડ થયાં પછી સૌથી પહેલાં એમને મળવાની હતી. પણ, વ્યસ્તતાના કારણે અત્યાર સુધી હું સમય કાઢી નહોતી શકી.મને અનોખીએ પોતાનો હાથ બનાવી દીધો હતો.

"અપેક્ષા ! તારાં ગયાં પછી મારી બેટરી રિચાર્જ કરવાનું સંપૂર્ણ કાર્ય શાસનદ્રષ્ટાશ્રીજીએ જ કર્યું છે. બાકી આ સ્પર્ધાત્મક દુનિયામાં પોતાને ટકાવી રાખવું અશક્ય છે. જેની પાસે પાવર હાઉઝ નથી, તેઓની હાલત શું થાય છે એ તો મને મારાં ભૂતકાળને યાદ કરીને ખબર પડે..." એ પોતાનાં હમણાં જ વીતેલા ભૂતકાળમાં ફરતી હોય એવું મને લાગ્યું.

"રિચાર્જ માટે જવું છે?" મારાં ગળાં સુધીની ઈચ્છા મેં બતાવી દીધી.

"હા..મને પણ શાસનદ્રષ્ટાશ્રીજીને મળવાની ઈચ્છા બહુ છે.પણ.." અનોખીએ મને પોતાની રૂમની બહાર ઈશારો કર્યો. ઘણાં બધાં અનોખીનાં સ્વજનો બહાર ભેગાં થયાં હતાં.

"આઈ સી.."મારાં મનમાં એક પ્લાન ઊભો થયો.



# Chapter - 3



3/6/2011 I. S.T. 21.30 Navjeevan Society, Mumbai Central

**વૈરાગ્ય** અતિવિષમ હોય છે!

" તમે બન્ને..."શાસનદ્રષ્ટાશ્રીજીને મને જોઈને એકદમ આશ્ચર્ય થયું.

"તો તું આવી ગઈ અપેક્ષા?" શાસનદ્રષ્ટાશ્રીજીએ મને પ્રશ્ન કર્યો કે ફક્ત એમ જ બોલ્યાં એ મને ન સમજાયું.

"તારી અમેરિકાની લાઈફ કેવી છે?" શાસનદ્રષ્ટાશ્રીજી પોતાના સ્થાન પર જઈને બેઠા.

"બસ, ચાલે છે." મને એ કેમ આવાં પ્રશ્નો કરે છે? એ સમજાયું નહીં.

શાસનદ્રષ્ટાશ્રીજીએ અનોખી તરફ જોયું. "અનોખી ! તેં તારી વૈરાગ્યસ્ટોરી અપેક્ષાને ન કહી ?" અનોખીએ પોતાનું માથું નકારમાં હલાવ્યું. મને "વૈરાગ્ય" શબ્દ સમજાયો નહીં.

"ડીટૅચમૅન્ટ...." મારા મગજમાં રહેલી શંકાને જાણીને શાસનદ્રષ્ટાશ્રીજીએ વૈરાગ્યનો અર્થ કહ્યો. હું એમની સામે હજી કંઈક સાંભળવા માટે ચાતક ની જેમ જોતી રહી,

***"હંમેશાં એક વસ્તુ યાદ રાખજે. ભગવાન સાથે જોડાવા માટે, દુનિયાથી જોડાણ કાપવું બહું મહત્વનું છે. જે દુનિયાથી ચોંટેલો રહે છે, એ ભગવાનથી જોડાયેલો રહી શકતો નથી. આમાં 'સપ્લાય' નું ઈકોનોમીક્સ લાગે છે.***

*જેમ જેમ સપ્લાય વધે, તેમ તેમ ભાવ ઘટે છે. અને જેમ જેમ સપ્લાય ઘટે છે, તેમ તેમ ભાવ વધે છે. આ જ ગણિત દુન્યવી અને ભગવાન સાથે જોડાણનું છે.*

*જેમ જેમ દુનિયા સાથેનું જોડાણ વધે છે, તેમ તેમ ભગવાન સાથેનું જોડાણ ઘટે છે, અને*

*જેમ જેમ ભગવાન સાથેનું જોડાણ વધે છે, તેમ તેમ દુનિયા સાથેનું જોડાણ ઘટે છે. ભગવાનની આવી શક્તિ છે."*

I. S.T. 22.30

Anokhi House,
Mumbai

છેલ્લાં 20 મિનિટથી શાસનદ્રષ્ટાશ્રીજીનું સપ્લાય ઈકોનોમિક્સ જ મારા મગજમાં ફરી રહ્યું હતું. દુનિયાની બધી વસ્તુઓ મને ફાલતૂ જેવી લાગવાં માંડી હતી. મને કોઈની સાથે વાત કરવાની જ ઈચ્છા નહોતી થતી.

અનોખી પોતાના કપડાં બદલી રહી હતી. એ આખો દિવસ ભારે ડ્રેસીસ અને ભારે મેક-અપથી જ ઘેરાયેલી રહેતી. એને રાત્રે જઈને કંઈક શાંતિ મળતી.

"અનોખી!" મને કંઈક યાદ આવ્યું "હા.." એ કાચમાં જોઈને પોતાની ઈયરરીંગ્સ કાઢી રહી હતી.

"શાસનદ્રષ્ટાજીએ મને તારી વૈરાગ્યસ્ટોરી સાંભળવાની કહી છે. પ્લીઝ! તું મને કહી શકે ?" મેં અનોખીને વિનંતિ કરી.

પોતાનું કામ છોડીને એણે પોતાના ડ્રોઅરમાંથી એક ડાયરી કાઢી અને મારાં હાથમાં રાખી. એ ફરીથી પોતાના કામ પર લાગી ગઈ.

મેં ડાયરીનું પહેલું પેજ ખોલ્યું. એ ઉન્નત આત્માઓના ફોટોઝથી ભરેલું હતું. એક ફોટોમાં એક માણસ ઉપર સવારના ઉગતા સૂરજની કિરણોં પડી રહી હતી અને એનો ફક્ત આકાર દેખાઈ રહ્યો હતો. એક ફોટોમાં સૂર્યાસ્ત ની ઈમેજ હતી અને એવું જ લાગી રહ્યું હતું કે વ્યક્તિ સૂર્યની અંદર બેસીને ધ્યાન કરી રહી હતી.

મેં પેજ ફેરવ્યું.એના ઉપર 3 શબ્દો લખેલાં હતાં.

## MY DETACHMENT STORY...

આજુબાજુમાં જોરદાર આકર્ષક ડીઝાઈન્સ કરવામાં આવી હતી. બધી ડીઝાઈન્સ કોઈક જબરદસ્ત ઘટનાને બતાવતી હોય એવું લાગી રહ્યું

હતું. હું પેજ નં. ૩ પર ગઈ.એની જમણી બાજૂ ઉપર તારીખ લખેલી હતી અને નીચે એ દિવસના પોતાની પરિસ્થિતિનું બયાન લખેલું હતું.

એ ડાયરીની પહેલી તારીખ મારાં અમેરિકા જવાની તારીખ હતી.

26/10/2010

Glooms

આજે એક ઉન્નત આત્માનો ડીપાર્ચર થયો છે. એ ઉન્નત આત્માનો મારી લાઈફને શુદ્ધ કરવામાં બહું મોટો ફાળો છે. મને ખબર નથી કે હું એ આત્માને ફરીથી ક્યારે મળીશ...

મારી લાઈફનું આ પહેલું ડીટૅચમૅન્ટ થયું છે. આગળ કેટલાં ડીટૅચમૅન્ટ થશે એ મને ખબર નથી...

3rd પેજમાં આટલું જ લખેલું હતું. અડધું પેજ કમેન્ટ્સ માટે ખાલી રાખવામાં આવ્યું હતું.મેં પેજ ફેરવ્યું. પેજ નં.4 આખું ભરેલું હતું. એમાં અનોખીના અક્ષરોમાં હર્ષ દેખાઈ રહ્યો હતો.

30/10/2010

Majority

આજે ચાર દિવસ પછી મને પોતાના માનસિક ઉતાર-ચઢાવ પછી ફ્રેશ લાગી રહ્યું છે. બે ઉન્નત આત્માઓએ મને છેલ્લાં 4 દિવસમાં ઘણું બધું શીખવ્યું.

મને એવું પહેલાંથી લાગતું કે હું એકલી છું,મારું કોઈ નથી, કોઈ મને લાઈક નથી કરતું.પણ, ઉન્નત આત્મા અને એમના ઉન્નત ગુરુ આત્માના સંપર્ક પછી મને હું મૅજોરિટીમાં હોઉં એવું લાગી રહ્યું છે.

ગુરુ આત્માના અનુભવ પ્રમાણે એકલો માણસ એકલતા ત્યારે અનુભવ કરે જ્યારે એના જીવનમાં ભગવાન નામની સર્વોચ્ચ આત્મા ન હોય. એમણે મને એક જોરદાર સુવાક્ય **John Knox** નું કહેલું,

**A MAN WITH GOD IS ALWAYS IN MAJORITY...**

મેં પેજ ફેરવ્યું. એમાં પણ 4-5 દિવસ પછીની તારીખ હતી અને એમાં અનોખીએ પોતાના અનુભવો શેર કરેલાં હતાં. હું એક પછી એક પેઝ વાંચતી ગઈ. 15-20 પેજ વાંચ્યા પછી એક સારી રીતે લખેલું પેજ મને દેખાયું.એના ઉપર બીજો એક ફકરો પણ હતો. કમૅન્ટ્સ સૅક્શનમાં કદાચ શાસનદ્રષ્ટાશ્રીજીએ કંઈક લખેલું હતું.

1/1/2011

God

આજે ન્યૂ યર છે. મેં સવારે ભગવાન પાસે મારો અને એનો વાર્તાલાપ થાય એવી પ્રાર્થના કરેલી. ભગવાને મારી પ્રાર્થના અત્યાર સુધી સાંભળી નથી.

મને આવાં પ્રસંગો પછી એવું સ્પષ્ટ લાગે છે કે ભગવાન એ આપ-લે કરી શકે એવી આત્મા નથી. ભગવાન ફક્ત જુએ છે. મને મદદ નથી કરતાં...

લોકો કહે છે કે મને ભગવાન મળ્યા,પણ મને એ વાત ઉપર વિશ્વાસ બેસતો નથી.ઉન્નત આત્મા સાથે મેં આ વિષય ઉપર ચર્ચા કરેલી. પણ, એમને ભગવાન દેખાયા નથી. અમેરિકામાં ઈન્ડિયા કરતાં ભગવાન દેખાવાની શક્યતા ઓછી છે.

**COMMENTS**

**મેં ક્યાંક પર્લ બેલીની એક થૉટ વાંચેલી.**

**'PEOPLE SEE GOD EVERYDAY. THEY JUST DON'T RECOGNIZE HIM...'**

**તારાં અંદર રહેલાં સારાં ગુણો એ જ ભગવાન છે. ભગવાન એ સારાં ગુણોના નિધાન છે અને તારાં સારાં ગુણો એ, એ. નિધાનનાં જ ભાગ છે.**

**-S.D.**

શાસનદ્રષ્ટાશ્રીજીના અક્ષરો મોટાં હતાં. એમનાં અક્ષરો ઉપરથી જ એમની આત્મશક્તિ અનુમાન કરી શકાય એવી હતી.મેં પેજીસ ફેરવ્યાં. બધાંમાં 2 લીટી, ક્યારેક 4 લીટી, ક્યારેક 6 લીટી, ક્યારેક આંખું પેજ પણ ભરેલું હતું.

કોઈ કોઈ જગ્યાઓ પર કમેન્ટ્સ લખેલી હતી અને કોઈ કોઈ જગ્યાઓ પર એ ખાલી હતી.જે કોઈ જગ્યાઓ પર કમેન્ટ્સ હતી એ બહુ ટૂંકી અને વેધક હતી.

મુખ્ય ચેપ્ટર આવ્યું. મને એ જ જાણવું હતું કે કેમ અનોખીએ મારી સાથે આટલા લાંબા સમય સુધી ફોન પર વાર્તાલાપ નહોતું કર્યું. મેં તારીખ જોઈ-1/4/2011.મેં ધ્યાનથી એ પેજ વાંચવાનું શરૂ કર્યું.

1/4/2011

Confusion

મારા ગુરુ અત્યુન્નત આત્માએ મને કાલે જ બધાં સાથે ડીટૅચ થવાનો આદેશ આપ્યો. આ દુનિયામાં હું અનોખી બે વ્યક્તિઓ સાથે જોડાયેલી છું. એક ઉન્નત આત્મા–મારી ગાઈડ, બીજો-જેના વિષયમાં મેં કોઈની સાથે પણ વાત નથી કરી એ મારો બી.એફ.

ઉન્નત આત્મા સાથે ડીટૅચ થવું સહેલું છે. કેમ કે એ અમેરિકા છે, પણ બી.એફ. તો મારી સાથે દરેક સૅકન્ડ સમય વ્યતીત કરવા માટે ઈચ્છતો હોય છે. એ બહુ પ્રેમાળ છે. જૈનમ જેવો...

હું દુવિધામાં છું !

મેં એક દિવસ બન્નેને ફોન કર્યો નહીં અને ડીટૅચમૅન્ટ લાવવાનો પ્રયાસ કર્યો. પણ એ બહુ અઘરું છે. હું મારાં જોડાણને છોડું કે નહીં?

**COMMENTS**

***આ દુનિયામાં ચતુર માણસે જોડાણ એ વસ્તુ સાથે જ કરવું જોઈએ જે હમેશાં માટે રહેવાની હોય... જેને તું જોડાયેલી છે, તેઓ વધારેમાં વધારે 100 વર્ષ  રહેશે, એના પછી શું?***

***મારા હિસાબે ભગવાન સાથે જ જોડાણ કરવું જોઈએ કે, જે ક્યારે પણ જવાના નથી. ભગવાનના માર્ગદર્શન વગર કંઈપણ થતું નથી.***

***તે, મેં તને સાંભળવા કહેલી સ્પીચ સાંભળી હશે. એબ્રાહૅમ લિન્કનની એ સ્પીચમાં એક વાત બહુ મારકાંની એણે કરેલી.***

**'WITHOUT THE ASSISTANCE OF THAT DIVINE BEING, I CANNOT SUCCEED. WITH THAT ASSISTANCE I CANNOT FAIL...'**

***માત્ર આ સુવાક્યને વારંવાર ઘુંટજે. તારાં મનની ડીટૅચમૅન્ટ બારી ખૂલી જશે.***

મને વાવાઝોડાની જેમ **એબ્રાહેમ લિન્કન**નાં શબ્દો વાગ્યાં. પ્રેસિડેન્ટ જેવી ભૂમિકા પર પહોંચ્યા પછી પણ આવું દૈવિક જોડાણ અકલ્પ્ય અનુભવાયું.આ ભૂમિકા પર તો **'આઈ રુલ ધ વર્લ્ડ'** આવી જાય... ભગવાન તો એમાં ક્યાંય ખોવાઈ જાય....

ડીટૅચમૅન્ટ ની ભૂમિકા આગળના પેજીસમાં વધતી ગઈ. અનોખી પોતાના બૉયફ્રેન્ડને મનાવવામાં સફળ થયેલી એ વાત 63rd પેજ પર લખી હતી.64th પેજ પર મારાં સાથેનું પણ એનું જોડાણ તૂટવાનું એણે લખ્યું હતું. મેં એ પેજ ઉપરની તારીખ જોઈ..14/4/2011 - મારો બર્થડે...

એ દિવસે અનોખીએ મને ફોન નહોતો કરેલો. મારાં હૃદયમાં એની આગથી બળવા જેટલી અસર થયેલી. એટલે જ એ દિવસે મને નૅગેટીવ વિચારો પણ ભરપૂર આવેલા.જૈનમની હાજરી પણ મને પૉઝિટીવ કરવા માટે અસર કરી શકી નહોતી.

એ દિવસે મને પણ સવારે દૈવિક અનુગ્રહ અનુભવાયો હતો.પણ એના પછી મન થોડું ખિન્ન હતું અને કદાચ જો એનામાંથી શાસનદ્રષ્ટાશ્રીજીના શબ્દોથી હું બહાર ન આવત, તો આજે હું ફરીથી પાપોથી ભરાઈ ગઈ હોત.

મેં આગળનાં પેજીસને ફ્લીપ કર્યા.ડીટૅચમૅન્ટ નું સ્તર ધીમે ધીમે વધતું જઈ રહ્યું હતું. હું છેલ્લાં પેજ ઉપર આવી. એના ઉપર 5 ***** કરેલાં હતાં. બહું દિલચસ્પીવાળું લખાણ હોય એવું મને લાગ્યું. મેં ઘડિયાળ તરફ જોયું.

અનોખી પોતાનાં સપનાઓમાં શાંતિથી ફરી રહી હતી.

29/04/2011

Power

ઘરમાં મારાં દીક્ષાની તૈયારી ફુલ ફ્લેશમાં ચાલે છે. પણ, ભાઈ મને ફ્રી રાખે છે. જે દિવસે મેં આ દીક્ષા લેવાનું નક્કી કરેલું એ દિવસે મેં ભગવાનને પ્રાર્થના કરેલી કે મને તારી શક્તિનો એક નાનો ચમકારો બતાવજે.

પણ, કદાચ મારામાં એ શક્તિના ચમકારાને પચાવવાની પાત્રતા નથી અને માટે ભગવાને મને પોતાનો ચમકારો બતાવ્યો નથી. ઘણીવાર મને આવી બધી પરિસ્થિતિઓ અને ઘટનાઓને જોઈને એવું લાગે કે ભગવાન મને મદદ નથી કરતાં અને કદાચ કોઈને પણ નથી કરતાં.

## COMMENTS

***ક્યારેય ભગવાનની શક્તિ પર શંકા કરવી નહીં. આજે આપણે બધાં જે ભૂમિકામાં છીએ, એ ભગવાનની કૃપા વગર શક્ય નથી. એક એકદમ સહજ ઉદાહરણ સાથે આ વાતને સમજાવી શકાય.***

***જ્યારે તમે આ દુનિયાની માથાફોડીથી કંટાળી જાઓ, ત્યારે તમે ભગવાન પાસે વળો છો અને ત્યારે તમને આંતરીક શાંતિનો નાનો અનુભવ થાય છે. આ ભગવાનની શક્તિ નથી, તો બીજું શું છે?***

***એકદમ સ્પષ્ટ ભાષામાં કહેવાં જાઉં તો,***

**ANY FOOL CAN COUNT THE SEEDS IN AN APPLE. ONLY GOD CAN COUNT ALL THE APPLES IN ONE SEED...**

***રોબર્ટ સ્કૂલરની પંક્તિ વાંચીને ક્યારેય ભગવાનને અશક્ત નહીં માનવાં.***

***- S.D.***

આ પેજની નીચે '***THE END***' લખેલું હતું. ડાયરીને પૂરી કર્યા પછી મેં એ ડાયરીને ડ્રોઅરમાં રાખી. મારી આંખો ભીની હતી.

આ ફક્ત ડાયરી નહોતી, એ ડીટૅચમૅન્ટ ની થીસીસ હતી.



# Chapter - 4

13/5/2011 | I.S.T.-8.00 | Anokhi's House, Mumbai

## **પીસફુલનેસ** અતિવિષમ હોય છે....!

કાઉન્ટડાઉન ચાલું થઈ ગયું હતું.3 દિવસ પછી 16મીએ અનોખીની દીક્ષા હતી. એની પારિવારિક સમૃદ્ધિ પ્રમાણે તો 5000 લોકો ઓછામાં ઓછા એ પ્રસંગમાં હાજર રહેવાનાં હતાં. *S.D.* ફૅન્સમાં ***V.I.P.***-ઓને જ એન્ટ્રી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બાકી બધાં લાઈવ કવરેજમાં જોવાનાં હતાં.

હું અનોખીને આજે 9.30 ના પ્રોગ્રામ માટે તૈયાર કરી રહી હતી. બ્યુટીપાર્લરવાળી અત્યાર સુધી આવી નહોતી. અનોખીએ નાસ્તો કર્યો નહોતો. એને કંઈ પણ ખાવાની ઈચ્છા નહોતી, ફક્ત કૉફી એની મમ્મી સાઈડમાં મૂકીને ગઈ હતી. એને પણ અનોખી અડી સુદ્ધાં નહોતી. એ પડી પડી કોલ્ડ કૉફી બનવાની તૈયારીમાં હતી. મને એ કૉફીને જોઈને દયા આવી.

"અનોખી! તું હવે કૉફી પી લે..." હું અટકી. અનોખીને ઈચ્છા ઓછી હોય એવું લાગ્યું.

"તું કોઈ વસ્તુનાં ટૅન્શનમાં છે?"મેં એના તરફ કાચમાંથી જોયું. એણે ના પાડી અને કૉફીને પીવા લાગી.

"હેલલલલલલો..." એક નાનો છોકરો પોતાના હાથમાં રહેલા નાના માઈકમાં બોલતો બોલતો અમારી પાસે આવ્યો."આઈ લવ યૂ ભૂઆ અનોખી.."મેં અનોખી તરફ જોયું. *'શું વર્ધમાનના ગેરકાયદેસર છોકરાઓ*

*હતાં ? "*

અનોખી મારું મોઢું જોઈને હસી. "અપેક્ષા ! આ મારાં કઝીન ભાઈનો દીકરો છે. વર્ધમાનના તો લગ્ન પણ નથી થયાં અને સગાઈ પણ નથી થઈ. એ મારાં આ ડીટૅચમેન્ટ ને જોઈને પોતે ડીટૅચ થવાની વાત વિચારી રહ્યો છે. પણ, મને લાગતું નથી કે એ ડીટૅચ થઈ શકશે.એના મૂળીયાં બહું ઊંડા છે." મને મારી મૂર્ખતા પર હસવું આવ્યું. કેવી ઊંધી વસ્તુઓ મારાં મગજમાં આવી રહી હતી!

નાનો છોકરો અમારા મેક-અપ કીટથી રમવા માંડ્યો. એ લાઈનર ને લઈને પોતે પણ લાઈનર લગાવવાનો ડ્રામા કરવા લાગ્યો. એ કોઈક દીક્ષાનું ગીત ગાઈ રહ્યો હતો. એ ડાન્સ કરવાં લાગ્યો.

મેં એના હાથમાંથી તૂટી જવાનો ચાન્સ હોવાથી લાઈનર લઈ લીધો. છોટા ભીમ વધારે જોયેલું હોવાથી એ ગુસ્સે થઈ ગયો અને ફૉર્મમાં આવી ગયો.એણે કોફીનો કપ ઉછાળ્યો.આખી કૉફી બે લાખના અનોખીના ડ્રેસ પર પડી ગઈ.

અનોખી એને લાફો મારશે એવું મને લાગ્યું.મારાં મોઢાં પર ગુસ્સો સ્પષ્ટ દેખાવાં લાગ્યો.એ નાનો છોકરો ગભરાઈ ગયો હોય એવું મને સ્પષ્ટ લાગ્યું અને મારું મોઢું જોઈને તો 100 % એ ગભરાઈ ગયો.

"અહીંયા આવ કૈરવ !" અનોખીએ એને પ્રેમથી બોલાવ્યો. એ અનોખીની પાસે આવ્યો."જો આપણે **T.V.** જોઈને આવું ખરાબ શીખીએ, તો કેવું થાય ને? જો ભૂઆની ડ્રેસ બગડી ગઈને ."એકદમ મીઠાશથી અનોખીએ એને કહ્યું. એ રડવા લાગ્યો.

"તું રડ નહીં હો. ભૂઆ તારી મમ્મીને કંઈ પણ નહીં કહે હો.બસ! આગળ આવું નહીં કરતો...હો."

હું અનોખીની શાંતતા જોઈને સ્તબ્ધ થઈ ગઈ.જો મારી સાથે,મારાં પ્રોગ્રામના મુખ્ય દિવસોમાં, સમયની અલ્પતામાં આવું થયું હોત, તો 100% કૈરવનો ચહેરો થપ્પડથી લાલ થઈ ગયો હોત.અનોખીનો કંટ્રોલ જોઈને મારું મગજ બ્લૉક થઈ ગયું.

**I.S.T.-21.30**

*Car*

પ્રોગ્રામ બહું જ હૃદય-દ્રાવક હતો. શ્રેષ્ઠ વક્તાઓમાંનાં એક વક્તાએ પ્રોગ્રામ સંચાલિત કરેલો. પ્રોગ્રામનો મુખ્ય વિષય ડિબેટનો હતો. અનોખી ***'દીક્ષા કેમ લેવી જોઈએ'*** એના પક્ષમાં બોલી રહી હતી અને વક્તા અને લોકો એના વિપક્ષમાં.

અનોખીના હાજર જવાબીપણાને જોઈને મારી બધી હોશિયારી ઉતરી ગઈ હતી. મેં છેલ્લાં છ મહિનાથી સાઈકોલૉજીની સ્ટડીઝ કરીને પણ જે મનની સુસ્થતા મેળવી નહોતી, એ સુસ્થતા અનોખીમાં જન્મથી જ આવી ગઈ હોય એવું લાગી રહ્યું હતું.

ગાડી એક જગ્યા પર અટકી અને હું આજના પ્રોગ્રામના રિકેપમાંથી બહાર નીકળી. અનોખી આંખો બંધ કરીને જાણે કે મોટા પ્રવાસ માટે તૈયાર થઈ રહી હોય એવાં ભાવો એનાં મોઢાં પર ઉછળી રહ્યાં હતાં.

મેં ગાડી શેના કારણે અટકી એ જોવા માટે ગાડીની બારી ખોલી. એક ગાય રસ્તામાં બેસેલી હતી. એક પોલીસ હવાલદાર એને ઉઠાડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ એ ઊભી જ થતી નહોતી. મુંબઈ અરાજકતાથી ભરેલું હતું. મેં બારી બંધ કરી.

"અનોખી !" એક પ્રશ્ન યાદ આવતાં મને પૂછવાની ઈચ્છા થઇ. એણે શાસનદ્રષ્ટાશ્રીજીની સ્ટાઈલમાં આંખો ખોલી.એ મને શાસનદ્રષ્ટાશ્રીજીની પ્રતિછાયા જ લાગી.

"હા... તને કંઈક પૂછવું હોય એવું લાગે છે ?"

" તું સાચી છે.." વિસ્મય સાથે મારો ચહેરો નમી ગયો.

"અનોખી! તારી જગ્યા પર જો હું હોત, તો સવારે જે તારાં ભાઈનો દીકરો હતો ને, એનું મોઢું લાલ હોત. તું કઈ રીતે તારી રૂ.2 લાખની ડ્રેસ બગડી ગઈ, તો પણ શાંતતા જાળવી શકે? તને ગુસ્સો કેમ નથી આવતો?"મને મારી ડ્રેસ ન હોવા છતાં મારો લાલ ચહેરો યાદ આવ્યો.

"શાસનદ્રષ્ટાશ્રીજીએ જે દિવસે...." કંઈક વિચારતી હોય એ રીતે અનોખી અટકી ગઈ. "મને દીક્ષા માટે રજા આપી, એ દિવસે મને એક વાત ઘરે જતાં પહેલાં જ કહેલી."

"અનોખી! હવે તું દીક્ષાના માર્ગ પર ચાલવાની છે. એક વાત દીક્ષાની ખાસ યાદ રાખજે.

***'ક્યારેય પણ નિર્જીવ વસ્તુ માટે જીવિત વસ્તુઓ સાથે શત્રુતા કરતી નહીં, મારા-મારી કરતી નહીં, કર્કશ શબ્દો બોલતી નહીં.***

***નિર્જીવ વસ્તુઓ તૂટે, તો નવી બની શકે છે, પણ જીવિત વસ્તુનું એક વાર હ્રદય તૂટી જાય, તો એને ફરીથી સાંધવું અશક્ય છે.'***

જો હું કૈરવને મારાં રૂ.2 લાખના ડ્રેસને બગાડવાં માટે લાફો મારત, તો એનો મારાં પ્રત્યેનો, દીક્ષા સ્વીકારનારાં પ્રત્યેનો જે આદર એનાં હ્રદયમાં છે એ બગડી જાત.

અને જો એ બગડી જાત તો...." છેલ્લો ફટકો લગાવતી હોય એવા હાવભાવો એના શરીરમાં મને દેખાયા,"જે રીતે તને અને મને શાસનદ્રષ્ટાશ્રીજી હાથ પકડનારા મળ્યા,એ રીતે એને મળત નહીં, કેમ કે એને દીક્ષા ઉપર જ શત્રુતા થઈ જાત.

દીક્ષાનો પહેલો નિયમ જ એ જ છે કે, ***"દરેક જીવિત વસ્તુને પોતાના મિત્ર તરીકે જુઓ.... અને તો જ તમને પીસફૂલનેસ મળશે."***



# Chapter - 5

**15/5/2011** | **I.S.T- 21.00** | Birla Matushree hall, Mumbai

**REPAY** અતિવિષમ હોય છે..!

બધી લાઈટ્સ સંપૂર્ણ બંધ હતી. ઑડીટોરિયમની ઠંડક મનને ગમે એવી હતી. બધાનું આખું ફોકસ અનોખી ઉપર હતું. આજે એ પોતાની દીક્ષા પહેલાંની છેલ્લી સ્પીચ આપવાની હતી.

વક્તા એટલાં કરુણ અવાજમાં સ્પીચ આપી રહ્યો હતો કે પથ્થર-દીલ વ્યક્તિ પણ રડી પડે. મારી આંખોમાં તો વર્ષાઋતુ જેવો ધોધ ચાલી રહ્યો હતો.

વક્તાએ પ્રોગ્રામની આગળની કડીમાં એન્ટ્રી કરી.

"અનોખી બહેનની એવી ઈચ્છા હતી કે મારે મારાં ઉપર ઉપકાર કરનારનું ખાસ બહુમાન કરવાનું છે અને એટલે જ અનોખી બે મિનિટ એ વિશે બોલશે અને પછી આપણે પ્રોગ્રામમાં આગળ વધીશું."ભેગાં થયેલાં લોકો જેમ કે ગ્રાન્ડ ફીનાલે શરૂ થવાનું હોય એ રીતે તૈયાર થઈ ગયાં.

અનોખી મુખ્ય સ્ટેજ ઉપર આવી. એનાં ઉપર બધી લાઈટ્સ કેન્દ્રિત થઈ. એ મુખ્ય આકર્ષણ હતી. એના હાથમાં વક્તાએ માઈક આપ્યું.એ પોતાની ખૂબસૂરતી અને કપડાની ચમકના કારણે આકાશમાં રહેલા ચમકતાં તારાની જેમ ચમકી રહી હતી. એનાં મોઢાં પર અકલ્પ્ય કૃતજ્ઞતા દેખાઈ રહી હતી.

"બોલો સિદ્ધભગવંતોની....."

"જય..." બધાએ અનોખીના અવાજમાં પોતાનો સાદ પુરાવ્યો.

"અહીંયાં ભેગાં થયેલાં, પોતાનાં અમૂલ્ય સમયનો ફાળો આપનાર દરેક શક્તિશાળી આત્માને મારાં નમન...." બધાનું ફોકસ અનોખી પર હતું. બધાં અનોખીને ફરી ફરી નમન કરી રહ્યાં હતાં.

"સર્વવિભૂ આત્માઓ! આજે હું તમને જે દેખાઉં છું,એ ચાર વ્યક્તિના કારણે છે. એ ચાર વ્યક્તિ કોણ એના વિશે હું તમને થોડા સમય પછી કહીશ.

આ દુનિયામાં થોડી વસ્તુઓની ગિફ્ટ એવી હોય છે કે જે તમે રિ-પે ન કરી શકો. તમે કદાચ 1,00,000 કરોડનું લોન રિ-પે કરી શકશો, કેમ કે એ ભૌતિક છે, પણ જ્યારે કોઈ મરતા એવાં તમારી લાઈફ ફક્ત 10 રૂપિયાં નાં પાણીથી બચાવે તો તમે એને કેવી રીતે રિ-પે કરશો. ? હું મરી રહી હતી..." કંઈક એકદમ નવું સાંભળી રહી હોઉં એવું મારાં કાનને લાગી રહ્યું હતું.આ આત્મવિશ્વાસ સાથે મેં ક્યારેય અનોખીને બોલતાં જોઈ નહોતી.

"અને મને ત્યારે ઉપરનાં ચારમાંથી બે વ્યક્તિઓએ બચાવી છે. તમને ખબર છે એ કોણ છે?" *કોણે બચાવી છે?"* મારાં મનમાં પ્રશ્ન આવ્યો. અચાનક લાઈટનું ફોકસ મારાં તરફ આવ્યું.મારી આંખો એના પ્રકાશને કારણે અંજાઈ ગઈ.

"હા. આ જ મારી લાઈફ બચાવનાર ફ્રેન્ડ અપેક્ષા! તમે એને વક્તા તરીકે જાણતા હશો, કે મિરેકલ ગર્લ તરીકે જાણતાં હશો, પણ એને તમે લાઈફ સેવર તરીકે ક્યારે જાણી નહીં હોય."અનોખીનાં અવાજમાં ભીનાશ પ્રવેશી.

"જો મારી આપઘાતની રાતના અવસરે અપેક્ષાએ પોતાની મચ્છરદાની કાઢીને મારી આંખોમાં રહેલા અશ્રુને લૂછ્યાં ન હોત, તો કદાચ આજે હું પણ કોઈ કબરમાં સડી રહી હોત અને મારી કબર ઉપર પણ લખ્યું હોત,

## "HERE ANOKHI RESTS IN PEACE (R.I.P.)"

અનોખીએ શ્વાસ લીધો.

મને મારાં કર્મો ઉપર વિશ્વાસ જ નહોતો થતો. આટલાં મોટાં પ્રોગ્રામમાં એ મને યાદ કરશે એવી મને આશા પણ નહોતી.એ તો હવે મારાં

કરતાં અસંખ્ય પગથીયા ઉપર ચાલી ગઈ હતી.

"આઈ વીલ લાઈક ટુ વૅલકમ અપેક્ષા ઑન ધ સ્ટેજ." અનોખીએ મારી સામે જ આંખોથી જોતાં અનાઉન્સ કર્યું. મારાં પગ ઑડીટોરિયમ સાથે જડાઈ ગયાં.મને ઊભાં થવાની જ ઈચ્છા નહીં થઈ.

"પ્લીઝ અપેક્ષા !" અનોખીનો ભીનો અવાજ સંભળાયો.એના મોઢાં પર મને બોલાવવાની અશમ્ય ઈચ્છા દેખાઈ રહી હતી. હું જાણે કે રોબોટ હોઉં એ રીતે હું ઊભી થઈ. મારાં પગ પોતાની મેળે જ ચાલવાં લાગ્યાં. હું અનોખીની દૃઢ ઈચ્છા સામે અસહાય હતી.

સ્ટેજ ઉપર અનોખી એક સિંહાસન પર બેઠેલી હતી.એ મને સ્ટેજના સ્ટેપ્સ સુધી લેવા આવી.મારાં મોઢાં પર ખેદ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. એ મારાં હાથમાં હાથ પરોવીને મને સ્ટેજના વચ્ચે લઈ આવી અને પોતાના સિંહાસન પર બેસાડવા લાગી."પ્લીઝ નો..! આઈ ડુ નૉટ ડીઝર્વ ધીસ." મેં એને વિનંતિ કરી.એણે મારું કંઈ પણ સાંભળ્યું નહીં.

" ઉન્નત આત્માઓ! આ ઉન્નત આત્માના ઉપકારોને રિ-પે કરવા મારા માટે શક્ય નથી. પણ, હું આ ઉન્નત આત્મા માટે પ્રાર્થના તો કરી જ શકું.જે દિવસે મારી દીક્ષા થશે,એ દિવસથી જ હું મારી પ્રાર્થના ચાલું કરી દઈશ." અનોખીએ પોતાના ભાવો વ્યક્ત કર્યા.

"તમારી પ્રાર્થના અપેક્ષાબહેન માટે શું હશે?"વક્તાએ અનોખીને પ્રશ્ન કર્યો.

બે મિનિટ વિચાર કર્યા પછી અનોખીએ ઉત્તર આપ્યો. "એ જ કે જે અનંત સુખના માર્ગ પર હું ડગ માંડી રહી છું, એનાં ઉપર આપ મને બચાવનાર ઉન્નત આત્માને પણ જલદી મોકલી આપો..." આખા ઑડીટોરિયમમાં સતત તાળીઓનો અવાજ ગળગળી રહ્યો.

વક્તા હાથમાં એક ગોલ્ડ પ્લેટેડ થાળી લઈને આવ્યો.એમાં પાણી, દૂધ, નૅપકીન, કેસર,ચોખા જેવી વસ્તુઓ હતી.

"હવે, અનોખી પોતાના ઉપકારી અપેક્ષા બહેનનાં ચરણ પ્રક્ષાલિત કરશે. જિનશાસનનો આ પ્રતાપ છે કે, જ્યાં જે વ્યક્તિ કાલે સાધ્વી બની જશે, એ આજના દિવસે પોતાના ઉપકારીના ચરણ પ્રક્ષાલિત કરે છે. એવી કહેવત છે કે, *'જેમ જેમ જે વ્યક્તિનું સ્તર વધતું જાય છે, તેમ તેમ એ વ્યક્તિ ડાઉન ટુ અર્થ થતી જાય છે. અને આ વાત..."* વક્તાએ અમારાં બન્ને તરફ ઈશારો કર્યો.

*“અહીં સ્પષ્ટ જોવા મળે છે.”* ઑડીયન્સમાં બેસેલાં દરેક વ્યક્તિની આંખો ભીની હતી. મારી આંખો તો....મેં મારી આંખો બંધ કરી દીધી.

*'અનોખી મને પોતાની લાઈફમાં આ સ્તરે મૂકે છે'.* એ મને પહેલી વાર ખબર પડી.



# Chapter - 6



16/5/2011 I.S.T- 7.00 August Kranti Ground,Mumbai

**DEFEAT** અતિવિષમ હોય છે..!

"એ પલ,એ ઘડી, એ મુહૂર્ત,એ સમય કે જેની અનોખી છેલ્લા છ મહિનાથી રાહ જોઈ રહી હતી,એ આવી ગઈ છે. જુઓ,પ્રભુનો આ પરમ પવિત્ર વેષનો સૂચક રજોહરણ કે જેનો તલસાટ મુમુક્ષુ આત્મા અનોખીને છેલ્લા કેટલાંય મહિનાથી હૃદયમાં ચાલી રહ્યો હતો, એને અર્પણ કરવાની પરમ પાવન વેળા આવી ચૂકી છે. જરાં મુમુક્ષુના મોઢાં પર એક દૃષ્ટિ તો પાડો.. શું કહી રહ્યું છે એ?" વક્તા નાં ભાવોથી પરિપૂર્ણ શુદ્ધ ગુજરાતી ભાષામાં બોલાયેલા શબ્દોએ મારાં આખાં શરીરમાં એક શક્તિનો સંચાર કર્યો. એ શક્તિ શેની હતી એ મને ખબર નહોતી.

"અનોખીનાં હૃદયનો એક જ અવાજ છે.

**વિરતિધરનો વેષ પ્યારો પ્યારો લાગે રે..** 'વક્તાએ બે વાર એક જ લીટી દોહરાવી.

**"સંસારીનો સંગ ખારો ખારો લાગે રે.."** ઑડીયન્સમાંથી અવાજ આવ્યો.ગીતની બીજી લીટી લોકોએ પૂર્ણ કરી. ફરીથી પહેલી લીટી પોતે ગાઈને બીજી લીટીમાં પબ્લીકની સામે વક્તાએ માઈક બતાવ્યું. ઑડીયન્સમાંથી ફરીથી બીજી લીટી આ સમયે વુફર સાઉન્ડ જેવી સંભળાઈ.

આખાં વાતાવરણમાં ડીટૅચમૅન્ટ ની ઑરા ફેલાતી હોય એવું મને અનુભવાઈ રહ્યું હતું.

**પાર્ટ 1 :** 'અપેક્ષા ! તારી બૅસ્ટ ફ્રૅન્ડ જઈ રહી છે. તું પણ એની

સાથે ચાલી જા...'

**પાર્ટ 2 : ! "** નો... શક્ય નથી.. પપ્પાની સારસંભાળ કોણ કરશે...? પહેલાં તારે તારી જવાબ્દારીઓ પૂરી કરવી પડશે.."

**પાર્ટ 1** : 'પણ, તારી ફ્રેન્ડ કે જે તને બચાવનાર માને છે, જે તને આટલું માન આપે છે, એ બધાને છોડીને જાય છે. સાચી ફ્રેન્ડશીપમાં કોઈ .પણ સમયમાં, મે બી ઈટ ઈઝ બેડ ઓર ગુડ ફ્રેન્ડ તો ફ્રેન્ડની સાથે જ રહે".

**પાર્ટ 2 :** ' મારી પરવશતાઓ..?

**પાર્ટ 1 :** શું છે તારી પરવશતાઓ તું પોતે...?

શું છે મારી પરવશતાઓ?' મારું તાર્કિક મન ઉહાપોહ કરવાં માંડ્યું. દીક્ષાનું વર્ણન કરતાં ગીતોનું મધુર સંગીત બૅકગ્રાઉન્ડમાં વાગી રહ્યું હતું. અનોખીનાં મોઢાં પર અશક્ય વસ્તુને મેળવવાનો તલસાટ દેખાઈ રહ્યો હતો.એનું ફોકસ ભવનિસ્તારકના ગુરુના હાથમાં રહેલા રજોહરણ પર જ હતું. ભવનિસ્તારકના ગુરુ એ રજોહરણને હાથમાં લઈને કંઈક ઉચ્ચારણ કરી રહ્યાં હતાં.

શાસનદ્રષ્ટાશ્રીજી આંખો બંધ કરીને અલગ દુનિયામાં જ પહોંચી ગયાં હોય એવું એમનો ચહેરો બતાવી રહ્યો હતો.

**પાર્ટ 1 :** 'તને ક્યારે આવી શાંતિ મળશે અપેક્ષા ? '

**પાર્ટ 2 :** 'મને નથી જોઈતી આ શાંતિ. હું તો અમેરિકાની શાંતિમાં જ સારી છું. મને જૈનમની ચૅસ્ટ જોઈએ, મમ્મી સાથે રેસ્ટ જોઈએ, પપ્પા ઑલ ધ બૅસ્ટ જોઈએ. પછી ફર્ગેટ ધ રેસ્ટ જોઈએ.'

**પાર્ટ 1 :** 'ફ્રોળ ! તું ફક્ત આવાં ફાલતું વાક્યો બકવામાં જ હોશિયાર છે. જ્યારે જમીન પર કામ કરવાનું આવે, જ્યારે કોઈ પાવરફૂલ નિર્ણય લેવાનો આવે તો મને તારી પૂંછડી જ દેખાય છે. ચુપ બેસ.'

સમજ જૈનમ મરી ગયો તો ?'

મને 1stપાર્ટનાં શબ્દો ઘણના ઘાની જેમ વાગ્યાં...

'તું પછી શું કરશે? મમ્મી મરી ગઈ તો, મોત થઈ ગઈ તો, પપ્પાની બીમારી આઉટ ઑફ કંટ્રોલ થઈ ગઈ તો તું રેસ્ટ ક્યાં કરશે ? જ્યારે વ્યક્તિ પાસે વિકલ્પ નથી હોતા, ત્યારે એ શું કરે ?

'મને 1st પાર્ટની વાત સાચી લાગી. એ કાળા દિવસની કલ્પના કરી મારાં આખાં શરીરમાં ધ્રુજારી થઈ આવી.

*'જૈનમ વગરની મારી લાઈફ... મમ્મી વગરની મારી લાઈફ,...*

*પપ્પા વગરની મારી લાઈફ.'* 14th એપ્રિલ, 2008 ની રાત મારી આંખો સામે નાચવાં લાગી. હું મારી પરવશતાઓથી હારી ગઈ હોઉં એવું મને લાગ્યું.

*'અપેક્ષા ! તારામાં શક્તિ છે કે તું દીક્ષા લઈ શકે. ત્યાં જ ઉત્કૃષ્ટ આનંદ છે. તું જે આનંદને દુનિયામાં શોધે છે કે અનુભવે છે એ અત્યલ્પકાલીન છે. જે સમયે એ આનંદ ઊડી જશે એ સમયે તું શું કરશે ? જો તને તારી ફ્રેન્ડ બોલાવી રહી છે. આ તારા મનના વિઘ્નો સાફ કરી દે..'*અનોખી તરફ મેં જોયું.

એણે એક ક્ષણ માટે મારા તરફ મોઢું કર્યું અને પછી એનું મોઢું ફરીથી આચાર્યશ્રી તરફ વળી ગયું.

મારી આંખોમાં અશ્રુઓ ઘેરાવાં લાગ્યાં.ગીતોનો અવાજ મારાં હૃદયમાં ઓસરવા લાગ્યો.મારાં આખાં શરીરમાંથી એક જ અવાજ આવવાં લાગ્યો, *'અપેક્ષા ! તું આ કરી શકે."*

ભવનિસ્તારકના ગુરૂ સ્ટેજ પર ઊભાં થયાં.અનોખી એમનાં પાસે ગઈ. હું પણ અનોખીની પાસે જાઉં એવી ઈચ્છા મારાં મનમાં આવી ગઈ. હું મારી જગ્યાથી ઊભી થવાંની જ હતી, પણ મારાં બીજા પાર્ટે મને ઊભી થવા નહીં દીધી. *'નહીં કર અપેક્ષા ! સમજ.'*

ગીતોનાં સ્વરો ઝડપી થયાં.અનોખીના મોઢાં પર ખૂશી વધતી ગઈ. '

**પાર્ટ 1 :** *ડરપોક, તું ડરપોક છે તું હારેલી છે, હારેલી. તું પોતાની લાઈફમાં કંઈ પણ મેળવવાની નથી. યુ આર અ વેસ્ટ ક્રીયેચર."*

1st પાર્ટ મારી વિડંબના કરવા લાગ્યો.

આચાર્યશ્રીએ અનોખીનાં હાથમાં રજોહરણ રાખી દીધો.એને વર્લ્ડ કપ મળી ગયો.ડીફીટ થઈ ગયો મારો! હું મારાં મનથી ભાંગી ગઈ. એક બેસ્ટ ફ્રેન્ડ મારાંથી અનિર્ણીત સમય માટે અલગ થઈ ગઈ. હું હારી ગઈ.



# Chapter - 7

18/5/2011

I.S.T- 6.00

Navjeevan Society,
Mumbai Central

**SILENCE** અતિવિષમ હોય છે..!

અનોખી કે જેમને સાધ્વીશ્રી **અપુનરાવૃત્તિદ્રષ્ટાશ્રીજી** નામ આપવામાં આવ્યું હતું એ નવી જગ્યા ઉપર વિહાર કરવા માટે તૈયાર થઈ રહ્યાં હતાં. એ નવાં હોવાથી એમને પોતાનો બધો સામાન કઈ રીતે બાંધવો એ આવડતું નહોતું. શાસનદ્રષ્ટાશ્રીજી એમને શીખડાવી રહ્યાં હતાં. હું એ જ જગ્યાએ દૂર ઊભી રહીને આ દૃશ્ય જોઈ રહી હતી.

છેલ્લાં 3 દિવસમાં પણ અનોખીની મારાંથી અલગ થવાંની વેદના ઓછી થઈ નહોતી. હું છેલ્લાં 3 દિવસથી સતત અડધા અડધા કલાકે રડવા લાગતી.મને આખી દુનિયાને છોડીને અનોખી સાથે જવાની ઈચ્છા થતી.

મમ્મીનો અમેરિકાથી પ્રોગ્રામ કેવો થયો એ વિશેનો ફોન આવતા,મેં બરાબર જવાબો પણ નહોતાં આપ્યાં. જૈનમ, પપ્પા, મમ્મી બધાં મારાં બદલાવથી તણાવમાં હતાં.

હું મારી પરિસ્થિતિ સુધારવા માટે વર્ધમાનની પાસે ગયેલી. પણ એના પાસેથી મને સંતોષકારક પ્રતિભાવ મળી શક્યો નહોતો. શાસનદ્રષ્ટાશ્રીજી અને અનોખી એકદમ વ્યસ્ત હતાં. એટલે એમની સલાહ લેવાનો સમય મને મળ્યો નહોતો.

આજે મને સમય મળશે એવું વિચારી 1 કલાક પહેલાં જલદી ઊઠીને હું ઉપાશ્રયમાં આવી ગઈ હતી.પણ અપુનરાવૃત્તિદ્રષ્ટાશ્રીજી અને શાસનદ્રષ્ટાશ્રીજી તો વિહારની તૈયારી કરી રહ્યાં હતાં.

શાસનદ્રષ્ટાશ્રીજીએ કૉર્નરમાં ઊભેલી મને જોઈ અને હળવું સ્મિત આપ્યું.મને લાગ્યું કે એ મને બોલાવશે, પણ એ ફરીથી પોતાના કામમાં વ્યસ્ત થઈ ગયાં. હું એમની તૈયારીઓને જોતી રહી.

1/2 કલાક પછી અપુનરાવૃત્તિદ્રષ્ટાશ્રીજી મારી સાઈડમાંથી ગઈ. એણે મારી તરફ એક ક્ષણ માટે જોયું અને બીજી સેંકડે જ પોતાનું મોઢું નીચે કરી દીધું.એમણે દીક્ષા દિવસથી માંડીને જ મૌન લઈ લીધું હતું. ભવનિસ્તારકે દીક્ષાનાં દિવસે કહેલું,

***"જે કોઈ વ્યક્તિ આ દુનિયામાં શિખર પર પહોંચ્યા છે, એમની પાછળ એમની આત્માની શક્તિ કામ કરે છે. અને એ શક્તિને બહાર લાવવા માટે એક જ રસ્તો છે...KEEP SILENCE.. થીંક મોર, સ્પીક લેસ ઑર સ્પીક નૉટ."***

શાસનદ્રષ્ટાશ્રીજી કેમ આટલું ઓછું બોલતાં એનું કારણ મને એ દિવસે જ ખબર પડી હતી. મારામાં છેલ્લાં 3 દિવસથી મૌને ઍન્ટ્રી કરી લીધી હતી.પણ, મારાં માટે એ નિરાશા લાવનારૂં સાબિત થયું હતું.

શાસનદ્રષ્ટાશ્રીજી પણ પોતાનું કામ પૂરૂં કરીને વિહાર માટે તૈયાર થઈ ગયાં. એ સૌથી છેલ્લાં હતાં. એમણે ઉપાશ્રયની બધી ખૂલ્લી બારીઓ બંધ કરી. મેં એમને મદદ કરી, બધું કામ પૂરૂં થયાં પછી એમણે મને પૂછ્યું,

"તું ક્યારે જાય છે?"

"આજે." શાસનદ્રષ્ટાશ્રીજીના મોઢાં પર મને સંવેદનાઓનો અટકાવ કરનારો નકાબ દેખાયો. એમણે કંઈપણ સંવેદનાઓ બતાવી નહીં.

"ઑલ ધ બૅસ્ટ.." આટલું કહીને મને ફરીથી કંઈ પણ કહ્યાં વગર એ ઉપાશ્રયમાંથી નીકળી ગયાં. શાસનદ્રષ્ટાશ્રીજીના ગુરૂણીએ મને કહ્યું હતું કે 'અમે દાદર જવાનાં છીએ.' પણ મારી 10 વાગ્યાની ફ્લાઈટ હતી એટલે હવે મળવું શક્ય નહોતું.

હું ત્યાં ઉપાશ્રયમાં જ જમીન પર નીચે બેસી ગઈ.મારાં મનની શાંતતા મને અસહ્ય અનુભવાઈ.મને લાગેલા સદમાને ખાલી કરવો મને બહુ મહત્ત્વનો લાગ્યો. શાસનદ્રષ્ટાશ્રીજીએ જાણી જોઈને મારી સાથે વાર્તાલાપ નહોતું કર્યું એવું મને લાગી રહ્યું હતું. મેં મારાં લાઈફમાં બહું મોટું નુકસાન

કરી લીધું હોય એવું મને હૃદયના ઊંડાણથી અનુભવાયું.

હું ઉપાશ્રયની શાંતિને તોડતી ધ્રુજારી સાથે રડવા લાગી. એ શાંતિએ મારી ચીખોને ગળી લીધી.

# Coming Soon

## બે-નકાબ - 2

નકાબી